Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ५५ग/२१क, ख, ग

पंजिका संख्या २०५११

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

२२ ग
२१ क, ख, ग

स्टाक प्रमार्णीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લેખક તરફથી પંડિત આર્યદેવને સપ્રેમ ભેટ.
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔષધી વિજ્ઞાન

(પૂર્વાર્ધ)

ભાગ ૧ લો

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

મૂલ્ય રૂપીઓ એક

લેખક:
વૈદ્ય ગોપાલજી કુંદનજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Presented to Vaidya Nityadev with best compliments from the Author
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म् ॥

श्री धन्वन्तरयेनमः

ઔષધી વિજ્ઞાન

(આરોગ્યસિન્ધુ ગ્રન્થમાળા પુષ્પ ૨૬ મું)

લખનાર:

વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

સંપાદક: "આરોગ્યસિન્ધુ"

નાનકવાડા, કરાચી.

આરોગ્યસિન્ધુ માસિકપત્રિકાના ગ્રાહકોને
સને ૧૯૪૧ ના વર્ષ માટે અપાયલી ભેટ

પ્રથમાવૃતિ ૫૫૦ માર્ચ ૧૯૪૧
પ્રત ૭૫૦ ફાગણ ૧૯૯૭

મૂલ્ય રૂપીઓ એક

CHECKED 1973
Initial
पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર
માલેક :
ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી
નાનકવાડા, કરાચી.
૩૭૫, કાલબાદેવીરોડ, મુંબઈ.

સર્વ અધિકાર લેખકને સ્વાધિન છે.

મુદ્રક :
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર
માલેક :
આરોગ્યસિન્ધુ પ્રીન્ટીંગ પ્રેસ,
નાનકવાડા, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન.

આપણા દેશમાં અનેક ઔષધીઓ પેદા થાય છે. આ ઔષધીઓમાંથી બહુજ ઓછી વપરાય છે કે કામમાં આવે છે, બાકીનીતો લગભગ એમજ જંગલમાંજ સડી જાય છે, આનું કારણ આપણે આપણા ઘર આગળ પેદા થતી વનસ્પતિઓને બરાબર જાણતા નથી અથવાતો જાણવા છતાં એના વપરાશ તરફ બેદરકાર છીએ, જ્યારે પરદેશી અને તૈયાર મળતી ઔષધીઓ આપણે દરવર્ષે લગભગ ચાર કરોડ રૂપીઆની લઇ વાપરી નાખીએ છીએ! એને બદલે આ દેશમાં થતી ઔષધીજ વાપરવાનો પુરતો આગ્રહ રાખી સ્વદેશીમાલ વાપરનાર તરીકે આપણે જરાપણ સ્વદેશાભિમાન રાખતા હોઇએ તો આ દેશમાં પેદા થતી ઔષધીનો ઉપયોગ ઘણોજ વધી જાય, પરિણામે આ દેશમાં ઔષધોની ખેતી થવા પામે, મજુરોને પુષ્કળ કામ મળે એની સાથેજ આ દેશના ગાંધી, વૈદ્યો ફાર્મસીવાળાઓને પણ બરાબર સહકાર મળે. આમ થવા પહેલાં ઔષધીઓનું જ્ઞાન–ગુણદોષનો અભ્યાસ કરવા માટે દરેક પ્રાંતિક ભાષાઓમાં સૌ કોઇ સમજી શકે અથવા વાંચી લાભ લઇ શકે એવાં પુસ્તકોની જરૂર છે એટલે કે આયુર્વેદવૈદ્યકમાં જેને નિઘંટુ કહે છે, અંગ્રેજીમાં જેને મેટેરીઆમેડીકાના નામથી જાણવામાં આવે છે અને લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેને ઔષધી વિજ્ઞાન કહી શકે તે વિષયનાં સરળ ગ્રન્થોનો પ્રચાર પ્રથમ થવાની જરૂર છે, આ માટે ગુજરાતી ભાષામાં બહુજ અલ્પ સાહિત્ય છે, અને છે તે પણ લોકરૂચી પ્રમાણે બરાબર નથી, એટલેજ અમોએ આ દિશામાં એકાદ નાનું છતાં બપપુરતી માહીતી સાથે અને શાસ્ત્રિય હકીકત સાથેનું એક નાનું પુસ્તક તૈયાર કરવાની ઘણાં વર્ષોથી ઇચ્છા પ્રગટ કરી હતી, પણ એ કામ આપણે ધારીએ એટલું સરળ ન હોવાથી શરૂવાત કરવામાંજ ઠીક સમય વ્યતિત થઇ ગયો હતો, હવે આ વાત લંબાવવા કરતાં એની શરૂવાતજ કરી દેવી એમ નક્કી થતાં આ વર્ષે ભેટપુસ્તકના રૂપમાં એનો એક ભાગ તૈયાર કરવા પ્રેસમાં આપી દીધો છે, આ પ્રથમ ભાગમાં લગભગ ૫૩ ઔષધી લેવાયેલ છે. ૩ ભાગનું એક મ્હોટું ૫૦૦ પાનાનું પૂર્વાર્ધ કરી લેવું અને તેમાં ૨૦૦ ઔષધી લેવી એમ ઇચ્છા છે બાકી રહે તેને ઉત્તરાર્ધમાં પુરૂં કરવું, ક્રમતો ચાલુજ છે અને હવે તુરત આ કામ કરી લેવાની ઇચ્છા રહે છે, ત્રણ ભાગ તૈયાર કરવા માટે એક વર્ષની મર્યાદા આંકેલી છે. બીજો કે ત્રીજો ભાગ ગ્રાહકોને ભેટ આપી દેવાની ગોઠવણ છે, પણ તે માટે સમય લંબાવવો નથી.

ઔષધી વિજ્ઞાન જેવા કઠણ વિષયપર લખવાનું કામ કંઇ બહુ સરળતો નથીજ, છતાં અત્યાર અગાઉ પ્રગટ થએલા ગ્રંથોના જુદા જુદા લેખકોનો સહકાર લઇ આ કામ કરી શકાય, એ સાથે આ દિશામાં મળેલ અનુભવનો પણ આમાં ઉપયોગ કરી લેવાયો છે. ઔષધીસંગ્રહ (મરાઠી), નિઘંટુઆદર્શ (ગુજરાતી), ભારતીય ભૈષજ્યતત્વ (હિંદી), જંગલની જડીબુટી (ગુજરાતી), વનસ્પતિ ગુણાદર્શ (હીંદી), આર્યભિષક્, આર્યઔષધ, ઘરવૈદ્ય વગેરે પુસ્તકોમાંથી અનુભવે વ્યાજબી જણાયું છે તેનો આમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ કરવામાં આવેલ છે જે માટે એ ગ્રન્થોનાં લેખકોનો અહિંજ આભાર માનવાનું મારૂં પ્રથમ કાર્ય સમજું છું. કેમકે પુસ્તકમાંતો એમનાં નામો ઠેકઠેકાણે આવશેજ. પરંતુ અહિં ખુલાશાની પ્રથમ જરૂર છે. ઔષધીની સાથે બનાવટોનાં પાઠ લેવાથી કદ વધી જાય અને ગ્રન્થ ઘણોજ મોટો થાય એટલે પછી તેની યાદી દરેક ઔષધ નીચે આપી છે તે તે ગ્રન્થોમાં એ પાઠ જોઇ લેવાય છે.

ઔષધીનાં નામો, જુદી જુદી ભાષામાં નામો. લૅટીન કે અંગ્રેજી નામ. બોટેનિકલ નામ આ બધું ત્રણે ભાગના કમ્પલીટ વોલ્યુમમાં અનુક્રમણીકારૂપે પરિશિષ્ટમાં આવી જાય એવી ગોઠવણ કરેલી છે. જે ત્રીજા ભાગના અંતમાં આપવાની ઇચ્છા છે. બનશે તો શબ્દકોષના રૂપમાં પણ થોડાંક પેજ આપી દેવાશે. એ સાથેજ એક નિવેદનરૂપ ઉપયોગી ભૂમિકા ત્રણે ભાગ માટે જુદીજ આપી આ વિષયપર ઠીક ખુલાશો કરવામાં આવશે. અહિંતો માત્ર એક ભાગ પુરતું જ નિવેદન અપાયેલ છે.

કાગળની મોંઘવારી લડાઇને લઇ બહુજ છે. છતાં પણ ઉંચા ગ્લેઝકાગળ લઇ ગ્રન્થ સરસ બનાવવા કાળજી રખાઇ છે એવીજ રીતે વિષયને લખવા માટે પણ:ખુબ કાળજી રાખી કામ કરવામાં આવેલ છે, છતાંપણ કંઇ દોષ હોય તો ક્ષમા આપવા વાંચકવર્ગને વિનંતિ કરૂં છું, કેમકે આ વિષય જરા વધુ સંદિગ્ધ અને અટપટો તો છેજ. જો ઉપયોગી સૂચનો મળશે તો બીજા ભાગમાં તેમજ નવી આવૃતિમાં તેનો ઉપયોગ જરૂર કરી શકાશે.

મુંબઇ
તા. ૧૫-૩-૪૧

આપનો શુભેચ્છક સેવક
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

:આરોગ્યસિન્ધુના:

ગ્રાહકોને અપાયલાં ભેટનાં પુસ્તકોની યાદી:

વર્ષ	પુસ્તકનું નામ			કિંમત	ઇ. સ.
૩ જું	વૈદ્યક ચિકિત્સાસાર	ભાગ	૧ લો	રૂા. ૦।।।	૧૯૨૪
૪ થું	,,	,,	૨ જો	,, ૦।।।	૧૯૨૫
૫ મું	,,	,,	૩ જો	,, ૦।।।	૧૯૨૬
૬ ઠું	,,	,,	૪ થો	,, ૦।।।	૧૯૨૭
૭ મું	વૈદ્યક ચિકિત્સાપદ્ધતિ	,,	૧ લો	,, ૧	૧૯૨૮
૮ મું	,,	,,	૨ જો	,, ૧	૧૯૨૯
૯ મું	અનુભુતપ્રયોગાવલી	,,	૧ લો	,, ૦।।	૧૯૩૦
૧૦ મું	,,	,,	૨ જો	,, ૦।।	૧૯૩૧
૧૧ મું	આયુર્વેદિકપ્રીસ્ક્રીપશન	,,	૧ લો	,, ૦।।	૧૯૩૨
૧૨ મું	બાલચિકિત્સા			,, ૧	૧૯૩૩
૧૩ મું	સ્ત્રીરોગચિકિત્સા			,, ૦।।।	૧૯૩૪
૧૪ મું	આયુર્વેદિકપ્રીસ્ક્રીપશન	ભાગ	૨ જો	,, ૦।।	૧૯૩૫
૧૫ મું	ભાજીપાલો અને મરીમસાલો			,, ૧	૧૯૩૬
૧૬ મું	ગામડાનોવૈદ્ય			,, ૧	૧૯૩૭
૧૭ મું	વૈદ્યકપારિજાત	ભાગ	૧ લો	,, ૦।।	૧૯૩૮
૧૮ મું	વૈદ્યકપારિજાત	,,	૨ જો	,, ૦।।	૧૯૩૯
૧૯ મું	આરોગ્યવિજ્ઞાન			,, ૦।।।	૧૯૪૦
૨૦ મું	ઔષધીવિજ્ઞાન	ભાગ	૧ લો	,, ૧	૧૯૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયાનુક્રમ

નામ	નંબર	પૃષ્ઠ	નામ	નંબર	પૃષ્ઠ
અક્કલકરો	૩૦	૮૮	ખુરાસાનીઅજમો	૪૬	૧૨૨
અજમો	૪૪	૧૧૮	ગરમાળો	૨૫	૭૪
અજમોદ	૪૫	૧૨૧	ગળો	૧	૧
અતિવિષ	૨૭	૭૯	ગોખરૂ	૯	૨૫
અમરકંદ	૭	૨૧	ચવક	૫૦	૧૩૨
અરડુસી	૨૮	૮૨	ચિત્રક	૫૧	૧૩૪
આદુ (શુંઠ)	૩૨	૯૩	ચોપચીની	૧૬	૪૫
આસંધ	૨	૫	જાયફળ	૪૦	૧૧૨
આંબળા	૨૧	૬૦	જાવંત્રી	૪૧	૧૧૪
ઉપલસરી	૬	૧૭	જીરૂં	૪૮	૧૨૯
ઉલટકમ્બલ	૧૨	૩૫	તજ	૩૭	૧૦૬
એલચી	૩૯	૧૦૯	તમાલપત્ર	૩૮	૧૦૮
કડાછાલ	૧૭	૪૮	નગોડ	૧૪	૩૯
કહુ	૨૨	૬૪	નાગરમોથ	૨૯	૮૫
કરિયાતું	૧૮	૫૨	નાગરકેસર	૩૧	૯૧
કાલમેઘ	૨૬	૭૬	પીપર(લીંડીપીપર)	૩૪	૯૮
કાંકચ	૧૦	૨૮	પીપરીમુળ	૩૫	૧૦૧
ખડસલીઓ	૫૩	૧૪૧	પીલુડી	૧૫	૪૨
ખાખરો	૨૩	૬૭	બહેડાં	૨૦	૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ	નંબર	પૃષ્ઠ	નામ	નંબર	પૃષ્ઠ
અીલી	૨૪	૭૧	સાટોડી	૧૧	૩૧
ભાંગરો	૩	૧૦	સાત્વીન	૫	૧૪
મરી	૩૩	૯૫	સુવા	૪૩	૧૧૬
મામેજવો	૧૩	૩૭	શહાજીરૂં	૪૯	૧૩૧
લવંગ	૩૬	૧૦૩	હરડે	૧૯	૫૪
વરીઆળી	૪૨	૧૧૫	હાથલેાથેાર	૮	૨૩
વાંકેરી	૫૨	૧૩૭	હિંગ	૪૭	૧૨૫
શતાવરી	૪	૧૨			

તૈયાર થાય છે ! સત્વર પ્રગટ થશે !

ઔષધી વિજ્ઞાન

જેનેા પહેલેા ભાગ આપ જોઇ રહ્યાછેા તેનેા બીજો ભાગ પણ તરતમાં પ્રગટ થવાનેા છે, એમાં પણ ચાલુ ઉપયેાગની લગભગ પચાસ ઔષધી આવવાની છે. આપને એ ગ્રન્થ ખરીદવાની જરૂર પડશેજ, એ માટે હુમણાંથીજ એક કાર્ડ લખી આપનું નામ નોંધાવી આપજો. અગાઉથી નામ નોંધાવનારને રપ ટકા કિંમતે મળવાની છે. લખેા:-

આરેાગ્યસિન્ધુ પ્રેસ, નાનકવાડા, કરાચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री धन्वन्तरये नमः

औषधी विज्ञान

भाग १ लो

१ गळो

N. O. Menispermaceæ (मेनीस्पर्मेसी)

सं. अमृता, **हिं.** गिलोय, **म.** गुळवेल, **बं.** गुलंच.

वर्णनः गळोना वेला थाय छे, भारतवर्षनी आ प्रसिद्ध वनस्पति छे, सर्वत्र एनी पेदाश थाय छे, बहुज थोडी महेनत अने ओछा खर्चमां मळती आ उपयोगी दवा छे, गामडाना चिकित्सको एनो बहु उपयोग करे छे, धरगतु वैद्यकमां पण एनुं मुख्य स्थान छे, आयुर्वेदमां गळोना गुणोनी बहुज प्रशंशा करवामां आवी छे एटलुंज नहिं पण तेने अमृततुल्य मानी तेनुं नाम

N. O. एटले कुदरतीवर्ग, सं. एटले संस्कृत, हिं. एटले हिंदी, बं. एटले बंगाळी, म. एटले मराठी, आ प्रमाणे दरेक वनस्पतिना मथाळापर आवता भाषानां नामोने अहिं एक अक्षरथी संकेतरूपमां लखवामां आवेल छे. **लेखकः**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમૃતા રાખવામાં આવેલ છે. ગળોના વેલા એતરોની વાડ ઉપર, ઝાડ ઉપર અને ખડકપર થાય છે, કેટલીક જગાએ લોકો ઘરઆગળા છાંયડા માટે માંડવા બાંધે છે તેનાપર એનો વેલ લગાડી આપે છે થોડાજ માસ પછી તે સુંદર લતાનું રૂપ ધારણ કરી માંડવાનુ સરસ આચ્છાદન કરી આપે છે, પાનખરઋતુમાં તેનાં પાન પડી ગયા પછી લોકો એને કાપી નાંખે છે, દવાના કામમાં આંગળીયાજાડી વેલ લેવાની જરૂર છે શિયાળો ગયા બાદ એની વેલ લાવી કાપી સુકવીને દવાના કામ માટે રાખી લેવી એ ઠીક છે, ગળોમાંથી તેનું સત્વ કાઢવામાં આવે છે, એ સત્વ સફેદરંગનું બને છે અને તે અનેક જગાએ દવામાં વપરાય છે.

ગળોસત્વ માટે કારતકમાસમાં લાવેલી ગળો ખુબ કસદાર ગણાય છે, જાડાઅંગુઠા જેવા કે એથી પણ મોટા કદની ડાંડીઓમાંથી સત્વ સારૂં નીકળે છે. આ સત્વ બહુ જુનું થાય તો તેમાંથી કસ ઘટી જાય છે, માટે તે હમેશાં દરવર્ષે તાજું બનાવી વાપરવું જોઇએ.

ગળોને છુંદી તેનો કવાથ બનાવી તેને ગાળી તે પાણીને ફરી ઘટ્ટ કરી તેનું ઘન બનાવાય છે એ ઘનની ગોળી કરી લેવા એને ગુજરાતના વૈદ્યો બહુજ વાપરે છે તેનું નામ **શંશમની** છે તેના અનેક પ્રકારો તેમાં જુદી જુદી બીજી ચીજો નાંખીને બનાવાય છે. લીંબડાંનીગળો ગુણમાં બહુજ ઉત્તમ ગણાય છે જ્યારે થોર જાતીના વૃક્ષપર થએલી ગળો દવાને માટે અયોગ્ય ગણેલી છે, ખડકપરથી લાવેલી ગળો, સત્વ માટે ઠીક ગણાય છે.

ગુણ : ગળો રસમાં કડવી તથા કષાય છે, ઉષ્ણવીર્ય છે, પચવામાં હલકી છે, કૃમિને મટાડનાર તથા ત્રિદોષનાશક છે, કફ, પિત્ત અને વાત એ ત્રણેને મટાડે છે. મેદ ઘટાડે છે, રસાયન ગુણકર્તા છે, મળને બાંધનાર છે તાવ, તરસ, પાંડુ, હરસ, વાતરક્ત; ઉલટી, પ્રમેહ, ખુજલી, રતવા, કુષ્ટ અને પ્રદરાદિરોગ મટાડે છે, લોહીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલરજકણો વધારે છે, યકૃતને મદદ કરે છે, સાતે ધાતુઓને વધારનાર છે, દોષોનું શમન કરે છે, પાકકાળે મધુર હોવાથી તે શીતવીર્ય પણ છે, અને તે રસ, રક્ત, મેદ અને વીર્યપર સારી અસર બતાવે છે, તેનું ખાસકામ યકૃત, ગ્રહણી, પ્લીહા, મૂત્રાશય અને નાનાં આંતરડાપર સરસ જણાય છે. પેશાબ છુટ લાવે છે, જવરને માટેતો એ દુશ્મનજ છે, ફીકાશ, પિતદોષ અને નવા જુના તાવ કે વિષમજ્વરની તે ઉત્તમ દવા છે.

જીર્ણજ્વર, વિષમજ્વર. કાલાજ્વર, મુદતીઓતાવ અને પેટના દોષથી થતા દરેક તાવમાં એની અસર બહુજ ઉત્તમ જણાય છે એવી બિમારીઓમાં તેનો કવાથ કે શંશમનીની ગોળી આપવી ઉત્તમ ગણાય છે. એ ગોળી મોટી માત્રામાંજ સારી અસર બતાવે છે.

ઉપયોગ: આયુર્વેદમાં ગળોની અનેક બનાવટો બને છે, એ બધી બનાવટો અહિં આપતાં ગ્રન્થ બહુજ મોટો થઈ જવા સંભવ છે, એનાં માત્ર નામોજ અહિં આપેલાં છે, આ બધી પ્રસિદ્ધ અને પ્રચલિત બનાવટો છે તે જુદા જુદા દરદોમાં જુદા જુદા રૂપે વપરાય છે.

ગળોનો ઉપયોગ જુદા જુદા અનુપાનોથી વિષમજ્વર, પિત્તજ્વર, પ્રમેહ, નેત્રરોગ, મસ્તકશુળ, મૂત્રરોગ, ઊલટી, સર્પવિષ, આમવાત, વાતરક્ત, કુષ્ટ, કમળો, કૃમિ, પ્રદર, શીળસ, અરૂચી, બરલ, પાંડુ, દાહ, ક્ષય, રક્તવિકાર વગેરેમાં કરી શકાય છે.

અંગ્રેજીમત પ્રમાણે તેમાં એક કડવું દ્રવ્ય નાની માત્રામાં છે તથા દારૂહળદરને મળતું તત્વ પણ થોડુંક છે બાકી સ્ટાર્ચનો ભાગ ખુબ છે. તેનો ફાંટ, એકસ્ટ્રેટ વગેરે બનાવે છે તેમાં લોહનું અર્ક મેળવવાથી તેનો રંગ કાળો પડતો નથી તેઓ ગળોને પૌષ્ટિક, સંગ્રાહક, મૂત્રલ, ત્વકરોગનાશક, જવરહર, મુદતીઆતાવને મટાડનાર તથા ઘણીજ પિત્તસારક માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગળોનું સેવન કરવાથી ભૂખ લાગે છે, સુસ્તી ઉડે છે, અન્ન પાચન થાય છે, રક્તમાં રતાશ આવે છે, પેશાબ છુટથી આવવા લાગે છે, ફીકાશ મટી બળ વધવા લાગે છે અને બિમારીપછીની-નબળાઇમાં આ દવા લેવાથી શરીરમાં તરત ઉત્સાહ આવવા લાગે છે.

ચામડીનાં દરદોમાં કે રક્તશોધક તરીકે ગળોની સાથે, ગુગળ, અનંતમૂળ, લીંબડો, હળદર, આમળા અને હરડેજેવી ચીજો મેળવીને આપવી ઉત્તમ છે.

ગળોનુંસત્વ સર્વ પ્રસિદ્ધ છે તે પણ અનેક જગાએ વપરાય છે. નાજુક પ્રકૃતિવાળા, ક્ષય, જીર્ણજ્વર, પિત્તજન્યવિકાર અને દાહ, શીરોરોગ વગેરે માટે અકસીર જણાય છે, ક્ષયમાં તેનો ખુબ ઉપયોગ થાય છે પણ તે સત્વ કરતાં ગળોનુંઘન (શંશમની નં. ૩) બહુજ સારૂં કામ આપનાર છે, અને તેજ વાપરવા અમારી ખાસ ભલામણ છે. ગળોના તાજા જાડા ટુકડા લાવી ધોઇ પછી તેને છુંદી પુરતા પાણીમાં પલાળી રાખી ૧૨ કલાક પછી હાથે ચોળી તે પાણીને કપડે ગાળી એક મોટા વાસણમાં છણવા આપવું, તળીએ જે જાડો થર બેસે તે સત્વ છે, ઉપરનું પાણી કાઢી નીચેનું સત્વ સુકાવી લેવું. સત્વની માત્રા ૩ થી ૬ ગુંજ. ઘનની માત્રા ૪ થી ૮ ગુંજ, કવાથની માત્રા ૨॥ થી ૫ તોલાની લેવાય છે.

ગળોની વાપરવા લાયક બનાવટો નીચે મુજબ છે:–

*(૧) અમૃતાગુગળ ૧૫૩, (૨) ગડુચ્યાદિવટી ૧૦૮, (૩) શંશમની નં. ૧–૨–૩, ૧૪૨, ૧૪૩, ૧૪૪, (૪) શંશમની-

---

* વૈદ્યકચિકિત્સાસાર પૂર્વાર્ધ. વૈદ્યકચિકિત્સાસાર ઉતરાર્ધ, વૈદ્યકપારિજાત ભાગ ૧–૨ અને અનુભૂતપ્રયોગાવલી ભાગ ૧–૨ આ પુસ્તકો અમારા તરફથી લખી પ્રગટ કરેલાં છે અને તેમાં એ બધા પ્રયોગો આપેલા છે સામે પૃષ્ટાંક છે તે ઉપર જોઇ લેવા. લેખક:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પેશીયલ ૧૪૪, (૫) અમૃતારિષ્ટ ૨૧૫ આ બનાવટો વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધનાં પૃષ્ટોપર છે તથા (૬) અમૃતાદિક્વાથ ૧૦૮, (૭) અમૃતાસત્વયોગ ૨૨૩, (૮) ગડુચીલોહમ્ ૪૩, (૯) ગડુચ્યાદિક્વાથ ૧૧૨, (૧૦) ગડુચ્યાદિચુર્ણ ૧૨૨, (૧૧) ગડુચ્યાદિયોગ ૨૨૫, (૧૨) રસાયનચુર્ણ ૧૪૦ આ બનાવટો વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધના પૃષ્ટોપર આપેલી છે. જ્યારે (૧૩) ગડુચ્યાદિચુર્ણ ૬૪, (૧૪) ગડુચ્યાદિક્વાથ ૬૫ પૃષ્ટપર વૈદ્યકપારિજાત ભાગબીજામાં આપેલી છે તથા (૧૫) રક્તવિકારનીદવા પૃષ્ટ ૨૭ ભાગ ૧, (૧૬) અમૃતાદિચુર્ણ પૃષ્ટ ૧૩, (૧૭) જીર્ણજ્વરારિચુર્ણ પૃષ્ટ ૨૯ ભાગ બીજો અનુભૂત પ્રયોગાવલીમાં આપેલી છે.

એ સિવાય અમૃતાસ્વરસ, અમૃતામોદક, અમૃતાઘૃત, ગડુચ્યાદિ-શરબત, અવલેહ, તેલ, મલમ વગેરે ઘણી બનાવટો છે જે બીજા ગ્રન્થોમાં આવેલી છે.

---

૨ આસંધ

N. O. Solanaceæ (સોલેનેસિઇ)

સં. અશ્વગંધા, **હિં.** અસગંધ, **મ.** ઢોરગુંજ.

વર્ણન: આસંધના નાના છોડવા થાય છે, તેની ઉંચાઇ આશરે ૧॥ થી ૨ હાથ જેવડી થાય છે, પીલુડીને મળતો આ છોડ દેખાવમાં સુંદર લાગે છે, વધુભાગે તે રેતાળ પ્રદેશમાં સપાટજમીનમાં થાય છે, મારવાડ, કચ્છ, કાઠીયાવાડ, સિંધ અને દરિયા કિનારાપર તે ઘણાં પ્રમાણમાં થાય છે, મહારાષ્ટ્ર અને બંગાળમાં પણ થાય છે, બજારમાંતો આસંધના ઝીણાં મૂળીઆં મળે છે તેજ દવામાં વપરાય છે. આ મૂળીઆં નાગોર મારવાડમાંથી આવે છે તેમજ ઇરાન અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરબસ્થાનમાંથી પણ આવે છે, આસંધ માટે વિદ્વાનોમાં હજી થોડો મતભેદ જણાય છે, સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ પોતાના ઔષધીસંગ્રહ નામક મરાઠી પુસ્તકમાં આપણી આસંધને ખરી આસંધ માનતા નથી પણ તેઓ સમુદ્ર કિનારે થતી મર્યાદવેલનાં મૂળને આસંધ માની તેને વાપરવાની ભલામણ કરે છે; આ વાત માનવામાં સંકોચ લાગે છે, કેમકે શાસ્ત્રિય પ્રમાણો જોતાં અહિં જે આસંધ થાય છે તેજ ખરી લાગે છે. દવામાં ખાસ કરી આસંધના ઝીણાં (પેનશીલ જેવા જાડા) મૂળીઆંજ વપરાય છે કોઇક જગાએ તેનાં પાન પણ વપરાય છે ખરાં, આપણે ત્યાં થતી આસંધનાં મૂળ જાડા હોય છે, લગભગ કાંડા જેવા હોય છે આ મુળ, ઘસીને લગાડવાનાં કામમાં વપરાય છે. ડૉ. વામન ગ. દેશાઇના મત મુજબ આ વાજીગંધાના મુળ જાડાં હોય છે તે ગુણમાં ઝેરી જણાય છે!

આસંધનું સત્વ બનાવી વાપરવાનો રિવાજ પણ કયાંક જોવામાં આવે છે, તેની વિધિ લગભગ ગળોસત્વ પ્રમાણેજ છે, એ સત્વ સફેદરંગનું બને છે એની માત્રા ૪ થી ૮ રતી છે, તેનો ઉપયોગ પ્રમેહ, ધાતુક્ષીણતા વગેરેમાં થાય છે.

અહિં બજારમાં મળતી આસંધ કે જેને આપણે વાપરીએ છીએ તેનું વર્ણન કરવામાં આવે છે.

ગુણ : પૌષ્ટિક, શોધક, ધાતુવર્ધક, વૃષ્ય, ઉષ્ણ, વાતનાશક તથા રસાયન બતાવેલ છે, આયુર્વેદીય વૈદ્યોમાં તે છુટથી વપરાય છે એટલુંજ નહિં પણ ગામડાના લોકો પણ એનો ખુબ ઉપયોગ કરે છે, તે સસ્તી, નિર્ભય તેમજ અકસીર દવા છે, આયુર્વેદમાં તેની અનેક બનાવટો તૈયાર કરી વાપરવાનો ચાલ છે.

ઉપયોગ : કમરનોદુઃખાવો, સંધીવા, ક્ષય, શોષ, ધાતુક્ષીણતા અને નબળાઈ મટાડવા માટે તે અમોઘ ઉપાય છે, સ્ત્રીઓનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રદરરોગને મટાડે છે, ગર્ભાશયનાં અનેક વિકારો મટાડે છે, ગર્ભને પુષ્ટ કરે છે, ધાવણ વધારે છે, બાલશોષ નામક રોગમાં તે એક અમુલ્ય દવા છે, ફક્ત તેનું ચૂર્ણ ઘી સાકરમાં કે મધ–ઘીમાં આપવાથી અજબ ફાયદો બતાવે છે. પૌષ્ટિક તરીકે તે દુબળા શરીરને વધુ માફક આવે છે, ભાવપ્રકાશમાં આ ગુણ માટે તેની સારી પ્રશંસા કરવામાં આવી છે, બાળશોષ, શુક્રતાન અને ક્ષયશોષ જેવા દરદમાં અશ્વગંધાદિ અવલેહ જેવી બનાવટ ઘણુંજ સારૂં પરિણામ બતાવે છે જ્ઞાનતંતુઓનીનબળાઇ, થાક, અનિદ્રા અને મગજનીકમજોરીમાં તેની અશ્વગંધારિષ્ટ નામક પ્રસિદ્ધ બનાવટ ઘણીજ પ્રશસ્તિ કરવા લાયક દવા છે તેને લાંબા સમય સુધી લેવાથી પુરતો લાભ થાય છે.

તદ્દન દુબળા શરીરવાળા માટે અશ્વગંધાદિતેલ બનાવી તેની માલીશ કરવામાં આવે તો તે ઘણીજ સારી અસર કરે છે. કોડલીવરતેલ કરતાં આ તેલ વધુ ગુણદાયક અને સ્વચ્છ ઉપાય છે. વૃદ્ધાવસ્થા આવતી રોકવા માટે એનું ચૂર્ણ ગાયનાદૂધમાં લેવાય છે અથવા અશ્વગંધાદિચૂર્ણ નામક બનાવટ ઘી સાકર સાથે પણ લેવાય છે, ધાતુક્ષીણતા માટે શારંગધરમાં બતાવેલ કામદેવઘૃત નામક ઉપાય ઘણીજ સરસ બનાવટ છે.

ધાતુનીનબળાઈ, શીઘ્રપતન અને સ્વપ્નદોષ જેવા દરદોમાં અશ્વગંધાદિપાક વખણાય છે, બાળકો માટે એનું શરબત બનાવી બાલામૃતરૂપે વાપરી શકાય છે. એનું સેવન કરવાથી ચામડીનાંદરદો મટે છે, એનો મલમ પણ લગાડવા માટે વપરાય છે,

ધાવણ વધારવા માટે આમંધ, વિદારીકંદ, જેઠીમધ એનું ચૂર્ણ ગાયનાદૂધ સાથે લેવાથી સારો લાભ થાય છે. સ્તનને પુષ્ટ કરવા માટે તેના તેલની માલીશ કરી શકાય, લીંગને મજબુત કરવા માટે તેનું ઘી કે તેલ અથવા લેપ બનાવી લગાડી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરમાં થતી અનેક પ્રકારની ગાંઠો, પ્લેગનીગાંઠ, બદગાંઠ, કેન્સરનીગાંઠ વગેરે માટે તાજી આસંધનું જાડું મુળ લાવી પથરપર જરાક પાણી નાંખી ઘસી તેનો લેપ કરવાથી ગાંઠ બેસી જાય છે અથવા પાકીને ફુટી જાય છે.

આસંધનાંપાનને બારીને તેની પોટીશ કરી લગાડવાથી ગડ, ગુમડા ફૂટી રૂઝાઇ જાય છે.

આસંધને પાણીમાં ઉકાળી તેમાં દૂધ નાંખી પકવી પછી ઉતારી ગાળી તેમાં થોડુંક ઘી નાંખી પીવાથી ઉરૂસ્થંભ અને બીજા વાતરોગ મટે છે. એવીજ રીતે પીપર સાથે આસંધનો ક્ષીરપાક કરી લેવાથી ક્ષય મટી જાય છે.

ઋતુસ્નાતા સ્ત્રી ત્રણ દહાડા ગાયના દૂધ સાથે આસંધચૂર્ણ લે તો ગર્ભધારણ થઇ શકે છે.

પેટનાંકૃમિ મટાડે છે, શોથનાશક પણ છે. બાળકોને થતા બાલશોષ (Rickets) માટેતો આયુર્વેદમાં એની ખુબ પ્રશંશા કરવામાં આવેલ છે. બે રતી ચૂર્ણ દિવસમાં ૪ વખત ગાયના દૂધમાં આપવાથી બાલશોષ મટે છે અને આ દવા અયોધ્યા તરફના એક સાધુમહાત્માએ હજારો બાળકોને આપી સારા કરેલ છે.

રાત્રે સૂતી વખતે ૮ થી ૧૬ ગુંજ ચૂર્ણ દૂધ સાથે રોજ લેવાય તો વાયુનું શમન થઇ સુખપૂર્વક ઉંઘ આવે છે એમ વૈદ્ય હીરામણ જંગલે પોતાના અનુભવમાં જણાવે છે, વળી તે બુદ્ધિ–સ્મૃતિ પણ વધારે છે.

આસંધ જરાવ્યાધિ–મૃત્યુનાશક અપૂર્વ રસાયન છે. એના સતત સેવનથી બળ, કાન્તી, સૌંદર્ય તેમજ શક્તિનો ખુબ વધારો થાય છે, તેના સેવનબાદ શુક્રક્ષીણતા કદીજ થતી નથી અને આયુષ્યની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધિ થાય છે, આ સર્વ લાભ માટે આસંધનું ચૂર્ણ ભાગ ૨, સાકર ભાગ ૨, મધ ભાગ ૨, માખણ ભાગ ૪ મેળવીને લેહ જેવું બનાવી દરરોજ લેવાનું ઠીક જણાય છે.

એનો ઉપયોગ ઇંજેકશનરૂપમાં પણ કરી શકાય છે, આ માટે એ લાક્ષનના અનુભવીની સલાહ લઇ તેનું ટીંકચર બનાવી વાપરી શકાય છે.

શંખપુષ્પી, બ્રાહ્મી, આસંધ, દ્રાક્ષ વગેરેને મેળવી અવલેહ કે આસવ અથવા શરબતરૂપમાં વાપરવાથી સારો લાભ આપે છે.

પેશાબમાં જતા ફોસ્ફેટને રોકવા માટે અશ્વગંધાદિચૂર્ણ ઘણુંજ ઉત્તમ છે, અથવાતો તેનો અવલેહ બનાવી આપવા જોઇએ. એનાં તાજાં મુળીઆં દવામાં વાપરવા જોઇએ અને તે ચોમાસું ગયા બાદ શિયાળામાં સંગ્રહ કરી લેવાં જોઇએ.

અંગ્રેજી ડૉકટરોના મત પ્રમાણે તે નાડીને મંદ કરનાર અને હૃદયને બળ આપનાર છે, તેમાં તિકત અને ક્ષાર દ્રવ્ય જોવામાં આવે છે.

એના ચૂર્ણની માત્રા ૨૦ થી ૩૦ રતીભાર ગણાય છે. તેની નિચેની બનાવટો વાપરવા લાયક છે.

(૧) અશ્વગંધારિષ્ટ પૃષ્ટ ૨૧૭, (૨) અશ્વગંધાદિઅવલેહ પૃષ્ટ ૨૪૧, વૈદ્યકચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે (૩) અશ્વગંધાદિચુર્ણ પૃષ્ટ ૧૧૭, વૈદ્યકચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે (૪) અશ્વગંધાદિવટી અનૂભૂતપ્રયોગાવલી પૃષ્ટ ૧૭ ભાગ બીજામાં છે તેમજ બીજી અનેક બનાવટો બને છે જેનો ઉલ્લેખ બીજા પુસ્તકોમાં થએલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ ભાંગરો

N. O. Compositæ (કોમ્પોઝીટાઇ)

સં. ભૃંગરાજ, **હિં.** ભાંગરા, **મ** માકા, **બં.** કેશરાજ.

વર્ણન: વધુભાગે ચોમાસામાં થનાર તેમજ જ્યાં જ્યાં તળાવ, નહેર, નદી કે પાણીનો માર્ગ તેમજ વાડી ખેતરોમાં જ્યાં જમીન લીલી રહેતી હોય ત્યાં આના છોડવા ખુબ થાય છે, એનો છોડ એક બે ફુટ ઉંચો થઇ પછી તે જમીનપર ફેલાઇ જાય છે. લીલી જમીનમાં થતું અને રહેતું હોવાથી તે હમેશાં તાજું-લીલું મળે છે. દવામાં ભાંગરાનોરસ વધારેભાગે વપરાય છે, ભાંગરો ફુલ ઉપરથી સફેદ. કાળો અને પીળો એમ ત્રણ પ્રકારનો ઓળખાય છે, કરાચી તરફ પીળો, દહેરાદુન તરફ કાળો અને બીજી જગાએ સર્વત્ર સફેદ મળે છે. કાળોભાંગરો ઉત્તમ ગણાય છે પણ તે મળવો જરા દુર્લભ છે, દવામાં સફેદફુલનો ભાંગરો વાપરી શકાય છે અને અહિ તેનુંજ વર્ણન કરેલ છે. દવા માટે તેનો રસ છુંદી કપડે ગાળી એક ચીનીનાપ્યાલામાં રાખી છણી રહે પછી નીચેનો કચરો પડતો મુકી ચોકખો રસ વાપરવો જોઇએ, એ રસને ગરમ કરવાથી ગુણમાં હીન થઈ જાય છે એટલે ગરમ કરી વાપરવો નહિ.

ગુણ: ઉષ્ણ, કફઘ્ન, વાતહર, કૃમિઘ્ન, તેમજ રસાયન છે. નેત્રને તેમજ કેશ (વાળ) ને માટે વખણાય છે, ત્વચા, દાંત, નેત્રરોગ તથા શીરોરોગ મટાડનાર છે, પાંડુ, યકૃતદોષ અને બરલ મટાડી આંત્ર શુદ્ધિ કરનાર કહેલ છે.

ઉપયોગ: ભાંગરાનોરસ પીવાથી યકૃતને સુધારી કમળો મટાડે છે, વધેલી બરલ અને લીવરને સુધારી નાની બનાવે છે, અજીર્ણ અને હરસને મટાડે છે, એ માટે ચૂર્ણ રૂપમાં લેવાય છે, આમવાત, મસ્તકશૂળ, ટુંકીદ્રષ્ટિ, અકાળે કેશ સફેદ થવા, અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતનાં ચાંમડીનાંદરદો, ટાલપડવી, અગ્નિદગ્ધવ્રણ, સોજા, કુષ્ટ, ગળા ઉપરના ભાગમાં થતાં દરદો વગેરેમાં ભાંગરાનો ઉપયોગ લાભકરનાર છે, પાંડુરોગ મટાડે છે, એનો આસવ લેવાથી બળ, વીર્ય વધી શરીરમાં ઉત્સાહ વધે છે.

અશ્વચોળીવટી ભાંગરાનારસના ૨૧ પુટ આપી બનાવી હોય તો ઉત્તમ લાભ કરે છે, સૂતસેંધર અને કૃમિકુઠાર વગેરે ભાંગરાનારસમાં ઘુંટીને બનાવાય છે, તામ્રભસ્મને એના પુટ દઇ ગજપુટ આપતાં ઉત્તમ ભસ્મ બને છે, નસ્ય તરીકે વપરાતું મહાષટ્બિન્દુ તેમજ ષટ્બિન્દુતેલ એના રસવડે બને છે વાળ કાળા કરી ખરતા અટકાવી તેમજ પડેલીટાલ મટાડી વાળ ઉગાડવા માટે વપરાતા તેલોમાં ભૃંગરાજતેલ સર્વોત્તમ ગણાય છે અને તે ભાંગરાનારસથીજ બનાવાય છે. એના રસનાં ટીપાં કાનમાં નાંખવાથી કર્ણશૂલ મટે છે.

ભાંગરાનો ગુણ આંતરડામાં જમા થતા આમમાં તેમજ ગરવિષમાં બહુજ સરસ જણાયેલો છે, આ દરદ ભલે નવું હોય કે જુનું પરંતુ એના સેવનથી એ દોષ મટી કોષ્ટ શુદ્ધિ થઇ પાચન સુધારે છે અને યકૃતને મદદ કરી રાતા રજકણો વધારે બનાવે છે.

અંગ્રેજી વૈદ્યકના મત પ્રમાણે એમાં એક પ્રકારનું રાળાને મળતું તેમજ સુગંધી કડવું તત્વ રહેલું છે, અને એનો ગુણ બળકારક. તેમજ રસાયન છે.

ઉપદંશ, અમ્લપિત્ત, પલિતરોગ, નક્તાંધ્ય, માથાનુંદરદ, કફકાસ, શ્વાસ, ઝેરીપ્રાણીનાંડંખ વગેરેમાં પ્રાચીન આયુર્વેદ વિશારદોએ વાપરવા બાબત ભલામણ કરેલી છે.

તેની બનાવટોમાં ઘૃત, તેલ, કલ્ક, કલ્પ, લેપ, નસ્ય, ચૂર્ણ, આસવ, વટી વગેરે અનેક બનાવટો જુદા જુદા રોગો માટે આર્ય-વૈદ્યકગ્રન્થોમાં આપેલી છે. જે અનેક દરદોને મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાંની કેટલીક બનાવટો નિચે મુજબ છે:

(૧) ભૃંગરાજવટી પૃષ્ટ ૧૨૫, (૨) ભૃંગરાજઆસવ પૃષ્ટ ૨૨૩, વૈદ્યકચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે. (૩) ભૃંગરાજચુર્ણ પૃષ્ટ ૧૩૫, (૪) મહાષટ્બિન્દુતેલ પૃષ્ટ ૧૯૧, (૫) ષડબિન્દુતેલ પૃષ્ટ ૧૯૪, વૈદ્યકચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે (૬) ભૃંગરાજતેલ પૃષ્ટ ૪૦ અનૂભૂતપ્રયોગાવલી ભાગ ૨જા માં છે, બીજી બનાવટો પ્રાચિન અર્વાચિન પુસ્તકોમાં છે.

૪ શતાવરી

N. O. Asparageæ (એસ્પેરેગીઇ)

સં. શતાવરી, **હિં.** સતાવર, **મ.** શતાવરી, **બં.** શતાવરી.

વર્ણન: શતાવરી આપણા દેશમાં લગભગ સર્વત્ર થાય છે, ગુજરાત કાઠીયાવાડમાં એને એકલકંટો પણ કહે છે, નાની અને મોટી એમ તેનાં બે પ્રકાર છે, બીજા કાંટાવાળા ઝાડને આશ્રયે થાય છે, શતાવરીનાંપાન બહુજ બારીક સુવાનાપાનને મળતાં થાય છે અને તેમાં એક એક કાંટો હોય છે, અને લાંબી ડાંડી થઈ વેલ માફક બીજા ઝાડને આશ્રયે તે ફેલાય છે, દવાનાં કામમાં તેનાં મૂળ વપરાય છે, આ મૂળા સુકવીને વેચવા માટે ગાંધીલોકો રાખે છે, પંજાબ તરફથી આવતી શતાવરી સરસ હોય છે ત્યાંનાં લોકો મુળને કાપી તેની વચ્ચેની-નસને કાઢી ઉપરથી છાલ કહાડી તેને જરા બાફી સુકવીને રાખે છે આ શતાવરી ગુણમાં સારી ગણાય છે બીજી ઝીણી સુકેલીજડ વેચાય છે તે ગુણમાં એવી રહેતી નથી, ઘણેભાગે મહાશતાવરીજ દવામાં વપરાય છે, દવામાં અનેક જગ્યાએ તાજી-લીલી શતાવરીનાં મુળીઆં લાવી તેનોરસ કાઢી કે કવાથ બનાવીને પણ વપરાય છે, ચુર્ણ માટે સુકવીનેજ વાપરવી ઉતમ છે, હમેશાં નવી શતાવરી દવા માટે વાપરવી એજ ગુણકારક ગણી શકાય તેમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણ: પૌષ્ટિક, બળવર્ધક, શીત અને ધાવણને વધારનાર તથા મુત્રલ, વૃષ્ય, ગ્રાહી અને સ્નેહન ગુણયુક્ત છે.

ઉપયોગ: શતાવરી એ સસ્તી અને સારી દવા છે, વૈદ્યો અને ગ્રામ્યજનો તેને છુટથી વાપરે છે, જંગલમાં તેને બકરાંઓ ખાય છે, બકરી કે ગાયને બચડાવવામાં આવે તો તેનું દૂધ વધુ પૌષ્ટિક બને છે, કેટલીક જગાએ દુધ વધારે આવે તે માટે ગાય અને ભેંસને પણ શતાવરીનાંમુળ ખાવા આપે છે.

શતાવરી મુત્રલ છે, અમ્લપિત્તને મટાડનાર છે, પેશાબ છુટથી લાવે છે, પ્રદર, પેશાબનીગરમી, દાહ, નબળાઇ, વાતરોગ વગેરે મટાડવા શતાવરી ઉત્તમ છે, વાયુનાશક પ્રસિદ્ધ નારાયણતેલમાં શતાવરી એક મુખ્ય ઔષધ છે. લોહીવિકાર, બસ્તીશુળ તેમજ પિત્તશુળ માટે શતાવરી ખાસ વપરાય છે, ગર્ભાશયને માટે તે લાભ કરનાર છે અને તેથીજ તેનો ફળઘૃત નામની દવામાં ખાસ ઉપયોગ કરવામાં આવે છે. પ્રમેહ. મુત્રકૃચ્છ્ર, સ્વપ્નદોષ, રક્તવિકાર વગેરેમાં શતાવરી સાથે બીજી ઔષધી મેળવી તેનો કવાથ કે શરબત બનાવી વપરાય છે, ધાતુક્ષીણતા માટે શતાવર્યાદ્યિચુર્ણ, શુક્રવર્ધકયોગ તથા શતાવરીમોદક સારી બનાવટો છે. શતાવરીનો આસવ પણ એવીજ બિમારીમાં વપરાય છે તથા સ્ત્રીરોગોમાં પણ એ બનાવટ તેમજ બીજી બનાવટો સારૂં કામ આપે છે. શરીરનીગરમી ઓછી કરી બળ વધારવા માટે આયુષ્યવર્ધકતેલ વપરાય છે તેમાં પણ એ મુખ્ય-ભાગે આવે છે. પ્રદર, ધાતુનાઉષ્ણતા, ગર્ભાશયનાવિકારો વગેરે માટે શતાવરીપાક પણ ઉત્તમ અનુભવી બનાવટ છે.

જંગલમાં થતી અને અલ્પમુલ્યમાં પ્રાપ્ત થતી આવી જડીબુટ્ટીઓ આપણે લાવીને વાપરીએ કે તેની યોગ્ય દવાઓ બનાવી સર્વત્ર વેચાય એવો પ્રબંધ કરીએ તો આ દેશમાંથી વિદેશ જતા લાખો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરોડો રૂપીઆ બચાવી શકાય તેમ છે, એટલું જ નહિં પણ દવાની ગુલામીમાંથી છુટી જઇ સરસ તંદુરસ્તી પણ મેળવી શકીએ તેમ છે, પણ હજી આપણને આવી સદ્‌બુદ્ધિ સુઝી હોય તેમ લાગતું નથી! એજ આપણા કમભાગ્યની નિશાની કહેવાય.

અંગ્રેજી વૈદ્યકના મત પ્રમાણે તેમાં ગુંદ જેવો પદાર્થ મુખ્ય જણાય છે, થોડીક સાકર છે અને બાકી પાણીમાં મળે તેવો ભાગ વધુ છે.

યુવાનો માટે વાજીકરણ ગુણ આપનાર, સ્ત્રીઓને પ્રદરાદિરોગથી મુકત કરનાર તથા ધાવણ ધવડાવનારી માતાઓને દુગ્ધ વધારનાર આ એક ઉત્તમ વનસ્પતિ છે, શતાવરીધૃત ઉત્તમ વાજીકરણ છે, ફળઘૃત સ્ત્રી, પુરૂષોનાં ધાતુદોષ મટાડે છે, નીચેની બનાવટો ખાસ વાપરવા લાયક છે:

(૧) શતાવર્યાદ્યિચુર્ણ, પૃષ્ટ ૧૪૩, (૨) શુક્રવર્ધકયોગ પૃષ્ટ ૧૪૪, (૩) શતાવરીપાક પૃષ્ટ ૨૧૩, (૪) શતાવરીઆસવ પૃષ્ટ ૨૪૩ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં તથા (૫) આયુષ્ય-વર્ધકતેલ પૃષ્ટ ૨૭૪ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે તથા (૬) શતાવરીમોદક અનૂભૂતપ્રયોગાવલી ભાગ ૨ પૃષ્ટ ૧૬ પર આવેલ છે.

---

૫ સાત્વીન

N. O. Apocynaceæ (એપોસાઇનેસિઇ)

સં. સપ્તપર્ણ, **હિં.** છાતીઆન, **મ.** સાતવીણ, **બં.** છાતીમ.

વર્ણન: સાત્વીનનાં મોટાં ઝાડ થાય છે, તેની પેદાશ દક્ષિણનાં જંગલોમાં થાય છે, બંગાળામાં પણ તે થાય છે, ગુજરાતમાં કવચિતજ જોવામાં આવે છે, સેમળાની માફક એનાં ઝાડની ડાળીપર પ્રત્યેક ઝુંમખામાં સાત સાત પાન આવેલાં હોય છે અને તેથીજ તેનું નામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સપ્તપર્ણ પડેલું દેખાય છે, દવામાં એની છાલ વપરાય છે, આ છાલ અરબચડી, જાડી અને ભુખરા કીકારંગની હોય છે, અન્દરમાં તે મળી શકે છે, એ છાલમાંથી એક પ્રકારનું સત્વ નીકળે છે એ સત્વ કેટલીક જગાએ કવીનાઇનની માફક વપરાય છે અને તે કવીનાઇન કરતાં નિર્દોષ ગણાય છે. આ બહુજ કડવી વનસ્પતિ છે, જુના વખતથી તે આ દેશમાં વપરાતી આવેલી જોવામાં આવેલ છે.

ગુણ: જ્વરનેરોકનાર. પૌષ્ટિક, કૃમિઘ્ન, ધાવણવધારનાર, કડવી, ઉષ્ણ, અગ્નિદિપક, સંકોચક યાને ગ્રાહી જતાવેલ છે, એ સર્વ ગુણો કરતાં તેનો મુખ્ય ગુણ ચોકકસ વખતે આવતા તાવમાં યાને મલેરીઆતાવમાં બહુજ ઉપયોગી જણાય છે, જુના પેટનારોગોને મટાડી ઝાડાને પણ મટાડે છે,

ઉપયોગ: બિમારીપછીનીનબળાઇ મટાડી ભૂખ લગાડે છે, પાચન સુધારી બળને વધારે છે, નબળી પ્રકૃતિવાંઓ તેમજ બાળકોને માટે બહુ સારૂં કામ આપે છે, કુષ્ટરોગ યાને રકતવિકારમાં પણ તે બહુ ફાયદાકારક જણાય છે, જુના વાતરોગમાં તે કાળામરી સાથે લેવાય છે,

કવીનાઇન વાપરવાથી જ્યારે અનેક ઉપદ્રવો થવાની ધાસ્તી રહે છે ત્યારે આ સાત્વીન એવી નિર્દોષ વનસ્પતિ છે કે તેના ઉપયોગથી તાવતો અટકે છે પણ કોઇ ઉપદ્રવની શંકા રહેતી નથી, એટલેજ હવે ડૉકટરો પણ આ વનસ્પતિ છુટથી વાપરે છે, તેનું પ્રવાહીસત્વ પણ દરેક જગ્યાએ મળે છે એ સિવાય તે કવાથ રૂપમાં પણ સારૂં કામ કરે છે, ગળો, લીમડાનીછાલ અને સાત્વીનછાલનો કવાથ બહુજ સારૂં કામ આપે છે તાવમાં ઝાડા કે મરડાની અસર હોય ત્યાંપણ આ દવા સારૂં કામ આપે છે.

ગળો, અરડુસી, પટોલપત્ર, નાગરમોથ અને સાત્વીનનોકવાથ પણ ન મટતા જુના કે નવા તાવમા સારૂં કામ કરે છે. સાત્વીનનુંસત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગળોસત્વની માફક કાઢવું હોય તો નીકળી શકે તેમ છે. સાત્વીન સાથે અતિવિષ, કચુરો, શુંઠ, વજ વગેરે મેળવી કવાથ કરી આપવાથી ધાવણ છુટથી આવે છે, ભૂખ લાગે છે અને પ્રસુતિનાં તમામ ઉપદ્રવો મટી તાવની ભીતિ રહેતી નથી.

જીર્ણ આમવાતમાં સોજાપર એનો લેપ કરી શકાય છે તથા જીર્ણઅતિસાર, મરડો, મંદાગ્નિમાં આ દવા મરી સાથે કે કવાથરૂપે સારૂં કામ આપે છે. છાલનું ચૂર્ણ, મરી, સિંધવ સાથે લેવાથી પેટની શક્તિમાં ઠીક સુધારો થાય છે.

સાત્વીન માટે અર્વાચિન વૈદ્યકશાસ્ત્ર પણ ઠીક શોધ કરી ગયેલ છે, તેમણે સાત્વીનમાંથી "ડીટેનીન" નામનું સત્વ શોધી કાઢેલ છે એ સત્વ કવીનાઇન માફક તાવમાં બહુજ ઉપકારક જણાયું છે, તેની માત્રા ૫ થી ૧૦ ગ્રેન જેટલી છે અને તેમાં કવીનાઇન જેવા કોઇપણ હાનીકારક દોષ રહેલા નથી.

સાત્વીનનાં વૃક્ષો લ્યુઝોન ટાપુમાં પણ થાય છે, ત્યાંના લોકો એને "ડીટા" નામથી ઓળખે છે અને તે નામપરથીજ "ડીટેનીન" એના સત્વને કદાચ કહેવામાં આવ્યું હશે.

એના ચૂર્ણની માત્રા ૧૦ થી ૨૦ ગુંજની છે, જ્યારે એના સત્વરૂપ ઘનની માત્રા ૫ થી ૧૦ ગ્રેન જેટલી છે, પ્રવાહીસાર ૦।। થી ૧ ડ્રામ અપાય છે કવાથરૂપે કે ફાંટરૂપે તે ૨ થી ૪ તોલા અપાય છે એમા ૦।। તોલો ભુકો નાંખવો જોઇએ.

સાત્વીનમાંથી નીચેની બે બનાવટો ખાસ વાપરવા લાયક જોવામાં આવેલ છે.

(૧) સપ્તપર્ણવટી વૈદ્યકચિકિત્સાસાર ઉત્તરાર્ધ પૃષ્ટ ૧૦૧, અને (૨) સપ્તપર્ણવટી વૈદ્યકપારિજાત ભાગ ૧ પૃષ્ટ ૪૯ પર એ આપેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ ઉપલસરી

N. O. Asclepiadeæ (એસ્કલેપિએડિઇ)

સં. સારિવા, **હિં.** અનંતમૂલ, **મ.** ઉપળસરી, **બં.** શ્યામાલતા,

વર્ણન : ઉપલસરી બે જાતની થાય છે, કૃષ્ણ અને શ્વેત, લગભગ બધી જગ્યાએ બજારમાં બે વનસ્પતિ મળે છે, મુંબઇ તરફ કાળીજાત બહુ થાય છે, બંગાળ તરફ શ્વેત વધુ જોવામાં આવે છે, એનો પેદાશ મહારાષ્ટ્ર, મુંબઇ, ખાનદેશ, મદ્રાસ, બંગાળ, બિહાર વગેરે સ્થળે થાય છે, પરદેશથી આને મળતીજ એક વનસ્પતિ આવે છે, તેને ઉસબા નામથી ઓળખવામાં આવે છે, અનંતમુળ–ઉપલસરી-સારીવા બે નામથી આ વનસ્પતિનાં મુળીઆં બજારમાં મળે છે. તેમાં સરસ સુગંધી દ્રવ્ય રહેલ હોવાથી તેની વાસ ઘણીજ સારી આવે છે. તેનો ઉકાળો કરતી વખતે બે વાસ ઘણીજ મનપસંદ જણાય છે, બે વનસ્પતિ માટીવાળા તેમજ કઠણ ભાગમાં થાય છે દવામાં એના મુળીઆં વપરાય છે, બજારમાં એનાં મુળીઆંની બાંધેલી ઝુડીઓ મળે છે, એનાં પાન નાનાં પરંતુ જાંબુનાપાનને મળતાં દેખાય છે તેમાં ફલી–ડોડી થાય છે તે સુકાઇ જતાં પોતાની મેળે ફાટી જાય છે અને તેમાંથી રૂ જેવા તાંતણા નીકળી ઉડવા લાગે છે, આ એક પ્રસિદ્ધ વનસ્પતિ છે.

ગુણ : બન્ને પ્રકારનાં અનંતમુળ ગુણ ધર્મમાં લગભગ સરખાં જણાય છે, તે મધુર, સ્નીગ્ધ, શીતળ, ભારે, વીર્યવર્ધક, મુત્રલ, પસીનો લાવનાર, બલ્ય, ઉતેજક, ભૂખ લગાડનાર ત્વકૂદોષ મટાડનાર અને સપ્તધાતુઓ પર સારી અસર કરી ત્રણે દોષોને ઠીક કરનાર ઔષધ છે.

ઉપયોગ : ઉપલસરીનાંમુળીઆં–બારીક મુળીઆં દવાના કામમાં વપરાય છે, મુળની ઉપરની છાલમાંજ ગુણકારક તત્વ મુખ્યભાગે રહેલ છે એટલે દવામાં તેને ઉકાળતી વખતે એમાં રહેલ સત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુગંધીતત્વ ઉડી ન જાય તેની સંભાળ રાખવાની જરૂર છે, અને ત્યાંલગી હલકો કવાથ ફાંટ બનાવીને કે હીમ બનાવીને વાપરવાથી પુરતો લાભ આપે તેમ છે. એની છાલમાં રહેલ કિંમતી ગુણ મનુષ્યશરીરની છાલ–ત્વચા–ચામડીપર બાસ ઉપકારી જણાય છે, અનંતમૂળા ચામડીનાં બધાં દરદોને મટાડવામાં ઉત્તમ રક્તશોધક સારસાપરિલાનું કામ કરે છે.

શરીરમાં જ્યારે ક્ષારપદાર્થ વધે, રક્ત અશુદ્ધ બને તેમજ તે જાડું બને એટલે ચામડીનાં દરદો થાય છે, આવા સમયે લોહીને સ્વચ્છ કરી તેમાંના બરાબ તત્વોને મળ–મુત્ર કે પસીના મારફતે બ્હાર કાઢવાનું જરૂરી કામ આ દવા સંપૂર્ણરીતે કરી રક્તને સ્વચ્છ તથા લાલ બનાવે છે.

રસધાતુમાં શીતતા, સ્નિગ્ધતા અને પ્રસન્નતા પેદા કરવાનું કામ એનાથી બરાબર થાય છે, શીતતા ગુણને લઈ લોહીને ઉષ્ણતા એનાવડે થાય છે, રક્ત અને પિત્તપર એની સારી અસર દેખાય છે, લોહીમાં રહેલું વિષ દૂર કરી તેમાં સામ્યતા પણ લાવે છે, રક્ત શુદ્ધ થયા બાદ તેની અસર વીર્યપર થાય છે તે વીર્યને પણ શુદ્ધ અને બળવાન બનાવે છે. પરિણામે ઓજ વધારવાનું કામ પણ તેથી થાય છે, શોધક અને શામક ગુણને લઇ તે ધાવણને પણ વધારનાર તેમજ શુદ્ધ કરનાર છે, એનાં સુક્ષ્મતત્વોમાં પૃથ્વી અને જળતત્વ મુખ્ય હોવાથી તે મળ–મુત્રનું બરાબર શોધન કરે છે. શીતગુણને લઇ તે જ્વરાદિની ગરમી મટાડે છે, પિત્તશામક હોવાથી યકૃતની ઉષ્ણતા ઓછી કરી જ્વરને દૂર કરે છે, તેમાં મધુરરસ હોવા છતાં તે આમને વધારતું નથી પણ ઓછું કરે છે, તેની સાથે પટોલપત્ર, ગળો, ધાણા, અરડુસી વગેરે મેળવી કવાયરૂપે લેવાથી તાવ, આમ અને તરસ, મુર્ચ્છા, પ્રલાપ વગેરે મટાડી શકે છે, ઓરી–શીતળા વગેરે ફુટી નીકળનારા તેમજ ઉપદંશ કે વીસ્ફોટક–વિકારના રૂપમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલ તાવને મટાડવા માટે અનંતમૂળ સરસ ઉપાય છે. દાહને મટાડે છે, પિત્તનું શમન કરે છે, ચામડીના વર્ણને સુધારેછે, કાંતિ વધારે છે. ક્ષીરી વૃક્ષોનીછાલમાં રક્તશોધક ગુણ હોવાથી ખાસ કરી ત્વચાના દરદોમાં એ દવા ઉત્તમ ગણાય છે અનંતમૂળ પણ ક્ષીરીવૃક્ષના તત્વવાળું જ છે. નેત્રદાહ, ત્વકદાહ, મૂત્રદાહ, રક્તોષણતા વગેરે મટાડવા માટે આ વનસ્પતિ સરસ ઉપાય છે.

બળ. તેજ, શક્તિ, ઓજ અને શુક્રને સુધારવા તેમજ વધારવા માટે પણ તે ઉત્તમ છે. કારણકે તે મધુર, સ્નિગ્ધ, શીત અને ગુરૂતત્વોયુક્ત હોતાં આ ગુણ બતાવી શકે છે.

ગર્ભિણીસ્ત્રીને નવ માસ લગી તેનું નિયમિત સેવન કરાવવાથી બાળક સશક્ત, સર્વાંગસુંદર તથા ગૌરવર્ણયુક્ત પેદા થાય છે.

રક્તપિત્તની કોઈપણ અવસ્થામાં તેનો ઉપયોગ કરવાથી લાભ કરે છે, અતિસાર. રક્તાતિસાર વગેરેને પણ મટાડે છે.

આર્તવદોષ મટાડી સ્ત્રીઓનાં પ્રદરરોગને પણ એ મટાડી શકે છે, એની સાથે અશોક, લોધર, દારૂહળદર, શતાવરી વગેરે ભેળવી શકાય છે, એવીજ રીતે સગર્ભાવસ્થામાં નવ માસ લગી અપાતી ઔષધીઓમાં એનો ઉપયોગ બીજી ચીજો સાથે કરી શકાય છે.

જે બિમારીમાં પેશાબ વધારવાની તેમજ મૂત્રદાહ મટાડવાની જરૂર પડે છે, ત્યાં અનંતમૂળનો ફાંટ બહુજ સારૂં કામ આપે છે, ૫ તોલા ભુકો ૨૦ ઔંસ પાણીમાં નાંખી ધીમે તાપે બંધ વાસણમાં થોડુંક ઉકાળી રાખી લેવું. પછી ગાળી ૫ તોલા બે બે કલાકે લેવાથી સારો લાભ થાય છે, પેશાબ ખુબ આવે છે, પસીનો થાય છે સંધીવા–પરમીયો વગેરે મટી જાય છે.

હોજરીની શક્તિ સુધારી અજીર્ણ મટાડે છે, થાક, તબળાઇ, પાંડુ, ક્ષીણતા, આંખનીગરમી, હાથપગનોદાહ વગેરે મટાડી આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમેહ, ગરમી, ગરમીને લઇ સાંધા અકડી જવા, તરસ, ચામડીનાં વિકારો, ગડ–ગુમડાં વગેરે મટાડવા માટે ઉત્તમ ઉપાય છે.

વિદેશી સારસાપરિલાનાં મુળીઆંથી આ દવા સસ્તી, સારી અને વધુ ગુણકારક છે, વાતરોગનાં અનેક વિકારોમાં ફાયદો કરે છે તથા પારદની બનાવટો જ્યારે રક્તશોધક તરીકે લેવાતી હોય ત્યારે તેની સાથે (જેવી રીતે કેશરાદિવટી, સપ્તશાલીવટી, રસસિંદુરયોગ. રસબલીયોગ વગેરે લેવાય છે તે) અનંતમુળ લેવાથી ઘણીજ સારી અસર થાય છે અને પારદવાળી બનાવટ જરાપણ ઉપદ્રવ વગર સરસ લાભ બતાવે છે.

ઍલોપેથી ડૉકટરો તેના પ્રવાહીસારને તેમજ ફાંટને વાપરે છે, લોહી સાફ કરવા તેનો શરબત બનાવી વાપરી શકાય છે, ચામડીનાં દરદો તેમજ રક્તવિકાર અને મુત્રવિકારમાં તેનો ક્વાથ ખાસ વપરાય છે આયુર્વેદમાં તેની મુખ્ય બે બનાવટો વધુ વપરાય છે (૧) સારિવાદ્યરિષ્ટ (૨) સારિવાસવ, આનો પ્રચાર બંગાળાના કવિરાજોમાં બહુજ છે, સારિવાદ્યવલેહ, સારિવાઘૃત, સારિવાતેલ, સારિવાવટી વગેરે બીજી બનાવટો પણ બને છે.

દશમુલ, રક્તશોધક વનસ્પતિઓ, સુગંધી દ્રવ્યો તે સર્વની સમભાગે અનંતમુળ લઇ તેનો ક્વાથ–ચહા માફક બનાવી તેમાં દૂધ સાકર મેળવી ચહાની માફક પીવામાં આવે તો આ ચહા અનેક દરદો મટાડનારી બને છે, સિન્ધ ફાર્મસીની કોહીનુરઆયુર્વેદિકચહા આવીજ એક ઉપકારી બનાવટ છે.

(૧) સારિવાદ્યવટી વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ પૃષ્ટ ૧૪૭, માં છે, (૨) સારિવાદ્યાસવ પૃષ્ટ ૧૬૨, (૩) સારિવાદ્યક્વાથ પૃષ્ટ ૧૧૬, વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે, સારિવાદ્યરિષ્ટનો પાઠ ભૈષજ્યરત્નાવલીનો પ્રસિદ્ધ પાઠ ગણાય છે. એ સિવાય બીજી અનેક બનાવટોમાં અનંતમૂળ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૫૫ ગ/૨૧૯૯૧ ૨૦૫૧૧
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭ અમરકંદ

N. O. Orchideæ (ઓર્કાઇડીઇ)

સં. માલાકન્દ, **હિં.** ગોરૂમ, **મ.** માનકંદ, **વં.** બુદ્બર.

વર્ણન: આ કંદ લગભગ સોપારીથી મોટો અને લીંબુ જેવા કદમાં ગોળ કે લંબગોળ આકારમાં જમીનમાં થાય છે, તેની પેદાશ દક્ષિણ–કોકણમાં તેમજ હિમાલયની તળેટીમાં થાય છે. એ કંદ એક બીજા સાથે જોડાયલાં માળાનારૂપમાં થતાં હોઇ તેનું નામ માલાકન્દ રાખવામાં આવ્યું હોય એમ જણાય છે, કંદની ઉપરની છાલ જરા ખરબચડી હોય છે એનાં પાંદડાં ખરબચડાં હોઈ ઉપર લાંબી શીરાઓ હોય છે. પાન લાંબા થાય છે, ફુલ જાંબુઆ લીલારંગનાં થાય છે, બજારમાં કોઇક જગાએ તે મળે છે, એ કંદ લાવી રાખવા પછી જો વર્ષારૂતુ આવે તો તે પડયા હોય ત્યાંજ ફણગા ફુટી નીકળે છે, કુંડામાં વાવવાથી તેનાં અંકુરો મોટાં થાય છે, પણ હવા પાણી કે જમીન અનુકુળ ન હોવાથી તેની વૃદ્ધિ થતી જણાતી નથી, વર્ષાની આખરે આ કંદ પડયા પડયા બગડી જાય છે અને અંદરથી કસ ઓછો થઇ ફોતરા જેવા બની જાય છે. એને હમેશાં જાનેવારી માસ બાદ મંગાવી રાખવાં જેથી છ માસલગી તે બરાબર રહી શકે છે.

ગુણ: અમરકંદ પૌષ્ટિક અને શોથહર ગણાય છે, પ્રાચિન ગ્રન્થકારોએ પણ તેનાં એજ ગુણો બતાવેલા છે, તે દિપન, ગુલ્મહર, વાત, કફનાશક તેમજ કંઠમાળાને મટાડનાર છે એમ નિઘંટમાં વર્ણન કરવામાં આવેલ છે.

ઉપયોગ: મુંબઇ અને દક્ષિણ તરફ આ કંદનો ઉપયોગ કંઠમાળના દરદમાં ખાવા તેમજ લગાડવાના કામમાં થાય છે, અને તેથી કંઠમાળા મટી જાય છે, આ બાજુ કોકણ પ્રદેશના જંગલમાંથી

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔષધી લાવનાર લોકો જેની મારફત આ કંદ મળે છે તેઓ પણ એમજ જણાવે છે કે તે કંઠમાળ માટે સારી દવા છે.

ડૉકટર વામન ગણેશ દેશાઇ તેમજ ડૉકટર નાડકર્ણી પણ પોતાના પુસ્તકોમાં એવોજ અભિપ્રાય દર્શાવે છે.

મુંબઇમાં અનેક વૈદ્યો આ કંદને કંઠમાળાના દરદીઓ માટે વાપરે છે ખરા પરંતુ એનું પરિણામ કેટલા ટકા ઠીક આવે છે તે હજી કયાંય પણ જોવામાં આવેલ નથી બાકી કંઠમાળની તે એક સારી દવા છે.

તેનાં કંદને જરા અગ્નિની રાખમાં શેકી પછી ટુકડા કરી સુકવી ચૂર્ણ કરી રાખવું, એ ચૂર્ણ ૫ થી ૧૦ રતીભાર પાણી સાથે આપવું, લાંબો વખત લેવાથી અંદરથી તેની ઠીક અસર જણાય છે. જ્યારે ગંડમાળાની ગ્રન્થીઓ ઉપર આ કંદને જરા ગૌમુત્રમાં પથરપર ઘસી તેનો લેપ દરરોજ એક બે વખત કરવો જોઇએ તો ગાંઠોને મટાડી આપે છે. ગાંઠો કેટલીકવાર નવી હોય તો બેસી જાય છે અને સોજા જેવું કંઇજ રહેતું નથી.

આ વનસ્પતિ ઘણીજ ઉપયોગી છે અને કંઠમાળાપર તેની સારી અસર થાય છે પરંતુ તેની કોઇ સારી બનાવટ (દરદીઓને વાપરવા કે લેવાની સુગમ પડે) તૈયાર કરવાની આસ જરૂર છે કેમકે કંઠમાળા માટે હજી લગી કોઇ ચોક્કસ દવા શોધાઇ નથી.

(૧) ગંડમાલચુર્ણનો વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધ પૃષ્ટ ૧૨૪ ઉપર પાઠ આવેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮ હાથલેાથેાર

N. O. Cactaceæ (કેકટેસીઇ)

सं. કંથારી, **हिं.** નાગફની, **म.** ફણીનિવડુંગ, **बं.** ફણીમનસા.

વર્ણન : થુહરની અનેક જાતીમાંની આ એક જાતી છે, એમાં કાંટા હેાય છે અને તેનાં પાન હાથ જેવા પહેાળા હેાવાથી તેનું નામ હાથલેાથેાર પડેલું દેખાય છે; એ આપણા દેશમાં સર્વત્ર થાય છે, આસ કરી ખેતર–વાડીની વાડરૂપે એને આપણે અનેક જગ્યાએ જોયું હશે. એ ઝાડ પેાતાનેા પ્રસાર બહુજ સરળતાથી કરી લે છે, તેનેા એકાદ કટકેા ડાળી કે પાનનેા જમીનપર પડી જાય તેા તે વૃક્ષરૂપ તૈયાર થઇ શકે છે અને ૨ ફુટમાં બનાવેલી એની વાડ ધીમે ધીમે ૨૦ ફુટથી પણ વધુ જગામાં ફેલાવેા કરી આપે છે, એમાં બારેકથી જરા મેાટાં ફૂલેા ગુલાબી રંગનાં આવે છે તથા રંગદાર સારાં પીળાં લાલ ગુલાબી ફુલેા પણ હેાય છે, પાન, ફળ, ડાળ, વગેરે દરેક જગાપર એનાં કાંટા નાનાં અને મેાટા એ જાતનાં અસંખ્ય હેાય છે. એ કાંટો વાગે તેા દાહ થાય છે અને જો તે બરાબર ન નીકળે તેા તે જગા સડી બહુજ ત્રાસ આપે છે, એનાં ફૂલેાને લાવી અંદરનેા મગજ કાઢી લેાકેા તેનેા બાવામાં ઉપયેાગ કરે છે. તેના રસનું શરબત બનાવે છે અને તેના ફુલેાપર ઉડતી રંગીન માખીઓનેા પણ લાલરંગ બનાવવામાં ઉપયેાગ કરે છે.

ગુણ : કફઘ્ન, દાહ મટાડનાર, સંકેાચ–વિકાસ મટાડનાર, પિત્તશ્રાવક, રક્તશેાધક, મૂત્રલ, હૃદયને માટે બલ્ય, દીપન તેમજ રૂચીકર છે, આ ગુણ તેનાં ફળામાં રહેલ રસનાં છે, દવામાં પણ મુખ્યભાગે તેનાં ફૂલેાનેારસ વપરાય છે, કેાઇ વખત તેનાં પાન–ડાળને છેાલીને બાફીને બ્હાર લગાડવાનાં કામમાં પણ ઉપયેાગ થાય છે.

ઉપયેાગ : પાકેલાં લાલફળેા લાવી તેને ખાસની તાપણીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખી ઉપરનાં કાંટા બાળી નાંખવા જેટલો તાપ આપી કાઢી લેવા, પછી તેને છુંદી (લાકડીવતી) બાદ એક જાડા ઉનના કપડામાં નાંખી દાબી રસ કાઢી લેવો, એ રસ ફરી બીજીવાર જાડા કપડામાંથી ગાળી લેવો, એ ગાળેલ રસ તોલા ૪૦ તથા સાકરનોભુક્કો તો. ૮૦ લઇ ધીમેતાપે શરબત બનાવી રાખવો, શરબત જરા ઘટ્ટ રાખવો કે તે બગડવા ન પામે, વળી તેને ઠંડો કરી ગાળીને સંભાળી રાખવો.

આ શરબત ૨ થી ૪ ગ્રામ બમણાં પાણીસાથે દિવસમાં ૨ થી ૪ વખત લેવાય છે.

ખાંસી, ઉંટાંટીઓ, સુકીખાંસી, દમ અને જુની ખાંસી માટે આ ઉપાય અકસીર છે, તેનાથી કફ છુટે છે, છાતી–ફેફસામાં કૌવત આવે છે, નાનાં બાળકોને તેમજ ગર્ભિણીસ્ત્રીને પણ તે પૌષ્ટિક કફઘ્ન તરીકે આપી શકાય છે.

થોરનુંમૂળ ગૌમૂત્રમાં ઘસીને વાળાપર લગાડવાથી વાળાનોરોગ મટે છે, પંચાગને બાળીને તેની રાખ કરી લેવી, એ રાખમાંથી ક્ષાર કાઢી રાખવો, એ ક્ષાર હૃદયરોગમાં વાપરવો લાભકારક છે, તેનાથી ઝાડા થાય છે અને પેશાબ છુટથી આવે છે, તેની માત્રા પ્રકૃતિ સમજીને આપવી જોઇએ સાધારણ ૧૦ રતીભાર સુધીની આપી શકાય છે.

ઍલોપેથી વૈદ્યકના મત પ્રમાણે પાકેલાં ફળોમાં સાકર જેવો પદાર્થ ૪૧।।।, માંસ જેવો પદાર્થ ૬।, ચરબીને મળતો પદાર્થ ૩।।। અને પાણી ૫।।। તથા સાકર ૩૦ ટકા આવેલ છે, રાખનો ક્ષાર બનાવી જોતાં તેમાં ખટાશ દેખાય છે, તે પાણીમાં ઓગળી જાય છે.

હાથલાનાફળો વસંતઋતુમાં ખુબ પાકવા લાગે છે ત્યારે ગામડાનાં લોકો–નાનાં મોટાં છોકરાં ત્યાં જઇ ફળો તોળી અંદરનાં બીજ અને છાલ ફેંકી દઇ ગરભ ખાઇ જાય છે એના પરિણામે તેઓને ખાંસી થતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી અને થઇ હોય તો મટી જાય છે, ક્ષય–ક્ષીણતાની બાંસી માટે પણ એ ફળોનો મગજ કે શરબત પણ ઉત્તમ ઉપાય છે,

સ્વ. અમૃતલાલ સુંદરજી પઢીઆરે એક લેખમાં એનું સરસ વર્ણન કરેલ છે, અને રસનો શરબત, પાક તેમજ ફળનાં બીજનું ચૂર્ણ કરી તેનો પાક બનાવી વાપરવાનું જણાવેલ હતું.

---

૯ ગોખરૂ

N. O. Zygophylleæ (ઝાઇગોફિલીઇ)

सं. गोक्षुर, **हिं.** गोखरू, **म.** गोखरू, **बं.** गोक्षुर.

વર્ણન : ગોખરૂ બે જાતનાં થાય છે, નાનાં અને મોટાં, એની પેદાશ રેતાળ જમીનમાં ઘણેભાગે થાય છે, કચ્છ, કાઠીયાવાડ, સિંધ, મારવાડ અને ગુજરાતમાં સર્વત્ર થાય છે, મોટાં ગોખરૂને આપણે માંળવીગોખરૂ કહીએ છીએ કેમકે તે માળવા તરફ વધારે થાય છે, નાનાં ગોખરૂને ક્ષુદ્રગોક્ષુર કહેલ છે તે જાત બહુધા સર્વત્ર થતી જોવામાં આવે છે, વરસાદ ઓછો પડે તેવા પ્રદેશમાં ગોખરૂની પેદાશ થતી જણાય છે, ચોમાસામાં વરસાદ પડતાંજ તેનાં છોડ થાય છે અને આસો માસમાં પાન વગેરે સુકાવા આવે છે, આ સમયે તેનાં મૂળસહિત છોડવા ઉખેડી લાવી છાંયામાં સુકવી (ટુકડા કરીને પછી સુકવવા) રાખવા જોઇએ દવામા તેનાં મૂળ–પંચાગ–ફળ વગેરે વપરાય છે ગુણમાં લગભગ બંને મળતાં આવે છે પરંતુ પૌષ્ટિક તરીકે મોટાં ગોખરૂ ઉત્તમ ગણાય છે એટલુંજ નહિ પણ ગોખરૂનાંફળ પૌષ્ટિક દવામાં વાપરવાથી વધુ સારો લાભ આપે છે, દશમૂલ નામક પ્રસિદ્ધ બનાવટમાં લઘુપંચમુળની એક દવા ગોક્ષુર છે, ગોખરૂ પ્રસિદ્ધ વનસ્પતિ છે અને તે સર્વત્ર મળતી સુલભ ચીજ છે ગરીબ લોકોના તે એક પૌષ્ટિક મેવા છે એમ કહેવામાં જરાપણ ખોટું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં ફૂળોમાં કાંટા હોય છે, મોટા ગોખરૂનાં ફૂળોમાં પાંચ કાંટા આવે છે. નાનાંમાં ચાર કાંટા હોય છે, ઝાડમાં પણ ખુબ કાંટા હોય છે જો તે અચાનક વાગી જાય તો ખુબ દાહ કરે છે. એ કેટલીક જગાએ કાંટાળાગોખરૂ તરીકે ઓળખાય છે.

ગુણ : ગોખરૂ સ્નેહન, વેદના સ્થાપન, મુત્રજનન, સંગ્રાહક તથા મલ્ય છે, તે સ્વભાવે ઠંડા છે અને મુત્રપિંડને ઉતેજન આપનાર છે, મુત્રેન્દ્રિયની શ્લેષ્મત્વચાપર ગોખરૂની અસર બહુજ મારી અને બાકુ નામક અંગ્રેજી ઔષધ પ્રમાણે થાય છે. વધુ પ્રમાણમાં લેવાથી દસ્ત પણ સાફ આવે છે. આ દવાનો ઉપયોગ મુખ્યભાગે મુત્રમાર્ગનાં તેમજ ધાતુનાં દરદોમાં થએલો જણાય છે.

ઉપયોગ : ગોખરૂનોકવાથ યવક્ષાર મેળવીને લાંબો સમય લેવાથી પથરીનું દરદ મટે છે. ગોખરૂ સાથે ગળો મેળવી તેનો કવાથ પીવાથી મુત્રકૃચ્છ્રનું દરદ સંપૂર્ણ મટી જાય છે, પ્રમેહ તેમજ પેશાબની-ગરમી મટાડવા ગોખરૂનૂંચૂર્ણ. લુઆબ કે કવાથ લેવાય છે, તેનાથી પેશાબ છુટથી આવે છે. મુત્રમાર્ગનો વરમ મટે છે અને ત્વચામાં થતી પીડાને શાન્ત કરે છે, એટલુંજ નહિં પરંતુ પેશાબમાં રહેલ એસીડના ભાગને કાઢી નાંખી પેશાબ સાફ કરી આપે છે.

બસ્તીમાર્ગના સોજાને મટાડે છે એટલુંજ નહિં પણ એની સાથે ખોરાસાનીઅજમો મેળવી લેવાય તો પીડાને પણ મટાડી આપે છે.

કબજીયતની ટેવને લઇ અથવા મળના વેગને રોકવાથી થએલ વારંવાર મુત્ર કરવાની ઇચ્છાના દરદને પણ ગોખરૂ સરસ રીતે મટાડી આપે છે. આયુર્વેદિક વૈદ્યો તેનો ઠીક ઉપયોગ કરે છે એટલુંજ નહિં પરંતુ ગામડાનાં માણસોને માટે આ દવા બહુ ઉપયોગી અને ઘરગથ્થુ તરીકે સારૂં કામ આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોક્ષુરાદિગુગળ. ગોક્ષુરાદિચૂર્ણ, ગોક્ષુરાદિઅવલેહ, ગોક્ષુરાદિઘૃત વગેરે એના પ્રસિદ્ધ બનાવટો છે અને તે સર્વત્ર વપરાય છે.

પૌષ્ટિક દવાઓમાં દરેક જગાએ ગોખરૂ વપરાય છે, કેમકે તે વીર્યવર્ધક, શુક્રને વૃદ્ધ કરનાર તેમજ શીતવીર્ય–પૌષ્ટિક છે.

યુવાનો માટે આજકાલ જે શુક્રમેહની ફરિયાદ જોવામાં આવે છે અને જેમાં પેશાબમાં સ્હેજ ગરમી. સ્વપ્નદોષ, અસ્વચ્છ પેશાબ વગેરે લક્ષણો જણાય છે એ વ્યાધિ માટે ગોખરૂ ઉત્તમ દવા છે તેવા દરદીઓને માટે નિચે જણાવેલ બનાવટનું ચૂર્ણ લેવાથી ઘણોજ સારો લાભ થાય છે.

ગોખરૂ, કૌચબીજ, સફેદમુશલી, સેમળાંનાંમુળ, ગળો, આમળા અને સાકર એ સાતે વસ્તુઓ સમભાગે લઇ ચૂર્ણ કરી તે સવારસાંજ દૂધ સાથે લેવું, એથી વિર્યવિકાર મટી હસ્તદોષથી આવેલી નબળાઇ મટે છે–બળ–વીર્ય વધે છે. કાળાતલ અને ગોખરૂનુંચૂર્ણ સમભાગે લઇ તે ખાવાથી પણ અનેક પ્રકારનાં મુત્ર અને વીર્યવિકારનાં દરદો મટે છે.

ગોખરૂનામુળનીછાલ લઇ તેનો કવાથ કરી તેમાં ઘી નાંખીને સિદ્ધ કરી એ ઘીનું સેવન કરવાથી અપસ્માર નામનો વ્યાધિ પણ મટે છે એમ જંગલની જડીબુટીના લેખક પણ જણાવે છે.

અંગ્રેજી મત પ્રમાણે એનાં ફળમાં ૧૫ ટકા ક્ષાર અને સ્હેજ ચરબી તથા સુગંધીરાળ જેવું દ્રવ્ય રહેલ છે.

ગોખરૂમાં બહુજ ચીકાશ રહેલી છે તેનો તાજે છોડ લાવી પાણીમાં પલાળી તે પાણી બે કલાક પછી પીવામાં આવે તો મુત્રનલીનીપીડા–દાહ–રસી વગેરે "ગોનોરીઆ" માં થતા ઉપદ્રવો શીઘ્રતાથી મટાડી આપે છે, એવીજ રીતે થોડાક દીવસ લેવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીર્યની ઉષ્ણતા પણ મટી જાય છે ગામડાના લોકો તેનું ચૂર્ણ સાકર સાથે મેળવી ખાઈ ઉપર દૂધ પીએ છે તે પણ ખુબ પૌષ્ટિક છે.

નીચેની બનાવટો આસ વાપરવા લાયક છે:

(૧) ગોક્ષુરાદિઅવલેહ પૃષ્ટ ૨૪૭, (૨) ગોક્ષુરાદિગુગળ પૃષ્ટ ૧૫૫ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ. (૩) ગોક્ષુરાદિચુર્ણ પૃષ્ટ ૧૨૩, (૪) ગોક્ષુરાદિઅવલેહ પૃષ્ટ ૧૬૭, (૫) ગોક્ષુરાદિપાક પૃષ્ટ ૨૧૦ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધ, (૬) ગોક્ષુરાદિઅવલેહ અનૂભૂતપ્રયોગાવલી ભાગ ૨ જો પૃષ્ટ ૧ તથા (૭) ગોક્ષુરાદિચુર્ણ પૃષ્ટ ૬૬ વૈદ્યકપારિજાત ભાગ ૨ જામાં આવેલ છે તે જોઇ લેવું. એ સિવાય બીજી પણ કેટલીક બનાવટો બીજા વૈદ્યક પુસ્તકોમાં જોઇ શકાય છે.

૧૦ કાંકચ

N. O. Cæsalpinæ (સિસેલ્પાઇનીઇ)

સં. પૂતિકરંજ, **હિં.** લતાકરંજ, **મ.** સાગરગોટા, **બં.** નાટાકરંજ.

વર્ણન: આ કાંટાવાળી વનસ્પતિ સમુદ્ર કિનારાના પ્રદેશમાં વાડરૂપે બીજા ઝાડની આશ્રયે થઇને ખુબ ફેલાય છે, પ્રથમ તે નાનાં ઝાડરૂપે હોઇ પછી લતારૂપે ફેલાઇ જાય છે, એનાં પાનનો દેખાવ સુંદર લાગે છે, પણ હાથ લગાડતાંજ તેનાં કાંટાઓ ઘૃણા ઉત્પન્ન કરે છે, એનાં પાન દવાના કામમાં વપરાય છે, એમાં થતી શીંગો ચપટી અને પાપડી આકારની હોય છે તેનાંપર ખુબ કાંટા હોય છે, અંદર ફળ–બીજ હોય છે એ બીજ સુકાયા પછી તેની રાખોડી રંગનીછાલ તોડતાં અંદરથી નાની સોપારીના અડધીઆ જેવા ગોટા નીકળે છે, જે સફેદ હોય છે, દવાનાં કામમાં આ કાંકચનોમગજ વપરાય છે તેને શેકીને દવામાં વાપરવામાં આવે છે, બજારમાં સર્વત્ર આ વસ્તુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે છે. બહુજ સસ્તી, જાતે જઇ લાવો તો મફતમાં મળી શકે એવી છતાં ઘણીજ ઉપયોગી દવા છે. આ દવા આયુર્વેદિક વૈદ્યો–હકીમો છુટથી વાપરે છે.

ગુણ : ઉષ્ણ, રૂક્ષ, કફપૌષ્ટિક, પારીના તાવને રોકનાર, જ્વરઘ્ન, સ્હેજ સ્થંભક, કૃમિઘ્ન તથા ગર્ભાશયનું સંકોચન કરનાર અને પીડા મટાડનાર ગણાય છે. પેટના શુળને મટાડનાર તરીકે પ્રસિદ્ધ છે.

ઉપયોગ : કાંકચનાંફળને બજારમાંથી લાવી તેની છાલ ઉતારી ફેંકી દેવી, અંદર મગજના ગોળા નીકળે તેને જરા છુંદી ધીમા તાપે સેકી લેવું પછી એનું ચૂર્ણ કરી રાખવું આ ચૂર્ણ દવાના કામમાં એકલું કે બીજી દવાઓ સાથે મેળવીને વાપરવું જોઇએ.

મલેરીઆ જેવા તાવ માટે કાંકચ એ બહુજ ઉંચી યાને કવીનાઇનથી સારી અને સસ્તી દવા છે વળી તે સુલભ અને સર્વત્ર મળે એવી સ્વદેશી ચીજ છે. એની પાછળ આજકાલના ડૉકટરોએ સારી મહેનત કરી અનુભવ લઇ પોતાનો ઉત્તમ અભિપ્રાય જાહેર કરેલ છે અને તાવ માટે તેનાં અકસીરપણા બાબત ખુબજ પ્રશંશા કરી છે, તાવમાં એની અસર તુરતજ જણાય છે એટલુંજ નહિં પણ બે ચાર દિવસમાં તાવને મટાડી આપે છે કે પછી ફરી ઉથલો પણ થતો નથી, કવીનાઇન મોંઘી છે, હાનીકારક ઝેર જેવી છે ત્યારે કાંકચમાં આવો કોઇપણ દોષ નથી.

કાંકચનાચૂર્ણમાં ૪ થો ભાગ મરી મેળવીને તાવમાં વપરાય છે એવીજ રીતે ૪ થો ભાગ પીપર મેળવીને અપાય છે કેટલાક તેને મધમાં, પાણીમાં કે તુલશીનારસમાં ગોળી બનાવી આપે છે પરંતુ ગોળી કરતાં ભુકો લેવાનું વધુ લાભકારક છે પરંતુ ભુકો તુરત બગડી જાય છે એટલે ગોળી કરીને રાખવી, પણ દવા લેતી વખતે ભુકો કરીનેજ લેવાય એવી વ્યવસ્થા કરી લેવી એ ઠીક છે. ક્ષયના તાવમાં પણ કાંકચનો ઉપયોગ કરી શકાય એમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાઢીઆતાવમાં કાંકચનાંપાનનેારસ તેા. ૨ અને હિંગ રતી ૩ મેળવી દહાડામાં બે વખત લઇ શકાય છે. સુવાવડીસ્ત્રીનાં તાવ માટે કાંકચનુંચૂર્ણ ઉત્તમ છે તે લેવાથી ગર્ભાશયનેા સંકેાચ થાય છે, દૂષિત-રક્ત સાફ થઈ જાય છે અને પેટનેાદુખાવેા, અરૂચી, નબળાઇ મટે છે.

એનાં બીજનું તેલ નીકળે છે, આ તેલ શરીરે ચેાળવાના કામમાં આવે છે, તેથી સંધીવા મટે છે, સેાજો મટે છે, ચામડીનાંચાઠાં મટે છે અને એનેા લેપ કરવાથી અંડવૃદ્ધિ પણ મટે છે.

લવંગ સાથે લેવાથા પેટનુંશુળ મટે છે, એનાં પાનનેારસ યકૃત માટે ઉપયેાગી છે, ઉલટીમાં તેનું ચૂર્ણ લઇ શકાય છે, એનેા સ્વાદ અરૂચીકર હેાવાથી કેટલાકને એથી ઉલટી જેવી મેાળ પણ થાય છે.

એના ચૂર્ણની માત્રા ૫ થી ૧૦ ગુંજ છે. પાનનેારસ ૨ થા ૪ તેાલા અને મુળનીછાલ ૧૦ ગુંજ લઇ શકાય છે.

યુનાની હકીમેા તેને સ્હેજ ગરમ તથા લેાહીના સ્રાવને મટાડનાર ગણે છે. પેટનુંશુળ, હરસ તાવ વગેરેમાં એનેા ઉપયેાગ કરવાની હિમાયત કરે છે.

રસાયનશાસ્ત્રની નજરે એનાં બીજમાં ૨૫ ટકા તેલ, કડવું-દ્રવ્ય ૨ ટકા, ક્ષાર ૩।।। ટકા, માંસલદ્રવ્ય ૨૦ ટકા અને સ્ટાર્ચ ૩૫।।। ટકા જોવામાં આવે છે, ડૉ. ઓઝ એને કવીનાઇન કરતાં દશગણું વધારે વિષયુક્ત બતાવે છે બાકીનેા તેમાં લેાહ, લવણ, પ્રેાટીન, સાકર, બીજ, ચરબી, તેલ વગેરે તત્વો છે એમ જણાવે છે.

કાંકચની કેટલીક બનાવટેા વાપરવા લાયક જણાઇ છે જે નીચે મુજબ છે,

(૧) કરંજવટી તથા (૨) કરંજાદ્વિવટી પૃષ્ટ ૫૫, (૩) નળબંધચુર્ણ પૃષ્ટ ૧૨૯ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) કરંજાદિવટી પૃષ્ટ ૧૨, કડવીફાકી પૃષ્ટ ૫૮ વૈદ્યકપારિજાત ભાગ ૧ અને ૨ જો.

એ સિવાય જંગલની જડીબુટી ભાગ ૫–૬માં પૃષ્ટ ૨૧૨ ઉપર જ્વરહરચૂર્ણ. જ્વરહરસિદ્ધવટી. જ્વરાંતકવટી. કરંજાદિચૂર્ણ. બીજું કરંજાદિચૂર્ણ. કરંજારિષ્ટ, કરંજાદિવર્તી કરંજાદિલેપ અને અંડવૃદ્ધિહરચૂર્ણ વગેરે ઉપયોગી બનાવટો જોવા લાયક છે.

૧૧ સાટોડી

N. O. Nyctagineæ (નિક્ટેજિનીઇ)

સં. પુનર્નવા, **હિં.** સાંઠ–વિષખપરા, **મ.** ઘેટુળી–ખાપરા, **બં.** શ્વેતપુણ્યા.

ગુણ : સાટોડી એ પ્રસિદ્ધ વનૌષધિ છે. તેની ઘણી જાતો છે, મુખ્યભાગે શ્વેત, રક્ત અને કાળી આ ત્રણ જાત ગણાયેલી છે કાળી મેળવવી મુશ્કેલ છે પરંતુ રાતી સર્વત્ર મળે છે. બીજી એક જાત જે સાટોડા નામથી ઓળખાય છે તે બહુજ મોટા પ્રમાણમાં સર્વત્ર થાય છે અને તે કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, મારવાડ, માનદેશ. સર્વત્ર થાય છે, એનો દવામાં ઉપયોગ થાય છે બીજો ઉપયોગ ઉંટને ખવડાવવા માટે કરાવાય છે એનું ભક્ષણ કરનાર ઉંટડીનાં દૂધમાં સાટોડીનાં બધા ગુણો મળે છે, ઉંટને માટે તે પ્રિય અને સસ્તો ખોરાક ગણાય છે. અને તે વરસાદ થતાંજ ઉગી નીકળે છે કેમકે તેનાં મુળ તો જમીનમાં રહેલાં હોય છેજ, આ ચોમાસામાં થતી એક પ્રસિદ્ધ વનસ્પતિ છે, કેટલીકવાર ભીનાશવાળી જગામાં બારેમાસ લીલી મળી આવે છે, દવા માટે તો એનાં મુળ વપરાય છે અને તે ગાંધીઓની દુકાને મળે છે, તાજાંમુળ દવા માટે ઉત્તમ ગણાય છે, શ્વેતસાટોડી બહુજ અલ્પ પ્રમાણમાં મળે છે જ્યારે રાતીસાટોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વત્ર સહેલાઇથી મળે છે અને તેજ સર્વત્ર વપરાય છે. મે.ટી સાટોડી સાટાડો દવાના કામમાં બહુજ ઓછો વપરાય છે પરંતુ એનાં ગુણ પણ ઉપલી બન્ને જાતીને મળતાંજ જણાય છે, શ્વેત વધુ ઉત્તમ છે અને તેનું શાક બનાવીને ખવાય છે, દવામાં તેનાં મુળ વપરાય છે. ચોમાસું ગયા બાદ તેનાં છોડ–વેલા સુકાઇ જાય છે માટે તેને આસો માસમાંજ સંગ્રહ કરી સુકવી રાખવાની જરૂર છે. એ મુળીઓપર જો માટી લાગેલી હોય તો તે સાફ કરી કે પાણીથી ધોઇને પછી સુકવી રાખવી જોઇએ અને તેને દવાનાં ઉપયોગમાં વાપરવી જોઇએ.

ગુણ : દિપન, સારક, કડવી, ગરમ, ચરપરી, કસાય, રૂચીકારક, મુત્રજનન, રસાયની, રૂક્ષ, હૃદયને હિતકારક, મધુર, ખારી, પસીનો-લાવનાર તથા કફ, વિષ, ખાંસી, શુળ, શ્વાસ, હૃદયરોગ, લોહીવિકાર, પાંડુ, સોજો, વાયુ, ઉદરરોગ, હરસ, વ્રણ, ઉરઃક્ષત વગેરે મટાડે છે. રસમાં તિક્ત છે, વીર્યમાં ઉષ્ણ છે, વિપાકમાં કટુ છે, પ્રભાવમાં શોથહર છે ચાવી જોતાં થુંક વધારે છે, અને સ્વાદમાં મધુરયુક્ત કડવી છે.

ઉપયોગ : સાટોડીનો ઉપયોગ અંદરના કે બહારના સોજાપર કરી શકાય છે. અને તેનો એ ફતેહમંદ ઉપાય છે. ફેફસાંનો સોજો, મુત્રપિંડનો સોજો, હાથ–પગ–ચહેરો કે પેટ–ઉદરનો સોજો તે બરાબર મટાડે છે, જળોદર અને હૃદયશોથમાં પણ તે રામબાણ ગણાય છે, યકૃતશોથમાં તે વપરાય છે, કમળામાં પણ તે લાભ બતાવે છે, સાટોડી સાથે ધમાસો, મોથ, શુંઠ વગેરે મેળવી કવાથ બનાવી તેમાં નવસાર નાંખીને આપવાથી કમળો–યકૃતરોગ વિગેરેને મટાડે છે.

પાંડુરોગની તે અમુલ્ય દવા ગણાય છે તેને માટે સર્વાંગશોથ જેવી હાલત હોય છતાં તે ઉત્તમ લાભકર્તા છે, હૃદયને બળ આપી લોહીને લાલ બનાવે છે, એવે સમયે તેની સાથે શુંઠ, કડુ, કરીઆતું મેળવીને અપાય છે, લોહવાળી બનાવટ પણ આપી શકાય છે. કફયુક્તશ્વાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ખાંસી સાથેના શ્વાસનળીના સોજામાં તે વજની સાથે આપી શકાય છે. સોજાનારોગમાં એનાં પાન વાટી જરા ગરમ કરી લેપની માફક લગાડી શકાય છે. શુંઠ, કરીઆતું, સાટોડીનોકવાથ કરી એમાં સુરોખાર મેળવીને લેવાથી સોજા મટી જાય છે, આવા દરદીને પથ્થમાં ફક્ત દૂધજ અપાય છે.

સાટોડી હૃદયરોગની ખાસ દવા છે, હૃદયના થડકાને નિયમિત બનાવે છે, વધુ થડકો ઓછો કરી પીડાને ઓછી કરે છે, અને શ્વાસની મુશ્કેલીમાં સુધારો કરે છે, ફક્ત સાટોડીનોકવાથ લેવાથી એ કામ ઠીક થાય છે.

સાટોડીનામુળના ચૂર્ણમાં અષ્ટમાંસ હિંગળોક મેળવી તેની ચાર રતીભારની ટીકડી કરી પછી એ ટીકડીને એરંડીનાં અગ્નિથી ચલમમાં પીવામાં આવે તો તેથી ઉપદંશ મટે છે પણ એ ઉપાયથી મોઢું આવી જાય છે, મોઢું આવે તો ચમેલીનો કે ત્રીફળાનો કવાથ કરી તેનાં કોગળા કરવા જોઈએ. ભગંદરના દરદીને હળદર અને સાટોડીનામુળને હુકાના પાણીમાં પીસીને લેપ કરવાથી આ દરદ મટી જાય છે, અનેતો સાટોડીનો કવાથ તેને પીવા પણ આપવો જોઈએ. શ્વાસ, કાસ અને શળેષ્મ માટે પણ આ દવા ઉપયોગી જણાય છે, સર્પવિષને પણ મટાડે છે, જખમને સાફ કરી રૂઝ લાવે છે, એનાં પાનનું શરબત બનાવી તેમાં પીપરનુંચૂર્ણ મેળવીને પીવાથી બાળકોની ખાંસી, કફ, શ્વાસ, શરદી, ઝાડા વગેરે મટે છે.

પ્લુરસી અથવા જુના શળેષ્મમાં જ્યારે શ્વાસ લેવાની મુશ્કેલી પડે અને રાત્રે બેચેની જણાય એવા સમયે એનાં મુળનુંચૂર્ણ તો. ૦॥ પાણી તો. ૨૦ દૂધ તો. ૧૦ ઉકાળો કરી દૂધ બાકી રહે ઉતારી પીવાથી આશાતિત લાભ થાય છે. તથા એનો પાલો ગરમ કરી શેક અપાય છે.

આંખનુંકુલું અને રતાંધપણા માટે તેનું મુળ ઘસીને લાંબો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમય સુધી આંજવાથી એ દરદો મટે છે, આંખમાંથી વહેતું પાણી બંધ કરે છે.

પુનર્નવાદિકવાથ, ચૂર્ણ, ગુગળ, યોગ, અવલેહ, ઘૃત, તેલ, લેપ આસવ, મંડુર, લોહ ઇત્યાદિ જગજાગ ૬૦ થી ૭૦ બનાવટો એની બને છે જેનો સંગ્રહ સચિત્ર વનસ્પતિ ગુણાદર્શમાં પં. હિરામણી જંગલે તરફથી બરાબર કરવામાં આવેલ છે તે જોઇ લેવો.

પુનર્નવાને મળતી એક બીજી એવીજ વનસ્પતિ થાય છે જે મહારાષ્ટ્રમાં પાંઢરીવસુ અને પંજાબમાં વિષખપરા નામથી ઓળખાય છે તેને આની જગ્યાએ વાપરે છે પરંતુ એ બરાબર નથી તેનાં ગુણો આથી જુદા છે એટલુંજ નહિં પણ તે વાતનાશક સાથે દાહક છે માટે બરી સાટોડીજ વાપરવી જોઇએ.

પુનર્નવામાં ક્ષારનું પ્રમાણ અધિક છે, એને બાળીને તેની રાખમાંથી ક્ષાર બનાવી શકાય છે અંગ્રેજી મતાનુસાર એમાં ક્ષારનાં કણો મોટા પ્રમાણમાં છે.

સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ સાટોડીને મુત્રલ તેમજ સોથહર કહે છે તે પેશાબ વધારી ઝાડો સાફ લાવી અને સોજા મટાડે છે.

એની માત્રા ૩૦ રતીભાર દિવસમાં ત્રણ વખત લેવાય છે, ૨॥ તોલા ભુક્કો લઇ ૪૦ તોલા પાણીમાં ઉકાળો કરી ૧૦ તોલા બાકી રહે ઉતારી ૪ ભાગ કરવા અને તે ત્રણ ત્રણ કલાકે લેવાય છે.

પુનર્નવાષ્ટક તથા પુનર્નવાદિકવાથ અને પુનર્નવાદિમંડુર એની સારી તથા સરળ બનાવટો છે જે સર્વત્ર સહેલાઇથી તૈયાર મળી શકે છે.

નીચેની બનાવટો નીચેના ગ્રન્થોમાં આપેલી છે.

(૧) પુનર્નવાદિમંડુર પૃષ્ટ ૯૦, (૨) પુનર્નવાદિકવાથ પૃષ્ટ ૧૬૫, (૩) પુનર્નવારિષ્ટ પૃષ્ટ ૨૨૯, (૪) પુનર્નવાહરિતકી અવલેહ પૃષ્ટ ૨૫૧ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે, (૫) પુનર્નવાદિ અવલેહ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધ પૃષ્ટ ૧૬૮માં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨ ઉલટકમ્બલ

N. O. Sterculiaceæ (સ્ટર્કયુલિએસીઇ)

સં. પિશાચકાર્પાસ, પીવરી, **હિં.** કુમલ, સનુકપાશી, **મ.** ઓલકતંબોલ, **બં.** ઓલટ્કંબોલ.

વર્ણન : એનાં ઝાડ પોતાની મેળે થાય છે, અથવા તો ઉછેરવામાં આવે છે, એની પેદાશ ઉત્તરહિંદ, બંગાળ, અને આસામ, આગ્રા, અયોધ્યા તરફ થાય છે. તેની છાલમાંથી રેશા કાઢી દોરડાં બનાવાય છે, એનાં બીજ કાળારંગના મૂળીનાંબીજને મળતાં થાય છે, તેનું લાકડું હલકુ અને પોચું હોય છે, આપણા પ્રદેશમાં એની પેદાશ જોવામાં આવતી નથી, દવાના કામમાં મૂળનીછાલ ખાસ કરી વપરાય છે, સુકેલાં મુળની છાલ કાપીને સંભાળી દવા માટે રાખવી જોઇએ અહિંની બજારમાં એનો પ્રચાર નથી, કલકત્તા તરફથી મંગાવી દવા માટે અહિંના કેટલાક વૈદ્યો વાપરે છે.

ગુણ : પ્રાચિન પુસ્તકોમાં એનો કયાંય ઉલ્લેખ જણાતો નથી, બંગાળના વૈદ્યોમાં તે છુટથી વપરાય છે એટલુંજ નહિં પણ તે તરફની અંગ્રેજી દવા બનાવનારી ફર્મો તેનું પ્રવાહી અર્ક–સત્વ બનાવીને પણ વેચે છે. ડૉકટરો એનો તાજે રસ પણ વાપરે છે અને તે વધુ ગુણકારક જણાયો છે.

તે ગર્ભાશયને ઉત્તેજક, આર્તવજનક તેમજ ગર્ભાશયની પીડા મટાડનાર તરીકે સરસ ઔષધ છે. ટીંચર રૂપમાં એ કામ કરતું નથી માટેજ તેનો અર્ક કે કવાથ અથવાતો ચૂર્ણરૂપે વાપરવાની સલાહ આપવામાં આવે છે.

ઉપયોગ : ઋતુ આવતી વખતે થતી પીડાને મટાડવા માટે તે ચમત્કારિક જણાય છે, ઋતુ સાફ લાવે છે કષ્ટયુક્ત અલ્પપીડિતાર્તવ આ દેશમાં સર્વત્ર જોવામાં આવે છે, અને તે માટે આ દેશની વનસ્પતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તમ ઉપાય છે, યુવાન પરણેલી સ્ત્રીઓને આ દવા લીધા બાદ જલદી ગર્ભધારણ થતો જોવામાં આવે છે, એનો ઉપયોગ ઋતુ આવે તેથી એ દહાડા અગાઉ કરી લેવાય તો રજઃસાફ આવી જાય છે, લંબાતો નથી તેમજ પીડા પણ થતી નથી, ઉલટકમ્બલનામૂળની તાજીછાલનોરસ તો. ૧૫ તેમાં પાંચેક દાણાં કાળામરીનુચૂર્ણ નાખી લેવાથી આર્તવની બધી પીડાને શીઘ્ર મટાડી આપે છે. તાજાં પાન અને ડાંખળીઓનો કવાથ કરી "ગોનોરીઆ"માં લેવાય તો સારો ફાયદો કરે છે એમ વૉટડીક્ષનેરીમાં જણાવેલ છે.

ડૉ. બોઝની લેબોરેટરીમાં તેનું પ્રવાહીસાર બનાવે છે તે ઍષ્ટ્રામાંઍગષ્ટાના નામથી બજારમાં મળે છે. તે ઉપરાંત તેની ટીકડી પણ બનાવી વેચે છે.

એ દવાની માત્રા ૩૦ થી ૬૦ રતી તાજાંમૂળનીછાલની છે. જ્યારે સુકાંમુળનાંભુકાની માત્રા ૨૦ થી ૩૦ ગ્રેન અને મુળનોરસ ૩૦ થી ૬૦ ટીપાં લેવાનું જણાવેલ છે.

રસશાસ્ત્રની નજરે એમાં બોળ જેવો પાણીમાં ન મળે તેવો પદાર્થ છે, સ્હેજ ક્ષાર છે અને બીજું પાણીમાં મળી જનારૂં દ્રવ્ય પણ છે.

નીચેની બનાવટ જેમાં ઉલટકમ્બલ આવે છે તે ગર્ભાશયનાં દરદો મટાડી ગર્ભધારણ કરાવનાર છે. બાકીતો આ દવાનું ચૂર્ણ મરી સાથે લેવાથી ઋતુને લગતી દરેક ફરિયાદ મટે છે તેમજ ગર્ભાશયને બળ આપી ઋતુ સાફ લાવી આરોગ્યને સુધારે છે. (૧) પુત્રપ્રદાવટી પૃષ્ટ ૭૭ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩ મામેજ્વો–કડવીનાહી

N. O. Gentianaceæ (જન્શિએનેસિઇ)

सं. मामज्जक, नागजिव्हा, **हिं.** छोटाकिरायता, **म.** मामिजवा, **बं.** छोटाकिरायता.

વર્ણન : મામેજ્વાનું વર્ણન પ્રાચિન પુસ્તકોમાં જોવામાં આવતું નથી પણ સોઢલ નામક ગ્રન્થકારે એને નિઘંટમાં સ્થાન આપેલું જણાય છે, એના છોડ બહુજ નાનાં આશરે ૪ થી ૮ ઇંચ ઉંચાઇનાં થાય છે ચોમાસામાં વર્ષા થયા બાદ તે થાય છે અને તે ભાદરવામાં વાપરવા લાયક તૈયાર થઇ જાય છે એવે સમયે લાવી સાફ કરી છાંયે સુકવી રાખવામાં આવે છે, ઝીણાં પાન સર્પની જીભના આકારનાં હોય છે, એ પાન કે છોડ બહુજ કડવાં હોય છે એની પેદાશ કચ્છ, સિંધ, ગુજરાત, કાઠીયાવાડ તથા ઉતર કોંકણમાં વધારે થાય છે અને આ તરફ તેનો વપરાશ પણ છે તે ખેતરોનાં કાંઠાપર–સેઢાપર કે જુવારનાં ખેતરોમાં પાકની વચ્ચેની ખુલ્લી ખેડાયલી જમીનમાં થાય છે ખુલ્લી જગામાં તે થાય છે પણ તેને બકરાંઓ ખાઇ જાય છે, બકરીનું દૂધ એથી બહુજ ગુણદાયક બને છે. મુંબઇની બજારમાં લીલો ઝાડપાલો વેચનાર પાસે તેમજ ગાંધીઓને ત્યાં પણ તે મળી શકે છે.

ગુણ : દિપન, કૃમિઘ્ન, જ્વરઘ્ન, કટુપૌષ્ટિક અને ટાઢીઆતાવને માટે ઉત્તમ ઉપાય છે, કડવો રસ તેમાં હોવાથી તે પેશાબમાં જતી સાકરને પણ બંધ કરી આપે છે.

ઉપયોગ : મામેજ્વો એ સસ્તી કવીનાઇન છે, વગર પૈસે મળતી અને નિર્ભયરીતે લઇ શકાય તેવી એ ગામડીઆ કે ખેડુત અને ભરવાડ લોકોની રામબાણ ઔષધી છે. અમોને ૨૯ વર્ષથી આ ઔષધીનો પરિચય છે, કચ્છ માંગવાણાના એક ભરવાડ પાસેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સને ૧૯૧૨ની સાલમાં એના છોડવા મળેલા હતા અને તેનું ચૂર્ણ કરી અમોએ તેની સાથે ચોથા ભાગનાં કાળાંમરી મેળવી એ તાવની દવા તરીકે સેંકડો માણસોને મફત આપી જાણ હતી એ પછી તો હજારો માણસોમાં વાપરી છે. તાવની એ રામબાણ દવા છે, બહુજ કડવી છે તે તાવને ઉતારે છે તથા અટકાવે પણ છે. એનાં પાનનોરસ મરીનીબુકી મેળવીને તાવ માટે લઇ શકાય છે.

ભાદરવા તેમજ કારતક માસમાં આવતો મોસમીતાવ આ દવાની ૭ પડીકી લેવાથી એજ દહાડામાં મટી જાય છે, એની અસર કવીનાઇનથી પણ ચડે એવી છે. તે નાનાં બાળકોને પણ આપી શકાય છે.

એનાં પંચાગનો ક્વાથ કરી તે ક્વાથનું જાડું ઘન બનાવી તેમાં ઘનથી ચોથે ભાગે મરી તથા કાંકચનુંચૂર્ણ મેળવી ગોળી બનાવી રાખવી આ ગોળીનું નામ **નાઇવટી** છે તે તાવની અકસીર ગોળી તરીકે વાપરી શકાય તેમ છે. કડવા હોવાથી કૃમિ માટે વપરાય છે, કટુપૌષ્ટિક હોવાથી ઉદરરોગ સુધારે છે, તેનાં પાનનોરસ કાઢી દરરોજ એક તોલો લેવાથી પેશાબમાં જતી સાકર બંધ પડે છે અને મધુમેહનો રોગી થોડાજ મહીનામાં તદન સાજો થઇ જાય છે. આ રોગમાં મામેજવો વાપરવાની સૌથી પ્રથમ ભલામણ બાખરેચીવાળા જાડેજા વૈદ્યરાજ ફતેહસિંહજી વિભાજી તરફથી કરવામાં આવી હતી જુઓ **આરોગ્યસિન્ધુ** વર્ષ ૧૮મું અંક ૭ ઠો (સંવત ૧૯૩૯) માં એમનો લેખ છે, એની માત્રા સાધારણ રીતે ૧૨ થી ૨૪ ગુંજની છે. ઘનવાળી ગોલી ૬ રતીભાર લેવાય છે બાળકોને ૧ થી ૨ ગુંજ ચૂર્ણ, કુલાવેલફટકડી સાથે તાવ કે ઝાડામાં અપાય છે. ત્યારબાદ તો અનેક વૈદ્યોએ અજમાયશ કરી તેની પેટંટદવા બનાવી મધુમેહનાં રોગીઓમાં વાપરવાનું શરૂ કરી આપેલ હતું. એકંદરે મધુમેહના રોગી માટે કટુપૌષ્ટિક, યકૃતને સુધારનાર દવા તરીકે આ ઉપાય સરસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુરતવાળા સ્વ. વૈદ્યરાજ તિલકચંદ તારાચંદે તેમનું **નવીન સુદર્શનચુર્ણ** મામેજવો ભાગ ૪ અને કાળાંમરી ભાગ ૧ની બનાવટ એમનાં પુસ્તક આયુર્વેદનિબંધમાળામાં આપેલી છે.

(૧) નવીન સુદર્શનચુર્ણ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ પૃષ્ઠ ૧૮૪ ઉપર પાઠ આવેલ છે.

---

૧૪ નગોડ

N. O. Verbenaceæ (વર્બિનેસીઇ)

સં. નિર્ગુન્ડી, સિન્દુવાર, **હિં.** સંભાલુ, **મ.** નિર્ગુંડી, **બં.** નિષિન્દા.

વર્ણન : નગોડનાં નાનાં છોડ થાય છે, મુંબઇપાસે થાણા-જીલ્લામાં એનાં હજારો ક્ષુપ જોવામાં આવે છે તેમાં બે જાત જોવામાં આવે છે એકના પાન કાત્રીદાર અનેબીજાનાં પાન સાદાં હોય છે, કાત્રીદાર પાનવાળી નગોડ ગુણમાં ચડીઆતી છે, પાન ત્રણ અને પાંચ એમ એકજ ડાંડીમાં જોવામાં આવે છે, એનાં પાન લીલા ઘેરારંગનાં ઉપરથી અને નીચેના ભાગમાં સફેદ અને લીસાં હોય છે એના છોડવાં એકાદ માથોડાની ઉંચાઇમાં દરેક જગાએ જોવામાં આવે છે. ગુજરાત, કચ્છ, કાઠીયાવાડ અને સિંધમાં પણ થાય છે, લગભગ ઓછી કે વધુ દરેક પ્રાંતમાં થતી જોવામાં આવે છે. આયુર્વેદનાં પ્રાચિન પુસ્તકોમાં એનો ઉપયોગ થએલો છે, નવ્યમતનાં ડૉકટરો પણ એને વખાણે છે. કેટલાક ડૉકટરો તેને મેલેરીઆ માટે પણ વાપરવાની ભલામણ કરે છે, નગોડનાં-બીજને કેટલાક રેણુકબીજ કહીને વાપરે છે પણ તે બરાબર નથી. બજારમાં જે રેણુકબીજ આવે છે તે ઇરાનની નગોડનાંબીજ છે અને હિંદુસ્થાનનાં રેણુકબીજ એ જુદીજ વનસ્પતિ છે, એમ સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ પોતાના ઔષધી સંગ્રહમાં પૃષ્ટ ૫૬૭ ઉપર જણાવે છે. નગોડ એ બહુ પ્રસિદ્ધ અને ઘરગથુ ઔષધ છે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામડાના લોકો પણ છુટથી વાપરે છે. ગાય-ભેંસ વગેરે જ્યારે બિમાર પડે છે ત્યારે એનો ક્વાથ પણ તેને આપે છે, ડોરી વૈદામાં પણ નગોડનો વપરાશ છે.

ગુણ : કટુ, તિક્ત, બલ્ય, જ્વરઘ્ન, કફનિઃસારક, મુત્ર વધારનાર, તેનાં પાન સોથહરનાર, જંતુનાશક તથા પીડા મટાડનાર છે. મુદત ઉપર આવતા તાવને મટાડનાર, જખમ-વ્રણને રૂઝવનાર, કુષ્ઠઘ્ન, વાતનાશક, ઋતુ લાવનાર, બાંસીને મટાડનાર, મજ્જાતંતુઓને માટે બલ્ય, કૃમિઘ્ન તથા કફઘ્ન ગણાવેલ છે.

ઉપયોગ : એનાં પાનનો રસ ૧ થી ૨ તોલા અને પાનનું ચૂર્ણ ૧૦ થી ૨૦ રતીભાર તથા મૂળનું ચૂર્ણ આવાના કામમાં આપી શકાય છે, કોઇપણ પ્રકારનાં અંદર કે બ્હારનાં સોજા માટે તેનાં પાનને ગરમ કરી અથવા બાફીને બાંધવાથી સોજો અને પીડા મટાડે છે, અને આ ગુણ તેમાં અત્યંત ઉત્તમ છે. સંધીવાનોસોજો, ફેંફસાંનોસોજો, પેટનોસોજો, ગ્રન્થીનોસોજો દરેક માટે એકસરખી ઉપયોગી છે, કેટલીકવાર નગોડનાંપાન સાથે લીંબડાનાંપાન, કરંજનાંપાન અને ધતુરાનાંપાન પણ સાથે મેળવીને લેવાથી વધુ સારો ફાયદો કરે છે, એની સાથેજ સોથરોગમાં નગોડનાંપાનનોરસ પીવા માટે પણ અપાય છે તેથા પેશાબ છુટથી આવી સોજો ઘટવા લાગે છે, વાળાના દરદીને તેનો રસ પીવા અપાય છે તથા તેનાં પાન શેકીને વાળાપર બાંધે છે, તેનું તેલ બનાવી એ તેલ કાનમાં નાંખવાથી કાનની રસી મટે છે, જુનાં અને નહિં મટતાં નાડીવ્રણો એનાં તેલની ચિકિત્સાથી અજબરીતે મટી જાય છે, ડૉકટરોએ અસાધ્ય સમજી મુકી આપેલ નાડીવ્રણના દરદીઓ નિર્ગુંડીતેલના ઉપયોગથી તદન સાજા થઇ ગયા છે માટે આ ઉપાય સર્વ કોઇએ જરૂર પડે અજમાવી જોવો. નાકમાં નસ્ય માટે આ તેલ ઉપયોગી છે, બંગાળાનાં વૈદ્ય-ડૉકટરો નિર્ગુંડીતેલનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છુટથી ઉપયોગ કરે છે, માથાનોદુખાવો મટાડવા માટે નગોડનાં ગરમ પાન માથાપર બાંધવામાં આવે છે, નગોડનાંપાનનોકવાથ પીપર નાંખીને પીવા અપાય છે એથી માથાનીપીડા, બહેરાપણું, તાવ અને શરદી મટી જાય છે, ગૌમુત્રની સાથે તેનો રસ લેવાથી બરલ મટે છે. કાગળ, કપડાં અને પુસ્તકોને જીવજંતુ લાગુ પડી કાપે નહિં તે માટે નગોડનાં સુકા પાન કપડા–કાગળ વચ્ચે રાખવાથી કંસારીઓ તેમાં થતી નથી. નવા પરમીઆના દરદીને તેનો કવાથ પીવા અપાય છે, અને જો પેશાબ અટકે તો એના કવાથના પાણીમાં દરદીને બેસાડે છે તો પેશાબ છુટથી આવે છે. કવાથથી પણ પેશાબ છુટથી આવવા લાગે છે. અજમો અને મરી સાથે એનો રસ પીવાથી પેટનોવાયુ અને દુઃખાવો મટાડે છે, ભાંગરાનારસની સાથે નગોડના પાનનોરસ લેવાથી યકૃત બરાબર કામ કરે છે, શીસાજીત ૬ થી ૧૨ રતી એના કવાથમાં મેળવી આપવાથી ઘણોજ સારો લાભ થાય છે.

સુવાવડીને એનાં પાણીથી નવડાવે છે એટલુંજ નહિ પણ તેનો કવાથ પીવા આપે છે તેથી દોષ સાફ થઇ ગર્ભાશયનો સંકોચ થાય છે. સુવાવડીનાં તાવ માટે ઉપયોગી છે, એનું તેલ પણ સુવાવડીનાં ગુહ્ય અવયવોને શુદ્ધ કરવા માટે વપરાય છે.

શરદી, ઇન્ફલ્યુએંઝા અને ન્યુમોનીઆ જેવા તાવમાં તેનાં પાનનો શેક એ એક ઉત્તમ ઉપાય છે, તેનો રસ પીપર નાંખી પીવા માટે અપાય છે, આ ઉપાયથી પેટ સાફ થતું નથી એટલે પેટ સાફ માટે જુદી દવા જરૂર આપવી જોઇએ.

કહુ, હરડે, નગોડનોકવાથ તાવને મટાડે છે બધી જાતનાં તાવમાં નગોડ ઉપકારી છે. હાથપગનોદાહ, મેરી મેરી નામક રોગ અને કેટલાક અસાધ્ય ગણાતા રોગોમાં વાપરવા ડૉકટરો ભલામણ કરે છે. મુંબઇમાં આ વનસ્પતિ હમેશાં તાજી મળે છે અને તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચાર પણ વધુ છે, યુરોપીયનલોકો એને "શેક કરવાનોછોડ" નામથી જાણે છે અને વાપરે છે.

ગંડમાળમાં તેનાં મૂળ ઘસીને લગાડે છે, કમરનોવાયુ મટાડવા તેના રસમાં દીવેલ મેળવી લેવાથી મટે છે. બાળકના ગળામાં તેનું મુળ બાંધી આપવાથી સુખેથી દાંત આવે છે. બાંસી, ક્ષય, સંધિવા, વાળો, રક્તપિત, કુષ્ટ વાતરોગ, નાડીવ્રણ વિસર્પ, સર્પવિષ વગેરે દરદોમાં આ વનસ્પતિ વાપરવાની જુના આયુર્વેદિક ગ્રન્થોમાં ભલામણ કરેલી છે.

વધુમાં નગોડનારસમાં કે પંચાગના કલકમાં આંબળા સાથે સિદ્ધ કરેલું તેલ (તલનું કે ઓપરાનું) માથામાં વાપરવાયોગ્ય તેલ બને છે આ તેલ વાળ–મગજ સર્વ માટે હિતકારક છે. માથાના તેલોમાં એનો કલક નાંખવાંથી તેલ સરસ બને છે. લીલારંગનું બની શકે છે.

નીચેની બનાવટો બાસ વાપરવા લાયક છે.

(૧) નિર્ગુંડીતેલ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધ પૃષ્ટ ૧૮૯, (૨) નિર્ગુંડીતેલ વૈદ્યકપારિજાત ભાગ ૨ પૃષ્ટ ૭૧ બનાવટો બંને લગભગ સરખીજ છે અને તે વ્રણના દરદો માટે રામબાણ છે.

---

૧૫ પીલુડી

N. O. Solanaceæ (સોલેનેસિઇ)

सं. કાકમાચી, **हिं.** મકોય, **म.** કામોણી, **बं.** કાકમાચી.

વર્ણન : પીલુડીનાં નાનાં છોડવા થાય છે, લગભગ મરચાં જેવો અને તેને મળતોજ છોડવો દૂરથી લાગે છે. તે વર્ષાઋતુમાં લગભગ સર્વત્ર જોવામાં આવે છે અને તે સિવાય બાગ–બગિચા વાડીમાં પણ હંમેશાં થતું જણાય છે, તેમાં વટાણા જેવડા ફળો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાકે ત્યારે રંગમાં કાળા બની જાય છે, દવામાં એનું પંચાગ વપરાય છે, સુકવીને પંચાગ સંભાળી રાખી શકાય છે દવાને ભાવના આપવા માટે તેનો રસ કાઢીને અપાય છે, દવામાં ભાવના માટે તેનો કવાથ, રસ કે અર્ક કાઢીને અપાય છે, દેશી વૈદ્યકમાં તેનો ઉપયોગ છે એ કરતાં યુનાની વૈદ્યકમાં એનો વધુ ઉપયોગ થએલો જણાય છે, સર્વત્ર મળે અને સૌકોઈ ઓળખે એવી આ સરસ ઔષધી છે, ગાંધીલોકોને ત્યાંથી સડેલી કે જુની લેવી એ કરતાં તાજી લાવી વાપરવી જોઇએ, મુંબઇમાં તો છાલો પાલો લાવી વેચનારા દરરોજ તાજી લાવીને વેચે છે.

ગુણ : પાનનો ગુણ ઠંડો, મુત્રવધારનાર, જુલાબ લાવનાર, પીડા મટાડનાર, કફ ઘટાડનાર, પસીનો લાવનાર તથા કુષ્ટને મટાડનાર છે.

ઉપયોગ : પાનનોરસ પીવાથી તેમજ લગાડવાથી સોજાનું દરદ મટે છે, ગામડાનાં લોકો એને સોજાપર વાટીને લગાડે છે. રતવા તથા કુષ્ટરોગમાં લગાડી શકાય છે. તલ અને પીલુડીનાં બીજને વાટી એનું તેલ કાઢી એનું નસ્ય લેવાથી વાળ કાળા થાય છે, પીલુડીના-મુળનોરસ ઋતુસ્નાતા સ્ત્રીને આપવાથી ગર્ભ રહે છે.

પીલુડીનાંમુળનોરસ કે મુળને ઘસીને નાભીપર લેપ કરવાથી તુરતજ પ્રસુતી થઇ જાય છે, વાતરક્ત, આમવાત, અને તાવમાં પણ ઉપયોગી જણાય છે, યકૃત, પ્લીહા, પ્રમેહ, ઉપદંશ વગેરેમાં પણ ઉપયોગી છે. તાવમાં પસીનો લાવીને ઝાડો-પેશાબ સાફ લાવે છે, મહારાષ્ટ્રમાં એનાં પાંદડાનું શાક કરીને ખાય છે, એનાં પાકેલાં ફળો ખાવાથી ઝેર ચડે છે એમ મી. બર્ટન બ્રાઉન નામના લેખક જણાવે છે. પરંતુ આપણા દેશમાંતો એનાં પાનનોજ ઉપયોગ થાય છે.

એના પાનનારસનો શરબત બનાવી આપવાથી કફનો રોગ મટે છે, મુત્રાશયનાંદરદો અને પરમીઆમાં પણ તે વપરાય છે, ચીનનાં લોકો પણ એનો ઉપયોગ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગ ઉપર સોજા–રસનો વ્યાધિ હોય ત્યાં એનો કવાથ કરી આપવામાં આવે છે. યુનાની હકીમો એને મુત્રલ, સ્વેદલ, જ્વરઘ્ન, યકૃતરોગનાશક માને છે અને છુટથી વાપરે છે તેની મુખ્ય બનાવટ **અર્કમકોય** યાને પીલુડીનું અર્ક પ્રસિદ્ધ દવા છે એનો શોથહર ગુણ ખાસ કરી હૃદયરોગમાં પણ સારો લાભ આપે છે.

ડૉ. કે. સી. બોઝ એના તાજાં પંચાગનાકવાથની માત્રા ડ્રામ ૧ થી ૨ લેવાનું જણાવે છે, પાનનોરસ ૧ થી ૫ તોલા કહે છે.

નવા મત પ્રમાણે એના ફળોની અંદર સૉપેનાઇન નામનું સુક્ષ્મતત્વ છે જેમાં કૃમિને મારવાની અદ્‌ભુત શક્તિ છે, પણ તે ઝેરી છે અને આંખની કીકીને મોટી કરી આપે છે. બંગાળમાં હડકવાનાં દરદમાં એનાં ફળોનો ઉપયોગ થતો જોવામાં આવે છે.

સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇના મતમુજબ એની મુખ્ય અસર યકૃતપર થાય છે અને તે યકૃતને સુધારી અર્શ, ઉદરરોગ, જીર્ણત્વકરોગ, પરમીયો, હૃદયરોગ, સોજા, રક્તસ્રાવ, કફજ્વર વગેરે મટાડે છે અને આ રોગમાં વાપરવા ભલામણ કરે છે, તેનાં પંચાગનો રસ કાઢી સોજા ઉપર લગાડવાની સૌકોઇ ભલામણ કરે છે, મોઢામાં છાલાંપર એનાં પાનનો રસ લગાડી લાળ કાઢવાથી તે મટી જાય છે.

એનાં ફળને ઘી સાથે મેળવી તેનો ધુમાડો આંખને દેવાથી જંતુઓ દુર થઇ પિલ્લરોગ મટે છે.

ઉંદરના ઝેર ઉપર આ દવાની અસર સારી જણાય છે, એનાં પંચાગનોરસ આખા શરીરે માલીશ કરવો અને બે તોલા પાનનોરસ ૧૦ તોલા સાકર અને ૧૦ તોલા પાણીમાં મેળવી પીવા આપવો. આ પ્રમાણે સવારે અને સાંજે દશ દહાડા પાવાથી સારો લાભ થાય છે.

પીલુડીનોરસ કાઢી તેને એક માટીના વાસણમાં લઇ ગરમ કરી લેવો, જ્યારે એ રસનો રંગ લીલો મટી રતાશ પડતો બદામી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવો થઇ જાય એટલે ઉતારી ગાળી લેવું. પછી એમાંથી ૧૦ થી ૧૫ તોલા જેટલું પીવા આપવું, ઝાડો–પેશાબ છુટથી આવી જાય છે અને બરલ તથા કલેજાનું જુનું દરદ મટે છે, તથા હૃદયરોગને પણ મટાડી આપે છે. સોજા, બરોલ, રક્તવિકાર, જુનું બરજવું, કુષ્ટ વગેરે આ ઉપાય કરવાથી મટી જાય છે, દરરોજ આ રીતે નજર લેવાય, પણ જો દરરોજ બે બે તોલા આ પ્રમાણે આપવાથી ઉત્તમ રક્તશોધક તથા ઉપર કહેલી અસર જણાય છે. એની નીચેની બીજી બનાવટ વાપરવા લાયક છે. ખાસ કરી ઉંઘ લાવે છે અને મગજને પુષ્ટી આપે છે.

(૧) યકૃતશોધકવટી વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધ પૃષ્ટ ૮૯, (૨) રસરાજરસ વૈદ્યકપારિજાત ભાગ ૨ જો પૃષ્ટ ૮૫.

૧૬ ચોપચીની

N. O. Smilaceæ (સ્માઇલેસીઇ)*

સં. દ્વીપાન્તરવચા **હિં.** ચોબચિની **મ.** ચોપચિની **બં.** તોપચિની

વર્ણન: બજારમાં ચોપચીનીનાં જાડા મુળની છોલેલી ગાંઠો લાંબા આકારની મળે છે, એનો પેદાશ ચીન–જાપાન તરફ થાય છે અને ત્યાંથી આપણા દેશમાં આવે છે, બજારમાં સર્વત્ર એ ગાંધીઓને ત્યાંથી મળી શકે છે, રાતા–ગુલાબી રંગની જાડી અને ભારે વજનદાર ગાંઠો દવા માટે ઉત્તમ છે, સફેદ અને હલકી હોય તે ગુણમાં નિઃસત્વ ગણાય છે. એને જલદી કીડા લાગે છે અને સડવા લાગે છે, સડેલી

*રા. વૈદ્યરાજ બાપાલાલભાઇ પોતાના નિઘંટુઆદર્શ પુસ્તકમાં ચોપચીનીને લસુનાદિવર્ગમાં ગણે છે અને તેમણે N. O. Liliaceæ આપેલ છે, જ્યારે સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇએ ઉપર મુજબ કુદરતી-વર્ગમાં ગણેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તે દવાના કામ માટે નિરૂપયોગી ગણાય છે, ચોપચીનીનો ઉપયોગ આયુર્વેદના જુના ગ્રન્થોમાં થયેલ જણાતો નથી, પરંતુ એ ભાવમિશ્રના સમયથી આપણા દેશમાં વપરાવા લાગી છે. એલોપેથી ડૉકટરો પણ એને વાપરે છે અને બ્રિટીશ ફાર્માકોપીઆમાં પણ તેને સ્થાન મળી ચૂકેલ છે તેમની નજરે એ રક્તશોધક છે, લંડનના બજારોમાં તે વેચાય છે.

આપણા દેશમાં ગુલબ્બાસ નામનો છોડ બગીચાઓમાં થાય છે તેનાં મુળાનીગાંઠો એને મળતી હોય છે અને કેટલાકો એમ પણ માને છે કે એ ગુલબ્બાસ ચોપચીની જેવુંજ ઉપયોગી હોવાથી તેની જગાએ વાપરી શકાય તેમ છે આ માટે હજી મૌકોઇ એકમત થયા નથી.

ગુણ : સ્નેહન, સ્વેદજનન, વાતહર, વેદનાસ્થાપન, રક્તશોધક અને પૌષ્ટિક છે, ગરમ, અગ્નિવર્ધક તથા મળ–મુત્રનું શોધન કરનાર છે, તેની અસર સંધીસોથ અને ચામડીપર મુખ્યભાગે થતી જણાય છે. વાજીકર અને રસાયન સાથે તે વાતરોગનાશક અને રક્તશોધક છે.

ઉપયોગ : ભાવપ્રકાશમાં એનો ઉપયોગ ફિરંગરોગપર કરવામાં આવેલ છે, ફિરંગ–ઉપદંશમાં તે બહુજ સારૂં કામ કરે છે. તેનો ચૂર્ણ–ક્વાથ–ક્ષીરપાક અને પાકરૂપે ઉપયોગ કરવામાં આવે છે પરંતુ એ પચવામાં બહુજ જડ છે એટલે તે સહેલાઇથી પચે તેવી રીતે અપાય તોજ એની સારી અસર જોઇ શકાય છે, રક્તશોધક તરીકે એની સાથે ગળો, મજીઠ, અનંતમૂળ, સોનામુખી, ત્રીફળા, જેઠીમધ, વજ વગેરે મેળવીને ક્વાથરૂપે લેવાથી સારી અસર બતાવે છે.

ઉપદંશની બીજી કે ત્રીજી અવસ્થામાં કે જ્યારે સાંધા પકડાઇ જાય છે ત્યારે એ સારો ગુણ બતાવે છે અને પોટાશ આયોડાઇઝડ કરતાં એ વધુ સારૂં કામ આપે છે. તે સ્વેદલ છે અને ઉત્તમ વાતનાશક છે માટેજ આ ગુણ જોવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોપચીની પૌષ્ટિક અને વાજીકર તરીકે ઘણીજ સરસ જણાય છે. એનાથી શરીરમાં ફરીથી પુરૂષાતન આવે છે. એ માટે લોકો **ચોપચીનીપાક** બનાવીને ખાય છે.

કંઠમાળ અને ગ્રન્થીને મટાડે છે, અપસ્માર અને ઉન્માદમાં પણ તે વપરાય છે એ સિવાય તેની અસર ભગંદરમાં પણ ઘણીજ ચમત્કારિક જોવામાં આવેલ છે તે માટે ભગંદરારિમોદક ઉત્તમ ઉપાય ગણાય છે.

ચોપચીનીને એલચી તથા તમાલપત્ર સાથે દૂધ અને પાણીમાં ઉકાળી લેવાથી વાત, આમવાત, શરીરંગરોગ મટે છે એમ ડૉ. કે. સી. બોઝ પણ જણાવે છે તેમજ અનંતમુળ સાથે કવાથ કરી લેવાથી સરસ રક્તશોધક અસર બતાવે છે.

એના ચૂર્ણની માત્રા તોલો ૦।। થી ૦।। છે જ્યારે કવાથમાં ૨।। થી ૫ તોલા (૧ ભાગ વસાણાં, ૮ ભાગ પાણી એ મુજબ) લેવાય છે.

ચોપચીનીઆદિચૂર્ણ લોહીનીગરમી મટાડી મુત્રરોગ–પરમીયો મટાડે છે તથા ઉપદંશના વિકારો મટાડે છે, ચોપચીનીના કવાથમાં અનંતમુળ મેળવી લેવાથી માથાનોદુખાવો મટે છે. ચોપચીની સાથે ફમીમસ્તકીનુંચૂર્ણ લેવાથી વાતરોગ મટે છે તથા શુક્રને વધારે છે.

વીર્યવર્ધક પૌષ્ટિક દવાઓમાં ચોપચીની વપરાય છે, સ્ત્રીઓને માટે પણ તે ગુણકારક, પૌષ્ટિક તથા રજ:ને સાફ કરનાર છે.

લકવો, હાથનીધ્રુજારી (કંપવા), જુનોનજલો, દમ, પક્ષાઘાત, સંધિવા, મુત્રરોગ, પેટનોવાયુ, મસ્તકશુળ, જુનાં વ્રણો વગેરે માટે આ દવા ઉપયોગી ઉત્તમશોધક અને પૌષ્ટિક છે એટલુંજ નહિં પણ તે નિર્દોષ અને સસ્તી છે.

નીચેની બનાવટો ખાસ વાપરવા લાયક જણાઇ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) ભગંદરારિમોદક પૃષ્ટ ૧૨૩, (૨) ચોપચિનીઆદિકવાથ પૃષ્ટ ૧૬૧, (૩) ચોપચિનીઆદિચુર્ણ પૃષ્ટ ૧૭૬, વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે. (૪) ચોપચિનીઆદિચુર્ણ પૃષ્ટ ૧૨૪, (૫) ચોપચિન્યાદિપાક પૃષ્ટ ૨૧૦ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે. એ સિવાય તેની કોઇ ખાસ બનાવટ આયુર્વેદિક પુસ્તકોમાં જોવામાં આવતી નથી પરંતુ તેનો ઉપયોગ દરેક રક્તશોધક અને પૌષ્ટિક પ્રયોગોમાં કરવામાં આવે છે.

૧૭ કડાછાલ (ઇંદ્રયવનું ઝાડ)

N. O. Apocynaceæ (એપોસાઇનેસિઇ)

સં. કુટજ, ઇંદ્રયવ, વત્સક, **હિં.** કુરૈયા, **મ.** કુડા, **બં.** કુર્ચી.

વર્ણન : બજારમાં કડાછાલ મળે છે અને ઇંદ્રયવ પણ મળે છે, આ બે ચીજો એકજ વૃક્ષની પેદાશ છે, ફલીનાં બીજને ઇંદ્રયવ કહે છે જ્યારે છાલને કડાછાલ કહે છે, પરંતુ બજારમાં જે છાલ મળે છે તે ઝાડની હોય છે. દવાના કામમાં વધારે સરસ લાભની ઇચ્છા રાખનારાઓએ કડાના મૂળાનીછાલ લેવી જોઇએ એટલુંજ નહિં પરંતુ આપણે ત્યાં છાલમાં બીજી પણ મેળવણી કરેલી જોવામાં આવે છે એટલે ગુણ પુરતો થતો નથી, આયુર્વેદમાં તેમજ અંગ્રેજી વૈદ્યોની શોધખોળમાં કડાની બે જાતો જોવામાં આવી છે, સફેદ અને કાળી અથવા મીઠી અને કડવી. દવામાં કાળી અથવા કડવી કડાની જાત ઉત્તમ ગણાય છે એની પેદાશ મુંબઇની પાસે થાણાજીલ્લામાં પુષ્કળ થાય છે, વગડામાં એનાં નાનાં ઝાડ સર્વત્ર જોવામાં આવે છે ૪ થી ૬ હાથ ઉંચા એનાં ઝાડ હોય છે તેમાં સફેદ સુગંધીદાર ફુલો હોય છે, આખા ભારતવર્ષમાં આ ઝાડ સર્વત્ર થતાં જણાય છે, કડાછાલ અને ઇંદ્રયવ પ્રસિદ્ધ દવા છે સર્વત્ર મળે છે તેમજ ઘરગથુ દવામાં પણ ઇંદ્રયવ વપરાય છે, મીઠાં ઇંદ્રયવ કવચિત મળે છે, પણ સફેદજાતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કડાછાલ ઘણી જગ્યાએ થાય છે, ગુજરાતમાં આ ઝાડ ઘણી જગ્યાએ થાય છે. દવામાં અને ત્યાંલગી મુળનીછાલ વાપરવી તો સરસ ગુણ આપે છે એમ કેટલાક લેખકોનો અભિપ્રાય છે, જ્યારે કેટલાક એમ પણ કહે છે કે કાળીજાતમાં સફેદ કરતાં વધારે ગુણ હોય છે. ઇંદ્રયવ સાફ કરી જરા શેકીને દવામાં વપરાય છે. કડાછાલ ચૂર્ણ, ક્વાથ, અવલેહ, ઘન વગેરે રૂપમાં એકલી કે બીજી સુગંધી ચીજો સાથે વાપરવાથી સારો લાભ આપે છે.

ગુણ: તિક્ત, દિપન, સ્થંભક, ઉષ્ણ, પાચક, તુરું, રૂક્ષ અને ગ્રાહી છે, અર્શ, અતિસાર, તરસ, રક્તદોષ, કોઢ, પિત્ત, કૃમિ, જ્વર, આમ અને દાહને મટાડે છે. **ઇંદ્રિયવ** વધુ ગ્રાહી છે, નબળાયુ માટે ઉત્તમ છે, ઝાડાને મટાડી દસ્તને પચાવીને સાફ લાવે છે, કડવાં હોવાથી દિપન–પાચન–જ્વરઘ્ન અને હરસને મટાડનાર છે એટલુંજ નહિં પણ ત્રણે દોષને હરનાર છે.

ઉપયોગ : કડાછાલમાં કરીનાશનને મળતો ગુણ છે, તે કડવી છે. ભૂખ લગાડે છે નવા કે જુના તાવમાં આપી શકાય છે, પેટના દોષને સુધારી તાવને મટાડે છે તે સાથે જુનું પેટનુંદરદ, ઝાડા, મરડો, સંગ્રહણી કે અર્શ અને આમને મટાડનાર તરીકે ઉત્તમ ઉપાય છે. રક્તાતિસારમાં કડાછાલ કે ઇંદ્રયવ બંને ઉત્તમ ગણાય છે, શેકીને અપાયલાં ઇંદ્રયવ ઝાડાને સત્વર મટાડનાર બને છે, ખાટીછાશ સાથે તે લેવાથી એની અસર વધારે સરસ જણાય છે માટે છાશના અનુપાનમાં છાલ કે ઇંદ્રયવ દેવાની રીત ઉત્તમ છે.

મરડામાં કડાછાલ વખણાય છે, છાશ સાથે તેનું ચૂર્ણ આપતાં ઝાડા–મરડાની ચૂંક મટે છે લોહી કે આમ જે આવતું હોય તે બંધ પડી ઝાડો સાફ આવવા લાગે છે અને દરદીને રાહત મળે છે, કડાછાલ સાથે નાગરમોથ, અતિવિષ, ગળો–વજ વગેરે આપી શકાય છે, ઝાડના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળાની તાજી છાલ મળે તો ગુણ વધુ સરસ આપે છે એમ સ્વ. ડૉ. વામન દેશાઇ જણાવે છે. ખાસ કરી નવા દરદ કરતાં તે જુના મરડામાં બહુજ સારી અસર બતાવી ત્વરિત લાભ કરે છે એમ એમનું કહેવું છે તથા ચિત્રકમુળાનીછાલના ફાંટમાં કડાછાલ લેવાની ખાસ ભલામણ એમણે કરી છે, એથી એનો ગુણ ઇપીકૉકને મળતો અને ઉંચો બને છે.

કડાછાલ કે ઇંદ્રયવ એ નાનાં બાળકોને માટે પણ સારી દવા ગણાય છે તે કડવી હોવાથી કૃમિને મટાડનાર છે એટલુંજ નહિં પણ પેટ સાફ રાખે છે અને દૂધનુ પાચન કરે છે, આપણી વૃદ્ધડોશીઓ બચ્ચાંને દરરોજ ઇંદ્રયવ, કાંકચ, વજ વિગેરેની ફાકી આપે છે તેથી બાળક નિરોગી રહે છે તે જગપ્રસિદ્ધ બાબત છે, ઇંદ્રયવને શેકીને બનાવેલી ફાકી હરસ તેમજ બળવાયુને માટે છાશ સાથે લેવી એ સારો ઉપાય છે તથા એમાં હરડેચૂર્ણ મેળવી લેવાથી ઝાડામાં આવતું આમ તથા કબજીઅત પણ મટે છે.

કડાછાલમાં ઉપયોગી ક્ષાર તથા ચુનાનાં તત્વો હોવાથી તે જુનોમરડો, સંગ્રહણી, મુખપાક, મંદાગ્નિ, બળવાયુ વગેરે મટાડી લોહીને વધારે છે.

જીર્ણજ્વર માટે કડાછાલ સારો ઉપાય છે, એની સાથે ગળો મેળવી ક્વાથ કરી લેવાથી ઉથલો મારતો તાવ તેમજ જુનોતાવ મટે છે, ટાઢીઓતાવ પણ એથી મટે છે, દમના દરદીને માટે ઇંદ્રયવ સારી દવા છે, આમવાત માટે એની છાલને વાટીને લેપ લગાડે છે.

અંગ્રેજી વૈદ્યકના મત મુજબ એની છાલમાં એક કડવુંદ્રવ્ય છે, બીજું કુર્ચીસિન–કુચિન નામનું સત્વ છે તથા પોટાશ, સોડા, ચૂનો અને લોહનાં પણ તત્વો છે, બીજમાં એક પ્રકારનું તૈલ દ્રવ્ય છે, એની છાલનું સત્વ ગળોસત્વ માફક તથા ઘન માફક પણ બનાવી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાલનીમાત્રા ચૂર્ણરૂપે ૩૦ થી ૬૦ ગ્રેન, ઉંદ્રયવનીમાત્રા ૧૦ થી ૨૦ ગ્રેન, ઘનનીમાત્રા ૫ થી ૧૦ ગ્રેન, છાલનોકવાથ ૧। તોલો લેવાય છે.

આયુર્વેદમાં એની અનેક સરસ બનાવટો વપરાય છે, જુના મરડા માટે કડાપાકનીગોળી જેમાં અફીણ આવે છે તે પણ સારૂં કામ આપે છે. એવીજ રીતે અતિવિષાદ્યવટી પણ જીર્ણ કે વિષમજ્વર સાથેના મરડામાં ઉત્તમ છે, બાકીતો કુટજાવલેહ, કુટજારિષ્ટ, કુટજાદિકષાય વગેરે પ્રસિદ્ધ ઉપાયો છે.

ડૉકટરો પણ કડાછાલનું પ્રવાહીસાર તથા સત્વની બીજી બનાવટો બીસ્મથકુર્ચી જેવી બનાવટો બનાવીને છુટથી વાપરે છે, કેમકે તેમની પાસે જુના ઝાડા–મરડામાં એવી અકસીર બીજી દવાઓ વધુ હોય તેમ જણાતું નથી.

હરસ, લોહીવાળા હરસ, ઝાડા, મરડો, પથરી, કુષ્ટ, મુત્રરોગ વગેરે માટે આયુર્વેદમાં એનો ઉપયોગ બરાબર કરવામાં આવેલ છે. અને તે જ્વરઘ્ન, કટુપૌષ્ટિક તરીકે પણ ગણે છે. ક્ષયના ઝાડામાં તેને વાપરવા ભલામણ કરેલ છે.

નીચેની બનાવટો અમારા પુસ્તકોમાં છે તે જાણવા ઇચ્છનારે જોઇ લેવી.

(૧) કુટજાદ્યવટી પૃષ્ટ ૧૦૪, (૨) કુટજાદ્યકવાથ પૃષ્ટ ૧૬૦, (૩) કુટજારિષ્ટ પૃષ્ટ ૨૨૦, (૪) કુટજાવલેહ પૃષ્ટ ૨૪૪ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં આવેલ છે તથા (૫) અતિવિષાદ્યિ-ગુટીકા પૃષ્ટ ૪૮, (૬) કડાપાકનીગોળી પૃષ્ટ ૫૩ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮ કરિયાતું

N. O. Gentianaceæ (જન્શિએનેસિઇ)

સં. ભૂનિંબ, કિરાતતિક્ત, **હિં.** ચિરાયતા, **મ.** કિરાઇત, **બં.** ચિરેતા.

વર્ણન : કરીયાતું અન્નરમાં સર્વત્ર મળે છે અને તે પ્રસિદ્ધ ઔષધી છે, ગુજરાત મહારાષ્ટ્ર અને બીજા પ્રદેશોમાં જે કરિયાતું થાય છે તે જુદીજ જાતનું જણાય છે, આપણે ત્યાં અન્નરમાં જે કરિયાતું મળે છે એ હિમાલય તરફની પેદાશ છે અને તે નેપાળ તરફથી કલકત્તાની અન્નરમાં આવે છે આજ કરિયાતું ગુણમાં ચડીઆતું અને ખુબ કડવું હોય છે, આ બાજુ થતા કરીયાતામાં ચાર જાતનું જોવામાં આવે છે એમ શ્રી વૈદ્યરાજ બાપાલાલભાઇ જણાવે છે એ ઉપરાંત મુંબઇની અન્નરમાં લીલું કરીયાતું મળે છે જેને મરાઠીમાં ઑલે-કિરાઇત કહે છે એ જુદીજ જાત છે એને આપણે કાલમેઘના વર્ણનમાં જોઇ શકીશું. અન્નરમાં કરિયાતાની બાંધેલી મોટી ઝુડીઓ મળે છે જે દવામાં વાપરવા માટે ઉપયુકત છે. દવામાં મુળસહિત આખો છોડ વપરાય છે અને તેજ સ્વરૂપમાં એ અન્નરમાં મળી શકે છે, આયુર્વેદિક યુનાની તેમજ એલોપથીમાં કરીયાતું સામાન્ય રીતે છુટથી વપરાય છે, અને તે ગામડાના લોકોની તાવની રામબાણ દવા ગણાય છે!

ગુણ : દિપન, પાચન, કફપૌષ્ટિક, જ્વરઘ્ન, દાહને મટાડનાર, ભૂખ લગાડનાર, મળમુત્ર સાફ કરનાર, તાવને અટકાવનાર તથા ઉત્તમ પ્રકારનું પાચન કરનાર છે, સોજા, કૃમિ, તાવ, મંદાગ્નિ, અજીર્ણ, અરૂચી, ધાવણવિકાર, રકતપિત, પ્રદર, ખાંસી, તરસ, દાહ, રકતવિકાર વગેરે મટાડે છે.

ઉપયોગ : આયુર્વેદમાં તેનો ઉપયોગ બરાબર થયેલો જણાય છે. **મહાસુદરસનચુર્ણ** અનેક રોગોમાં વપરાતી પ્રસિદ્ધ દવા છે, એમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખ્યભાગે કરીયાતું હોય છે, જ્યે કે એમાં લગભગ બીજી ૪૦ દવાઓ આવે છે પરંતુ તેના અર્ધેઅર્ધને કરીયાતુંજ તેમાં આવે છે, એ ચૂર્ણ પેટનાં અનેક દરદો મટાડી પાચનશક્તિ સુધારે છે અને કટુપૌષ્ટિક તેમજ જ્વરઘ્ન તરિકે પ્રસિદ્ધ છે. કરીયાતું જ્વરઘ્ન છે પણ એનો કવાથ કરીને આપવાથી ગુણ ઓછો આપે છે એને બદલે એનો ફાંટ કે હીમ આપવો વધુ ઉત્તમ છે અને તે એકલા કરિયાતાને બદલે એમાં બીજી થોડીક સુગંધી ચીજો મેળવવાથી તે વધુ ગુણદાયક બને છે; મહાસુદરસન એ પણ ઉત્તમ સુગંધીયુકત મીશ્રણ છે. પિત્તને મટાડે છે યકૃત–બરલને મટાડે છે, મંદાગ્નિ, અમ્લપિત, આફરો, અજીર્ણ, જીર્ણજ્વર કે વિષમજ્વરમાં પણ તે ખાસ ઉપયોગી છે. કડવી, પૌષ્ટિક, અને રકતશોધક દવા તરીકે કરીયાતું કે મહાસુદરસન બરાબર આપી શકાય છે. બારેમાસ દરરોજ એક વખત ૦ા તોલો આ ચૂર્ણ લેવાથી શરીર નિરોગી રહે છે, લેખકના પિતા સ્વ. કુંવરજી પેરાજ કચ્છમાં એક ગાંધી તરીકે પ્રસિદ્ધ હતા, તેઓ હંમેશાં સવારે મહાસુદરસનચૂર્ણ પાણીના અનુપાન સિવાય ખાતા હતા અને કહેતા કે અમોને તે હવે બહુ કડવું લાગતું નથી, એ લેવા પછી શરીરમાં સુસ્તી રહેતી નથી અને પાચન બરાબર થાય છે–ભુખ પણ લાગે છે, આ જમાનાના માણસોને સુદરસન ફાકતાં દુઃખ થાય છે, પરિણામે કવીનાઇન ખાઈ બહેરા બને છે, શરીરમાં ઉષ્ણતા થઇ જાય છે અને હવેતો તેમના શરીરમાં કવીનાઇનનું ઝેર પણ જમા થઇ જાય છે. પછી એના પરિણામે તાવ મટે કે ન મટે પણ ક્ષયનાભોગી તેઓ બની જાય છે એ કરતાં આપણું આ કરિયાતું અને મહાસુદરસન હજાર દરજ્જે આપણા દેશ માટે તેમજ આપણી પ્રજા માટે ઉત્તમ છે.

એકલું કરિયાતું તાવને રોકી શકતું નથી, એવે સમયે એમાં બીજી સાત્વીન, કડુ, લીમડો, ગળો અને મામેજવો જેવી થોડીક ચીજો લેવાની જરૂર રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કડવું હોવાથી તે કૃમિઘ્ન પણ છે, સોજામાં કરીયાતું અને શુંઠ લઇ તેનું ચૂર્ણ અપાય છે, હરસમાં આ ચૂર્ણથી ઠીક લાભ થાય છે. ગર્ભિણીની ઉલટી મટાડવા માટે કરીયાતું વપરાય છે. એકલા કડુ-કરીયાતાનો ઉપયોગ તાવ મટાડવા માટે સર્વત્ર થાય છે. ઉપદંશ અને રક્તવિકાર માટે કરીયાતું ઉત્તમ છે.

લીલીચહા ભાગ ૧, વજ ભાગ ૧, કરીયાતું ભાગ ૪ એનો ૧૬ ગણા પાણીમાં ફાંટ કરી લેવાથી સારો ફાયદો કરે છે. એમ સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ જણાવે છે, તથા એમાં તજ-લવંગ મેળવી ફાંટ લેવાય તો વધુ સરસ લાભ કરે છે, એમ ડૉ. કે. સી. ઓઝ જણાવે છે. રક્તશોધક માટે કરીયાતાનું એસેંસ ડૉકટરો વાપરે છે. કંઠમાળ અને ધાતુ વૈષમ્યમાં કરીયાતું શોધક, રેચક અને રસાયન છે એની માત્રા ૧૦ થી ૪૦ ગ્રેન છે, ફાંટની માત્રા ૫ થી ૧૦ તોલા છે એની બનાવટોમાં નીચેની બનાવટો ખાસ વાપરવા લાયક જણાય છે.

(૧) મહાસુદરસનચુર્ણ, પૃષ્ટ ૧૯૨ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે. (૨) ભૂનિંબાદિવટી પૃષ્ટ ૮૩ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે. (૩) સુદરસનચુર્ણ (લઘુ) પૃષ્ટ ૫૧ વૈદ્યકપારિજાત ભાગ ૧-૨ જામાં છે, ભૂનિંબાદિક્વાથ તથા બીજી બનાવટો અન્ય વૈદ્યક ગ્રંથોમાં છે.

---

૧૯ હરડે

N. O. Combretaceæ (કોમ્બ્રેટેસીઇ)

સં. હરીતકી, અભયા, પથ્યા, શિવા, **હિં.** હરૂરે, હર્ડ **મ.** હરડા, **વં.** હરીતકી.

વર્ણન : હરડેનાં મોટાં ઝાડ થાય છે, કાંગડા જીલ્લામાં બહુજ સારી હરડે થાય છે, બંગાળ તથા સાંહેડોલ (છોટાનાગપુર તરફનો ઝાડી જીલ્લો) તરફ તેમજ મુંબઇ અને મદ્રાસ ઇલાકામા ઉંચાઇવાળી જગાપર હરડે ઘણી થાય છે, ગુજરાતમાં બહુજ ઓછાં ઝાડ દેખાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીરનાર તરફ એનાં ઝાડ જોવામાં આવે છે, બજારમાં કાબુલીહરડે સારી ગણાય છે અને તેનું બીજું નામ સુરવારી હરડે કહે છે આ હરડેજ (કાંગડા જીલ્લાની હરડે) અમૃતસરથી આપણી તરફ આવે છે. વૈદ્યકશાસ્ત્રમાં હરડેની અનેક જાતો (લગભગ છ થી સાત) કહેલી છે. પણ તે સર્વ હાલમાં મળતી હોય એમ જણાતું નથી, કાબુલીહરડે, ભીમડી તરફની હરડે અને ઝાડી જીલ્લાની હરડે એમ ત્રણ જાતો દેખાય છે એમાં નાનીહરડે જેને બાલહરડે કે હીમજ કહેવામાં આવે છે તે પણ જુદીજ છે સૌથી સારી હરડેતો લગભગ ૧ એક તોલા વજનની સુરવારી અને જેને કાબુલી કહે છે તે છે અને તેજ દવામાં વાપરવી ઠીક છે. હરડેની જાતોમાં જેમ વજન વધારે તેમ પૈસા પણ વધુ પડે છે, બે તોલા વજનની હરડે બજારમાં એક કે બે રૂપીએ નંગ મળે છે જ્યારે એક તોલાની હરડે રૂપીઆમાં ૪૦ નંગ મળી શકે છે! બાલહરડે–હીમજતો સામાન્યજ છે, કહણ, લાંબી, સુરવારી અને તાજી જરા ભુખરા–મેલા પીળારંગની હરડે સારી હોય છે. વજનમાં હલકી, છાલ–ગર પાતળું હોય અને રંગ બહુ પીળો હોય તે હલકી કહેવાય છે. હરડે બજારમાં સર્વત્ર મળે છે પરંતુ એમાં નકલી હરડે જેને યુનાનીમાં જુલાકા કહે છે તે પણ કેટલાક લુચ્ચા ફેરીવાળાઓ સાચી હરડેની જગાએ મોટી રકમ લઇ વેચી જાય છે તેનો દેખાવ હરડેને મળતો અને તે વજનમાં ભારે હોવાથી અજાણ લોકો લઇને ઠગાય છે.

પ્રાચિન વૈદ્યોએ તેની સાત જાતો ગણાવેલી છે, વિજ્યા, રોહીણી, પૂતનાં, અમૃતા, અભયા, જીવંતી, ચેતકી વગેરે નામો આપેલાં છે. એમાં ચેતકીને રેચક કહેલી છે જેને હાથમાં પકડી રાખવાથી જુલાબ થાય છે, આવી હરડે હાલમાં જોવામાં આવતી નથી, વિજ્યા નામની હરડે જે આજે બજારમાં મળે છે તેને મળતી લાગે છે, બાકી હિમજ એ કાચીહરડે હોય એમ જણાય છે. આર્યવૈદ્યક તેમજ યુનાનીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરડેનો ઉપયોગ મોટા પ્રમાણમાં કરવામાં આવેલો છે, હરડે એ ઘરગથ્થુ દવા છે નાનાં બચ્ચાંને હરડે ઘસીને અપાય છે. અને તે બાળકને નિરોગી રાખનાર હોવાથી તેના માટે વૈદ્યકમાં એમ કહેલું છે કે:– **नास्ति यस्य गृहे माता तस्य माता हरीतकी।** અને ખરેખર બાળકનાં પેટના માટે તેવીજ ઉત્તમ છે.

ત્રીફળા નામક આયુર્વેદની એક પ્રસિદ્ધ બનાવટમાં હરડે મુખ્ય હોય છે. હરડેનોમુરબ્બો, અવલેહ, ચૂર્ણ, ગૌમુત્રમાં શેકેલી હરડે આ સર્વ આમજનતા વાપરે છે અને સર્વત્ર તે ગાંધી કે ગામડાના પસારીઓ પણ રાખે છે, હરડે ઘણીજ પ્રસિદ્ધ અને ઉપયોગી વનૌષધી છે. વજનમાં ભારે, બીજ નાનું અને ગર વધુ હોય તથા પાણીમાં ડુબી જાય તે ઉત્તમ ફળ તરીકે ગણાય છે.

ગુણ: રૂક્ષ, ઉષ્ણ, અગ્નિદિપક, બુદ્ધિવર્ધક, મધુર, રસાયન, નેત્રનેહિતકારક, આયુષ્યવર્ધક, શરીરમાંના તત્વોની વૃદ્ધિ કરનાર તથા વાયુનું અનુલોમન કરનાર છે, હરડેમાં મધુર તીખો અને તુરો રસ હોવાથી તે પિત્તનો નાશ કરે છે, તીખો, કડવો અને તુરો રસ હોવાથી કફનો નાશ કરે છે, મધુર અને ખાટો રસ હોવાથી વાયુનો નાશ કરે છે, ચાવીને હરડે ખાવાથી અગ્નિ પ્રદિપ્ત કરે છે, ભુકો કરી ખાવાથી રેચ લાગે છે. બાફીને ખાવાથી મળનું સ્થંભન કરે છે, શેકેલ હરડે ત્રણે દોષનું શમન કરે છે, ભોજન સાથે લેવાથી બળ–બુદ્ધિ અને ઈંદ્રિયોને તેજી આપી ત્રણે દોષોને ઠીક કરે છે. જન્મ્યા પછી ખાવાથી વાત–પિત્ત–કફથી થએલ અનેક ફરિયાદોને મટાડે છે. છ ઋતુઓમાં જુદા જુદા (સિંધવ, સાકર, ગોળ, શુંઠ, ઘી અને પીપર) અનુપાનથી લેવાથી હરડેકલ્પ થઈ શકે છે અને તેથી શરીર નિરોગી રહી શકે છે, થાકેલા, દુર્બળ, કૃશ, ગર્ભિણીસ્ત્રી, રક્તમોક્ષણ કર્યા પછી, લંઘન કરેલાએ, વાતરોગીએ અને શોષથી પીડાતા એ હરડે ખાવી નહિ એમ કહેલું છે કેમકે તેને હરડેથી લાભને બદલે હાની થવા સંભવ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : ત્રીફળાચૂર્ણમાં (હરડે–બહેડાં–આમળાં) હરડે મુખ્યભાગે આવે છે, હરડેની અનેક શાસ્ત્રિય બનાવટો સર્વત્ર વપરાય છે. હરડે મળશોધક દરેક દવામાં બહુધા હોય છેજ. મરડાનુંદરદ ફક્ત મોટી હરડેનાં ચૂર્ણથી મટી શકે છે. હરડેથી પ્રથમ ઝાડો સાફ આવે છે પછી જરા નાની માત્રા લેવાથી ઝાડાને બંધ કરી આપે છે કેમકે તે સારક અને ગ્રાહી પણ છે. નેત્રરોગમાં હરડેનો ઉપયોગ થાય છે, હરડેને ઘસીને અંજન લગાડી શકાય છે, વળી હરડેને પાણીમાં ઘસીને લગાડવાથી મોઢામાં પડેલાં છાલાં મટે છે. ચૂનાનુંપાણી, હરડેનો ઘસારો અને કેાપરેલતેલ મેળવીને મલમ જેવું કરી દાઝેલાપર લગાડતાં ઠંડક આપી જલદી રૂઝ આવે છે. હરસ માટે હરડેનુંચૂર્ણ, મુરબ્બો, આસવ વગેરે વપરાય છે. તેનાથી ઝાડો સાફ આવે છે અને હરસ મટી જાય છે. અતિસાર, પાંડુ, અજીર્ણ, ઉલટી, હેડકી, ગુલ્મ, પથરી, મૂત્રકૃચ્છ્ર, ખાંસી, નબળાઇ, સ્વપ્નદોષ, આમાતિસાર, હરસ, ઉપદંશ દાદર, રક્તપિત્ત, વધરાવળ, અમ્લપિત, જુનોવિષમજ્વર, સંધીવા, કબજીઅત, મંદાગ્નિ, સંગ્રહણી, દંતરોગ, નેત્રરોગ, દમ, ત્વકૂરોગ વગેરેમાં જુદી જુદી રીતે હરડેનો સફળતાથી ઉપયોગ કરી શકાય છે.

નાનીહીમજ હરડેને ગૌમુત્રમાં ભીંજવી છાંયે સુકવવી, પછી મીઠાના પાણીમાં ભીંજવી સુકવવી, છેવટે છાશમાં પલાળીને સુકવી લેવી. બાદ તેને જરા ઘીની સાથે કડાઇમાં શેકી રાખવી. આ શેાધેલી હરડે ખાવામાં સ્વાદિષ્ટ છે. એ ચાર નંગ દરરોજ ચાવીને ખાવાથી પેટ સાફ કરે છે, રક્તશુદ્ધિ કરે છે, ભૂખ લગાડે છે એને સૌ કેાઇ વાપરી શકે છે.

ફક્ત એકલી હરડેથી જેમ મરડાનું દરદ મટે છે તેવીજ રીતે એના એકલા પ્રયેાગ સાથે ફક્ત છાશનું પથ્થ રાખવાથી સંગ્રહણીનું દરદ પણ મટી જાય છે, એકલી હરડેથી ચિકિત્સા કરનારા પણ અનેક વૈદ્યો હજી પણ મેાજુદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરડેનું સેવન બારે માસ કરવામાં આવે તો પણ તેથી અનેક સારા લાભો થાય છે, હરડે વીર્યને વૃદ્ધ કરી સ્વપ્નદોષ મટાડે છે, યુવાનો માટે એ રીતે હરડે હિતકારક છે. હરડેનીછાલ ચૂસવાથી હડીલી બાંસી મટી જાય છે. પથ્યાદિકવાથથી માથાનું દરદ મટે છે. હરડેમાં સિંધવ તથા જરા શુંઠ મેળવી લેવાથી આફરો અને કબજીયત જલદી મટી જાય છે. આમળા શીતવીર્ય છે જ્યારે હરડે ઉષ્ણવીર્ય છે પણ એ બે સાથે લેવાથી વધુ માફક આવે છે.

હરડેચૂર્ણની માત્રા ૩૦ થી ૬૦ ગ્રેન, હીમજહરડેના ચૂર્ણની માત્રા ૩૦ થી ૬૦ ગ્રેન તથા બાળકો માટે ૫ થી ૧૦ ગ્રેન છે.

અંગ્રેજી વૈદ્યકમાં હરડેનું ટીંચર બનાવી વાપરે છે, એમના અભિપ્રાય મુજબ હરડેમાં ટેનીકએસીડ, ગેલીકએસીડ–ગુંદ અને રાળ જેવું સુક્ષ્મ તત્વ છે.

આયુર્વેદમાં હરડેનું "રસાયન" વાળી દવાઓમાં સ્થાન છે અને તે લાંબો સમય સુધી લેવાથી શરીરને ખુબ લાભ કરી અનેક જુનાં દરદોથી મુક્ત કરી આપે છે.

નિચેની બનાવટો ઉપયોગી અને વાપરવા લાયક છે.

(૧) અભયાદિકવાથ પૃષ્ટ ૧૫૯, (૨) શિવાક્ષારપાચન પૃષ્ટ ૨૦૫, (૩) અભયારિષ્ટ પૃષ્ટ ૨૧૪, (૪) હરિતકીઅવલેહ પૃષ્ટ ૨૬૨ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે તથા (૫) હરિતકયાદિવટી પૃષ્ટ ૧૦૫, (૬) હિતપ્રભાવટી પૃષ્ટ ૧૦૫, (૭) હરિતકીઅવલેહ પૃષ્ટ ૧૭૨ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે (૮) હરિતકયાદિચુર્ણ પૃષ્ટ ૫૨, (૯) હરિતકયાદિમલમ પૃષ્ટ ૧૦૩, (૧૦) હરિતકીખંડ પૃષ્ટ ૧૦૩, (૧૧) હરિતકયાદિચુર્ણ પૃષ્ટ ૧૦૪ વૈદ્યકપારિજાત ભાગ ૧–૨ જામાં છે, એ સિવાય પથ્યાદિગુગળ, હરિતકીઆસવ, અમૃતહરિતકી, પથ્યાદિકવાથ, પથ્યાદિવટી, મધુપકવહરિતકી, બ્રાહ્મીરસાયન વગેરે અનેક બનાવટો બીજાં વૈદ્યક ગ્રન્થોમાં આવેલી છે તે જોઇ લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦ બહેડાં

N. O. Combretaceæ (કૉમ્બ્રેટેસીઇ)

સં. બિભીતક, **હિં.** બહેડા, **મ.** બેહેડા, **બં.** બહેઢા.

વર્ણન : બહેડાનાં મોટાં વૃક્ષો સર્વત્ર થાય છે. એના પાન મોટાં અને તે વડ કે બદામનાં ઝાડને મળતાં હોય છે દવાના કામમાં બહેડાંનાં ફળોની છાલ વપરાય છે, તાજાં ફળોની છાલ ફોડતાં અંદરથી પીળાશદાર રંગની હોય છે ફળની છાલ જાડી અને પીળી હોય તે ઉત્તમ ગણાય છે, રાખોડી કે ભુખરારંગની પાતળી છાલ હોય તે હલકાં કે જુનાં બહેડાં ગણાય છે. એ દવા માટે સારા ગણાય નહિ. અજારમાં બહેડાનાં ફળો અને ફળની છાલ પણ સર્વત્ર મળે છે, પાકેલાં સારાં સુકાં ફળો લગભગ જેઠ માસમાં નીચે પડેલાં હોય તે લોકો લાવી સુકવીને બજારમાં વેચે છે. મુંબઇનાં જંગલોમાં તેમજ ઘાટમાં કે ગુજરાતમાં સર્વત્ર થતાં જણાય છે. બધા પ્રાંતોમાં એનાં ઝાડ હોય છે બહેડાના ઝાડનું લાકડું દવાઓ બનાવવાના કામમાં તાપ આપવા માટે કેટલીક જગાએ વાપરવા ભલામણ કરેલી છે. ત્રીફળામાં હરડે પછી આંબળા અને છેવટે બહેડા આવે છે, એટલી એની પ્રસિદ્ધિ છે બાકીનો તે દવામાં લગભગ ઓછાંજ વપરાય છે, ત્રિફળામાં મુખ્ય હોવાથી તેનો ઉપયોગ ઘણોજ થતો જણાય છે, બહેડાનાં બીજને ફોડવાથી તેની અંદર મીંજ હોય છે એ મીંજ ઝેરી ગણાય છે, સંસ્કૃતમાં બહેડાના ઝાડને કલિદ્રુમ કહેલ છે. બહેડાનાંફળનીમીંજ નેત્રરોગના એકાદ–બે અંજનના પાકમાં વાપરવાનું વર્ણન મળે છે.

ગુણ : તીખાં, કડવાં, તુરાં, લઘુ, સારક, પાક સમયે મધુર, ઉષ્ણ, ભેદક, રૂક્ષ, ચક્ષુષ્ય, કેશવર્ધક છે. અને તે કફ, ખાંસી, શ્વાસ, સ્વરભંગ, અને કંઠરાગને મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : અહેડાનીછાલને શેકીને ઉપર જરા ઘી લગાડી પછી સોપારી માફક મોઢામાં રાખી ચૂસવાથી ખાંસી મટે છે, શ્વાસમાં રાહત મળે છે તથા ગળાનુક્ષત મટે છે, અહેડાનીછાલનુંચૂર્ણ મધસાથે ચાટવાથી શ્વાસરોગ મટે છે, અહેડાનો અવલેહ પણ એ માટે તુરત લાભ આપે તેવો ઉપાય છે.

હૃદયમાં રહેલા વાયુ માટે અહેડાં અને આસંધનુંચૂર્ણ ગોળામાં લેવાય છે.

આંખનાં ફુલા માટે તેની મીંજનું અંજન થાય છે, રતવા, સોજા પથરી, ખાંસી, શ્વાસ વગેરેમાં એનો ઉપયોગ થાય છે.

સિંધવ, પીપર અને અહેડાનીછાલ એનું ચૂર્ણ મધમાં મેળવી ગોળી કરી લેવાથી ખાંસી મટે છે. ગળાના ચોળીઆ વધેલ કે ગળામાં ક્ષત હોય તો અહેડાનીછાલ ચુસવા માટે આપવી ઉત્તમ છે.

અહેડાની કેટલીક બનાવટો નિચે મુજબ છે.

(૧) બિભીતકઅવલેહ પૃષ્ટ ૨૫૪ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે તથા (૨) શ્વાસહરયોગ પૃષ્ટ ૨૩૭, (૩) બિભીતકવટી પૃષ્ટ ૨૪૧ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં આવેલ છે.

√ ૨૧ આંબળા

N. O. Euphorbiaceæ (યુફોર્બિએસીઇ)

સં. આમ્લકી, ધાત્રી, **હિં.** આંબોલા, **મ.** આંવળા, **બં.** આમ્લોકી.

વર્ણન : આંબળા હિંદુસ્થાનમાં સર્વત્ર થાય છે, એનાં મોટાં ઝાડ જંગલમાં, નદિ કિનારે તેમજ બગીચાઓમાં થાય છે, નાનાં અને મોટાં એમ બે જાતનાં હોય છે, બનારસ–કાશીનાં આંબળા મોટા અને વધુ રસદાર હોવાથી તે વખણાય છે, દવામાં આંબળાનાંફળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીલાં તેમજ સુકવેલાં વપરાય છે, એનોરસ કેટલીક જગ્યાએ દવામાં વપરાય છે. બજારમાં વેચાતાં આંબળા કેટલીકવાર કચરા–માટીયુક્ત હોય છે. એ કરતાં સંભાળીને સુકવેલાં આંબળા દવા માટે ઘણાંજ ઉતમ હોય છે. એની મોસમ પોષમાસથી ચૈત્ર સુધીની હોય છે બોરથી મોટાં અને લીંબુથી મોટાં એમ બે જાત આંબળાની ગણાય છે, ગાંધી લોકોને ત્યાં એ હમેશાં સુકાયલાં મળી શકે છે. આંબળાનો ઉપયોગ દવામાં મોટાં પ્રમાણમાં કરાયલો છે અને તે ત્રીફળામાં પણ આવે છે, એ ઘણીજ ઉપયોગી દવા છે, લોકો એનો મુરબ્બો–અથાણું પણ કરે છે, કાચાં ખાય છે એના ઉપર પાણી પીવામાં આવે તો મીઠું સાકર જેવું લાગે છે, ખાવામાં આંબળા તુરાશદાર અને ખટાશવાળાં હોય છે. પરંતુ વૈદ્યક નજરે એમાં છએ રસ મોજુદ છે જેથી તે દરેક પ્રકૃતિને તેમજ દરેક દોષને માટે હિતકારક ગણાય છે.

ગુણ : અમ્લ, શીતળ, પિત્તશામક, શોધક, સારક, પૌષ્ટિક વૃષ્ય અને રસાયન છે, તે ગ્રાહી પણ છે, મૂત્રલ છે, દિપન, પાચન, રોચન અને કાન્તિવર્ધક તથા ત્વકરોગનાશક પણ છે. આયુષ્યને વધારનાર તેમજ વીર્યને દ્રઢ કરનાર છે.

ઉપયોગ : આયુર્વેદમાં આંબળાનો ખુબ ઉપયોગ થાય છે, ત્રીફળામાં–ચ્યવનપ્રાશમાં આમલકીરસાયન, ધાત્ર્યાસવ, ધાત્રીલોહ, કલ્યાણગુડ, વગેરેમાં મુખ્યભાગે આંબળા આવે છે, ઘરગથુ ઉપચારમાં વાળ અને મગજની ઠંડક માટે આંબળાનું તેલ, બહુજ વખણાય છે. આંબળાનો મુરબ્બો મગજ અને શરીરની ઠંડક માટે પ્રસિદ્ધ ઉપાય છે. એ મુરબ્બાની સાથે સોના ચાંદીના વરખ પણ ખવાય છે. ચ્યવનપ્રાશ વગેરે શરીરને નિરોગી બનાવી વૃદ્ધાવસ્થા રોકવાનું જે કામ કરે છે તે એમાં આવેલ મુખ્યવસ્તુ આંબળાનેજ લઇને છે. ચરક, સુશ્રુત અને બીજા તમામ વૈદ્યકગ્રન્થોમાં આંમળાનો દવા તરીકે ખુબ ઉપયોગ કરવાનું જણાવેલ છે. સુશ્રુતે એને વાજીકરણ તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણાવેલ છે, તેમજ પાંડુને માટે ઉત્તમ કહેલ છે એનું કારણ એમાં રહેલ લોહનું સુક્ષ્મ તત્વ છે, ચરકમાં ચ્યવનપ્રાશનો પાઠ છે તે વાંચવા-લાયક અને તે બનાવવા યોગ્ય છે.

આજના ડૉક્ટરો પણ એનાં કેટલાક ગુણોની પ્રશંસા કરે છે, પણ એમાં રહેલ રસાયન ગુણ કે જેનાવડે વૃદ્ધાવસ્થા અટકે તથા શરીર નિરોગી રહે એ ગુણ હજી સર્વમાન્ય એમને જણાયો નથી!

આજનું વિજ્ઞાન જણાવે છે કે એમાં C વીટામીન છે અને તે લેવાથી "સ્કર્વી" નામનું દરદ મટી જાય છે.

આમળામાં જે ખટાશ છે તે વાયુને શમાવે છે. ઠંડક અને મધુરરસથી પિત્તનું શમન કરે છે, તુરો રસ છે તે કફનું શમન કરે છે, ક્ષયને માટે આંબળાનું બનાવેલ ચ્યવનપ્રાશ સરસ ઔષધી ગણાય છે અમૃતપ્રાશઘૃતમાં પણ આમળા આવે છે આવી દવાઓ નિરંતર દૂધ સાથે લાંબો સમય લેવાય તો અનેક રતલ વજન વધે છે તાવ, ખાંસી, તપારો, શોષ સર્વ મટી જાય છે, ૬ થી ૧૨ માસ લગી આ દવાઓ લેવાની જરૂર છે તે વગર એનો સરસ ગુણ જોઇ શકાતો નથી.

રક્તપિત્ત–રક્તસ્રાવની પણ તે એક સુંદર દવા છે, ઝાડામાં, ખાંસીમાં લોહી પડતું હોય ત્યારે આંબળા બહુજ સારો લાભ કરે છે, લોહભસ્મ સાથે આંબળા લેવાથી પાંડુરોગ મટે છે, પ્રદરરોગ, સ્વપ્નદોષ, વીર્યની ઉષ્ણતા વગેરે આમળાથી મટી શકે છે. લોહીવિકારને માટે આંબળા ઘણાંજ ઉત્તમ છે તે ચાલુ લેવાથી શરીરમાં રહેલ અનેક દૂષિતક્ષારોને કાઢી શરીરમાં રહેલ રક્તને શુદ્ધ તથા લાલ બનાવે છે રક્તશોધક સાથે એ મૂત્રલ પણ છે, અમ્લપિત્ત માટે પણ આંબળા સારી દવા છે, નેત્રરોગમાં બાવા તેમજ લગાડવાથી લાભ કરે છે, આંબળાનોઉકાથ કે રસ લઇ તેમાં પકાવેલું તેલ મગજ તથા વાળને માટે ગુણકારી અને ઠંડુ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉલટી, તાવ, ઝાડા, મરડો, પ્રમેહ, પ્રદર, કફ, ખાંસી, ક્ષય, નેત્રરોગ, રક્તપિત્ત, અત્યંતઋતુસ્રાવ, અરૂચી, અમ્લપિત્ત, નસકોરી-આવવી, હેડકી, સોમરોગ, સ્વરભંગ, યોનીદાહ, શીળસ, અર્શ, વાતરક્ત વગેરે અનેક દરદોમાં દવા તરીકે આમળા આપવાથી સારો લાભ થાય છે, અને એ દરદો મટે છે. આંબળા, દારૂહળદર, હળદર, જેઠીમધ, ગળો એનો ક્વાથ પિત્તનું શમન કરે છે. ઝાડો–પેશાબ સાફ લાવે છે, પ્રમેહ અને પ્રદર મટાડે છે.

કાયાકલ્પ માટે આંબળા અને દૂધ ઉપર એક વર્ષ રહી પ્રયોગ કરી શકાય છે. આ પ્રયોગથી અનેક લાભ તથા દિર્ઘાયુષ્યી થવાય છે.

એનાં સ્વરસનીમાત્રા ૨॥ તોલા છે, ચૂર્ણનીમાત્રા ૪૦ થી ૬૦ ગ્રેન છે.

અંગ્રેજી રસશાસ્ત્ર મુજબ એમાં ગેલીક અને ટેનીકએસીડ તથા સાકર, એલબુમેન, સેલુકોઝ તથા ખનીજપદાર્થ આવેલાં છે. અંગ્રેજી ડૉકટરો એનો ફ્રાંટ વાપરવા ભલામણ કરે છે.

દાંતમાં આવતું લોહી, પેશાબ કે ઝાડામાં પડતું લોહી તેમજ પેટનીખટાશ માટે ઉત્તમ છે, ગોનોરીઆ અને મૂત્રદાહ માટે સારો લાભ કરે છે. ખાંસીનોદરદી આંબળાંનાચૂર્ણને દૂધમાં ખાંડી પછી તેમાં ઘી મેળવી ખાય તો સારો લાભ કરે છે એ માટે આમળાચૂર્ણ તો. ૨ દૂધ તો. ૧૦ તથા પાણી તો. ૩૦ લઇ ઉકાળી લેવું પછી દૂધ રહે ઉતારી તેમાં ઘી તો. ૦॥ મેળવી ખાઇ જવું. આ પ્રયોગ ડૉકટર કે. સી. બોઝનો બતાવેલો છે અને તે સરસ છે.

આંબળાનો ભુકો કરી એ કલાક પાણીમાં પલાળી રાખી પછી તેને હાથે મસળી સાબુની જગ્યાએ તે સ્નાન કરવા કે કેશ ધોવા માટે વપરાય છે, તેનાથી શરીર–વાળ સાફ અને રેશમ જેવા બને છે એમાં સુગધી દ્રવ્યો નાંખવાથી તેનો સરસ મેળ થાય છે. આંબળા જેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે શરીરને બ્હારથી શુદ્ધ કરે છે એવીજ રીતે અંદર સેવન કરવાથી શરીરનાં સપ્તધાતુઓને શુદ્ધ અને ઉત્તમ બનાવે છે.

નિચેની બનાવટો એની ખાસ જોવા લાયક છે.

(૧) રસભાસ્વાન પૃષ્ટ ૫૭ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ (૨) ધાત્રીલોહ પૃષ્ટ ૪૪, (૩) ધાત્યારિષ્ટ પૃષ્ટ ૧૫૫, (૪) આમલકયાદ્યિઅવલેહ પૃષ્ટ ૧૬૩, (૫) આમલકીરસાયન પૃષ્ટ ૧૬૪ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે. (૬) આમળાનું તેલ પૃષ્ટ ૩૯ અનૂભૂતપ્રયોગાવલી ભાગ ૧ (૭) બાલજીવન પૃષ્ટ ૨૦, અનૂભૂતપ્રયોગાવલી ભાગ ૨ જામાં આવેલાં છે તથા ચ્યવનપ્રાશાવલેહ, અમૃતપ્રાશાવલેહ અને બીજી પણ અનેક બનાવટો એની બને છે જે અન્ય ગ્રંથોમાં આવેલી છે.

૨૨ કડુ

N. O. Scrophularineæ (સ્ક્રોફ્યુલેરેનિઇ)

સં. કટુકી, **હિં.** કુટકી, **મ.** કુટકી, **વં.** કટ્કી.

વર્ણન : આ એક મોટાં મૂળવાળું ગુલ્મ થાય છે, તેની પેદાશ હિમાલયના ઉંચા પ્રદેશમાં કાશ્મીરથી સિક્કીમ સુધીના પ્રદેશમાં થાય છે. બજારમાં એનાં મૂળીઆં મળે છે, જે પેનશીલથી જરા પાતળા અને ભુખરી છાલવાળા હોય છે એની અંદર કે ઉપર કાળાશ હોવાથી લોકો એને કાળીકુટકી કહે છે એ બહુજ કડવી વનૌષધિ છે. કુટતાં તેની વાસ કે રજકણો નાક કે મોઢા તરફ આવે છે તો તે બહુજ કડવોસ્વાદ મોઢામાં કરી આપે છે, ચૂર્ણનો રંગ ઘેરો–ભુખરો કાળાશવાળો બને છે, દવામાં તે સર્વત્ર વપરાય છે તેનાં મૂળને જરા શેકીને તેનું ચૂર્ણ બનાવી પછી દવામાં વાપરે છે. બજારમાં કડુ–કરીઆતું આ એ પ્રસિદ્ધ તાવની ઔષધીઓ છે તેમાંની એક આ કડુ છે. મસુરી તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમજ બદ્રીનારાયણ તરફથી તે આ તરફ ઘણી આવે છે.

"શ્રી. મુરબ્બી જાદવજીભાઇ ત્રિકમજી આચાર્ય બદ્રીનારાયણની યાત્રા કરવા ગયેલ હતા ત્યાંથી જે કુટકીનામૂળીઆં એઓ લાવેલા હતા. તે બજારમાં મળતી કડુથી જરા જાડાં અને ઘણાંજ તિક્ત હતાં, અને તેની અસર દરદીને આપવાથી ઘણીજ સારી જણાતી હતી. આરોગ્યવર્ધનીમાં આવો કડુ વપરાય તો એની અસર પણ બહુજ સરસ બને તેમ છે."

ગુણ : દિપન, કટુપૌષ્ટિક, લેાપન, ભેદન, પાચન, હૃદયને-હિતકારક, જ્વરઘ્ન અને ધાતુ શુદ્ધ કરનાર છે, આયુર્વેદમાં તેનો ઠીક ઉપયેાગ કરવામાં આવેલ છે.

ઉપયેાગ : પાંડુરેાગ માટે કડુ ઉત્તમ દવા છે તે યકૃતરેાગ માટે પણ વખણાય છે. તેનાથી તાવ મટે છે, ઝાડેા સાફ લાવે છે અને ભૂખ લગાડી શક્તિ વધારે છે. કડુને શેકીને તેનું ચૂર્ણ કરી લેવું, એને સાકર સાથે લેવાથી તાવ વગેરે મટે છે, ટાઢીએાતાવ અટકે છે બાળકેાને પણ કડુ આપવાથી ઠીક ફાયદેા કરે છે, કાઠીયાવાડનાં વૈદ્યોમાં "ભર્જીતચૂર્ણ" શેકેલ કડુનું ચૂર્ણ પ્રસિદ્ધ ઉપાય છે. આરોગ્યવર્ધનીમાં મેાટા પ્રમાણમાં કડુજ આવે છે અને તે સારી દવા ગણાય છે. હૃદયરેાગમાં જેઠીમધ સાથે અપાય છે, કુષ્ટરેાગમાં કડુ, અતિવિષ, ચંદન એનું ચૂર્ણ લેવાનું ચરકમાં બતાવેલ છે. પિત્તજ્વરમાં કડુ અપાય છે, ગરમ પ્રકૃતિવાળાને કડુ માફક આવતું નથી, દરેક જાતના તાવમાં કડુ, કરીઆતું, લીંબડાનીછાલ, ખડસલીએા અને નાગરમેાથનેાકવાથ નિર્ભયરીતે અપાય છે, ગામડાના લેાકેાની તાવની કેાઇપણ સારી દવા હેાય તેા તે કડુ-કરીઆતાનેા કવાથ છે અને તેથી દરવર્ષે લાખેા દરદીએા સારા થઇ જાય છે. ડૉ. ગિમ્લેટ જણાવે છે કે નેપાળનાં લેાકેા કડુનું ચૂર્ણ ૪ થી ૮ માસા લે છે, એથી તાવ-અરેાચક મટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટ સાફ થાય છે, મદ્રાસના સર્જન મોહિઉદ્દીન જણાવે છે કે અજીર્ણ. પેટનુંશુળ, આમાંશ અને પારીના તાવમાં કહુ એ ઉત્તમ ગુણકારી ઔષધ છે. મેજર ટોમસન જણાવે છે કે કહુનો કવાથ લેવાથી જળોદર મટે છે અને પેશાબ છુટથી આવે છે, હેડકી અને ઉલટીમાં પણ કહુ સારો લાભ કરનાર છે, કમળાની આ ખાસ દવા છે, કમળા માટે એનો કવાથ કરી તેમાં મધ નાખી તેમાં નવસાર મેળવી અપાય છે.

ગુલ્મ, કુષ્ટ અને ગ્રહણીરોગમાં વાપરવાની ચરકમાં ભલામણ કરેલી છે. વધુ વખત જુના વિષમજ્વરમાં પણ એ ઉપયોગી જણાય છે.

કહુ એ મોટી માત્રામાં રેચક છે પરંતુ જો નાની માત્રામાં અપાય તો ઝાડા થતા નથી પરંતુ તાવને ઉતારે છે, અને ઝાડો સાફ લાવે છે. એનાથી પાચકરસો વધે છે, હૃદયના થડકાનું બળ ઘટે છે બ્લડપ્રેશર ઓછું કરે છે, તેમાં કોઇપણ ઝેરી અસર જણાતી નથી. કહુમાં "પીક્રોરીઝીન" નામનું સુક્ષ્મતત્વ છે એમ ડૉ. લાલમોહન ઘોષ પોતાના અનુભવમાં જણાવે છે.

સોજા માટે એનો ઉપયોગ કરવાના રૂપમાં દરરોજ ચાર વખત આપવો અને એકાદ સપ્તાહ લગી આપતા રહેવું તો સારો લાભ થાય છે એના ચૂર્ણની માત્રા ૧૦ થી ૨૦ ગ્રેન છે જુલાબ માટે તે ૪૦ થી ૫૦ ગ્રેન અપાય છે.

જેઠીમધ, દ્રાક્ષ, કહુ, નીમછાલનોકવાથ પિત્તજ્વરમાં વખણાય છે "બાળકહુ" નામક પેટંટદવામાં કહુ-કરીઆતું અને બીજી ચીજો મુખ્ય આવે છે.

એની નીચેની બનાવટો વાપરવા લાયક ગણાય તેમ છે.

(૧) આરોગ્યવર્ધની નં. ૧-૨ પૃષ્ટ ૧૯ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે. તથા (૨) કડુભદ્રાદિચુર્ણ પૃષ્ટ ૧૭૩, (૩) બાલ-રોગાન્તકારિષ્ટ પૃષ્ટ ૨૩૨, (૪) કટુરોહીણીચુર્ણ પૃષ્ટ ૧૧૯ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં આવેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩ ખાખરો

N. O. Leguminosæ (લેગ્યુમિનોસીઇ)

સં. પલાશ, **હિં.** ઢાક, **મ.** પળશ, **બં.** પલાશ, ગાછ.

વર્ણન : ખાખરાનાં મોટાં ઝાડ થાય છે. ભારતવર્ષની પવિત્ર-ભૂમિમાં તે લગભગ સર્વત્ર થતાં જણાય છે. ગુજરાતમાં પંચમહાલ અને આબુ તરફ તેમજ યુ. પી માં હરિદ્વાર તરફ અને બંગાળમાં ઝારસુગડાથી દૂર જવા બાદ બી એન. રેલ્વે લાઇનપર એનાં મોટાં જંગલો જોવાને મળે છે, ત્યાં હજારો નહિં પણ એનાં લાખો ઝાડ જોવામાં આવે છે, એનાં ફુલને કેસુડાં કહે છે. વસંતઋતુ યાને હોળીનાં દિવસોમાં તે ખુબ ખીલે છે. જ્યારે ફુલ આવે તે પહેલાંજ બધા પાન ખરી પડી ઝાડ સુકા ઠોઠાં જેવું બની જાય છે, પરંતુ ઉનાળામાં પાછાં તાજાં પાન આવી ફરી નવપલ્લિત બની ઘણુંજ રમણીય દેખાય છે. એમાં ફળી–ચપટીશીંગો થાય છે તેમાં એક કે બે બીજ હોય છે, તેને પલાશપાપડો કે પિતપાપડો કહે છે, બીજ, ફુલ, પાન, મૂળ વગેરે દરેક વસ્તુ એની દવાના કામમાં વપરાય છે. પાનની પતરાવળી કે દડીઆ બહુજ સારા બને છે અને તે આરોગ્યની નજરે ગુણકર્તા છે. ખાખરાની બે જાત આવે છે, રાતાપુલ અને સફેદપુલની. પરંતુ સફેદપુલની કવચિતજ મળે છે. બીજી એનેજ મળતી એક જાત વેલરૂપે થાય છે, ખાખરાનાઝાડમાં ગુંદ–લાખ થાય છે એ પણ દવાના કામમાં વપરાય છે. આ ઝાડનું લાકડું પવિત્ર હોવાથી યજ્ઞના કામમાં પણ વપરાય છે. ખાખરો એ પવિત્ર વનૌષધિ છે.

ગુણ : એનાં બીજ કૃમિઘ્ન, ભેદન અને કુષ્ટઘ્ન છે, ફુલ પીડાશામક, મૂત્રવર્ધારનાર છે, ગુંદ ગ્રાહી છે, એનાં મૂળનો અર્ક પૌષ્ટિક, શુક્રવર્ધક તથા અનેક પ્રકારના નેત્રરોગનાશક છે, કુમળાપાન કૃમિ અને વાયુને મટાડનાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદ્યક નજરે એનાં ગુણો, ઉષ્ણ, તુરો, વૃષ્ય, અગ્નિદિપક, સારક, કડવો, સ્નિગ્ધ, ગ્રાહક, ભાંગેલાહાડને સાંધનાર છે. બીજ ઉષ્ણ, તીખાં તથા કૃમિનાશક છે.

ઉપયોગ : આયુર્વેદનાં પુસ્તકો જોતાં ખાખરાનો ઉપયોગ તેમાં અનેક દરદોપર કરવામાં આવેલો જણાય છે. આજકાલનાં વૈદ્યો એને બહુજ ઓછા પ્રમાણમાં વાપરે છે, કેટલાક વનસ્પતિ શોધન કરનાર ડૉકટરોએ એના અમુક ગુણોની સારી પ્રશંશા કરેલી જણાય છે, કેસુડાં એટલે ખાખરાનાંફુલનો પાણીમાં ઉકાળીને રંગ તૈયાર કરે છે એ રંગ ઘણોજ સુંદર અને પાકો બને છે, હોળીના ઉત્સવમાં લોકો એ રંગની પીચકારીઓ ભરી એક બીજા ઉપર નાંખે છે અને વસંતમાં આનંદ માણે છે.

ખાખરાનાં ફળ–બીજને દવા તરીકે ઘણી જગાએ વાપરે છે પેટનાંકૃમિ માટે તેનું ચૂર્ણ મધ કે ગોળમાં આપે છે તો બે ચાર દહાડા દેવાથી પેટનાં કૃમિ નીકળી જાય છે, એનાં બીજ ચપટાં જરા લાલરંગના પૈસાની આકૃતિ પ્રમાણે હોય છે તે સંભાળી દવા માટે રાખે છે. ફુલ પણ સુકવી સંભાળી રાખે છે, મૂત્રપિંડમાં સોજો કે કંઇ વિકાર થવાથી પેશાબ છુટથી ન આવે ત્યારે કેસુડાનો કવાથ કરી પીવા અપાય છે તેમજ બાફેલાં ફુલો પેહુપર બાંધે છે તો સર્વ વિકારો મટી પેશાબ છુટથી આવવા લાગે છે, વળી ખાખરાનાપંચાગને બાળીને તેની રાખમાંથી પલાશક્ષાર બને છે તે લેવાથી પેશાબનાંદરદો અને પથરી પણ મટી જાય છે, એ ક્ષારમાં પકાવેલું ઘૃત સ્ત્રીઓનો રક્તગુલ્મ મટાડે છે, ખાખરાનાંબીજ તથા ઉમરડાનાંફળને વાટી તેલ તથા મધમાં મેળવી યોનીમાં લેપ કરવાથી યોની મજબુત બને છે, વીર્યવાન પુત્ર પેદા કરવા માટે ગર્ભિણીસ્ત્રીએ દૂધની સાથે એનું એક પાન વાટીને પીવું જોઇએ. એના ક્ષારનુંપાણી તો. ૧૨,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીકટુ તો. ૧ અને ઘી તો. ૪, એનું ઘી પકાવી ખાવાથી હરસ મૂળમાંથી મટી જાય છે. ગર્ભધારણ ન થાય એ માટે વાવડીંગ, ટંકણખાર અને ખાખરાનાંખીજનુંચૂર્ણ ઋતુસ્નાતા સ્ત્રીએ ત્રણ દહાડા લેવું તથા એ ચીજોનો લેપ સંયોગ પહેલાં કરવો તો બીજ ધારણ થઇ શકતું નથી, વીંછીનાઝેરને મટાડવા માટે ખાખરાનાંખીજને આકડાનાદૂધની થોડીક ભાવના આપી પછી તે બીજની ગોળા કરી રાખવી, આ ગોળીને પાણીમાં ઘસી ડંખવાળી જગાપર લગાડવાથી ઝેર તુરત ઉતરી જાય છે, ખાખરાનાંપાનનુંચૂર્ણ, સવાર સાંજ અર્ધ અર્ધ તોલો મધ અથવા ઘીમાં ચાટી ઉપર દૂધ પીવું, એક વર્ષલગી કરવાથી જીવનશક્તિ વધે છે અને વૃદ્ધાવસ્થા આવતી નથી.

ખાખરાના ક્ષારના પાણીમાં ઝીણીપીપર પલાળી સુકવી રાખવી. આ પીપર દરરોજ પાંચ પાંચ એક વખત ખાવાથી છ થી બાર માસ લગી ખાવાથી જઠરાગ્નિ ખુબ તેજ બને છે અને ગુલ્મ, બરોળ મટી શરીર બળવાન બને છે ક્ષય વગેરે રોગ થવાજ પામતો નથી અને શરીર કંચન જેવું બને છે.

ખાખરાનાથડમાં ખાડો કરી તેમાં લીલાંઆંબળા ભરી પછી તેને બંધ કરી ઉપર માટી ચોપડી પછી તેનાપર અગ્નિનો તાપ કરવો, બે કલાક પછી બોલી અંદરથી બાફેલાં આમળા લઇ લેવા, એ આંબળાનો અવલેહ કરી લેવો કે પછી તાજાં દરરોજ બે ચાર આંબળા ખાવા અને દૂધ પીવું. શાંત જગાએ રહેવું, આ કલ્પને કાયાકલ્પ કહે છે, એથી વૃદ્ધાવસ્થા આવતી અટકાવી શકાય છે, ખાખરાનો સ્વરસ ક્ષયને મટાડે છે, કેન્સર જેવા દરદમાં પણ ખાખરો વાપરી શકાય તેમ છે તેનાથી દુષ્ટ વ્રણો મટે છે, ખાખરાનાંખીજને લીંબુનારસમાં ઘસી કે વાટીને ચોપડવાથી દાદર મટી જાય છે, જો કે બળતરા થાય છે ખરી. ખાખરાનાંખીજને પાણીમાં પલાળી સુકવી પછી તેની ઉપરની છાલ કાઢી બારીક વાટી રાખવું, પછી તેમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ ગ્રેન દીવસમાં ત્રણ ચાર વખત લેવું એ ત્રણ દિવસ લેવાથી પેટનાંકૃમિ બરાબર નીકળી જાય છે. એમ ડૉ. વોરીંગ જણાવે છે.

બાબરાનોગુંદ ગ્રાહી છે, અને તે હીરાદખણની જગાએ કામ આવે તેવો ગુણયુક્ત છે. બીજનો ગુણ સેન્ટોનીનને મળતો છે એમ કેટલાક ડૉકટરો પણ જણાવે છે. સફેદ બાબરો રસાયનના કામમાં વપરાય છે અને તે બુદ્ધિવર્ધક છે, પણ તે મળવો બહુજ મુશ્કેલ છે

સ્વ. વૈદ્યરાજ અમૃતલાલ પઢીઆર તરફથી એક લેખ પ્રગટ થયો હતો અને તેમાં એમણે બાબરાનાંમૂળ લાવી અર્ક કાઢવાનું બતાવેલ હતું, આ અર્ક નેત્રનાં અનેક રોગને મટાડે છે. આજકાલ પ્રતિષ્ઠિત ફાર્મસીઓમાં નેત્રરોગને માટે એનો અર્ક, ખુબ વેચાય છે અને તેનાં પરિણામો પણ સારાં દેખાતાં જણાય છે, ચારઆને એક બાટલી સસ્તામાં મળતી આ દવા મુંબઇનાં નામાંકિત નેત્રનાં અંગ્રેજી વૈદ્યો પણ પોતાના દરદીઓને છુટથી વાપરવા આપી રહ્યા છે એ અમોએ અમારી નજરે જોયેલું છે.

બીજનું ચૂર્ણ ૧૦ ગ્રેન લેવાય છે, અર્કનાં ૫ થી ૧૦ ટીપાં સાકર કે દૂધમાં લેવાય છે, નેત્રરોગમાં બે પાંચ ટીપાં શળી ભરી આંખમાં નાંખી શકાય છે, ક્ષાર ૪ થી ૮ રતી પાણીમાં લઇ શકાય છે એની થોડીક બનાવટો અમારા ગ્રન્થોમાં નીચે મુજબ આપેલી છે

(૧) કૃમિમુદ્ગરરસ પૃષ્ટ ૨૬ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ,
(૨) ગર્ભાંકુશયોગ પૃષ્ટ ૨૨૫ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધ,
(૩) કૃમિઘ્નચુર્ણ પૃષ્ટ ૧૬ વૈદ્યકપારિજાત ભાગ ૧ માં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪ બીલી

N. O. Aurantiaceæ (ઓરેન્શિએસીઇ)

સં. બિલ્વ, શ્રીફલ: **હિં.** બેલ, **મ.** બેલ, **બં.** બેલ.

વર્ણન: બીલાંના મોટાં ઝાડ થાય છે, પંજાબ અને બંગાળમાં આ ઝાડનું વાવેતર કરવામાં આવે છે, બાગ–બગીચા–વાડી અને જંગલમાં એનાં મોટાં ઝાડ સુંદર દેખાય છે. ગરમીના દહાડામાં એની છાંયા બહુજ આરામ આપનાર છે. જંગલી ઝાડ કરતાં બગીચામાં વાવતર કરેલ બીલફળ ગુણમાં ચડીઆતું અને નિર્દોષ ગણાય છે, બીલ એ પ્રાચીન વખતથી વપરાતી પવિત્ર વનસ્પતિ છે, વેદકાળથી એનો ઉપયોગ આર્યજાતી કરે છે, મહાદેવના પૂજનમાં બીલીનાંપાન વપરાય છે. એનાં પાન ત્રણ ત્રણ એક સાથે ત્રિદળરૂપમાં હોય છે. દવામાં બીલીનાંમુળ–મુળાનીછાલ, પાન અને ફળનો ગરભ વપરાય છે લોકો બીલફળ ખાઇ અનેક દહાડા એનાપર ગુજરો પણ કરે છે ખાવામાં તેમજ દવામાં બીલફળ હમેશાં કાચાં હોય તેજ વાપરવાં જોઇએ, પાકાં ફળો દુર્જર તેમજ અગ્નિમંદ કરનાર ગણાય છે, એની મોસમ દિવાળી આસપાસ શરૂ થાય છે, અસાડ માસમાં એનાં ફળ ખાવાની મનાઇ કરેલી છે કેમકે એથી ઝાડા થાય છે બજારમાં ગાંધીલોકોને ત્યાં બીલફળનોમગજ વેચાય છે તથા મુરબ્બો પણ મળે છે. દશમુળમાં બીલીનાંમુળ એક મુખ્ય દવા છે, શિયાળામાં એનાં ફળ લાવી ભાંગી સુધવી અંદરનો મગજ દવા માટે બંધ વાસણમાં સંભાળી રખાય છે અને તે ફળના મગજને દવામાં વાપરી શકાય છે વાપરતી વખતે બીલફળનું મગજ શેકીને વપરાય છે પાનનોરસ દવામાં વપરાય છે પરંતુ પાનમાંથી રસ નીકળતો નથી જરા પાણીની છાંટ આપવા પછી રસ છુટો પડે છે, એનો મગજ હમેશાં દવા માટે તાજો વાપરતાં ગુણ બરાબર આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણ : (મગજ) સ્નિગ્ધ, ગુરૂ, દીપન, ગ્રાહી, આંતરડાને બળ આપનાર છે, (પાન) કટુપૌષ્ટિક, જવરહર, સોજાનેહરનાર, કફકાઢનાર, વ્રણ શુદ્ધ કરી રૂઝ લાવનાર છે. (મુળ) શામક, નિદ્રા લાવનાર તથા વાતહર છે, (પાકેલાંફળ) દાહક, મધુર, ગ્રાહક, ઉષ્ણ, કડવાં, દુર્જર વાતલ તથા મંદાગ્નિ કરનાર છે.

ઉપયોગ : બીલીનુંમગજ એ ઘરગથુ દવા છે, એનો ઉપયોગ દેશી અંગ્રેજી વૈદ્યો તેમજ હકીમો પણ કરે છે. બીલીનામગજને જરા બાંડી પછી શેકી તેનું ચૂર્ણ કરી તે એકલું કે સાકર સાથે અથવા બીજી ચીજો સાથે ચૂર્ણરૂપમાં વપરાય છે, દહીંમાં કે છાશમાં લેવાથી આંતરડાને મદદ કરે છે, પાચનશકિત સુધારે છે, અને ઝાડો, મરડો, રકતાતિસાર, મંદાગ્નિ, જવર, વિષમજવર, સગર્ભાનીઉલટી, હૃદયનોથડકો, પેટપુલવું, બાધાપછી પેટમાં વાયુ થવો કે કબજીઅત અથવા ઝાડા થવા વગેરે મટાડે છે.

બીલફળમાં વરેઆરી, વજ, અતિવિષ અને મોથને મેળવી વપરાય છે. ધાણા કે ભાંગરા સાથે પણ તે લેવાય છે, ઇંદ્રયવ અને શુંઠ સાથે પણ લેવાય છે એવી ચીજો સાથે લેવાથી પેટને સુધારે છે.

જુનોમરડો, બાળકોનાંઝાડા અને રકતાતિસારમાં બિલ્વાદિચૂર્ણ સરસ ઉપાય છે તેનાં પાકેલાં ફળને પાણીમાં બાફી એમાં સાકર મેળવી શરબત બનાવી લેવાથી ઠંડક આપી પેટને સુધારે છે વળી બીલફળનોમુરબ્બો પણ એજ કામ બરાબર આપે છે. એકલી છાશ કે દૂધ સાથે બીલાંનોમુરબ્બો થોડાક દહાડા લેવાથી પેટની ફરિયાદ ઝાડો, મરડો, આમ, વાયુ, મંદાગ્નિ વગેરે મટે છે.

બીલીનાં પાનનોરસ અનેક જગાએ અનુપાનમાં વાપરી શકાય છે. લગભગ એકસો પાન લાવી છુંદી જરા પાણીની છાંટ આપી પછી તેનો રસ કાઢી એ રસ સવારે પીવાથી પેશાબમાં જતી સાકર બંધ કરી મધુમેહ મટાડે છે, આ ઉપાયથી અનેક દરદીઓને સારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભ જણાયેા છે. લગભગ એ ત્રણ માસ આ ઉપાય પથ્ય સાથે ચાલુ રાખવો જોઇએ. એથી દ્રસ્ત સાફ આવે છે. સોજો મટે છે, કફ છુટો પડે છે. તથા કેટલીકવાર પાનનેા ઉકાળો કરીને લેવાથી દમ, કફ અને કફજ્વર મટે છે. તથા લીવર અને કમળામાં પણ વપરાય છે ઉલટીમાં બીલ્વમુળાનેા કવાથ લેવાથી તે મટે છે, સોજામાં પાનનારસમાં મરી નાંખી અપાય છે, વ્રણ ઉપર પાનને વાટીને બાંધવાથી ફેજ આવી જાય છે, એવીજ રીતે પાનની લુગદી આંવેલી આંખને સુધારી સાફ કરે છે. ફળાનેા કાચેા ગર્ભ તેલમાં પલાળી સાત દહાડા રાખવો પછી એ તેલ ગાળી શરીરપર માલીશ કરવાથી અંગદાહ મટે છે, હાથપગનેાદાહ પણ મટાડે છે.

માત્રા: ચૂર્ણ તેા. ૦ા સુધી, પાનનેારસ તેા. ૨ા સુધી લઇ શકાય છે.

અંગ્રેજી રસશાસ્ત્ર પ્રમાણે એનાં ફુલેામાં એક જાતનું સુગંધી તેલ છે. ફળમાં ચીકાશદાર ગુંદ છે અને તે જંગલી ફળેામાં વધારે છે.

બીલીનાંમુળાનેા કવાથ લેવાથી મજ્જાતંતુઓને રાહત મળે છે અને ઉંઘ આવે છે, વાતરેાગ મટાડવા દશમુળ વપરાય છે એમાં બીલીનુમુળ મુખ્ય અસર કરે છે. બીલીનાંફળાનુંતેલ બનાવે છે તે બહેરાપણા માટે ઉત્તમ ઉપાય છે. બીલીનાંપાનમાં તામ્રભસ્મ તથા પારદભસ્મ સરસ બને છે એમ પણ કોઇક લખનાર જણાવે છે.

નીચેની બનાવટેા ખાસ ઉપયેાગી જણાઇ છે.

(૧) બિલ્વાદ્યતેલ પૃષ્ટ ૨૭૮ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ (૨) બાલબિલ્વાદ્યચુર્ણ પૃષ્ટ ૧૩૩, (૩) બિલ્વાદ્યચુર્ણ પૃષ્ટ ૧૩૪ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે. (૪) બિલ્વાદ્યચુર્ણ પૃષ્ટ ૩૨, (૫) બિલ્વાદ્યગુટીકા પૃષ્ટ ૭૯, (૬) બિલ્વાદ્યક્વાથ પૃષ્ટ ૮૦ વૈદ્યક પારિજાત ભાગ ૧–૨ જામાં આવેલ છે. તે સિવાય એનું ચાટણ પણ બની શકે છે જેને શ્રીરાગ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫ ગરમાળો

N. O. Cæsalpinæ (સિસેલ્પાઇનીઇ)

સં. આરગ્વધ, **હિં.** અમલતાસ, **મ.** બાહવા, **બં.** સોંદાલી.

વર્ણન : ગરમાળાની સીંગો કાળી અને એક, બે ફુટ લાંબી સર્વત્ર ગાંધીઓને ત્યાં મળે છે, એના મોટાં ઝાડ થાય છે, એ ઝાડ રસ્તાપર, બાગબગીચાઓમાં વાવવામાં આવે છે, ફુલોની મોસમ હોય ત્યારે એનું ઝાડ ઘણુંજ સોહામણું દેખાય છે. સંસ્કૃતમાં એનું એક નામ રાજવૃક્ષ: છે તે બરાબરજ છે કેમકે તે રાજમાર્ગની શોભામાં ખુબ વધારો કરે છે. લાંબી શીંગો ઝાડમાં લટકતી હોય ત્યારે પણ દેખાવ સુંદર લાગે છે. પાકેલી શીંગોને લાવી સુકવી પછી ગાંધીલોકો વેચવાને માટે રાખે છે, દવામાં એ શીંગમાંથી કાઢેલો મગજ (ગોળ) વપરાય છે તેને ગરમાળાનોગોળ અથવા અમલતાસકાગુદા એ નામથી ઓળખે છે બીજ–છાલ કાઢી બાકીનો મગજ ડબ્બામાં ભરી રાખે છે જે દવાના કામમાં વપરાય છે. ગરમાળાનો ઉપયોગ આયુર્વેદમાં અનેક જગાએ કરેલો છે તેમજ બીજી પેથીવાળા પણ એને વાપરે છે. અનેક જાતના કવાથમાં ગરમાળાનોગોળ આવે છે.

ગુણ : સારક, આનુલોમિક, દાહશામક અને વેદના સ્થાપન કરનાર છે, **પાંદડા** રેચક તથા કફ અને પ્રમેહને મટાડનાર છે, **ફુલ** ઠંડા, ગ્રાહક, તુરાં છે, **ઝાડનીછાલ** રેચક તથા પિત્ત–વાયુનાશક છે. મુખ્ય ગુણ સારક છે.

ઉપયોગ : મળશોધન માટે ગરમાળો ઘણી જગાએ વપરાયલો જોવામાં આવે છે, તાવના દરેક કવાથમાં ગરમાળાનોગોળ વાપરવાનો સામાન્ય રિવાજ છે કેમકે તે જુલાબ સાફ લાવે છે, પેટમાં ચૂંક, આવતી નથી અને વધુ ઝાડા પણ થતા નથી, તે બાળકોને પણ નિર્ભયતાથી આપી શકાય છે. નબળા આંધાની સ્ત્રીઓ તથા બાળકોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે તે ઉત્તમ જુલાબ તરીકે આપી શકાય તેવી દવા છે. આ સર્વ કામ માટે ગરમાળાનોગોળ વાપરવો જોઇએ. એની સીંગ ભાંગતા અંદરથી કાળી પૈસાથી જરા નાની અને પાતળી ચકતીઓ (ગોલ) નીકળે છે તે લઇ પછી એને દવામાં યોજવી જોઇએ, જુલાબની-ગોળી કે ચાટણમાં ગરમાળાનોગોળ વપરાય છે તેમાં આંબલીનોમગજ કે લીંબુનોરસ નાંખી બનાવો તો એ વધુ ગુણકારક અને સ્વાદિષ્ટ બને છે.

લોહીનુંદબાણ ઓછું કરી યકૃતપર સારી અસર કરી પેટ સાફ લાવવા માટે હરડે, સોનામુખી અને ગરમાળાનોગોળ જુલાબરૂપે એ ત્રણે સાથે લેવાય છે. વાતરક્ત, આમવાત, જ્વર, કમળો, યકૃતદોષ, કબજીઅત, કુષ્ટ, કંઠમાળ, પિત્તજ્વર, ઉપદંશ, રતવા, વ્રણ, દરાજ એ સર્વમાં ગરમાળાનો ઉપયોગ થએલો જણાય છે, તેનાં પાન, મુળ કે મગજ એ સર્વ જુદા જુદા પ્રસંગે વાપરી શકાય છે.

ગરમાળાનોગોળ તો. ૦ા થી ૦ા સુધી લેવાથી પેટ સાફ આવે છે, ૧ તોલો લેવાથી વધુ ઝાડા થાય છે.

ગરમાળાનોગોળ ભાગ ૨, પાષાણભેદ ભાગ ૩, ધમાસો ભાગ ૪ અને હિમજ ભાગ ૫, ગોખરૂ ભાગ ૬ લઇ ચૂર્ણ કરી લેવાથી લુ લાગી હોય તો તે મટી જાય છે.

નીચેની બનાવટો ખાસ વાપરવા લાયક જણાઇ છે.

(૧) વિરેચનગુટીકા પૃષ્ટ ૧૩૮ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ
(૨) વિરેચનચટણી પૃષ્ટ ૧૭૧ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે એ સિવાય આરગ્વધાદિકવાથ એની પ્રસિદ્ધ બનાવટ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬ કાલમેઘ

N. O. Acanthaceæ (એકેન્થેસીઇ)

સં. યવતિક્તા, **હિં.** કાલમેઘ, **મ.** ઓલેકિરાઇત. **બં.** કાલમેઘ,

વર્ણન: બંગાળ તરફ વધુ પ્રમાણમાં થતી તેમજ વધારે વપરાતી આ વનસ્પતિ કરિઆતાને મળતી એક જાત છે. મુંબઇ અને મહારાષ્ટ્રમાં પણ એ તાજી મળે છે અને વપરાય છે. આયુર્વેદનાં પ્રાચિન પુસ્તકોમાં એનું વર્ણન જોવાનું મળતું નથી. પણ આજના ડૉકટરો એને લીવર-યકૃત માટે વાપરે છે. ગુજરાત તરફ આ વનસ્પતિનો પ્રચાર બહુજ ઓછો છે એટલુંજ નહિં પણ તે થતું હશે કે કેમ એ બાબતની પણ હજી વિગત મળી શકતી નથી કેમકે ગુજરાતના લેખકોએ એ બાબત હજી વધુ પ્રકાશ પાડેલ નથી. ડો. વામન ગણેશ દેશાઇ પોતાના ઔષધી સંગ્રહમાં એનું વર્ણન પૃષ્ટ ૫૬૨ ઉપર આપી ચૂકેલ છે અને તે ઠીક છે,એથી વધુ માહિતિ બંગાલી વૈદ્ય-કવિરાજો પાસેથી મળે છે. બંગાળી વૈદ્યો એને ખુબ વાપરે છે. સંસ્કૃતમાં યવતિક્તાનું નામ પણ એમણેજ લખેલું છે. તેઓ એને અનુપાન તરીકે તેમજ સ્વતંત્ર દવા તરીકે બરાબર વાપરે છે એટલુંજ નહિં પણ ત્યાંના ડોશી વૈદ્યોમાં પણ એને સારૂં સ્થાન મળેલું છે.

આ વનસ્પતિનાં નાનાંછોડ મરચા જેવડાંજ થાય છે તેમાં સફેદફુલ હોય છે અને તેમાં નાનીશીંગ પણ થાય છે એની પેદાશ વરસાદ થયા પછી પોતાની મેળેજ ઉગી નીકળે છે. ઘણેભાગે છાંયડામાં વધારે થતું જણાય છે. વરસાદ આખરે તેને લાવી છાંયે સુકવી સંગ્રહ કરી રખાય છે. કલકત્તાની બજારોમાં છુટથી મળી શકે છે. અહિં મુંબઇની બજારમાં પાલો વેચનારને ત્યાં બાંધેલી ઝુડીઓ મળે છે પણ તે ચોમાસાની આસપાસ મળે છે પછી મળતું નથી.

ગુણ: કડવું, દિપન, કટુપૌષ્ટિક, જ્વરઘ્ન અને યકૃત રોગપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ અસર કરનાર છે. નબળાં તેમજ નાની ઉંમરનાં દરદીઓ (બાળક) માટે તે વધુ અસરકારક જણાય છે.

અંગ્રેજી વૈદ્યકના મત પ્રમાણે એમાં 'કાલમેઘીન' નામક એક સુક્ષ્મતત્વ છે ઉપરાંત તેમાં સોડા, પોટાશ અને લવણક્ષાર છે તેનું લીકવીડ એકસ્ટ્રેટ બજારમાં કલકેતાની ફાર્મસીઓ (અંગ્રેજી દવા બનાવનારાઓ) બનાવી વેચે છે અને તે ડૉકટરોને ત્યાં વપરાય છે.

ઉપયોગ : આ વનસ્પતિ કરીઆતાને મળતી હશે પણ ગુણની નજરે તેનાથી જુદીજ છે. તે બાલરોગમાં અને યકૃતવિકાર તેમજ તેથી આવતા તાવમાં વધારે લાભકારક જણાય છે નાનાં બાળકો માટે ડોશીઓ તેની એક દવા બનાવી વાપરે છે જેનું નામ બંગાળામાં 'આલુપ' છે તેમાં અજમો ભાગ ૧ લવંગ ભાગ ૧ મોટીએલચીનાંબીજ ભાગ ૧ બારીક કરી તેને કાલમેઘના સ્વરસમાં ઘુંટી ત્રણભાવના આપી સુકવી લેવું. બાળકોને માટે ઉત્તમ છે, મધમાથે બે રતી દવા સવાર સાંજ આપવી, યકૃતનાં અનેક દરદો મટાડે છે, કડવી અને દિપન પાચન છે. બીજી બનાવટ નવાયસલોહ ને બદલે કાલમેઘનવાયસ બંગાળામાં વપરાય છે, તેમાં ૯ ભાગ લોહ, ૯ વસાણું મૂળપાઠમાં છે તે અને ૯ તોલા કાલમેઘચૂર્ણ લઇ પછી તેને ૯ ભાવના કાલમેઘનારસની અપાય છે આ દવા આપણી નવાયસ કરતાં વધુ સરસ કામ કરે છે એ સિવાય કાલમેઘઆસવ અને કાલમેઘવટી બને છે તથા એક તિક્તભુવનેશ્વરરસ બને છે જેમાં ત્રીફળા ભાગ ૩, સિંધવ ભાગ ૧, અજમો ભાગ ૧, કાલમેઘ ભાગ ૧, દારૂહળદર ભાગ ૧, વાવડીંગ ભાગ ૧નું ચૂર્ણ કરી તેને લીંબુનારસમાં ઘુંટી રખાય છે. આ બનાવટ પણ બાળકોનાંતાવ, યકૃત, મંદાગ્નિ માટે વપરાય છે. મલેરીઆની જીર્ણ અસર પછી કરીઆતાને બદલે કાલમેઘ આપવાથી વધુ સારો લાભ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉ. કે સી. ઓઝ લખે છે કે કાલમેઘ લેવાથી યકૃતદોષ મટે છે તાવ, સોજા, મંદાગ્નિ, આંતરડાની નબળાઇ વગેરે મટી શરીર સ્વાસ્થ્ય સુધરે છે અને પાચન બળવાન થાય છે, પિત્તદોષને મટાડવા માટે તથા મલેરીઆની ઝેરી અસર દૂર કરવા માટે આનું નિયમિત સેવન કરવાથી સારો લાભ થાય છે.

તાવપછીનીનબળાઇમાં દ્રાક્ષાસવ સાથે જો એનો રસ આપવામાં આવે તો નબળાઇ જલદી મટે છે અને પાચનશક્તિ તુરત સુધરે છે.

માત્રા: પાનનુંચૂર્ણ ગ્રેન ૧૦, પાનનોરસ ૩૦ થી ૬૦ ટીપાં. ક્વાથ અષ્ટમાંસ હોય તો તોલો ૧ આપી શકાય છે.

બાળકો માટે આ ઔષધ ઘણુંજ ઉપયોગી જણાય છે, કડવીફાકી જેનો પાઠ ઉપર 'આલુઈ' નામની બનાવટ આપેલ છે તે ખાસ વાપરવા યોગ્ય બનાવટ છે. તેનાથી અજીર્ણ, પેટનુંશુળ, કબજીઅત કે ઝાડા વગેરે મટે છે.

કાલમેઘને બાળીને તેનો ક્ષાર બનાવી જો ફક્ત યકૃત–પ્લીહાની બિમારીમાં વપરાય તો તે ઘણુંજ સારૂં કામ આપે એમ અમારૂં માનવું છે. કલકત્તાના એક ડૉકટર લીવરઓેાર નામનો એક ક્ષાર આપે છે જે કદાચ આવીજ બનાવટ હોય એમ અમારૂં અનુમાન છે.

નીચેની બનાવટો અમારા પુસ્તકોમાં આપેલી છે.

(૧) કાલમેઘવટી પૃષ્ટ ૫૮, (૨) કાલમેઘઆસવ પૃષ્ટ ૧૪૮ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે. વધુ વર્ણન આરોગ્ય-સિન્ધુ ૧૯૪૦ના બીજા અંકમાં પૃષ્ટ ૨૬ ઉપર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭ અતિવિષ

N. O. Ranunculaceæ (રેનન્કયુલેસી)

सं. અતિવિષા, **हिं.** અતીસ, **म.** અતીષ, **बं.** આતઇચ.

વર્ણન: ગુજરાતીમાં આપણે એને અતિવખનીકળી એ નામથી ઓળખીએ છીએ, બજારમાં ગાંધીઓને ત્યાં એના નાનાં મુળીઆં બારેકનાં કડીઆથી જરા મોટાં અને જાડા હોય તેવાં ભુખરા કે કાળાશ રંગની છાલ જેવો દેખાવ હોય તેવાં મળે છે. ભાંગી જોતાં અંદરથી સફેદ દેખાય છે, એનાં નાનાં છોડ હિમાલયના ઉંચા પ્રદેશમાં લગભગ દરિયાની સપાટીથી આઠ દશ હજાર ફીટ ઉંચાઇવાળી જગ્યાપર કરલીનાં છોડને મળતો છોડ થાય છે. જુના વખતથી એનો ઉપયોગ આયુર્વેદમાં થતો આવેલ છે એટલુંજ નહિ પણ એ ઘરગથુ દવા તરીકે પણ ઘણીજ પ્રસિદ્ધ ઔષધી છે, વચ્છનાગ, વખમો અને અતિવિષ એકજ પ્રકારની વનસ્પતિ છે. વચ્છનાગ ઝેરી છે જ્યારે વખમો અને અતિવિષ નિર્દોષ છે બજારમાં લેવા જતાં ઘણીવાર ગાંધીલોકો અતિવિષને બદલે વખમો આપી દે છે કેમકે અતિવિષ બહુ મોંઘી મળે છે, વખમો સસ્તો મળે છે જો કે વખમાનાં ગુણો અતિવિપને મળતાજ છે છતાં અતિવિષ ગુણમાં ઘણીજ ચડીઆતી અસર કરે છે. ગોળાઇ કળીદાર મેલા કે સફેદ રંગની કળી હોય તે દવામાં વપરાય છે મુળ નહિં પણ કળી લેવી જોઇએ એમાં પણ મીઠી અને કડવી એવી બે જાતો કહેવાય છે પ્રાચિન ગ્રન્થોમાં ધોળી, રાતી, પીળી, કાળી એવી ચાર જાત ગણેલી છે, ધોળી એ સર્વશ્રેષ્ઠ ગણાય છે. ડબ્બામાં ભરી રાખવાથી તે જલદી સડી જાય છે એટલા માટે તેને રેતીમાં દાટી રાખે છે તેથી સડતી નથી.

ગુણ: ગરમ, તીખી, કડવી, અન્નને પચાવનાર, અગ્નિપ્રદિપ્ત કરનાર, કફ, પિત્ત, અતિસાર, મરડો, ઝેર, ખાંસી, ઉલટી, તાવ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃમિ મટાડે છે. ઝાડા, મરડો, સંગ્રહણી અને પિત્તદોષને મટાડનાર છે. કફને શમાવે છે તથા મલેરીઆ જેવા તાવને મટાડે છે તેમજ અટકાવે છે. તાવ મટયા પછીની નબળાઇ મટાડવા ઉતમ ટૉનિક છે. ટૉનિક તરીકે નાની માત્રામાં અને જવરઘ્ન તરીકે મોટી માત્રામાં અપાય છે. તાવ રોકવા ૩૦ ગ્રેન અને પૌષ્ટીક તરીકે ૧૦ ગ્રેનની માત્રામાં આંપી શકાય છે. સૌથી પ્રસિધ્ધ ગુણ બાળરોગ માટે અતિવિષ ઉતમ ગણાય છે અને તે બાળદવા તરીકે ઘણીજ પ્રસિધ્ધ દવા છે. જો કે તેનું નામ અતિવિષા છે પણ તે નિર્વિષાજ છે અને બાળકો માટે તો અમૃત સમાનજ છે.

ઉપયોગઃ બાળકોની તમામ બિમારીમાં જેવા કે તાવ, ખાંસી, અરૂચી, ઉલટી, ઝાડા, શરદી વગેરે માટે લેવાની વારંવાર ભલામણ કરે છે. એટલુજ નહિં પણ આપણા ઘરોમાં એ બાળદવા તરીકે પણ વપરાય છે. પીપરૂ, કાકડાશીંગ નાગરમોથ અને અતિવિષ એ બાલદવાની એક બનાવટ છે એવી જુદી જુદી દરેક બનાવટોમાં અતિવિષ મુખ્ય ભાગે આવે છે. નાનાં બાળકને તેની માત્રા બેથી ચાર ગ્રેન જેટલી અપાય છે.

ટાઢીઆતાવ માટે અતિવિષ. મરી, કાંકચનું ચૂર્ણ કે પછી એમાં એકાદ બીજી ચીજ મેળવીને લેવાથી તાવ અટકે છે. અને કવીનાઇન જેવી માઠી અસર ના બતાવતાં તાવ મટાડી શરીર સુધારી આપે છે, ક્ષયનાતાવમાં, સુવાવડીનાતાવમાં તેમજ બીજા દરેક તાવમાં તાવ ઉતારનાર, અટકાવનાર તરીકે અતિવિષ ઉત્તમ ગણાય છે, તે પેટનાં કૃમિને પણ મટાડે છે.

બાળકોને થતી ઉલટી અને ઝાડા માટે પણ એનો ઉપયોગ કરી શકાય છે એવીજ રીતે ઝાડા–મરડાના દરેક ઉપાયોમાં અતિવિષનો ઉપયોગ થએલો જોવામાં આવે છે. જે તાવની સાથે ઝાડા હોય ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતિવિષ તાવ તથા ઝાડાને પણ મટાડે છે, પણ જ્યાં કબજીઅત હોય ત્યાં અતિવિષ સાથે કંઇ આપતાં ઠીક અસર કરે છે. અતિવિષ મોટી ઉમરનાં માણસો કરતાં બાળકોને વધુ માફક રહે છે. એટલુંજ નહિ પણ અતિવિષ સાથે બીજાં કોઇ સુગંધીદ્રવ્ય મોથ–વખમો–વજ લેવાથી સારી અસર બતાવે છે. પ્રાચિન પુસ્તકોમાં ચરક, સુશ્રુતના સમયમાં અતિવિષ તાવ માટે એકલી વાપરી નથી એટલુંજ નહિં પણ ઝાડા–મરડા માટે બીજાં દ્રવ્યો સાથે અનેક જગ્યાએ વાપરવાનું જણાય છે. વાવડીંગ સાથે કૃમિનાશક તરીકે વાપરવાનું પણ જણાય છે. બાળકોનાતાવ, બાંસી, ઝાડા, અરૂચી વગેરે માટે આ દવા નિર્ભય અને ઉપકારી છે.

અંગ્રેજી મત પ્રમાણે એમાં એક જાતનું કડવુંસત્વ અને ટેનીકએસીડ છે. પણ એ ઝેરી જણાયું નથી.

બજારમાંથી સારી સફેદ, ડાંખ વગરની કઠણ અને ભારે વજનની કળી લાવી ચૂર્ણ કરી દવામાં વાપરવી જોઇએ, સડેલી, કાળી કે હલકી ગુણ આપતી નથી.

નીચેની બનાવટો અમારા વૈદ્યક પુસ્તકોમાં આપેલી છે. જેમાં અતિવિષ બાસ આવે છે.

(૧) શૃંગ્યાદિચુર્ણ પૃષ્ટ ૨૦૬ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ, (૨) અતિવિષાદિગુટીકા પૃષ્ટ ૪૮, (૩) બાલબિલ્વાદિચુર્ણ પૃષ્ટ ૧૩૩, (૪) બાલાર્ક (પ્રવાહી) પૃષ્ટ ૨૧૮ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે તથા (૫) બાલચાતુરભદ્રચુર્ણ પૃષ્ટ ૪, (૬) બાલરોગ્યચુર્ણ પૃષ્ટ ૪, (૭) અતિસારહરીવટી પૃષ્ટ ૧૬, અનૂભૂત-પ્રયોગાવલી ભાગ ૧ લો તેમજ (૮) બાળદવા પૃષ્ટ ૭૭, (૯) બાલભૈરવવટી પૃષ્ટ ૭૮ વૈદ્યકપારિજાતમાં આપેલ છે તે જોઇ લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮ અરડુસી

N. O. Acanthaceæ (એકેન્થેસીઇ)

सं. वासक, वासा, **हिं.** अडूसा, **म.** अडुळसा, **बं.** बाकस.

વર્ણન: અરડુસી ઘણીજ જાણીતી અને બહુ વપરાતી વનૌષધી છે. તે બાગ બગીચામાં, વાડી-જંગલોમાં સર્વત્ર આખા દેશમાં દરેક સ્થાનમાં પેદા થાય છે. તેનાં ઉચ્ચ ગુણોને લઇ અંગ્રેજી વૈદ્યો પણ એનો છુટથી ઉપયોગ કરી રહ્યા છે.

અરડુસીનાં છોડ–ઝાડ કમરથી માથોડા પુર ઉંચા થાય છે, બાગ બગીચામાં વાવેલી જાત જંગલી જાત કરતાં ઘણીજ સરસ અને પુષ્ટ હોય છે. જુનાં ઝાડ કેટલીકવાર માથોડાંથી પણ ઉંચા જોવામાં આવે છે. એમાં સફેદ અને કાળી એવી બે જાત જોવામાં આવે છે. પણ વપરાશમાં તો આ સફેદ કે જેને વાસા કહે છે તેજ આવે છે. એનાં પાન જમરૂખને મળતાં પણ કુણાં તથા મોટાં થાય છે, દવાના કામમાં પાન, પાનનોરસ, મૂળ. મૂળનીછાલ, ફુલ એ સર્વ વપરાય છે, છેવટે પંચાગને બાળી રાખ કરી તેનો ક્ષાર બનાવી તે કામમાં લેવાય છે એને વાસાક્ષાર કહે છે. સાધારણ દવામાં વાપરવા માટે એનાં પાન લાવી છાંયે–તડકે સુકવી દવા માટે સંભાળી રખાય છે. પાન હંમેશાં તાજાં પાકેલાં પુષ્ટ લેવાં જોઇએ. કેમકે કાચાં-કુમળાં પાનમાં દવાની અસર ઓછી હોય છે. આયુર્વેદમાં અરડુસીનો ઉપયોગ અનેક સ્થળે અનેક રોગોમાં સ્વતંત્ર કે બીજી દવા સાથે કરવામાં આવેલ છે. અરડુસી એ એક ઘરગથુ ઔષધિ છે અને તેને સર્વ કોઇ જાણે છે.

ગુણ: કફઘ્ન, રક્તસ્થંભક, જ્વરઘ્ન, ઉત્તેજક, કફને કાઢનાર, શ્વાસનળીને મૃદુ બનાવનાર, તિક્ત, કટુ, શીત અને કાસ તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્વાસને મટાડનાર છે, ક્ષય, રક્તપિત, કમળો, તાવ, શીતપિતને મટાડવા માટે પ્રસિધ્ધ છે. તેનાં પાન, ફુલ અને મુળ દરેકના ગુણમાં જરા જરા ફરક જણાય છે. ફુલઃ તિક્ત, કટુ, જ્વરઘ્ન, મુત્ર વધારનાર, લોહીની ગરમી ઘટાડનાર અને સંકોચ વિકાસક અટકાવનાર છે; મૂળઃ જ્વરઘ્ન, મૂત્રલ, કફ કાઢનાર, ચોકસ વખતે આવતા તાવને રોકનાર, કૃમિઘ્ન તેમજ શોથહર છે. પાન કરતાં મુળમાં કફ કાઢવાનો ગુણ વધારે છે. પાન અને મુળ કરતાં ફૂલમાં સંકોચ વિકાસ પ્રતિબંધક ગુણો વધારે છે. પાન સ્વેદ વધારનાર છે, કફને છુટો કરવો તેમજ ખાંસીને આવતી રોકી કફને પાતળો કરવો આ ગુણ અરડુસીમાં મુખ્ય જણાય છે. ક્ષય-તાવ અને રક્તપિતમાં તે ખુબ છુટથી વાપરવાનો ચાલ છે.

ઉપયોગઃ વાસાવલેહ, વાસાસવ, વાસાપુટપાક વગેરે બનાવટો ક્ષય–ખાંસી–શ્વાસ–રક્તપિત્ત માટે જગપ્રસિદ્ધ છે ઉપરાંત તેનાં પાનનારસમાં મધ મેળવીને તેમાં જરા પીપર નાંખી લેવાથી ખાંસી કફ–દમ વગેરે મટે છે. ખાંસીમાં પડતું લોહી કે પછી લોહીની-ઉલટીને પણ તે મટાડે છે. ક્ષયના દરદીને તાજોરસ આપવાથી સારો લાભ બતાવે છે.

वासायां विद्यमानायामाशायां जीवितस्य च।
रक्तपित्ती क्षयी कासी किमर्थमुपसीदति॥

જીવવાની આશા છતાં અને વાસા-અરડુસી વિદ્યમાન એટલે હાજર છે તો રક્તપિત, ક્ષય અને ખાંસીના રોગવાળા શા માટે પીડાય છે ?

ક્ષયના દરદીને વાસા વખતસર આપવામાં આવે તો ખરેખર ઘણુંજ ઉતમ કામ કરી આપે છે. આ માટે તો શંકા રાખવા જેવું કંઇ છેજ નહિં, બાકી તો મૃત્યુના મુખમાં પડેલા ક્ષયના જુના દરદમાં કદાચ એ દવા કામ ન પણ કરે! કફને છુટો પાડી ખાંસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટાડે છે, તથા દરદીને રાહત આપી રાત્રે સારી ઉંઘ લાવે છે. બાળકોની સસણીમાં પણ એનો પુટપાક બનાવીને મધ સાથે આપવાથી જલદી લાભ બતાવે છે, એવીજ રીતે ન્યુમોનીઆ (કફપ્રધાન ત્રિદોષજ્વર) માં તેની સારી અસર થાય છે. જુના દમના દરદમાં એના પાનનું ચૂર્ણ નાખી બનાવેલી કાગળની બીડી પીવાથી લાભ થઇ જાય છે. વાસાસ્વરસ કે તેના કવાથમાં કે કેલ્શીયમહાઇપોફોસફેટ મેળવી શરબત બનાવી તે નાપરવાથી ક્ષય, ખાંસી, છાતીનાંદરદો વગેરે મટે છે. કફજન્ય ખાંસી, પિત્ત–કફજ્વર, મુત્રદોષ–કીડનીનુંદરદ હોય કે પછી બીજા કારણે પેશાબ ઓછો કે લાલ થતો હોય ત્યાં એના મુળનોકવાથ ઉતમ અસર કરે છે. હૃદયને બળ આપે છે. જુનાતાવમાં બીજી ઔષધીઓ સાથે લેવાથી તાવ ઘટાડે છે, ક્ષયનાતાવમાં પણ એ રીતે લાભ કરે છે. દમના દરદીને એના પાનની ભુકી સાથે ધતુરાનાપાનનીભુકી મેળવી બીડી બનાવી પીવા અપાય છે. અને તે વધુ સારૂં કામ કરે છે. એનાં પાનનારસમાં ટંકણખાર કે અપામાર્ગક્ષાર મેળવીને આપવાથી ગળાની અડચણ જલદી દુર કરી કફને છુટો કરે છે. ભોંરીંગણી, ધમાસો, નાગરમોથ અને સુંઠનોકવાથ કરી એમાં એનો રસ તથા ટંકણ મેળવી લેવાથી કફજન્યમસુરિકાનાં ઉપદ્રવો મટે છે. એનાં પાન બાફી પેઢુપર બાંધવાથી પ્રાઇટડીઝીઝ નામનું કીડનીનું દરદ તથા છાતીમાં જામેલો કફ તે જગાએ પાન બાંધવાથી છુટો થઇ જાય છે અને પેશાબ આવે છે, સોજો પણ મટે છે. આમવાતમાં એનાં પાન વાટી લેપ કરી શકાય છે, લોહીવાળા હરસ, રક્તપ્રદર, રક્તાતિસાર, અતિસાર વગેરેમાં તેનો રસ એકલો કે બીજી દવા સાથે અપાય છે અને તે લાભ કરે છે. પાનને સુકવીને તેનું કરેલું ચૂર્ણ ખાંસી માટે ઉત્તમ ઉપાય છે.

એના મુળનો નાભી નીચેના ભાગપર લેપ કરવાથી સુખેથી પ્રસવ થઇ જાય છે અને મુઢગર્ભ નીકળી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોરીંગણી તો. ૧૦, અરડુસી તો. ૮૦, જેઠીમધ તો. ૨૦ એનો કવાથ આઠગણા પાણીમાં કરી ગાળી તેમાં ઉનાબ તો. ૧૦૦, વડગુંદા તો. ૧૦૦, ખતમી તો. ૩, કઠ તો. ૧, ગાવઝબાન તો ૩, પીપર તો. ૧, સાકર તો. ૧૨૦ નાંખી શરબત બનાવી ગાળી રાખવું એનાથી ખાંસી, કફ, શ્વાસ, શ્લેષ્મ વગેરે મટી જાય છે.

એની માત્રાઃ પાનનોરસ તો. ૦।। થી ૧ પાનનું ચૂર્ણ રતી ૨૦, મુળાનીછાલનું ચૂર્ણ રતી ૪ થી ૬, કવાથ અષ્ટમાંસ તો. ૨।।, ફુલ તો. ૦ થી ૦।।, આ બધી ચીજો મધમાં મેળવી તેમાં થોડું કપીપરનું ચૂર્ણ નાંખી આપવાથી સારી અસર કરે છે. કફનીઉલટી કરાવવા રસ તો. ૨।। સુધી અપાય છે.

નીચેની બનાવટો ખાસ વાપરવા માટે જોવા જેવી છે.

(૧) વાસાદ્વિકવાથ પૃષ્ટ ૧૬૯, (૨) વાસાસવ પૃષ્ટ ૨૩૮, (૩) વાસાવલેહ પૃષ્ટ ૨૫૯ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે તથા (૪) વાસાદ્વિકવાથ પૃષ્ટ ૧૧૬ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે. (૫) વાસાઘૃત પૃષ્ટ ૯૨ વૈદ્યકપારિજાત ભાગ ૧–૨ જામાં છે.

એ સિવાય અગ્નિરસ, ભાગોતરવટી, વાસાખંડ, વાસાશરબત અને વાસાપુટપાક વગેરે પ્રસિધ્ધ બનાવટો બીજા અન્ય ગ્રન્થોમાં આવેલી છે.

૨૯ નાગરમોથ

N. O. Cyperaceæ (સાઇપરેસીઇ)

सं. નાગરમુસ્તક, **हिं.** નાગરમોથા, **म.** લવાળા, **बं.** નાગરમૂથા.

વર્ણનઃ મોથની લગભગ ચાર પાંચ જાતો થાય છે, મોથ, નાગરમોથ, ભદ્રમોથ, કેવડીમોથ અને કસેરૂ; ક્ષુદ્રમોથ, જલમોથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવાં એનાં નામો પ્રકારભેદે આપેલાં જણાય છે. મોથ બજારમાં મળે છે, ઘણેભાગે મોટી જાત જેને આપણે નાગરમોથ કહીએ છીએ એજ સર્વત્ર મળે છે, દરેક જગ્યાએ ચોમાસામાં વર્ષાદ થયા પછી ખાડા ખાબોચીયાં અને તળાવમાં પાણી ભરાઇ રહે એવી જગાએ એક ચીઆ નામનું તૃણ–ઘાસ થાય છે એ ઘાસની ડાંડી ત્રણ કે ચાર ધારવાળી હોય છે પાકે ત્યારે તેના પર ફુલોનો ગુચ્છો ઝુમખો થાય છે એ ઘાસ સુકાવા માંડે કે તેનાં મુળીઆં બોદી લાવે છે. એનું નામ મોથ–નાગરમોથ છે, ચીકણી-મટોડીવાળી જમીનમાં ભાદરવા કે આસો માસ પછી એ નીકળી શકે છે, એ ઘાસને ઢોર ખાતાં નથી પણ તેનાં મુળીઆં ડુક્કર બોદીને ખાય છે. સુરત અને દહાણું તરફ નાગરમોથ મોટા પ્રમાણમાં થાય છે, નાની કે મધ્યમ મોટી આશરે કમળાકાકડી જેવડી ગાંઠોના રૂપમાં આ મોથ આવે છે તેની સાથે લાંબા ટચલી આંગળી જેવી જાડાઇનાં જમીનમાં રહેલાં મુળીઆં પણ એની સાથે હોય છે. એ બધા પર ઝીણાં રેશા હોય છે. માટીમાંથી સાફ કરી ધોઇ સુકવી પછી સંભાળી રાખે છે અને એ સર્વ દવાનાં કામમાં વપરાય છે. એમાં સરસ સુગંધ પણ હોય છે, દરવર્ષે તાજી લાવેલી મોથ વાપરવી જોઇએ.

ગુણઃ નાગરમોથ એ સુગંધી દ્રવ્ય છે. વજ્રને મળતી તેની અસર ગણાય છે. કડવી, શીતળ, તિકત, કષાય, દીપન, પાચન, ગ્રાહી, સ્વેદજનન, કફઘ્ન, તૃષ્ણાશામક, ધાવણલાવનાર, ધાવણ શુદ્ધ કરનાર, કંડુનાશક, મુત્રવર્ધક, ઉતેજક તેમજ જંતુનાશક છે.

એમાં ખાસ કરી પસીનો લાવી, પેશાબ છુટ કરવાનો તેમજ હુશીઆરી લાવવાનો ગુણ બરાબર છે.

ઉપયોગઃ નાગરમોથ ઘણે ભાગે બીજા દ્રવ્યોની સાથેજ વધારે જગ્યાએ વપરાતી જોવામાં આવે છે. તેનો ઉપયોગ તાવ અને ઝાડા–સંગ્રહણીના કવાથોમાં બરાબર કરવામાં આવેલો જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકોને એ દવા માફક ગણાય છે. એથીજ બાલચાતુરભદ્રચૂર્ણ અને એવી બીજી બનાવટોમાં વપરાયલી જોવામાં આવે છે. અતિસારમાં તે બીજાં સુગંધીદ્રવ્યોની સાથે અપાય છે.

ધુપેલતેલ અને બીજાં બ્રાહ્મી, આમળાનાં સુગંધીતેલોમાં મોથ ખાસ વપરાય છે. સુવાવડીસ્ત્રીને અપાતા તાવ વગેરેના કવાથમાં મોથ આપવી હિતકારક છે કેમકે તે ગર્ભસંકોચક અને ઉતેજક પણ છે.

તરસ, ઝાડા, દાહ, પિત્તજ્વર, કફજન્યઉલટી, રક્તાતિસાર, વાઇ–અપસ્માર, રતવા, આમાતિસાર, નેત્રનુંચાંદું, ઝાંખ, સંગ્રહણી, હેડકી, વિષમજ્વર વગેરેમાં મોથ વાપરવા આયુર્વેદના પુસ્તકોમાં ભલામણ કરેલી છે. અજીર્ણ, રક્તાર્શ, સૂતિકાજ્વર ધાવણનોદોષ, ધાવણનીકમી વગેરે માટે પણ આ દવા બીજી દવાઓ સાથે કે એકલી આપતાં લાભ થાય છે.

સ્તનપર વાટીને લેપ કરવાથી ધાવણ છુટથી આવે છે. સુગંધી-દ્રવ્યોની સાથે એનો ધુપ કરવામાં આવે છે તેથી જંતુનાશક અસર પણ બરાબર જણાય છે.

નવાપરમીઆમાં તેમજ પરમીઆની બીજી અવસ્થામાં નાગરમોથ આપવી હિતકારક છે એમ સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ જણાવે છે. નાગરમોથનાંમૂળ વાટી લેપ કરવાથી બસ–ખુજલીનીચળ મટે છે. કૃમિનાશક ગુણ પણ એમાં છે, એમપણ તેમણેજ જણાવેલું છે, બાળકોની દવામાં એનો વધુ ઉપયોગ આ ગુણને લઇને પણ થતો હશેજ.

પેટનાં–આંતરડાનાં દરદોમાં બીજી દવાઓ સાથે આપવી ઉત્તમ છે. મૂત્રલ છે તથા કૃમિઘ્ન છે, શુંઠ સાથે આમનાશક છે એમ નવ્યમતવાળા કહે છે.

એની માત્રા ફાંટ માટે ૧॥ થી ૧ તોલો, ચૂર્ણરૂપમાં ૧૨ થી ૨૪ ગુંજ આપી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનીમોથમાં એને મળતાંજ ગુણો છે, વધારામાં તે કેશવર્ધક ગણાય છે વાળને માટેનાં તેલમાં તે વધુ ઉત્તમ છે.

મોથની નાની ગાંઠોને ભાંગી જોતાં અંદરથી જરા રાતો કે સફેદરંગનો પદાર્થ જણાય છે તે સ્ટાર્ચને મળતો અને સુગંધીકારક દ્રવ્ય છે. યુનાની હકીમો નાગરમોથનો ઉપયોગ કરે છે અને તે એને મૂત્રલ, પસીનો લાવનાર તથા લેખન ગણે છે. તાવમાં પસીનો લાવી તાવને ઉતારનાર છે અને તરસ–ઉલટી પણ મટાડનાર છે.

નીચેની બનાવટો ખાસ વાપરવા લાયક છે.

(૧) મુસ્તાદ્વિકવાથ પૃષ્ટ ૧૬૭ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ (૨) મુસ્તાદ્વિચુર્ણ પૃષ્ટ ૧૩૮, (૩) મુસ્તકારિષ્ટ પૃષ્ટ ૧૫૯ વૈદ્યક-ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં આ બનાવટો આવેલી છે.

---

૩૦ અક્કલકરો

N. O. Compositæ (કૉમ્પોઝિટીઇ)

સં. આકારકરભ, **હિં.** અક્કલકરા, **મ.** અક્કલકારા,

વર્ણન : અક્કલકરાનાં મૂળીઆં બજારમાં ગાંધીઓને ત્યાં મળે છે એમાં ખરો અને ખોટો બે જાત આવે છે, જો કે ત્રીજી એક જાત મીઠો અક્કલકરો પણ થાય છે, પરંતુ બજારમાંતો બે જાત મળે છે, એનાં મુળીઆં ચારેક આંગળ લાંબા અને પેનસીલ કે ટચલી આંગળી જેવા જાડાઇમાં ખરબચડી છાલવાળાં હોય છે, ભાંગી જોતાં અંદર સફેદ જેવાં લાગે છે, ઉપરથી તે ભુખરા મેલારંગનાં દેખાય છે, મોઢામાં ચાખી જોતાં જીભપર ખુબ સળવળાટ બતાવે છે, અને થુંકને છુટથી પેદા કરે છે. ખોટા અક્કલકરામાં સુગંધીની ખામી લાગે છે જ્યારે ખરામાં બહુજ તેજ સુગંધી દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં નાનાં છોડ થાય છે, તેની પેદાશ મીસર, અરબસ્તાન, અને આફ્રીકાના આલ્જીરીઆ પ્રાંતમાં થાય છે, અહિં ક્વચિત બંગાળ તરફ થતાં જણાય છે, આપણે ત્યાંતો તે બ્હારના દેશોમાંથીજ બજારમાં વેચાવા માટે આવે છે. દવામાં બરો અક્કલકરો વાપરવાની જરૂર છે. આયુર્વેદનાં પ્રાચિન ગ્રન્થોમાં તેનું કયાંપણ વર્ણન જણાતું નથી પરંતુ શારંગધર અને ભાવપ્રકાશના સમયથી એનો ઉપયોગ આપણે ત્યાં થએલો દેખાય છે. અક્કલકરો એ ઉપયોગી અને જાણીતી દવા છે

ગુણ : ગરમ, ઉષ્ણવીર્ય છે, વાયુ, કફ અને સોજાને મટાડે છે, બળ–પુષ્ટી આપે છે, પિત્ત–કફને મટાડે છે. દંતશુળ મટાડે છે મજ્જાતંતુને બળ આપે છે, મુળનો કવાથમાં ઉપયોગ થાય છે, ચૂર્ણ કે ગોળીનારૂપમાં પણ વપરાય છે વધુ ભાગે પૌષ્ટિક દવાઓમાં એનો ઉપયોગ થએલો જણાય છે.

ઉપયોગ : દાંત દૂખતા હોય ત્યારે એનું ચૂર્ણ ઘસવા માટે આપે છે તથા એને દંતમંજનમાં પણ વાપરવામાં આવે છે. કેમકે તે દાંતના દરદને મટાડનાર છે. કામોત્તેજક ગુણને લઇ બધી બાવાની તેમજ લગાડવાની પૌષ્ટિક દવા–તેલ–પાક અને લેપમાં વપરાય છે, તે સ્થંભક છે અને વીર્યને ઘટ્ટ પણ બનાવે છે. વાયુનાશક હોવાથી રાસ્નાનીજગાએ કવાથમાં વપરાય છે અકકલકરાનુંચૂર્ણ દશથી વીસ રતીભારની માત્રામાં લઇ શકાય છે. યુનાની વૈદ્યકમાં કેટલાક માજુન અને તેલ–લેપમાં કામોત્તેજક દવાઓમા વપરાયેલ છે. આપણે ત્યાં એની "સપ્તશાલીવટી" બને છે જે પ્રીરંગરોગમાં વાપરવા ભાવપ્રકાશમાં બતાવેલ છે, એ સિવાય આકારકરભાદિચૂર્ણ શારંગધરમાં બતાવેલ છે જેનો ઉપયોગ સ્થંભન માટે કરાવાય છે, મંદાગ્નિ, અરૂચી, પેટનોવાયુ, બાંસી, શરદી, ઉન્માદ અને પીનસરોગને માટે અકરકરાદિચૂર્ણની એક બનાવટ પણ વપરાય છે જેમાં અકકલકરો, સીંધવ, ચિત્રક,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમળાં, અજમો, હરડે અને શુંઠ આવે છે. પછી લીંબુનારસમાં ઘુંટી લેવાય છે. એ સિવાય અકકલકરાનું ચૂર્ણ બીજી બે ચાર દવાઓની સાથે મેળવી લીંગપર લેપ કરવાથી સ્થંભનશક્તિમાં ખુબ વધારો કરે છે, એમ પણ જણાવેલું છે કે તેથી સ્ત્રી જલદી દ્રવિત થાય છે. વધુ માત્રામાં અકકલકરો ખાવામાં આવે તો આંતરડાપર માઠી અસર થઇ ત્યાં વ્રણ થઇ આવે છે.

જે છોકરાં તુરત બોલતાં નથી તેમને અકકલકરો ઘસીને જીભે લગાડે છે કે તેનો કટકો ચૂસવા આપે છે. એનાં ચૂર્ણનું નસ્ય કરવાથી શ્વાસાવરોધ મટી જાગ્રતિ આવે છે, એનો ટુકડો ચાવી પછી બીજી દવા લેવાથી તેના બરાબ સ્વાદની બબર જીભને જણાતી નથી, અકકલકરો અને વજ બંનેને ઘસીને પીવાથી આયોડીન અને રેડ-આયોડાઇડ ઓફ મરકયુરીના જીર્ણવિષને શરીરમાંથી કાઢી નાંખે છે.

યુનાનીવૈદ્યકમાં આ ઔષધનું ત્રણમાસમય સુધી સેવન કરવું એ ફેફસાં માટે અહિતકર જણાવે છે.

અકકલકરો લોહીનીગાંઠોને વિખેરનાર છે. તથા લકવા, અડદીઓવા, ગરદન અકડાઇ જવી, સાંધા ઢીલા થઇ જવા વગેરે વાતરોગ માટે તથા સાંધાનીપીડા, ગ્રધસી, ઇંદ્રીયનીશિથીલતા, ધાવણનીખામી, કષ્ટાર્તવ વગેરેમાં એનો લેપ હિતકારક છે. એમ યુનાની વૈદ્યક જણાવે છે, બાબુના અને બોજીદાન નામની યુનાની દવાઓ આને મળતી દેખાય છે પણ તે અકકલકરાની જગાએ વાપરી શકાય એમ નથી.

અકકલકરો ભાગ ૪, ઇંદ્રવારૂણીમુળ ભાગ ૨, નવસાર ભાગ ૩, શાહજીરૂં ભાગ ૨, કઠુ ભાગ ૪, મરી ભાગ ૪ એનું કપડછાણ ચૂર્ણ કરી નસ્ય લેવાથી વાઇ–અપસ્મારનું દરદ મટે છે, દરરોજ આ નસ્ય ચાલુ લેવાની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૌષ્ટિક–વાજીકરણ દવાઓમાં લગભગ દરેક પ્રયોગોમાં અકકલકરાનો ઉપયોગ થયેલો જણાય છે.

નીચે જણાવેલી બનાવટો વાપરવા લાયક છે.

(૧) આકારકરભાદિવટી પૃષ્ટ ૯૮ વૈદ્યક ચિકિત્સાસાર-પૂર્વાર્ધમાં છે. તેમજ અકારકરભાદિચુર્ણ અને આકલ્લકાદિગુટી તેમજ કેટલાંક ચુર્ણો અને ક્વાથનાં પાઠ પણ બીજા ગ્રન્થોમાં મળે છે.

---

૩૧ નાગકેશર

N. O. Guttiferæ (ગટિફેરી)

સં. નાગકેશર, **હિં.** પુન્નાગ, **મ.** નાગચાંફા **બં.** નધસ, નાગેશ્વરકુલેરગાછ.

વર્ણન: નાગકેશર દવામાં વપરાતી જાણીતી ઔષધી છે. પરંતુ બજારમાં ઘણા લાંબા સમયથી ખોટી નાગકેશર વપરાવાનો રિવાજ પડેલો જણાય છે, કેટલાક લેખકોએ પણ એ ખોટી નાગકેશર કે જેનું ખરું નામ **તજનીકળીઓ** અને **સુરંગીની કળીઓ** છે તેનેજ નાગકેશર માનેલું છે. બજારમાં કાળી અને લાલરંગની આ બે નાગકેશર મળે છે, અને ઘણાં દવા બનાવનારાઓ એનેજ હજી લગી નાગકેશરની જગાએ વાપરતા જણાય છે, પરંતુ ખરી નાગકેશર હવે બજારમાં તપાસ કરતાં મળી શકે છે ખરી. આ નાગકેશર વાપરવાથીજ તેનાં ખરા ગુણોની ખાત્રી થાય છે. ચરકના સમયમાં પણ નાગકેશરની બે જાતો હોય એમ દેખાય છે, અત્યારે અનેક વિદ્વાન ડૉકટર વૈદ્યોએ નકકી કરેલું ખરું નાગકેશર કે જેને લેટીનમાં *Mesua ferrea* (મેસુઆ ફેરિઆ) કહે છે તેજ વાપરવાની જરૂર છે, આ નાગકેશર લગભગ પાંચ રૂપીએ રતલ મળે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે કાળી-લાલ કળીના રૂપમાં મળતું ખોટું નાગકેશર ચાર આનાથી પણ સસ્તે ભાવે રતલ મળે છે, દવા માટે ખરૂં નાગકેશર વાપરવાની ખાસ જરૂર છે.

આ ખરી નાગકેશરનાં નાનાં ઝાડ કોંકણ, પૂર્વબંગાળ અને હિમાલય તરફ થાય છે, એનાં પુષ્પમાં પીળારંગના નરકેશરનાં ગુચ્છા હોય છે તેને લાવી છાંયે સુકવી જમા કરે છે, એજ ભુખરા-પીળા રંગનો જાડા ભુક્કા જેવા પદાર્થ છે તેજ અસલ નાગકેશર સુંગધીદાર દ્રવ્ય છે.

જેમ બજારમાં પ્રથમ બે જાતનું કાળું તથા લાલ નાગકેશર મળતું રહેલ છે તેમ ગ્રન્થોમાં પણ બે જાતનું વર્ણન ખરા નાગકેશર માટે જણાય છે, બજારમાં મળતું નાગકેશર કદાચ ગુણોમાં વિરૂધ્ધ ન પણ હોય, મળતા ગુણવાળું હોવાથી એમાં પ્રતિનીધી તરીકે લેવાનું ચાલુ થઇ ગયું હોય એ સંભવિત જણાય છે. પણ ખરૂં નાગકેશર તો જેનું વર્ણન આપણે ઉપર કરી ગયા તેજ છે. આ નાગકેશરમાં ઘણીજ સુદર સુંગધ આવે છે વાટતાં જલદી ચૂર્ણ થઇ જાય છે અને તે પણ રંગદાર પીળાશ પડતું બને છે, હિમાલયનું આ નાગકેશર કોંકણ તરફના નાગકેશર કરતાં વધુ સરસ અને ટકાઉ જણાય છે. કોંકણ તરફનું નાગકેશર વધુ વખત રહેવા પછી વાસ અને રંગમાં ઠીક ટકી રહેતું નથી અને તેમાં કૃમિ થઇ જાય છે.

ગુણ: શીતળ, પીડાશામક, રક્તસ્થંભક અને ગ્રાહી છે. રસમાં પડતુંલોહી બંધ કરે છે, લોહીવા–રક્તપ્રદર અને રક્તાતિસારને મટાડે છે, હેડકીમાં વપરાય છે, ગર્ભધારણ કરાવવાનો ગુણ એમાં હોવાથી ઋતુસ્નાતાસ્ત્રીને સ્નાનબાદ આપવામાં આવે છે, અને તેથી ગર્ભધારણ થઇ વીરપુત્ર જન્મે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ: દવાઓમાં સુગંધી દ્રવ્ય તરીકે એનો ઉપયોગ તજ–તમાલપત્ર–નાગકેશર–એલચી એમ ચાતુરજાતચૂર્ણમાં કરેલો છે અને આ ચાતુરજાત લગભગ અવલેહ આસવમાં દરેક જગ્યાએ વપરાયલું જોવામાં આવે છે.

નાગકેશરનું બારીક ચૂર્ણ ૩ થી ૬ રતીભાર સાકર અને માખણમાં લેવાનો રિવાજ છે, એ પ્રમાણે લેવાથી ગુદદ્વારનીબળતરા, હરસનીબળતરા, હાથપગનોદાહ, ઝાડામાં લોહી–આમ વગેરે પડે છે તે સર્વ મટી જાય છે. નાગકેશર ઘણેભાગે એકલુંજ વધુ સરસ કામ આપે છે, જરૂર પડયે બીજી દવાઓની સાથે મેળવીને પણ અપાય છે.

ગુજરાતમાં આ ઝાડ થતાં નથી પણ આપણે તેને "નાગ-ચંપાનું ઝાડ" કહી શકીએ છીએ. આ ઝાડ જગતનાં સૌથી સુંદર ઝાડોમાંનું એક છે એમ સર જોન્સ લખે છે.

નિચેની બનાવટ ખાસ વાપરવા લાયક છે.

(૧) નાગકેશરયોગ પૃષ્ટ ૨૨૮ વૈદ્યક ચિકિત્સાસાર-ઉત્તરાર્ધમાં છે.

૩૨ આદુ (શુંઠ)

N. O. Scitamineæ (સ્કિટેમિનીઇ)

સં. આર્દ્રક, **નાગર, શુંઠી, હિં.** અદરક, **મ.** આલેં, **બં.** આદા.

વર્ણન: આદુને સુકવીને શુંઠ બનાવાય છે, દવામાં અનેક જગ્યાએ આદુનોરસ તેમજ શુંઠ વપરાય છે, એ બહુજ વપરાતી તથા ઘરગથુ દવા છે એને સૌ કોઇ ઓળખે છે, ગાંધીલોકોને ત્યાં શુંઠ મળે છે અને શાકભાજીમાં આદુ આપણે દરરોજ વાપરીએ છીએ, એની વધુ ઓળખની ખાસ જરૂર નથી. જમીનમાં થતાં મુળીઆંને આદુ કહે છે તેનાં નાનાં છોડ થાય છે. એની પેદાશ આપણા દેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી જગ્યાએ થાય છે છતાં સુકી શુંઠ મલબાર અને શીંગાપુરની વધુભાગે બજારમાં વપરાય છે.

ગુણ : સુગંધી ઉષ્ણ, વાતનાશક, દિપન, આમહરનાર, ઉતેજક, સંકોચવિકાશપ્રતિબંધક પાચક, સારક, સોજા, કંઠરોગ, વાયુ અને ખાંસી, દમ, આફરો, ઉલટી, શુળ, અરૂચી વગેરે મટાડનાર છે વાતનાશક તરીકે એ ખાવા તેમજ લગાડવામાં વપરાય છે.

ઉપયોગ : જમવા વખતે આદુ અને સિંધાલુણ ખાવાથી કંઠ શુદ્ધિ થઇ ખાવાની સરસ રૂચી થાય છે કફ અને શરદી તેમજ પેટના વાયુમાટે આદુનારસનો કે કાતરીનો બનાવેલો પાક વપરાય છે જેને લોકો 'આદાપાક'ના નામથી જાણે છે. શુંઠ અનેક ચૂર્ણો, કવાથો અને પૌષ્ટિક વસાણામાં વપરાય છે. સુવાવડીને માટે ખાવાનું ઔષધ બત્રીશું યાને કાટલું બને છે તેમાં શુંઠ મુખ્ય દ્રવ્ય છે એવીજ રીતે "શુંઠીપાક" પણ પ્રસિદ્ધ ઉપાય છે. જે સ્ત્રીઓ સુવાવડ પછી શુંઠનું સેવન કરે છે તેમના શરીરમાં વાતરોગ કે નબળાઇ કદી થવા પામતી નથી.

શળેખમને માટે શુંઠ તો. ૦॥, ઘી તો. ૦॥, ગોળ તો. ૨॥, મેળવી જરા ગરમ કરી લેવાથી શરદી, કફ વગેરે મટે છે આ એક ઘરગથુ ઉપાય પણ ઘણોજ ઉત્તમ છે. એવીજ રીતે આદુ, પુદીનો કાંદાનોરસ લઇ તેમાં જરા સિંધવ નાંખી લેવાથી પેટનોવાયુ, અજીર્ણ, મોળ, ઝાડા, અરૂચી વગેરે પણ મટી જાય છે.

શુંઠ ઉષ્ણ અને વાતહર છે. તે દરેક પ્રકારનાં અંદરનાં દુખાવા તેમજ શરીર બહારનાં દરદ–વેદના માટે લગાડવા માટે કે ખાવા માટે અકસીર દવા તરીકે લેવાય છે. વૃદ્ધ શરીરમાં વાતનો કોપ મુખ્ય હોય છે. અને તેની દવા તરીકે શુંઠ અકસીર છે. આમવાત સાંધાઓની પીડા માટે શુંઠ સારી દવા છે તેનો ફાંટ બનાવી તેમાં દિવેલ નાખી રાત્રે લઇ શકાય છે. હૃદયની ગભરામણ, પેટનો-વાયુ, આફરો મટાડવા માટે શુંઠ ઉત્તમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક દવાઓ કફ મટાડવા માટે વપરાય છે. તે સર્વ આદુનારસમાં બને છે કે તેમાં આપવાની હોય છે. અનુપાનમાં આદુનોરસ અનેક જગ્યાએ લેવાય છે.

સોજા, આમવાત, હરસ, મૂત્રપીડા, કર્ણશુળ, મંદાગ્નિ, ત્રિદોષજ્વર કમળો, આમ, અજીર્ણ, તાવ, ખાંસી, હેડકી, ઉરૂસ્થંભ, મસ્તકશુળ, ઝાડા, મરડો, હૃદયરોગ, સંગ્રહણી, અંડવૃદ્ધિ, શીળશ, વિષમજ્વર, મુર્ચ્છા, ઇત્યાદિ રોગોમાં શુંઠ એકલી કે બીજી દવા સાથે વપરાય છે તે અનેક કવાથ, ચૂર્ણ, આસવ, લેહ, તેલ, ઘૃત સર્વમાં આવે છે. પાચન તરીકે તાવમાં લેવાય છે. શુંઠને સંસ્કૃતમાં મહૌષધ કહેલ છે તે બરાબરજ છે. તેનું આદ્રકખંડ નામક અવલેહ પણ સારી બનાવટ છે. ઉપરાંત એ શુંઠ, મરી, પીપરનું ત્રિકટુચૂર્ણ બને છે તે તેની એક મુખ્ય દવા છે. એની માત્રા ચૂર્ણની ૧૦ થી ૩૦ ગ્રેન, રસની માત્રા ૨ થી ૪ ડ્રામ છે, કેટલાકને શુંઠ ગરમ પડે છે તેમણે સાકર સાથે કે ઘી સાથે લેવી, તેલમાં પકાવી વાતનાશક તરીકે લગાડી શકાય છે.

---

૩૩ મરી

N. O. Piperaceæ (પાઇપરેસિઇ)

સં. મરીચં, **હિં.** કાલીમીર્ચ, **મ.** મિરી, **બં.** ગોલમિર્ચ.

વર્ણન : મરી આપણા દેશમાં ઘણે ઠેકાણે થાય છે, ખાસ કરી મલબાર અને દક્ષિણ ભારતમાં એની મોટી પેદાશ થાય છે અને ત્યાંથી તે સર્વત્ર જાય છે, લીલાંમરીને દરિયાના પાણીમાં નાંખી ડબ્બા ભરી દેશાવરમાં મોકલે છે, લોકો તેને લઇ એનું અથાણું કરે છે. કાળાંમરીને ગુજરાતીમાં તીખાં કહેવાનો ચાલ છે. મરીની બે જાત છે એક કાળાં બીજાં સફેદ, પણ કાળાંમાંથીજ તેની છાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતારી સાફ કરી સફેદમરી બનાવે છે, બંને જાત બજારમાં સર્વત્ર મળે છે. એનો મરીમશાલામાં, દવામાં તેમજ ખાનપાનની ચીજોમાં ઘણી જગ્યાએ ઉપયોગ કરવામાં આવે છે, ઘણાં લોકો મરીનો ઉપયોગ અનેક બિમારીમાં કરે છે, ગામડાના લોકો એને કિંમતી દવા યાને "લુકમાન હકીમની ગોળી" કહી અનેક દરદોમાં સવારે મરીનાંદાણા ખાવાની સલાહ આપે છે. ઘરગથ્થુ દવા તરીકે મરી ઘણીજ જાણીતી દવા છે, બરાં સુગંધદાર અને ભારે વજનનાં કાળાંમરી દવા માટે ઉત્તમ છે, મરીનાં નાનાં છોડ થઇ પછી તે લતાનુંરૂપ લઇ લે છે એની પેદાશ ડીસેમ્બર માસમાં ઘણેભાગે થાય છે પછી તેને સુકવી સંભાળી રાખે છે, મરીમાં તેલનું તત્વ છે, લોકો મરીનુંતેલ પણ કાઢી તેને વેચે છે.

ગુણ : તીખાં, કડવાં, ઉષ્ણ, લઘુ, રૂચીકર, રૂક્ષ, અગ્નિદિપક, તિક્ષ્ણ, અવૃષ્ય, છેદક, શોષક, પિત્તકર છે તે ગરમ અને વાયુને હરનાર છે, શુળ, બાંસી, શ્વાસ, અર્શ, કફ, પ્રમેહ, હૃદયરોગને મટાડે છે.

ઉપયોગ : દવા તરીકે અનેક દવાઓમાં મરીનો ઉપયોગ થાય છે તે તત્કાળ લાભ કરનાર ઘરગથ્થુ દવા છે. ત્રીકટુમાં શુંઠ, મરી અને પીપર. આ દવા આવે છે અને તે ઘણીજ ઉપયોગી દવા ગણાય છે. કેટલાક લોકો શાકમાં રાતાં–લાલ કે લીલાં મરચાંને બદલે હમેશાં કાળાંમરીજ વાપરે છે, શીળશ–શીતપિત્તમાં મરીનુંચૂર્ણ ઘીમાં ચાટવાથી જલદી તે દરદ મટી જાય છે. વિષમજ્વરમાં મરી, તુલશી-નોરસ મધ સાથે આપવામાં આવે છે, તાવ તેમજ શરદીમાં મરીનો-ક્વાથ આપે છે, જુના અને ન મટતા તાવ માટે મરીનો ઉકાળો ડોશીઓ આપે છે, ઘણીવાર એથી સારો લાભ થાય છે. મરીનું-અથાણું પેટનાવાયુ અને મંદાગ્નિ માટે વાપરવાનો રિવાજ છે; મુંબઇની મારકેટોમાં મોસમ હોય ત્યારે લીલાંમરી અથાણાં માટે વેચાતાં મળે છે. બાંસી, શ્વાસ, પીનસ, હરસ, મંદાગ્નિ વગેરેમાં મરી એકલાં કે બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવા સાથે વપરાય છે, કેલેરામાં મરીનુંચૂર્ણ, હિંગ અને અજીણની-ગોળી કરી આપવાથી જલદી લાભ થાય છે, મશાલાનીચહા જે આજકાલ શહેરોમાં ખુબ ચાલુ છે, તેમાં મરી, શુંઠ, તજ, લવીંગ, એલચી મુખ્યભાગે હોય છે, એ મશાલાની ચાહ શરદી, તાવ અને સુસ્તી હોય ત્યારે પીવાનો રિવાજ છે, મરી સ્વભાવે ગરમ તથા વાતહર છે. કેટલાકને પિત્તવર્ધક જણાય છે, નાનાં બાળકોને મરી, સાકર અને ઘી ચટાડવાથી તેમનું પેટ સુધરે છે, અને બાલશોષ વગેરે મટે છે. મોળા, ઉલટી, પેટનોવાયુ એમાં મરી ચાવીને ખાવાથી તુરત લાભ થાય છે.

મૂર્ચ્છા માટે મરીનું નસ્ય અપાય છે, હીસ્ટીરીઆમાં દહીં, વજ, મરી નયણાકોઠે ખાવા માટે આપવામાં આવે છે. ખાંસીની બધી દવાઓમાં મરી ઘણે ભાગે હોયજ છે.

મરી, ચિત્રક અને સંચળની ફાકી લેવાથી સંગ્રહણી, હરસ, બરોળ વગેરે મટે છે. મરી અને કરીઆતાને ચાહ કે ચૂર્ણ રૂપે લેવાથી શરીરની સુસ્તી મટે છે. તથા તાવ પણ મટે છે. ગંધક અને મરીને વાટી ઘીમાં મેળવી શરીરે ચોપડી તડકે બેસવાથી ખસ મટી જાય છે. ઘી પચાવવા માટે જમવા પછી મરી ખાવા માટે અપાય છે.

નાગરવેલના પાનમાં દશ મરીનાંદાણા નાંખી દરરોજ ખાઇ ઉપર પાણી પીવું, બે માસ આ પ્રયોગ કરવાથી શરીરે કૃષ માણસ પુષ્ટ બને છે એમ વૈદ્યમનોરમામાં જણાવેલ છે.

મરીનુંચૂર્ણ ૧૦ થી ૩૦ રતીભારની માત્રામાં લઇ શકાય છે.

મુત્રાશય અને મુત્રનલીને મરીથી બળ મળે છે. અને મુત્ર સાફ આવે છે. જુના પરમામાં મરી વપરાય છે. મરીમાં જવરઘ્ન ગુણ છે પણ તે એકલી દવા કરતાં બીજી ચીજો સાથે લેવાથી વધુ સારૂં કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરીમાં 'પિપરીન' નામક એક સુક્ષ્મદ્રવ્ય છે, તથા ચરબી અને તેલનો ભાગ છે, કંઇક ક્ષાર પણ છે.

કેટલાક દંતમંજનમાં મરી વપરાય છે, અને તે ઠીક લાભ કરે છે. સાપના દંશ પર એનો લેપ કરવાથી લાભ થાય છે. ઘી સાકર અને મધ સાથે મરી ચાટવાથી ખાંસી મટે છે. જુના શળેષ્મમમાં ગોળ સાથે મરી લેવાય છે. સુવાવડીસ્ત્રીને દશેક મરીનાં દાણા સાત દહાડા આપવાથી ગર્ભાશયને બળ આપી પેટ સુધારે છે.

મરિચ્યાદિવટી, મરિચ્યાદિતેલ, શ્વાસકુઠારરસ, પ્રાણદા-ગુટીકા, મરીચચુર્ણ, વગેરે બનાવટો એની સર્વત્ર વપરાય છે.

૩૪ પીપર (લીંડીપીપર)

N. O. Piperaceæ (પાઇપરેસિઇ)

सं. पिप्पली, **हिं.** पिपल, **म.** पिंपळी, **बं.** पिपल.

વર્ણન : પીપર બહુજ પ્રસિદ્ધ ઔષધી છે, ત્રીકટુમાં શુંઠ જેટલીજ મહત્વની આ ઔષધી છે. બજારમાં તે ગાંધી લોકોને ત્યાં સહેલાઇથી મળી શકે છે. પણ તેમાં ચારેક જાતો જોવામાં આવે છે. (૧) નવસારી પીપર (૨) બંગાલી પીપર, (૩) જંગબારી પીપર (૪) મોટી પીપર આમાં વાપરી જોયા બાદ એમ જણાય છે કે નવસારીપીપર એ બધાં કરતાં ઉચ્ચ કોટીની પીપર છે જ્યારે બંગાલી અને જંગબારી સાધારણ છે અને જાડી પીપર તો ઘણીજ સસ્તી અને હલકી ગણાય છે, નવસારી પીપરનો પ્રચાર મુંબઇ તરફ વધારે છે. એની પેદાશ સુરત જીલ્લામાંજ થાય છે. પીપળીનાં-વેલા થાય છે. તેને આંબાના ઝાડ નીચે માંડવા બનાવી તેના પર એને ચડાવી આપે છે. કેટલીક જગ્યાએ નદી કિનારેપણ થાય છે એનો પાક પોશ માસમાં તૈયાર થાય છે, તેને બરાબર સુકવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધ વાસણમાં રાખવી જોઇએ કેમકે નહિતો એમાં કીડ લાગી સડવા લાગે છે. બંગાલી પીપર બહુજ ઝીણી આવે છે, જંગબારી-પીપર એથી પણ ઝીણી યાને ઉંદરની લીંડી જેવડી હોવાથી તેનું નામ કદાચ એ પરથીજ લીંડીપીપર પડેલું હશે. નવસારીપીપર જરા મધ્યમ જાડી અને ઠીક હોય છે બીજી પીપરનું ચૂર્ણ કરતાં તેનો રંગ ભુખરો લાગે છે જ્યારે નવસારીપીપરનો રંગ નીલો અને મોહક–સુંદર લાગે છે. દવામાં પીપરનો ખુબ ઉપયોગ થાય છે. પીપરનાં ડાંખળા તથા મુળીઆંને પીપરીમુળ કહે છે એમાં પણ હલકી ઉંચી અનેક જાતો આવે છે અને તે બહુજ ઉંચી કિંમતે વેચાય છે.

ગુણ: ઉષ્ણ, વાતહર, દિપન, શ્વાસહર, ચોકસ વખતે આવતા તાવને અટકાવનાર, ગર્ભસંકોચક, એની અસર પેટ કરતાં ફેફસાંપર વધુ સારી થાય છે એવીજ રીતે તે ગર્ભાશય પર પણ અસર કરે છે, એના ઉપયોગથી વાત–કફ પ્રધાન દરદો મટે છે, તે મુત્રકારક, કૃમિઘ્ન, રજ:નિસારક, મૃદુરેચક, રસાયન, વાજીકર અને ધાવણને વધારનાર છે. દવામાં નવી પીપર નહિ વાપરતાં એકાદ વર્ષ લગી રાખી જુની કરેલી વાપરવી ઉતમ ગણાય છે. તે વાયુ, દમ, ખાંસી, ક્ષય, તાવ, અરૂચી, ગુલ્મ, કુષ્ઠ, હરસ. પ્રમેહ, તરસ, આમ, અજીર્ણ, પાંડુ, કમળો, શુળ વગેરે અનેક દરદોને મટાડવા માટે વપરાય છે.

ઉપયોગ : લીલીપીપરનું અથાણું પણ કરે છે, તેનો ઉપયોગ પેટનોવાયુ અને કફના દરદીઓમાં થાય છે.

પીપરનું બારીક કપડછાણ ચૂર્ણ કરાવી તેને મોટી ખરલમાં નાંખી ૬૪ પ્રહર એકધારો ખરલ ઘુંટી તૈયાર કરવાથી તે ૬૪ પ્રહરવાળી યાને ચોસઠીપીપર બને છે એ એક સારી માત્રાની માફક અનેક દરદોમાં વાપરવાથી સારો લાભ થાય છે કેટલાક લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને કટકે કટકે ધુંટાવીને પણ ચોસઠ પહોરી પીપર બનાવે છે એ જરા સાધારણ ગણાય છે.

જીર્ણજ્વરમાં પીપર બહુજ સારૂં કામ કરે છે, તેને માટે અકેક પીપર રોજ વધારી ૧ થી ૪૧ કે ૨૧ પીપરનો પ્રયોગ દુધ અને પાણીમાં ઉકાળીને કરાવાય છે જેને વર્ધમાનપીપલીપ્રયોગ કહે છે. એવીજ રીતે ખાખરાના લાકડાને બાળી રાખ કરી એમાં જરા પાણી નાંખી પછી તેમાં પીપરને સાફ કરી પલાળી રાખવી, ૧૨ કલાક પછી તેને સુકવી રાખવી, પછી એ પીપર દરરોજ અકેક ચડતી કરી એકથી ૨૧ લગી ખાવાથી અને એ રીતે એક વર્ષ લગી આ પ્રયોગ કરવાથી કાયાકલ્પ થઇ શકે છે અને તેથી અનેક રોગ મટે છે. આ રીતે ખાધેલી આ પીપર ગરમ ન જણાતાં બળ–વીર્ય વધારે છે.

બરલ મટાડવા ગોળ સાથે પીપર ખાવી ઉત્તમ છે. એથી જીર્ણજ્વર અને ઉદરવાત મટી પાચન સારૂં બને છે. સુવાવડીનો-તાવ, કફ, વાયુ, આમવાત, ખાંસી વગેરેમાં મધ સાથે પીપર લેવાય છે એથી સુવાવડીનું બગડેલું રક્ત સાફ થાય છે. ટાઢીઓતાવ, બરલ, સ્વરભંગ, ક્ષય અને :જુનીખાંસીમાં પીપર અપાય છે. જુના-અતિસારમાં પીપરનુંચૂર્ણ લેવાથી આશાતિત લાભ કરે છે. ઉરૂસ્થંભ અને ગ્રધસીવાતમાં પીપર, શુંઠ અને દશમુળ અપાય છે. અમ્લપિત માટે પીપર ઉતમ ગણાય છે. પરિણામશુળમાં પીપલ્યાદ્યિવૃત ઉતમ ગણાય છે. નાનાં બાળકોને થતી અનેક બીમારીમાં પીપર મધમાં ચટાડવામાં આવે છે. તેથી બાલશોષ મટી જલદી દાંત આવે છે કંઠમાળ માટે વર્ધમાનપીપ્પલી આપી શકાય છે. પીપરના અનુપાન સાથે લોહભસ્મ કે અભ્રકભસ્મ અથવા સુવર્ણવસંતમાલતી આપવાથી તે દવાઓની અસર સારી જણાય છે. તેમજ શક્તી અને પાચકાગ્નિ જલદી સુધરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીપરમાં એક ઉડી જનાર તેલ, રાળ જેવો પદાર્થ અને પાયપરીન નામનું સત્વ જોવામાં આવેલ છે.

પીપરની માત્રા ૫ થી ૧૦ રતીભાર મધ સાથે લેવાય છે.

પીપરની બનાવટોમાં ત્રિકટુચુર્ણ, પંચકોલચુર્ણ, અષ્ટકટ્વરતેલ, પીપલ્યાદિકવાથ, પીપ્પલીચુર્ણ, પિપ્પલ્યાદિચુર્ણ તથા પીપલ્યાસવ, પીપરપાક, પીપલ્યાદિઘૃત વગેરે મુખ્ય છે અને આ બનાવટો બધા ગ્રન્થોમાં આવેલી છે. એ સિવાય તે અનેક દવાઓમાં તેમજ અનેક રોગોમાં વપરાય છે.

૩૫ પીપરીમૂળ

N. O. Piperaceæ (પાઇપરેસિઇ)

સં. પિપ્પલીમૂળ, **હિં. મ. બં.** પીપલામૂલ, **ગુ.** ગંઠોડા.

વર્ણન: પીપરીમુળનાં ડાંખળા અને મુળનાં નાનાં ગંઠોડા બજારમાં ગાંધી લોકોને ત્યાં મળે છે, એમાં હલકા ઉંચા અનેક પ્રકાર હોય છે, જેમ જાડા અને ભારે વજનદાર હોય તેમ એની કિંમત ઉંચી ગણાય છે. મુંબઇનીબજારોમાં અનેક જગ્યાએ મળે છે, આ મુળીઆં મદ્રાસ તરફથી આવે છે એમ વેપારીઓ કહે છે. અને પીપરીમુળ એ નામપરથી સ્પષ્ટ થાય છે. કે તે પીપરનાં વેલાનાં મુળીઆં છે. એથીજ બીજા લેખકોએ એને પીપરની સાથેજ ગણેલાં છે. એકાદ કોઇક લેખકે તેને જુદી ગણના કરેલી જણાય છે, પીપરીમુળનો ઉપયોગ સાધારણ જનતામાં બહુ મોટા પ્રમાણમાં થાય છે, કેમકે એ એક ઘરગથુ દવા છે, દવામાં તેનો અનેક જગ્યાએ ઉપયોગ કરવામાં આવેલ છે.

ગુણ: અગ્નિદિપક, રૂચીકર, પિતલ, પાચક, રૂક્ષ, ભેદક, તીક્ષ્ણ, ઉષ્ણ, લઘુ છે અને તે આમ, બરલ, શુળ, ગુલ્મ, ઉદરરોગ, વાયુ, કફ, દમ, ખાંસી, આફરો, કૃમી, ક્ષય, અનિદ્રા વગેરે મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : સુવાવડીને એનો ક્વાથ આપવાથી પેટમાં રહેલ દોષ મટી ઓર સાફ થઇ જાય છે. એ સિવાય ક્વાથથી ઋતુ પણ સાફ આવે છે, સોજો મટાડવા માટે તેનો લેપ કરે છે. સુવાવડીના ગર્ભાશયને પૂર્વસ્થિતિમાં લાવવા માટે એની રાબડી બનાવી થોડા દિવસ લેવાય છે. ઉંઘ લાવવા માટે પીપરીમુળનોભુક્કો ગોળ કે મધમાં લેવાથી રાત્રે વખતસર સારી ઉંઘ આવી જાય છે. નિદ્રા લાવનારી દવાઓમાં દેશીવૈદ્યો પીપરીમુળનો ઉપયોગ નિર્ભયરીતે કરે છે. દૂધીનોપાક બનાવી તેમાં પીપરીમુળનુંચૂર્ણ યોગ્ય પ્રમાણમાં મેળવી લેવાથી મગજનીનબળાઇ, ઉન્માદ અને નબળા વિચારો મટી સારી ઉંઘ આવે છે અને મગજમાં સુધારો કરે છે. ઉલટી માટે પીપરીમુળ અને શુંઠનુંચૂર્ણ આપી શકાય છે. એવીજ રીતે ખાંસી માટે પીપરીમુળ, શુંઠ, અને બહેડાછાલનું ચૂર્ણ આપી શકાય છે, મરી અને પીપરી-મુળનું ચૂર્ણ લેવાથી ધાવણ વધે છે. ગુજરાત, મારવાડમાં સુવાવડીને પીપરીમુળનીરાબ આપવાનો સામાન્ય રિવાજ છે. અને તે એમાં રહેલા ઉપર કહેલા ગુણોને લઇનેજ અપાય છે. ગોળનુંપાણી કરી એમાં પીપરીમુળનુંચૂર્ણ ૬ થી ૧૨ ગુંજ નાંખી કાંજી બનાવી રાત્રે લેવાથી સારી ઉંઘ આવી જાય છે.

દવામાં તેની **ગ્રન્થાદિક્વાથ** નામની બનાવટ આવે છે જે ત્રિદોષજ્વરમાં વપરાય છે.

બાકીતો અનેક દવાઓમાં એનો ઉપયોગ થએલો જોવામાં આવે છે. અને એક ઘરગથુ દવા તરીકે સર્વત્ર વપરાય છે.

એની માત્રા ૫ થી ૧૦ રતીભારની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬ લવંગ

N. O. Myrtaceæ (મિર્ટેસિઇ)

સં. લવંગ, **હિં.** લૌંગ, **મ.** લવંગ, **બં.** લૌંગ.

વર્ણનઃ બજારમાં લવંગ સર્વત્ર મળે છે, આ એક પ્રસિદ્ધ ચીજ છે અને ઘરગથુ દવા છે. દવાઓમાં પણ તેનો વપરાશ સર્વત્ર થાય છે, લવંગ આપણા દેશમાં મલબાર તરફ થાય છે પણ વધુ ભાગે તે આફ્રીકા–ઝંઝબારથી અહિં મોટા પ્રમાણમાં આવે છે. બજારમાં જે વસ્તુ મળે છે તે લવંગના ઝાડમાં થએલ એક કળી છે એમાં સારી સુગંધ અને કાળો રંગ હોય તે ઉત્તમ ગણાય છે. બીજા હલકા જેમાંથી તેલ કાઢી લીધેલ હોય તે પણ મળે છે એને ખોટા લવંગ પણ કહે છે. લવંગમાં તેની સાથે ઝીણીડાંખળી પણ ભેળીને વેપારીઓ વેચે છે. દવા માટે કાળા, સુગંધીદાર, મોઢામાં રાખી ચાવી જોતાં ખુબ તમતમાટ કરે તેવા લવંગ વાપરવા જોઇએ.

ગુણઃ ઉષ્ણ, કફઘ્ન, દિપન, આમનાશક, પાચન, વાયુહર, ઉત્તેજક, પરૂ મટાડનાર, મુત્રજનન અને રક્તદોષહર છે. તે સુગંધીદ્રવ્ય છે અને સુગંધી પદાર્થોમાં પણ વપરાય છે. આપણે ત્યાં ગરમમશાલામાં શાક, રસોઇનાવઘારમાં લવંગ વાપરવાનો ચાલ છે.

ઉપયોગઃ લવંગ અનેક દવાઓમાં બીજાની સાથે વપરાય છે એકલાં પણ તેનો ઉપયોગ થાય છે, દાંતના શુળ માટે, દાંતમાં પરૂ હોય તે માટે લવંગ ઉતમ છે. તે પીડા મટાડી વ્રણ સાફ કરી પરૂ બંધ કરનાર હોવાથી દાંતના દરદોમાં તેમજ દંતમંજનોમાં ઉતમ ગણાય છે.

લવંગનું તેલ બને છે, દાંતના દુખાવામાં આ તેલનું પોતું ભરીને લગાડવાથી દરદ મટે છે. માથાનાદુખાવા માટે લવંગ વાટી તેનો લેપ કરવાથી કે તેનું તેલ લગાડવાથી માથાનું દરદ જલદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મટી જાય છે. લવંગ ચામડી પર લગાડતાં પ્રથમ ચરચરાટ થાય છે થોડીવાર પછી તે ચામડીને બહેરી બનાવી મુકે છે અને પીડા મટાડે છે. આ એનો ખાસ ગુણ છે. પેટના વાયુમાં પણ તે એજ રીતે અંદરની ત્વચાને ઉ-તેજીત કરી પછી વાયુને બહાર કાઢે છે. અને પીડા-દરદ મટાડે છે. ૧ તોલો લવંગમાં ૪૦ તોલા પાણી નાંખી જરા ઉકાળી તે પાણી પીવાથી ઉલટી, મેળ, વાયુ, પેટનું શુળ, કોલેરા, કોલેરામાં થતી તરસ વગેરે મટે છે. એનાથી પાચન સુધરે છે અને શરીરમાં હુશીઆરી આવે છે. પેટમાં ઝીણાં કૃમિઓને લઇ એક પ્રકારનો ગેસ-વાયુ થાય છે તેને દુર કરવા માટે આર્યવૈદ્યકમાં સુગંધી દ્રવ્યો-લવંગ વિગેરે વાપરવાનો રિવાજ છે જે બરાબરજ છે. કેમકે તેનાથી હોજરી-આંતરડા વગેરેમાં સુક્ષ્મજંતુઓને લઇ થતી આફરાની અસર જલદી દુર થાય છે, ત્રિદોષ, શ્વાસોશ્વાસનીમુશ્કેલી, હૃદયનીનબળાઇ વગેરેમાં તે આપવાથી જલદી ચેતનમાં આવી દરેક કાર્ય બરાબર થાય છે. દમનાં દરદમાં સંકોચ-વિકાસની જે અડચણ થાય છે તેને દુર કરવાનો આમાં ખાસ ગુણ છે. તેથીજ એ રોગમાં લવંગ વાપરવાનો ચાલુ રિવાજ છે. શરીરમાં રહેલી દુર્ગન્ધીને દુર કરવાનો એમાં ગુણ છે. તે કફ, લાળ, થુંક દ્વારા એને બહાર કાઢે છે. અને મૂત્રમાર્ગની શુદ્ધી કરી પેશાબને પણ છુટથી લાવે છે. એટલેજ તે કોલેરામાં બહુ ઉતમ લાભ કરે છે. આવા ઉત્તમ ગુણોની સાથે પીડાહર, ચેતનાકારક, પરૂ મટાડનાર તેમજ વ્રણશોધન-રોપણ કરનાર ગુણ પણ તેમાં બરાબર છે. અને તે ગુણનું ચરકમાં પણ વર્ણન આવે છે. આ સર્વ ગુણોનો આયુર્વેદના પુસ્તકોમાં ઉલ્લેખ છે. સુગંધી દ્રવ્યોમાં આવા ગુણો સામાન્ય રીતે ઓછા વધુ પ્રમાણમાં હોય છેજ એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. કોલેરાનીઉલટી, તરસ અને પેશાબ ન ઉતરવો આ ઉપદ્રવો માટે લવંગનુંફાંટ આપવાનું જરૂરી છે અને તે બહુજ સરસ લાભ કરેછે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવંગને જરા શેકીને વાપરવાનો રિવાજ છે. બહુજ ખાંસી આવે અને દરદીને જરા પણ ચેન પડે નહિ ત્યારે એવા રીતે શેકેલાં લવંગ મોઢામાં રાખી ચૂસવાથી જલદી રાહત મળે છે અને ખાંસી અટકે છે.

લવંગાદિચૂર્ણ અને લવંગાદિવટી ખાંસીની પ્રસિધ્ધ દવા છે, અને ક્ષય–કફ–શ્વાસ માટે પણ વપરાય છે.

લવંગનાચૂર્ણની માત્રા ૫ થી ૧૦ ગ્રેન, એનો ફાંટ (પાણી ભાગ ૪૦ લવંગ ભાગ ૧ બાકી ભાગ ૬ેપ રહે) તેની માત્રા ૨।। તોલાની છે. લવંગનુંતેલ ૧ થી ૨ ટીપાં લઇ શકાય છે.

એનાં સુક્ષ્મતત્વોની તપાસ કરતાં તેમાં એક સુગંધી દ્રવ્ય અને તેલ મુખ્ય છે. તથા ગુંદ જેવું તત્વ પણ છે. તેલમાં *Engenol* નામક ભાગ મુખ્ય છે.

અંગ્રેજી વૈદ્યકમાં પણ લવંગનો ઉપયોગ થાય છે. ગામડાના લોકો પેટનાદરદ માટે લવંગનો ક્વાથ કરી તે પીવા માટે આપે છે તથા લવંગ ચાવીને ખાય છે. જુલાબનીદવા લીધા બાદ પેટમાં દુઃખે તો લવંગ ખાવા આપે છે. કરીઆતા સાથે લવંગનોફાંટ કરી પીવાથી મંદાગ્નિ, અરૂચી, નબળાઇ, જીર્ણતાવ વગેરે મટે છે.

નિચેની બનાવટો ખાસ પ્રસિધ્ધ, અને વાપરવા લાયક છે.

(૧) લવંગાદિવટી પૃષ્ટ ૧૩૪, (૨) લવંગાદિચુર્ણ પૃષ્ટ ૨૦૦ (૩) લવંગાસવ પૃષ્ટ ૨૩૬, વૈદ્યક ચિકિત્સાર પૂર્વાર્ધમાં આવેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭ તજ

N. O. Laurineæ (લૌરિનીઇ)

સં. ત્વક્, **હિં.** દારચિની, **મ.** દાલચિની, **બં.** દારૂચીની.

વર્ણન : તજની પેદાશ સીલોન, ફ્રેંચીન, ચીન, જવા, મલબાર, સુમાત્રા વગેરે દેશોમાં થાય છે. ત્યાં એનું વાવેતર થાય છે. એ તરફ એનાં મોટાં જંગલો છે. આપણે ત્યાં બજારમાં તજની બાંધેલી ઝુડીઓ ગાંધીને ત્યાં મળે છે. એક પાતળીતજ બીજી જાડીતજ એમ બે પ્રકાર દેખાય છે પાતળીછાલનીતજ ગુણમાં સારી અને વધુ કસદાર હોય છે, તેને ચાવી જોતાં તે જરા મીઠી પણ લાગે છે એને સંસ્કૃતમાં ગુડત્વક્ કહે છે ને સિંહલદ્વિપની તજ હોય એમ જણાય છે, તજનો ઉપયોગ દવામાં સુગંધી દ્રવ્યોની સાથે ઘણી જગ્યાએ થાય છે ઉપરાંત તે ઘરગથુ દવા છે તેને બધા જાણે છે અને સૌ કોઇ વાપરે પણ છે.

ગુણ : તજ ગરમ છે, કફ અને વાયુનાં દરદોને મટાડે છે, અરૂચી, આમ, કૃમિ, પીનસ મટાડે છે, પિત્તને વધારે છે, તરસ મટાડે છે, મુખને સ્વાદદાર બનાવે છે, હૃદયરોગ, મુત્રરોગ, હરસ, અજીર્ણ, ઉલટી, પેટનીચૂંક, દંતશુળ, આફરો વગેરે મટાડે છે. માથાનાદુખાવા માટે તેનો લેપ કે તેલ લગાડવાથી ફાયદો કરે છે. પેટનાં દરદોમાં તજ ઉપયોગી છે એમ નવ્યમતવાદીઓ પણ કહે છે.

ઉપયોગ : તજમાં તેલ હોય છે અને તે તૈયાર બજારમાં પણ મળે છે. એ તેલ માથાનોદુખાવો મટાડવા લગાડવામાં આવે છે. લગાડતાંજ એ તમતમાટ કરી આપે છે. તજનોઅર્ક બનાવી પેટનાંદરદો, વાયુ, આફરો મરડો, ઉલટી, ચૂંક, ઝાડા વગેરેમાં વપરાય છે. તજનો ઉપયોગ સુગંધી દ્રવ્યોની સાથે પ્રાચિન આચાર્યોએ પણ કરેલો જણાય છે તે સરસ વાયુનાશક ઉપાય છે. તેના ઉપયોગથી રોગનાં સુક્ષ્મજંતુઓનો નાશ થાય છે. એનું તેલ મોટી માત્રામાં ખાવામાં લેવાથી તે પ્રાણઘાતક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવડે છે. ટાઇફોઇડ અને ગોનોરીઆમાં પણ બરાબર સમજીને આપતાં તજથી લાભ થાય છે. તજ રક્તશોધક પણ છે. ગર્ભાશયમાંથી થતા રક્તસ્રાવને બંધ કરે છે. પેટનીચૂંકને મટાડે છે. ઋતુ સાફ લાવનારી દવાઓમાં તજ આવી શકે છે. દાંતનુંશુળ તજના તેલનું પોતું મુકવાથી મટે છે તેવીજ રીતે દંતમંજનમાં તજ નાંખી તે બનાવવાથી દાંતને વધુ લાભ કરનાર જણાય છે, તે ગર્ભાશયને બળ આપનાર છે વાયુહર અને પાચન કરનાર છે. તેનાથી વાયુ છુટ થાય છે, આંતરડાના દરદીને એનો કવાથ કે ફાંટ બનાવી અપાય છે. ક્ષયના દરદમાં એનું તેલ પીચકારીથી અપાય છે. રક્તસ્રાવ બંધ કરવાને તજ આપી શકાય છે. સીતોપલાદિચૂર્ણમાં અલ્પઅંશે તજ આવે છે અને તે ક્ષય રક્તપિતમાં અપાય છે. પીપરીમૂળ અને તજ સુવાવડીને અપાય છે. વ્રણને સાફ કરવા માટે તજનુંતેલ લગાડે છે તેથી જંતુઓ એમાંથી નષ્ટ થાય છે. કફનીખાંસી, કંઠરોગ અને ક્ષયમાં તજ ઉપયોગી જણાય છે. તજનુંતેલ ચામડીપર ખુબ તડતડે છે, આંખે ન લાગે તેની ઠીક સંભાળ રાખવી જોઇએ. શુળયુક્ત આમાતિસારમાં તજ, બીલીનોગર્ભ, રાળનુંચૂર્ણ ગોળમાં અપાય છે.

તજ, એલચી, શુંઠ એનું ચૂર્ણ ૫ થી ૧૦ ગ્રેન જેટલું પેટનાંદરદો, વાયુ, ચૂંક, ઝાડા, મરડામાં અપાય છે, કોલેરામાં તજનુંપાણી-અર્ક આપી શકાય છે. તજનાચૂર્ણની માત્રા ૫ થી ૧૦ ગુંજ છે. તેલની માત્રા ૧ થી ૨ ટીપાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮ તમાલપત્ર

N. O. Laurineæ (લૌરિનીઇ)

સં. પત્રમ્, તમાલપત્રમ્, **હિં.** તેજપાત, **મ.** તમાલપત્ર, **બં.** તેજપાતા.

વર્ણન: પુસ્તકોમાં જે તમાલપત્રનું વર્ણન જોવામાં આવે છે તે વસ્તુ જુદીજ કોઇ હોય એમ જણાય છે. બજારમાં જે સુગંધીપાન તમાલપત્રને નામે મળે છે અને જેનો આપણે ઔષધમાં વહેવાર કરીએ છીએ એ તમાલપત્ર બરાબર હોય એમ જણાય છે, આ વસ્તુ સુગંધી દ્રવ્ય છે અને તેનો ઉપયોગ અનેક દવાઓમાં તેમજ ચાતુરજાત નામક ચૂર્ણમાં થાય છે (તજ, તમાલપત્ર, એલચી અને નાગકેશર એને ચાતુરજાત કહે છે એ એક ઉત્તમ સુગંધીદાર મિશ્રણ છે.)

રાજનિઘંટકાર એને તજનાપાન ગણે છે, આપણે ત્યાં જે બજારમાં તમાલપત્ર મળે છે તે વસ્તુ અહિં પરદેશથી આવતી લાગે છે. તમાલવૃક્ષ નામક એક બીજી વસ્તુ આવે છે. તેનાંજ કદાચ આ પાન હોય એમ પણ કેટલાક લેખકોનું ધારવું છે. અને તે પણ જણાવે છે કે એનાં ઝાડ તજને મળતાંજ થાય છે અને તે સિંહલ-દ્વિપમાં થાય છે. બજારમાં મળતાં તમાલપત્ર બરાબર છે અને તે વાપરવાં જોઇએ.

ગુણ: ઉષ્ણ, લઘુ, વાતહર, દિપન, સ્વેદજનન, મૂત્રલ, ઉત્તેજક છે અરૂચી, શ્લેષ્મ, વિષ અને બસ્તીદોષ મટાડનાર છે. અજીર્ણ, પેટનોવાયુ, પાચનક્રિયાનાંવિકારો, ગર્ભાશયનીનબળાઇ, આમ, વગેરે મટાડે છે. સુવાવડીને થતો મેલોરક્તસ્રાવ સાફ કરવા માટે એનો કવાથ આપે છે. પરમાના દરદીને અપાય છે. તેજનાતી રાબડીમાં પણ તે આપે છે. પેટ માટે સારી દવા છે. સ્વભાવે ગરમ છે. અને ઉતેજક તેમજ વાતહર તરીકે બરાબર વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯ એલચી

N. O. Scitamineæ (સિટેમિનીઇ)

સં. એલા, સુક્ષ્મૈલા, **હિં.** ઇલાયચી, **મ.** વેલદોડે, **બં.** છોટોઇલાચ.

વર્ણન : એલચી બજારમાં સર્વત્ર મળે છે, તે મુખવાસના કામમાં પાનસોપારી સાથે તેમજ ગરમમશાલામાં અને અનેક પાક પકવાન મિઠાઇઓમાં છુટથી વપરાય છે, એલચી નાની અને મોટી બે જાતની આવે છે, મોટીએલચી દવામાં કયાંકજ વપરાય છે જ્યારે નાનીએલચીનો ઉપયોગ સર્વત્ર છુટથી થાય છે. એલચી આપણા દેશમાં મલબાર, કોચીન, મૈસુર અને મેંગલોર તરફ વધુ ભાગે થાય છે. બજારમાં મળતી એલચીમાં કાગદી, નીલવા, વગેરે જાતો મળે છે. દવાના પાણીથી ધોઇને એલચીને સફેદ કરીને પણ વધુભાવે વેચવામાં આવે છે, ખાવા માટે કાગદીએલચી (વગર ધોએલી) ઉત્તમ છે. દવાના કામમાં નીલવા એલચી સારી હોય છે મોટી એલચીને નરએલચી અથવા એલચા કહે છે, નાનીએલચીમાં પણ ખરી અને ખોટી એમ બે જાતો બજારમાં મળે છે. એલચીની ખેતી કરવામાં આવે છે. એનાં છોડ હળદર જેવડા થાય છે અને એલચી હરિદ્રા-વર્ગની વનસ્પતિ છે. બીજમાંથી તેલ કાઢી લઇ બોટાં બીજ પણ બજારમાં મળે છે. દવામાં સુગંધી દ્રવ્યોની સાથે એલચી વધુ ભાગે વપરાયલી જોવામાં આવે છે. ચાતુરજાતમાં એ એક મુખ્ય વસ્તુ છે. ઘરગથુ ઔષધ તરીકે એલચી પ્રસિધ્ધ છે.

ગુણ : શીતળ, વાતહર, કફહર, પિતકર અને કડવી છે. તે શ્વાસ, ખાંસી, અર્શ, દમ, વાયુ, ક્ષય, બસ્તીરોગ, કંઠરોગ, મૂત્રકૃચ્છ, પથરી, વ્રણ, વિષદોષ મટાડનાર છે. વધુ ખવાયતો ગર્ભપાત કરે છે, પેટનીચુંક, વાયુ, આફરો મટાડે છે. ઉત્તેજક અને વાતનાશક તરીકે એ બહુ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : એલચીનો ઉપયોગ ખાવા તેમજ અહાર લગાડવાના કામમાં થાય છે. અનેક લેપોમાં એલચી વપરાય છે. એલચીનુંતેલ વાતરોગમાં લગાડવા માટે વપરાય છે. મુખવાસ તરીકે એલચી બહુજ વપરાય છે. મીઠાઇ અને પાક પકવાનોમાં પણ તે અવશ્ય આવે છે. એલચીમાં વિષનાશક અસર હોવાથી તે ખાનપાનના દરેક પદાર્થોમાં લેવાયલી છે કેમકે એથી તે તે પદાર્થોમાં થતી પરસ્પર વિરોધી અસરનું એ નિવારણ કરી આપે છે, કેળાં ખાવા પછી જો પેટમાં ભાર કે વાયુ જણાય તો એલચી ખાવાનો રિવાજ છે તે બરાબર છે કેમકે તેથી કેળાંનું અજીર્ણ મટે છે. શ્વાસ, ખાંસી, ક્ષય વગેરેની દવામાં એલચી હોય છેજ; ઉલટી માટે એલચીનું ફાંટ આપવાથી લાભ થાય છે, અંગ્રેજીમાં ટીંચરકાર્ડામમ વપરાય છે તે એલચીની બનાવટ છે તે પણ વાતનાશક, પિતને છુટ કરનાર અને દિપન પાચન ગણાય છે, યકૃતની દવાઓમાં એલચી વાપરવી લાભકર્તા છે. દાંત માટે એલચી લાભકરનાર હોવાથી તેનો મુખવાસ તરીકે તેમજ દંતમંજનમાં એલચી વાપરવાનો રિવાજ દેખાય છે. વાજીકરણ દવાઓમાં એલચી વપરાય છે, ઉપરાંત તે પ્રમેહ અને મુત્રનાં દરદોમાં બીજી દવાઓ સાથે અપાય છે અને તે મુત્રાંશય પર ખાસ ઉપયોગી દવા છે. મજ્જાતંતુઓની પીડા માટે એલચી જરા કપીનાઇન સાથે લેવાથી ફાયદો કરે છે. હૃદયરોગ માટે એલચી અને પીપરીમુળનુંચૂર્ણ આપવું લાભ કરનાર છે, રેચક દવા લીધા બાદ પેટમાં ચૂંક આવે તો એલચી આપવાથી તે દરદ મટે છે. ઉલટી કે હેડકી માટે એલચીનાં ફોતરાંને બાળીને રાખ મધમાં અપાય છે. હરસની દવામાં એલચી આપી શકાય છે. આંખનીગરમી માટે ઘી સાકરમાં એલચીચૂર્ણ આપી શકાય છે. એલચીનાચૂર્ણની માત્રા ૧૦ થી ૨૦ ગ્રેન છે. એલચી હમેશા નવીજ વાપરવી જોઇએ, જુની કે સડેલી વાપરવી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેની બનાવટો ખાસ વાપરવા લાયક છે.

(૧) એલાદિવટી પૃષ્ટ ૫૧, (૨) એલાદિચુર્ણ પૃષ્ટ ૧૧૮, (૩) એલાદ્યરિષ્ટ પૃષ્ટ ૧૪૮, વૈદ્યકચિકિત્સાસાર ઉતરાર્ધમાં છે. તથા (૪) એલાદિચુર્ણ પૃષ્ટ ૧૧, વૈદ્યકપારિજાત ભા. ૧ માં છે. (૫) એલાદિગુટી પૃષ્ટ ૧૩ અનૂભૂત પ્રયોગાવલી ભા. ૨ જા માં છે.

એલચીનાંબીજ ૨ ડ્રામ, ધાણા ૨ ડ્રામ, તજ ૪ ડ્રામ, કાળી દ્રાક્ષ ૨ ઔંસ રક્તચંદન ૨ ડ્રામ, દારૂ ૧ પાઇંટ (૪૫ ટકાનો સ્પીરીટ) ઉપલી ચીજો કુટી બીજ વગરની દ્રાક્ષ કરી છુંદી તેને દારૂમાં પલાળી ૪૮ કલાક પછી દાબીને ગાળી લેવું. આ અર્ક ૩૦ થી ૬૦ ટીપાં થોડાં પાણીમાં મેળવી લેવાથી પેટનો વાયુ વગેરે બાળકોનાં દરદો મટે છે. બાળકો માટે ઉતમ છે એમ સ્વ. ડો. વામન ગણેશ દેશાઇ પોતાના ઔષધીસંગ્રહમાં જણાવે છે આ પ્રમાણે ન બનાવતાં ૧૨ કલાક પલાળી પછી ફાંટ કરી ગાળી તાજું વાપરવું હોય તો પણ સારૂં કામ આપે તેવી આ બનાવટ છે.

નોંધઃ મોટીએલચીની પેદાશ દારજીલીંગ તેમજ નેપાળ તરફ થાય છે, દવામાં તેમજ મુખવાસમાં આ એલચી તે તરફ બંગાળ યુ. પી. માં વધુ વપરાતી જણાય છે.

તે તીક્ષ્ણ, રૂચીકર, રૂક્ષ, સુગંધી, મુખશુધ્ધી કરનાર, પાચક, શીતળ, અગ્નિદિપક છે એ કફ, દમ, પિત, રક્તદોષ, ખાંસી, હૃદયરોગ, વિષદોષ, ઉલટી, તરસ, બસ્તી, મુખ અને મસ્તકનાપીડા મટાડનાર છે. દાંત અને પેઢાનાં દરદોને મટાડે છે. નાડીતંત્રની પીડામાં ઉપકારક છે. ઉતેજક અને વાતનાશકનો પણ મુખ્યગુણ રહેલો એમાં છે એનો ઉપયોગ ઘણોજ ઓછા રૂપમાં થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦ જાયફળ

N. O. Myristiceæ (માયરિસ્ટિસિઇ)

સં. જાતીફળ, **હિં.** જાયફળ, **મ.** જાયફળ, **બં.** જાતી.

વર્ણન: જાયફળનાંઝાડ મલાયા અને પીનાંગમાં થાય છે, મદ્રાસતરફ પણ એનાં પેદાશ થાય છે. અહિં આપણા દેશમાં જાયફળ સર્વત્ર ગાંધીલોકોને ત્યાં મળે છે, હલકાવજનનાં અને ભારે એમ બે જાતનાં ફળ મળે છે, જાયફળના ફળ ઉપર એક કઠણ છાલનું કવર કાચલી (ત્રોફા) જેવું પાતળું હોય છે તેને ફોડવાથી અંદરથી ફળ નીકળે તેનું નામ જાયફળ છે, આ ફળ ઉપર પીળારંગની છાલ. કળીઓજેવું જે હોય છે તે જાવંત્રી છે. મુંબઇનીબજારમાં ઉનાળાની ઋતુમાં લીલાં જાયફળ તેનાપર જાવંત્રી લાગેલી હોય તેજ હાલતમાં વેચાતાં મળે છે, અંદરનું ફળ અને છાલ બુબજ લાલરંગના સુંદર જોવામાં આવે છે. લોકો એને લઇને સ્વાદ કે રૂચી માટે ખાય છે. આ ફળો દક્ષિણ ભારતમાંથી અહિં આવે છે. જાયફળ ખુલ્લાં રાખવાથી તે સડી જાય છે, એટલા માટે તેને છાલ સહિતજ રાખવાં જોઇએ. જાયફળનો ઉપયોગ દવામાં બહુજ સાધારણ થાય છે. દૂધપાક, હલવો, પેંડા અને બીજી મીઠાઇઓમાં તેમજ પૌષ્ટિક દવાઓમાં એનો વપરાશ થાય છે. જાયફળમાં એક જાતનું તેલ નીકળે છે એ તેલ વાના દરદીને બીજા તેલમાં મેળવી લગાડવા અપાય છે.

ગુણ: ગ્રાહી, ઉષ્ણ, તીખું, વૃષ્ય, દિપન, સુગંધી, ભૂખલગાડનાર, અતિસાર અને શુળને મટાડનાર તથા કંઠરોગ, વાયુ, પ્રમેહ, બીલ, મોઢાનીવાસ મટાડનાર છે.

ઉપયોગ: વાજીકરણ ગુણ હોવાથી જાયફળ પૌષ્ટિક તેમજ સ્થંભક દવાઓમાં વધારે ભાગે વપરાય છે. તેમાં અફીણ નાંખી વાટી તેની ગોળી બનાવી તે ગોળી અતિસાર બંધ કરવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપાય છે. આમાશયને ઉતેજન આપનાર હોવાથી તે દિપન–પાચન દવાઓમાં આપવામાં આવે છે. દુધને પાચન કરવા માટે તે મસ્ત કામ આપે છે. વધુ માત્રામાં આપવાથી કેફ ચડે છે.

જુનાવાતરોગમાં જાયફળનુંતેલ તલના તેલમાં મેળવી લગાડવા આપે છે. માથાનાદુખાવા પર જાયફળ ઘસીને લેપ લગાડાય છે. મરડો અને અતિસાર મટાડનાર બીજી દવાઓની સાથે અપાય છે તેથી વા છુટ રહી ઝાડાની ચૂંક બંધ પડે છે. બાળકોને અપાતી બાળાગોળીમાં અપાય છે. નાનાં બાળકોને જ્યારે દુધ પચતું ન હોય ત્યારે દુધ–પાણીમાં આખું જાયફળ નાંખી જરા ઉકાળી ગાળીને તે દુધ આપે છે. એથી દુધ પચે છે, ઝાડો બાંધેલો આવે છે. મોઢાનાખીલ માટે જાયફળને ઘસીને ચોપડવામાં આવે છે, જાયફળના ચૂર્ણની માત્રા ૫ થી ૧૦ ગુંજ છે.

જાયફળનોકવાથ કે અર્ક બનાવી આપવાથી કોલેરામાં બહુજ સારો લાભ થાય છે.

ઘી અને સાકર સાથે જાયફળ ઘસીને લેવાથી બાળકોનાં અજીર્ણ, ઝાડા વગેરે મટે છે.

નિચેની બનાવટો અકસીર અને વાપરવાલાયક છે.

(૧) જાતિફલાદિવટી પૃષ્ટ ૧૧૬, (૨) જાતિફલાદિચુર્ણ પૃષ્ટ ૧૭૯ વૈદ્યકચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે તથા (૩) જાતિપત્રીગુટીકા પૃષ્ટ ૬૬ (૪) જાતિફલાદિવટી પૃષ્ટ ૬૬–૬૭ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧ જાવંત્રી

N. O. Myristiceæ (માયરિસ્ટિસિઇ)

સં. જાયપત્રી **હિં.** જાવિત્રી **મ.** જાયપત્રી **બં.** જાયિત્રી

વર્ણનઃ જાયફળમાં બતાવ્યા મુજબનું વર્ણનજ અહિં સમજી લેવાનું છે. જાયફળનાં ત્રોફા ઉપર જે પીળારંગના કલીઓ ચોંટેલી હોય તેજ જાવંત્રી છે. એ બજારમાં સર્વત્ર મળે છે. કેટલાક લુચ્ચા વેપારીઓ જાવંત્રીને બદલે રામપત્રી આપી લોકોને ઠગે છે. પણ રામપત્રી એ જુદીજ વસ્તુ છે. ખરી જાવંત્રી ઉતમ સુવાસયુક્ત અને પાતળી કળીઓ રૂપે સર્વત્ર બજારમાં મળે છે.

ગુણઃ ઉષ્ણ, સ્વાદમાં તીખી અને જરા કડવી તેમજ મધુર છે. કફ, અરૂચી, મોળા, મંદાગ્નિ, ખાંસી, કૃમિ, વિષવિકારને મટાડે છે. મોઢાને સાફ કરનાર છે. ઉલટી, તરસ, વાયુ, અંગનીજડતા વગેરે મટાડનાર છે.

ઉપયોગઃ જાવંત્રીમાં એક જાતનું તેલ છે તેને જુદું કાઢી દવામાં વાપરે છે. આપણે ત્યાં જાવંત્રી મુખવાસના મશાલામાં વપરાય છે. દવામાં જાવંત્રી અનેક જગ્યાએ વપરાય છે. બાળકો માટે તે ઉપકારી દવા છે. અને તે ઘરવૈદાંમાં વાપરવા લાયક છે. બાળકોનાં ઝાડા માટે જાવંત્રી જરા શેકી વાટી મધમાં આપે છે. પૌષ્ટિક અને વીર્યવર્ધક દવાઓમાં જાવંત્રીનો ઉપયોગ બરાબર થાય છે. ઝાડા, મરડા અને અજીર્ણમાં જાવંત્રી સરસ કામ કરે છે. બાકીતો લગભગ જાયફળને મળતોજ એનો ઉપયોગ જણાય છે.

જાતીવટી જાવંત્રીના બારીક ચૂર્ણને મધમાં મેળવી રતીભારની ગોળી કરવી, એ બાળકોના હઠીલા અને ન મટતા ઝાડા માટે રામબાણ ઉપાય છે.

અમારા તરફથી પ્રગટ થએલ બાલચિકિત્સાના પૃષ્ટ ૧૦૫ ઉપર આપેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૨ વરીઆળી

N. O. Umbelliferæ (અમ્બેલિફ્રિઇ)

સં. મિશ્રેયા, મધુરિકા, **હિં.** બડીસૌંફ, **મ.** બડીશેપ, **બં.** મૌરી

વર્ણનઃ વરીઆળી અને સુવાનાં છોડ મળતાંજ થાય છે, તેનાં પાન કોથમીરી-ધાણાંને મળતાં થાય છે માનદેશ, કપડવંજ, જબલપુર એ બાજુ એની પેદાશ વધારે છે. આપણે ત્યાં વરીઆળીને લોકો મુખવાસ તરીકે વાપરે છે, પાનમાં ખાય છે, શેકીને સાફ કર્યા પછી ખાવામાં સારી લાગે છે, તે એક સુગંધીદ્રવ્ય છે. અને યુનાની, અંગ્રેજી, આયુર્વેદિક બધી પધ્ધતિઓમાં વપરાય છે. એટલુંજ નહિં પણ તે ઘરગથુ દવા તરીકે પણ વાપરવાનો ચાલ છે, સસ્તી, નિર્ભય અને સર્વત્ર મળતી આ દવા ઉપયોગી છે, મુખવાસ તરીકે પણ ઠીક છે પરંતુ એનો વધુ ઉપયોગ ઇચ્છવા યોગ્ય નથી, કેટલીક જગ્યાએ વરીઆળી અને સુવાનો ઉપયોગ એક બીજાની જગ્યાએ ભુલથી કરાવાય છે. પણ ગુણમાં બંને ચીજો જુદી જુદી છે.

ગુણ : સ્વાદમાં મધુર, કંઇક કડુચી છે. દિપન–પાચન તથા વાતહરનાર છે. તરસ, ઉલટી, પેટનાચૂંક, આફરો, આમાતિસાર, જ્વર, શુળ, દાહ, વ્રણ, નેત્રરોગ, અતિસાર, અસ્તીદોષ વગેરે મટાડનાર છે.

ઉપયોગઃ વરીઆળીને એમજ સાફ કરીને તથા શેકીને મુખવાસ તરીકે વાપરવાનો સાધારણ ચાલ છે. તે ધાવણને વધારનાર છે, ગર્ભાશયને પણ ફાયદો આપનાર છે.

પેશાબ છુટ લાવવાની દવાઓમાં એનો ઉપયોગ થાય છે તેથી પેશાબ છુટથી આવે છે. ઉલટી, અજીર્ણ તથા મરડામાં વરીઆળી અને શુંઠને જરા શેકી ફાકી લેવાથી જલદી પેટનીચૂંક, વાયુ મટે છે અને આરામ થાય છે. જુલાબ સાફ લાવવાની ફાકીઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો ઉપયોગ થાય છે. આપણી એવી પ્રસિદ્ધ બનાવટ "સ્વાદિષ્ટવિરેચન" માં તેનો ઉપયોગ થાય છે. સુકીખાંસીની દવાઓમાં તે વપરાય છે, ઉનાળાની "ઠંડાઇ" બનાવે છે તેમાં એનો ઉપયોગ કરે છે. વરીઆળીમાં એક જાતનું તેલ છે એ તેલ પેટનાં દરદો મટાડે છે, તથા પીવાની દવાનો સ્વાદ સુધારવા વપરાય છે આપણે ત્યાં એનો અર્ક કાઢીને વાપરવાનો રિવાજ છે "સુવાનું અર્ક" તેમજ વરીઆળીનું અર્ક નાનાં બાળકો કે નબળાદરદીઓ માટે ઉતમ છે તે પેટનાવાયુને છુટ કરી દિપન–પાચનનું કામ કરે છે. અર્કનું શરબત બનાવી એને ગરમીનીખાંસી માટે આપે છે તેનાથી ખાંસી ઘટી જાય અને કફ છુટે છે. માથાનાદુખાવા માટે વરીઆળીનો લેપ કરાવાય છે તે ઠંડી છે અને પીડા મટાડે છે. એના પાનમાં પણ સુગંધ છે. મુળીઆં રેચક ગણાય છે. યુનાની હકીમો એનાં મુળનો ઉપયોગ કરે છે. નેત્રરોગ માટે એને વાટીને પોટલી કરી બાંધે છે. એનો ભુકો ઘી સાકર સાથે ખાવાથી શરીરમાં ગરમી ઘટે છે. હરડે, વરીઆળી, શુંઠ, અને સાકરનું ચૂર્ણ મરડાના દરદમાં સારી દવા છે. વરીઆળીનાં તેલને ઓઇલ ઓફ એનીસી કહે છે.

✓ ૪૩ સુવા

N. O. Umbelliferæ (અમ્બેલિફરિઇ)

સં. શતપુષ્પા, શતાહ્વા, **હિં.** સોયા, **મ.** બાળંતશોપ, **બં.** શુલ્ફા.

વર્ણન: સુવાનાંછોડ ગાજર જેવડાં વરીઆળીને મળતાં થાય છે. એની પેદાશ આપણા દેશમાં અનેક જગ્યાએ થાય છે. વાતપ્રકૃતિનાં માણસો એનાં પાનનું શાક કરીને ખાય છે. બજારમાં સુવા સર્વત્ર મળે છે, કેટલાક લોકો એને શેકીને મુખવાસતરીકે વાપરે છે, એમાં એક પ્રકારનું તેલ છે, જેને અંગ્રેજીમાં ઓઇલ ઓફ એનીથી કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો અંગ્રેજી વૈદ્યકમાં વાતહર અને દવાનાં મિકશ્ચરોમાં વાપરવા માટે ઉપયોગ કરે છે.

ગુણ : પાચક, મુત્રલ, વાતહર, યોનીદોષને મટાડનાર, ઋતુ-લાવનાર, ઉષ્ણ, દિપન છે. અને તે શુળ, ઉલટી, આમ, અતિસાર, દાહ, તરસ અને જ્વરને મટાડનાર છે.

ઉપયોગ : દવાઓમાં એનો ઉપયોગ ઘણોજ ઓછો થાય છે ઘરગથુ દવા તરીકે એનો ઉપયોગ ઠીક થાય છે, સુવાનુંઅર્ક અને છે જેને અંગ્રેજીમાં "એકવા એનીથી" કહે છે લોકો તેને ડીલવૉટરના નામથી જાણે છે, અને તે નાનાં બચ્ચાંઓને રોજ આપે છે તેનાથી પેટનોવાયુ મટે છે, સુવાવડીસ્ત્રીને સુવાનોકવાથ કેટલીક જગ્યાએ આપે છે, સુવાનો મુખવાસ તરીકે ઉપયોગ કરવા સુવાવડ પછી અપાય છે તો તેથી ધાવણ વધે છે. સુવાના ભુકાને તેલમાં ગરમ કરી એ તેલનું પોતું યોનીમાર્ગમાં રાખવાથી કસુવાવડમાં રહેલો દોષ જલદી સાફ થઇ જાય છે. અને યોનીશુળ મટે છે, કેટલીક દાયણો સુવામાં બીજી ચીજો મેળવી "યોનીવાત" અને ગર્ભાશયનાવિકારો મટાડવા માટે એનાં દાણાં બનાવી યોનીમાર્ગમાં રાખવા ખાસ ભલામણ કરે છે અને તે ઉપયોગી છે. નાનાં બાળકો માટે સુવાનુંપાણી, સુવાનીભુકીની સુથી કે તેનાં કવાથનો ઉપયોગ કરે છે. તેથી પેટનુંશુળ કે વાયુ મટે છે.

સુવાનાંબીજને સુવાદાણા કહે છે તે ખાવાથી સ્વાદમાં તીખાં અને કડુછા લાગે છે, યોનીશુળ તેમજ યોનીદોષ મટાડી ધાવણ વધારવા માટે સ્ત્રીઓને ઉપયોગી છે. પરંતુ આ વસ્તુ પુરૂષો માટે તેવી ઉપયોગી નથી કહે છે કે તે શુક્રને હાનીકરનાર તથા ઉષ્ણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪ અજમો

N. O. Umbelliferæ (અમ્બેલિફેરિઇ)

સં. યવાની, **હિં.** અજવાયન, **મ.** ઓંવા, **બં.** અજોવાન.

વર્ણન: અજમો એ જાણીતી વસ્તુ છે, ઘરગથુ દવા તરીકે એની ખ્યાતી ઘણીજ છે, વૈદ્યકમાં એનો ઉપયોગ સારા પ્રમાણમાં થએલો છે. અંગ્રેજી વૈદ્યો પણ તેને વાપરે છે. યુનાનીમાં કેટલીક માજુનોમાં તેમજ અર્ક રૂપે બરાબર વપરાય છે, અજમાની ત્રણ ચાર જાતો છે. અહિં આપણે ફકત અજમાનુંજ વર્ણન કરીએ છીએ. અજમામાં તેલનું તત્વ છે એને સંભાળથી લઇ તેને ફુલનું રૂપ આપે છે, 'થાયમોલ' નામની બનાવટ એજ અજમાનાંફુલ છે. અજમો અનેક દવાઓમાં આવે છે તે ગામડાના લોકોની એક સારી દવા ગણાય છે, અને ઢોરઢાંખરને માટે પણ દવા તરીકે આપવામાં આવે છે. અજમાનું વાવેતર થાય છે. તેનાં નાનાં છોડ થાય છે અને બજારમાં ગાંધી લોકોને ત્યાં તે સર્વત્ર મળે છે. તેની મોટી પેદાશ મારવાડ–નીમચ તરફ થાય છે, અજમાનાં ફુલ ઉજ્જૈન તરફ વધુ પ્રમાણમાં બનાવાય છે. અજમામાં ઉડી જનાર તેલ આશરે ૫ ટકા હોય તેમ જણાય છે.

ગુણ: તીખો, કડવો, ઉષ્ણ, દિપન, પાચન, પિતકર, તીક્ષ્ણ, વાતહર, સારક, વૃષ્ય છે. તે વાયુનાહરસ, શ્વાસ, કફ, શુળ, આફરો, ઉલટી, કૃમિ, બરલ, હૃદયરોગ, ખાંસી, ગુલ્મ, આમવાત અને શીળશને મટાડનાર છે, તેમાં કરીઆતા જેવું કટુપૌષ્ટિક, હિંગ જેવું વાતનાશક, ચૂંકહર તથા મરી જેવો અગ્નિદીપક ગુણ રહેલ છે. આ બધા ગુણો તેમાં હોવાથી તે એકલોજ સેંકડો પ્રકારનાં અન્નને પાચન કરનાર ગણાય છે. **"एकायवानी शतमन्न पाचिका"** એવી તેને માટે સંસ્કૃતમાં કહેવત વૈદ્યોમાં પ્રચલિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : અજમાનો ઉપયોગ અનેક બિમારીઓમાં કરી શકાય છે. ગોળ અને અજમાનું ચૂર્ણ ખાવાથી શીળસ મટે છે. પેટના દુખાવા માટે લવણ અને અજમાની ફાકી વખણાય છે. અજમાને કેરડાનામુળામાં ખાડો કરી તેમાં ભરી ઉપર કપડમાટી કરી અગ્નિમાં જરા બાફી પછી તે અજમાનું ચૂર્ણ મધમાં આપવાથી જુની બાંસી તથા દમનું દરદ મટે છે. અજમો, સિંધવ, હિંગ અને હરડેનું ચૂર્ણ લેવાથી સખ્ત મરડાનું દરદ મટે છે. યુનાનીહકીમો અજમાનું અર્ક દિપન, પાચન અને કફઘ્ન તરીકે વાપરે છે. એ માટે ૩ રતલ અજમાની પોટલી બાંધી ૬ બાટલી પાણી લઇ તેને ૨૪ કલાક પલાળી પછી નલીકાયંત્રથી અર્કની ૪ બાટલી કાઢી લેવી. આ અર્ક ઘણુંજ ઉતમ અને અસરકારક બને છે તેની માત્રા ૨।। થી ૫ તોલા પીવા માટે અપાય છે. ગામડાના લોકો ન મટતા જીર્ણ અને હડીલાતાવ માટે અજમાનોકવાથ આપે છે, બીજી રીત એવી છે કે રાત્રે ખુલ્લી જગામાં એક માટીના વાસણમાં ૨।। તોલા અજમાને ૨૦ તોલા પાણીમાં પલાળી રાખવો. સવારે તેને ગાળી એ પાણી સવારસાંજ બે વખત પીવા આપવું. આ હીમરૂપે બનેલી દવા જીર્ણતાવ માટે ઉતમ છે. તે સાથે તે દીપનપાચન હોવાથી પેટને પણ સુધારે છે. અજમામાં મારક ગુણ છે તેથી તે પેટ સાફ લાવે છે. હિંગ્વાષ્ટકચૂર્ણ જેવી પ્રસિદ્ધ દવામાં અજમો આવે છે. તે પેટની સરસ દવા ગણાય છે. અજમાના ચૂર્ણની માત્રા તો. ૦। થી ૦।। છે.

સુવાવડી સ્ત્રીને ત્રણ દહાડા પ્રથમનાં અજમાનો કવાથ આપવાનો રિવાજ છે. જે લગભગ ઠીકજ છે. કેમકે એથી દોષ સાફ થાય છે. અગ્નિપ્રદિપ્ત થાય છે. શરીરમાં વાયુ સંચય થઇ રહેવા પામતો નથી અને તાવ વગેરે આવવાની ભિતિ રહેવા પામતી નથી કેટલેક ઠેકાણે અજમાનીપોટલી બાંધી કે અજમાનુંતેલ બનાવી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેલને યોનીમાં રાખવા માટે સુવાવડીસ્ત્રીને અપાય છે. વળી કોઇ કોઇ એની ધુમાડી પણ આપે છે એ સર્વ એમાં રહેલ જંતુનાશક ગુણને લીધેજ થાય છે એનો કવાથ બનાવી તે વડે યોનીમાર્ગ ધોવામાં પણ આવે છે. તે વાતનાશક, બલ્ય અને જંતુઘ્ન છે એથી આ સર્વ કાર્યમાં તે લાભકારક છે.

ફેફસાંનાં દરદોમાં કફ બહુ ઉત્પન્ન થાય છે અને શ્વાસ, ખાંસી બહુજ હેરાન કરે છે ત્યારે અજમાવાળી દવા લેવાથી કફ ઘટે છે. છુટથી કફ બ્હાર નીકળે છે. કેટલીકવારતો અજમો હુકામાં ભરીને કે બીડી કરીને દમના દરદીને આપવાથી સારો લાભ કરે છે. અજમાનું ચૂર્ણ ગરમપાણી સાથે ખાવા માટે આપે છે. બાળકોની મોટી ખાંસીમાં પણ અજમો અને બોંબલી નામક દવા અપાય છે અને તેથી સારો લાભ થાય છે.

ઉલટી, અજીર્ણ, શીળસ, આફરો, પેટનુંશુળ, આમવાત, કોલેરા, પેટનાંકૃમિ વગેરેમાં અજમો ઉપયોગી છે. નાનાં બાળકો માટે અજમાનુંઅર્ક સારી દવા છે.

અજમાનાંફૂલ, પીપરમેન્ટ ફુલ, કપુર આ ત્રણેની મેળવણીથી તૈયાર થતી એક સર્વરોગનાશક દવા આજે સર્વત્ર વપરાય છે તે તુરત લાભ કરનાર અને ઉતમ જંતુઘ્ન દવા છે કોલેરામાં તે રામબાણ જણાય છે.

જખમ, વ્રણ, નાસુર, સોજો વગેરેમાં અજમાનું ચૂર્ણ પાણીમાં વાટી પોટીસ બંધાય છે. પગમાં કંઇ વાગે અને પાક થાય ત્યાં અજમા અને ગોળની પોટીસ બાંધે છે તેથી એ દરદ જલદી દુર થાય છે.

નિચેની અજમાની બનાવટો ખાસ વાપરવા લાયક છે.

(૧) અજમોદાદ્વિવટી પૃષ્ટ ૯૨, (૨) યવાનીખાંડવચુર્ણ પૃષ્ટ ૧૯૬, (૩) યવાનીકાઅવલેહ પૃષ્ટ ૨૫૭ વૈદ્યક ચિકિત્સાસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વાર્ધમાં છે તથા (૪) અજમોદાદિવટી પૃષ્ટ ૪૭ વૈદ્યક ચિકિત્સા-સાર ઉત્તરાર્ધમાં છે તથા (૫) અજમોદાદિચુર્ણ પૃષ્ટ ૫ તથા પૃષ્ટ ૫૪ વૈદ્યકપારિજાત ભાગ ૧–૨ જામાં છે.

---

૪૫ અજમોદ (બોડીઅજમોદ)

N. O. Umbelliferæ (અમ્બેલિફ્રિઇ)

સં. અજમોદા, **હિં.** અજમૂદ, **મ.** કરફ્સ, **બં.** બનયમાની.

વર્ણન : અજમાની એક જાતને અજમોદ કહે છે, એનું ફેટલીક જગ્યાએ (બંગાળ તરફ) વાવેતર થાય છે. બાકી વધુભાગે તે હિમાલયની ટેકરીઓમાં તેમજ પંજાબ તરફ જંગલમાં થાય છે. દવામાં અજમોદ ઘણી જગ્યાએ વપરાય છે, તે ગાંધીલોકોને ત્યાં મળે છે, અજમોદ–બોડીઅજમોદ–ચલેઆણ એ નામથી ગાંધીલોકો તેને વેચે છે તે અજમાને મળતીજ પણ જરા ખુલ્લા લીલારંગની બારીક દાણાની અને તેમાં વધુ કચરો–ભુસો હોય તેવા રૂપમાં મળી શકે છે, કચરો સાફ કરી દવાઓમાં વપરાય છે.

ગુણ : સુગંધી, દિપન, વાતનાશક, રૂક્ષ, ગરમ, વૃષ્ય, બલકર, લઘુ, કટુ, મળસ્થંભક, ગ્રાહક, અને પાચક છે, પિત્તને વધારનાર, મૂત્રલ, શોથહર, કફ–વાયુ મટાડનાર, હૃદયને હિતકારક, ઉલટી, હેડકી, કફ અને નેત્રરોગોને મટાડનાર છે. દમ–ખાંસીમાં પણ વપરાય છે. યકૃત અને બરલ માટે પણ ઉપયોગી જણાય છે.

ઉપયોગ : ફેટલીક દિપન–પાચન દવાઓમાં તેમજ વાયુનાશક તરીકે વપરાય છે, પેટનાં અજીર્ણ વગેરે દરદો માટે ઉપયોગી છે, સ્ત્રીઓને માસિકરૂતુ વખતે થતી પીડામાં તેમજ સુવાવડીને આપવામાં આવે છે. પેટનાશુળમાં તેમજ કમળામાં તેનું ચૂર્ણ અપાય છે. મોચરસ, ધાવડીફુલ, શુંઠ અને અજમોદનુંચૂર્ણ ઝાડા બંધ કરવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે છે. વાયુ, મોળ, ઉલટી, પેટનાંવિકારોમાં તે શુંઠ, સંચળ, અજમોદ અને મરીનુંચૂર્ણ કરી લેવાય છે તેનાથી રૂચી પણ થાય છે. વરાધ, દમ, ખાંસી, શરદી અને જીર્ણજ્વરમાં ઉપયોગી છે. આયુર્વેદિક દવાઓમાં તે અનેક જગ્યાએ વપરાયેલ છે.

અજમોદાદિચુર્ણ અને અજમોદાદિવટી તેની બનાવટો પ્રસિદ્ધ છે.

---

૪૬ ખુરાસાનીઅજમો

N. O. Atropaceæ (એટ્રોપેસિઇ)

सं. ખુરાસાનીયવાની, પારસિકયવાની, **हिं.** ખુરાસાનીઅજવાઇન, **म.** ખુરાસાનીઓંવા, **बं.** ખુરાસાનીયોયાન્.

વર્ણનઃ ખુરાસાનીઅજમાની પેદાશ પર્શિયા દેશના ખુરાસાન અને યમાન પ્રાંતમાં થાય છે એથીજ એનું નામ આપણે ત્યાં ખુરાશાન શબ્દ ઉપરથી પડેલું લાગે છે, તે કાશ્મીર, ધારીવાલ, હિમાલયનો પશ્ચિમ પ્રદેશ અને ઉંચાઇવાળા પ્રદેશમાં થાય છે છતાં આપણા દેશમાં તો તે ઇરાન અને અફ્ગાનીસ્થાન તરફથી આવે છે અને તે બજારમાં ગાંધી લોકો પાસે મળે છે, આયુર્વેદના પ્રાચીન પુસ્તકોમાં એનો ઉપયોગ થયો જણાતો નથી પણ ભાવપ્રકાશથી શરૂઆત થએલી લાગે છે, અંગ્રેજીવૈદ્યકમાં તેનો ખુબ ઉપયોગ થાય છે અને તે માન્ય થએલી એક વનસ્પતિ છે, આ દેશના સરકારી ગાર્ડનોમાં તેના છોડને ઉછેરી જોવામાં આવેલ છે અને તે થાય છે. દવામાં તેનું પંચાગ વપરાય તેમ છે પરંતુ અહિંતો તેનાં બીજ વપરાય છે. અંગ્રેજીમાં તેનું એક્સ્ટ્રેટ, ટીંચર, ઘન વગેરે બને છે અને તે પ્રવાહી કે ગોળી રૂપે અનેક જગ્યાએ વપરાય છે, અજમાને મળતી આ એક વનસ્પતિ છે તેનાં છોડનો પાક પહેલાં કરતાં બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષમાં સારો મળે છે. તેમાં હાયોસાઇન તથા હાયોસીનીક એસીડ નામનાં તત્વો છે. ખુરાસાનીઅજમાના વેલા થાય છે, તેમાં કેળાં જેવડાં ફળો હોય છે એ ફળમાંથી બીજ નીકળે છે તેમાં કેફ રહેલો છે અને વિશેષ લેવાથી મૃત્યુ થાય છે એમ સ્વ. રૂધનાથજી ઇંદ્રજી પોતાના નિઘંટસંગ્રહમાં જણાવે છે. બજારમાં મળતાં બીયાંમાં માટીનો ભાગ હોય છે તેને બરાબર હાથે ચોળી સાફ કરી કે ધોઇ સુકવી પછી દવામાં વાપરવાની જરૂર છે.

ગુણ : શામક, અવસાદક, સ્નાયુશૈથિલ્યકૃત, ઉતેજક અને કનીનિકાને મોટી કરનાર છે. તે માનસિક ઉતેજનામાં, ઉન્માદમાં, હૃદયવ્યથામાં, તાણમાં અને મૂત્રમાર્ગનીપીડામાં વપરાય છે. તે સંકોચવિકાસ પ્રતિબંધક છે નાના સરખી અસર હૃદયાવસાદક તથા બલ્ય છે. હૃદયને માટે તે વધુ ભાગે અહિતકારક છે. તે લેવાથી કલાકોના કલાક ઉંઘ આવે છે. તે ઝાડાને સાફ કરે, છે અફીણ જ્યારે નિંદ્રા લાવનાર અને કબજીયત કરનાર છે ત્યારે આ કબજીયતને તોડી ઉંઘ લાવનાર છે અને તેનાથી સસ્તી પણ છે.

ઉપયોગ : તેનાં બીજનું ચૂર્ણ કરી દવામાં ચૂર્ણ રૂપે કે કવાથ રૂપે વપરાય છે. તેનું ચૂર્ણ ૨ થી ૫ ગુંજ લેવાય છે. વધુ માત્રામાં તે હાનીકારક છે. પરંતુ સમજીને યોગ્ય પ્રમાણમાં લેવાથી બરાબર સારી અસર કરનાર ઔષધ છે. હિસ્ટીરીઆ, ઉન્માદ, અનિદ્રા, પરમીયો, પેશાબનીમુશ્કેલી, સુકીખાંસી, મરડો, લોહીવાળી-ખાંસી, સોજો, પીડા, અંડશોથ, સ્તનશોથ, આમવાત વગેરેમાં બાવા તથા લગાડવાના કામમાં લઇ શકાય છે.

સુકીખાસીમાં લેવાથી કફને છુટો કરે છે. મૂત્રની વારંવાર હાજત થાય અને છુટથી ન આવે ત્યારે તેનો કવાથ જવખાર, ગળો, કાળીપાટ સાથે અપાય છે. ત્યાં એની અવસાદક ક્રિયા કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋતુનીપીડા, ઓછું આવવું કે વધુ આવવું અથવા અનિયમિત આવવું એ સર્વ વિકારોમાં આ દવા લાભકારક છે. હિસ્ટીરીઆના દરદીને આસંધ ભાગ ૧ ખોરાસાનીઅજમો ભાગ ૧ જટામાંસી ભાગ ૪ નો કવાથ કરાવી તે આપવાથી ફીટ આવતી અટકે છે. દરદીને આરામ મળે છે. ઉંઘ આવે છે અને દરદીને તુરત રાહત આપે છે.

દેશી વૈદ્યકમાં નિદ્રા લાવનાર સારી, નિર્ભય અને સસ્તી દવા તરીકે ખુરાસાનીઅજમો ઉત્તમ છે. અને તે ૧૦ ગ્રેનની માત્રામાં લેવાથી સારી ઉંઘ લાવે છે. અંગ્રેજી વૈદ્યકમાં બીજી મોંઘી અને હાનીકારક દવાઓ લેવાય છે, એ કરતાં આ વધુ સારી છે.

આંખનીપીડા ઓછી કરવા એનાં પાનનો કવાથ ટીપાં રૂપે વપરાય છે. તેથી કનીનિકા મોટી થાય છે.

જીર્ણઉન્માદ કે મગજનાદરદોમાં આ દવા સારી અસર કરે છે એનાથી અનેક દરદીઓ સારા થાય છે. માનસિક અવસ્થા બગડવાથી ઉંઘ ન આવતી હોય ત્યારે પણ એને લેવાથી ઉંઘ આવે છે અને માનસિક હાલત સુધરે છે.

પેશાબનીબળતરા મટાડવા એનું ટીંકચર બીજી દવા સાથે અંગ્રેજી ડૉકટરો વાપરે છે આપણે તેને બીજી મૂત્રલદવા સાથે કવાથ રૂપે વાપરી શકીએ છીએ.

સ્વ. ડૉકટર વામન ગણેશ દેશાઇ જણાવે છે કે તેની એક બીજી જાત કોહીલંગ જેને **મદકારિણી પારસીક યવાની** કહે છે તે જેરી છે. તે દવામાં વાપરવી નહિ એથી માણસ ગાંડો થઇ જાય છે.

વૈદ્યરાજ બાપાલાલભાઇ પોતાના નિઘંટુમાં તેને કંટકાર્યાદિવર્ગમાં ગણાવે છે જ્યારે સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇએ એને ધતુરાનાવર્ગમાં ગણેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાંસી, સુકીખાંસી, અનિદ્રા, મૂત્રપીડા, ઉન્માદ અને હિસ્ટીરીઆમાં આ ખરેખર અકસીર દવા છે. યોગ્યમાત્રામાં સમજીને બીજી દવાઓ સાથે લેવાથી આશાતિત લાભ કરે છે. એમ આજના ડૉકટરો તથા વૈદ્યો ખાસ જણાવે છે.

---

૪૭ હિંગ

N. O. Umbelliferæ (અમ્બેલિફેરિઇ)

સં. હિંગુ, રામઠમ્, **હિં.** હિંગ, **મ.** હિંગ, **બં.** હિંગુ.

વર્ણન: હિંગના છોડ ૨ થી ૪ ફુટ ઉંચા થાય છે, તેની પેદાશ ઇરાન, અરબસ્થાન, અફગાનીસ્થાન અને પંજાબ તરફ થાય છે, આપણા દેશમાં થતી હિંગ સારી જાતની ગણાય છે. બજારમાં જે હીંગ મળે છે તે અનેક પ્રકારની બનાવટવાળી હિંગ હોય છે, ઘહુંનોલોટ, ગુંદ, રંગ અને થોડીક ખરી હિંગ મેળવી જુદા જુદા અનેક પ્રકારથી હિંગ બનાવી સુકવી ડબ્બાઓમાં ભરીને વેચે છે. આ સર્વ હિંગ બનાવટી હોય છે, હિંગના ઝાડને કાપા મારી ત્યાંથી ઝરતો રસ–ગુંદના રૂપમાં મળે છે, તે લાવેલ હિંગ ખરી હિંગ છે. આ હિંગ ઘણીજ તેજ વાસદાર હોય છે અને તે એક રાઇનાદાણા જેટલી મોઢામાં રાખવાથી ખુબ તમતમાટ અને દાહ પેદા કરે છે. આવી ખરી હિંગ ૫ થી ૧૦ રૂપીએ રતલ મળે છે તે જરા ચીકાશદાર અને ચમકતા દાણાનારૂપમાં ગુંદ જેવી દેખાય છે, હિંગની નવી મોસમ વસંતરૂતુમાં થાય છે, અહિં બજારોમાં અમૃતસર તરફ એ માલ આવે છે. દવામાં હિંગનો ઉપયોગ બરાબર થાય છે. યુનાની હકીમો–અંગ્રેજી ડૉકટરો અને વૈદ્યો દવામાં હિંગ વાપરે છે. એટલુંજ નહિ પણ તે એક ઘરગથ્થુ દવાતરીકે પણ પ્રસિદ્ધ છે. હિંગનો આપણે વઘારમાં–મશાલામાં પણ ખુબજ ઉપયોગ કરીએ છીએ તે જલદવાસવાળી અને ઘણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગી દવા છે. તેમાં સુક્ષ્મતત્વ તેલરૂપે દેખાય છે. અરી હીંગ બહુજ ઓછી વાપરવી પડે છે. હિંગળા નામથી એક બીજી જાતની હિંગ પણ બજારમાં મળે છે પણ તે શુદ્ધ નથી હોતી.

ગુણ : ઉષ્ણ, વાતહર, કૃમિઘ્ન, સ્નાયુશૈથિલ્યકૃત, પેટ અને આંતરડાને ઉત્તેજક, દિપન, પાચન, આનુલોમિક, છેદનીય, શ્લેષ્મહર, કફની વાસ મટાડનાર, મજ્જાતંતુઓપર એકદમ અસર કરનાર, ગર્ભાશય માટે ઉત્તેજક અને વિષમજ્વરને હરનાર તેમજ સંકોચ-વિકાશ પ્રતિબંધક છે. તે કફને પાતળો કરી બ્હાર કાઢે છે, તેમાં રહેલ તેલની વાસ આવા પછી ઝાડો પેશાબ અને પસીનામાં પણ દેખાવ આપે છે. કફની દુર્ગંધીને મટાડે છે. વધુ માત્રામાં લેવાથી માથામાં પીડા અને ચક્કર આવવા લાગે છે. મજ્જાતંતુ ઉપર એની અસર તુરત થાય છે.

ઉપયોગ : હિંગનો ઉપયોગ દિપન, પાચન અને વાતહર દવાઓમાં થાય છે, કોલેરાની દવાઓમાં હિંગ ઘણીજ સારી દવા હોવાથી તેનો ઉપયોગ કરવામાં આવે છે. હિસ્ટીરીઆની દવામાં હીંગ વાપરવાથી સારો લાભ થાય છે, ઋતુનીપીડા, પેટનોવાયુ, શુળ, અપચો, આફરો, છાતીમાં અમુંઝવણ વગેરે દરેક ફરિયાદ માટે હિંગ સારી દવા ગણાય છે.

પેટનાંકૃમિને મટાડે છે તેથી તે એકલી કે બીજી દવાની સાથે અથવા બસ્તીનારૂપમાં આપવાથી પેટનાંકૃમિ બહાર પડે છે.

ગ્રધ્રસ, અડદીઓ વા, મન્યાસ્થંભ, આંચકી, તાણ, પક્ષાઘાત વગેરે વાતરોગમાં હિંગ વાપરવી લાભકારક છે. તે બાવાની દવાઓમાં ચૂર્ણ, ઘૃત, લેહ રૂપે અપાય છે.

પેટનાવાયુ માટે તેની બનાવટ હિંગ્વાષ્ટકચૂર્ણ પ્રસિદ્ધ છે, અંગ્રેજીમાં તેનું ટીંચર તેમજ પીલ્સ આવે છે એ સિવાય તે ટીંચરરૂપે અનેક મિશ્રણોમાં પણ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપુર અને હિંગ સમભાગે મેળવી તેને જરાક મધમાં મેળવી રતીભારની ગોળી કરી લેવી. આ ગોળી ૧ થી ૨ ના પ્રમાણમાં લેવાથી તે ઘણોજ સારો લાભ કરે છે.

ઉપર કહેલા તમામ દરદોમાં, હિસ્ટીરીઆનીપ્રીટમાં, શ્વાસ-નળીનાં દરદોમાં ખાસ કરી પેટનીપીડા, માસિકરૂતુસમયનીપીડા, હૃદયરોગ, ગભરાટ. આફરો અને ચક્કર આવતાં દેખાય ત્યારે આ ગોળી સારૂં કામ કરે છે.

પાચનની દવાઓમાં હિંગ આવે છે, એવા બનાવટોમાં ગંધકવટી, લસુનાદિવટી, ચિત્રકાદિવટી વગેરે મુખ્ય છે, તેમાં હિંગ હોવાથી તે દવા જલદી અસર કરે છે.

હિંગને દવામા વાપરવા પહેલાં તેના નાના ટુકડા કરી એક કડાઇમાં થોડું ઘી નાંખી ગરમ કરી તેમાં હીંગ મુકી સગડીપર મંદતાપે શેકી લેવી. લાલ થયા બાદ ઉતારી લેવી. આ હીંગને શુદ્ધ કરવાની રીત છે એ રીતે શુદ્ધ કરેલી હિંગ બધી દવાઓમાં કે એકલી વાપરી શકાય છે. પરંતુ ફેફસાંનાં દરદોમાં જે હિંગ કામ કરે છે અપાય છે તે હિંગ કાચીજ લેવી, એને શુદ્ધ કરવાની જરૂર નથી, ઉપર જે હિંગ–કર્પૂરગટીની રીત બતાવેલ છે તે કાચી હિંગની છે. બાળકોની આંચકીને મટાડવા માટે હિંગ વપરાય છે, એવીજ રીતે કૃમિ કે આફરામાં અને પેટનાંશુળમાં બાળકોને અપાય છે, કેટલીકવાર પેટપર એનો લેપ પણ લગાડે છે, તેથી તરતજ વાયુ છુટ થાય છે.

દાઢનાપીડા સડેલદાઢનીવેદના માટે હિંગની કટકી કે ઉપર કહેલી ગોળી મુકવાથી તરત પીડા મટે છે.

શ્વાસનળીની જીર્ણ પીડામાં તેમજ મોટી ઉધરસની જીર્ણાવસ્થામાં હીંગુ–કર્પુરગુટી સારો અસર કરે છે

હિંગ, સિંધવ, એલચી. શુંઠ, વજ્રનુંચૂર્ણ પેટની પીડામાં અપાય છે. બાળકોને માટે આ ચૂર્ણ ઉત્તમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલેરીઆવાળા પ્રદેશમાં રહેનાર માણસોએ હિંગનો ઉપયોગ કરવો હિતકારક છે. તેમજ વાતપ્રધાન દેશોમાં હિંગ વાપરવાનો પણ રિવાજ ખુબ જોવામાં આવે છે. જે સ્ત્રીઓને વારંવાર ગર્ભસ્રાવ થાય છે તેને માટે હિંગ આપવી સલાહકારક ગણાય છે.

દિવેલનુંતેલ, ટરપેન્ટાઇનતેલ અને તેમાં જરા હિંગ નાંખી તેની પીચકારી આપવાથી પેટનુંશુળ અને પેટનાકૃમિની પીડા જલદી મટે છે.

વડી, પાપડ વગેરેમાં હિંગ બરાબર વપરાય છે. શાક અને દાળને વઘારવામાં હિંગનો ઉપયોગ ખુબ થાય છે, તેથી વાયુ છુટ રહે છે. અને પાચન સારૂં થાય છે. રસોઇ પણ સ્વાદમય બને છે,

ગરમ પ્રકૃતિ માટે હિંગ વાપરવી હિતકારક નથી એટલેજ કેટલાક એવી પ્રકૃતિનાં દરદો માટે હિંગ અપથ્યકારક ગણાય છે.

હિંગથી ગર્ભાશયનું સંકોચન થઇ ઋતુ સાફ આવે છે. એથીજ તે ઋતુ લાવનારી દવામાં વપરાય છે. વાળાનો રોગ ચાલતો હોય ત્યાં હિંગ વાપરવાનો રિવાજ છે. કેટલાકના મત પ્રમાણે વાળાને તે મટાડનાર છે.

હિંગની માત્રા ૫ થી ૧૦ ગ્રેનની ગણાય છે પણ સારી ચોકખી ઉંચી જાતની હિંગ ૨ થી ૪ ગ્રેન પણ પુરતી ગણાય છે. કેમકે વધુ માત્રાથી કેટલીકવાર બહુ ગરમ જણાતાં ચક્કર આવી માથું ફરવા લાગે છે.

હિંગનો બીજો એક ગુણ અફીણના વિષથી પીડાતા માટે વખણાય છે જેણે અફીણનું ઝેર લીધું હોય તેને હિંગ આપવામાં આવે તો અફીણનું ઝેર નકામું થઇ પડે છે, એમ લોકો કહે છે એને છાશમાં મેળવી હિંગ પાવાનો રિવાજ છે. અફીણની દાબડીમાં હીંગનો કટકો રાખવાથી અફીણ માટીરૂપમાં થઇ જાય છે એમ પણ કેટલાક લોકો કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંગ્વાષ્ટકચૂર્ણ એ લગભગ ઉત્તમ પ્રકારનો પથ્ય મશાલો ગણાય તેમ છે સાદા ખોરાકમાં તે મેળવી લેવાથી મશાલાનું કામ કરે છે, દાળ ભાતમાં એ મશાલો અને જરાક ઘી મેળવી લેવાય તો દરદીને બીજા મશાલાની જરૂર રહેતી નથી.

ગુજરાત કાઠીયાવાડમાં હિંગને 'વઘારણી' કહે છે. કેમકે તે વઘાર માટે વપરાય છે, તેથીજ આ તેનું નામ પડેલું જણાય છે.

નિચેની બનાવટો ખાસ વાપરવા લાયક છે.

(૧) હિંગુકર્પૂરવટી પૃષ્ટ ૧૫૧, (૨) હિંગ્વાષ્ટકચુર્ણ પૃષ્ટ ૨૧૧, (૩) હિંગ્વાદ્યિચુર્ણ પૃષ્ટ ૨૧૨ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે તથા (૪) હિસ્ટીરીઆહરવટી પૃષ્ટ ૧૦૬, (૫) હિંગ્વાદ્યિવટી પૃષ્ટ ૧૦૬ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં આવેલ છે. (૬) હિંગ્વાદ્યિવટી અનુભૂતપ્રયોગાવલી ભાગ ૨ જો પૃષ્ટ ૪૬ માં છે.

૪૮ જીરું

N. O. Umbelliferæ (અમ્બેલિફરિઇ)

સં. જીરક, **હિં.** જીરા, **મ** જીરેં **બં.** સફેદજીરા.

વર્ણન: જીરાની ઉત્પત્તિ મારવાડ, ગુજરાત, રતલામ અને જબલપુર તરફ વધારે થાય છે, ઉપરાંત ઇરાન તરફથી આપણા દેશમાં પણ આવે છે. એનાં છોડ અજમા જેવાજ થાય છે તે ગાજરના વર્ગની ચીજ છે. તે દરેક જગ્યાએ ગાંધીની દુકાને મળે છે. જીરાનો ઉપયોગ દવામાં તેમજ મશાલાઓમાં મુખ્ય થાય છે, શાકના-વઘારમાં વપરાતું આ જીરૂં જેને કેટલાક સફેદજીરૂં પણ કહે છે, એ સિવાય જીરાની બીજી પણ અનેક જાતો છે તે દરેકનું વર્ણન જુદું કરવામાં આવશે જીરામાં અમુક ભાગે તેલનો અંશ છે તેમાં સુગંધી રહેલી છે. ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણ : તીખું, ગ્રાહક, પાચન, દીપન, લઘુ, કિંચિત્ ઉષ્ણ, મધુર, નેત્રને હિતકારક, રૂચીકારક, ગર્ભાશયને શુદ્ધ કરનાર, રૂક્ષ, બલકર, સુગંધી, અને કડવું છે. તે ગરમી મટાડનાર, મુત્ર લાવનાર તથા દિપન–પાચન અને કોઠાના વાયુને શાંત કરનાર સ્વભાવે ઠંડુ છે.

ઉપયોગ : પેટનોવાયુ અને શરીરની ગરમી મટાડવા માટે જીરૂં વખણાય છે, શાક અને મશાલાવાળી ચીજોમાં જીરૂં વપરાય છે. તેથી રસોઇ સ્વાદમય અને પાચક બને છે. ધાણા–જીરૂં એ મશાલાની મુખ્ય વસ્તુ ગણાય છે. સિંધવ, જીરૂં અને હિંગ પેટનાવાયુને મટાડનાર છે. તે પરિણામશુળ અને પેટના ગેસ માટે દવા તરીકે લેવાથી સારો લાભ કરે છે. જીરાથી હેડકી મટે છે. ગર્ભિણીની-ઉલટી મટે છે, વિષમજ્વર માટે જીરૂં ઉતમ ગણાય છે. અને તેનો તાવની દવામાં અનેક જગ્યાએ ઉપયોગ કરવામાં આવે છે. વાતકફ-જ્વરમાં તેમજ વિષમજ્વરમાં જીરાનો ઉપયોગ ગોળ સાથે કરવામાં આવે છે. પેટનાંદરદ અને જીર્ણ કે વિષમજ્વર માટે જીરકાદિ-મોદક પ્રસિદ્ધ છે. વળી કેટલીક જગ્યાએ જીરાપાકની બનાવટ પણ વપરાય છે. નવા તાવની ગરમીને જીરૂં મટાડી શકે છે. તેમજ જીર્ણજ્વરમાં જીરૂં આપવાનો સામાન્ય રિવાજ છે. તેનાથી શક્તિ વધે છે. ભુખ લાગે છે, પેશાબનીગરમી કે અડચણ ઓછી થાય છે. એના ઉકાળાનું પાણી કરી નહાવાથી ખસ–ખુજલી મટી જાય છે.

ધાવણ વધારવા માટે જીરૂં સુવાવડ મટી ગયા પછી લેવાય છે તેથી ધાવણ છુટથી આવે છે. એનાં બીજને સહેજ ઘી લગાડી ચલમમાં પીવાથી હેડકી એસે છે.

નાનાં બાળકો માટે જીરૂં, સુવા અને વરીઆરીનોઅર્ક કાઢી તે આપવાથી પેટનીચૂંક, વાયુ, અજીર્ણ, ઉલટી, ઝાડા વગેરે મટે છે. બજારમાં વેચાતી ગ્રાઇપવોટર કે ગ્રાઇપકયોર નામક દવામાં જીરૂં આવે છે તેવીજ રીતે હિંગાષ્ટકચૂર્ણ, યવાનીચૂર્ણ વગેરે ઘણી પેટની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાઓમાં જીરૂં આવે છે. કઠોળ અને વાયુ કરનારા શાકમાં હિંગ અને જીરાનો વઘાર જરૂર અપાય છે, ઘણીવાર જીરાને એમજ વાપરવા કરતાં જરા શેકીને વાપરવાથી તે વધુ અનુકુળ જણાય છે. મશાલામાં, ભાતને વઘારવામાં, શાકમાં, દવામાં અને નમકીન ચીજો ખાવામાં સ્વાદ વધારવા–ગુણ કરવા માટે ધાણાં–જીરૂં, સિંધવ આ ચીજો વાપરવાનો રિવાજ છે.

શ્વાસ, કાસ, પીનસ, અરૂચી, વિષવિકાર, અતિસાર, ગ્રહણી, છીંક, યોનીરોગ, પેટનોવાયુ, હરસ, મદાત્યય વગેરેમાં જીરાનો ઉપયોગ ચરક, સુશ્રુત વગેરેમાં પણ થએલો છે. પ્રદરમાં જીરાનો ઉપયોગ થાય છે. "યુનાની વૈદ્યો પણ એને વાતવિકાર, ગાંડપણ, શરદી, પેટનોવાયુ, પેશાબ અને ઋતુનીપીડા, નસકોરી ફુટવી, નેત્રરોગ માટે વાપરે છે. શેકીને લેવાથી તે કબજીયાત કરે છે અને સુરકામાં પલાળી સુકવીને લેવાથી તે શુક્રનો નાશ કરે છે એમ તેમનું કહેવું છે."

(૧) જીરકાદિમોદક પૃષ્ટ ૬૭ (૨) જીરકાદિયોગ પૃષ્ટ ૨૨૬ વૈદ્યક ચિકિત્સાસાર ઉતરાર્ધમાં આવેલા છે તે જોઇ શકાય છે,

---

૪૯ શાહાજીરૂં

N. O. Umbelliferæ (અમ્બેલિફરિઇ)

સં. કૃષ્ણજીરક, **હિં.** સ્યાહજીરા, **મ.** શહાજીરેં **બં.** શિઅજીરા.

વર્ણન: ગાંધીલોકોને ત્યાં આ મળે છે, ગરમમશાલામાં વધુભાગે વપરાય છે, દવામાં પણ એનો ઉપયોગ થાય છે, આપણા દેશમાં તેની પેદાશ ગઢવાલ, કુમાયુ, કાશ્મીર, બલુચીસ્થાન તરફ થાય છે. ઉપરાંત તે પરદેશમાંથી તેમજ ઇરાન તરફથી પુષ્કળ આવે છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરા ભુખરા કાળાશ રંગનું હોય છે, જીરાને મળતુંજ પણ તેથી વધુ બારીક હોય છે, તેમાં કચરો, ભુસો મોટા પ્રમાણમાં દેખાય છે તેની સુગંધ પણ સારી હોય છે, એમાં એક પ્રકારનું તેલ છે, તેમજ બીજા પણ કેટલાંક તત્વો છે.

ગુણ: ઉષ્ણ, દિપન, ઉત્તેજક, ધાવણ વધારનાર, વાતનાશક, બળવર્ધક, કૃમિઘ્ન, જવરઘ્ન, રજ:નિસારક, સુગંધી, રૂચીકર, આંખનેહિતકારક, તેમજ ઉત્તમકોટ્ટ વાતનાશક છે, યાને પેટનાં વાયુ માટે સરસ ગણાય છે.

ઉપયોગ: કેટલીક આયુર્વેદિક દવાઓમાં જીરાની સાથેજ આ શાહજીરૂં વાપરવામાં આવેલું જણાય છે. તેની માત્રા ૫ થી ૧૦ ગ્રેન લેવાય છે, તેનો કવાથ બનાવી પીવા અપાય છે, તેનાથી ધાવણ વધે છે, અને ગર્ભાશયને બળ મળી સંકોચ થાય છે, વધુ માત્રામાં લેવાથી તે ગર્ભપાત કરાવે છે, રૂતુને લાવે છે. તાવમાં એને ગોળ સાથે આપવામાં આવે છે. શાહજીરાનો કવાથ કરી તે વડે હરસનો સોજો કે મસ્સાને શેક કરવાથી જલદીથી પીડા મટે છે. તેનાથી અન્નનું પાચન થઇ ભુખ લાગે છે. જીર્ણરૂપમાં પેટનાં દરદો, વાયુ, અજીર્ણ, આફરો, મરડો, વગેરે મટાડવા માટે વપરાય છે, હિંગાષ્ટકચૂર્ણમાં તેને લેવાયલું છે. પેટનાંકૃમિને પણ મટાડનાર છે, દવા કરતાં એનો વધુ ઉપયોગ મશાલામાંજ થાય છે.

---

૫૦ ચવક

N. O. Piperaceæ (પાઇપરેસિઇ)

સં. ચવિકા, **હિં.** ચાબ–ચવ્ય, **મ.** ચવક, **બં.** ચઇ.

વર્ણન: ચવકના વેલા થાય છે. એની પેદાશ કુચબિહાર, ફરીદપુર અને ખુલનાં જીલ્લા તરફ થાય છે. તેની ખેતી કરે છે, તેના જુના વેલા બીજા વૃક્ષને આશરે ઘણો વખત લગી ટકી રહે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચવક બજારમાં ગાંધી લોકોને ત્યાં વેલાના રૂપમાં મળે છે. એના વેલા ઉપર છાલ બહુજ ઝીણી હોય છે. પણ અંદર ઘાસ જેવા રેશા વધુ હોય છે એનેજ ચવક કહે છે, ચવકમાં જે ફળ થાય છે. એને ગજપીપર કહે છે. બીજા લેખકોના અભિપ્રાય મુજબ ગજપીપરમાં ખુબ ગડબડ ચાલે છે. જ્યારે આ બજારમાં મળતી મોટીપીપર જેને શીંગાપુરીપીપર કે પીપરા કહે છે તેજ ગજપીપર બરાબર છે. અને તે આ વેલાનાં ફળ છે. સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ તેમજ ડૉ. કે. સી. ઓઝ એ એનો મત આ પ્રમાણે છે. જ્યારે બીજા લેખકોએતો આ સંબંધી કંઇ ખાસ પ્રકાશ પણ પાડેલો નથી. ચિત્રકની સાથેજ ઘણે ભાગે ચવકનું નામ ઘણીએક દવાઓનાં પાઠમાં આવે છે, ચવકનો દેશી વૈદ્યકમાં ઉપયોગ થાય છે.

ગુણ: વાયુનાશક અને ગરમ છે.

ઉપયોગ : ચવકનો આસવ બને છે જેને ચવિકાસવ (વૈદ્યક ચિકિત્સાસાર પુર્વાર્ધ પૃષ્ટ ૨૨૨) કહે છે, તેનો ઉપયોગ ઉદરરોગ, ખાંસી, ક્ષય, પીનસ અને અંત્રવૃદ્ધિ માટે કરેલ છે તેમાં પણ મોટે ભાગે ચિત્રક છે, જ્યાં ચિત્રક આવે છે. ત્યાં ચવક પણ વપરાયેલ જોવામાં આવે છે. એની અસર તો પીપરનાં ગુણને મળતીજ જોવામાં આવે છે.

ચવકની માત્રા ૧૦ થી ૧૫ ગ્રેન છે અને તે ચૂર્ણ રૂપે ખાવાથી પેટનોવાયુ, મંદાગ્નિ, અરૂચી, આફરો, બરતીશુળ વગેરે મટાડે છે. બાકીતો એનાં ગુણો પીપરને મળતાંજ છે. ગજપીપરનું વર્ણન પણ તેના આ નામથી કરવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૧ ચિત્રક

N. O. Plumbagineæ (પ્લમ્બેજિનીઇ)

सं. ચિત્રક, **हिं.** ચિત્રક, **म.** ચિત્રક, **बं.** ચિતા–ચિતોગાછ.

વર્ણન: ચિત્રકનાછોડ લગભગ ૩ થી ૪ ફુટનાં સર્વત્ર થાય છે, એ છોડમાં કાંડી કવચિતજ હોય છે, તેમાં મુળથીજ કેટલીક શાખાઓ નીકળી નીચે ઢળી ગયેલી હોય છે. તેનાં પાન મોગરાને મળતાં હોય છે. બજારમાં તેનાં મુળ અને મુળનીછાલ ગાંધીલોકોને ત્યાં મળે છે. દવામાં એનાં મુળનીછાલ વાપરવાથી સારો લાભ થાય છે. ચિત્રકમાં કાળું, લાલ અને સફેદ એમ ત્રણ જાત છે, સહેલાઇથી તો સફેદ અને લાલ એ જાતજ મળે છે, કાળું ચિત્રક ગુણમાં બહુજ ઉત્તમ તેમજ રસાયનના કામમાં વખણાય છે, સારૂં ચિત્રક માળવા તરફ થાય છે. જો કે તે સર્વત્ર થાય છે, છતાં એ તરફથી જે ચિત્રકમુળ અને તેની છાલ આવે છે તે ગુણમાં ઘણીજ સરસ જણાય છે. દવામાં ચિત્રકનો ઉપયોગ ઠીક થાય છે. ચિત્રકનામુળનીછાલમાં એક દાહજનક દ્રવ્ય છે, તે દારૂ અને ગરમપાણીમાં ગળે છે, ઠંડા પાણીમાં ગળતું નથી.

ગુણ: કડવું, તીખું, પાચક, રૂક્ષ, અગ્નિદિપક, ઉષ્ણ, રૂચીકર તેમજ રસાયન અને અગ્નિ જેવું ગણાય છે, દવામાં ચિત્રકમુળ અને તેની છાલ વપરાય છે, તેનાંજ આ ગુણો સમજી લેવાનાં છે. જવરઘ્ન, સ્વેદ લાવનાર, હરસ મટાડનાર, પિતસ્ત્રાવી, ગર્ભાશયનો સંકોચ કરનાર છે, સંધિવા, જળોદર, સંગ્રહણી, અજીર્ણ, અર્શ, અરૂચી, સોજા, વાત, કફ, પિત, કુષ્ટ, અરોળા, યકૃત વિકૃતિ, મંદાગ્નિ વગેરેને મટાડે છે. વધુ માત્રામાં તે દાહક અને વિષરૂપ છે. વાટીને લગાડવાથી એક પ્રકારનો ફોલ્લો (બ્લીસ્ટર) ઉઠાડે છે.

ઉપયોગ: બહુજ નાની માત્રામાં ખાવામાં લેવાથી તે પાચનક્રિયાની શ્લેષ્મત્વચાને ઉ-તેજન આપે છે, તેથી હોજરી અને ઉતર ગુદભાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફનું રક્તસંચાલન વધે છે તેનાથી ગરમી વધે છે, અને પાચનક્રિયા સુધરે છે. ગુદાના ભાગમાં જ્યાં હરસ થાય છે તે ભાગપર એની અસર બરાબર ગણાય છે. અને તેથીજ તે હરસ માટે રામબાણ ગણાય છે. હરસના દરદીઓને માટે ચિત્રકનું ચૂર્ણ પાણીમાં વાટી એક વાસણમાં ચોપડી સુકવી રાખવું પછી તેમાં દૂધ જમાવી રાખવું, એ દૂધની દહીં બને તેની છાશ કરી પીવાથી હરસનાં ઉપદ્રવો મટી પાચનશક્તિ સુધરે છે. અને હરસ મટે છે, યકૃતને ઉત્તેજન આપનાર હોવાથી તેના ઉપયોગ પછી દસ્ત પીળારંગનો આવે છે.

ચિત્રક વધુ લેવાય તો દાહ અને કેફ ચડે છે, ગળા અને હોજરીમાં અગ્નિ થાય છે, ઉલટી અને ઝાડા થાય છે, નાડી અશક્ત અને વાંકીચુંકી બને છે તથા પેશાબનીમુશ્કેલી વધે છે અને શરીર ઠંડુ પડવા લાગે છે.

ગર્ભાશયપર ચિત્રકની અસર ખાસ જણાય છે, દાહ પછી રક્તસ્રાવ પણ થવા લાગે છે. ગર્ભાશયનો સંકોચ થઇ છેવટે ગર્ભપાત થઇ જાય છે. કેટલાક લોકો એને ગર્ભપાત કરાવવા માટે વાપરે છે, પણ તે ઘણીજ ઉગ્ર અને હાનીકરનાર દવા છે તે માટે કર્નલ કિર્તીકરે પોતાના પુસ્તકમાં ઠીક લખેલું છે.

ગાંઠ ફોડવા માટે એનાં મૂળની છાલને વાટીને લેપ કરવાથી દાહ બળે છે ને પછી ગાંઠ ફુટી જાય છે. કેટલાક ગામડાના અનુભવી લોકો એ પ્રયોગથી ગંભીર જેવી વ્યાધિને મટાડે છે, પણ એ વાપરતાં આવડે તોજ લાભ થાય છે, અન્યથા બરાબર હાની થવાનો સંભવ છે ક્રમકે તેનાથી જે વ્રણ થાય છે, તે જલદી રૂઝાતો નથી.

વિષમજ્વર અને પાચનક્રિયાનાં દરદો માટે ચિત્રક સારી દવા છે તે એકલા કરતાં બીજી દવાઓની સાથે લેવાય તો ઠીક રહે છે એ માટે "ચિત્રકાદિવૃત" સારી બનાવટ છે. તાવ પછીની અસરમાં બરોલ, યકૃતવૃદ્ધિ હોય ત્યારે આ બનાવટ ઠીક રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્રકનોઅર્ક–ટીંકચર બને છે જે સ્વેદલ તરીકે ઘણોજ ઉત્તમ છે અને તે તાવને તુરત ઉતારે છે. સુવાવડીસ્ત્રીને ચિત્રક આપવાથી પાચન સુધરે છે, ગર્ભાશયને ઉતેજન મળી દુષ્ટઆર્તવ સાફ થાય છે. પેઢામાં ભરાયેલો પવન છુટો થાય છે, અને મક્કલશુળ નામના દરદને મટાડે છે, આ કાર્ય માટે "ષડધરણયોગ" નામક બનાવટ વપરાય છે અને તેને નગોડનારસ સાથે આપે છે.

અરૂચી, આફરો, મંદાગ્નિ, અજીર્ણ વગેરે માટે **ત્રિભદ્રચુર્ણ** ઉત્તમ છે એમાં ચિત્રકમૂળનીછાલ, વાવડીંગ, નાગરમોથ, સમભાગે લઇ ચૂર્ણ કરાવાય છે. એ ચૂર્ણની માત્રા ૪ થી ૮ ગુંજ છે. એ સિવાય એ ચૂર્ણથી ઝાડા અને કબજીઅત પણ મટે છે.

ચિત્રકમૂળછાલ, હરડેછાલ, સિંધાલુણ અને પીપરીમૂળનુંચૂર્ણ પણ વાતહર તરીકે ઉત્તમ છે, તેનાથી દસ્ત પચી સાફ આવે છે અને ઝાડા પણ મટે છે.

ઉપદંશની બીજી અવસ્થા અને કુષ્ટરોગમાં ચિત્રક સારૂં કામ કરે છે. જનનેન્દ્રિયની શિથીલતાને મટાડી સ્વપ્નાવસ્થામાં જતી રેતીને મટાડે છે.

સંધિવા, વા, રક્તદોષ સાંધઓના દુખાવા માટે ત્રીફળા, ત્રીકટુ, ચિત્રક, વાવડીંગ, મોથ અને તેટલુંજ ગુગળ લઇ ગોળી બનાવી લેવાથી વાતરોગ અને ઉપર કહેલી વ્યાધિઓ મટે છે.

ચિત્રકમૂળની સાથે ઉકાળીને તૈયાર કરેલું તેલ વાતરોગમાં, આમવાતમાં લગાડવા માટે અપાય છે જેથી દરદ મટે છે.

સંગ્રહણીના પૂર્વરૂપમાં **ચિત્રકાદિવટી** ઉત્તમ છે તે સિવાય પેટનોઆફરો, વાયુ, ચૂંક, એચેની વગેરે પેટનાગેસ માટે આ ગોળી સારી ગણાય છે, તે મળને બાંધે છે. વાયુ છુટ કરે છે અને પાચનશક્તિ સુધારે છે. અને પેટનાં દરદો માટે પણ ઉત્તમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગજની નબળાઇ, વાઇ, હીસ્ટીરીઆ વગેરે માટે ચિત્રકમૂળછાલ, વજ અને બ્રાહ્મીનું ચૂર્ણ કરી તે ૧૦ થી ૨૦ ગ્રેન પ્રમાણમાં લેવાથી સારો લાભ કરે છે. દવા દિવસમાં ત્રણ વખત લઇ શકાય છે તે માનસિક વ્યાધિઓ માટે સારી બનાવટ છે.

આયુર્વેદમાં એનો અનેક બનાવટો સાથે, સ્વતંત્ર રીતે તેમજ અનેક રસોને ભાવનાઓ માટે ઉપયોગ કરાયલો છે, પારદના સંસ્કારમાં પણ તે વપરાય છે, યુનાનીવૈદ્યો પણ એને બરાબર વાપરે છે. એ રીતે ચિત્રક એક શીઘ્ર લાભ કરનાર ઉત્તમ ઔષધ છે.

નિચેની બનાવટો ખાસ ઉપયોગી જણાય છે.

(૧) ચિત્રકાદિવટી પૃષ્ટ ૧૦૯, (૨) ચિત્રકાદિવટી પૃષ્ટ ૧૧૦ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ. (૩) ચિત્રકાદ્યરિષ્ટ પૃષ્ટ ૧૫૦ (૪) ચિત્રકાસવ પૃષ્ટ ૧૫૦ (૫) ચિત્રકાદિઅવલેહ પૃષ્ટ ૧૬૭ (૬) ચિત્રકસાર પૃષ્ટ ૨૧૫ વૈદ્યક ચિકિત્સાસાર ઉતરાર્ધમાં છે.

એ સિવાય ચિત્રકાદિઘૃત, ચિત્રકહરિતકીઅવલેહ ષડધરણયોગ, ત્રિમદચુર્ણ, ચિત્રકનું અર્ક, ચિત્રકાદિચુર્ણ વગેરે બીજા ગ્રન્થોમાં પાઠ આવેલા છે તે પણ જોવા લાયક છે.

---

૫૨ વાંકેરી

N. O. Cæsalpinæ (સિસેલ્પાઇનીઇ)

સં. ઘૃતકરંજ, **હિં.** વાકેરીમૂલ, **મ.** વાકેરીચે ભાતે, **બં.** ઉમૂલકૂચી.

વર્ણન: વાકેરી એ કરંજ–કાંકચના વર્ગની વનસ્પતિ છે. તેનું વર્ણન સ્વ. ડો. વામન ગણેશ દેશાઇના પુસ્તકમાં ઠીક અપાયલું છે. તે સિવાય આર્યભિષક અને જંગલનીજડીબુટી નામક ગ્રન્થમાં છે, અન્ય લેખકોએ એને યાદ પણ કરેલ હોય તેમ જણાતું નથી. એની પેદાશ મુંબઇ પાસે માથેરાન–રત્નાગીરી જીલ્લો કોંકણ પ્રદેશ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહ્યાદ્રિપર્વત તરફ થાય છે, એ સિવાય આસામ, બ્રહ્મદેશ અને બંગાળમાં સૌથી વિશેષ પ્રમાણમાં મળે છે.

એનાં ઝાડ કાંકચ જેવા લતાના રૂપમાં હોય છે. તેમાં લાલ-રંગના ફુલનાં તોરા આવે છે. ઝાડમાં કાંટા ખુબ હોય છે. એનાં મુળ જમીનમાં ખુબ લાંબા હોય છે. એ મુળને દશબાર કે વધુ હાથ ખોદવાથી કામ લાયક દવા ઉપયોગી ભાગ મુળીઆં બરાબર મળે છે. ગાંઠના રૂપમાં જે મુળ હોય તે કરતાં અંગુઠા જેવા જાડા અને જરા મૃદુરૂપ સીધા ટુકડા હોય તે ગુણમાં વધુ સરસ ગણાય છે, મુંબઇની બજારમાં તપાસ કરવાથી કોઈકિ જગ્યાએ તે મળી આવે છે. જો કે તેનો બહુ પ્રચાર નથી પરંતુ દક્ષિણના લોકો તેને દવા તરીકે વાપરે છે. એથી તે તપાસ કરતાં મળી શકે છે. સુકેલાં જાડાં મૂળ, ભુખરા રંગના હલકાં વજનનાં અને અંગુઠા જેવા જાડા કદનાં મળે છે. આ મૂળ દવાનાં કામમાં વપરાય છે. આયુર્વેદના જુના પુસ્તકોમાં તેનું વર્ણન જોવામાં આવતું નથી. દવામાં પણ તેનો ઉપયોગ થએલો બાસ જોવામાં આવતો નથી.

ગુણ : શોધન, સ્થંભન, વ્રણરોપણ અને બલ્ય છે. વધુ માત્રામાં લેવાથી તેનાથી જરા કેફ પણ ચડે છે.

માત્રા ચૂર્ણરૂપે ૧૫ થી ૩૦ ગુંજ લેવાય છે, પણ એની બરી અસર દુધમાં ઘસીને લેવાથી થાય છે એ રીતે લેવાથી બહુજ સારો લાભ કરે છે.

ઉપયોગ : ભગંદર, નાડીવ્રણ, નાસુર, પાકુ, કંઠમાળ, ક્ષયનીગાંઠો, બદ, ચાંદી, સ્તનવિદ્રધી વગેરે દરદોમાં એ દવા વપરાય છે.

મુંબઇની બજારમાં કોંકણ તરફના કેટલાક વેપારીલોકો જુદી જુદી જાતની વનસ્પતિ વેચવા લાવે છે. તેમની પાસેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાકેરી સારી સારી જાતનું મળે છે. તેમને પુછવાથી હકીકત મળે છે કે આ દવા ગામડાના લોકો ખુબ વાપરે છે. અને તેને દુધમાં ઘસીને ૪૦ દહાડા લેવાય છે અને તે લેવા પછી શરીરમાં બળ વધે છે. વ્રણ, નાડીવ્રણ, હાડજ્વર, નબળાઇ મટે છે, ભગંદર, પાઠું, કંઠમાળ વગેરે પણ મટે છે. તેનામાં આવી જાતની બિમારી મટાડવાનો ખાસ ગુણ છે. તેથી, ક્ષયવાળાં વ્રણ અને નાડીવ્રણ અથવા ગરમીની-ચાંદી મટી ગયાનાં પણ દાખલા જોવામાં આવેલ છે.

વ્રણમાં થતા સડાને રોકનાર ઉપયોગી તત્વ આ ઔષધમાં છે. મૂળ–કંદમાં પૌષ્ટિકતત્વ હોય છેજ, પણ આ મુળીઆમાં તે વધુ જણાય છે. અને જો ઘસીને લેવામાં આવે તો દવા એકદમ ઝીણા સ્વરૂપે શરીરના બધા ભાગોમાં ફેલાય છે. અને પોતાનું કામ બરાબર કરી શકે છે. જે વ્રણ બરાબર રૂઝાતાં નથી તે દરેક માટે તેને ઘસીને બાવા માટે આપવા ઉપરાંત એજ મુળને પાણીમાં ઘસીને વ્રણ ઉપર લેપ પણ કરવામાં આવેતો તેથી ગાંઠો વીખેરાઇ જાય છે અને વ્રણ સાફ થઇ રૂઝપર આવી જાય છે.

દક્ષિણમાં એને વાકરી અથવા વાકેરીનુંભાતું કહે છે. ગુજરાતમાં એનો પ્રચાર ન હોતાં કોઇ સ્વતંત્ર નામ નથી છતાં વાંકેરી નામ આર્યભિષકૂમાં પ્રથમ અપાયલ છે જે બરાબર છે. એનાં મુળ અથવા મુળનાં ભોથાં હોવાથી તેનું ગુજરાતી નામ "વાંકેરીનું ભોથું" બનાવર કહી શકાય તેમ છે.

સ્વાદમાં જરા કડવું હોય છે એનાં મુળ લાવી સાફ કરી દુધમાં બાફી સુકવી સંભાળી રાખવાથી તે એક બે વર્ષ બરાબર રહી શકે છે. અન્યથા તેમાં કીડ લાગી સડી જાય છે.

પાંડુ, જીર્ણજ્વર, ક્ષય, કંઠમાળા અને વ્રણ કે ગરમીનાદરદને માટે ગાયનાદુધમાં વાકેરીને ઘસીને પછી તેમાં ચોકખુ ઘી, સાકર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જીરાનીભુકી મેળવી ૪૦ દહાડા લેવાથી શરીર સુધરે છે, બળ, કાંતિ આવે છે અને ઉપર કહેલાં દરદો મટે છે.

અમોએ આ મુળીઆં અનેક દરદીઓને વાપરવા માટે આપેલાં છે. લખેલા ગુણોમાંથી ઘણાએકને સારા પ્રમાણમાં સુધરતાં જોયા છે એટલું જ નહિં પણ ટી. બી. ત્રણ કહી ડૉકટરોએ કાપી કાઢવાની સલાહ આપેલી એવાં પણ બે ત્રણ દરદીઓને સારા થએલા જોવાની તક મળી છે. પરંતુ આ ઉપાય ચાર માસ ચાલુ રાખવાની જરૂર છે.

આપણે ત્યાં જેવી રીતે કૉડલીવર ઓઇલની બનાવટો લાંબો સમય લેવાથી કેટલાક કેસોમાં સારી અસર થાય છે તેવીજ રીતે આ ઉપાય પણ લાંબો સમય ચાલુ રાખવાની જરૂર છે. અને તોજ ઠીક લાભ થવાની આશા રાખી શકાય તેમ છે.

બ્રહ્મદેશમાં એને તાવના દરદીને તેના મુળ ઘસીને પાય છે. દક્ષિણના વૈદ્યો એને માટે સારો અભિપ્રાય ધરાવે છે. જંગલની-જડીબુટ્ટીમાં તે બાબત એનાં વિદ્વાન લેખક જણાવે છે કેઃ પેશાબનું કમી ઉતરવું, દાહ થવો, રંગે લાલ અને થોડો હોય, તેમાં ધાતુ જતી હોય, હરસમાં, મોં વાટે કે નસકોરીમાં લોહી પડતું હોય, શરીરે દાહ, હરસનોસોજો, જીર્ણતાવ, સ્વપ્નદોષ, મુખપાક, રસીવાળાં ગુમડાં થવા, પરૂવાળી ખસ, ગરમ ઔષધ ખાધું હોય તેની ગરમી, ઉપદંશનું ઝેર શરીરમાં રહી જવું, હાડવ્રણ, કંઠમાળ, ક્ષય વગેરે માટે આ દવા ફતેહમંદ રીતે વાપરી શકાય છે. આ સર્વ અનુભવ ગુરૂ પરંપરાનો છે, પુસ્તકોમાં નથી.

એકંદરે આ દવામાં ઘણુંજ કિંમતી ગુણો છે એને આપણે અનુભવ કરી વધુ સિદ્ધ કરી તેમાંથી થતા લાભ જનસમાજને જણાવીએ એ વૈદ્યભાઈઓનું કર્તવ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું ચૂર્ણ× દુધ, સાકર જરૂ અને ઘીના અનુપાનથી લઇ શકાય છે. એમ ડૉ. નાડકર્ણી જણાવે છે. તેમણે ૯૦ ગ્રેનની માત્રા જણાવી છે. પાઠા ઉપર એનાં પાન બારીક વાટી લુગદી કરી બાંધવાથી પાકું મટી જાય છે. રક્તપિતમાં સાકર અને દુધમાં લેવાથી રક્તસ્રાવ બંધ પડે છે.

૫૩ ખડસલીઓ

N. O. Acanthaceæ (એકેન્થેસીઇ)

સં. પર્પટક, તૃષ્ણારિ, રેણુ, **હિં.** પિતપાપડા, દવનપાપરા, **મ.** ઘાંટીપિતપાપડા, **બં.** ખેતપાપડા, **ફા.** શાહતરા, **લા.** જસ્ટિસિઆ પ્રોકમ બેન્સ,

વર્ણન : ખડસલીઓ એકજાતનું ઘાસ છે એથીજ એને ગુજરાતમાં ઘાસીઓ પીતપાપડો કહે છે, પલાશબીજને પણ ગુજરાતમાં પીતપાપડાનાંબીજ કહે છે જેનું ખરૂં નામ બાબરાનાંબીજ છે; ખડસલીઆનો છોડ ખેતર, વાડીમાં તેમજ જંગલમાં બીજા ઝાડોને આશ્રયે કે વાડોમાં થાય છે, તે એકથી દોઢ હાથનો છોડ વધી પછી જમીનપર ફેલાઇ જાય છે, કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, બાનદેશમાં આ છોડ ઘણી જગ્યાએ થાય છે, એને ગાયો તેમજ બકરાં ખાય છે, ચોમાસામાં થાય છે, અને ભાદરવા પછી સુકાઇ જવા આવે છે. બજારમાં ગાંધીલોકોને ત્યાં ઘાસનારૂપમાં હોય તેમ મળે છે. તેનાં નાનાં પાન તથા લાંબી માંજર હોય છે એ માંજરમાં ગુલાબી કે જરા લીલાં અને આશમાનીરંગના ફુલ હોય છે. આ એક પ્રસિદ્ધ અને પ્રાચિન સમયથી વપરાતી ચીજ છે, છતાં આમાં ગોટાળો મોટા પ્રમાણમાં છે.

×વાંકેરીનું મૂળ કે ચૂર્ણ સિંધ આયુર્વેદિક ફાર્મસી, ૬૭૫ કાલબાદેવીરોડ મુંબઇ નં. ૨ માંથી મળી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંજાબમાં શાહતરા નામથી વપરાતી ચીજમાં અને આમાં સહેજ ફરક છે. મહારાષ્ટ્રમાં પરિપાઠ નામથી અને બંગાલમાં વપરાતા ક્ષેતપાપડા નામની વનસ્પતિ આ બધાને સંસ્કૃતમાં પર્પટ કહેલ છે, એથી જરા ગોટાળો થાય છે મહારાષ્ટ્રમાં વપરાતી પરિપાઠ જુદી ચીજ છે બંગાલમાં જે ક્ષેતપાપડો વપરાય છે તે પરિપાઠ નથી કદાચ ખડસલીઓજ હશે પરંતુ જુદા જુદા લખનારાઓએ એને પાંચ સાત ઠેકાણે વર્ણવેલ છે, સ્વ. શંકરદાજી શાસ્ત્રી પદેના આર્યભિષકમાં ધાસીઓ પિતપાપડો નં. ૨૧૪માં છે તે બરાબર છે જ્યારે નં. ૩૭૦ માં કહેલ વનસ્પતિ પિતપાપડો નહિં પરંતુ પરિપાઠ લાગે છે. વળી તેમણે એમાં પણ ત્રણ ચાર હાથ સીધું વધનારૂં ઝાડ ગણાવેલ છે તે પ્રકાર જુદોજ લાગે છે.

સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇના ઔષધીસંગ્રહમાં વાસાવર્ગમાં નં. ૬૬૦ ની જે વનસ્પતિ છે તે ઠીક છે જ્યારે નં. ૪૪૬માં પરિપાઠ છે તે જુદીજ ચીજ છે. ખડસલીઓ એ નથીજ પરંતુ નં. ૪૧ અને નં. ૪૨ યવનપર્પટ વર્ગમાં બતાવેલ છે તે ખડસલીઆની બે જાત છે પણ એનો વર્ગ જુદોજ એમણે આપેલ છે.

ડૉ. કે. સી. બોઝ ખેતપાપડા નામથી પૃષ્ટ ૬૦૪ (હિંદી આવૃતિ) પર *Bldenlandia Corymbosa* લેટીન નામથી જે ચીજનું વર્ણન કરે છે તે સોથી જુદું પડે છે છતાં તેનાં ગુણોનું વર્ણન પર્પટ યાને ખડસલીઆનેજ બંધ બેસતું આવે છે. બંગાળામાં એ વસ્તુ થાય છે. ત્યાં એનું લીકવીડ એકસ્ટ્રેટ બને છે, અને વપરાય છે.

આવી રીતે આ એકજ પર્પટ નામપર જુદા જુદા વિચારો આવતાં મતભેદ જેવું જણાય છે છતાં અહિં આપણે જેને ખડસલીઓ કહીએ છીએ તે બરાબર છે. શ્રી બાપાલાલ ગ. વૈદ્ય પોતાના નિઘંટુ આદર્શમાં ઉતરાર્ધ પૃષ્ટ ૨૧૭ ઉપર નં. ૨૯૯માં વાસાદિવર્ગમાં જણાવે છે તેજ ખડસલીઓ બરાબર છે પણ એમણે ત્યાં ખડસલીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીતપાપડો એવું નામ રાખેલું છે પ્રાંત, જમીન, હવા અને સ્થાન-ભેદે આમાં કંઇક ફેર હશે બાકી સ્વાદમાં કડવું હોય તેજ બરાબર છે.

ગુણ : શીતળ, કડવો, ગ્રાહક વાતકારક, જવરઘ્ન, અને પિતશામક છે, તે તાવ, અરૂચી, રક્તપિત, રક્તદોષ, ગ્લાની, ભ્રમ, પ્રમેહ, ઉલટી અને તરસ મટાડનાર છે.

ઉપયોગ : ઝાડામાં મોથ સાથે અપાય છે. રક્તપિતમાં ચંદન સાથે અપાય છે, મદાત્યયમાં મોથ સાથે અપાય છે. પિતના માટે તેમજ સર્વ જાતના તાવ માટે ગળો, મોથ, કરીઆતું, શુંઠ અને પીતપાપડાનો કવાથ અપાય છે. ઉલટી કે તરસમાં એનો એકલો કવાથ મધ નાંખીને અપાય છે. તરસ, મોળ, અરૂચીમાં પિતપાપડો, ચંદન, ગળો, ધાણાં, વાળો અને પદ્મકાષ્ટનો કવાથ અપાય છે.

તે યકૃતને સુધારે છે, પસીનો લાવે છે. પેશાબને છુટ અને સાફ લાવે છે. રકતશોધક તરીકે વપરાય છે. તથા મરી સાથે કવાથ આપવાથી ટાઢીઓતાવ મટાડે છે.

એનાં પાનનું શાક કરીને ખાવા અપાય છે. ઇન્ફ્લ્યુએંઝા અને ભાદરવામાસમાં આવતાટાઢીઆ કે પિતના તાવમાં એનો કવાથ એકલો કે બીજી દવાઓ સાથે સારો લાભ આપે છે. તેનાથી અનેક દરદી સારા થયાનાં દાખલા નોંધાયા છે. તે પસીનો લાવી તાવ ઉતારે છે.

ખાંસી, મંદાગ્નિ, તાવ, દાહ, તરસ વગેરે માટે ગળો અને એનો હીમ બનાવી પીવા અપાય છે રેચ સાફ માટે તેમાં કાળીદ્રાક્ષ મેળવીને પણ અપાય છે.

બજારમાં મળતો ઇરાનથી આવનાર યવનપર્પટ કે જેને યુનાની હકીમો શહાતરા કહે છે. તે પણ ઉતમ ચીજ છે. એનાં ગુણો આપણા પર્પટ કરતાં ચઢીઆતા જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર્પટને બાળી જોતાં તેમાં ક્ષાર મોટા પ્રમાણમાં મળે છે. એ ક્ષાર લીવર–બરલ ઉપર સારૂં કામ કરે છે.

એના ચૂર્ણની માત્રા તો. ૦ા ની છે. કવાથ તો. ૧ થી ૨ નો બનાવીને આપી શકાય છે. પર્પટાદ્યરિષ્ટ નામક તેમાંથી આસવ પણ બને છે. જેનો પાઠ જંગલની જડીબુટ્ટી ભાગ. ૩–૪ પૃષ્ઠ ૧૯૯ ઉપર છે.

વૈદ્ય ગોપાલજી ઠક્કુર કૃત

લોકપ્રિય વૈદ્યક પુસ્તકો

અમારે ત્યાંથી પ્રગટ થએલાં આરોગ્યસિન્ધુ ગ્રન્થ-માળાનાં બધાં પુસ્તકો તથા આરોગ્યસિન્ધુ માસિક-પત્રની ફાઇલો આપને આપના અભ્યાસ અને ધંધામાં ઠીક મદદરૂપ થઇ પડે તેમ છે. ખુલાશા માટે અમારૂં વૈદ્યક પુસ્તકોનું સુચીપત્ર મંગાવી લેવા વિનંતિ કરવામાં આવે છે.

મળવાનું ઠેકાણું:–

ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી

નાનકવાડા કરાચી.

ઉપ, કાલબાદેવીરોડ મુંબઇ, ગાંધીરોડ અમદાવાદ

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક ઋતુમાં ખાસ વાપરવા લાયક

ઠક્કુર. મકરધ્વજવટી

ચંદ્રોદય એ બહુજ પ્રસિદ્ધ ઔષધ છે, બધા વૈદ્યો એને જાણે છે એટલુંજ નહિ પણ તેને ખુબ મહત્વની દવા-માત્રા ગણે છે, તે આપણા દેશના ઋષીમુનીઓની એક ઘણીજ કિંમતી શોધ અને મનુષ્ય સેવા સમાન કિર્તી છે. એ દવાને શાસ્ત્રિય રીતે બનાવવા પછી તેનું બરાબર મર્દન કરાવી તેમાં આજના જમાના પ્રમાણે મનુષ્યોને જોઇતા ઉપયોગી તત્વો અનુપાનરૂપમાં મેળવી આ ગોળીઓ અમારા તરફથી તૈયાર કરવામાં આવે છે.

આ ગોળીઓના સેવનથી તંદુરસ્તી સુધરે છે, લોહી-સપ્તધાતુ-વીર્ય અને ઓજ બરાબર બનવા લાગે છે. પરિણામે મગજ, હૃદય, શરીર સર્વ જગ્યાએ નવચેતન અને બળ આવી જાય છે, પુરૂષાતનશક્તિની સરસ ખીલવણી થાય છે અને મનુષ્ય ફરીને નવયુવાન તેમજ તંદુરસ્ત બની શકે છે, કોઇપણ ઋતુમાં ગમે તે પ્રકૃતિનો માણસ આ દવા નિર્ભય રીતે લઈ શકે છે. એજ આ બનાવટની ખાસ વિશેષતા છે.

લગભગ ૧૫ દહાડા માટે (૬૦ ગોળી આશરે)

તો. ૧ બા. ૧ ના રૂ. ૪

વધુ ખુલાસા માટે એનું માહિતિપત્રક મંગાવી લ્યો.

ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી

નાનકવાડા, કરાચી. | ૩૭૫, કાલબાદેવીરોડ, મુંબઇ નં. ૨. | ગાંધીરોડ, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔષધી વિજ્ઞાન

(પૂર્વાર્ધ)

ભાગ ૨ જો

पुस्तकालय
गुरुकुल कांगड़ी

મૂલ્ય રૂપીઓ એક

લેખકઃ

ધેય ગોપાલજી કુંદનજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म् ॥

श्री धन्वन्तरयेनमः

ઔષધી વિજ્ઞાન

(આરોગ્યસિન્ધુ ગ્રન્થમાળા પુષ્પ ૨૭ મું)

पुस्तकालय
गुरुकुल कांगड़ी

લખનાર :
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર
સંપાદક : "આરોગ્યસિન્ધુ"
નાનકવાડા; કરાચી.

૫૫ગ
૨૧(ક)
૨૦૫૧૧

પ્રથમાવૃતિ
પ્રત ૬૦૦

ઑગષ્ટ ૧૯૪૧
ભાદરવો ૧૯૯૭

મૂલ્ય રૂપીઓ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર
માલેક :
ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી
નાનકવાડા, કરાચી.
૩૭૫, કાલબાદેવીરોડ, મુંબઈ.

સર્વ અધિકાર લેખકને સ્વાધિન છે.

મુદ્રક :
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર
માલેક :
આરોગ્યસિન્ધુ પ્રીન્ટીંગ પ્રેસ,
નાનકવાડા, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

"આરોગ્યસિન્ધુ" માસીકના ગ્રાહકોને ભેટ આપવા માટે તૈયાર કરેલ ઔષધી વિજ્ઞાન ભાગ ૧ લો ગયા માર્ચ માસમાં ભેટ અપાઇ ગયા પછી બીજો ભાગ લખી પ્રગટ કરવાનું વચન અપાયલ તે મુજબ આજે ચાર માસ પછી આ બીજો ભાગ પ્રગટ થાય છે.

આ પુસ્તકમાં ૬૪ ઔષધીઓ આવે છે અને બાકી રહે છે તે માટે આપને હવે ત્રીજો ભાગ પ્રગટ થાય ત્યાં લગી રાહ જોવાની રહે છે ૩ જો ભાગ કદાચ જનેવારી સુધીમાં પ્રગટ થઇ જશે. અને તે આરોગ્યસિન્ધુના ગ્રાહકોને ભેટ રૂપે મળે એવી ગોઠવણ થઇ શકે એમ ઇચ્છા છે.

પ્રથમ ભાગના વાંચકોએ કરેલી સૂચનાઓનો આ ભાગમાં અમલ કરેલ છે લેટીન નામ અને દેશી ભાષામાં વર્ગ સમજાય તે આમાં લખવામાં આવેલ છે.

પ્રથમ ભાગ માટે વાંચક વર્ગ તેમજ અન્ય વિદ્વાનો તથા વૈદ્યક શિક્ષણનું વ્યવસાય કરનાર મહાનુભાવો તરફથી સારો ઉત્સાહ મળેલ છે; પત્રકારોએ પણ તે માટે સંતોષ બતાવેલ છે તે સર્વ જોતાં આ બીજા ભાગ માટે પણ સંતોષકારક અભિપ્રાયની આશા રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઇ સરકારના નવા અભ્યાસક્રમ મુજબ દ્રવ્યગુણની-સૂચી મુરબ્બીશ્રી જાદવજીભાઇ ત્રીકમજી આચાર્ય શ્રી તરફથી બ્હાર પડેલી છે એમાં આવેલી લગભગ તમામ ચીજોને આ પુસ્તકમાં સ્થાન મળી જશે અને તે લગભગ પાંચ ભાગમાં પુરૂં થવાની આશા રહે છે એ કામ પુરૂં કરવા માટે લગભગ વર્ષ યાને ૧૯૪૨ ની આખર સુધીમાં તે થઇ જશે.

લડાઇને લઇને કાગળોની બબ્બર ત્રણ આના રતલથી વધી ૧૨ આના સુધી અત્યારે પહોંચી છે હજી કયાં જઇને અટકશે તે કહી શકાય એમ નથી; માસિકના કાગળોની મુશ્કેલી પણ અત્યારે સામેજ ઉભી છે, આ સર્વ માટે છેવટનો અભિપ્રાય અત્યારે નહિં પણ ડીસેંબરમાં કહી શકાશે કે પત્ર ચાલુ રાખવું કે નહિં? અથવાતો શું શું ફેરફાર કરવા આ સર્વ સમય જોઇ નિર્ણય કરવો પડશે.

પ્રથમભાગની પ્રસ્તાવનામાં કહેવા પછી તેજ વાતોનો અહિંથી ફરીને ઉલ્લેખ કરવાની જરૂર રહેતી નથી.

જે જે મૂળલેખકોનો સહકાર ગયા ભાગમાં લીધો છે તેનો ફરીને અહિં પણ આભાર માનવામાં આવે છે.

કરાચી.
શા. ૧૯૬૭
ભાદરવા વદી ૧ શનીવાર

ભવદીય :
વૈદ્ય ગોપાલજી ઠક્કુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયાનુક્રમ

નામ	નંબર	પૃષ્ટ	નામ	નંબર	પૃષ્ટ
અરણી	૧૦૧	૨૫૭	કેસર	૧૧૭	૨૮૬
અશોક	૭૧	૧૮૯	કૌચબીજ	૧૦૯	૨૭૩
આવળ	૬૩	૧૭૧	ખેર	૬૯	૧૮૩
આકડો	૮૨	૨૧૬	ગરણી	૮૦	૨૧૨
આંબલી	૫૯	૧૫૯	ગોરખમુંડી	૯૨	૨૪૩
ઉભીરીંગણી	૯૮	૨૫૨	જવાસો	૬૪	૧૭૨
ઉંબરો–ઉમરડો	૧૦૪	૨૬૨	જાંબુ	૧૧૨	૨૭૮
એળીઓ	૬૮	૧૮૨	જેઠીમધ	૮૫	૨૩૦
એરંડો	૭૫	૧૯૮	ટેટુ	૯૯	૨૫૪
કચુરો	૧૧૪	૨૮૨	દંતીમૂળ	૯૧	૨૪૨
કરંજ	૫૬	૧૫૩	ધમાસો	૬૫	૧૭૫
કપુરકાચલી	૧૧૫	૨૮૩	ધતુરો	૮૪	૨૨૫
કપાસ	૮૧	૨૧૪	નેપાળો	૯૦	૨૩૯
કપીલો	૮૩	૨૨૩	પારસપીપળો	૭૬	૨૦૨
કાયફળ (છાલ)	૧૧૬	૨૮૪	પાટલા	૧૦૦	૨૫૫
કાસુદરો	૮૬	૨૩૩	પીલુ	૭૨	૧૯૧
કાળાદાણા	૧૧૦	૨૭૪	પીપળી	૧૦૩	૨૬૧
કાંચનાર (કોવિદાર)	૧૦૭	૨૭૦	પીપળો	૧૦૫	૨૬૬
કુવાડીઓ	૮૮	૨૩૬	બાભચી	૮૭	૨૩૫
કુઓ	૯૬	૨૪૯	બાવળ	૭૮	૨૦૬
કુંવાર	૬૭	૧૭૮	બોરડી	૫૭	૧૫૫
કેરડો	૧૦૬	૨૬૯	બોલસરી	૭૦	૧૮૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ	નંબર	પૃષ્ટ	નામ	નંબર	પૃષ્ટ
ભોંરીગણી	૯૭	૨૫૦	વાયવરણો	૭૪	૧૯૬
મહુડો	૫૮	૧૫૭	સમુદ્રશોષ (વરધારો)	૬૧	૧૬૬
મજીઠ	૯૩	૨૪૪	શરપંખો	૮૯	૨૩૮
માયા	૧૧૩	૨૭૯	શરસડો	૫૫	૧૫૦
મીંઢીઆવળ	૧૧૧	૨૭૫	શીમળો (મોચરસ)	૭૭	૨૦૩
રક્તરોહીડો	૭૯	૨૦૯	શીવણ	૧૦૨	૨૫૯
રીસામણી	૬૬	૧૭૬	શંખાવલી	૧૦૮	૨૭૧
લીમડો	૫૪	૧૪૫	હરમર	૬૨	૧૬૮
વડ	૭૩	૧૯૪	હીરાદખણ (બીયો)	૯૪	૨૪૬
વાવડીંગ	૬૦	૧૬૩	હીરાબોળ	૯૫	૨૪૭

તૈયાર થાય છે! થોડાજ સમયમાં પ્રગટ થશે!

ઔષધી વિજ્ઞાન ભા. ૩ જો

જેનો બીજો ભાગ આપના હાથમાંજ છે તે પુરો કરી ત્રીજો ભાગ લખવાનું કામ ચાલુજ છે. એમાં પણ ચાલુ ઉપયોગની આશરે ૬૦ થી વધુ ઔષધીઓનું વર્ણન આવી જવા સંભવ છે, આપે બે ભાગ જોયા અને આ ત્રીજો ભાગ આપને મળી જતાં તે પૂર્વાર્ધ પુરો થાય છે. એમાં આપણને ચાલુ ઉપયોગની લગભગ બસો ઔષધીઓનું વર્ણન મળી જશે, એક કાર્ડ લખી આપનું નામ નોંધાવી આપો, પ્રગટ થતાં વાજબી કિંમતે તમોને મળી જશે.

આરોગ્યસિન્ધુપ્રેસ, નાનકવાડા, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદ્ય ગોપાલજી કુ. ઠક્કુર કૃત્ત લોકપ્રિય વૈદ્યક પુસ્તકો

૧ **વૈદ્યકચિકિત્સાસાર :** વૈદ્ય, ડૉક્ટર કે આયુર્વેદ ઉપચારની ઇચ્છા રાખનાર સર્વ કોઇ માટે ઉપયોગી થાય તેવો આ ચિકિત્સાનો ગ્રન્થ છે. આમાં ચુંટી કાઢેલા અનુભવી, શાસ્ત્રીય અને જટીલ ૫૦૧ ઉપાયોનો સરળભાષામાં સંપૂર્ણ વિગત સાથે સંગ્રહ કરેલો છે. એવો બીજો સંગ્રહ ઉત્તરાર્ધ રૂપે બનાવેલ છે, કુલ્લે બે ભાગમાં એક હજાર પ્રયોગ છે બધાને ઉપયોગી થાય તેવા છે. **દરેકનું મૂલ્ય રૂપીઆ ત્રણ છે બન્ને ભાગ સાથે કિંમત રૂા. ૫ પોસ્ટેજ જુદું.**

૨ **વૈદ્યકચિકિત્સાપદ્ધતિ** **કિંમત રૂપીઆ ૨**

રોગ થવાના કારણો, લક્ષણો, ઉપાય, નિઘંટ, શારિર, વિષવિજ્ઞાન તેમજ બીજી રોગપરિક્ષાને લગતી તમામ બાબતો આ નાનાં પણ અત્યંત કિંમતી પુસ્તકમાં આપેલ છે જે દરેકગૃહસ્થના ઘરમાં તેમજ નવીન વૈદ્યોને માટે વાંચવાલાયક છે.

૩ **રસાયનસારસંગ્રહ** **કિંમત રૂપીઆ ૨**

રસ, ધાતુ, વિષ અને તમામ બનીજ પદાર્થોનું વર્ણન, શોધન, મારણ, માત્રા, અનુપાન, ઉપયોગ તેમજ લગભગ ૩૦૦ ચાલુ ઉપયોગી રસોનાં પાઠ અને કુપીપક્વરસોનો સંપૂર્ણ અનુભવ આ પુસ્તકમાં આપેલ છે. ગ્રન્થ બહુજ ઉપયોગી તેમજ ભિષક્ કે વિશારદ પરિક્ષામાં વાંચવાયોગ્ય છે.

૪ **ભાજીપાલો અને મરીમસાલો** **કિંમત રૂપીઓ ૧**

બાનપાનમાં તેમજ ઘરમાં વપરાતી તમામ ચીજોનું વૈદ્યક નજરે આમાં વર્ણન કરેલ છે. દરેક ગૃહસ્થના કુટુંબમાં સ્ત્રીઓને માટે આ પુસ્તક અભ્યાસરૂપે વંચાવવા માટે બાસ તૈયાર કરેલ છે. સેંકડો પ્રશંશાપત્રો આ પુસ્તક માટે મળેલાં છે. જલદી મંગાવી લ્યો.

૫ **સ્ત્રીરોગચિકિત્સા** **કિંમત રૂપીઓ ૦।।।**

સ્ત્રીઓને થતિ વ્યાધિઓ અને તેને દુર કરવાનાં અનુભવી ઉપાયો આ પુસ્તકમાં આપેલ છે અત્યંત જરૂરી અને દરેક સ્ત્રીને વાંચવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાયક આ પુસ્તક છે. નવા ચિકિત્સકોને ખાસ માર્ગદર્શક અને તેવું આ પુસ્તક છે.

૬ બાલચિકિત્સા **કિંમત રૂપીઓ ૧**

બાળકોની ઉછેર, તેને થતાં દરદો અને તેની સારવાર તેમજ બાળકો માટે વપરાતી સચોટ અને અનુભવી દવાઓ એમ ત્રણ વિભાગમાં તૈયાર કરેલ છે, આ સાદી અને સરળભાષામાં લખાયેલ પુસ્તક દરેક બચરવાલ ઘરમાં રાખવાલાયક વસ્તુ છે.

૭ ગામડાનોવૈદ્ય **કિંમત રૂપીઓ ૧**

ગામડામાં રહેતા માણસો માટે દરેક રોગમાં અજમાવી શકાય તેવા લગભગ એક હજાર સચોટ ઉપાયો આ પુસ્તકમાં આપેલા છે. આ પુસ્તક વૈદ્યો તેમજ ગૃહસ્થો માટે ખાસ ઉપયોગી અને સંગ્રહ કરવા યોગ્ય છે. સત્વર મંગાવો.

૮ વૈદ્યકપારિજાત **બન્ને ભાગ સાથે કિંમત રૂપીઓ ૧**

બંગાળ અને બીજા પ્રદેશના પ્રસિદ્ધ વૈદ્યોનાં અનુભવી પ્રયોગોનો આમાં સંગ્રહ કરી તેને લગતી બધી માહિતી આપેલી છે. પ્રયોગો બધા ઉત્તમ છે એથીજ તે દરેક વૈદ્ય માટે કામનું છે.

૯ ઔષધી વિજ્ઞાન **કિંમત રૂપીઓ ૧**

જુદી જુદી ૫૩ ઔષધીઓનું વર્ણન, ગુણ અને ઉપયોગ આ પુસ્તકમાં લગભગ ૧૪૪ પૃષ્ટમાં આપેલ છે. અભ્યાસની નજરે આ ગ્રન્થ સર્વોપયોગી છે. બીજા ભાગમાં એજ રીતે ૬૪ ઔષધીઓનું વર્ણન આવે છે બીજા ભાગમાં પણ ૧૪૪ પૃષ્ટ છે મૂલ્ય દરેક ભાગનો અકેક રૂપીઓ પોસ્ટેજ જુદું,

દરેકનું પોસ્ટેજ જુદું, વધુ પુસ્તકો લેનારને કમીશન મળે છે.

ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી

નાનકવાડા; કરાચી.

૩૭૫, કાલબાદેવીરોડ, **મુંબઇ ૨.** ગાંધીરોડ, **અમદાવાદ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री धन्वन्तरये नमः

ઔષધી વિજ્ઞાન

ભાગ ૨ જો

૫૪ લીમડો

N. O. Meliaceæ (નિમ્બાદિવર્ગ)

सं. નિમ્બ, પારિભદ્ર, **हिं.** નીમ, **म.** કડુનિંબ, **बं.** નિમ્ગાછ, **ला.** Azadirachta Indica.

વર્ણન : લીમડાનાઝાડનું વાવેતર થાય છે, આપણા દેશમાં થતા મોટા સુંદર વૃક્ષોમાં લીંબડો પણ એક મુખ્ય અને પ્રસિદ્ધ વૃક્ષ છે તેને રસ્તાની બંન્ને બાજુએ લગાડે છે, મોટાં ઝાડ સુંદર અને શોભારૂપ બની રહે છે. લીંબડાની ઠંડી અને મધુર છાંયા વટેમાર્ગુનો થાક મટાડી શકે છે. ગુજરાતમાં આપણે અનેક જગાએ એનાં ઝાડો રસ્તાપર તેમજ ગામના પાદરમાં જોઇ શકીએ છીએ, એવીજ રીતે બીજા પ્રાંતોમાં પણ હજારો ઝાડો વાવેલાં જોવા મળે છે. આ ઝાડ સર્વને પસંદ હોવા સાથે ગુણમાં વધુ ઉત્તમ જણાય છે. જે દેશમાં લીંબડાનાઝાડ હોય અને તેનો ઉપયોગ સમજીને કરવામાં આવે તો અનેક લાભ આપણને મળી શકે છે. લીંબડો બહુજ પ્રસિદ્ધ હોવાથી તેના વધુ પરિચયની ખાસ અગત્ય નથી. લીમડાની બે ચાર જાતો છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહિં આપણે કડવા લીંબડાનું વર્ણન કરીએ છીએ, દવાના કામમાં ઝાડનીછાલ, પાન, લીંબોળીનુંતેલ, ફુલ, છાલનુંસત્વ વગેરે વપરાય છે યાને તે સસ્તી સર્વત્ર મળતી અને સર્વોપયોગી ઉત્તમ દવા છે.

ગુણ: શીતળ, હલકો, કડવો, ગ્રાહી, તીખો, કટુપૌષ્ટિક, વ્રણશોધનાર, સોજા, ગડ–ગુમડાને પકાવનાર, કૃમિ, ઉલટી, તાવ, વ્રણ, કફ, પિત્ત, સોજા, વિષ, વાયુ, કોઢ, દાહ, ખાંસી, તરસ, અરૂચી, પ્રમેહ, રક્તદોષ મટાડે છે.

ઉપયોગ: લીમડામાં જ્વરઘ્ન ગુણ સિંકોના જેવોજ છે, બ્હારની છાલમાં કષાય દ્રવ્ય વધુ છે જ્યારે અંતરછાલમાં શીતળ, જ્વરઘ્ન, ગ્રાહી અને કટુપૌષ્ટિક ગુણ મુખ્ય છે અને તેથીજ દવાના કામમાં લીમડાનીઅંતરછાલ વપરાય છે. પાનમાં જ્વરઘ્ન, રક્તશોધક, વ્રણનાશક, કૃમિઘ્ન, કુષ્ટઘ્ન અને જંતુનાશક ગુણ બરાબર છે. લીંબડાનાફળને લીંબોળી કહે છે તેનું તેલ કાઢે છે એ તેલ ખાવામાં–લગાડવામાં અનેક દરદો માટે વપરાય છે, લગભગ ૪૦ ટકા બીજ–મીંજમાં તેલ નીકળે છે એ તેલનો સાબુ પણ બનાવે છે. આ તેલમાં ગંધકના તત્વો મુખ્ય જણાય છે તે વ્રણ–ખસ–ખુજલી, રક્તદોષ અને કુષ્ટની રામબાણ દવા ગણાય છે.

લીંબડાનીઅંતરછાલને કુટી પાણીમાં પલાળી ચોળી કપડે ગાળી તેને છણવા આપવા પછી નીચે રહેલ સાર ભાગને સુકવી લેવાથી ઉત્તમ પ્રકારનું લીમડાનુંસત્વ બને છે. આ સત્વ હઠીલા તાવમાં–જીર્ણ કે ક્ષયના તાવમાં ઉત્તમ લાભ આપે છે. તેની માત્રા ૫ થી ૧૦ ગ્રેન છે તે ઉત્તમ રક્તશોધક અને સરસ જ્વરઘ્ન દવા છે.

આયુર્વેદના પુસ્તકોમાં લીંબડાના પંચાગનો ઉપયોગ અનેક જગ્યાએ કરવામાં આવેલ છે, તે અનેક સદીઓથી વપરાતી જણીતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔષધી છે એટલુંજ નહિં પણ ગરીબોની ખાસ દવા છે. યુનાની તેમજ અંગ્રેજી વૈદ્યકમાં પણ તેનો ઉપયોગ કરેલ છે.

લીંબડાનાપાનની બાફેલી પોટીસ અનેક પ્રકારનાં ગડ–ગુમડ વ્રણને મટાડે છે, સોજાને મટાડી પાકેલ ગડને ફોડી રૂઝવે છે. વ્રણ માટે નીંમબીજનોમલમ ઉત્તમ ઉપાય છે.

લીંબડાનાપાનનો ઉકાળો ઉત્તમ જંતુઘ્ન લોશનનું કામ આપે છે, તેનાથી વ્રણને સાફ કરી શકાય છે, એવીજ રીતે લીંબડાનાપાનનો ઉકાળો પીવાથી તે ઉત્તમ રક્તશોધક ગણાય છે. યકૃત માટે તે ઉતેજક છે, વધુ પીવાથી ઉલટી કરાવે છે. લેપ્રસી–કુષ્ટ અને ઉપદંશમાં એનો ક્વાથ આપે છે પાનચૂર્ણ આપે છે. તેલનાં ટીપાં ખાવા તરીકે પણ અપાય છે તેનાથી હરસનોદાહ અને રક્તશ્રાવ મટે છે, તાવ–મલેરી-આતાવ–કુષ્ટ અને સીફીલીશ પણ મટે છે. તે રક્તશોધક અને પૌષ્ટિક છે એમ મેજર સ્પેન્સર જણાવે છે.

લીંબડાનોગુંદ થાય છે એ પણ દવામાં વપરાય છે જુના અને મોટા ઝાડમાં રસ ઝરે છે, જેવી રીતે તાડી ઝરે છે તે મુજબ આ રસ ઝરે છે અનેક ઘડા પાણી તેમાંથી નીકળે છે અને તે તાડી જેવો પણ કડવો હોય છે, લોકો તેને પીયે છે, તે રક્તશોધક છે. તાડી તરીકે એમાં કેટલાક ગુણો છે પણ રક્તશોધક નથી એમ પણ ડૉ. ટી. પી. ઘોસે જાહેર કરેલ છે.

લીમડાના તાજા પાનનો ફાંટ બનાવી દવામાં વાપરી શકાય તો તે ઉત્તમ છે, લીલાપાનમાંથી રસ નીકળતો નથી પણ તેને કુટી તેમાં થોડુંક પાણી છાંટીએ તો પછી રસ પુષ્કળ નીકળે છે.

આયુર્વેદમાં કેટલીક દવાઓને લીમડાનાપાનનારસની ભાવના અપાય છે, તેવી દવામાં આરોગ્યવર્ધની પ્રસિદ્ધ ગણાય છે, તે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્તશોધક–યકૃતરોગનાશક તરીકે પ્રસિદ્ધ છે. ચામડીનાંદરદ–વ્રણને માટે બનતા તેલોમાં લીંબડાનાંપાનનો ઉપયોગ થાય છે.

રક્તશોધક દવાઓમાં લીંબડાનીછાલ વાપરવાનો રિવાજ છે તેવીજ રીતે જ્વરઘ્ન દવાઓમાં અનેક જગ્યાએ લીંબડાનાંપાન–છાલ વપરાય છે. પિત્તના તાવમાં લીંબડો વખણાય છે તેવીજ રીતે જુના હઠીલા વિષમજ્વરમાં લીંબડાનીઅંતરછાલનુંચૂર્ણ કે કાઢુ, લીંબડાનીઅંતરછાલ, શુંઠ, મરી, ગળો મેળવીને અપાય છે. તાવપછીનીનબળાઇમાં લીંબડાનોઅર્ક વખણાય છે, હરસ તથા રક્તવિકાર માટે લીંબડાનાફુલનો ગુલકંદ બનાવી ખાવા માટે અપાય છે અને તે ઉત્તમ પૌષ્ટિક તથા રક્તશોધક છે. લોહીવિકારના દરદોમાં પણ તેનાં પાનનો તાજો રસ કાઢીને આપવો ઉત્તમ ગુણકારક છે.

સુવાવડીની દવા તરીકે લીંબડો ઉત્તમ છે, તાજા પાનનોરસ આશરે ૨ા થી ૫ તોલા લેવાથી સુવાવડીને તાવની બીક રહેતી નથી, ભુખ લાગે છે, નબળાઇ મટે છે, રક્તસ્રાવ વાજબી અને સાફ થઇ જાય છે. ગર્ભાશયને તાકાત મળે છે ને તુરત સંકોચ થઇ શરીરમાં બળ આવે છે. દસ્ત સાફ આવે છે ને સોજા વીગેરે મટી જાય છે.

પેટનાકૃમિની કોઇપણ દવામાં લીંબડો સાથે અપાય છે. ચામડીના દરદોમાં એનું તેલ લગાડવા માટે ખાસ વખણાય છે.

પરમીઆના દરદીને ઇંદ્રિયપર સોજો આવે છે ત્યારે તેનાપર બાફેલા લીમડાનાંપાન બાંધી શકાય છે. અથવાતો લીંબડાનાપાનનાં ક્વાથમાં દરદીને બેસાડવામાં આવે છે તેથી પીડા–સોજો મટી પેશાબ છુટ આવે છે એવીજ રીતે હરસના સોજા કે પીડામાં પાન બાફી બાંધી શકાય છે.

વ્રણ માટે કાચાં પાન વાટી તેમાં જરા મધ–ઘી નાંખી તેની પોલ્ટીશ બાંધવાથી ગમેતેવા વ્રણ કે હથીઆરનોઘા તરત રૂઝાઇ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગાડવા માટે લીંબડાનું એકલું તેલ કડક–ગરમ જણાય–ચટપટે તો તેમાં એટલાજ પ્રમાણમાં તલનુંતેલ મેળવી વાપરી શકાય છે.

લીંબોળીનીમીંજ દવામાં ખાવાના કામમાં વપરાય છે, હરસની દવા માટે તે વધુ વપરાય છે.

માત્રા: છાલનુંચૂર્ણ ૩૦ ગુંજ, પાનનુંચૂર્ણ તો. ૦।, નીમ-બીજનુંમગજ ૫ થી ૧૦ રતીભાર, ક્વાથ ૫ થી ૧૦ તોલા અને પાનનોરસ ૨।। તોલા આપી શકાય છે તેનું તેલ પાંચ ટીપાં સાકર સાથે ખાવા માટે અપાય છે.

વાના દરદમાં સાંધાપર સોજો હોય ત્યારે તેનું તેલ લગાડે છે અને બાફેલાપાનનો શેક કરાવાય છે.

સ્તનમાં આવતું દૂધ બંધ કરવું હોય તો લીંબડાનાપાનનો લેપ કરવામાં આવે છે અને તેથી લાભ થાય છે.

લીંબડાનાક્વાથવડે નહાવાથી ચામડીનાં દરદો મટે છે, તાવવાળાને એથી નવડાવવાનો રિવાજ છે સુવાવડીને લીમડાનાપાનનો બાફ–નાશ આપે છે એ સર્વ વાતનાશક છે. રક્તશોધક છે અને ચામડીનાંછિદ્રોવાટે રહેલ ઝેર બ્હાર કહાડનાર છે.

લીંબડો નેત્રરોગમાં વપરાય છે તે ઠંડો પણ છે. તાવમાં ક્વીનાઇન ગરમ લાગે અને નુકશાન કરે છે ત્યાં લીમડાનુંહીમ તાવ મટાડી બળ વધારે છે.

લીમડાની અનેક બનાવટો દવાખાનામાં રાખવા લાયક બને છે તેનો આસવ પણ બનાવી શકાય છે. તેના ફુલનો અર્ક પણ બને છે, આ બધી બનાવટો ઠંડી, રક્તશોધક, કટુપૌષ્ટિક અને જ્વરઘ્ન હોય છે. તેલ, મલમ અને લોશન માટે ક્વાથ એ સર્વ જંતુઘ્ન, ત્વગ્રોગનાશક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વ્રણ ઇત્યાદિને મટાડનાર હોય છે. અમારા જુદા જુદા વૈદ્યક પુસ્તકોમાં નીચેની બનાવટો જોવાલાયક છે.

(૧) મહાપંચનિંબચુર્ણ પૃષ્ટ ૧૯૧, (૨) નિમગુલકંદ પૃષ્ટ ૨૪૯, વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે તથા (૩) નિમ્બાદિવટી પૃષ્ટ ૭૨, (૪) નિમ્બાદિચુર્ણ પૃષ્ટ ૧૩૦, (૫) લીમડાનો મલમ પૃષ્ટ ૧૮૨, (૬) નિમસત્વ પૃષ્ટ ૨૦૨ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે. (૭) નિંબપત્રાદિચુર્ણ પૃષ્ટ ૨૭ વૈદ્યક પારિજાત ભાગ ૧લામાં છે. (૮) દાઝવાનોમલમ પૃષ્ટ ૩૫, (૯) નિંબાદિમલમ પૃષ્ટ ૩૬, (૧૦) જુના વ્રણની સચોટ દવા પૃષ્ટ ૩૮ અનૂભૂતપ્રયોગાવલી ભા. ૧ લામાં છે.

---

૫૫ શરસડો

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

सं. शिरीष **हिं.** शिरस **म.** शिरशी **बं.** शिरीष **ला** Albizzia-Lebbek

વર્ણન : શરસડાનાં મોટાંવૃક્ષો બાગ–બગીચામાં, જંગલમાં તેમજ રાજમાર્ગપર વાવેલાં જોવામાં આવે છે તેમાં ઘણી જાતો છે પરંતુ આપણે ત્યાં સફેદ અને કાળીએોશિરસ એમ બે જાત ગણવામાં આવે છે, મુંબઇના અનેક રાજમાર્ગો ઉપર કાળીછાલનાંઝાડો સરસડાનાં પુષ્કળ છે પરંતુ એમાં ગુલાબી-લાલરંગનાં ફુલ થાય છે જ્યારે કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત–સિંધપ્રાંતમાં જોયેલાં ઝાડો સફેદ શરસડાનાં છે તેમાં થયેલાંફુલ પીળા રંગના હોય છે એ ફુલોમાં વસંતઋતુમાં ઘણીજ સારી સુવાસ આવે છે એમાં લાંબી અને મોટી ચપટીશીંગો થાય છે તેમાં ચપટાંબીજ થાય છે એ શીંગ સુકાઇ જાય છે ત્યારે હવા ચાલતી હોય તે વેળા ઝાડ નીચેથી પસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતી વખતે તેનો અવાજ સાંભળતાં ઘણોજ આનંદ થાય છે. તેના ફુલોની સુંદરતા–કોમળતા ઘણીજ સરસ અને પ્રસિદ્ધ છે. દવામાં તેની છાલ, પાન, ફુલ, બીજ વપરાય છે પણ આપણે ત્યાં એનો ઉપયોગ બહુ થતો નથી, ગામડાનાલોકો એને દવા તરીકે વાપરે છે તેનું લાકડું પોચું અને તુરત ભાંગી જનાર હોય છે, બાળવાના કામ શિવાય આ લાકડામાં વધુ ગુણ જણાતા નથી.

ગુણ : પૌષ્ટિક, ગ્રાહી, વિષહર અને વાજીકર છે, મધુર, કડવો, શીતળ, તુરો, તીખો તેમજ લઘુ છે. તે સોજા, ખાંસી, રતવા, વ્રણ, વિષ, ખસ, વાયુને મટાડે છે.

ઉપયોગ : દશાંગલેપ સોજામાટે–વિષદોષ નાશક તરીકે પ્રસિદ્ધ છે તેમાં એની છાલ વપરાય છે ફુલ અને બીજને કેટલાક લોકો વીર્ય વૃદ્ધ કરવા માટે ખાવા માટે આપે છે. છાલનુંચૂર્ણ પણ વાજીકરણ ગુણ માટે આપવામાં આવે છે. ગળાનીગાંઠ–કંઠમાળમાટે બીજને પાણીમાં વાટીને લેપ કરવામાં આવે છે અને તેથી કંઠમાળ પાકીને ફુટી જાય છે, એનાં વૃક્ષને કાપી બ્હારનીછાલ પડતી મુકી વચ્ચેના-ગર્ભ જેવી પોચી લાકડી લાવી, સુકવી ભુકો કરી કપડછાણ કરી લેવું. અચાનક વાગવાથી, માર પડવાથી કે બીજીરીતે જ્યારે રક્તશ્રાવ થાય ત્યારે આ ભુકાને તે જગાએ દાબવાથી રક્તશ્રાવ બંધ પડી રૂઝ આવી જાય છે. અને એકજ પાટાથી રૂઝાઇ મટી જાય છે. એની ફલીનાં બીજને કાઢી તેની માળા બનાવી નાનાં બાળકોના-ગળામાં પહેરાવવાથી બાળકોને કંઇપણ ઉપદ્રવ વીના દાંત સહેલાઇથી આવી જાય છે. એના પાનને છુંદી ગરમ કરી તેનોશેક–પોટીશ કરવાથી ગડ–ગાંઠ–પાકીને ફુટી જાય છે. તેને અંદર બેસવા દેતી નથી પણ બ્હાર લાવી પકાવી ફોડી નાખે છે. એનાંપાનને બાળી તેની રાખને ઘીમાં મેળવી મલમ જેવું કરી ચાંદી (ટાંકી) પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગાડવાથી તે રૂઝાઇ જાય છે. આ સર્વ અનુભવ સ્વ. વૈદ્યરાજ તિલકચંદ તારાચંદે જણાવેલ છે, સરસડાનાંપાનને બારી તેની પોટીશ કેન્સરની ગાંઠપર લગાડવાથી તે ગાંઠને બ્હાર લાવી વ્રણ હોય તો તેને સાફ કરી ગાંઠને વીખરે છે. ને સોજો ઘટાડી દરદીને રાહત આપે છે. પાનને બાફતાં જે પાણી બચે તે ઉતમ જંતુઘ્ન લોશન તરીકે વ્રણને ધોવા માટે વાપરી શકાય છે.

સર્પવિષ માટે, ઉંદરના ઝેર માટે તેમજ બીજા એવાં સ્થાવર જંગમવિષ માટે વાપરવાની સલાહ પ્રાચિન વૈદ્યક પુસ્તકોમાં આપેલી છે પરંતુ એ સબંધે વિષેશ અનુભવ જાણવામાં આવેલ નથી. તેના પંચાગનોકવાથ વિષવાળાને આપી શકાય છે, તેવીજ રીતે સરસડાનાં બીજને ૧૪ વખત અર્કદુગ્ધની ભાવના આપી પછી વાટી રાખવું, એ ઔષધ વિષનાશક તરીકે આપવાની વાગ્ભટ્ટમાં બાસ ભલામણ કરેલી છે.

એનાંબીજને અંજનમાં વાપરવાની ભલામણ કરવામાં આવેલ છે. પાનનોરસ આંખમાં આંજવા માટે તેમજ પાનનોકવાથ પીવા માટે આપવાથી રતાંધળાપણું મટે છે. દાંતનાં પેઢાં મજબુત કરવા તેના કવાથના કોગળા કરવા જોઇએ. છાલનુંચુર્ણ ઘી સાથે લેવાથી બળવર્ધક જણાય છે. બીજનુંચૂર્ણ દૂધ સાકર સાથે લેવાથી વીર્યને વધારે છે.

બીજનાચૂર્ણની માત્રા ૩૦ રતીભાર તેમજ છાલનાચૂર્ણની માત્રા ૮ રતીભારની બતાવેલ છે. છાલનુંચૂર્ણ મંજન તરીકે વાપરવાથી પેઢાં મજબુત થાય છે. **શિરિષઅગદ** એ એની બાસ બનાવટ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૬ કરંજ

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

સં. કરંજ, **હિં.** કિરમાલ, **મ.** કરંજ, **બં.** દહર્કરંજ, **લા.** Pongamia Glabra.

વર્ણન : કરંજ એ જંગલી ઝાડ છે, રસ્તાની બંને બાજુ તેનાં મોટાં વૃક્ષો સુંદરછાયા અને સરસ દેખાવ માટે અનેક જગ્યાએ વાવેલાં આપણે જોઇએ છીએ. છાયા ઘટ્ટ અને બેસનારને ખુબજ રાહત આપે છે, બેહુત લોકો તેની છાયા તળે બપોરે વિશ્રાંતિ લે છે. વટેમાર્ગુઓને માટે પણ તે છાયા ઘણીજ આરામ આપનારી જણાય છે. ચોમાસામાં તેનાં લીલાં ઘટ્ટપાનવાળું ઝાડ ઘણુંજ સુંદર લાગે છે. એપ્રીલમાસમાં તેમાં લાખો ફુલોની જમાવટ થવાથી માર્ગ ઘણોજ સુંદર, આનંદદાયક તેમજ વટેમાર્ગુને પ્રિય બની જાય છે, ચોમાસાની આખરમાં કરંજના ઝાડને ચપટીફલી લાગીને પાકે છે, જેમાં એક મોટું બીજ હોય છે એ બીજ કાઢી સુકવી તેનું તેલ કાઢે છે એ તેલ બાળવાના કામમાં ગોમડાનાલોકો વાપરે છે તે સિવાય તે દવાના કામમાં પણ ઘણુંજ ઉપયોગી છે કરંજનીછાલ, પાન અને કુમળી ડાળીઓ પણ ઉપયોગી છે. તેમાં જરા તીખી પણ સરસ વાસ છે. તેની ડાંખડીનાં દાતણ ઘણાંજ સરસ બને છે. અને તે દંતરોગ, પાયોરીઆ તેમજ બરાબવાસ માટે ઉત્તમ છે.

ગુણ : કુષ્ટઘ્ન, ઉષ્ણ, આમવાતનાશક, કૃમિઘ્ન, વ્રણશોથ મટાડનાર, વ્રણરોપણ, કાસહર, પાચન અને નેત્રરોગનાશક છે. તે વિસ્ફોટક, અર્શ, ચામડીનાંદરદો, રતવા, ઉલટી પ્રમેહ. નાડીવ્રણ ગુલ્મ, પેટવિકાર માટે વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : દવામાં ઘણી જગ્યાએ કરંજનાં બીજનું તેલ વપરાય છે. એ તેલ ચામડીનાંદરદો, ખસ, ખુજલી, દરાજ, ખરજવું. કુષ્ટ વગેરે માટે ફાયદાકારક છે ખરજવા માટે તેમાં ગંધક, મોરથુથો જસતનાંપુલ કપુર મેળવી મલમ પણ બનાવાય છે તે ઉત્તમ જંતુઘ્ન છે, તેમાં જરા તીક્ષ્ણ વાસ રહેલી છે. કુષ્ટમાં તેનાંબીજ વાટીને લગાડે છે. તેનાંપાન–છાલનો ક્વાથ કરી નહાવા કે વ્રણ ધોવા માટે વાપરી શકાય છે. ઉરૂસ્થંભમાં એનાંમૂળને ઘસીને લેપ કરી શકાય છે. રતવા (ગ્રન્થીયુક્ત)માં તેની છાલનો લેપ કરવાથી તે પાકીને ફુટી જાય છે. નેત્રરોગ માટે કરંજબીજને વાટી તેને પલાશનાં પુષ્પની કેટલીક ભાવનાઓ આપી પછી તેની વાટ કરી લેવી. એ વાટ ઘસી આંજવાથી અનેક પ્રકારનાં નેત્રરોગ મટે છે. કરંજપાન, લીંબડાનાંપાન તથા નગોડનાંપાન વાટીને વ્રણપર બાંધવાથી સોજો મટે છે, પીડા મટે છે, વ્રણમાં પડેલાં કૃમિ મરી જાય છે અને વ્રણ સાફ થાય છે.

નદી કિનારાપર કરંજનાઝાડ ઘણાંજ સુંદર દેખાય છે. મુંબઇ તરફ થાણાજીલ્લામાં તેનાં હજારો મોટાં વૃક્ષો આપણને જોવા મળે છે. તેનાં તાજાં દાતણ ખુબજ ઉપયોગી અને દાંતનાં દરદીઓ માટે આશીર્વાદ સમાન છે.

કુકડીઆખાંસી તેમજ જુનીવરાધમાં કરંજ ઉપયોગી છે. એમ સર્જન બી. એવર્સ જણાવે છે. મધુમેહ (બહુમુત્ર) માટે ફુલનો ફાંટ અપાય છે ને તેથી લાભ થાય છે. તેનું તેલ અર્શરોગમાં તેમજ યોનીદોષમાં વપરાય છે. લીંબુનારસમાં બીજને વાટી દરાજ કે કુષ્ટમાં લેપ કરાવાય છે. તેલ ૫ ટીપાં ખાવામાં પણ આપી શકાય છે. છાલનુંચૂર્ણ ૫ રતીભાર ખાવા માટે લઇ શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૭ બોરડી

N. O. Rhamnaceæ (બદર્યાદિવર્ગ)

સં. બદરી, **હિં.** બેર, **મ.** બોર, **બં.** કુલ, **લા.** Zyziphus Jujuba

વર્ણન : બોરડીની અનેક જાતો છે ચણીબોર, મોટાંબોર, સુરતીબોર, બારેમાસીબોર, રા'બોર વગેરે નામો છે. દવાના કામમાં બોરડીનાંફળ તેમજ છાલ વપરાય છે. ચીન, સીલોન અને ઇરાનથી પણ દવા માટે તેમજ ખાવા માટે બોર આવે છે યુનાનીમાં જેને ઉન્નાબ કહે છે તે એક સારી જાતનાં બોર છે, બોર ખાવાની ચીજ–મેવો છે દવા ઉપરાંત તે ખાવાના કામમાં પણ વપરાય છે. તેની છાલમાં કષાય દ્રવ્ય છે, ફળમાં સાકર અને ગુંદ જેવી ચીકાશદાર તેમજ ખટાશવાળી ચીજ છે. બોર પાકવા પછી ખટાશ રહેતી નથી. ગાંધી લોકોને ત્યાં ઉનાબ હમેશાં મળે છે બીજી જાતનાં બોર પણ અમુક મોસમમાંજ થાય છે ત્યારેજ મળે છે, સુરતીબોર સુકવેલાં હોવાથી બારેમાસ મળે છે, ચણીબોરની મોસમ હંડીના દહાડામાં હોય છે કાચાં કે ખાટાંબોર ખાવાથી કફ–ખાંસી થઇ આવે છે. આંપણા દેશમાં બોર એની ઋતુમાં પાકેલાં મળે ત્યારે નાનાં મોટાં સૌ કોઇ ખાય છે, બારેમાસીબોરમાં તો વધુ ભાગે અંદર કીડ–જીવડાજ હોય છે છતાં લોકો તેને ખાવાને માટે વધારે હોંશ રાખે છે. બોરડીનાં નાનાં મોટાં વૃક્ષ થાય છે ચણીબોરનાં ઝાડ નાનાં હોય છે.

ગુણ : મધુર, સ્નેહન, કફશામક, છે. આ ગુણો **ઉન્નાબ** નામક બોરનાં છે. **ચણીબોર:** મધુર, ખાટાં, પાકેલાં હોય તો સ્નિગ્ધ, રૂચીકાર તથા જંતુકારક છે અને સ્હેજ પિત, દાહ, કફ, વાયુનો નાશ કરે છે. બોરના ઠંડીઆનુંમગજ: તુરૂં, મધુર, શુક્લ, બળપ્રદ, વૃષ્ય છે. તે ખાંસી, દમ, તરસ, વાયુ, ઉલટી, દાહ અને પિત્ત મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : દવાનાકામમાં બોરડીનીછાલનો ક્વાથ વપરાય છે તેના વડે વ્રણને ધોવાથી તે જલદી રૂઝાઇ જાય છે. ઉનાબ, ગુંદ, કાથો, સાકર અને ગુલાબપુલ એની ગોળી કરી ચુસવાથી ખાંસી મટે છે. ખાંસીની દવા ક્વાથ, ચાટણ, કે શરબતમાં ઉનાબ વાપરવાનો રિવાજ છે. યુનાનીવૈદ્યકમાં ઉનાબ વાપરવાનો છુટથી પ્રચાર છે. આયુર્વેદના કેટલાક યોગોમાં બોરડીનાઠંડીઆનીમીંજ વપરાય છે તે પણ ઉપયોગી દવા છે.

બોરડીનાંપાન ચાવવાથી મોઢામાં બીજી કોઇ કડવી દવાનો સ્વાદ જણાતો નથી. પાન ચાવી ક્વીનાઇન લેતાં તે કડવી જણાશે નહિં એમ સ્વ. ડૉ. વામનગણેશ દેશાઈ જણાવે છે.

ખાંસી માટે ઉનાબનું શરબત બનાવી અપાય છે બોરડીની-છાલનોક્વાથ પીવાથી ઝાડા મટી જાય છે.

ઉલટી માટે બોરડીનીમીંજ, જેઠીમધ, ચોખાનીધાણી, વડનાંઅંકુર એનો ક્વાથ આપવાથી તુરત મટે છે.

બોરડીનાઝાડને લાખ (રસ ઝરે છે તે) થાય છે એ લાખ દવાના કામમાં વપરાય છે. તે ક્ષય, ઉરઃક્ષત અને છાતીનાંદરદોમાં વપરાય છે–લાક્ષાદિતેલમાં પણ કામ લાગે છે.

બોરડીનાં પાકેલાંફળ–બોરની સુગંધ ઘણીજ રૂચીકારક હોય છે. તેને ખાવાનું સ્હેજમાં સૌને મન થઇ જાય એવી હોય છે. ખાટાંબોર ખાવાં હાનીકારક છે આયુર્વેદમાં તેનો ઉપયોગ કેટલીક જગાએ કરવામાં આવેલ છે. એની છાલનો ક્વાથ ગ્રાહી તરીકે ઉતમ ગણાય છે.

નોંધ : (૧) બદરીચુર્ણ પૃષ્ટ ૧૯૦ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં ઉપયોગી બનાવટ જોવા લાયક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૮ મહુડો

N. O. Sapotaceæ (મધુકાદિવર્ગ)

સં. મધુક, **હિં.** મહુવા–મૌઆ, **મ.** મોહડા–મોહાચાવૃક્ષ. **બં.** મઉલગાછ, **લા.** Bassia latifolia.

વર્ણન : મહુડાનાં મોટાં વૃક્ષ થાય છે તે હિંદુસ્થાનમાં સર્વત્ર થાય છે, મહારાષ્ટ્ર, ગુજરાત, ખાનદેશ, સંયુક્તપ્રાંત વગેરે સર્વ સ્થળે મોટા પ્રમાણમાં થાય છે. એનાં પાન મોટાં બદામનાં પાન જેવડાં હોય છે. તેનું લાકડું મજબુત થાય છે એનાં પાટીઆં બને છે અને તે ઇમારતના કામમાં વપરાય છે. મહુડાના ફળમાંથી તેલ નીકળે છે એ તેલને બાળવાના કામમાં વાપરે છે તે ઘીમાં ભેળસેળ માટે આ તેલનો ઉપયોગ થાય છે, આ મહુવાનાં ફળ પરદેશ પણ જાય છે. મહુડાનાં ફુલ દવાનાં કામમાં વપરાય છે તાજાંફળ ખાવામાં વપરાય છે અને તેનો દારૂ–મહુડાનો દારૂ બને છે જે પ્રસિદ્ધ વસ્તુ છે. નવા તાજાં ફુલ સવારનાં ૬ વાગે ઝાડ નીચે પડેલા હોય તે તાજાજ લઇને ખાવામાં આવે તો તે ઘણુંજ પૌષ્ટિક છે. ગામડાનાં ગરીબલોકો આ ફુલ ખાઇ ઘણા દિવસો તેનાપરજ નિર્વાહ ચલાવે છે કેમકે તેમાં પોષક દ્રવ્ય સરસ હોય છે, જુનાં ફુલમાં ખમીર આવે છે ને દારૂજેવી વાસ થઇ જાય છે, એનું કારણ એમ છે કે એ ફુલમાં એક જાતની સાકર છે જે લગભગ ૫૦ થી વધુ ટકા છે તે તુરતજ દારૂને ઉત્પન્ન કરે છે. આયુર્વેદિક દવાઓમાં એનો ઉપયોગ ઘણી જગ્યાએ કરેલો છે ખાસ કરી કેટલાક આસવોમાં મહુડાનાંફુલ વપરાય છે, લોકો મહુડાનોદારૂ બનાવી પીએ છે જે દારૂ વધુ પીવાથી બુદ્ધિને ભ્રષ્ટ કરે છે મહુડાનો નવો દારૂ ઝેર જેવો ગણાય છે.

જેવી રીતે નવો દારૂ હાનીકર્તા છે તેવીજ રીતે અત્યંત જુનો કરેલો કે બે ત્રણવાર ઉકાળી ડીસ્ટીલ્ડ કરેલો જેને આપણે ત્યાં એવડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે છે તે અવગુણકર્તા નથી પણ ઠીક છે એમ એનું સેવન કરનાર તથા તે સબંધી શોધન કરી અનુભવ લખનાર જણાવે છે.

મહુડાનાં ઝાડ ગરીબોની પુંજી (મિલ્કત) ગણાય છે.

ગરમીની મોસમ શરૂ થતાંજ મહુડામાં સારાં ફુલો આવે છે આ ફુલો મીઠાં અને દ્રાક્ષ જેવાં સ્વાદિષ્ટ હોય છે ગરીબલોકો તે દરરોજ ખાય છે ને લાભ લે છે.

ગુણ: મધુર, વૃષ્ય, બલકર, ભારે, સ્નિગ્ધ, ધાતુવર્ધક તથા વિકાસી છે. તે પિત્ત, દાહ તથા વાયુને મટાડે છે.

ઉપયોગ: મહુડાનાંફુલનો ઉપયોગ કેટલાક દરદોમાં થાય છે અને તે ચૂર્ણ કે ક્વાથરૂપે કરવામાં આવે છે. તેવીજ રીતે તેના લાકડાનો કે ફળનો પણ ઉપયોગ કરી શકાય છે.

હેડકીમાં મહુડાફુલ, સાકર અને નાગકેશર અપાય છે. ઉલટીમાં મહુડાનારસમાં મધ નાંખી અપાય છે. રક્તપિતમાં મહુડાનીછાલની અન્તર્ધૂમભસ્મ કરી મધમાં ચાટવી જોઇએ. આંખમાં ફુલું પડેલું હોય ત્યારે મહુડાનોસાર (થડને વચ્ચેથી કાપતાં વચ્ચે કાથા–ખેરસારજેવું મળી આવે છે તે) મધમાં ઘસીને આંજવો જોઇએ.

હાડ ભાંગે તે માટે મહુડાનીછાલ વાટીને તેનો લેપ કરી પાટો બાંધવો તો મટી જાય છે.

મહુડાનીઅંતરછાલનુંચૂર્ણ દિવસમાં બે વાર ઘી–મધમાં લેવાથી શરીરમાં વીર્ય–બળ–કામોતેજનાં સરસ થાય છે દવા ઉપર દૂધ બરાબર પીવું.

માથું દુખતું હોય ત્યારે, હેડકીમાં, કાનનાદુખાવામાં આ સર્વ ફરિયાદોમાં તેની છાલના ટીપાં કાનમાં કે નાકમાં નાંખવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. સર્પવિષ ઉપર મહુડાનાંફળનાં બીજને પાણીમાં ઘસી અંજન કરવું જોઇએ.

મહુડાનો મધુકાસવ નામક આસવ અને છે જે પેટનાંદરદો નબળાઇ તથા સંગ્રહણી માટે ઉત્તમ છે.

મધુકાદિચૂર્ણ જેમાં મહુડાનાંફુલ, જેઠીમધ, ત્રીફળા આવે છે જે નેત્રરોગ અને માથાનાંદરદો માટે ઉત્તમ છે.

કેટલાક આસવોમાં બીજાં દ્રવ્યોની સાથે મહુડાનાંફુલ આવે છે જેમકે અર્જુનાસવ, અભયારિષ્ટ, કુટજારિષ્ટ વગેરે.

નોંધ: ખુલ્લી હવામાં તેનાં ફુલ સંભાળથી રાખવાથી તે લાંબો સમય રહી શકે છે તેમ ન થાય તો તે સડવા લાગે છે અને અંદર કીડા પડી બગડી જાય છે માટે દવાની અંદર વાપરવાની સગવડખાતર તેને સંભાળી રાખવાની જરૂર છે.

મહુડાનાદારૂ બાબત રસીક અને ઉપયોગી વર્ણન વાંચવાની ઇચ્છા હોય તેમણે સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇકૃત ઔષધીસંગ્રહ પૃષ્ટ ૪૪૮ પર વાંચી લેવું.

૫૯ આંબલી

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

સં. તિન્તિડી, અમ્લિકા, **હિં.** ઇમલી, **મ.** ચિંચ, **બં.** ટેંતુલ, **લા.** Tamarindus Indicus.

વર્ણન: આમલીનાં મોટાં વૃક્ષો સર્વત્ર, બાગ, બગીચા તેમજ ખેતરોમાં પણ થાય છે, વસંતઋતુની તેની મોસમમાં ફળ પાકે છે એ વખતે આંબલીના કાતરા ભેગા કરી તેનો ગરભાગ જુદો કાઢી સંભાળી રાખે છે, એનો ઉપયોગ દવામાં તેમજ ખાવામાં થાય છે–શાક વગેરેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખે છે. દવા તરીકે છાલ, પાન, ફળનોગરભ વપરાય છે એનાં બીજને કચીકા કહે છે તેને શેકીને ગામડાનાલોકો સોપારી તરીકે વાપરે છે જો એ બીજ જુદા કાઢી લેવામાં ન આવે તો આમલીમાં કીડા પડી જાય છે અને તે સડવા લાગે છે અને નકામી બની જાય છે. બટાઇ તરીકે આંબલીનો ઉપયોગ પુષ્કળ થાય છે અને પ્રસિદ્ધ છે કાચીઆંબલી બાવાથી ખુબ નુકશાન થાય છે, નાનાં બાળકો વગર સમજે આવી ચીજો વધુ બાઇ લે છે અને ઘણીવાર તેથી હેરાન પણ થાય છે. આમલીનું લાકડું ઘણુંજ મજબુત હોય છે.

ગુણ : પાકીઆમલી મધુર, સારક, બાટી, ભેદક, મળસ્થંભક, દીપન, રૂચીકર, ઉષ્ણ, રૂક્ષ તથા બસ્તીશોધક છે. તેમજ તે તરસ મટાડનાર, રોચક, દાહ મટાડનાર, રક્તપિત મટાડનાર તથા પિત્તશામક છે. ફુલ, પાન, શોથહર તથા રક્તસંગ્રાહક છે. તેનો **ક્ષાર** મુત્રલ, તેમજ આનુલોમિક છે. શૂળને મટાડનાર છે. આંબલીનોગર હરસ-વાળાને માટે ઉતમ છે તેમજ તેથી કબજીઅત, જુનીકબજીઅત પણ મટે છે.

ઉપયોગ : આંબલી દવા તરીકે તેમજ સામાન્ય વપરાશનીચીજ તરીકે બહુજ પ્રસિદ્ધ છે. આંબલીનુંપાનક બનાવી ઉનાળાની શરૂવાતમાંજ ગરમી પડે છે ત્યારે ઘણી જગાએ વપરાય છે તે ગુણદાયક ભોજનની વસ્તુ છે. તેમાં આંબલી, સાકર અથવા બજુર કે ગોળ નાંખી પછી તેને પાણીમાં ખુબ ચોળી ગાળી રસ જેવું ગાળેલું બનાવે છે પછી તેમાં મરી, લવંગ, તજ, કપુર વગેરેનુંચૂર્ણ જરા જરા નાખીને રસોઇ સાથે જમવામાં–રોટલી સાથે બવાય છે.

કઠ, ઓશામણ, શાક, દાળ વગેરેમાં આંબલી નાંખવાનો રિવાજ છે તેથી રસોઇ સ્વાદિષ્ટ બને છે. જે પ્રદેશમાં ગરમી વધારે પડે છે ત્યાં એવી રીતે આમલી બાવાની જરૂર છે અને લાભ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે, પરંતુ દરિયાકિનારાવાળા પ્રદેશમાં આંબલી ઠંડી પડે છે અને તેથી કફ થાય છે, સાંધા ઝલાઇ જાય છે, સિંધના લોકો આંબલીને બદલે અનારદાણા વાપરે છે કેમકે તેમને આંબલી માફક આવતી નથી.

આંબલીનીછાલને બાળીને તેની રાખમાંથી ક્ષાર બને છે તે ક્ષાર દવામાં વપરાય છે પેટનાં શૂળ માટે આ ક્ષાર બહુજ વખણાય છે તેનાથી પેશાબ છુટથી આવે છે.

આંબલી, બીલામને વાટી–છુંદી તેની મોટી બોર જેવડી ગોળી કરી લેવી, આ ગોળી કોલેરાના દરદીને માટે રામબાણ ગણાય છે. તેનાથી હજારો રોગી સારા થયાનાં રિપોર્ટો છપાયા છે તેવી સારી છે એની ચીંચાભલાતક નામક બનાવટ પ્રસિદ્ધ છે. બીલામ, થોરનુંદૂધ, નેપાળો વગેરે ચામડીપર લાગે કે આંખમાં તેની અસર જણાય તો તે જગાએ દાહ થાય છે એ દાહ મટાડવા માટે આંબલી વાટીને ચોપડવી. કે તુરત દાહ મટે છે કેટલીકવાર તેમાં જરા ઘી મેળવી લગાડે છે.

નેપાળાના સખ્ત જુલાબ–ઉલટીને બંધ કરવા માટે આંબલીનું-પાણી ઘી–સાકર સાથે આપવું જોઇએ તો શીઘ્ર બંધ થઇ જાય છે. ઉનાળાની ગરમીમાં લૂ લાગે છે, પેશાબ બળે છે ત્યારે આંબલીનું-શરબત ઉતમ છે એ શરબત નિયમિત લેવાથી ઝાડો સાફ આવે છે પિતવાળાએ સવારે લેવાથી પિત્ત મટે છે.

વીંછીના ડંખ માટે આમલીના કચુકા ઘસીને લેપ ડંખવાળી જગાપર લગાડવાથી ઝેર ઉતરે છે,

શીતળા ન નીકળે તે માટે આંબલીના કચુકા અને હળદરનુંચૂર્ણ કરી ઠંડા પાણીમાં મેળવી ત્રણ દહાડા લેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ આવે છે ત્યારે આમલીનાંપાન વાટી તેમાં ફટકડી, અફીણ નાંખી જરા ખાટી આંખપર પોટીશ બાંધવાથી પીડા–સોજો રતાશ મટે છે.

ભાંગનો નિશો ચડેલ હોય તો આમલીનુંપાણી પાવું કે જેથી ઉતરી જશે.

આંબલી રૂચીકારક છે તેનું નામ લઇ યાદ કરતાંજ મોઢામાં અમી–થુંક આવવા લાગે છે કેટલીક દવાઓમાં તેનો રસ નાખવામાં આવે છે, પાચનની દવાઓમાં આંબલી વપરાય છે.

આંબલી પેટ માટે ઉત્તમ છે એક જુનાં સંગ્રહણીના દરદીને આંબલી ખુબ ખાવા પછી પેટમાં બગડેલો મળ નીકળી જઇ એ રોગથી થએલ ઉપાધી મટી શરીર સારૂં થયું હતું.

આમલીનાઝાડની હવા સારી ગણાતી નથી તેના ઝાડ નીચે સુવાથી કેટલીક બિમારી થાય છે એમ પણ કેટલાક જણાવે છે.

પાકી આમલી સ્કર્વીમાં ઉત્તમ ગણાય છે, એમાં ટારટરીકએસીડ છે જે પેટ માટે સારી દવા છે. એનાં બીજનુંચૂર્ણ સ્ત્રીઓનાં પ્રદરરોગ માટે સરસ ગુણકારક કહેલું છે.

ચરકસંહિતામાં દહીં, દાડમનોરસ અને ધાણા, શુંઠ નાંખી પકાવેલું આંબલીનુંશાક ખાવાથી હરસના મસામાં લાભ કરે છે એમ જણાવેલ છે.

કર્ણશૂળમાં આંબલીનામગજનોરસ તલના તેલમાં પકાવી તેનાં ટીપાં નાંખવાથી લાભ થાય છે.

પ્રદર, સોમરોગ માટે આંબલીનાં કચુકાને આગલી રાત્રે પાણીમાં ભીંજવી રાખવા, સવારે તેને ફોલી છાલ દૂર કરી પછી તેને દૂધ સાથે વાટી પી જવા. એના સેવનથી આ ભયંકર દરદ કે જે વડે સ્ત્રી પુરૂષનાં હાડ ધોવાય છે તે મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્પવિષ માટે આંબલીનાંપાનનોરસ તો. ૧૬ સીંધવ તો. ૨ મેળવી પીવાથી સર્પવિષ ઉતરી જાય છે.

આંબલીઆને ઘસીને ચોપડવાથી નાડીવ્રણ મટે છે.

આંબલીનાપાનનો ઉકાળો કરી કોગળા કરવાથી મુખપાક મોઢાનીચાંદી મટે છે કોઇપણ જગાએ માર વાગેલો હોય તેના ઉપર આંબલીનાંપાન તેમજ કાચી આમલી વાટી આપી તેનો શેક આપવાથી જલદી પીડા–સોજો મટે છે.

યવાનીખાંડવચૂર્ણ, શતમૂલાદ્યિઘૃત, રામબાણરસ, હિંગ્વાદ્યિચૂર્ણ વગેરે બનાવટોમાં આંબલી આવે છે.

૬૦ વાવડીંગ

N. O. Myrsineæ (વિડંગાદિવર્ગ)

सं. વિડંગ, **हिं.** બાયબરંગ, **म.** વાવડિંગ, **बं.** બિડંગ લા. Embelia ribes.

વર્ણન : વાવડીંગ બન્દરમાં ગાંધીને ત્યાં મળે છે તેની પેદાશ આપણા દેશમાં લગભગ સર્વત્ર થતી જણાય છે. અહિં તે સિંગાપોર કે બરમા તરફથી બન્દરમાં આવતાં જણાય છે. તેની ઝાડી ઘણાં વિસ્તારમાં ફેલાયલી હોય છે તેનાં નાનાં ઝાડ લતાનારૂપમાં બીજા ઝાડોની આશ્રયે ફેલાયલાં હોય છે. પણ તેનાં જુનાં ઝાડની કાંડ સાથળજેવી જાડી હોય છે. આ ઝાડમાં ફળ થાય છે તેનું નામ વાવડીંગ છે ફળ કાળાંમરી જેવડાંજ કદનાં જરા લીસા અને હલકાં હોય છે દવામાં તેની દાળ કરી અંદરનું બીજ વાપરવામાં આવે છે ઉપરની છાલ કાઢી ફેંકી દેવામાં આવે છે, વાવડીંગ ઘરગથુ દવા છે. નવા વાવડીંગ રતાશદાર રંગના હોય છે, પણ તે જુનાં થયા પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળાશરંગનાં દેખાય છે, દવામાં જુનાં વાવડીંગ વાપરવાની ભલામણ કરેલી છે.

ગુણ : કૃમિઘ્ન, વાતહર, ગરમ, મુત્રકર તેમજ મૃદુરેચક છે. દિપન પાચન તથા રક્તશોધક અને રસાયન છે. તે લેવાથી પેશાબ લાલ આવે છે અને તેમાં અમ્લતા વધુ બ્હાર આવે છે. વાવડીંગની ક્રિયા મૂખ્યભાગે આખા શરીરપર થાય છે, ખાસ કરી રસગ્રન્થીઓપર થતી જણાય છે.

ઉપયોગ : રક્તશોધક તરીકે તે કુષ્ટરોગમાં વપરાય છે, કુષ્ટમાં ખાવા માટે, પીવા માટે, ન્હાવા માટે, ધૂપ માટે એ ખાસ ઉપયોગી છે સર્પવિષ માટે તેનું મૂળ ચોખાનાધોણમાં ઘસીને પીવાથી સર્પનું ઝેર ઉતરી જાય છે એમ ધંગસેનમાં જણાવેલ છે.

મનુષ્યના શરીરપર જેવી સારી–શોધક અસર પારદની દવા વડે થાય છે તેવીજ અસર વાવડીંગ વડે પણ થતી જણાય છે, વાવડીંગ લીધા પછી ભૂખ લાગે છે, ઝાડો સાફ આવે છે વજન વધવા લાગે છે, ચામડીનો રંગ સારો થાય છે અને શરીર તેજસ્વી તેમજ સ્ફુર્તિવાળું બને છે, મનમાં આનંદ જણાય છે વળી તે નાનાં બાળકોની બિમારીમાં પણ સરસ દવા છે, ખાધેલો ખોરાક શરીરપર દેખાતો ન હોય, પેટ મોટું અને હાથ પગ બારીક દોરડી જેવા રહેતા હોય ત્યારે તેવા બાળકનો જીવ બચાવનાર વાવડીંગ એક મહાન ઔષધ છે. વાવડીંગ સાથે ઉપલસરી (અનંતમૂળ) આપવાથી ઘણીજ સારી અસર બતાવે છે. બાળક નિરોગી રહે તે માટે બાળકના પીવા માટેના દૂધને ગરમ કરતી વેળા તેમાં થોડુંક પાણી નાંખી તે સાથે વાવડીંગનાંખીજ આખાં નાંખી ઉકાળીને પછી ગાળીને દૂધ પાવામાં આવે તો તે નિર્દોષ દૂધ બને છે.

વાવડીંગ, શુદ્ધગુગળ, શુદ્ધમનશીલ, સાબરશૃંગભસ્મ એ દવા મેળવી મધમાં લેવાથી ગંડમાળ–ગળાનીગાંઠો મટે છે, દવા ધીરજ રાખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવાની જરૂર છે. પીનસ અને આધાશીશી માટે એનાં ચૂર્ણનું નસ્ય આપવાથી તરત લાભ થાય છે એમ સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ જણાવે છે.

પેટનાં ચપટાં કૃમિ માટે વાવડીંગનુંચૂર્ણ કે ઉકાળો આપવાથી તે કૃમિ નીકળી જાય છે, બીજે દહાડે તે દરદીને હલકો જુલાબ આપવો જોઇએ.

વાવડીંગ અને જેઠીમધનુંચૂર્ણ જેને વિડંગતંદુલચૂર્ણ કહે છે આ ઉત્તમ દવા છે તેનાથી પણ અનેક દરદો મટે છે. દિપન, પાચન, કૃમિઘ્ન ગુણ આ દવામાં ઘણોજ સરસ છે તેનાથી પેટ સાફ આવે છે શ્રી સ્વ. વૈદ્યરાજ ઝંડુભટ્ટજી એ દવાનો ખુબ ઉપયોગ કરતા, એ દવાના પ્રયોગને ગુજરાતમાં વસંતવૃત કહેવામાં આવે છે તેમાં આ દવા સવાર સાંજ પાણીસાથે લેવાની છે ખોરાકમાં ફક્ત ભાત, ઘી, મગ અને આંબળાનુંપાણી આટલુંજ લેવાય, એક માસના પ્રયોગથી અનેક જુનાં દરદ, મંદાગ્નિ, અર્શ, કુષ્ટ વગેરે મટે છે.

કુષ્ટરોગમાં તેની ધૂણી, લેપ, સ્નાન વગેરે કરાવે છે. તથા ખાવા માટે તો આપેજ છે.

અર્ધાંગવાયુ, આંચકી, હીસ્ટીરીઆ, મુંઝારો અને પેટના-વાતરોગમાં વાવડીંગવાળી દવા સારો લાભ કરે છે.

વાવડીંગ અને ઇંદ્રયવનુંચુર્ણ નાનાં બાળકોને હમેશાં આપવા લાયક ઉત્તમ કડવી ફાકી તરીકે સરસ છે, બાળકોની કબજીઅતમાં વાવડીંગ, વરેઆરી, પીપરનુંચુર્ણ આપી શકાય છે તેથી કૃમિ થતા નથી, પેટ સાફ થાય છે. ને ખાંસી પણ મટે છે.

વાવડીંગ ઉત્તમ શોધક તથા સરસ કૃમિઘ્ન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની નીચેની બનાવટો ખાસ વાપરવા લાયક છે.

(૧) વિડંગાસવ પૃષ્ટ ૨૩૯ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે (૨) વિડંગતંદુલચુર્ણ પૃષ્ટ ૧૪૨, (૩) વિડંગાદિચુર્ણ પૃષ્ટ ૧૪૩ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે (૪) વિડંગતંદુલચુર્ણ પૃષ્ટ ૯૨ વૈદ્યકપારિજાત ભાગ ૧–૨માં આપેલ છે.

૬૧ સમુદ્રશોષ (વરધારો)

N. O Convolvulaceæ (વૃદ્ધદારાદિવર્ગ)

સં. વૃદ્ધદારૂ, **હિં.** સમંદરસોખ, **મ.** સમંદરસોખ, **બં.** વિજ્રતાઉક, **લા.** Argyreia Speciosa.

વર્ણન: સમુદ્રશોષને વરધારો કહે છે તેનાં મોટાં પાન થાય છે અને તે બીજાં મોટાં ઝાડોને આશ્રયે તેનાં વેલા ફેલાય છે. પાનની નીચેની બાજુએ રેશમ જેવી સફેદ રૂવાંટી હોય છે, એનો વેલો ચોમાસામાં ખુબ ફૂલે ફાલે છે ત્યારે ઘણોજ સુંદર લાગે છે, ફુલ મોટા ઘેરા ગુલાબીરંગનાં થાય છે શિયાળામાં તેમાં ફળ આવી પાકે છે એ ફળમાંથી બીજ નીકળે છે તેનેજ આપણે વરધારાનાંબીજ કે સમુદ્રશોષનાંબીજ કહીએ છીએ, એનાં મૂળને વરધારાનુંમૂળ કહે છે એ બંને દવામાં વપરાય છે. પ્રાચિન પુસ્તકોમાં એનો ઉપયોગ થયેલો જોવામાં આવે છે. વરધારો ઘણીજ પ્રસિદ્ધ ઔષધી છે. ગામડાનાંલોકો પણ તેનાં મૂળ, પાન, બીજ સર્વ વાપરી સારો લાભ ઉઠાવે છે. બજારમાં ગાંધીલોકોને ત્યાં પણ મળે છે પણ મૂળને બદલે વેલનું લાકડુંજ આપે છે જે ગુણમાં બરાબર હોતું નથી. જ્યારે બીજમાં પણ એકને બદલે બીજી કોઇ ચીજનાં બીજ આપી દે છે માટે ખાત્રી કરી બીજ અને મૂળ લેવાં જોઇએ. બીજ લગભગ મરી જેવડાં કદનાં હોય છે અને એક ફળમાં ત્રણ સાથે હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણ: પૌષ્ટિક, વાતહર અને રસાયન છે. તે સ્વાદે કડવો, તુરો તેમજ ગરમ છે. તેનો ઉપયોગ વા, આમ, સોજા, રક્તવિકાર, નબળાઇ, સંધિવા અને સીરીલીશમાં થાય છે.

ઉપયોગ: સમુદ્રશોષનાં પાન સીધાં (રૂવાંટીવાળો ભાગ) બાંધવાથી ગડગુમડાં રૂઝાઇ જાય છે, જ્યારે ઉલટા (લીલોભાગ) બાંધવાથી જખમ–ગાંઠ પાકી ફુટી સાફ થઇ જાય છે. તેમાં આવા બે વિચિત્ર અને ઉપયોગી ગુણો રહેલાં છે અને તેને સામાન્ય લોકો પણ જાણે છે ગડ, ગુમડાં પકાવી સાફ કરી રૂઝવવા માટે વાપરે છે.

તેનાં બીજ પૌષ્ટિક દવાઓમાં–પાકોમાં અને ચંદ્રોદયની ગોળીઓમાં વપરાય છે તે એક સરસ પૌષ્ટિક અને વીર્યસ્થંભક દવા છે.

તેનાં મૂળનુંચૂર્ણ આસગંધ સાથે બને છે જે પૌષ્ટિક તેમજ વાતનાશક છે. હાથીપગું તેમજ ઉરૂસ્થંભમાં વાપરવા તેમજ સ્ત્રીઓને રહી ગયેલ છોડને વૃદ્ધિ કરવા માટે પણ તેમાં સરસ ગુણ છે.

વરધારાના મૂળનુંચૂર્ણ કરી તેને શતાવરીના રસની સાત ભાવના આપી સુકવી તેનું સેવન કરવાથી બળ, વીર્ય અને આયુષ્યની વૃદ્ધિ થાય છે.

પુત્રની ઇચ્છા રાખનારાઓને માટે વરધારાનામૂળ સાથે દૂધ અને ઘી લઇ પકાવી સેવન કરવાનું અંગસેન જણાવે છે.

સંધિવા કે ગરમીના વાને લીધે સાંધા ઝલાઇ જાય છે, ત્યારે એનું ચૂર્ણ લેવાનું ખાસ ઉપયોગી છે.

વૃદ્ધદારૂચુર્ણ તેમજ અજમોદાદિચુર્ણ એ બંને બનાવટો એની પ્રસિદ્ધ છે.

સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ વરધારાને સમુદ્રશોષથી જુદીજ કોઇ ચીજ છે એમ માને છે અને તેઓ વરધારો એટલે રાવરપત્રી યાને મર્યાદવેલ છે એમ જણાવે છે (એ દરિયાકાંઠે થાય છે તે).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ. શંકરદાજી શાસ્ત્રીપદે પણ પોતાના "આર્યભિષક્"માં બંને ચીજોને જુદીજ જણાવે છે પરંતુ એમની એ ભૂલ છે, કારણકે વરધારો એજ સમુદ્રશોષ છે એ માટે હવે મતભેદ જેવું નથી. ફાંગનોવેલો એ વરધારાનો એક નાનો પ્રકાર છે, ગુણમાં પણ તેને મળતોજ છે પણ વરધારાને તો હવે સંદિગ્ધ ગણવાની જરૂરજ નથી એટલે વરધારો અને સમુદ્રશોષ તે એકજ દ્રવ્ય છે.

---

૬૨ હરમર

N. O. Rutaceæ (બીજપુરાદિવર્ગ)

સં. કટભી, **હિં.** ઇસબંદ, **મ.** હરમાર, **વં.** ઇસબન્દ, **લા.** Peganum Harmala.

વર્ણન: હરમરનાંબીજ ગાંધીલોકોને ત્યાં મળે છે, મોટે ભાગે એ બીજ ઇરાનથી અહિં આવે છે જો કે તેની પેદાશ આ દેશમાં કચ્છ, સિંધ, પંજાબ, કાશ્મીર તરફના જંગલોમાં થાય છે પણ બજારમાં વેચાતાં બીજ તો પરદેશીજ હોય તેમ લાગે છે. હરમરનાં નાનાં ઝાડ થાય છે તેનાં બીજમાં એક પ્રકારની ઉગ્રવાસ હોય છે આ બીજને દવા તરીકે વાપરી શકાય છે, ખાસ કરી એનો ધૂપ જંતુઘ્ન ગણાય છે. પંજાબમાં આ બીજને માદક ગણેલ છે. દેશી વૈદ્યકમાં તેને રસાયન તેમજ ઉન્માદમાં શોધક ગણેલ છે, આંખ આવે છે ત્યારે તેમજ બીમારના ઓરડામાં જંતુરહિત વાતાવરણ કરવા માટે એનો ધૂપ કચ્છ–કાઠીયાવાડ–સિંધમાં ઘણે ઠેકાણે કરવામાં આવે છે.

ગુણ: માદક, સંકોચ વિકાસ પ્રતિબંધક, સ્વપ્રજનન, વેદના-સ્થાપન, રૂતુલાવનાર, ધાવણ વધારનાર, વામક, નિદ્રાલાવનાર અને ગર્ભપાતક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : વાયુ અને કફજન્ય દરદોમાં સારી અસર બતાવે છે, બીજ તો. ૦।।। લઈ ૬૦ તોલા ગરમપાણીમાં રાખી ઉંડુ થએ ગાળી તેમાં મધ મેળવી ત્રણ ભાગ કરવા અને ચાર ચાર કલાકે એકેકો ભાગ આપવો. રૂતુ સાફ ન આવે, પીડાસાથે આવે, પેશાબની-અટકાયત, એ સર્વરોગોમાં હરમરના ક્વાથમાં મધ અને તલનુંતેલ મેળવીને અપાય છે. તેનાથી જલદી રૂતુ સાફ આવે છે, ધાવણ વધે છે, આમવાતના દરદીને માટે આ દવા સોડાસેલીસીલસ કરતાં વધુ સારી જણાય છે, તેનાથી જલદી પીડા મટે છે.

તાવ, ગૃધ્રસી, અપતંત્રક, અપસ્માર અને દ્રષ્ટિમાંધ, આંચકી વગેરે રોગોમાં આ દવાની અસર પોટાશબ્રોમાઇડ કરતાં વધુ સારી જણાય છે.

દમ, સુકીખાંસી, મોટીખાંસી એ સર્વ માટે આ ઘણીજ ઉપયોગી ઔષધી છે.

વધુ માત્રામાં લેવાથી મોળ અને ઉલ્ટી થાય છે, પરંતુ તેનો ઉપયોગ ઉલટી લાવવા માટે થતો નથી. કારણકે તે વધુ માત્રામાં કેફી અસર બતાવે છે. એની કેફી અસર ગાંજા જેવી હોય છે. ગર્ભાશય ઉપર એની અસર સતાપ અને અરગટ જેવીજ છે, સ્ત્રી પુરૂષોને માટે તે કામોત્તેજક છે; તેનાં પંચાગની અસર ભાંગ જેવીજ છે, આમાં એકી સાથે ત્રણ અસર જોવામાં આવે છે જેવીકે સંકોચવિકાસ-પ્રતિબંધક, ઉતેજક કર્યા પછી શીથીલતા, અને પીડા ઓછી કરવી આ ગુણ હોવાથી તે ઘણીજ સારી દવા ગણાય છે.

તેમાં હરમેલાઇન નામક એક સુક્ષ્મ તત્વ છે જે લગભગ ક્વીનાઇન જેટલુંજ ઉપયોગી છે.

હરમરનું સ્પીરીટની મદદથી બનાવેલું ટીંકચર ૩૦ ટીપાંની માત્રામાં આપવાથી રૂતુ પીડારહિત સાફ આવી જાય છે તે સહેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માદક છે, વધુ લેવાય તો ગર્ભપાત કરાવે તેવી અસર એમાં છે એમ ડૉ. પાંડુરંગ ગોપાળનો અનુભવ છે.

"ડૉ. મુઇદીન શરીફના મત પ્રમાણે તેનાં બીજ માદક, આક્ષેપહર, ઘેન લાવનાર, વેદનાહર, વામક, વમિષાજનક, આર્તવવર્ધક છે. શ્વાસ, હેડકી, સંધીવા, હીસ્ટીરીઆ, મૂત્રનલીનીપથરી, પિતાશયનીપથરી, શૂળ, કમળો, અલ્પપીડીતાર્તવ, વાતરોગમાં ઉપયોગ કરી શકાય છે. આ બધા દરદોમાં પીડા ઓછી કરી ઉંઘ લાવે છે. સાદી ખાંસી તેમજ છાતીનાં દરદોમાં એનાં બીજ ઉપયોગી દવાનું કામ કરે છે. તેમાં મોળ અને ઉલટી લાવવાની અસર છે જો તે મોટી માત્રામાં લેવાયતો, પણ તેની મોટી માત્રામાં કેટી અસર રહેલી છે માટે આપીજ ન શકાય. તેમનો એ અભિપ્રાય છે કે આવી ઉત્તમ ગુણવાળી દવા દરેક દવાખાનામાં હોવીજ જોઇએ."

તેનો ક્વાથ કે ફાંટ આપી શકાય છે ૫ થી ૧૫ કે ૩૦ ગુંજ લગી એની માત્રા લઇ શકાય છે અને તેટલા બીજનો ફાંટ બનાવી વાપરવો ઠીક રહે છે.

જંતુનાશક તરીકે તેનો ધૂપ બિમારના ઓરડામાં તેમજ બીજા પ્રસંગે વાપરવો એ વધુ સરસ છે કેમકે તેની વાસ ખરાબ નથી.

વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ પૃષ્ટ ૧૮૬ પર આપેલ પવિત્રધુપમાં એનો ઉપયોગ કરેલ છે. તે ધુપ ઉત્તમ જંતુઘ્ન બનાવટ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૩ આવળ

N. O. Leguminosæ (શિંમ્બીવર્ગ)

સં. આવર્તકી, **હિં.** તરવડ, **મ.** તરવડ, ચાંભારઆંવળી, **બં.** બર્બેર, **લા.** Cassia auraculata

વર્ણન : આવળનાં નાનાં ઝાડો લગભગ સર્વત્ર થાય છે, મહારાષ્ટ્રમાં એની અછત જણાય છે. ગુજરાત, કચ્છ, કાઠીયાવાડ, મારવાડ, ઉતરગુજરાત વગેરે સ્થાનોમાં આવળનાં જંગલો જોવામાં આવે છે તે સામાન્ય રેતાળ તથા સ્હેજ કઠણ જમીનમાં થાય છે. ૨ થી ૪ ફુટ ઉંચાઇનાં નાનાં ઝાડ, ઝીણાં પાન તથા પીળાં ફુલથી આ ઝાડ ઘણુંજ સુંદર જણાય છે લગભગ હજારોની સંખ્યામાં ગોચર જમીનમાં એનાં ઝાડ ઘણાંજ સોહામણાં લાગે છે બજારમાં તેનાં, પાન, ફુલ કે છાલ ગાંધીલોકોને ત્યાં કવચિતજ મળે છે દવાના કામમાં તે સ્હેજ ઓછું વપરાય છે પણ આવળનીછાલ ચામડાને રંગવાના કામમાં બહુજ મોટા પ્રમાણમાં વપરાય છે.

ગુણ : શોથઘ્ન, ચક્ષુષ્ય, વ્રણનાશક, કડુઘ્ન, કુષ્ટઘ્ન, ગ્રાહી, પૌષ્ટિક, કફઘ્ન અને જ્વરઘ્ન છે, આંખને હિતકારક છે, મુખરોગને મટાડનાર છે, ગામડાનાલોકો એને દવા તરીકે ઘણી જગ્યાએ વાપરે છે.

ઉપયોગ : આવળનાપાનને બાફીને તેની પોટીસ બાંધવાથી મૂંઢમારનો સોજો મટે છે અને જલદીથી પીડા મટે છે તે પાનમાં હળદર અને મેંદાલકડી તથા આંબાહળદરને પણ કેટલી જગાએ મેળવીને લગાડે છે. માણસનું અંગ પછડાટ કે વાથી ઝલાઇ જાય ત્યારે ખાટલામાં બીછાનાપર આવળનાંપાન પાથરી ઉપર કપડું ઢાંકી તે પર દરદીને સુવડાવવાથી તથા નીચે તાપ કરવાથી સારો લાભ થાય છે. આવળનાંમૂળનીછાલનોકવાથ વધરાવળમાં વાપરે છે. પેટના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂખાવાપર તેનાં પાન બાફી બાંધીને શેક કરે છે. આંખ દૂઃખે છે, રસી આવે છે, ચીપડા વળે છે ત્યારે આવળનાંપાન દૂધમાં બાફીને બાંધે છે. તેનાં બીજનુંચૂર્ણ મધુમેહમાં અપાય છે. કેટલીક જગ્યાએ મધુમેહમાં તેનું પંચાગ આપે છે. પંચાગનુંચૂર્ણ ૩૦ રતીભાર અપાય છે. એનાં ફુલની ચહા બનાવી મધુમેહનારોગીને અપાય છે તે સર્વથી તરસ ઘટી જાય છે ને પેશાબ ઓછો થઇ જાય છે. અત્યાર્તવમાં એનાં પંચાગનો ક્વાથ આપવાથી સુધારો થાય છે. જુના મરડાના આમના દરદીને છાલનો ક્વાથ આપવાથી આમ મટે છે. જીર્ણજ્વરમાં તેના પાનનો ક્વાથ અપાય છે, આવળનીફળીમાં રહેલ બીજ કાઢી તેનું ચિમેડ માફક ભરણ બનાવી તે દુઃખતી આંખો માટે સારી દવા તરીકે અપાય છે.

તેનાં પાનની પોટીશ વડે ગડગુમડાં, સોજો અને પીડા મટે છે, પાકેલો સોજો પાકીને ફુટી જાય છે.

આવળની ચાર જાતો ગણાય છે, આયુર્વેદમાં તેનો ઉપયોગ બહુજ જુજ જગાએ થએલ જણાય છે. વાગભટ્ટમાં કુષ્ટનાશક તરીકે આવર્તકિધૃત કુષ્ટરોગના પ્રકરણમાં બતાવેલ છે. ગર્ભિણીની ઉલટી માટે આવળનાંપુલ, સાકર અને દૂધમાં અપાય છે. ખાસ કરી મૂંઢમાર માટે એની કોઇ સારી બનાવટ બનાવવાની અત્યારે જરૂર છે.

૬૪ જવાસો

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

સં. યવાસ, **હિં.** જવાસા, **મ.** જવાસ, **લા.** Alhaji Maurorum.

વર્ણન: જવાસાનાં નાનાં છોડ લગભગ સર્વત્ર ઉગે છે, પાણીવાળી તેમજ ખારી જમીનમાં એ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે, ચોમાસામાં એનો છોડ સુકાઇ–બળી ગયા જેવો લાગે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે ઉનાળામાં પ્રખર તાપમાં તે લીલોછમ જણાય છે તેમાં ઝીણાં પાન અને કાંટા તેમજ ડાંખણા હોય છે લગભગ ધમાસાને મળતોજ આ છોડ છે, જ્યારે બીજી બધી વનસ્પતિ સુકાઇ જાય ત્યારે આ લીલુંછમ જોવામાં આવે છે તેથી એના માટે એક કહેવત છે કે ભાઇ આતો "જવાસાનાછોડ જેવો છે બીજાને તે લીલો જોઇ શકતો નથી યાને બીજા છોડ લીલા થતાંજ આ બળેલા જેવો બની જાય છે."

દવાના કામમાં એનો જુના પુસ્તકોમાં પણ ઉપયોગ કરેલો જોવામાં આવે છે. ગાંધીલોકોને ત્યાં તેમજ ગામના પાદરમાં એ સહેલાઇથી મળે છે, કેટલાકો તેની જગાએ ધમાસો લઇને પણ કામ નભાવી લે છે પરંતુ ધમાસો અને જવાસો બંને જુદી વસ્તુ છે, બંનેનાવર્ગ જુદા છે છતાં પણ ગુણમાં ઘણું મળતાપણું હોવાથી આમ થતું જણાય છે. એમાં એક પ્રકારનો ગુંદ થાય છે તેને યુનાનીમાં "તુરંજબીન" તથા સંસ્કૃતમાં "યવાસ શર્કરા" કહે છે તે દવાના કામમાં વપરાય છે, ગાંધીઓ તેને "માના" કહે છે.

ગુણ : કફઘ્ન, પ્રસ્વેદલાવનાર, મુત્રવધારનાર, અનુલોમિક છે. શિતળ અને પિતશામક છે તેથી તે પિતના તાવને મટાડવા માટે વપરાય છે. સુશ્રુત તેને વાતપિતશામક ગણે છે ચરક તેને સારક બતાવે છે તેનો મુખ્યગુણ કફઘ્ન છે એમ ડૉ. વામન ગણેશ દેશાઇ કહે છે.

ઉપયોગ : પિતજ્વર અને બીજા તાવના ક્વાથમાં જવાસો વપરાય છે, તેનો સ્વરસ પીવાથી સામાન્ય ઝેરની અસર મટે છે, નાકમાંથી રક્તશ્રાવ જો થતું જણાય તો તેનું નસ્ય અપાય છે મોઢામાંથી યાને દાંતમાંથી લોહી આવતું જણાય તો એના પંચાગનો ક્વાથ કરી કોગળા કરવાથી રક્તશ્રાવ બંધ પડે છે દારૂ, પીવાથી બેભાનિયત આવે તો એનો ક્વાથ પીવા માટે આપવાથી લાભ થાય છે. પાંદડાની બીડી પીવાથી ખાંસી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્વાસમાર્ગની અડચણમાં તેનો ઉપયોગ ખુબ લાભ કરનાર છે તેનાથી કફ તરલ બની છુટો પડે છે. તેના ઉકાળાની વરાળ ગળામાં લેવાથી લાભ થાય છે, દમના દરદીને માટે જવાસો અને જેઠીમધ એ બેનું અવલેહ બનાવી આપવાથી સારો લાભ થાય છે, એમાં બોરીંગણી પણ મેળવી શકાય છે. જવાસાના પંચાગનો ધૂમાડો દમના દરદીને ચલમમાં નાખીને પીવા આપવાથી દમનો હુમલો તુરત બેસે છે જવાસો અને જેઠીમધ એ બેને ઉકાળી તેનો ઘન બનાવી રાખવો તે હરસના દરદી માટે ઉપયોગી છે તેનો ક્વાથ હરસ માટે પ્રક્ષાલન કરવા આપી શકાય છે તેથી પીડા અને રક્તશ્રાવ બંધ પડે છે.

જવાસાનોછોડ દવામાં ઉપયોગી છે તેમજ તે મૃદુરેચક, મુત્રલ અને કફઘ્ન છે. તેમાંથી જે ગુંદ નીકળે છે તેને "તુરંજબીજ" કહે છે તેને ઝાડો લાવવા માટે જુલાબનીદવા તરીકે હકીમો વાપરે છે ને તે પિતનોશ્રાવ કરી ઝાડો લાવે છે. લોહીને શુદ્ધ કરે છે, કફને બેસાડે છે તથા તેને દૂધ સાથે લેવાથી તે વાજીકરણ ગુણ બતાવે છે.

નાનાં બાળકોની ખાંસીમાં તેમજ વૃદ્ધોની જુની ખાંસીમાં તેની સાથે પીપર, હરડે, દ્રાક્ષ, મધ અને માખણમાં મેળવીને આપવાની ભલામણ કરેલ છે.

ખાસ કરી જવાસો અને જેઠીમધનુંઘન બનાવી આવા દરદોમાં વાપરવું ઘણુંજ ઉત્તમ છે. અને તે બનાવીને રાખી લેવાથી લાંબોસમય રહી શકે છે.

કોકણ તરફ કાળોધતુરો, તમાકુ, અજમો અને જવાસો તેને સાથે મેળવી ચૂર્ણ કરી ચલમમાં પીવા આપે છે તેથી દમનો હુમલો મટે છે.

એનાં પંચાગની ધુમાડી લેવાથી હરસનામસા સુકાઇ જાય છે અને રક્તશ્રાવ બંધ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૫ ધમાસો

N. O. Zygophylleæ (ગોક્ષુરાદિવર્ગ)

સં. ધન્યવાસ, **હિં.** ઉસ્તરખાર, **મ.** ધમાસા, **બં.** દુરાલભા, **લા.** Fagonia arabica.

વર્ણન : એનો નાનો છોડ ખુલ્લી જમીનમાં તેમજ ખેતરોમાં પોતાની મેળે ઉગે છે. તેમાં બહુજ બારીકપાન અને વધુ ભાગે કાંટા હોય છે, લીલું હોય ત્યારે તેનો દેખાવ સુંદર લીલો હોય છે, પાકે–સુકાય પછી રંગ પીળાશવાળો બની જાય છે. સિંધ-પંજાબ–કચ્છ–કાઠીયાવાડમાં તે ખુબજ થાય છે કચ્છમાં તેને ધ્રામાઉ કહે છે એનો ઉપયોગ દવામાં કરે છે વધુભાગે તે ઉંટનો પ્રિય ખોરાક કહેવાય છે, ઉંટને બીજું કંઇ ન મળે તો એને ખાઇને પેટ ભરી લે છે. દવામાં એનું પંચાગ વપરાય છે ગાંધીલોકોને ત્યાં એ હમેશાં મળે છે ચોમાસામાં તે ઉગે છે અને ચોમાસાની આખરે તે ખુબ ફાલીફુલી મોટો થએલો જોવામાં આવે છે જવાસાનુંછોડ એ વખતે સુકાયલું હોય છે, ધમાસો બારી જમીનમાં, નદીકાંઠે, વોકળામાં તેમજ ખેતરોમાં પણ થાય છે જવાસામાં એક પ્રકારની શીંગ થાય છે એથી તે ધમાસાથી જુદોજ જણાઇ આવે છે.

ગુણ : શીતળ, જ્વરનાશક, દાહમટાડનાર, તૃષ્ણા હરનાર, મૂત્રવધારનાર, વ્રણ, ખસ, ખુજલી અને સોજાને મટાડનાર છે તેમજ રક્તશોધક પણ છે.

ઉપયોગ : ધમાસાનો ઉપયોગ સામાન્ય ઘરગથુ દવા તરીકે ઘણા પ્રમાણમાં થાય છે. તેના પંચાગના ક્વાથ વડે નાહવાથી ચામડીનાં સામાન્ય દરદો, ખસ, ખુજલી, ગરમીની અળાઇ વગેરે મટે છે. વ્રણને તેના ક્વાથ વડે ધોવાથી પરૂ સાફ થાય છે અને જખમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલદી રૂઝાઇ જાય છે. મુખપાકમાં તેના ક્વાથ વડે કોગળા કરવાથી મોઢાનીગરમી અને ચાંદી રૂઝાઇ જાય છે.

તાવનીદવાઓમાં ધમાસો વપરાય છે તેનો ક્વાથ પીવાથી પિત્તજ્વર, જ્વર, કફ અને કફવાળીખાંસી, રક્તપિત મટે છે. રક્તપિતમાં તેની સાથે ચંદન, સાકર મેળવીને આપે છે. પેશાબ છુટવા માટે તેના પંચાગનોરસ આપી શકાય છે. લોહીના દબાણથી ચક્કર આવતાં હોય તો એનો ક્વાથ પીવાથી તે દરદ મટે છે. કફજન્ય ઉલટીમાં તેનો ક્વાથ મધ નાંખીને પીવાની ચરકમાં ભલામણ કરેલી છે. સિંધ, કચ્છ વગેરે જગ્યાએ તેનો ક્વાથ તાવમાં આપે છે.

શ્વાસનળીનોસોજ્યે, તાવ, કફ અને શ્વાસ હોય ત્યારે તેનો ક્વાથ આપવાથી સોજ્યે મટી કફને છુટો કરે છે, કાંટો વાગવાથી થએલા વ્રણને માટે ધમાસાનાપાનને વાટીને બાંધવાથી તે મટી જાય છે.

શેરડીનોરસ અને ધમાસો એ બેને ઉકાળી તેને ગાળી અવલેહ જેવું કરી ચટાડવાથી શ્વાસ, ખાંસી, દમ, શ્વાસનળીનોસોજ્યે વગેરે મટે છે.

૬૬ રીસામણી

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

सं. लज्जालु, **हिं.** लाजवंती, **म.** लाजरी, **बं.** लाजक, **ला.** Mimosa Pudica.

વર્ણન : એના છોડ બાગબગીચામાં થાય છે કેટલાક લોકો તેને કુંડામાં ઘર આગળ પણ રાખે છે તેનાં છોડ બારેમાસ જોવામાં આવે છે, તે વેલની માફક જમીનપર ફેલાઇ જાય છે. કેટલીક જગાએ તે જંગલમાં પોતાની મેળે મોટા પ્રમાણમાં ઉગેલી જણાય છે, બજારમાં ગાંધીલોકોને ત્યાં એનાં બીજ તથા પંચાગ મળે છે, દવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંચાગ અને બીજનો ઉપયોગ થાય છે, એનાં છોડનાં નાનાં સુંદર ખીલેલાં પાનને જરાપણ હાથ લગાડવાથી તરત તે કરમાઇને સંકોચાઇ જાય છે એથીજ તેનું નામ લજ્જાલુ–છુઇમુઇ–રીસામણી પડેલું લાગે છે. ફુલ પીળારંગનાં તેમજ શીંગ ચપટી ને લાંબી થાય છે એમાં નાનાં કાંટા પણ હોય છે.

ગુણ: રક્તસંગ્રાહક, તેનાથી નાની રક્તવાહીનીઓનો સંકોચ થાય છે. વાયુ, પિત્ત, કફ, રક્તદોષ, યોનીદોષ, રક્તપિત્ત, અતિસાર, સોજો, વ્રણ, કુષ્ટનાશક ગણેલ છે તેમાં મુખ્યભાગે કષાય દ્રવ્ય મૂળમાં છે.

ઉપયોગ: દવામાં મૂળનો ઉપયોગ ચૂર્ણ કે ક્વાથરૂપે થાય છે અથવા બીજને એમજ કે ચૂર્ણ કરી વાપરવામાં આવે છે.

રીસામણીનાંપાન વાટી લેપ કરવાથી અંડકોશનો સોજો મટે છે. યોનીદ્વાર બ્હાર આવે છે તેના માટે એનાં પાનનોરસ કાઢી તે એ ભાગને લગાડીને પછી તેને ઠેકાણાપર બેસાડી આરામ લેવો તો સરસ સંકોચ થઇ બરાબર થઇ જાય છે, આ ઉપાય કોઇ હુશીઆર દાયણ મારફતે કરવો ઠીક છે. આમણ નીકળતી હોય તે માટે પણ એજ રીતે બે વાર દિવસમાં આ ઉપાય કરવાથી તે ફરિયાદ મટે છે. રીસામણીનુંમૂળ હાથમાં રાખીને સર્પને પકડવાથી ઝેરી અસર થતી નથી, એના મૂળનોરસ પીવાથી ઝેર ચડતું નથી એમ કેટલાક કહે છે. સોઢલ નામક ગ્રન્થકાર જણાવે છે કે મંડલી નામક સર્પના ઝેર માટે રીસામણીનાંમૂળને ચોખાનાધોવણમાં વાટીને પીવાથી ઝેર ઉતરી જાય છે.

એનાં આખા છોડમાં "ટેનીન" નામક તત્વ મુખ્યભાગે હોવાથી સંકોચક યાને ગ્રાહીગુણ તેમાં જોવામાં આવેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તાપર જડીબુટ્ટી વેચનારાઓ એનાં બીજને ધાતુપુષ્ટીનીદવા તરીકે વેચવા રાખે છે એ બીજ પૌષ્ટિક અને ગ્રાહી છેજ.

અતિસારની પ્રસિદ્ધ દવા વૃદ્ધગંગાધરચૂર્ણમાં રિસામણી વપરાય છે.

એ સિવાય એનાં પંચાગ કે લીલાંમૂળીઆંથી સિદ્ધ કરેલું તેલ રક્તશ્રાવ બંધ કરવા "ઘા" તેલ તરીકે પણ ઉત્તમ કામ આપે તેમ છે. એ તેલ યોનીરોગમાં પણ સારૂં કામ આપે તેમ છે.

૬૭ કુંવાર

N. O. Liliaceæ (પલાંડુવર્ગ)

સં. કુમારી, ગૃહકુમારી, **હિં.** કુંવારપાઠા, ઘીકુંવાર, **મ.** કોરકાંડ, કોરફંડ, **બં.** કોમારી, ઘૃતકુંવાર, **લા.** Aloe Indica.

વર્ણન: કુંવાર એ પ્રસિદ્ધ વનસ્પતિ છે, એને સૌ કોઇ જાણે છે, તે સર્વત્ર થાય છે, રેતાળ અને જરા ખારી જમીનમાં કુંવાર પોતાની મેળે થાય છે જો તેને પાણીની સગવડ મળે તો તે ખુબજ મોટા પ્રમાણમાં ફાલે–ફુલે છે, નકામી જગા કે સ્મશાનભૂમિ ઉપર પણ તે ખુબ થતી જણાય છે, ખાસ કરી દરિયા કિનારાના પ્રદેશમાં ખુબ થાય છે. મણેના હિસાબે એકેક ઝાડમાંથી તે મળી આવે છે અને ૨૫ થી ૫૦ ઝાડોને ભેગાં કરતાં ગાડું ભરી લેવાય છે. જંગલમાં પાણી વગર થતી કુંવારને ખારીકુંવાર કહે છે, જ્યારે બાગબગીચા કે વાડીમાં જ્યાં પુષ્કળ પાણી પીધા પછી જે છોડવા થાય છે તેને મીઠીકુંવાર કહે છે; કેળનીપેઠે એના છોડની બાજુમાંજ બીજાં નાનાં છોડ પોતાની મેળેજ ઉગે છે અને તેથી તે પોતાનો ફેલાવો કરતીજ રહે છે, એનાં પાન લાંબા જાડા અને બે બાજુ ઝીણાં કાંટા હોય છે એને કુંવારનાંલફરાં કહે છે તે જો ભારી હોય તો એકજપાન ૨ થી ૫ રતલ જેવડું હોય છે. ઝાડની વચ્ચેથી એક ડાંડી નીકળે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમાં ઉપર ખુલ્લા લાલ નારંગી જેવા રંગના ફુલ આવે છે, ડાંડાને કુંવારના સેલરા કહે છે તેનું શાક તથા અથાણું કરે છે, ખારી જમીનમાં, ખાવામાં ખારી લાગે એવી આ કુંવારનાં ફુલ ખાઇ જોતાં મીઠાં લાગે છે એ ખરેખર કુદરતની અજાયબ ખુબી છે, કુંવાર દવાનાં કામમાં સર્વત્ર વપરાય છે. કુંવારનો ભસ્મો બનાવવામાં તેમજ રસ રસાયનોમાં ઘણોજ ઉપયોગ થતો હોવાથી તેનું બીજું એક નામ **રસમાતા** છે, ઘરગથુદવા તરીકે કુંવાર દરેક ઘરમાં રાખવા લાયક છે જ્યાં ચૂલો હોય ત્યાં કુંવાર હોવીજ જોઇએ યાને દરેક ઘરમાં હોય તે ખાસ જરૂરી છે. કુંવારનારસમાંથી એળીઓ બને છે જે દવામાં વપરાય છે, આપણા દેશમાં તે ઓછો બને છે પણ તે પરદેશથી વધુ આવે છે, એડન, ઝાંઝીબાર અને બીજા પ્રદેશમાંથી તે આવે છે.

ગુણ: કુંવારનોગર–મગજ કે રસ દવામાં વપરાય છે, તેનાં ગુણોઃ કડવું, શીતળ, દીપન, પાચન, વિરેચન, મુત્રજનન, બલ્ય, શોણીતસ્થાપન, શ્વાસહર, વ્રણરોપણ છે. તે યકૃત, બરલ, જ્વર, કફ, પિત્ત, દમ, ખાંસી, અગ્નિદગ્ધ, ગુલ્મ, રક્તવિકાર, રક્તપિતનો નાશ કરે છે.

ઉપયોગ: કુંવારને છોલી (તેની છાલ ઉતારી) અંદરનો મગજ દવાના કામમાં વપરાય છે. કુમાર્યાસવ નામક પ્રસિદ્ધ આસવ એમાંથીજ બને છે તે આસવ પેટનાંદરદો, ક્ષય, જ્વર, કાસ વગેરે માટે પ્રસિદ્ધ છે. તેનાં પણ અનેક પ્રકાર છે કેટલીક બનાવટોમાં લોહ તથા તામ્રભસ્મ પણ નાંખે છે અને તે ઉત્તમ બનાવટ થાય છે.

ભસ્મો બનાવવા માટે ઘણેભાગે બધી બનીજ, ધાતુ, રસ, ઉપરસ દરેક ચીજને શોધન–મારણના કામ માટે વૈદ્યો અને ફાર્મસી-વાળાઓને કુંવારની ઘણી જરૂર પડે છે કેમકે બીજી કોઇ પણ વસ્તુ હાજર ન હોય તો એના રસમાં ઘુંટી ગજપુટ અપાય છે અને લોહ, તામ્ર, અભ્રક, પ્રવાલ વગેરેની ભસ્મો એનાથી ઉત્તમ બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિદગ્ધ માટે કુંવાર ઘણીજ ઉત્તમ છે દાઝવા ઉપર તરતજ એનાં લફરાંને બાંધી દેવાય તો બરફજેવી ઠંડક થઇ જાય છે અને ફરફોલો થઇ ઉપડવાની ભીતી રહેતી નથી. એટલા માટેજ દરેક ઘરમાં જ્યાં ચૂલો કે ભઠ્ઠી હોય ત્યાં કુંવારની હાજરીની જરૂર છે અને તેથીજ આપણા ઘરોમાં કુંવારનું ઝાડ બાંધીને ટાંગી રાખવાનો કે કુંડામાં વાવીને રાખવાનો ચાલ છે, બાંધીને ટાંગી રાખવા છતાં તે સુકાતી નથી પરંતુ તેને ખપતું પોષણ હવામાંથી મેળવી ફુલતું-ફાલતું રહે છે. આ ચીજ ઘરઆગળ રાખવી એમાં ઘણોજ સારો લાભ અચાનક અકસ્માત સમયે મળી આવે છે.

પેટનાં દરદોને માટે મીઠી કુંવારને છોલી તેના ટુકડા કરી તેનાં ઉપર હળદર તેમજ મીઠું છાંટી ખાય છે તેથી ન મટતાં પેટનાં હઠીલાં દરદો સારા થાય છે, ઝીણોતાવ, બરલ, કડકી, દાહ, મંદાગ્નિ, કબજીઅત વગેરે મટે છે. લોહી વધવા લાગે છે, સવારે નરણેકોઠે આ પ્રયોગ ઘણાં દહાડા કરવાનો છે.

કમળાના દરદીને એના રસમાં ઘી નાંખીને નસ્ય કરવા અપાય છે તેથી એ ભયંકર વ્યાધિ મટે છે.

નાનાં બાળકોના પેટમાં ભાર રહે છે તે માટે એળીઓ અને ડીકામાળી વાટીને થોડાંક ટીપાં પાવા અપાય છે તથા પેટપર લેપ કરાય છે.

બરલ અને બીજી પેટનીગાંઠ તેમજ (ગુલ્મ) સોજા માટે પેટ ઉપર કુંવારનાંપાન-લફરાં બાંધી પાટો બાંધવો, થોડાક દહાડા તેમ કરતાં બધું મટે છે.

નાનું બાળક મરી જવાથી સ્તનમાં ધાવણ ચડી આવી સોજો કે ગાંઠ સ્તનમાં થાય છે ત્યારે પીડા પણ સખ્ત થાય છે એ વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંવારનાંમૂળને કચરી તેમાં હળદર નાંખી રોટલો કરી બાંધવાથી તે મટી જાય છે.

તાવમાં પેશાબ અટકી જતો હોય તો કુંવારનોરસ લેવાથી પેશાબ છુટથી આવે છે.

વ્રણ ઉપર કુંવારનો પાટો બાંધવાથી વ્રણ સાફ થઇ રૂઝાઇ જાય છે.

લાંબો વખત કુંવારનું સેવન કરવાથી સ્ત્રીઓને માસિકરૂતુ સાફ અને નિયમિત આવે છે.

જુલાબ લાવવાનો ગુણ પણ એમાં સારો હોવાથી જુની કબજીઅત પણ તેનાથી મટે છે.

શરીરની બોટી ગરમી દૂર કરવા માટે એળીઆનો પાક બનાવીને કેટલાક લોકો ખાય છે.

આર્યવૈદ્યકનાં જુનાં પુસ્તકોમાં કુંવારનું વર્ણન જોવામાં આવતું નથી પરંતુ ભાવપ્રકાશના સમયથી એનું વર્ણન–ઉપયોગ જણાય છે.

દુખતી આંખ માટે કુંવારનો ગરભ લઇ રસ કાઢી તેમાં જરાક અફીણ તેમજ સ્હેજ પ્રમાણમાં ફુલાવેલી ફટકડી મેળવી લેપ કરવાથી જલદી મટે છે.

પ્રમેહ, પેશાબનીબળતરા માટે કુંવારનારસમાં જીરૂં તેમજ મરીનીભુકી નાંખી અપાય છે.

કુમાર્યાસવ બનાવવા માટે છોલેલા કુંવારના ટુકડાને તપેલામાં નાંખી અગ્નિપર ચડાવવાથી જલદી રસ–પાણી થઇ જાય છે તે સિવાય કુંવારનોરસ સરળ રીતે છુટો પડતો નથી, પણ આ રીત ઉત્તમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૮ એળીઓ

सं. એલીયક, **हिं.** એલુઆ, **म.** કોળાએળ, **बं.** મુસબ્બર, **अं** Aloes **ला.** Aloes socotrina

વર્ણન : એળીઆની પેદાશ આપણા દેશમાં જાફરાબાદ, મૈસુરમાં થાય છે તે પરદેશથી અરબસ્થાન તેમજ જંગબારથી પણ આવે છે, શકિાતરીએળીઓ અન્દરમાં સારી જાતનો ગણાય છે, એળીઓ એટલે કુમારનોરસ છે તેને સુકવીને–ગરમ કરીને બનાવે છે. તેનુંચૂર્ણ કરો તો તે જરા નારંગીરંગ જેવું બને છે, ખાવામાં તે બહુજ કડવું છે. અન્દરમાં મળતો અશુદ્ધ એળીઓ દવામાં વાપરવો નહિ પણ તેનો-ભુકો કરી પાણીમાં મેળવી ગાળી પછી સુકવીને વાપરવો તે ઉત્તમ છે પણ સાફ કાચ જેવો ચમકદાર એળીઓ મળે તો પછી શુદ્ધ કરવાની જરૂર નથી કેટલાકલોકો એકસ્ટ્રેટ એલોઝ એ જગાએ વાપરે છે, દવામાં એળીઓ ઘણો વપરાય છે અને તે અન્દરમાં ગાંધીલોકોને ત્યાં સર્વત્ર મળે છે. ઘરગથુ દવા તરીકે પણ એળીઆનો ઘણો ઉપયોગ થાય છે.

ગુણ : ઉષ્ણ, રેચક, રૂતુલાવનાર છે, પેટનાંકૃમિ, પાંડુ, કબજીઆત, મંદાગ્નિ, હીસ્ટીરીઆ વગેરે દરદોમાં તે વપરાય છે, પેટ સાફની દવા માટે બાળકોને પણ અપાય છે.

ઉપયોગ : એળીઓ, હીરાબોળ, હીરાકસી, હીંગ, તજ, ટંકણ આવીચીજોમાંથી થોડીક કે તમામ મેળવી બનાવેલી દવા રૂતુ સાફ લાવવા માટે અપાય છે, તેનાથી સ્ત્રીઓને માસિકઋતુ બરાબર વખતસર સાફ આવી જાય છે. ગર્ભિણીસ્ત્રીને તેમજ હરસનાદરદીને એળીઆવાળી કોઇપણ દવા આપવી નહિ કેમકે તેને માટે એ ગરમ જણાય છે. જુના કબજીઅતના દરદીને એળીઆવાળી કોઇ યોગ્ય બનાવટ આપવામાં આવે તો દસ્ત સાફ આવી કબજીઅત મટે છે. એળીઓ લગાડવાથી હરસ મટે છે. એમ યુનાની વૈદ્યકમાં જણાવેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એળીઓ ૩૦ ભાગ અને હિંગ ૩૦ ભાગ તથા સાબુદાણા ૩૦ ભાગ અને મધ ૧૦ ભાગ મેળવી ગોળી કરી લેવી, ૨ થી ૪ રતીભાર આપવાથી પેટ સાફ આવે અને માસિકસ્રાવ લાવે છે, યકૃત માટે ઉત્તમ છે.

એળીઓ ૫૮ ભાગ, સાબુદાણા ૨૯ ભાગ, જીરાનું તેલ થોડું તથા બાકી બધે તેટલું ગુલકંદ મેળવી ગોળી કરી લેવી. ૨ થી ૪ રતી લેવાથી ઋતુ સાફ આવે, પેટ સાફ લાવે.

એળીઓ ૧૦ ભાગ, હીરાકસી ૩૦ ભાગ, તજ ૫ ભાગ, એલચી ૫ ભાગ, શુંઠ ૫ ભાગ, ગુલકંદ ૨૦ ભાગ બધાંને મેળવી ઘુંટી ગોળી કરી રાખવી. ૬ રતી દવા દિવસમાં બે વાર લેવાથી ઋતુ નિયમિત–સાફ આવે છે વધુ પડતો હોય તો તે ઘટે છે ને વખતસર આવે છે.

કુમારીતેલ નામની બનાવટ મગજનાંદરદો માટે બહુજ ઉત્તમ છે અને તે વાપરવા લાયક છે.

કુંવાર તથા એળીઆની નીચે જણાવેલ બનાવટો બહુ વાપરવા લાયક છે.

(૧) એળીઆનીગોળી પૃષ્ટ ૫૨, (૨) કન્યાલોહાદિગુટી પૃષ્ટ ૫૩, (૩) કુમાર્યાસવ પૃષ્ટ ૧૪૯, (૪) કુમારીતેલ પૃષ્ટ ૧૮૮, (૫) કુમારીકાઅર્ક પૃષ્ટ ૨૧૪ વૈદ્યક ચિકિત્સાસાર ઉતરાર્ધમાં આવેલ છે.

૬૯ ખેર

N. O. Mimoseæ (બબુલાદિવર્ગ)

સં. બદિર, **હિં.** ખૈર, **મ.** ખૈર, **બં.** બયેર, **લા.** Acacia catechu.

વર્ણન : ખેરનાં મોટાં–નાનાં ઝાડ થાય છે તે જંગલોમાં થાય છે, કેટલીક જગ્યાએ એનાં ઝાડો હજારોની સંખ્યામાં યાને ખેરનાં વન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે અને તેમાંથી જનાવર કે માણસને ભાગી જવાનું કહેણ અને છે યાને બહુજ ગીચ ઝાડી હોય છે. ખેરમાં બે ત્રણ જાતો હોય છે. અહિં આપણે સફેદખેરનું વર્ણન કરીએ છીએ. કચ્છમાં આ ખેરનાં લાકડાને બળતણ તરીકે વાપરે છે મોટાં વૃક્ષનાં લાકડાનો અનેક જગ્યાએ ઉપયોગ થાય છે. સુતારનાં હથીઆરમાં એનાં હાથા નાંખે છે, ઇમારત કામમાં, ખેતીવાડીના ઓજારોમાં ગાડીના પૈડામાં આ ખેરનું લાકડું વપરાય છે, ખાસ કરી સફેદ ખેરમાંથી કાથો મોટા પ્રમાણમાં બને છે, દવામાં ખેરનીછાલ અને કાથો બરાબર વપરાય છે. ખેરનાં ઝાડ લગભગ સર્વત્ર થતાં જણાય છે. ખેર એ એક બાવળની જાતી છે. તેમાં નાનાં-ટુંકા પણ તિક્ષ્ણ કાંટા હોય છે, એ ખેરનાં કાંટાવાળી એક મોટી ડાળી હાથમાં વખતસર આવી જાય તો જંગલમાં વાઘ, ચિત્રા જેવા જનાવરથી પણ ઘણીવાર બચી જવાનાં દાખલા બનેલા છે. બજારમાં ખેરનીછાલ-કાથો મળે છે પણ કાથામાં ભેળ-ગોટાળો બહુ ચાલે છે, ખેરનું લાકડું કાપતાં તેમાં **ખેરસાર** નામક દ્રવ્ય નાનાં ટુકડા (જવના દાણા જેવડા) કે ભુકાના રૂપમાં મળે છે તે ઉત્તમ કાથાની જગાએ દવામાં વપરાય છે.

ગુણ: ગ્રાહી, શીતળ, કફઘ્ન, રક્તસંગ્રાહક, રક્તપિતશામક, કુષ્ઠઘ્ન, નિયતકાલિકજ્વરપ્રતિબંધક, રક્તશોધક, મુખરોગનાશક, ખાંસી, વ્રણ, પ્રમેહ, દંતરોગ અને ચામડીનાં દરદોમાં લાભ કરનાર છે. દસ્તને કબજ કરનાર તથા કંઠરોગ મટાડી સ્વર સુધારનાર છે.

ઉપયોગ: પ્રાચિન વૈદ્યક પુસ્તકોમાં સફેદખેર અને ગંધીલોખેર (અરિમેદ) મુખ્ય બે ભેદ બતાવેલા છે, કેટલીક જગ્યાએ પાંચ પ્રકાર પણ ગણાવેલા છે. દવામાં તેનો ઘણી જગ્યાએ ઉપયોગ થાય છે, આપણે ત્યાં આ બંને જાત મળે છે અને દવામાં વપરાય છે, સફેદખેરની-છાલનો ક્વાથ કરી કોગળા કરવાથી કંઠરોગ, દંતરોગ અને મુખપાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે મટે છે. એનાવડે સ્નાન કરવાથી ચામડીનાં દરદો–કુષ્ટ મટે છે બેરના દાતણથી દંતરોગ મટે છે. બેરના લાકડાનો જાડો ક્વાથ કરી જમીનપર કપડું કે ઘાસ પાથરી તેમાં ઢોળી દેવાથી જમીનમાં પાણી ચુસાઇ જાય છે અને ઉપર ચીકાશદાર તત્વ રહી સુકાઇ જાય તેને કાથો કહે છે. આ કાથો બધી જાતના બેરમાંથી બને છે અને તે દવાના કામમાં ઘણી જગ્યાએ વપરાય છે, પાનમાં ખાવા માટે હલ્દરો મણ કાથો આપણા દેશમાં બને છે અને વપરાય છે. બજારમાં ઘણી જાતનો કાથો મળે છે પણ હલકો અને ચીકાસદાર હોય તે કાથો ઉત્તમ ગણાય છે.

હીરાબોળ અને સારો કાથો સમભાગે મેળવીને ગોળી કરી લેવી એને મરાઠીમાં **કાથબોળ** કહે છે તેની ૫ થી ૧૦ ગુંજ માત્રા સુવાવડીને આપવાથી દૂધ બરાબર આવે છે. સ્ત્રીઓના કોઠામાં રતવાની અસર હોય છે તેને દૂર કરવા બદીર ઉત્તમ છે તે માટે બદીરઘૃત વપરાય છે. તેથી વારંવાર થતી કસુવાવડ મટે છે.

દસ્ત બંધ કરવાનો ગુણ કાથામાં છે, તેની મુખ્ય અસર શ્લેષ્મકલા અને રક્તવાહીનીઓપર થાય છે, તેથી કફ ઘટે છે તથા રક્તવાહીનીઓનું સંકોચન થાય છે. તેનાથી હોજરીમાં પાચકરસ ઘટે છે અને મળબંધ થાય છે, બાંસી માટે કાથો ઉત્તમ ઉપાય છે. તેનાથી નવીન કફ બનતો નથી. કરીઆતું અને બેરનો ક્વાથ લેવાથી બરલવૃદ્ધિ અને જીર્ણતાવ મટે છે. વ્રણ સાફ કરવા માટે બેરનીછાલના ક્વાથનો ઉપયોગ ઉત્તમ છે. સંગ્રહણી, મરડો અને ઝાડાની દવામાં કાથો ઉત્તમ છે, તે નબળા બાંધાના માણસોને તેમજ બાળકોને માટે વધુ સરસ ગણાય છે, પ્રદર, રક્તપ્રદર, ગર્ભાશયનીશીથીલતા, નબળાઇ એ સર્વ માટે **કાથબોળ** ઉત્તમ છે. જીર્ણતાવ, કફ, બાંસી, પાંડુ અને સુકી બાંસી વગેરેમાં કાથબોળ સર્વને આપી શકાય છે તેની ગોળી ચૂસવા માટે આપી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાથા કરતાં ખેરસાર બહુજ મોંઘો મળે છે કેટલાક લોકો ખેરસારમાં ભેળસેળ કરે છે એ કરતાં તો ઉત્તમ કાથો ખેરસારની અવેજીમાં વાપરવો તેજ વધારે સરસ છે, કાથો અને ચૂનો પાનમાં લગાડીને ખાવાનો રિવાજ છે એ રિવાજ પણ ઠીક જણાય છે. ચૂનાની તિક્ષ્ણતા કાથાને લઇ નરમ પડી જાય છે કાથો કંઠ–ગળા અને દાંત તેમજ મુખ માટે લાભકારક તથા શીતળ છે. જેથી વાપરવામાં હાની જેવું નથીજ.

ગ્રાહી હોવાથી દસ્તની દવામાં–પેટની દવામાં વપરાય છે તથા સંકોચક તરીકે યોનીરોગમાં–કે તેની શીથીલતામાં પણ વાપરવાથી સારો લાભ કરે છે.

ખાંસીની અનેક દવાઓમાં કાથો વપરાય છે. લવંગાદિવટી તેમજ ખદિરાદિવટી તેની મુખ્ય બનાવટો છે.

મુખપાક માટે કાથો, એલચી અને ચણુકબાબનું ચૂર્ણ કરી મોઢામાં છાંટી લાળ કાઢવાથી ઠંડક થઇ તુરતજ મુખપાક–દાહ વગેરે મટી જાય છે.

ગરમી (ઉપદંશ)ની ચાંદી માટે કાથો, હીરાદખણ અને સફેદાની ભુકી છાંટવાથી કે ધોએલા માખણમાં મેળવી મલમની પટ્ટી લગાડવાથી ચાંદી મટી જાય છે. ગરમીનાં ચાઠાં માટે આ ઉપાય ઉત્તમ છે.

રક્તાતિસારમાં અફીણ અને કાથાનીગોળી અપાય છે તેવીજ રીતે નેપાળાની સાથે કાથો મેળવી જુલાબ લાવવાની ગોળી બનાવી આપવામાં આવેથી એથી નેપાળાની દાહક અસર ઓછી થઇ જાય છે.

ખેરનાઝાડમાંથી ગુંદ નીકળે છે એ ગુંદ પણ અનેક જગ્યાએ વપરાય છે તે પૌષ્ટિક અને ગ્રાહી છે, સુવાવડી સ્ત્રીને અપાય છે, પાક બનાવી કે તળીને ખાય છે, તે બળવર્ધક ઘરગથુ ઉપાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાથો અનેક પ્રકારનાં દંતમંજનોમાં વપરાય છે તે દાંતને સાફ કરી પેઢાંને મજબુત રાખે અને ઠંડક આપે છે.

મોઢું આવે છે ત્યારે ખેરછાલના કોગળા કરવાથી તે જલદી સુધરી આવે છે. ઝાડા બંધ ન થતા હોય (સખ્ત રેચ લીધા બાદ) તો કાથાનુંચૂર્ણ આપવાથી તે સત્વર બંધ પડે છે. આંતરડાની ગરમી જલદી મટાડવા ગ્રાહી અસર બતાવે છે.

વધુ પ્રમાણમાં દરરોજ કાથો લેવાય તો સ્ત્રી કે પુરૂષોને થતી કામોત્તેજના એથી શાંત રહે છે એમ પણ કહેવાય છે. પ્રદરરોગમાં એના ક્વાથની પીચકારી અપાય છે.

કાથાની માત્રા ૫ થી ૧૦ ગુંજ. ક્વાથની માત્રા ૨॥ થી ૫ તોલા છે.

નિચેની બનાવટો વાપરવા યોગ્ય છે.

(૧) બદીરાદિવટી પૃષ્ટ ૧૦૭, (૨) બદિરારિષ્ટ પૃષ્ટ ૨૨૧ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે તથા (૩) બદિરાદિઘૃત પૃષ્ટ ૧૯૭ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે (૪) બદિરવટી પૃષ્ટ ૧૬ વૈદ્યક પારિજાત ભા. ૧–૨ જામાં છે.

૭૦ બોલસરી

N. O. Sapotaceæ (મધુકાદિવર્ગ)

સં. બકુલ, **હિં.** મૌલસરી, **મ.** ઓવળી, બારસોલી **બં.** બકુલ **લા.** Mimusops elengi

વર્ણન : બકુલનાં મોટાંઝાડ બાગબગીચામાં કે જંગલમાં પણ થાય છે કવિઓએ બકુલ વિષે સુંદર કવિતાઓ રચેલી છે, બકુલનો દવામાં બહુજ થોડો ઉપયોગ થાય છે. દાંત માટે બહુ વખણાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બકુલનાં ફુલની સુગંધી ઘણીજ વખણાય છે, તેનું મીઠું સુગંધયુક્ત અત્તર બને છે જે સાબુ, તેલ અને બીજી પરફ્યુમમાં સુગંધરૂપે વપરાય છે. બકુલની ઝીણી લાકડીનાં દાતણ સરસ બને છે બીજા દાતણ કરતાં આ દાતણ ગુણની નજરે ઘણાંજ ઉત્તમ છે અને તેનો પ્રચાર થવો જોઇએ પરંતુ તે પહેલાં બકુલનાંઝાડ વાવીને તેનો વધુ પ્રચાર થવાની જરૂર છે. બકુલનીછાયા પણ સુંદર હોય છે. તેનું વૃક્ષ સુંદર ઘટ્ટ અને ભરાવદાર છત્રીઆકારનું હોતાં તેના નીચે બેસવાથી, સુવાથી ઘણો આનંદ આવે છે. દવાના કામમાં ઘણેભાગે બકુલનીછાલ વપરાય છે.

ગુણ : શીતળ, મધુર, તુરૂં, હર્ષપ્રદ, મદાઢ્ય, ગ્રાહી, બળપ્રદ, અને ગુરૂ છે. વિષદોષ, દંતરોગ અને કુષ્ટ તથા કૃમિને મટાડે છે. ફળ, છાલ અને ફુલ ત્રણેને દંતરોગનાશક બતાવેલ છે પણ ખાસકરી છાલજ વપરાય છે.

એની છાલમાં કષાય ગુણ છે, કુલરોચક છે, ફળ સ્નેહન અને સંગ્રાહક છે છાલ પૌષ્ટિક ગણાય છે.

ઉપયોગ : જ્વાખેટમાં એનીછાલનો ક્વાથ જીર્ણતાવના દરદીને પીવા માટે અપાય છે અને તેથી નબળાઇ મટે છે. તેના ફુલનોઅર્ક (વરાળયંત્રથી કાઢેલો) તાવમાં અપાય છે તે સિવાય સ્નાનનાપાણીમાં તેનું પાણી મેળવી અપાય છે તે ઘણુંજ સુગંધીયુક્ત હોય છે.

દાંત દુખતા હોય, હાલતા હોય ત્યારે કાચી પાતળીછાલ ચાવવા અપાય છે તેમજ તેની બારીક ડાંડીઓનું દાતણ કરવા આપે છે, જાડી છાલનો ક્વાથ કરી કોગળા કરવા અપાય છે એથી પીડા મટી દાંત મજબુત બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક પ્રકારનાં દંતમંજનમાં બોલસરીનાં વૃક્ષની કોમળછાલ મેળવવાથી મંજન ઘણુંજ સરસ ગુણ આપનાર બને છે.

બોરસલી, આમલી અને બેરના વૃક્ષોનીછાલ લાવી ઉકાળો કરી તેનાં કોગળા કરવાથી મોઢાંનાદરદો, પાક, સોજો, ચાંદી વગેરે મટે છે. આ ક્વાથનાં બબ્બે કલાકે કોગળા કરવાથી તુરત લાભ કરે છે.

માથાનાદુખાવામાં એનાફળનુંચૂર્ણ કરી તેનું નસ્ય લેવું જોઇએ તો પીડા મટે છે ને ખુબ શ્રાવ કરે છે

બોલસરીનીછાલ ગ્રાહી છે, ઝાડામાંથી પડતા લોહીને, પ્રદરને બંધ કરનાર ગણાય છે.

કૃમિરોગમાં વાપરવાનું ચરકમાં વર્ણન આવે છે. પ્રમેહમાં એનો ઉપયોગ કરવામાં આવેતો લાભ કરે છે ખાસ કરી દંતરોગ અને હાલતા દાંત માટે તેનો ઉપયોગ કરવાનું દરેકે ભલામણ કરી છે. બોલસરીનું કયું અંગ દાંત માટે વધુ ઉતમ છે તે માટે હજી મતભેદ જેવું છે.

---

૭૨ અશોક

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

સં. અશોક, શોકનાશન, રક્તપલ્લવ, **હિં. મ. બં.** અશોક, **લા.** Jonesia Asoka

વર્ણન: સંસ્કૃત સાહિત્યમાં અશોકનાં ગુણગાન ઠીક ગવાયાં છે, વસંતઋતુમાં જ્યારે અશોકકુલ ખીલે છે ત્યારે રસીકજનોને જરૂર ત્યાં આનંદ આવે છે.

બજારમાં ગાંધીની દુકાને એની છાલ મળે છે પણ તે ખરી છે કે બોટી તે માટેની કંઇ પરિક્ષા સામાન્યજનો માટે હોતી નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેમકે અશોકને આસોપાલવ માની લોકો હજી તેનેજ વાપરે છે. આસોપાલવ એ અશોક નથી. સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ પણ પોતાના ઔષધીસંગ્રહમાં એજ રીતે આસોપાલવને અશોક કહે છે એ ભૂલ એમણે શાથી કરી હશે? તે કંઇ સમજ્તું નથી. શ્રી. બાપાલાલ વૈદ્યે બરાબર ખરેખરા અશોકનુંજ વર્ણન કરેલું છે; ધરવૈદામાં તેમજ આર્યભિષકમાં પણ એજ દશા છે. આસોપાલવનું લેટીન નામ Saraca Indica છે. ડૉ. કે. સી. બોઝ પણ એનેજ અશોક માને છે! એક વખત ખરેખરા ઝાડને જોઇ આસોપાલવ સાથે સરખામણી કરો તોજ આ ભૂલ દૂર થાય છે. સર્વત્ર આ બંને જાતનાં ઝાડ થાય છે ગુજરાતમાં ખરો અશોક બહુજ ઓછો થાય છે બંગાળ–સીલોનમાં અશોકની પેદાશ ઘણી થાય છે અને ખરીછાલ (રાતા રંગની) કલકત્તાથી બરાબર મળે છે.

ગુણ: ઠંડો, મધુર, કડવો, મળનેરોકનાર, તુરો, વર્ણને સુધારનાર, તરસ, દાહ, કૃમિ, સોજ્, વિષ અને રક્તદોષ મટાડનાર કહેલ છે, વેદનાસ્થાપન, ગ્રાહી તથા રક્તસંગ્રાહક છે. તેનો મુખ્ય ઉપયોગ સ્ત્રીઓનાં પ્રદર–રક્તપ્રદર અને ગર્ભાશયનાદરદોમાં થાય છે.

ઉપયોગ: દૂધ તો. ૨૦, પાણી તો. ૨૦, અશોકછાલ તો. ૨, બધાને મંદતાપે પકાવી દૂધ રહે ત્યારે ઉતારી ગાળી પીવાથી પ્રદર, લોહીવા મટે છે.

એનાં બીજ વાટી પાણી સાથે પીવાથી મૂત્રાઘાત અને પથરી મટે છે.

ગર્ભાશય, અર્બુદ તથા લોહીવા–રક્તપ્રદરને માટે આ દવા સરસ છે એમ ડૉ. વોરીંગ જણાવે છે.

ફુલનુંચૂર્ણ પાણી સાથે લેવાથી રક્તાતિસાર મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશોકારિષ્ટ સ્ત્રીરોગો માટે પ્રસિદ્ધ દવા છે. અશોકઘૃત પણ બહુજ સારી બનાવટ છે અને તે સ્ત્રીઓનાં જુના કુષ્ટસાધ્ય દરદોને મટાડે છે અશોકાવલેહ પણ એવાજ દરદોને માટે વપરાય છે, તથા અશોકાદિકવાથ પણ શ્વેતપ્રદર માટે સરસ ગણાય છે.

પ્રાચીનગ્રંથોમાં અશોકનો ઉપયોગ સામાન્ય રીતે બહુજ ઓછો દેખાય છે, અત્યારે ડૉકટરો પણ તેના સત્વને–અશોકસારને વાપરતા જણાય છે.

નીચેની બનાવટો જોવા તથા વાપરવા લાયક છે.

(૧) અશોકારિષ્ટ પૃષ્ટ ૨૧૬ વૈદ્યક ચિકિત્સાર પૂર્વાર્ધ, (૨) અશોકાદિકવાથ પૃષ્ટ ૧૦૯ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે.

૭૨ પીલુ (ખારીન્દર, મીઠીન્દર)

N. O. Salvadoraceæ (પીલુવર્ગ)

સં. પીલુ, વૃદ્ધપીલુ, **હિં.** જ્હલ, બડાપીલુ, **મ.** મીરજ, ગોડપીલુ, **બં.** પીલુ–પીલુગાછ, **લા.** Salvadora Persica, Salvadora Indica કિંવા S. Oleoides.

વર્ણન: પીલુનાં મોટાં–નાનાં ઝાડ જંગલમાં ખારી જમીનમાં થાય છે તેની વધુ પેદાશ સિંધ, કચ્છ, કાઠીયાવાડ, મારવાડ, ગુજરાત અને દરિયા કિનારાવાળા પ્રદેશમાં થાય છે, રેતાળ અને ખારી જમીનમાં તે ખુબ ઉગે છે, તેને ઉંદ ખાય છે, ઉનાળામાં ખારી જમીનમાં તેની છાંયા લોકોને શાંતવન આપે છે. ખારીન્દર અને મીઠીન્દર એમ બે જાત થાય છે દરેકમાં પીલુનાં ફળ ચણાથી તે મરીનાદાણા જેવડા થાય છે એ ફળ સફેદ, લાલ અને કાળારંગનાં હોય છે, ઉનાળામાં વૈશાક માસમાં એ ફળ પાકે છે લોકો એ ફળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાઇ કેટલાક દિવસો અનાજ વગર પસાર કરવા માટે જંગલમાં જઇને રહે છે અને આ જંગલી મેવો ખાવા એકાદ માસ ફરી આવે છે, ફળને જમા કરી ટોપલા ભરી શહેરમાં વેચવા પણ જાય છે અને તેમાંથી કંઇક પેદા પણ કરી લે છે. એક એક દાણાંને ખાવાથી કે જીભને લગાડીને ખાવાથી મોઢું પાકી આવે છે. પણ નરમ જીભે ખાવાથી અને બીજ નહિં કાઢવામાં આવે તે રીતે ખાવાથી મોઢું પાકતું નથી અને ખાવામાં મીઠાં તેમજ સ્વાદિષ્ટ જણાય છે. લોકો આ ફળ હોંશથી ખાય છે, કચ્છમાં આ ગરમીના દહાડાનો "મેવો" ગરીબ શ્રીમંત સૌ કોઇ ખાય છે તે મેં જાતેજ જોયેલી બાબત છે. પીલુ ખાધા પછી લોકો ઝાડે જાય ત્યારે તેનાં ફક્ત બીજ મળમાં સુકેલા મળી આવે છે તેને સાફ કરી ગુણી ભરી મોટા ગામોમાં લઇ જઇ તેનું તેલ કાઢે છે એ તેલ દવાના કામમાં તેમજ બાળવાના કામમાં વાપરે છે.

ગુણ: ખારીજરઃ મધુર, તીખી, તુરી, ખાટી, સારક અને રૂચીકર છે. સ્નિગ્ધ, ઉષ્ણ અને રક્તપિત કરનાર છે. અર્શ, ગુલ્મ, વિષબાધા અને બરલ તથા ઉદરરોગ મટાડે છે. મીઠીજરઃ (મોટુંપીલુ) મધુર, વૃષ્ય, રૂચીકર, અગ્નિદિપક છે. વિષ, પિત્ત અને આમને મટાડે છે એનું તેલ લઘુ અને વાત કફનાશક છે.

ઉપયોગ: દવા તરીકે એનો ઉપયોગ બહુજ ઓછો થાય છે છતાં પણ તેનો વપરાશ તો છેજ. મીઠીજરનાંપાનનો ક્વાથ કરી લેવાથી જુની ખાંસી મટે છે, પીલુના કલ્કથી સિદ્ધ કરેલું ઘી આનાહને મટાડે છે. ગુલ્મ–બરલમાં મીઠું લગાડી પીલુ ખાવાની ભલામણ કરેલી છે. હરસના દરદીને માટે પીલુ ખાઇ પંદર–વીશ દીવસ બીજું કંઇજ ખાવું નહિ એમ કહેલ છે, ઉપાય બરાબર અને થઇ શકે તેવો છે ને હરસને જડમૂળથી મટાડે તેવો એમાં ગુણ પણ છે તેથી શરીર લાલ અને પુષ્ટ બને છે. ઉદરરોગ–બરલ પણ મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરંજ, લીંબડો અને પીલુડીનાપાનનો ક્વાથ વ્રણને ધોવા માટે ઉત્તમ છે. ખારીજરની છાલ કે જુનું લાકડું લઇ તેને બાળી તેની રાખ કરી એ રાખને પાણીમાં ઉકાળીને ક્વાથ જેવું બને તેને ઊંટનાવાળ ઉતારવા માટે વાપરે છે, વાળ ઉતરી જાય અને ઊંટની ખસ કે ચામડીનાં દરદ મટે છે, ઊંટને પાય લગાડી એમ આ પ્રયોગનું નામ છે. તેની છાલ દાહક છે. પીલુનાબીજનો સર્પ વિષમાં ઉપયોગ કરવામાં આવેલ છે. પીલુનાફળનો રસ કાઢી તેનો આસવ બને છે ને સારી દવા તરીકે તે વપરાય છે. પીલુના તેલને બાબણતેલ કહે છે જેને વાને માટે લગાડે છે, મુસલમાન લેખકો પીલુનાં ફુલને શોધક, વાતઘ્ન, મુત્રલ ગણે છે. પુલ રેચક પણ છે, (ડીમક કહે છે) દેશી વૈદ્યો તેનો સાદાતાવમાં, અનાર્તવમાં ઉતેજક તરીકે વાપરે છે. ક્વાથની માત્રા આખા દહાડામાં પાંચ તોલાની છે.

પાંદડા અને કુમળી કુંપળો તિક્ત છે. પંજાબમાં તેને સર્પવિષ માટે ઉપયોગી ગણે છે. પાનનોરસ સ્કર્વી (નાવીક રક્તપિત) માટે ઉપયોગી કહેવાય છે. મૂળનીછાલ વાટી લગાડવાથી ફોલ્લો–બ્લીસ્ટર ઉઠે છે.

એની કુમળી લાકડી સીધી હોય તેનું દાતણ કરે છે દાતણમાં તેનું બ્રશ–રેશા, સરસ હોય છે.

મુસલમાનલોકો પોતાના કબ્રસ્થાનમાં તેનાં ઝાડ વાવે છે અને તેનાં દાતણ પણ તે લોકોજ કરે છે.

ખાવા માટે મીઠીજરનાં ફળ–પીલુ વપરાય છે જેનો સર્વત્ર ઉપયોગ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૩ વડ

N. O. Urticaceæ (વટાદિવર્ગ)

सं. ન્યગ્રોધ, વટ, **हिं.** બર, **म.** વડ, **बं.** વટગાછ, **ला.** Ficus Bengalensis.

વર્ણન: વડનાંઝાડ બહુજ મોટાં થાય છે, એ સર્વત્ર જોવામાં આવે છે, વડના વધુ પરિચયની ખાસ જરૂર નથી, વડના લાલ ટેટા અને વડની મીઠી છાંયાનો સૌને અનુભવ હશે. નરમ–રેતાળ અને માટીવાળી જમીનમાં વડનાં ઝાડ ખુબ ફુલે ફાલે છે, જ્યારે પથર, કુંગરાળ જમીનમાં વડનાંઝાડ ખુબ વધતાં નથી તેનાં પાન પણ અત્યંત નાનાં બની જાય છે, બીજે ખાસ કંઇ ફેર પ્રાંત ભેદે જોવામાં આવેલ નથી વડની શાખા ફેલાઇ નીચે વડવાઇ જમીનમાં જમાવી આપે છે, કાળે કરી જુના વડને જોતાં થડ ઓળખવું કઠણ થઇ પડે છે, કબીરવડ ગુજરાતમાં બહુજ મોટું કહેવાય છે, બીજી જગ્યાએ પણ વડનાં ઘણાં મોટાં ઝાડો છે, રસ્તાની બંને બાજુએ એનાં ઝાડ હોય તો ઘણુંજ સુંદર લાગે છે. વડની છાયા થાક મટાડનાર છે, હજારો માણસો એકજ ઝાડ નીચે બેસી શકે એવા મોટા ફેલાવા સાથે વડનુંજ ઝાડ હોય છે. દવામાં વડનું પંચાગ વાપરવામાં આવે છે. ખાસ કરી તેની છાલ અને દૂધ (છીર) મુખ્ય કરી વપરાય છે. વડની કુણી વડવાઇઓ દાતણ માટે ઉત્તમ છે. તેના દાતણથી હાલતા દાંત મજબુત બને છે. દવામાં તે વડવાઇનો કવાથ વપરાય છે. અભ્રકભસ્મને તેની ભાવના આપવાનો રિવાજ છે. પંચવલ્કલમાં વડ મુખ્ય છે. અને તે એક ઉત્તમ દવા છે, વડનું લાકડું પોચું હોય છે જે સુતાર કામને લાયક હોતું નથી.

ગુણ: બલકારક, ગ્રાહી છે. છાલ સ્તંભક છે, દૂધ વેદનાસ્થાપક અને વ્રણરોપણ કરનાર છે, સુકાંપાન સ્વેદ લાવનાર છે, કુમળાંપાન કફહર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્વર, દાહ, કફ, પિત્ત, યોનીદોષ, તરસ, ઉલટી, મૂર્ચ્છા, વ્રણ, રક્તપિત્ત, વિસર્પને મટાડનાર છે.

ઉપયોગ : મૂળનીછાલનો ક્વાથ પીવાથી પેશાબનું પ્રમાણ ઘટે છે, એટલે તે બહુમુત્રમાં વપરાય છે. મધુમેહના દરદીને તેનાં પાકેલાં ફળ ખાવા અપાય છે અને તે સારો લાભ કરે છે. તેનાં પાન તોડતાં કે થડમાં હથીઆરનો ઘા મારવાથી દૂધ નીકળે છે એ દૂધનાં ટીપાં પતાશામાં લઇ લેવાથી અને તે પતાશું સવારે ખાઇ લેવાથી સ્વપ્નદોષ, ધાતુનુંપાતળાપણું મટી સરસ બંધેચ થાય છે. દાંત સડે અને દુખે ત્યાં એજ દૂધનું પુંભડું ભરી રાખવાથી દરદ મટે છે. હાથપગમાં ચીરા પડે છે ત્યારે તે જગાપર એ દૂધ લગાડવામાં આવે છે.

મુખપાક, વ્રણ, વિસ્ફોટક, જખમ વગેરે ધોવા માટે વડનીછાલનો ક્વાથ ઉત્તમ ઉપાય છે, એજ ક્વાથ વડે યોનીભાગમાં પીચકારી લેવાથી પ્રદરરોગ તત્કાળ મટે છે બીજી ખાવાની દવા ગમે તે આપો પણ આ ક્વાથનો ડુશ આપવો ખુબજ લાભ કરનાર છે.

શીળી નીકળ્યા પછી તેનાં ચાઠાં પડે છે તેને ધોવા માટે આ ક્વાથ રામબાણ દવા છે. તેનાથી તે જલદી સુકાય છે તેનાવડે ધોયા બાદ તેનું ચૂર્ણ બારીક કરી વ્રણમાં છાંટવાથી વ્રણ તુરત ભરાઇ સુકાઇ જાય છે એ સર્વ કામ માટે વડનીછાલ સાથે પીપળાનીછાલ, ઉંબરા-નીછાલ, પીપળીનીછાલ અને પારસપીપળાનીછાલ એ સર્વ (પંચત્વક્) પાંચ જાતની છાલ જેને પંચવલ્કલ કહે છે તે લેવી ઠીક છે.

વ્રણમાં કીડા પડે છે તે માટે વડનું દૂધ દિવસમાં ત્રણ વખત વ્રણમાં ભરવાથી કીડા નીકળી વ્રણ રૂઝાઇ જાય છે.

ગર્ભસ્થાપન માટે : રજસ્વલા સ્ત્રી વડની કુંપળ શુકલપક્ષ અને પુષ્યનક્ષત્રમાં લાવેલ હોય તે લીલી હોય તો તેમ અથવા સુકી હોય તો ચૂર્ણરૂપે પાણી સાથે લેવાથી અવશ્ય ગર્ભધારણ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખનાં ફુલામાં વડનુંદૂધ કપુર સાથે આંજવાથી જુના વખતનું ફુલું મટી જાય છે.

રક્તપ્રદરમાં વડનાં કુંપળમાં વિધી મુજબ ઘી સિદ્ધ કરી ખાવા માટે આપવું તો લોહીવા મટે છે.

રક્તાતિસાર, અતિસારમાં વડની વડવાઇઓનું ચૂર્ણ કે કુંપળ લેવાની ખાસ ભલામણ કરેલી છે.

ઘા રૂઝવવા માટે વડની કોમળ કુંપળ વાટીને લુગદી કરી બાંધવાથી બરાબર લાભ કરે છે.

ધોળું, પીકું પ્રદર મટાડવા માટે વડની છાલનો ક્વાથ કરી તેની સાથે લોધરચૂર્ણ લેવાથી પુરતો લાભ થાય છે.

વડનાં કુમળાંપાન અને ધ્રો તાજી લાવી વાટી તેનો રસ કાઢી તેમાં મધ નાંખી લેવાથી રક્તપિત મટે છે.

૭૪ વાયવરણો

N. O. Capparideæ (વરૂણવર્ગ)

सं. વરૂણ, અશ્મરીઘ્ન, **हिं. बं.** બરૂણા–વરના, **म.** હાડવર્ણા, **ला.** Crativa religiosa.

વર્ણન: વાયવરણાનાં મોટાં ઝાડ થાય છે ૨૫ થી ૩૦ ફુટ ઉંચા હોય છે અનેક શાખાઓ હોય છે તેમાં ત્રણ ત્રણ પાનનાં દળ બિલ્વ માફક હોય છે. ફુલ ચૈત્ર વૈશાખમાં આવે છે ઝાડનો દેખાવ સુંદર લાગે છે, કર્ણાટક અને મલબાર તરફના જંગલમાં આપોઆપ ઉગે છે ગુજરાત, રાજપુતાનાં, પંજાબ વગેરે જગાએ પણ થાય છે, ઉતરમાં એને લોકો વાવે છે અને ઉછેરે છે એનાં પાનમાં ઉગ્રવાસ હોય છે લોકો પાન અને ફુલનું શાક કરી ખાય છે. ફળ કાગદીલીંબુ જેવડાં હોય છે પાકે ત્યારે લાલ હોય છે દવાના કામમાં તેનાં પાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે છાલ વધુભાગે વપરાય છે. બજારમાં ગાંધીલોકોને ત્યાં એની છાલ મળે છે. એનું ઝાડ દરેક હોસ્પીટાલના આંગણામાં હોવું જોઇએ એમ ડૉ. મુઇદીન શરીફ કહે છે કારણકે એનાં મૂળનીછાલ એટલી ગરમ છે કે વિલાયતથી આવતી રાઇ કરતાં પ્લાસ્ટર વગેરેમાં વાપરવી તે સારી છે એમ તેઓ જણાવે છે. પ્રાચીન વૈદ્યક પુસ્તકોમાં એની છાલનો ઉપયોગ થએલો જણાય છે.

ગુણ: પાચક, બલ્ય, મૃદુરેચક, પથરી હરનાર, ભૂખ લગાડનાર અને પિતનિ:સારક છે. તેનો રસ કડવો, તુરો તથા કંઇક મધુર છે. ગરમ અને મુત્રલ છે. વિદ્રધી, વાયુ, કફ, પથરી, મૂત્રકૃચ્છ્ર, ગુલ્મ, કૃમિ, હૃદયરોગ, મૂત્રાઘાત અને ઉદરશૂળ મટાડે છે.

ઉપયોગ: દવામાં વાયવરણાનીછાલ લાવી સુકવી રાખવી અને તે ક્વાથ–ચૂર્ણ વગેરેમાં વાપરવી.

પેશાબના દરદોમાં તેની સાથે ગોખરૂ મેળવી એ એનો ક્વાથ કરી આપવો ઘણોજ સરસ છે.

લીલાંપાન, મૂળનીછાલને નાળીએરનાં પાણીમાં તથા ઘીમાં મેળવીને લેવાથી સંધિવા અને મેદરોગ મટે છે.

કંઠમાળમાં વરણાનીછાલ, કાંચનારનીછાલનો ક્વાથ કરી તેમાં ગુગળ તથા મધ નાંખી આપવાથી સારો લાભ થાય છે.

વિદ્રધીમાં સાટોડી અને વરણાનીછાલનો ક્વાથ પીવો તથા ગાંઠ કે સોજાપર એ એનો લેપ કરવો.

વાયુનીપીડા માટે વરણાની સાથે સરગવાનીછાલને વાટી કાંજીમાં મેળવી ચોપડવાથી પીડા મટે છે.

હરસના દરદીને એનાં પાનનો ક્વાથ કરી એ પાણીમાં દરદીને બેસાડવાથી સારો લાભ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથરી માટે તેનો ક્વાથ કરી તેનાં ચૂર્ણ સાથે એ ક્વાથ લેવાય તો પથરી મટે છે એમ વૃંદમાં જણાવેલ છે. એ કરતાં પથરી માટે વરણાની છાલ, ગોખરૂ, સાટોડી, શુંઠ, અધેડો અને જેઠીમધનો ક્વાથ કરી તેમાં જવખાર મેળવી તે પીવો વધુ ઉત્તમ છે. વળી પેટનો-આફરો તથા ઉલટી માટે તેનાં પાનનો ફાંટ બનાવી આપે છે તે ઠીક છે, બંગાળમાં તે ઠીક વપરાય છે.

પાન વાટીને બાંધવાથી ચામડી લાલ થઇ જાય છે અને વધુ વખત રહેતાં ફોલ્લો ઉપડે છે. દશ મીનીટમાંજ ચામડી લાલ થઇ આવે છે.

એની છાલનો ક્વાથ યકૃત–પ્લીહાવૃદ્ધિ માટે ઉત્તમ અનુભવી દવા છે.

વૈદ્યક ચિકિત્સાસાર ઉતરાર્ધ પૃષ્ટ ૧૧૫ ઉપર આપેલ પાઠ વરૂણાદિકવાથ વાપરવા લાયક બનાવટ છે.

---

૭૫ એરંડો

N. O. Euphorbiaceæ (એરંડાદ્વિવર્ગ)

सं. એરંડ, **हिं.** એરંડી, **म.** એરંડી **बं.** ભેરંડા, **ला.** Ricinus Communis.

વર્ણન: એરંડો બે જાતનો છે અને તે સર્વત્ર થાય છે, નાનો અને મોટો તેમજ રાતો અને સફેદ; એ બધાનાં ઝાડ નાનાં તેમજ મોટાં બે જાતનાં હોય છે, ખેતરોમાં દરવર્ષે વાવેતર કરીને તૈયાર કરેલાં ઝાડ નાનાં બે ત્રણ હાથ ઉંચા હોય છે જ્યારે બારમાસી જેવા જુના ઝાડ મોટાં થાય છે, જંગલમાં જ્યાં બીજાં ઝાડ ન હોય ત્યાં એવાં વૃક્ષોનું બહુજ મોટું મહત્વ ગણાય છે, મોટી જાતને પારસ-એરંડો કહે છે, એમાં પાન મોટાં પાંચ અણીદાર કાપવાળા હોય છે એથીજ તેનું નામ "પંચાગુલ" પાડવામાં આવેલ છે, એરંડીનું બીજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ દિવેલી છે એમાં જે ફળ થાય છે તેને એરંડનાંખીજ કે એરંડી કહે છે તેમાં રહેલ મીંજનું તેલ નીકળે છે એ તેલને દિવેલ કે કેસ્ટરઓઇલ કહે છે એ તેલ પણ એ રીતે ગરમ કરીને તેમજ દાબીને કાઢવામાં આવે છે. ગરમ કરી દેશી રીતે કાઢેલું તેલ બાળવામાં ઉપયોગી છે, દાબીને કાઢેલું તેલ દવાના કામમાં વપરાય છે તેલનો ઉપયોગ આ જમાનામાં અનેક કામોમાં થાય છે અસલતો દીવો બાળવામાં આ તેલનો ખુબ ઉપયોગ થતો, એ જમાનામાં ચશ્મા લેવાની કોઇને જરૂર પડતી નહિ કેમકે તેનો પ્રકાશ ઠંડો ગણાય છે જુલાબ માટે દિવલતેલ પ્રસિદ્ધ છે પાન, મૂળનીછાલનો દવા તરીકે ઉપયોગ થાય છે.

ગુણ : રેચક, શોધક અને વાતહર છે. એનાં **મૂળ :** શોધક તથા સારક છે, ઘણાએક ઉકાળામાં તે વાતહર દવા તરીકે વપરાય છે. **તેલ :** સોમ્ય જુલાબ તરીકે ઠંડક આપનાર અને વાતહર તરીકે પ્રસિદ્ધ છે. **પાન :** ઠંડા અને શામક છે.

ઉપયોગ : એરંડતેલ જુલાબ માટે ઘણુંજ પ્રસિદ્ધ છે તે નિર્દોષ જુલાબ છે, બાળક, વૃદ્ધ, સુકુમાર કે સગર્ભા સ્ત્રીને પણ જુલાબ માટે આપવામાં જરાપણ વાંધો હોતો નથી તે લેવા પછી ઘણુંજ કલાક બાદ જરા નરમ અને પીળો ઝાડો એક બે વાર આવે છે તેની અસર બીજા જુલાબની માફક યકૃતપર થતી નથી પણ ગ્રહણી અને આંતરડાપર ખાસ થાય છે તે આંતરડાને સુંવાળા બનાવી સુકેલા મળને નરમ કરી બ્હાર જવામાં મદદ કરે છે તેથી તેને સ્રંસન જુલાબમાં ગણેલ છે, તેના જુલાબથી પેટમાં ચૂંક કદી આવતી નથી. તેનો સ્વાદ જરા અરૂચીકર હોય છે, તે માટે તેમાં આદુનારસનાં ટીપાં મેળવવાથી ઠીક રહે છે કેટલાક લોકો દૂધ કે ચહા સાથે પણ લે છે. બંને રીત ઠીક છે. આ જુલાબ જુની કબજીઅતવાળાને દરરોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવામાં પણ અડચણ નથી પણ ધીમે ધીમે પછી તે સારક મટી ગ્રાહી બની જાય છે અને દસ્ત કઠણ આવવા લાગે છે. રાત્રે લેવા કરતાં સવારે ખાલી પેટે આ જુલાબ લેવાનું ઠીક છે.

હંમેશની કબજીઅત હોય, પેટમાં આમની ઉત્પતિ હોય ચૂંક આવતી હોય, વાતપ્રકૃતિ હોય તેવા માટે રોટલીના લોટમાં એક બે તોલા મોણ તરીકે આ દિવેલ નાંખી તેની રોટલી બનાવી સેવન કરવાથી વધુ સારો લાભ થાય છે, રોટલી પણ સુંવાળી અને સ્વાદિષ્ટ બને છે. પેટ સાફ રહે છે, આમ મટે છે અને દવા લેવાનો કંટાળો રહેતો નથી.

આયુર્વેદમાં એરંડતેલનો તેમજ તેનાં પાનનો દવા તરીકે ખુબજ ઉપયોગ થયો છે તે ઘરગથ્થુ દવા છે. મોટા નાનાં દવાખાનામાં તે દરરોજ વપરાય છે.

સ્તન પાકે, ગાંઠો થાય, ચીરા પડે, સોજો, રતાશ કે ચેળ આવે ત્યારે દીવેલ લગાડી તેનાપર દીવેલીનાંપાન જરા ગરમ કરીને બાંધવાથી ઠંડી રીતે એ બધું મટી જાય છે, ધાવણ પણ છુટથી આવે છે, સ્તનની ગાંઠ વિખેરાઇ જાય છે.

તાવમાં જુલાબ તરીકે, મરડામાં જુલાબ સાફ લાવવા માટે, આમ કે રક્તાતિસારમાં આપવા માટે દિવેલ એક જુલાબ નહિં પણ સારી દવા છે તેનાથી એ દરદો સરળ રીતે મટે છે.

તાવમાં માથું દુખે છે ત્યારે માથે એરંડપાન બાંધે છે. દાહ પણ એથી મટે છે.

આમવાત, શૂળ, મેદરોગ, ગુલ્મમાં એના મૂળનો શુંઠ સાથે ક્વાથ કરી તેમાં સંચળ અને હિંગ નાંખી આપવાથી સારો લાભ થાય છે, મેદવૃદ્ધિ માટે એનાં પાનને બાળીને બનાવેલ એરંડક્ષાર હિંગ સાથે લેવાનું કહેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખમાં કોઇ બ્હારની ચીજ પડી હોય, આંખ ઉકેલી હોય કે રતાશ હોય ત્યારે તેનાં પોતાં આંખપર મુકવાથી કે આંખમાં દિવેલ આંજવાથી ખુબ લાભ થાય છે.

ચોટ વાગવા પછી તેનો પાટો બાંધવાથી તુરત રૂઝ આવે છે. એરંડીનાંપાન ગરમ કરી પેડુપર બાંધવાથી રૂતુ સાફ આવે છે, એરંડતેલ સાથે ગ્લીસરાઇન મેળવી આપવાથી તેની જુલાબની શક્તિ વધે છે. શૂળમાં દિવેલની સાથે આદુનોરસ આપવો ઉત્તમ છે. તેના મૂળનો ક્વાથ જુની બરલ તથા યકૃતવૃદ્ધિ મટાડે છે. પેટનાં કૃમિને દિવેલ મટાડનાર ગણાય છે.

મૂળનીછાલ ૦ા થી ૦ાા તોલો, એનો ક્વાથ ૫ તોલા, પાનનો કલ્ક તો. ૧ થી ૨, પાનનોક્ષાર ૪ થી ૮ વાલ અને તેલની ૦ાા થી ૧ ઔંસ માત્રા સમજી લેવાની છે.

વાયુરોગ માટે એરંડ ઉતમ ઉપાય છે એથીજ તેનું નામ "વાતારિ" પડેલ જણાય છે. કમરનુંદરદ, ગૃધ્રસી, પાર્શ્વશૂળ, કફશૂળ, આમવાત, સંધિશોથ એ સર્વ દરદોમાં એરંડમૂળનીછાલ, શુંઠનોક્વાથ કરી તેમાં શીલાજીત મેળવી આપવાથી સંપૂર્ણ આરામ થાય છે. ઉપરાંત તે સાથે એરંડીયું પીવા પણ આપવું અને દરદવાળી જગાપર તેનો માલીશરૂપે ઉપયોગ કરવો.

અર્શ અને ગુદામાં ચીરા પડે ત્યારે દરરોજ તેલનો ઉપયોગ ખાવા–લગાડવા માટે કરવો ઉતમ છે. તેમાં શીલાજીત સાથે પણ લેવાની ખાસ જરૂર છે,

વળી મોટા આંતરડામાં છેડાપર જ્યારે સોજો થઇ એપેન્ડી-સાઇટ્રિસ જેવું થઇ આવે છે ત્યારે કબજીઅત હોય, ઉલટી થાય પેટમાં જમણીબાજુ પેડુ તરફ દુખાવો હોય, સોજો હોય ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એરંડીયુંતેલ તરતજ અપાય તો આ દરદ મટી જાય છે અને દરદીને ઓપરેશનની જરૂર રહેતી નથી. પછી જો જરૂર પડે તો એરંડતેલ, ગરમપાણી અને તેમાં હિંગ નાખી તેની ગુદાવાટે બસ્તી આપવી. તરતજ દુખાવો મટી જશે.

હરસના સોજામાં કુંવાર અને એરંડતેલની પોટીસ બાંધવાથી આગ મટે છે સોજો ઘટી જાય છે.

એરંડતેલ બજારમાં સાફ કરેલું મળે છે જેને આપણે, કેસ્ટર-ઓઇલ, કહીએ છીએ, તેમાં પણ સ્વાદ કે વાસ વગરનું કરેલું તેલ મળે છે.

એનાંમૂળમાં જુના ચામડીનાં દરદોને મટાડવાનો ગુણ પણ રહેલો છે તે બસ્તીશૂળ મટાડી પેશાબ સાફ કરે છે.

૭૬ પારસપીપળો

N. O. Malvaceæ (કાર્પાસવર્ગ)

सं. પારિસ, **हिं.** પારસપિપલ, **म.** ભેડી, **बं.** પાકુડગાછ **ला.** Thespesia Populnea.

વર્ણન : પારસપીપળાનાં મોટાંઝાડ રેતાળ જમીન અને દરીઆ-કિનારાવાળા પ્રદેશમાં ખુબ થાય છે. ખારી જમીનમાં એકવાર ઉગ્યા પછી પાણી ન મળે છતાં તેનાં ઝાડો ખુબ મોટા થાય છે. ને ટકી રહે છે. તેની છાંયા સુંદર હોય છે તેમાં મીંઢળ જેવડાંફળ આવે છે, ફુલ પીળારંગનાં અને બે ત્રણ ઇંચ ઘેરાવા જેવડા હોય છે પાન પીપળાંને મળતાં પણ છેડે લાંબી અણીવાળાં હોય છે. આ ઝાડનો બહુ ઉપયોગ દવામાં થતો હોય એમ જોવામાં આવેલ નથી.

ગુણ : વૃષ્ય, સ્નિગ્ધ, કફહર, કૃમિનાશક કહેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : ફળને કાપતાં કે તોડતાં દૂધ નીકળે છે એ દૂધ કે ફળમાંથી નીકળતો પીળો દાહકરસ ખસ ઉપર ચોપડે છે. ઝાડનીછાલના ક્વાથનો ગડ–ગુમડાં–વ્રણને ધોવા માટે ઉપયોગ કરે છે. તાજાફળને વાટી માથાનોદુખાવો મટાડવા માટે વાપરે છે. કફ અને ખાંસી માટે એનાં મૂળને તેમજ તેની છાલને રક્તશોધક તથા પૌષ્ટિક માને છે અને તેનો ક્વાથરૂપે ઉપયોગ કરે છે.

એનાફળનાંબીજને બીજી દવાઓની સાથે મેળવી સ્ત્રીઓને ગર્ભ ધારણ કરનારી દવા માટે વાપરે છે, અને તે ગુણ ઠીક જણાય છે. પારસપીપળાનાંબીજ, જીરું, સરપુંખમૂળ એ ત્રણે સમભાગે લઈ વાટી તેમાંથી ૦।। થી ૦।। તોલો દૂધ સાથે ઋતુસ્નાતા સ્ત્રી લે તો ગર્ભધારણ થાય છે અને અવશ્ય પુત્ર ઉત્પન્ન થાય એમ જણાવેલ છે.

૭૭ શીમળો (મોચરસ)

N. O. Malvaceæ (કાર્પાસવર્ગ)

सं. शाल्मलि, मोचा, **हिं.** सेमल, सेमलमुशली, **म.** सांवर, कांटेसांमर, **बं.** शिमुल, **ला** Bombax malabaricum.

વર્ણન : શીમળાનાં મોટાં ઝાડ થાય છે તેમાં રાતો અને સફેદ એ જાત આવે છે, મુંબઇ પાસે થાણાજીલ્લામાં તે ઘણાં પ્રમાણમાં થાય છે હિંદુસ્થાનમાં તે સર્વત્ર થાય છે આખા ઝાડમાં સર્વાંગ કાંટા હોય છે એનાં ઝાડ સેંકડો વર્ષલગી ટકી રહે છે, તેનું લાકડું પાણીમાં સડતું ન હોવાથી તેની હોડીઓ બનાવે છે. દવામાં સેમળાનાંમૂળ, ગુંદ, છાલ વપરાય છે. ગુંદને મોચરસ કહે છે અને તેનાં મૂળને સેમલમુશલી કહે છે તેમાં ફુલ આવે છે ત્યારે તે ઝાડમાં પાન હોતાંજ નથી એ વખતે ઝાડ ઘણુંજ સુંદર દેખાય છે ફૂલનો રંગ લાલ અને સુંદર હોય છે, ચૈત્ર મહિને તેમાં ફળ આવે છે એ ફળને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાવીને સુકવી તેમાંથી રૂ કાઢે છે, એ રૂના ગાદલા–તકીઆ શ્રીમંતલોકો બનાવે છે. મુંબઇથી દૂર લોનાવલા તરફ ગરમીના દહાડામાં લોકો ત્યાં જાય છે, ત્યારે આ રૂની ખરીદી કરી ગાદલા બનાવી લઇ આવે છે. ત્યાં આ રૂ ગરીબ લોકો લાવી વેચી જાય છે. શેમળાનાંફુલનું શાક કરીને ખવાય છે શીમળો એક સારી દવા છે તેનો દવા તરીકે ઠીક ઉપયોગ થાય છે, મોચરસમાં ભેળસેળ થાય છે માટે ગાંધીલોકોને ત્યાંથી ખરી ચીજ સંભાળીને લેવી કેમકે દવામાં મોચરસજ વધુ વપરાય છે,

ગુણ: મોચરસ: સ્નિગ્ધ, ગ્રાહી, વૃષ્ય, કૃમિઘ્ન, પુષ્ટિકારક, ધાતુવર્ધક, વયસ્થાપક, ગુરૂ, સ્વાદુ અને રસાયન છે તે પ્રદર, રક્તપ્રદર, અતિસાર, પ્રવાહીકા અને દાહ મટાડે છે, **મૂશળીમૂળ:** મધુર, શીતળ અને મલસ્થંભક છે પિત, દાહ, શોક, સંતાપનો નાશ કરે છે. મૂત્રલ તથા વાજીકર છે. ફુલ મૃદુવિરેચક તેમજ મુત્રલ છે.

ઉપયોગ: મોચરસ ગ્રાહી, સ્થંભક અને પૌષ્ટિક દવા તરીકે પ્રસિદ્ધ છે. ધાતુપૌષ્ટિક દવાઓમાં તે ઘણા પ્રયોગોમાં વપરાય છે. કેટલીક જગાએ મોચરસને બદલે શિમલ મુશલી (મૂળ) પણ વપરાયલાં છે તે વાજીકરણ–બળવર્ધક અને સ્નેહજ ઉતેજક છે પણ તે ગ્રાહી કર્મજ કરનાર પણ છે.

અતિસાર, સંગ્રહણી, મરડો વગેરે માટે ઉત્તમ છે તેમાં મોચરસ સાથે બીજી ચીજો નાંખી અપાય છે પણ આમ–રક્તશ્રાવ માટે સારી દવા ગણાય છે.

રક્તપ્રદર યાને અત્યાર્તવ માટે મોચરસ ઘણીજ સારી દવા ગણાય છે તેનાથી જલદી શ્રાવ ઘટી જાય છે.

આમાતિસારના દરદીને શીમળાનાંમૂળની રાબ–કાંજી કરી અપાય છે અને તે ઠીક લાભ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકોનાઝાડા માટે મોચરસનુંચૂર્ણ સાકર સાથે આપી શકાય છે તેથી ઝાડો–મરડો તુરત મટે છે.

મોચરસની માત્રા ૨૦ ગ્રેન ગણાય છે. એની છાલનુંચૂર્ણ ૩૦ થી ૬૦ ગ્રેન, મૂળનુંચૂર્ણ ૨૦ ગ્રેન અપાય છે મૂળનોરસ ૩ થી ૬ ડ્રામ અપાય છે.

એનાં ફુલ, ખસખસ, સાકર સાથે દૂધમાં ઉકાળી હરસના દરદીને અપાય છે અને તેથી સારો લાભ થાય છે.

દૂધ ધવરાવતી સ્ત્રીઓને મોચરસ આપવાથી માસિકરૂતુ જલદી આવતું નથી રૂતુ બાદ તે લેવું ઠીક છે.

ક્ષયના દરદીને શેમળાના નાનાં ઝાડની બારીક મુશળી લાવી ઘી સાકર સાથે લાહુ બનાવી ખાવામાં આપવાથી ઠીક લાભ થાય છે.

શેમળનાંફુલને ઘીમાં શેકી ઉપર સિંધવ છાંટી શાક તરીકે ખાવાથી અસાધ્ય–કષ્ટસાધ્ય પ્રદરરોગ મટે છે.

બળેલી જગાપર શેમળાના રૂને બાળી તેની રાખ દબાવે છે તો તે જલદી રૂઝાઇ જાય છે.

રક્તપિતમાં શેમળાનાંફુલનુંચૂર્ણ મધમાં અપાય છે.

વીર્યવૃદ્ધિ માટે શેમળાનાંમૂળનુંચૂર્ણ દૂધ સાથે લેવાય છે.

ધાતુપુષ્ટીને માટે મોચરસ તો. ૧, સાકર તો. ૧, ગાયનાદૂધમાં લેવું. શીતળા ન આવે તે માટે શીમળાનોરસ અને ચંદન ઘસીને અપાય છે.

સ્વપ્નદોષ માટે એનાં મૂળ કે ગુંદ વપરાય છે.

પેટમાં બરોળ મોટી થઇ હોય ત્યારે એનાં ફુલને સારી પેઠે આખી રાત્રે રાખી સવારમાં રાઇ સાથે ખાવાથી બરલ મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્રણ રૂઝવવા તેની છાલ ઘસીને લગાડે છે તથા મૂંઢમાર માટે તેની છાલ વાટી–ઘસી લેપ લગાડે છે પાન પાણીમાં વાટી ગલગંડપર લેપ લગાડે છે વાળાના દરદ માટે તેની છાલ ઘસીને લગાડે છે, તથા પગમાં દાહ થતો મટાડવા છાલનુંચૂર્ણ ઘીમાં મેળવી લગાડાય છે.

ઠંડાપ્રમેહમાં તેનાં મૂળનુંચૂર્ણ વપરાય છે, ઉપદંશના વિકારો માટે પણ તેમાં મૂળનો ઉપયોગ દૂધ સાથે ૪૦ દહાડા કરવાથી સરસ લાભ થાય છે.

૭૮ બાવળ

N. O. Mimoseæ (બબ્બુલવર્ગ)

સં. બબ્બુલ, **હિં.** કીકર, બબ્બુલ. **મ.** બાભૂળ, **બં.** બાબુલાગાછ, **લા.** Acacia Arabica.

વર્ણન : બાવળનાંઝાડ સર્વત્ર થાય છે તે સુકી તેમજ કાળી જમીનમાં વધારે થાય છે સિંધપ્રાંતમાં બાવળનાંઝાડ વધારે થાય છે અને તે બહુજ મોટાં હોય છે એ પ્રાતમાં થતાં ઝાડોપર સરકારી દેખરેખ રહે છે અને ત્યાંતો ઠીક પ્રમાણમાં એનું વાવેતર અને ઉછેર કરવામાં આવે છે કારણકે લાખોરૂપીઆની પેદાશ નહેરોના કિનારા પાસેની જમીનમાંથી સરકારને સહેજમાં મળી રહે છે.

દવાના કામમાં બાવળનીછાલ, પાન, ગુંદ અને શીંગ વપરાય છે, તે સિવાય બાવળનાંદાતણ પણ સર્વત્ર પ્રસિદ્ધ છે. બાવળનુંલાકડું ખુબ વપરાય છે નાનાં–કાચાં લાકડાં બાળવામાં કે કોલસા બનાવવા માટે ખાસ ઉપયોગી છે. પાંચ–સાત વર્ષનુંઝાડ થયા પછી તેની છાલ દવાના કામ માટે વાપરવી જોઇએ. કાચી છાલમાં પરીપૂર્ણ ગુણ હોતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાવળની ઘણી જાતો થાય છે પણ અહિં આપણે તે બધાના વર્ણનની ખાસ જરૂર નથી બાવળનાંપાન ઉંટ અને બકરી ખાય છે. બાવળનીશીંગપણ ગાય બકરાં માટે ઉપયોગી ખોરાક છે. તેથી દૂધ વધારે આવે છે. બાવળનોગુંદ ઘણાં કામમાં આવે છે. પૌષ્ટિક દવાઓમાં–પાકોમાં ગુંદ વપરાય છે. છાલનો રંગના કામમાં ઉપયોગ કરે છે તેનીછાલનો દારૂના કામમાં ઉપયોગ થાય છે છાલમાં ટેનીકએસીડ ખુબ છે.

ગુણ : છાલ: ગ્રાહી છે, **ગુંદ** સ્નિગ્ધ અને શીતલ તેમજ પૌષ્ટિક છે. **ફલી** ગ્રાહી, ખાંસી, રક્તાતિસાર અને પ્રદર મટાડે છે.

ઉપયોગ : બાવળનીછાલનો ક્વાથ કરી વ્રણ ધોવાથી તે સાફ થઇ જલદી અંકુર આવી રૂઝાવા લાગે છે. મુખપાકમાં એજ ક્વાથનાં કોગળા કરવાથી મોઢાની ચાંદી મટે છે. આમણ બહાર નીકળતી હોય તેને એ ક્વાથ ધોવાથી ગુદભ્રંશ નામક વ્યાધિ મટે છે. પ્રદર, શ્વેતપ્રદર માટે બાવળનાક્વાથથી હુશ લેવાય તો જલદી એ રોગ મટી જાય છે. દાંત હાલતા હોય તો એના ક્વા થ થી કો ગ ળા કરવા જોઇએ.

બાવળનાંપાન ચાવી થુંક ફેંકી દેવી. એક એ કલાક એવીરીતે મોઢામાં લીલાંપાન રાખવામાં આવે તો મુખપાક મટે છે. પાનને આઠગણા પાણીમાં ઉકાળી પછી ચોથોભાગ રહે ઉતારી ગાળી પછી ફરી જરા ઘટ્ટ કરી તેમાં મધ મેળવી રાખી લેવું. આ દવા આંખમાં આંજવાથી ઝાંખ અને ગરમી મટે છે. ગર્ભવંતી સ્ત્રી નવમાસલગી દરરોજ થોડાં થોડાં તાજાંપાન ચાવે તો તેનાં બચ્ચાં જોરાં થાય છે.

બાવળનીફલીને પૈડા કહે છે તેનુંચૂર્ણ કરી મધમાં ખાવા અપાય છે તેથી ભાંગેલું હાડ સંધાઇ જાય છે. પૈડાનું અચાર–અથાણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બનાવે છે. એના ચૂર્ણની પોટલી બનાવી યોનીમાં રાખવાથી ઉત્તમ સંકોચન થઇ પ્રદર વગેરે મટે છે–બળ વધે છે.

પૈડાનારસમાં ઉત્તમ શુદ્ધ બારીક લોહચૂર્ણને ૪૦ દહાડા બરલમાં ઘુંટી રોજ તડકે સુકવી આપવું આ પ્રમાણે તૈયાર કરતાં ઉત્તમ લોહભસ્મ બને છે આ લોહ ગ્રાહી અને બલ્ય છે અને તે ૪૦ વાસા સુવાવડીના થયા બાદ કંઇ ઉપદ્રવ ઝાડા વગેરે થાય તો તેને મટાડે છે. આ ભસ્મ બલ્વમાંજ બને છે, વારીતર પણ થાય છે તેને આંચ આપવાની જરૂર રહેતી નથી, તાજા પૈડા લાવી કુટી તેનો રસ કાઢી તેમાં આ ભસ્મ બનાવવાની છે.

બાવળનીછાલના કોગળાથી બાંસી–ગળાનાં દરદો મટે છે. બાવળનોગુંદ ચૂસવાથી બાંસી મુખપાક મટે છે, બાંસીની દવાઓમાં બાવળનીછાલના ક્વાથની ભાવના અપાય છે અને ગુંદ પણ વપરાય છે તે બરાબર છે. કારણકે ગળાના વરમને મટાડનાર ગ્રાહી છે.

બાવળનાંકુણાપાન તો. ૦॥ થી ૧ વાટી બાઇ જવાથી ગોનોરીઆમાં સારો લાભ થાય છે. જુના પ્રમેહમાં બાવળનાંપાન વાટી દૂધ સાથે ૧૫ દહાડા લેવાં જોઇએ. ગરમીનીચાંદીને માટે લીંબડાનાપાનથી ધોઇ તેના પર બાવળનાં કુમળા પાનનું બારીક ચૂર્ણ ભભરાવી પટી બાંધવી તો તે રૂઝાઇ મટી જાય છે.

દાંતનાં પેઢાં ફુલે છે, પીડા થાય છે, લાળ પડે છે, મોઢું બાવે છે, એ સર્વ હાલતમાં એની છાલનો ક્વાથ કરી કોગળા કરવા તેથી મોઢું સરસ થઇ બાવે છે, યાને મોં બાવેલું હોય તે બંધ પડે છે.

દંતમંજનમાં બાવળનાંપાન ઉત્તમ ગણાય છે.

ગુંદ, સાકર અને સફેદચંદન એ સર્વેને વાટી દૂધમાં મેળવી લેવાથી અત્યંતશ્રાવ તથા દાહ થતી હોય તથા પ્રદર વગેરે સ્ત્રીરોગ હોય તે મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાવળનાં દાતણ આપણા દેશમાં ખુબજ પ્રસિદ્ધ છે અને તેથી દાંતનું સરસ રક્ષણ થાય છે, ઉત્તમ મુખશુદ્ધિ એથી થાય છે.

પૌષ્ટિક દવાઓમાં ગુંદનો ઉપયોગ સરસ ગણાય છે, સુવાવડીને ગુંદરપાક–શુંઠીપાક અપાય છે જેમાં ગુંદ મુખ્ય હોય છે અને તે ખુબ લાભ કરનાર છે.

ગુંદની માત્રા: ૦॥ થી ૧ તોલો, ચૂર્ણની માત્રા: ૩૦ થી ૬૦ ગ્રેન છે.

એની મુખ્ય બનાવટો: (૧) બબ્બુલારિષ્ટ પૃષ્ટ ૨૩૦ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ અને (૨) બબ્બુલાદિ અંજન પૃષ્ટ ૧૮૫ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે.

૭૯ રક્તરોહીડો

N. O. Bignoniaceæ (પાટલાદિવર્ગ)

સં. રોહિતક, **હિં.** રોહેડા, **મ.** રગતરોહિડા, **બં.** રોડા, **લા.** Tecoma undulata.

વર્ણન: રગતરોહીડાનાં ઝાડ મોટાં થાય છે, કેટલીક જગાએ તે ૧૦ થી ૧૫ ફુટ જેટલાંજ મોટાં હોય છે, એમાં સીધી અને જાડી શાખાઓ થોડી પરંતુ ઝીણી શાખાઓ ઘણી હોય છે. એનું લાકડું અનેક કામમાં વપરાય છે. સુંદર કેસરીઆ રંગનાં ફુલ શિયાળામાં એ ઝાડને ખુબજ શોભાયમાન બનાવે છે. કચ્છ, મારવાડ, સિંધ અને બીજી બાજુએ એનાં ઝાડ થાય છે. આ વગડાઉ વૃક્ષ છે, પોતાની મેળે થાય છે, જો તેનું રીતસર વાવેતર કરવામાં આવે તો તે ઘણુંજ ઉપયોગી અને સુંદર ઝાડ છે.

કચ્છમાં આ લેખના લેખકે પોતાનાં મૂળવતન મંગવાણા ગામ પાસે નનામા ડુંગરમાં એનાં ઝાડ પ્રથમજ જોએલાં, એ વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાં ઝાડ ફુલોથી સુંદર શોભાયમાન થઇ રહેલ હતાં અને કાળા, સુકા ડુંગરમાં એની સુંદરતા કુદરત તરફ નવોજ ભાવ ઉત્પન્ન કરતી હતી. એ પછીતો કરાચીનાં જંગલોમાં તેમજ રાજપુતાનામાં એનાં વૃક્ષો જોવાની તક મળેલી હતી. એકંદરે તેનાં સારાં અને પુષ્ટ ઝાડ મારવાડમાં ખુબ થાય છે અને દવા માટે તેની છાલ ત્યાંથીજ મંગાવવી વધારે ઠીક છે. દવામાં તેની તાજી અને પુષ્ટ છાલ વાપરવી જોઇએ. બન્નરમાં ગાંધીને ત્યાં એની છાલ મળે છે. વૈદ્યોમાં હજી રોહીડા માટે મતભેદ છે બંગાલમાં કે બીજે કયાં બીજીજ જાતને રગતરોહીડો માને છે જે બરાબર નથી.

ગુણ: રસાયન, ગ્રાહી, બલ્ય છે, રક્તસંગ્રાહક અને ભાંગેલા હાડને સાંધનાર તેમજ બરલ મટાડનાર છે, વળી તે તીખો, તુરો, સ્નિગ્ધ અને શીતળ છે. કૃમિ, વ્રણ, નેત્રવિકાર મટાડે છે.

ઉપયોગ: રોહીડાનીછાલનો કવાથ રંગે જોતાં લાલ લોહી જેવો હોય છે, તેને પીવાથી પેટમાંનાં દરદો યકૃત કે પ્લીહાના વિકારો મટે છે તે રક્તશોધક છે, તથા રક્તવર્ધક પણ છે, ગ્રાહી ગુણ તેમાં સાધારણ છે, **કફ પિત પ્રમેહમાં** તેનો કવાથ વાપરવાની ચરકમાં ભલામણ કરેલી છે. કમળો, બરલ અને હરસ તથા ઉદરરોગમાં તેનો કવાથ પીવાની ભલામણ કરેલી છે કુષ્ટમાં તેનો કવાથ પીવાની તેમજ તે વડે સ્નાન કરવાની ભલામણ કરેલી છે કેમકે તે રક્તશોધક અને જંતુઘ્ન પણ છે. સફેદપ્રદરમાં તેની મૂળની છાલનું ચુર્ણ ખાવાની ભલામણ કરેલી છે.

છાતીના દુખાવાપર એનું ચુર્ણ ઘીમાં ચાટવાની ભલામણ કરેલી છે. એવીજ રીતે ચોટ વાગવાથી માર પડવાથી જો લોહી ગંઠાઇ ગયું હોય તો લેવાથી સારો લાભ થાય છે, બાફીને છાલનો લેપ પણ મુંઢમાર પર કરી શકાય છે, કેમકે તે ખાવાથી તેમજ લગાડવાથી હાડકાંને સાંધનાર તરીકે ઉત્તમ કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉ. કે. સી. ઓઝ અને ડૉ. વામન ગણેશ દેશાઇ જેને રગત-રોહીડો કહે છે તે જુદીજ વનસ્પતિ છે જો કે રાતા તેમજ સફેદ એ જાતનાં ફુલોને લઇને તેની એ જાત ગણાય છે, પણ આતો તેનો જુદોજ પ્રકાર કહેવાય પણ એ એમની ભૂલ હોય તેમ જણાય છે ખરો અહિં લખેલ પ્રકાર છે અને તેજ બરાબર છે. જેને શંકા હોય તે ભલે પરિક્ષા કરી અનુભવ કરી જુએ.

રોહીડાની છાલને તલના તેલમાં નાંખી તેનો ચુવો કાઢી એ ચુવાને થોડાક બીજા તેલ સાથે મેળવી લગાડવાથી ખસ-ખુજલી કે સુકી ખસ મટે છે.

કમળો, યકૃતવિકાર, બરલ અને પાંડુરોગમાં તેનો ક્વાથ ઉપકારક ગણાય છે, તેનો આસવ બને છે જેને રોહિતારિષ્ટ કહે છે તે પણ એજ દરદોમાં અપાય છે. હરસ, સોજા, હૃદયરોગ અને ગુલ્મમાં પણ એ આસવ સરસ ગણાય છે બીજી દવા રોહીતકલોહ બને છે જે પાંડુ, સોજા, બરલ અને યકૃતવિકારો માટે ઉપયોગી છે.

કેટલીક જગ્યાએ સીરીલીશમાં એની કુમળી છાલનો ક્વાથ આપે છે, સિંધમાં આપવાનું જણાવેલ છે પણ હજી તે મારા જાણવામાં આવેલ નથી.

રોહીતકઅવલેહ નામની એક બનાવટ કે જેનો ઉપયોગ બરલ-મંદાગ્નિ અને યકૃતરોગમાં કરવામાં આવે છે તે પણ સારી દવા છે.

નીચે પ્રમાણે એની બનાવટો બને છે જોવા ઇચ્છનારાઓએ તે તે ગ્રન્થમાં જોઇ લેવી.

(૧) રોહિતારિષ્ટ પૃષ્ટ ૨૩૬ વૈદ્યક ચિકિત્સાર પૂર્વાર્ધમાં છે (૨) રોહિતકલોહ પૃષ્ટ ૪૬, (૩) રોહિતકાવલેહ પૃષ્ટ ૧૭૦ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે.

———

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૦ ગરણી

N. O. Papilionaceæ (અપરાજિતાવર્ગ)

सं. गिरिकर्णिका, **हिं.** अपराजित, **म** કાજળી, ગોકર્ણી, **बं.** અપરાજીતા, **ला.** Clitoria terneata.

વર્ણન: ગરણીનાવેલા સર્વત્ર થાય છે તે પ્રસિદ્ધ છે, વાડને આશરે તેનાં વેલા ઘણા વર્ષો લગી ટકી રહે છે, તેમાં કાળી અને ધોળી એ જાત છે. ગાયના કાનના આકાર જેવા સફેદ અને કાળાં ફુલ થાય છે તેમાં લાંબી શીંગ થાય છે એ શીંગમાં બીજ હોય છે. દવાના કામમાં એનાં મૂળ, બીજ અને પાન વપરાય છે. કાળી જાત કરતાં સફેદ જાત ગુણમાં ઉંચી ગણાય છે. ફુલ દેખાવમાં સુંદર હોય છે પણ તેમાં કોઇ જાતની વાસ હોતી નથી.. ફુલ પુજાના કામમાં વપરાય છે.

ગુણ: ભેદન, સ્નિગ્ધ, મુત્રલ, બુદ્ધિપ્રદ, સારક અને વિષનાશક છે. મૂળ અને બીજમાં ગુણ મળતાજ છે પરંતુ વધારે ભાગે મૂળ વાપરવાનો રિવાજ છે.

ઉપયોગ: ગરણીનાં બીજને શેકીને દવાના કામમાં વાપરે છે. નાનાં બાળકો માટે તે "ઉત્તમ જુલાબ" ગણાય છે. ગામડાનાલોકો ગરણીનાંબીજ ચોમાસામાં ખેતરોની વાડપર વેલા સુકાય ત્યારે લાવી રાખે છે, એ બીજને જરા શેકી વાટી ગોળના પાણીમાં બાળકને આપે છે તેથી સરસ એક બે ઝાડા આવે છે, ૪ થી ૬ બીજ આપે છે. એવીજ રીતે એનું તાજું મૂળ લાવી તેને સાફ કરી દાતણ માફક ચાવી જવું, થુંક ગળી જવી. તો બે ત્રણ કલાક પછી સરસ જુલાબ લાગી બે ત્રણ પેટ આવે છે, તેનાથી કેટલાકને મોળ આવે છે પણ ઉલટી થતી નથી. ગામડાનાલોકો માટે સરસ જુલાબ છે. ગરણીનાં-શેકેલાંબીજ ૫ ભાગ, શુંઠ ૧ ભાગ, સિંધવ ૯ ભાગ ચૂર્ણ કરી બંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાટલીમાં રાખવું. ૩૦ રતીભાર ચૂર્ણ પાણી સાથે લેવાથી સરસ જુલાબ આવે છે, વધુ પ્રમાણમાં ગરણીનાં બીજ કે મૂળ લેવાથી પેટમાં આંકડી આવે છે, અંગ્રેજીમાં જલપ નામની જુલાબની દવા આવે છે તેને મળતીજ આ વનસ્પતિ છે. પણ જો એની સાથે શુંઠ લેવાય તો પેટમાં ચૂંક આવતી નથી.

ગરણી, ભેદન–જુલાબ લાવનાર છે તેની સાથે તે મુત્રલ પણ છે તેથી તે પેટમાં જમા થએલ દોષો, ઉદરરોગ, બરલ, લીવર, મુત્રદોષ પણ મટાડવા માટે વપરાય છે, પેશાબ વધે છે, દસ્ત સાફ આવે છે અને સોજા મટાડે છે.

કફવિકાર, આમવાત, સોજો, ફેફસાંનોસોજો, મુત્રદોષ, કુષ્ટ, વ્રણ, વિષ વગેરે માટે આ દવા વાપરવાલાયક છે.

સોજામાં તેનું મૂળ ઘસીને પીવા આપે છે એવીજ રીતે હાથીપગામાં તેનું મૂળ ઘસીને લગાડે છે.

બાળક ભરાયું હોય, વરાધનાં લક્ષણો જણાતાં હોય ત્યારે તેનાં બીજને શેકીને આપતાં તુરત લાભ કરે છે.

કટીપ્રદેશ ઉપર તેનું મૂળ બાંધી રાખવાથી ગર્ભપાતની બીક રહેતી નથી એમ વૈદ્યમનોરમામાં જણાવેલ છે.

એનાં મૂળ ઘસીને તેનો લેપ સફેદ કોઢમાં એક બે માસ લગી કરવાથી કુષ્ટનાં ડાઘા મટે છે, સર્પવિષમાં તેનું મૂળ ઘસીને પીવા અપાય છે, તેવીજ રીતે ગલગંડ અને અપચીમાં તેનું મૂળ ઘસીને લગાડવા તથા પીવાનું જણાવેલ છે. ગરણીનાપાનનારસમાં **ગર્ભપાળરસને** ઘુંટીને તૈયાર કરવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૧ કપાસ

N. O. Malvaceæ (કપાસવર્ગ)

સં. કાર્પાસ, **હિં.** કપાસ, **મ.** કાપુસ, **બં.** કાર્પાસ, **લા.** Gossypiumer Herbaceum.

વર્ણન : કપાસની આપણા દેશમાં મોટી પેદાશ છે, તેનું હજારો માઇલના વિસ્તારમાં વાવેતર થાય છે અને લાખો મણ કપાસ પેદા થઇ પરદેશ જાય છે, કપાસનું સુતર બને છે, પછી તેનું કાપડ બને છે જે અનેક રીતે ઉપયોગમાં આવે છે. દવામાં કપાસનાંમૂળ, ફળ, ફુલ, પાન વગેરે વપરાય છે, કપાસનાંબીજને કપાસીઆ કહે છે. તે જનાવરોને પૌષ્ટિક ખોરાક તરીકે અપાય છે. તેનું તેલ બને છે જે લોકો ઘીની જગાએ વાપરે છે, કપાસીઆ દવા તરીકે પણ વપરાય છે. કપાસમાં પણ બે જાત છે હીરવરણીકપાસ ઉંચી જાતનો હોય છે અમેરીકન કપાસ, ઇજીપશીયન કપાસ એમ પણ ભેદ છે. દવામાં કોઇપણ હોય તે વાપરી શકાય છે. પ્રાચીન વખતથી દવામાં એનો ઉપયોગ થએલો છે.

ગુણ : મધુર, શીતળ, સ્તન્યવર્ધક, સ્નેહજ ગરમ, બળકર, તુરો અને લઘુ છે. **કપાસીઆ :** ધાવણ વધારનાર છે, કફ છુટો પાડે છે, તેમજ પૌષ્ટિક છે. **મૂળનીછાલ :** ગર્ભાશયને ઉતેજક છે ઋતુ વધારનાર છે, તેનાથી ગર્ભાશયનો સંકોચ થઇ રક્તશ્રાવ બંધ પડે છે. લગભગ તે અરગટને મળતીજ અસર ગણાય. કુમળાપાન સ્નેહન તેમજ મુત્રલ ગણાય છે. ૩. (કપાસ) ઉષ્ણ, મધુર અને વાતનાશક કહેલ છે.

ઉપયોગ : પુત્રની ઇચ્છાવાળી સ્ત્રીને કપાસનાં કુમળામૂળ સાત દહાડાલગી દૂધમાં ઉકાળીને પુષ્ય નક્ષત્રમાં પીવાની ભલામણ કરેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાવણ વધારવા માટે કપાસનું તેમજ શેરડીનુંમૂળ લાવી કાંજીમાં વાટીને પીવાનું જણાવેલ છે.

ગાયોને દૂધ–ઘી વધારવા માટે (દૂધાળાં ઢોરને) કપાસીઆ આપવાનો રિવાજ છે. તેવીજ રીતે ધાવણ વધારવા માટે કપાસીઆનાં-મીંજવાળી દવા અપાય છે, "લેકટેગૉલ" નામક અંગ્રેજી બનાવટમાં કપાસીઆનો કંઇક સબંધ હોય તેમ કહેવાય છે તે ધાવણ વધારનાર છે ને લેવામાં સરળ છે.

કપાસીઆનાંમૂળનીછાલનો ક્વાથ લેવાથી ઋતુશ્રાવ સાફ આવે છે. કેટલાકલોકો તેને ગર્ભપાત માટે પણ વાપરતા જણાય છે. ૧૦ તોલા છાલનો પાણી તોલા ૧૦૦ માં ક્વાથ કરી ૫૦ તોલા પાણી રહે ઉતારી રાખવું અને અરધા અરધા કલાકે તેમાંથી પાંચ પાંચ તોલા આપવું તેથી ઋતુ સાફ આવે છે.

અરગટ માત્ર પ્રસવ વખતેજ ગર્ભાશયનો સંકોચ કરવા અપાય છે. જ્યારે આ કપાસનાંમૂળનીછાલ તો ગમે ત્યારે સંકોચ કરવા અપાય છે અને તેથી ખરાબ અસર જણાતી નથી.

કપાસીઆનું તેલ વાતરોગમાં ચોળવા માટે અપાય છે.

એલચી, હળદર, જીરૂં, સિંધવ એને વાટી કપાસીઆનાતેલમાં મેળવી ચોથા દહાડે યોનીમાં પોટલી કરીને રાખવી તો ઋતુ સાફ આવે અને ગર્ભધારણ થાય છે.

વીંછી અને સર્પવિષ માટે પણ કપાસનાંપાનનોરસ વપરાય છે, કંઠમાળ માટે મૂળનો લેપ કરવામાં આવે છે. કપાસનાંબીજ (મીંજ) તો. ૧, જીરૂં તો. ૦॥, વરેઆરી તો. ૦॥ લઇ બધાને ખરલમાં નાંખી પાણીમાં ઘુંટવું પછી તેને કપડે ગાળી તેમાં ૧૫ રતી વંસલોચન મેળવીને આપવું તો પ્રમેહ અને કફનાં દરદો મટે છે. એનાં મીંજની-રાબડી સુવાવડીને બનાવીને અપાય છે તેથી ધાવણ વધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફુલને વાટીને દાઝેલા ભાગપર લગાડવાથી ઠંડક આવી રૂઝ આવે છે. ફુલનો અર્ક કે કવાથ બનાવી તેનું શરબત બનાવે છે. આ શરબત પીવાથી મગજની શીથીલતાને લઇ આવેલું ઉદાસીનપણું મટે છે. જડતા ઓછી થાય છે.

કપાસને બાળી તેની રાખ બનાવી જખમમાં ભરવાથી રૂઝાઇ જાય છે. ઘાવ સડવા પામતો નથી રક્તશ્રાવ બંધ પડે છે.

સુવાવડ થઇ ગયા બાદ ઓર–મેલ વગેરે પડી ગયા પછી તરતજ એનાં મૂળનીછાલનોકવાથ ઉપર બતાવેલ છે તે પ્રમાણે બનાવીને આપવાથી કોઇપણ જાતનો ઉપદ્રવ, તાવ, શૂળ વગેરે થવાજ પામતું નથી અને તુરતજ ગર્ભાશયનું સંકોચ થાય છે પણ મેલું લોહી જવા બાદ આ ઉપાય કરવો. જો કે ગર્ભાશયનો સંકોચ કરવા માટે બીજી પણ અજમોદ, હિંગ, પીપરીમૂળ, તજ, હરમર, તલ વગેરે ચીજો અપાય છે તે સર્વ કરતાં આ શ્રેષ્ટ છે, ચિત્રક પણ એના જેવીજ છે પણ તે વધુ જલદ–દાહકારક છે માટે તે વાપરવી નહિં. કપાસનાંમૂળ કપાસનોપાક ઉતરી ગયા બાદ ઝાડ ઉખેડી મૂકે ત્યારે મંગાવી છાલ ઉતારી સુકવી રાખવી અને દવા માટે વાપરવી.

૮૨ આકડો

N. O. Asclepiadeæ (અર્કાદિવર્ગ)

सं. અર્ક, **हिं.** આક, મદાર. **म.** રૂઇ, **बं.** આકન્દ, અકવન. **ला.** Calotropis Procera or Calotropis Gigantea.

વર્ણન: આકડાનાંઝાડ પ્રસિદ્ધ છે, અને તે સર્વત્ર થાય છે. ભાવિક હિંદુજનતા શનીવારે તેનાં ફુલની માળા બનાવી હનુમાનજીપર તેલની સાથે ચડાવે છે પણ તે શા માટે ચડાવે છે એ કોઇ જાણતું હોય તેમ જણાતું નથી, આકડામાં રાતા અને સફેદ બે જાતનાં ફુલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતાં હોવાથી તેનાં બે પ્રકાર ગણાય છે, બ્રળી નાની અને મોટી જાત એમ પણ બે પ્રકાર ગણાવેલા છે. સફેદ આકડો મળવો જરા મુશ્કેલ હોય છે, કેમકે તે બહુજ થોડા પ્રમાણમાં થાય છે. તાંત્રીક કામોમાં તેની ઉપયોગીતા ઘણીજ સારી ગણાય છે. યતી–મહાત્માઓ તેનું રક્ષણ કરી તેમાંથી લાભ મેળવે છે એવું કેટલાક માને છે. રેતાળ જમીનમાં આકડાનાંઝાડ જંગલોમાં પોતાની મેળે ઉગે છે. સિંધ, મારવાડ, થરપારકર, કચ્છ, ગુજરાત, કાઠીયાવાડ વગેરેમાં આકડાની મોટી પેદાશ થાય છે. દવામાં તે એક સરસ ઉપયોગી ઔષધ ગણાય છે. સામાન્ય માણસો અને વૈદ્યો તેને વાપરે છે તેનાં પાન, મૂળનીછાલ, તેનાં ફુલ અને દૂધ એ બધી ચીજો દવા માટે ખાસ ઉપયોગી છે. તેનાં મૂળ ઉનાળામાં જેઠ માસમાં ઝાડને બોદો મૂળ લાવી ધોઇ સુકવી ૨૪ કલાક બાદ તે મૂળનીછાલ ઉતારી સુકવીને ડબ્બામાં ભરી રાખવી. અથવા છાલને ઉપરથી જરા ચાકુ વડે ખુરચી લઇ બારીક વાટી ચૂર્ણ કરી બંધ બાટલીમાં રાખી લેવું એ એક વર્ષ લગી બરાબર કામ આપે છે. આકડાનાંપાન મોટાં વડ જેવડાં હોય છે તેને તોડતાં દૂધ નીકળે છે. દૂધ દવામાં ભસ્મો બનાવવાનાં કામમાં ખુબ ઉપયોગી છે. દૂધ લેવા માટે પ્રભાતે કે પાછલી રાત્રે લેવા જવું તો દૂધ ખુબ મળી શકે છે. સૂર્ય ઉગવા પછી પાન તોડતાં દૂધ પુરતું મળતું નથી. દૂધ લેવા માટે જે કાંઇ વાસણ હોય તેમાં મીઠું થોડુક નાખી દેવાની જરૂર છે અને આ એક રિવાજ છે એનો અર્થ એમ છે કે જો તેમાં મીઠું નાંખેલ હશે તો દૂધ બગડવા પામતું નથી. બીજીવાત એમ છે કે અર્કદુગ્ધ દાહક છે. ચામડીપર લાગતાં ચામડીને લાલ બનાવે છે પણ જો તેમાં સહેજ મીઠું નાખેલ હોય તો તે અવગુણ નીકળી જાય છે.

આકડાની કુમળી ડાળીનું દાતણ કરવાની ભલામણ કરેલી છે. એનાં દાતણથી કેટલાક દંતરોગ પણ મટે છે. ચોમાસામાં આકડાનાંપાન ઘણાંજ મોટાં અને પુષ્ટ હોય છે. દવા માટે એ પાનને શેકીને પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટી લેવા બાદ તેનો સ્વરસ કાઢે છે તે દવા માટે વપરાય છે, આકડાનાં પાન પેટપર શેકીને બાંધે છે, પીળાં પાકેલાં પાન દવામાં ઘણી જગ્યાએ વપરાય છે.

ગુણ : મુળનીછાલ, ફુલ, પાન અને દૂધ દરેકનાં ગુણ જુદાં જુદાં જોવામાં આવે છે છતાં આકડો પોતે સારક, ગરમ અને શોધક છે. તેની હૃદયપર સારી અસર થાય છે. **મૂળનીછાલ :** રસાયન, બળકારક, કફઘ્ન, આક્ષેપનિવારક છે. સ્વેદલ પણ છે વધુ લેવાથી ઉલટી કરાવે છે. **ફુલ :** બલકારક, પાચક અને શ્વાસ–ખાંસી માટે ઉત્તમ છે. **દૂધ :** લગાડવાથી દાહક, ફોલ્લો ઉપાડનાર છે, પીડા મટાડે છે બાવાથી ઝેરી અસર કરી ઝાડા–ઉલટી કરાવે છે.

ઉપયોગ : મૂળનીછાલનુંચૂર્ણ બાવામાં દવા તરીકે વધારે ભાગે ઠીક રહે છે તે સ્વેદલ, શ્વાસહર, ગરમ, ઉલટી કરાવનાર, ફીરંગ (ઉપદંશ) મટાડનાર છે. તીખું, ઉષ્ણ, કડવું, દિપન, પાચન, પિતનો-સ્રાવ કરાવનાર, કફઘ્ન, વામક, સંકોચ વિકાસ પ્રતિબંધક, રસગ્રન્થીઓને તથા ત્વચાને ઉતેજક છે, જીવન વિનિમય ક્રિયાને ઉતેજક, બલ્ય તેમજ રસાયન છે. નાની માત્રામાં આમાશયને પ્રત્યક્ષ ઉતેજક છે, જેથી આમરસ ઠીક પેદા કરી વહન કરે છે. મોટી માત્રામાં આમા-શયમાં દાહ ઉત્પન્ન કરે છે, ઉલટી કરાવે છે અને સ્વેદલ પણ જણાય છે. અર્કનો શોધન ગુણ પારદ બરાબર કહેવાય છે, પિતનો સ્રાવ કરીને યકૃતની ક્રિયાને સુધારે છે. જુદી જુદી ગ્રન્થીઓને ઉતેજન મળવાથી રસ સારી પેઠે બનવા લાગે છે અને બધી જીવન વિનિમય ક્રિયા બરાબર થાય છે. એથી કરી શરીરને પુષ્ટી મળે છે, બળ વધે છે, અને એને લઇ તેને રસાયન કહે છે.

બરલ, યકૃતનું મોટું થવું, આંતરડાનાં તેમજ પેટનાં દરદોમાં તેનો ઉપયોગ કરવાથી સારો લાભ જણાય છે. અતિસાર, જુનોમરડો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઉદરસ્થ દરદોમાં આ દવા આઇપીકાકયુઆનાની જેમ સારી અસર કરી આપે છે.

અર્કમુલનીછાલની માત્રા ૧ થી ૩ ગુંજ છે, પણ ઉલટી માટે તેની માત્રા ૧૫ થી ૩૦ ગુંજ અપાય છે.

એનાં કુલ દિપન, પાચન, કફઘ્ન છે, ખાંસી, શ્વાસમાં તે વધારે ઉપયોગી છે, સુકીખાંસી, દમ, કફ અને રક્તપિત કે ક્ષયને પણ તે મટાડે છે, નીચેની બનાવટ તે કામ માટે ઠીક જણાય છે.

આકડાનાંકુલનીમીંજ તોલા ૪, સિંધવ તો. ૪, અરીણુ તો. ૧, અજમો તો. ૧૬ બધાનું બારીકચૂર્ણ કરી અરીણુના પાણીમાં ઘુંટી ચણા પ્રમાણે ગોળી કરવી. આ ગોળી લેવાથી ઉપર કહેલાં દરદો મટે છે. શ્વાસ માટે સારી દવા છે.

વાયુનો સોજો હોય ત્યાં એનાં પાન ઉપર જુનું ઘી લગાડી ગરમ કરી બાંધે છે તો તે પીડા અને સોજો મટાડે છે. સોજા-વાળાસ્થાન માટે તેનાં મૂળને કાંજીમાં વાટીને લેપ કરવાથી સારો લાભ કરે છે.

આકડાનાંપાનનો સ્વરસ તોલા ૧૬, સરસવતેલ તો. ૮, હળદરચૂર્ણ તો. ૧ બધાને પકાવી તેલ કરી લેવું. આ તેલ લગાડવાથી ચામડીનાં દરદ–ખરજવું મટે છે.

પાનને સુકવીને કરેલું બારીક ચૂર્ણ જખમમાં છાંટવાથી જખમ સાફ થઇ જલદી રૂઝાઇ જાય છે.

મધ સાથે તેનાં પાનનોરસ પાંચ ટીપાં મેળવી લેવાથી બરલ અને તે સાથે રહેતો તાવ પણ મટી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળનુંચૂર્ણ કે તેનો ફાંટ નાની માત્રામાં દિવસમાં ત્રણ–ચાર વાર લેવાથી થોડા દહાડામાં ઉપદંશ મટે છે.

આકડાનામૂળનીછાલનુંચૂર્ણ તો. ૧, ધતુરાનાંપાનનુંચૂર્ણ વાલ ૫, સાકર તો. ૧। બધાને વાટી પાણીમાં ઘુંટી લઇ રતીભારની ગોળી કરી લેવી. પ્રથમ દિવેલનો જુલાબ આપી પછી આ દવા શરૂ કરવી. મોટી ઉમર માટે ત્રણ ગોળી નાની ઉમર માટે એકથી બે ગોળી અપાય છે, સવારે દવાની ગોળી ખાઇ ઉપર થોડાક ચણાં ખાઇ જવા, ત્રણ કલાક લગી પાણી ન પીવું જેથી દવા પચી જાય અને ઉલટી ન થાય. ત્રણ કલાક પછી ખોરાક કે પાણી લઇ શકાય છે. આ પ્રમાણે ૪૦ દહાડા દવા લેવાથી હડકાયું કુતરૂં, બીલાડું, શિયાળ કે વરૂ કરડેલ હશે તેની અસરથી જે હડકવાનોરોગ થવા સંભવ છે તે થવા પામતો નથી. હડકવાની આ રામબાણ દવા છે, એ સિવાય તાણ, ધનુર્વા, મરડો, આંચકી, ખાંસી, દમ, હેડકી, ત્વકરોગ, ગરમીનોરોગ, કુષ્ટ, શીળસ વગેરે બિમારી પણ મટે છે.

આ દવા લેવા છતાં પણ જો હડકવા ઉપડી આવે તો આકડાનાંપાનનોરસ તો. ૧, ધતુરાનાંપાનનોરસ વાલ ૪, તલનુંતેલ તો. ૨।। લઇ એકઠું કરી પાઇ દેવું. બીજા અને ત્રીજા દીવસે દવા અરધી કરીને આપવી તો મટી જશે. આ ઉપાય જંગલની જડીબુટ્ટીમાં જણાવેલ છે અને તે બરાબર જણાય છે.

દવામાં ભસ્મોની બનાવટ માટે અર્કદુગ્ધ ખુબ વપરાય છે, ધાન્યાભ્રક કરવા પછી એકલા અર્કદુગ્ધની કે તે જો ન મળે તો તેનાં પાનના સ્વરસની ભાવના આપી ગજપુટ અપાય તો સરસ ભસ્મ બને છે. પ્રવાલ, શૃંગ, અભ્રક, નાગ અને શંખભસ્મ એના દૂધમાં બને છે અને તે સરસ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીર્ણ આમવાયુના દરદીને અર્ક, મૂલ, છાલ અને શુંઠનું ચૂર્ણ રાત્રે આપવાથી પીડા મટે છે. પસીનો આવે છે અને સાંધાની પીડા, સોજો મટે છે.

પાકેલાંપાન ૬૪ ભાગ અને દરીયાઇ મીઠું ૪ ભાગ બંનેને એક વાસણમાં છુંદી ભરી બંધ કરી ગજપુટ હલકો ભરી તેમાં નાંખી પકાવી લેવું. અને પછી કાઢી બારીક ભસ્મ જેવું વાટી રાખવું, પેટનાં દરદો માટે આ ક્ષાર ઉત્તમ ગણાય છે.

આકડાનાંપંચાગને બાળી તેની રાખમાંથી ક્ષાર કાઢવામાં આવે છે જે ક્ષાર ઘણાં દરદોને મટાડે છે. ઉદરરોગ, સંધિવા અને રક્તવિકારને તે મટાડે છે તથા ખાંસી, કફ, દમ અને શ્વાસ માટે સરસ છે.

અડાયાછાણાની રાખ તોલા ૫ લઇ તેને આકડાનાંદૂધની ભાવના આપી સુકવી બારીક વાટી ચાળીને રાખવું. આ ચૂર્ણનો નસ્ય તરીકે ઉપયોગ કરવાથી ખુબ છીંક આવે છે. બાળક કે ગર્ભિણી તેમજ દુર્બળને આ નસ્ય આપવું નહિ. માથાનુંદરદ, શળેષ્મ તથા બેશુદ્ધિ મટાડે છે. નાકમાં દાહ થાય કે છીંક બંધ નજ પડે તો થોડુંક ગરમ ઘી સુંઘાડવું જેથી શાંતિ થઇ જશે.

ગામડાનાંલોકો સંધિવા–વા અને બીજા કોઇપણ દરદ ઉપર આકડાનુંદૂધ લગાડે છે તેથી દરદ મટે છે પણ કેટલીકવાર ફોલ્લો થઇ આવે છે ને તે ઉપાધીરૂપ છે. માટે આ ઉપાય કરતાં સંભાળવાનું છે.

હાથીપગું તેમજ અંડવૃદ્ધિ માટે તેનાં મૂળનીછાલને છાશમાં વાટીને લગાડવાથી સોજો ઉતરી જાય છે.

કાનનાંશૂળ, પાક અને પીડા માટે તેનાં પાકેલાં પાનને શેકીને તેનાં રસનાં ટીપાં નંખાય છે કે તેનું તેલ પણ નંખાય છે એથી પીડા મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતરોગ અને સોજા તેમજ ન્યુમોનીઆના તાવમાં બીજી ચીજો સાથે એનો ક્વાથ સારો લાભ કરે છે એ માટે અર્કાદિક્વાથનાં એ ચાર પ્રકાર કહેલાં છે.

વાળા માટે આકડાનાંપાનને દિવેલ ચોપડી તેને ગરમ કરી બાંધવાથી વાળો જલદી બહાર આવી જાય છે. પેટના દુખાવા કે ગાંઠ માટે પણ એ રીતે પાન બંધાય છે.

આકડાનાંફુલ અને મરીનુંચૂર્ણ કરી તેની ગોળી કરી આપવાથી અપસ્માર, દમ અને હીસ્ટીરીઆ મટે છે.

ખાંસી માટે તેની અનેક પ્રકારની ગોળીઓ બને છે. વિષનાશક તરીકે એનાં દૂધમાં શિરીષબીજને પલાળીને તૈયાર કરી આપવામાં આવે છે. એનાં દૂધમાં બીજી ચીજો નાંખી તેનો લેપ હરસ માટે પણ બની શકે છે.

આકડાનાદૂધમાં કોઇપણ ધાન્યનાં બીજ પલાળીને સુકવી રાખવા. એ બીજમાંથી ૫ થી ૭ દાણા લેવાથી ઉલટી, ઝાડા થાય છે ને શરીરનું શોધન થાય છે.

હરસના મસા માટે તેનાં મૂળ અને સમડીનાંપાનની ધુંમાડી લેવાનું જણાવેલ છે.

આકડાનાંકુમળાપાનનોરસ કાઢી તેમાં જવને પલાળી સુકવવા. પછી એ જવની ધાણી કરી ખાવાથી દમને મટાડે છે, લાંબો સમય લગી આ પ્રયોગ કરવા જેવો છે.

વીંછીનાઝેર માટે ડંખવાળી જગાએ અર્કદુગ્ધ લગાડી શકાય છે. ખસ માટે અર્કપત્ર સ્વરસ અથવા તેના દૂધમાં બીજી દવા મેળવી લગાડવાથી ખસ જડમૂળથી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાન ઉપર સફેદ છારી હોય છે, તેનાપર ગોળ તો. ૦॥ થી ૧ લઇ ફેરવી તેની ગોળી કરી લેવી. આ ગોળી ખાવાથી કફ છુટે, ખાંસી–દમ મટે છે.

સર્પદંશ માટે પણ તેનો ઉપયોગ કરવા સૂચના અપાયેલ છે.

મરડા અને આંતરીઆતાવમાં આકડાનો ઉપયોગ કરવા આજના ડૉકટરો પણ ભલામણ કરે છે.

નીચેની બનાવટો વાપરવા લાયક છે.

(૧) અર્કવટી પૃષ્ટ ૯૨ (૨) અર્કાદિકવાથ પૃષ્ટ ૧૫૯, (૩) અર્કમૂલત્વગાદિચુર્ણ પૃષ્ટ ૧૭૧ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે. તથા (૪) અર્કવટી પૃષ્ટ ૩, (૫) અર્કતૈલ પૃષ્ટ ૭, (૬) અર્કપત્રતૈલ પૃષ્ટ ૫૩, (૭) અર્કાદિપાયન પૃષ્ટ ૫૩, વૈદ્યક પારિજાત ભાગ ૧–૨ જામાં છે (૮) અર્કપત્રયોગ પૃષ્ટ ૪૩ અનુભૂતપ્રયોગાવલી ભાગ ૨ જામાં છે.

૮૩ કપીલો

N. O. Euphorbiaceæ (એરંડવર્ગ)

सं. કમ્પિલ્લક, રક્તાંગ. **हिं.** કમીલા, **म.** કપીલા, **बं.** કમિલા, **ला.** Mallotus Philippinensis.

વર્ણન : કપીલો બજારમાં ગાંધીની દુકાને મળે છે, એ એક જાતની લાલરંગની ભુકી જેવો હોય છે, વજનમાં ભારે તેમજ હલકો પણ મળે છે, ભારે હોય છે તેમાં ભેળશેળ થએલી સમજવી, હલકો હોય, ભુકાજેવો નરમ હોય અને કેશર વાટી ચૂર્ણ કરીએ તેવો દેખાવમાં હોય તે ખરો સમજવો, વળી તેની બીજી પરીક્ષા એ છે કે માચીસનીકાંડી સળગાવી તેની બતીપર આ ભુકાને છાંટવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે રાળની માફક બળી જશે તો તે ખરો સમજવો. એ સિવાય તેની ભુકી જરા લઇ પાણીમાં મેળવી સફેદ કાગળપર ઘસવાથી કેશરજેવો પીળોરંગ કાગળનો થઇ જશે. આ બધી એની પરીક્ષાઓ છે. દવામાં ખરો કપીલો મળે તોજ ગુણ કરે છે. ઇંટનોભુકો કેટલાકો તેમાં મેળવે છે.

તેનાંઝાડ હિંદુસ્થાનમાં લગભગ સર્વત્ર થાય છે, મુંબઇનાં જંગલોમાં તે થાય છે. બર્મા–શીંગાપુર, આંદામાન તરફ પણ તેની પેદાશ થાય છે. કર્ણાટક, મલબાર અને મદ્રાસ તરફ સારા પ્રમાણમાં થાય છે. એનાં ઝાડ બહુ મોટાં હોતાં નથી, પાનની બાજુમાં બે બોર–એરંડના-બીજ જેવડી ગાંઠ થાય છે તે પાકી સુકાઇને ફૂટે તેમાંથી ભુકો નીકળે છે તેનું નામ કપીલો છે. તેમાં વાસ કે ગંધ જેવું કંઇ હોતું નથી લગભગ માર્ચ માસમાં એ પાકીને તૈયાર થઇ વેચાવા આવે છે.

ગુણ : કૃમિનાશક અને જુલાબ લાવનાર છે વ્રણને મટાડે છે અને તે ચામડીનાદરદોમાં વપરાય છે.

ઉપયોગ : કપીલાનો દવા તરીકે ઉપયોગ થાય છે. એલૅાપથી ડૉકટરો તેનું એકસ્ટ્રેટ બનાવી તે વાપરે છે. નાનાં બાળકોને આ દવા ૫ ગ્રેન થી ૧૦ ગ્રેન આપવાથી પેટનાંકૃમિ મરે છે અને ઝાડો પણ સાફ આવી જાય છે, ફક્ત કબજીઅત માટે પણ તેનો ઉપયોગ બાળકો માટે કરી શકાય છે, તેથી પેટ નરમ પડે છે, મોટી માત્રા કદીપણ નજ આપવી, જરૂર પડે તો બીજે દહાડે આપવું. મોટી માત્રા લેવાથી તેનો નશો ચડે છે. કપીલાવડે પકાવેલ તેલના ઉપયોગથી વ્રણ રૂઝાઇ જાય છે. તેથી એને વ્રણરોપણ ગણેલ છે. તે ખરજને પણ મટાડે છે.

કેટલાક લેખકોએ એને સંદિગ્ધ ગણેલું છે વળી કોઇકતો એને ખનીજદ્રવ્યોમાં ગણે છે, પણ આ સર્વ ભૂલ જેવું જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરડે, વાવડીંગ, સિંધવ, યવક્ષાર, કપીલો એનું ચૂર્ણ કરી તેમાંથી ૧ ડ્રામ, છાસ સાથે લેવાથી પેટનાંકૃમિ મટે છે.

સુરત તરફ કપીલો રંગવાના કામમાં પણ વપરાય છે.

કપીલો ગોળ સાથે લેવાથી પેટનાંકૃમિને મટાડે છે લેવાનું ઠીક રહે છે મોળ આવતી નથી, ઝાડો સાફ રહે છે. ઉલટી પણ થતી નથી. પિત્તને બહાર કાઢે છે તથા લગાડવાથી ખસ, દરાજ, વ્રણને પણ મટાડનાર છે.

૮૪ ધતુરો

N. O. Atropaceæ (ધ-તુરવર્ગ)

सं. ધતુર, ઉન્મત્ત, **हिं.** ધતુરા, **म.** ધોત્રા, **बं.** ધુતૂરા, **ला.** Dhattura Stramonium.

વર્ણન: ધતુરાનાંઝાડ આશરે બે હાથ ઉંચા હોય છે તે વાડી, બાગબગીચામાં થાય છે, તેમાં સફેદ અને કાળી એ બે મુખ્ય જાતો છે. એક પીળાફુલની જાત પણ કહેવાય છે પણ તે જવલેજ નજરે પડે છે. મોટો ધતુરો જેને રાજધતૂર કહે છે એ પણ એક જાત છે. કેટલાક તેની પાંચ જાત ગણાવે છે. કાળોધતુરો બહુજ ઓછા પ્રમાણમાં થાય છે. કરાચીમાં અમુક જગાએ કાળો ધતુરોજ મોટા પ્રમાણમાં થતો જોવામાં આવે છે, ધતુરાનાંફુલો મહાદેવને ચડાવે છે, દવામાં તેનો ઉપયોગ થાય છે, પણ સામાન્ય દવા તરીકે તેનો ઉપયોગ બહુજ ઓછો થાય છે. કેમકે તે માદક–ઝેરી ઔષધી છે, વૈદ્યકશાસ્ત્રમાં તેનો ઉપયોગ બરાબર થાય છે. અંગ્રેજી ડૉકટરો પણ તેને બરાબર વાપરે છે. દવામાં તેનાં પાનનોરસ, પાન, મૂળ, બીજ, ડોડવા (ફળ), ફુલ એ સર્વ વપરાય છે. કાળોધતુરો જેનાં ફુલ, દાંડી, ફળ કે પાન કાળા હોય તે ઉત્તમ છે પણ એ વધુ ઝેરી ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક લુચ્ચાલોકો ખાવા–પીવાના પદાર્થોમાં ધતુરો ખવડાવી ખાનારને ઝેર–મદ ચડે કે તુરત લુંટી જઇ પલાયન થઇ જાય છે. કેટલાક બીજાને મારવા કે આપઘાત કરવા એનો ઉપયોગ કરે છે.

ધતુરાના ઝેર માટે દરદીને ઉલટી કરાવાય છે, જુલાબ આપે છે તે દરદીને દૂધ–સાકર પાય છે. કપાસીઆની મીંજનુંતેલ કાઢીને પાય છે અથવા કપાસીઆ વાટીને પાય છે. ઘી પીવા આપે છે. પાણીમાં તેલ નાંખી પાય છે એથી ઝેર ઉતરી જાય છે.

ગુણ: સ્નાયુશૈથિલ્યકૃત, પીડાશામક, સંકોચ વિકાસપ્રતિબંધક, કાસહર, શ્વાસહર, નિયતકાલીકજ્વર પ્રતિબંધક અને શોથહર છે. વધુ માત્રામાં તે ઝેરી છે. કેટલાકને તે ઉન્માદ કરનાર જણાય છે અને તે વાજીકરણ ગુણ પણ બતાવે છે. તેનાં ગુણો બેલેડોના જેવાજ મળતા આવે છે. પણ તે નાની માત્રામાં વાપરવામાં આવે તોજ બેલેડોનાને મળતી અસર બતાવે છે. અન્યથા તેનાથી પણ તીવ્ર ગણાય છે.

ઉપયોગ: ધતુરાનાપાનનોભુકો કરી તેની બીડી બનાવી કે બીજી રીતે ધુંવાડી કરી પીવાથી દમનો હુમલો બેસે છે. કેટલાક તેમાં સુરાખાર પણ મેળવે છે તે દમનો હુમલો થાય ત્યારે લેવાથી દરદીને રાહત આપનાર ગણાય છે. આવી બનાવેલી ભુકી બજારમાં મળે છે તેમજ તેની બીડી પણ મળે છે.

પીડા મટાડવા માટે તેમજ નિદ્રા લાવનાર તરીકે પણ એનો ઉપયોગ થાય છે કારણકે એમાં ખુરાસાનીઅજમોદને મળતો અંશ મોટા પ્રમાણમાં છે.

જુદા જુદા પ્રકારના ઉન્માદમાં ધતુરાની બહુજ સારી અસર જણાય છે. અને તેથીજ તે ઉન્માદની દવાઓમાં વપરાય છે. દાંતના સડા પછી થતા શૂળમાં તે ઉપકારી છે તેનાથી એની પીડા મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધતુરાનાપાનનારસમાં પકાવેલું તેલ માથામાં પડેલી જુ–લીખ મારવા માટે વપરાય છે. આ તેલ પીડાશામક છે માથાના દુખાવા માટે, ગડગુમડ માટે કે અંડવૃદ્ધિ માટે વપરાય છે. સાટોડીનાંમૂળ, અરીણ અને એનાં પાનનોરસ મેળવી લેપ કરવાથી પીડા–સોજો અને સંધિવાનું દરદ મટે છે. ખસ, ખરજવું, દાદર અને બીજા ચામડીનાં દરદોમાં તેનું તેલ, રસ, મલમ વપરાય છે.

એટલું ધ્યાન રાખવું કે ક્ષત–જખમ હોય ત્યાં એની કોઇપણ દવા ન લગાડવી, કેમકે તે વણ દ્વારા ઝેરી અસર તરતજ શરીરમાં ફેલાવે છે ને વિષનાં ચિહ્ન જણાય છે.

વાળા ઉપર ધતુરપાન વાટીને બાંધે છે કે પછી તેના પર તેલ કે ઘી લગાડી પાન બાંધે છે ને તેથી વાળાનો સોજો અને પીડા મટી વાળો બ્હાર આવે છે.

અનેક જાતનાં જ્વરાંકુશો–તાવની દવાઓમાં એનાં બીજ વપરાય છે. ટાઢીઆતાવ માટે એની દવા વખણાય છે. એનાં બીજને ગૌમુત્રમાં બાફી પછી તેની છાલ ઉતારી બીજ સુકવી બારીક કરી વાપરવાની વિધી છે. એનાં મૂળીઆં ક્વાથ–ચૂર્ણમાં વપરાય છે, કનકાસવ નામની દવા દમ માટે ઉત્તમ ગણાય છે.

અંગ્રેજીપદ્ધતિ મુજબ તેનું ટીંકચર બનાવી વપરાય છે, આયુર્વેદમાં ઘણીએક દવાઓને તેના રસની ભાવના અપાય છે એ દવાઓ દમ, ઉન્માદ, બાંસી, તાવ, નબળાઇ, વગેરે માટે વપરાય છે.

ધતુરાનાપાનનારસમાં તેલ અને બીજી દવાઓ નાંખી બનાવેલ સિદ્ધતેલ વાતરોગનાશક, પીડાશામક તરીકે વપરાય છે. વળી તેથી સોજો પણ મટે છે તેના પાન વાટીને લેપ કરવામાં પણ આવે છે. સંધિસોથ, અંડવૃદ્ધિ, ફેફસાંનો સોજો, સ્તનશોથ, શોથયુક્તહરસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દરેક માટે એનાં પાનને વાટી તેમાં શીલાજીત મેળવી લેપ કરવાથી સરસ ફાયદો થાય છે.

કેટલીક જાતનાં શૂળની પીડા મટાડવા અફીણ, ધતુરો અને ખુરાસાનીઅજમો વપરાય છે અફીણ ચોક્કસ કામ કરે છે,તેવી રીતે ધતુરો કામ કરી શકતો નથી પણ એ બે જ્યાં ન અપાય ત્યાં ખુરાસાની-અજમો આપવો ઠીક રહે છે. સુકા દમમાં ધતુરાની ચલમ પીવા પછી કફ છુટો પડવા લાગે છે, ગળાનો સોજો ઘટે છે શ્વાસ બરાબર લઇ શકાય છે, એ માટે ધતુરો, તમાકુ, અજમો અને જવાસો વાટી ચૂર્ણ કરી ચલમમાં એ ચપટી ભરી ધુંવાડો પીવો. એવીજ રીતે સુરાખાર ભાગ ૧, બાદીઆન ભાગ ૧, ધતુરો ભાગ ૨ લઇ ચૂર્ણ બનાવી ધૂમાડો લેવાથી લાભ થાય છે. આવી અનેક બનાવટો બને છે.

ધતુરો, કાળીચહા, સુરાખાર અને તમાકુ એને સમભાગે લઇ બીડીઓ બનાવી પીવાથી દમને લાભ પહોંચાડે છે.

સ્તનની પીડા–સોથ મટાડવા માટે ધતુરાનાંપાનનોરસ, હળદર, જરા ચૂના સાથે મેળવી લેપ કરવાથી બધી ઉપાધી મટી તુરત આરામ થાય છે. સામાન્યપીડા હોય તો માત્ર પાન ગરમ કરી જરા ઘી લગાડી બાંધવા જોઇએ.

અજીર્ણમાં એનાં બે ચાર બીજ ઠંડા પાણીમાં વાટી ખાઇ જવાથી જલદી ભોજન પચી જાય છે.

ધતુરાનાપાનનોરસ ૨ થી ૪ ટીપાં લઇ થોડીક છાશમાં પી જવાથી પેટનાંકૃમિ મટે છે.

હડકાયા કુતરાના વિષ માટે ધતુરો ઉપયોગી દવા છે. સુશ્રુતમાં તે માટે ઉલ્લેખ મળે છે. આકડાનાંમૂળનીછાલ સાથે તેનો પ્રયોગ ઉત્તમ લાભ કરનાર બને છે, તથા રાજમાર્તંડમાં તેનો રસ, ગોળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘી, અને દૂધ સાથે લેવાનું જણાવેલ છે. હડકાયા માટે સફેદ સાટોડીમૂળ તો. ૦॥, કનકમૂળ વાલ ૧ વાટી ઠંડા પાણી સાથે દરરોજ લેવાનું સુશ્રુત જણાવે છે.

જાયફળ, અફીણ અને બીજી ચીજોને એનાં ફળમાં ભરી પુટપાક કરી બનાવેલી દવા પૌષ્ટિક તરીકે વપરાય છે. તે સિવાય એનાં બીજનું તેલ પાતાળયંત્રથી કાઢે છે જે તેલમાં બીજી દવાઓ નાંખી તૈયાર કરેલી દવા કામીનીવિદ્રાવણરસ સ્થંભન માટે વખણાય છે. એવીજ રીતે બીજી પણ અનેક પૌષ્ટિક દવાઓમાં (જેવી રીતે મહાલક્ષ્મીવિલાસમાં આવે છે તેમ) એનાં બીજ વપરાય છે.

કનકવટી જેમાં એનાં તાજાં પાન અને મરી આવે છે તે ખાંસી, શ્વાસ અને જુના ટાઢીઆતાવ માટે ઉત્તમ છે.

દુખતીઆંખો ઉપર ધતુરાનાંપાન આખાં લઇને મુઠી પાટો બાંધી રાત્રે સુઇ જવાથી સવારે આંખનીપીડા, કળતર, કઢાપો નરમપડી ફાયદો થાય છે એમ સ્વ. અમૃતલાલભાઇ પટ્ટણી જણાવે છે.

જવરાંકુશ, ઉન્માદગજાંકુશરસ જેમાં કનકબીજ આવે છે તેવી બીજી બનાવટો ઉન્માદગજકેશરીરસ, ઉન્માદહરમાત્રા, કનકસુંદરરસ, કનકવટી અને કનકાસવ આ સર્વ એની જાણીતી બનાવટો છે તથા ઉન્મતઅર્ક પણ સારી પૌષ્ટિક બનાવટ છે એ સર્વ બનાવટો અમારા પુસ્તકોમાં આપેલી છે.

ધતુરો વધુ ખવાય અને તેની ઝેરી અસર જણાય તો નીચેનાં લક્ષણો જણાય છે તેની અસર ૦॥ કલાકમાં થાય છે.

માથામાં ચકરી આવે, ગળામાં શોષ પડે, તરસ લાગે, આંખની કીકી મોટી થાય, દ્રષ્ટિનો કંઇકઅંશે નાશ થાય, ચહેરો–આંખ લાલ બને, દરદી કપડામાંથી કંઇક વીણતો માલમ પડે, નાડી જલદ, હાથનાં ચાળાં કરે છેવટે બેશુદ્ધ થઇ જાય છે, ઝેર બહુ ચડેલ હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો અંતે શરીર કંડુ પડી મૃત્યુ થાય છે; એના ઉપાયો અગાઉ કહેલ છે તે કરવાં.

એની માત્રા બીજચૂર્ણ ગ્રેન બે, મૂળચૂર્ણ ગ્રેન ૨૦ થી ૪૦ ટીંચર ૫ થી ૧૫ ટીપાં, પાનનુંચૂર્ણ ૨ થી ૫ ગ્રેન ખાવા માટે લેવાય છે.

૮૫ જેઠીમધ

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

સં. યષ્ટીમધુ, મધુક, **હિં.** મુલેઠી, **મ.** જેષ્ઠીમધ, **વં.** યષ્ટીમધુ, **સિંધી** મીઠીકાઠી, **લા.** Glycyrrhiza Glabra.

વર્ણન : બજારમાં ગાંધીને ત્યાં એનાં મૂળીઆં ઝીણાં કે જાડારૂપમાં મળે છે તેની પેદાશ આપણા દેશમાં સિંધ, પંજાબ, કચ્છ તરફ થાય છે પણ એ બજારમાં વેચાતું હોય તેમ જણાતું નથી, બજારમાં મળતું જેઠીમધ તો પરદેશથી ઈરાન કે અરબસ્તાન તરફથી આવતું જણાય છે. એમાં પણ જુદા જુદા પ્રકાર અને ભેદ જણાય છે. પાણીવાળી જમીનમાં થતું મીસરનું જેઠીમધ ઉત્તમ ગણાય છે. આપણા દેશમાં પણ ઓછા વર્ષાદવાળા પ્રદેશનું તેમજ બહુ વર્ષા પડનાર પ્રદેશનું એમ બે ભેદ કહેલા છે.

દવામાં તેનાં મૂળીઆંને જરા છોલી સાફ કરી વપરાય છે તે મૂળીઆને ખાંડી–કચરી ઉકાળો કરી તેનું ઘન બનાવે છે. જેને "જેઠીમધનોશીરો" કહે છે એનું 'લીકવીડ એકસ્ટ્રેટ' નામક પ્રવાહી સત્વ બને છે તે ઍલોપથી ડૉકટરો વાપરે છે.

જેઠીમધનો સ્વાદ મીઠો–ગળચટો હોય છે એથી તેને સિંધમાં 'મીઠીકાઠી' કહે છે એ ઘરગથુ દવા છે. આર્યવૈદ્યકમાં એનો ઘણો ઉપયોગ થએલો જણાય છે. છતાં આ વસ્તુ અને તેનું ધન તો પરદેશથીજ અહિં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણ : સ્નિગ્ધ, કફને છુટો કરનાર, મૃદુવિરેચક, શીતળ, પૌષ્ટિક, વૃષ્ય, ચક્ષુષ્ય, મધુર અને રૂચીકર છે, તૃષ્ણા, દાહ, રક્તપિત, સ્વરભંગ, અસ, ખુજલી, ખાંસી, વ્રણ, ઉલટી, સોજા, ક્ષય, હેડકી, મૂત્રદોષ અને મસ્તકશૂળ, અપસ્માર મટાડે છે.

ઉપયોગ : જેઠીમધનાંમૂળ લાવી ઉપરનીછાલ છોલીને દૂર કરી અંદરની પીળારંગની ત્વચાયુક્ત લાકડીને ખાંડી બારીક ચૂર્ણ કરી લેવું આ ચૂર્ણ બંધ બુચની બાટલીમાં રાખવું તો જલદી બગડશે નહિં અને તેને દવામાં વાપરવું. એની માત્રા ૨૦ થી ૪૦ ગ્રેન ગણાય છે.

જેઠીમધ અને ત્રીફલાચૂર્ણ દરરોજ રાત્રે કે સવારે લેવાથી તે અનેક દરદોને મટાડી મળ–મૂત્રને સાફ રાખી આયુષ્યની વૃદ્ધિ કરે તેવી રસાયન અસર બતાવે છે એમાં પ્રકૃતિ અનુસાર લોહ, અભ્રક કે માક્ષિક જેવી એકાદ ભસ્મ મેળવી રાત્રે ઘી અને મધમાં મેળવી ચાટી ઉપર દૂધનો ખોરાક લેવો (રાત્રે ભોજન ન કરવું) તો તે બહુજ સરસ લાભ કરનાર છે આને સપ્તામૃતલોહકલ્પ કહે છે તેથી ગળાની ઉપરનાં ભાગનાં નેત્રરોગ, મસ્તકરોગ, કર્ણરોગ અને નાશારોગ મટી મગજશક્તિ ખુબજ સરસ થાય છે.

જેઠીમધ અને ચંદનનો ક્વાથ પીવાથી ઉલટીમાં પડતું લોહી બંધ થાય છે. શીતળાના તાવમાં પણ એવો ક્વાથ અપાય છે. જેઠીમધચૂર્ણ મધમાં ચાટવાથી ખાંસી મટે છે. બાળકોનીનબળાઇ, કૃષતા અને જીર્ણતાવ કે ખાંસી માટે જેઠીમધ, અતિવિષ, પીપર અને યવક્ષારનુંચૂર્ણ મધમાં અપાય છે.

અપસ્મારમાં એનું ચૂર્ણ ભૂરાકોળાનારસ સાથે લેવું. તરતના ઘામાં જેઠીમધથી પકાવેલું ઘી ગરમાગરમ હોય તેનો પાટો બાંધવો તો જલદી વેદના મટી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયરોગમાં કડુ સાથે એનું ચુર્ણ લેવાય છે. ક્ષતક્ષીણતા માટે શુંઠ સાથે લેવાય છે. પેટના આફરામાં સાકરના પાણી સાથે લેવાય છે. ગર્ભ સુકાતો હોય તેને માટે શીવણનાફુલ, જેઠીમધ અને સાકર દૂધમાં ઉકાળીને પાવું જોઇએ.

ખાંસી માટે જેઠીમધની ગોળી જેને યષ્ટીમધુવટી કહે છે તે બહુજ સારી દવા છે, પૌષ્ટિક દવાઓમાં જેઠીમધ વાપરવાનો સામાન્ય રિવાજ છે. મળશુદ્ધિ માટે સ્વાદિષ્ટવિરેચનચુર્ણમાં જેઠીમધ મુખ્ય આવે છે. અનેક આસવમાં તે વાપરી શકાય છે તેનાથી આલકોહલ જલદી આવે છે.

ધાવણ વધારવા એનું ચૂર્ણ સાકર સાથે બાઇ ઉપર દૂધ લેવું. વાજીકરણ ગુણ માટે પણ ઘી અને મધમાં ચાટી ઉપર દૂધ પીવાનું કહેલ છે. પ્રદર માટે પણ ઉત્તમ છે.

મળમૂત્ર સાફ કરે છે, રક્ત શુદ્ધ કરે છે, દાહ મટાડે છે. ઠંડુ અને સ્નિગ્ધ છે, લગભગ સર્વ પ્રકૃતિને માફક રહે છે. સસ્તું છે, નિર્દોષ છે દરેક ઘરમાં રાખવા લાયક છે.

કરાચીમાં નિશાળો પાસે **ખાટીમીઠી** નામથી એનું ચુર્ણ વેચાય છે જે નાનાં બાળકો પાઇ–પૈસાનું લઇને ખાય છે એ ઠીક ગણાય.

જેઠીમધનો ક્વાથ કરી પીવાથી કફ છુટો પડે છે, ખાંસી મટે છે. એ ક્વાથનાં કોગળા કરવાથી મુખપાક મટે છે, સ્વરભંગ માટે એનું ચુર્ણ મધમાં ચાટવું ઠીક છે.

કમળામાં તેનું ચુર્ણ મધ સાથે ચટાડવા આપે છે, મૂત્ર સાફ લાવી તેમાં દાહ–ઉષ્ણુતા હોય તે મટાડે છે.

જેઠીમધનોશીરો બજારમાં કાળારંગની શળીઓના રૂપમાં મળે છે જે દવામાં વપરાય છે. ખાંસી કે સ્વરભંગમાં તેનો કટકો ચુસવા માટે અપાય છે તે સ્વાદમાં મીઠો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક ક્વાથમાં મીઠો સ્વાદ કરવા તેમાં એને નાંખે છે.

નીચેની બનાવટો જોવાલાયક છે.

(૧) યષ્ટીમધુવટી (૧) પૃષ્ટ ૧૩૦, (૨) યષ્ટીમધુવટી (૨) પૃષ્ટ ૧૩૦, (૩) યષ્ટયાદિચુર્ણ પૃષ્ટ ૧૯૬ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે.

૮૬ કાસુંદરો

N. O. Cæsalpinæ (પૂતિકરંજવર્ગ)

સં. કાસમર્દ, **હિં.** કસોંદી, **મ.** કાસવિંદા, **બં.** કસોંદ, કાલકાસુંદા, **લા.** Cassia occidentalis.

વર્ણન : સફેદ અને કાળો એમ બે જાતનો કાસુંદરો થાય છે. વરસાદ પડતાં પડતર જમીનમાં, ઉકરડા પાસે અને ગામની અભેરમાં તેનાંછોડ ઉગી નીકળે છે. તેનાંછોડ ચક્રમર્દીયાને કુંવાડીઆને મલતા પણ જરા મોટાં હોય છે. તેમાં જાડી અને લાંબીશીંગો આવે છે, એમાં ચમકદારબીજ હોય છે, એ બીજને શેકીને તેની કૉફી બનાવે છે, કેટલાક વેપારીઓ બરી બુંદ્દાણાની કૉફીમાં તેનો સેળભેળ તરીકે ઉપયોગ કરે છે. એનાં પાનમાં બુબજ તિક્ષ્ણ અને અરૂચીકરવાસ હોય છે, દવામાં તેનાંપાન, બીજ, મૂળ વગેરે પંચાગ વપરાય છે, એની બરાબવાસને લઇ તેને કોઇ જનાવર બાતું નથી. જો કે તે બહુજ મોટા પ્રમાણમાં સર્વત્ર થાય છે છતાં તેનો કોઇ બાસ મોટો ઉપયોગ થતો જણાતો નથી, એનાં સુક્ષ્મતત્વો જોતાં તેમાં રેચકગુણ મુખ્ય છે, પણ બીજને શેકવા પછી તે ગુણ ઘટી જાય છે.

ગુણ : કફઘ્ન, સંક્રોચવિકાસ પ્રતિબંધક, સ્ત્રંસન તથા સહેજ મુત્રલ છે. **બીજ** જ્વરહર અને કુષ્ટઘ્ન છે. **પંચાગ** રેચક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ : મુત્રલ, કૃષ્ટઘ્ન, અદ્રય અને જ્વરહર છે. ખોરી તેને રસાયન, કફઘ્ન અને રેચક ગણે છે અને ચામડીનાંદરદ્રો માટે તેને સરસ જણાવે છે.

ઉપયોગ : બીજને શેકીને કોફી બનાવે છે પણ એ કોફીમાં બરી કોફી જેવા ગુણ નથી. તાવ અટકાવવા માટે તેનાંમૂળનોકવાથ અપાય છે.

કુકડીઆખાંસીમાં તેનાં પાનનોરસ મધસાથે ઉત્તમ કહેવાય છે. કફજ્વરમાં એનાંપાનનોરસ ઠીક છે. એ લેવા પછી શ્વાસનળીની ક્રિયામાં સંકોચ વિકાસથી થતો ત્રાસ બંધ પડે છે બાળકોને તે આપવાથી ઉલટી–જુલાબ થાય છે.

પંચાગનો કવાથ લેવાથી પેટનોવાયુ છુટે છે. મરડો ઘટે છે. અને દસ્ત સાફ આવે છે. સ્ત્રીઓનાં આંતરડાનાંદરદ્રો અને અપચો મટાડે છે, મૂળના ઉપયોગથી હોજરીનીશક્તિ વધે છે. હીસ્ટીરીઆના-દરદમાં ઠીક ગણાય છે. તેનાથી તાણુ–ખેંચ ઓછી થાય છે.

મૂળના ઉપયોગથી પેશાબ વધે છે એથીજ તેને ઉદરરોગ અને જળોદરમાં આપે છે. પાન વાટીને વ્રણશોથ, રતવા અને ગડગુમડાં તેમજ બસ, બરજવું અને દરાજને માટે લગાડે છે.

બસ અને દાદરમાં એનાંબીજ વાટીને લગાડે છે.

વીંછીનાં ઝેર માટે એનાંમૂળને ચાવીને જેને વીંછી કરડેલ હોય તેના કાનમાં ફુંક મારવાથી ઝેર ઉતરે છે.

એનાંપાનનો યુષ પીવાથી હેડકી, દમ, ઘટે છે,

સોજા ઉપર તેનાં પાનને વાટી લેપ કરવો ઠીક છે. જલદી પ્રસુત થવા માટે તેનાં રસને પીવા અપાય છે.

એનાં અઠીપાનનોરસ પીવાથી બાળકની સસણી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૭ બાબચી

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

સં. બાકુચી, સોમરાજી, **હિં.** બાવચી, **મ** બાંવચી, **બં.** હાકુચ, સોમરાજી, **લા.** Psoralea corrglifolia.

વર્ણન : બાબચીનાં કાળાંબીજ તિક્ષ્ણ વાસયુક્ત બન્નરમાં ગાંધીને ત્યાં મળે છે જે દવાના કામમાં લગાડવા તેમજ બાવામાં પણ વપરાય છે, તેનાંછોડ ચોમાસામાં ઉગી નીકળે છે, પાણી ભરાઇ રહે તેવી જગામાં એ વધારે થાય છે. બાબચીનુંતેલ કાઢે છે જે દવામાં બાસ કરી વપરાય છે.

ગુણ : શોધક, મૃદુસ્વભાવી ઉતેજક, વાતનાડીતંત્રને માટે બલ્ય, જંતુજન્યત્વકદોષહર, વ્રણશોધક અને વ્રણરોપણ છે. ડૉકટરો તેને પાચક, મુત્રલ અને બલ્ય ગણે છે.

ઉપયોગ : બાબચીનુંચુર્ણ કુષ્ટના દરદને માટે અનેક લેપો માં વપરાય છે, અને તેનાંબીજ બાવા માટે ચડતા ક્રમે એકથી ૨૦ સુધી બાવા, માટે અપાય છે, એનું તેલ કુષ્ટના સફેદ ડાઘ માટે લગાડવા અપાય છે, તેથી ચામડી ધીમે ધીમે લાલ થવા લાગે છે અને લાંબી મુદતે સફેદડાઘ મટી જતા જણાય છે. રોગ નવીન હોય, દરદી યુવાન કે બાળક હોય તો આ દરદ મટે છે.

આયુર્વેદમાં સોમરાજીતેલ આ કુષ્ટરોગ માટે વપરાય છે. જુના વખતથી પ્રાચિન ગ્રન્થકારોએ તેને વાપરેલ છે. લેપમાં તેની સાથે હરતાલ, મનશીલ અને બીજી પણ કેટલીક દવાઓ મેળવી શકાય છે, જુની દરાજ કે જુની બસ એના લેપથી અવશ્ય મટી જાય છે. બાબચીને યંત્રથી દબાવીને (પ્રથમ ગરમ કરી શેકી પછી) કાઢેલુંતેલ ગુણમાં બરાબર હોય છે. મુશલી અને બાબચીચુર્ણ બાવાથી બહેરાપણું મટે છે. તે વિષહર છે અને પેટનાંકૃમિને પણ મટાડનાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૮ કુંવાડીઓ

N. O. Cæsalpinæ (પૂતિકરંજવર્ગ)

સં. ચક્રમર્દ, **હિં.** પંવાર, ચકૌંદ, **મ.** ટાકળા, **બં.** પનેવાર, **લા.** Cassia Tora.

વર્ણન: કુંવાડીઆનાંછોડ ચોમાસામાં વરસાદ પડતાંજ સર્વત્ર ઉગી નીકળે છે, પોતાની મેળેજ ઉગે છે અને ચોમાસાની આખરે સુકાઇ જાય છે. તેનાં ફુલ પીળારંગનાં હોય છે, ફમરપુર ઉંચો છોડ થાય છે અને તેમાં બારીક શીંગો આવે છે એ શિંગોમાં મેથીના-દાણાં જેવાં બીજ હોય છે. એ બીજ દવાના કામમાં વપરાય છે. એક ડાળીમાં સામ સામા ત્રણ ત્રણ મળી છ પાન હોય છે તેની વાસ અરૂચીકારક હોય છે. ઘણી જગાએ એનાં પાનની ભાજી બનાવી ખાય છે મુંબઇમાં ચોમાસું બેસતાં એની ભાજી બજારમાં મળે છે. ગરીબલોકો આ ભાજીપર કેટલાક દિવસો સુધી ગુજારો કરે છે.

ગુણ: મીઠો, રૂક્ષ, લઘુ, કડવો, શીતળ તથા ખારો છે. **બીજ** ગ્રાહી, ઉષ્ણ, તીખાં અને કફ, કુષ્ટ, દમ, ખાંસી મટાડે છે.

ઉપયોગ: એની ભાજીનું શાક ખાવાથી ચામડીનાં અનેક દરદો મટે છે. ચામડી જાડી થઇ ગઇ હોય તો તે પાતળી બને છે, તે માટે એનાં બીજને વાટી લીંબુનારસમાં મર્દન કરી લેપ કરવામાં આવે છે. એથી દરાજ, ખસ, ખરજવું વગેરે મટે છે દરાજ માટે તે સારી દવા ગણાય છે.

ચામડી ઉપર ભીલામો ઉઠવા પછી જે ફોલ્લા થાય છે તે એનાં પાનનોરસ લગાડવાથી મટી જાય છે. કેટલીકવાર કરંજતેલમાં વાટીને લગાડવાથી દરાજ પણ મટે છે. ખરજવાનાં દરદ માટે એના બીજ છાશમાં વાટીને લગાડવામાં આવે છે, એનાં પાન વાટી તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોટીશ બદ અને પ્લેગનીગાંઠ માટે વપરાય છે તેથી ગાંઠ પાકીને ફુટી જાય છે. એમાં જે કંઇ ઔષધીય ગુણો જણાય છે તે તેમાં રહેલા ક્રાઇસોફેનીકએસીડને લઇને છે.

એનાં બીજને શેકીને તેની કોફી બનાવે છે એ કોફી ફ્રેંચકોફી જેવી બને છે.

કાસુંદ્રાનાંબીજને પણ એવીજ રીતે શેકીને તેની કોફી બનાવવાની પણ ભલામણ કરવામાં આવે છે આ બંન્ને લગભગ મળતીજ ઔષધીઓ છે.

સોમરોગ માટે એનાં મૂળને વાટી ચોખાના ધોવણ સાથે લેવાની ભલામણ કરેલી છે. તેવીજ રીતે રક્ત શુદ્ધ થવા અને શરીરમાં બળ વધારવા માટે તેનાં મૂળનું ચૂર્ણ તોલો ૧ થી ૧॥ ઘી, સાકર સાથે લેવાની ભલામણ કરેલી છે. માથાનાદુખાવા કે આધાશીશી માટે એનાં બીજ કાંજી કે છાશમાં વાટી લેપ કરવાનું જણાવેલ છે.

એનાં મૂળના કલ્કમાં ભાંગરાનોરસ, સરસીયુંતેલ નાંખી અને પકાવી તેલ તૈયાર કરવું. પછી તેમાં સિંદુર નાંખી એ તેલની પટી લગાડવાથી ગંડમાળા–કંઠમાળ બરાબર મટે છે.

એનાં મૂળનુંચૂર્ણ પોટલીમાં લઇ તેને તેલમાં બોળી યોનીમાં રાખવાથી સુખેથી પ્રસવ થાય છે.

કુંવાડીઓ, ચીમેડ, કાસુંદ્રો, આવળ વગેરે એકજ વર્ગના ઝાડ છે તેમાં દરેકમાં મળતા ગુણો જોવામાં આવે છે, એ દરેકનાં બીજમાં એસીડ ક્રાઇસોફેનીકનો ભાગ જણાય છે.

કુંવાડીઆનાંબીજ, અસાળીઓ, રાઇ, સરસવ, માલકાંગણી, તલ, કોપરૂં સમભાગે લઇ વીશ રતલ વજન કરવું, દરેક ચીજોને જુદી જુદી ખાંડી ભુકો જાડો કરી લેવો પછી ધાંચીની ઘાણીમાં પીલાવી લેવું અને જે તેલ નીકળે તે સંભાળી રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તેલની માલીસ કરવાથી વાયુથી અકડાઇ ગયેલા અંગો છુટા થાય છે, કમર રહી ગઇ હોય તેવા દરદીઓ પણ સારા થાય છે વાને માટે ઉત્તમ છે એમ સ્વ. તિલકચંદ તારાચંદ વૈદ્યરાજ પોતાના અનુભવમાં જણાવે છે.

---

૮૯ શરપંખો

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

સં. શરપુંખા, પ્લીહારિ, **હિં.** સરફોંકા, **મ.** ઉન્હાળી, **બં.** બનનીલગાછ, **લા.** Tephrosia Purpurea.

વર્ણન : એનાં નાનાં છોડ લગભગ હાથ દોઢ હાથ ઉંચા જંગલમાં સર્વત્ર થાય છે, લાલ અને સફેદ એમ તેની બે જાતો છે. એ નીલજાતીનાં છોડ છે કેટલાક તેને જંગલી નીલ કહે છે, ભીના-શવાળી જમીનમાં તે ખુબ થાય છે અને છોડ મોટો થાય છે બાકીતો ઘણી જગાએ માઇલોના વિસ્તારમાં ચોમાસામાં એ થાય છે, તેની પરિક્ષા એવી છે કે તેનાં પાનને વચ્ચેથી તોડતાં સરખું તુટતું નથી પણ વચ્ચે બાંચો પડીને બે બાજુ પાંખડીઓ લાંબી રહીને રસબાણ જેવી દેખાય છે, એથીજ તેનું નામ સરપુંખ પડેલું જણાય છે દવામાં તેનું પંચાગ, પાન, મૂળ વગેરે વપરાય છે તેનાં પંચાગને બાળી દવા માટે તેનો ક્ષાર બનાવાય છે.

ગુણ : કડવો, તુરો, ઉષ્ણ, રહેજમુત્રલ, પૌષ્ટિક અને કફઘ્ન છે, પિતસારક તેમજ વિષહર પણ છે.

ઉપયોગ : સરપુંખાનાંમૂળને વાટીને છાશમાં પીવા આપવાથી કે તેનો કવાથ પાવાથી અરલ–જુની કે વધેલી હોય તે ઠીક થાય છે. પેટનીગાંઠ–ગુલ્મ પણ મટે છે. મૂળના ચુર્ણની બીડી પીવાથી દમ, બાંસી મટે છે. સર્પવિષમાં તેનાં મૂળને વાટીને અપાય છે. પેટનુંશૂળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરસ, અજીર્ણ, પ્રમેહ વગેરેમાં મરી સાથે વાટીને અપાય છે. કંઠમાળમાં ઘસીને લેપ કરાવાય છે મૂળના ચુર્ણ સાથે હરડેછાલ અને વાવડીંગનું ચુર્ણ કરી લેવાથી બરલ મટી જાય છે તેનો આસવ બનાવીને બરલ-રોગમાં વાપરે છે. તેને બાળીને બનાવેલા ક્ષારની સાથે હરડેચુર્ણ લેવાથી ગુલ્મ મટે છે. મૂળ ચાવવાથી દંતરોગ મટે છે. એનાં બીજનું ચુર્ણ છાશમાં લેવાથી ઉંદરવિષ મટે છે, મૂઢગર્ભમાં પણ તે ઉપયોગી ગણાય છે સ્થંભન માટે તેના મૂળને મોઢામાં રાખવાનું કહેલ છે.

---

૯૦ નેપાળો

N. O. Euphorbiaceæ (એરંડાદિવર્ગ)

સં. જયપાલ, **હિં.** જમાલગોટા, **મ.** જેપાળબીજ, **બં.** જેપાલ, **લા.** Croton tiglium.

વર્ણન: બજારમાં ગાંધીની દુકાને નેપાળાનાં બીજ મળે છે એ જોતાં એરંડમીંજ (એરંડફળ) જેવાં હોય છે, એનો ઉપયોગ દવામાં થાય છે. જમાલગોટા યાને નેપાળાનો જુલાબ વખણાય છે "ફલાણાને તો નેપાળાનો જુલાબજ લાગી ગયો છે" યાને એથી પગ ઢીલા પડી જાય છે આંખો અંદર ઉતરી જાય અને દરદી થાકી જાય છે એટલા બધા છુટથી જુલાબ થાય એટલો એનો સખ્ત જુલાબ છે.

નેપાળા માટે બહુ મતભેદ નથી પણ નેપાળાનુંમૂળ એજ દંતીમૂળ છે કે દંતીમૂળ કોઇ બીજી જુદીજ ચીજ છે એ માટે મતભેદ અને ગોટાળો હજી ચાલેજ છે, ગાંધીઓને ત્યાં મળતી ચીજોમાં આવો ગોટાળો હજી રહેવાનો છેજ, વૈદ્યો જાતે જઇ ઝાડને જોઇ ઓળખી આ બાબતનો નિર્ણય કરે તેજ ખરો-સાચો માર્ગ-ઉકેલ કહેવાય. અહિં આપણે જયપાલ-નેપાળાનાંબીજનું વર્ણન કરીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેપાળો મલાયા અને બ્રહ્મદેશ તરફ વધુ થાય છે. આપણે ત્યાં એ બહુજ ઓછા પ્રમાણમાં થાય છે ઝાડ બારેમાસ લીલુંછમ રહે છે એનું ઝાડ ૧૫ થી ૨૦ ફુટ ઉંચું થાય છે, નેપાળાનાંબીજને દવામાં શુદ્ધ કરીને વપરાય છે. દવા માટે હમેશાં તાજાં બીજ લાવવા. જુનામાં ગુણ ઓછો થઇ જાય છે એ બીજમાં તેલ છે જે જુલાબ માટે સખ્ત ગણાય છે, એક ટીપુંતેલ લેવાથી પચાસેક ઝાડા થાય છે.

ગુણ : તિવ્રરેચક છે, વધુ પ્રમાણમાં લેવાય તો ઝેર સમાન છે, ખાધા પછી પેટમાં દાહ અને પીડા ઉત્પન્ન કરે છે એની દવા લીધા પછી એક બે કલાકમાં ખુબ પાતળા ઝાડા થવા લાગે છે.

ઉપયોગ : નેપાળાનાંબીજને ફોડી ઉપરનીછાલ ફેંકી દેવી અને અંદરના મગજના બે ફાડ કરી વચ્ચેથી નાની જીભજેવું પડ મળે છે તે કાઢી ફેંકી દેવું કેમકે એ બહુજ ઝેરી છે પછી બે ફાડને ભેંસના છાણમાં ત્રણ કલાક બાફી ગરમપાણીથી ધોઇ સાફ કરી વાટી લેવું. વાટવા પછી તેમાં જરૂર પડે લીંબુનો થોડોક રસ નાંખવો અને પછી એક માટીના હાંડલા કે તવામાં ચોપડી રાખવું તો વધુ પ્રમાણમાં જે તેલ એમાં હશે તે ઠીકરૂં ચુસી લેશે પછી દવામાં શુદ્ધ જેપાળ વાપરવામાં ઠીકર જેવું નથી. માત્રા શુદ્ધ કર્યા પછી ૧ થી ૨ ગ્રેન છે તેનું તેલ દાબીને કાઢી લેવાય છે તેની માત્રા ૦।। થી ૧ ટીપું ગણાય છે.

આયુર્વેદમાં તેની કેટલીક બનાવટો છે જેવીકે ઇચ્છાભેદી, નારાચરસ, અશ્વકંચુકી વગેરેમાં તે આવે છે, બીજી પણ અનેક બનાવટોમાં જયપાલબીજ વપરાય છે આ બધી બનાવટો વિરેચન માટે મુખ્યભાગે અપાય છે ત્રિકટુ, ટંકણ અને કાથાની સાથે નેપાળાનો ઉપયોગ નિર્ભય ગણાય છે.

નેપાળાનુંતેલ અને તેમાં બીજી ચીજો મેળવી તૈયાર કરેલ દવાને "તિલો" કહે છે તે ધ્વજભંગ માટે પુરૂષની ગુપ્તઇંદ્રીયપર લગાડવાથી લાભ થવાનું કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોજા અને ઉદરરોગમાં જયપાલ વાળી દવા ઠીક ગણાય છે. તાવમાં પણ તે સમજીને અપાય તો ઉત્તમ છે, ખાસ કરી ચાલુ કબજીઅત માટે તેમજ આંતરડાના સોજામાં આપવી ઠીક નથી. ગરમી–ઉપદંશ માટે તે ઉત્તમ શોધક ઉપાય ગણાય છે. વીંછીનાંવિષ માટે નેપાળાનુંબીજ પાણીમાં ઘસીને લગાડવું. સર્પવિષ માટે તેના મગજને એકવીસવાર લીંબુનારસમાં ઘુંટી ગોળી કરી લેવી. એ ગોળીને માણસની લાળમાં ઘસીને અંજન કરવું તો સર્પવિષ મટે છે એમ કહેલું છે.

અત્યારે બજારમાં જે નેપાળાનાંબીજ મળે છે તે Croton Tiglium નામનાં ઝાડનાંબીજ છે. જ્યારે આયુર્વેદમાં કહેલા જયપાલબીજ તે દન્તી અને દ્રવન્તીઝાડનાંબીજ હતાં એનાં ઝાડ ઉંચા થાય છે, દન્તી અને દ્રવન્તીનાં બીજ કરતાં આ બીજ બહુજ સખ્તરેચક છે. એમ શ્રી. બાપાલાલ પોતાના નિઘંટુઆદર્શમાં જણાવે છે.

ગંડમાળની ગાંઠોપર એનાં પાંદડા વાટી લેપ કરવો–મસ્તકશૂળ માટે એનાં બીજને લીમડાનારસમાં વાટી આધાશીશીમાં જે બાજુ માથું દુખતું હોય ત્યાં તે બાજુની ભમરપર જરા સળી ભરી દવા લગાડવી, સહેજ બળશે. પછી લુછી લઇ ઘી લગાડી દેવું. આધાશીશીનું દરદ મટી જાય છે.

અશુદ્ધ નેપાળાનાબીજ ગામડાનાં લોકો જુલાબ માટે એમજ ખાય છે, એનું પરિણામ સારૂં નથી આવતું માટે ભુલેચુકે કોઇએ કાચાંબીજ કે અશુદ્ધ નેપાળો નજ વાપરવો કેમકે તે એ રૂપમાં વિષ છે.

જુલાબની દવામાં નેપાળો હોય તો તે દવા બને ત્યાં લગી સાકરનાં ભુકા સાથે કે શરબત સાથે લેવી તો દાહ કરતી નથી. ઉપરાંત ઝાડા વધુ થઇ પડે તો કાથાનું પાણી પીવું, શરબત પીવું, લીંબુનોરસ, સાકર ને પાણી મેળવી પીવાં જેથી દાહ, પીડા અને જુલાબ તરત બંધ થઇ જશે. ૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જ્યારે રક્તની અંદર વધેલું પાણી જલદી ઓછું કરવું હોય અથવા હૃદયોદરમાં હૃદયપર પાણીનો બોજો વધુ હોય અને તે ઓછો કરવાની જરૂર જણાય ત્યારે ત્યારે નેપાળો અપાય છે" એમ સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ જણાવે છે.

શુદ્ધ કરતી વેળા નેપાળાનીમીંજ કે તેલવાળોહાથ આંખે ન લાગે તેની સંભાળ રાખવી અન્યથા દાહ–સોજો થઇ જશે. દાહપર ઘી લગાડી શકાય છે.

---

૯૧ દંતીમૂળ

N. O. Euphorbiaceæ (એરંડાદિવર્ગ)

સં. હિં. વં. દંતી, **મ.** દાંતી, **લા.** Croton Polyandrum.

નોંધ: નેપાળાનામૂળથી આ દંતીમૂળ જુદાંજ જણાય છે.

વર્ણન: બજારમાં ગાંધી લોકોને ત્યાં પેન્સીલ કે તેથી જરા જાડા અંદર પોલાણ હોય તેવા એરંડાનાંમૂળને લગતાં મૂળીઆં મળે છે તેને દંતીમૂળ કહે છે. દંતીમૂળ એ નેપાળાનાંમૂળ છે નેપાળાની કે દંતીની બે ચાર જાતો છે એટલે બજારમાં મળતા દંતીમૂળ નેપાળાનાંમૂળ છે કે ઘણુસર નામે મહારાષ્ટ્રમાં મળતી દંતીની જાતનાં મૂળ છે. અથવાતો દાંતી કે જેનું લાટીન નામ ક્રોટન્ પોલીએન્ડ્રમ છે તેનાં મૂળ છે કંઇ ઠીક સમજાતું નથી. દવામાં દંતીમૂળનો ઉપયોગ ઘણી જગાએ કરવામાં આવે છે અને તે એક સારી દવા છે. થોરદંતી કે જેને ગુજરાતમાં રતનજોટ યાને મુગલાઇ એરંડ કહે છે લાટીનમાં જેને જેટ્રોફા કરકસ કહે છે તે છે એ બાબતનો નિર્ણય થવો જોઇએ.

ગુણ: દંતીમૂળ શોથહર, રેચક, જ્વરઘ્ન છે. જળોદર, આફરો, સોજા, યકૃતરોગ, કમળો, બરલ વગેરેમાં ઉપયોગી છે.

ઉપયોગ: કમળામાં મુળનીછાલ ગોળ સાથે યોગ્ય માત્રામાં સમજીને આપવી. ગુલ્મોદરમાં તેનાં મુળ વપરાય છે, ચંદ્રપ્રભામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દંતીમુળ આવે છે જે પ્રસિદ્ધ દવા છે. કબજીઅત, સોજા અને ગોળો તથા યકૃતરોગ મટાડનારી દવાઓમાં દંતીમુળ આવે છે. તે બીજા સુગંધી દ્રવ્યો સાથે વપરાય છે તેમ યકૃતની ક્રિયા સુધારી પિતને બ્હાર કાઢે છે. હૃદયોદર, યકૃતોદર, જળોદર, મુત્રપિંડોદર વગેરેમાં તે ઉપકારક દવા છે તેનાથી રેચ થાય છે અને સોજા મટે છે. આ સર્વ કાર્યોમાં આપણે અત્યારેતો લઘુદંતી તરીકે આ દવા વાપરવી ઠીક છે. બ્રહતદંતીમાં ગુણો ઓછા જણાય છે છતાં તે સર્પવિષ અને યકૃતરોગ માટે તેમજ જુના વિષમજ્વરમાં ઉત્તમ છે. એને આપણે ધનસર યાને નતાદંતી કહેવી ઠીક થાસે.

---

૯૨ ગોરખમુંડી (બોડીઓકલાર)

N. O. Compositæ (સહદેવ્યાદિવર્ગ)

સં. મુંડી, શ્રાવણી, **હિં.** ગોરખમુંડી, **મ.** મુંડી, **બં.** થુલકુડી, મુંડી, **લા.** Spheranthus Indicus.

વર્ણન: મુંડીના છોડવા વરસાદમાં થાય છે, ભીની જગા હોય તો શીયાળામાં પણ મળી આવે છે, લગભગ સર્વત્ર થતા જણાય છે. ૦।। થી ૧ ફે દોઢ ફુટની ઉંચાઇનો છોડ થઇ પછી જમીનપર પથરાએલો રહી જાય છે. બજારમાં ગાંધીઓને ત્યાં એ મળે છે. આખા છોડવાપર બારીક રૂંવાટી હોય છે તેનાં પાનની વાસ અરૂચીકર હોય છે. દવામાં તેનું પંચાગ અને ફુલ વધુ વપરાય છે એની બીજી પણ કેટલીક જાતો છે. વૈદ્યો અને હકીમો તેને વાપરે છે.

ગુણ: કૃમિઘ્ન, પાચક, રક્તશોધક, બળવર્ધક અને રસાયન છે. મુત્રલ, સોજાને મટાડનાર, કંઠમાળ, અપચો, કફ, વાયુ, બરોળ, મેદ, ઉન્માદ, પ્લીહા, પાંડુ, અર્શ, વાતરક્ત, આમવાત વગેરે મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ: એના પંચાગનુંચૂર્ણ મધ અને ઘીમાં ચાટી ઉપર ગળોનો ક્વાથ પીવાથી અસાધ્ય વાતરક્ત મટે છે. તેમજ એ પેશાબ સાફ લાવે છે, પ્રમેહ અને ઉપદંશને પણ તે મટાડે છે અને કાન્તિ–વર્ણ સુધારે છે.

શુંઠ અને મુંડીનું સમભાગે કરેલ ચૂર્ણ લેવાથી આમવાત મટે છે. એનો અર્ક પીવાથી મેદ ઘટી જાય છે સવાર સાંજ તેનો તાજો બનાવેલો અર્ક પીવો અને પથ્ય ભોજન કરવું તો મેદરોગ મટે છે.

તાજા ઝાડને લાવી કાળા ભાંગરા સાથે છાંયે સુકવી પછી ચૂર્ણ કરી ઘીમાં મેળવી ૭ માસ એનો પ્રયોગ કરવો તથા દૂધ ભાતનો ખોરાક લેવો તો વૃદ્ધાવસ્થા દૂર થઇ યુવાની પાછી આવે છે.

એનાં મૂળનુંચૂર્ણ ૪૦ ગ્રેન જેટલું લેવાથી તે કૃમિઘ્ન અસર બતાવી પાચકગુણ પણ કરે છે. અર્શ અને કંઠમાળ માટે તેનાં પાન વાટી લગાડવામાં આવે છે. એનો રસ કાઢી તેમાં કાળાંમરીનુંચૂર્ણ નાંખી સાત દહાડા લેવાથી આધાશીશીનો રોગ મટે છે એનો ક્વાથ એકલો કે બીજી દવાઓ સાથે બનાવી લેવાથી તે ઉત્તમ રક્તશોધક છે. ગોરખમુંડી અને પીપરનો કલ્ક કરી તેમાં તેલ પકાવી એ તેલ માલીશ કરવાથી તથા તેનાં પોતાં સ્તનપર રાખવાથી અને નસ્ય લેવાથી સ્તન કઠોર અને સારાં બને છે.

૯૩ મજીઠ

N. O. Rubiaceæ (મંજીષ્ઠાદિવર્ગ)

સં. મંજીષ્ઠા, લોહીતલતા, **હિં. મ.** મંજીઠ, **બં.** મંજીષ્ઠા, **લા.** Rubia Cordifolia.

વર્ણન: બજારમાં ગાંધીઓને ત્યાં મજીઠનાં ટુકડા પેન્સીલથી ઝીણા એવા રાતા રંગનાં હોય છે તે મળે છે, દવાનાં કામમાં તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વપરાય છે ઉપરાંત તે અગાઉના સમયમાં રંગના કામમાં વપરાતી હતી. હવેતો તૈયાર રંગ પરદેશથી આવતો હોવાથી રંગ માટે મજીઠનું કોઇ નામજ લેતું નથી. મજીઠ પર્વતવાળા ઠંડા પ્રદેશમાં અફઘાન, નેપાળ અને મહાબળેશ્વર તરફ થાય છે. એના વેલા બીજા વૃક્ષને આધારે થાય છે. બજારમાં ઇરાની, અફઘાની, નેપાળી અને હિંદુસ્થાની એમ ચાર જાતનું મજીઠ વેચાય છે, બધામાં અફઘાની કે જે સિંધમાર્ગે આવે છે તે સારૂં છે.

ગુણ : શોધક, શીતળ, પિતશામક છે. સ્થંભક અને પૌષ્ટિક છે. તથા ઋતુ લાવનાર, ગર્ભાશયસંકોચક, શોથહર તેમજ વ્રણ અને ચામડીનાં દરદોને મટાડનાર છે, મોટી માત્રામાં લેવાથી તેની અસર કેફ જેવી થાય છે. ગર્ભાશયપર અસર કરી ઋતુ લાવે છે, ત્રીજી રીતે તે ચામડીપર અસર બતાવે છે.

ઉપયોગ : રક્તશોધક દવાઓમાં તે વપરાય છે. એનો ફાંટ લેવાથી સુવાવડનો દોષ સાફ થાય છે. એમાં બીજી ચીજો પીપરીમૂળ વગેરે પણ નાંખીને અપાય છે. ભાંગેલ હાડને સાંધવા માટે તે ક્વાથરૂપે પાવા માટે તેમજ લેપમાં નાંખી પાટો બાંધે છે. મંજીષ્ઠાદિ અને પ્રહતમંજીષ્ઠાદિ કવાથનાં બંને પાઠ ઉત્તમ રક્તશોધક છે. અગ્નિદગ્ધ ઉપર મજીઠ, રક્તચંદન, મુર્વાનુંચૂર્ણ કરી પાણીમાં વાટી ઘીમાં મેળવી તેનો મલમ કે ઘૃત બનાવી લગાડે છે. કુષ્ટ અને ઉપદંશમાં એનો ક્વાથ ઘણીજ સારી અસર કરે છે. પ્રમેહમાં પેશાબ લાલ હોય ત્યાં સુખડ સાથે એનો ક્વાથ આપે છે. માત્રા ૫ થી ૧૫ ગુંજ છે પણ ઋતુ સાફ માટે ૧૫ ગુંજ ત્રણ ત્રણ કલાકે દેવી.

———

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૪ હીરાદખણ (બીયો)

N. O. Combretaceæ (હરિતકયાદિવર્ગ)

सं. અસન, બીજક, **हि.** બીજસાલ, **म.** બીબલા, અૈન, **बं.** પીઆશાલ, **ला.** Terminalia Tomentosa.

વર્ણન : હીરાદખણ અન્દરમાં ગાંધીઓને ત્યાં મળે છે તે ઝાડનો રસ–ગુંદ છે એનાં ઝાડને બીયાનું ઝાડ કહે છે તેનાં મોટાં ઝાડ થાય છે. એનો ઉપયોગ અધી વૈદ્યક પેથીઓમાં કરવામાં આવેલ છે. ઝાડનાં બીજાં અંગો ઉપયોગી છે પરંતુ વધુભાગે આ ગુંદ જેને હિરાદખણ કહે છે તે વપરાય છે. અન્દરમાં ઘેરા રાતા રંગના નાના કટકા મળે છે તેને વાટવાથી બારીક ચૂર્ણ ઘેરા રાતા રંગનું થાય છે. અંગ્રેજીમાં તેનું નામ "પ્લવીશકાયનો" છે જેને ડૉકટરો વાપરે છે. વૈદ્યક પુસ્તકોમાં હીરાદખણનું વર્ણન નથી પણ ત્યાં જે ઉલ્લેખ છે તે એમ છે કે 'બીયાનોસાર' તેજ આ પોતે છે.

ગુણ : ગુંદ સ્થંભક અને શીતળ **પુષ્પ** કફ અને પિતહર છે.

ઉપયોગ : ઝાડા, સંગ્રહણી, રક્તશ્રાવ અને રક્તપ્રદરમાં તેનું ચૂર્ણ ઉપયોગી છે. તે ઠંડો હોવાથી પ્રદરમાં પણ સારો લાભ આપે છે. રક્તપિતમાં તેને વાપરવાની ભલામણ કરેલ છે. એનો મલમ લગાડવાથી કુષ્ટ, ચાંદી, વ્રણ અને જખમ મટે છે બળેલાના વ્રણમાં તેમજ ખરજવામાં પણ તે ઉપયોગી છે. કુષ્ટમાં તેમજ બીજે જ્યાં રક્તશોધક દવા અપાય છે તેમાં એના ઝાડની છાલ વાપરવા ભલામણ કરેલી છે. ઉપદંશ અને ભગંદરમાં ત્રીફળા, બીયાનીછાલ, ખેરનોકવાથ, ગુગળ નાંખી લેવો ઠીક છે. સ્થુલતા ઓછી કરવા માટે હીરાદખણનો કવાથ કરી તેમાં મધ નાંખી સવારે લેવું ઠીક છે. હાથીપગામાં એનું ચુર્ણ મધ અને ગૌમુત્ર સાથે લેવાનું કહેલ છે. માર પડવાથી લોહી ગંઠાઇ જાય ત્યારે એની છાલ કે ગુંદ દૂધમાં મેળવી પીવા આપવું. ક્ષય, રક્તપિત, શ્વાસ કુષ્ટ, મહાકુષ્ટ વગેરેમાં પ્રાચિન પુસ્તકોમાં બરાબર વાપરેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૫ હીરાબોળ

N. O. Burseraceæ (ગુગ્ગુલાદિવર્ગ)

सं. બોલ, ગંધરસ, **हिं.** બોલ, **म.** બોળ, **बं.** ગન્ધબોલ, **ला.** Balsamodendron myrrha.

વર્ણન : હીરાબોળ અન્દરમાં ગાંધી લોકોને ત્યાં મળે છે તે એક જાતનો ગુંદ જેવો પદાર્થ છે તેનું ચૂર્ણ સહેલાઇથી થતું નથી. ગુંદ કે ખરી હીંગ જેવી તેની કટકીઓ ચમકદાર પાસામાં તિક્ષ્ણ વાસવાળી મળે છે. દવાના કામમાં તે બરાબર વપરાય છે. દેશી અંગ્રેજી વૈદ્યો તેને બરાબર વાપરે છે તે ઘરગથ્થું ઉપાય તરીકે પણ વપરાય છે. ગુજરાતમાં સ્ત્રીઓ સુવાવડ પછી બોળ ખાય છે તે આજ વસ્તુ છે.

ગુણ : વાતહર, કફઘ્ન, ઉષ્ણ, ઋતુ લાવનાર તથા જંતુઘ્ન છે. યૌવનપાંડુ અને ગર્ભાશયનાં દરદો મટાડે છે. વ્રણશોધક અને રોપણ પણ છે. પેશાબ લાવે છે, પસીનો લાવે છે તથા દીપન અને આમાશયનો વાયુ હરનાર છે.

ઉપયોગ : દંતમંજનમાં તે જંતુઘ્ન તરીકે બરાબર વપરાય છે તેનાં પાણીથી કોગળા કરવાથી દાંતનુંશૂળ અને મુખપાક મટે છે. ભગંદર, નાસુર અને વ્રણ મટાડવા માટે તેનાં મલમની પટી લગાડવામાં આવે છે. તે રક્તસ્થંભક પણ છે, ઘોરી નસ કપાવાથી કે બીજે કારણે થતા રક્તશ્રાવને બંધ કરનાર છે, રક્તશ્રાવપર એનું ચૂર્ણ દબાવવાથી લોહી વહેતું બંધ પડે છે, અત્યાર્તવમાં કે રક્તાર્શમાં બોલપર્પટી એમાંથી બનાવીને અપાય છે, બોલપર્પટી માટે હિરાદખણ કે હીરાબોળ કઇ ચીજ વધુ ઉપયોગી છે તે માટે હજી મતભેદ છે પણ બંને રક્તસ્થંભક અને ગ્રાહી તો છેજ.

હીરાબોળ કફશામક છે. તે ખાંસીમાં અપાય છે પણ જો તાવ હોય તો તેવી ખાંસીમાં આપવાનું ઠીક નથી એમ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઍલોપથીમાં તેની ગોળી અને અર્ક વપરાય છે, રૂતુ સાફ લાવનાર દવાઓમાં એળીઆની સાથે હીરાબોળ વપરાય છે.

તે લોહીમાં મળવા પછી શ્વેતકણોની વૃદ્ધિ કરે છે, એટલેજ સ્ત્રીઓનાં પાંડુરોગમાં અપાય છે વળી તે ચામડી, પેશાબનામાર્ગે, ફેફસાં તથા શ્વાસમાર્ગે શ્લેષ્મત્વચા માટે શરીરમાંથી બ્હાર પડે છે. અને તે તે જગાએ શરીરની વિનિમય ક્રિયાને સુધારે છે. અને ઉતેજન આપે છે. કફમાં આવતી ખરાબ વાસને દૂર કરે છે, કફને નરમ બનાવે છે એથીજ તે ઉતેજક અને શ્લેષ્મ નિઃસારક તથા જંતુઘ્ન છે મોટા માણસની જુની ખાંસી કે દમમાં એજ ગુણને લઇ ઉપયોગી છે.

ગર્ભાશયનું સંકોચન કરી ઉતેજક અસર બતાવે છે તથા રૂતુ સાફ લાવે છે. લોહ, એળીઓ અને હીરાબોળની ગોળી આ કામ માટે (રૂતુ સાફ માટે) અપાય છે.

બસ્તીશોથ, શ્વેતપ્રદર અને ગર્ભાશયનીશીથીલતા મટાડે છે, પ્રદરમાં એનું ચુર્ણ ચોખાનાધોણમાં આપે છે.

દાંતનું દરદ મટાડવા માટે થતી દવાઓમાં ટીપાંમાં કે મંજનોમાં તે વપરાય છે ૦।। તોલો ટીંચર ૧૦ તોલા પાણીમાં મેળવી કોગળા કરવા.

બોલબદ્ધરસ અને બોલપર્પટી એ તેની પ્રસિદ્ધ બનાવટો છે.

એની માત્રા ૫ થી ૧૦ રતીભારની અપાય છે.

મૂઢમારના લેપમાં ઉપયોગ થાય છે એથી એનો ગુણ ઉતેજક અને શોથહર–પીડાનાશક જોવામાં આવે છે.

ડીફ્થેરીઆ રોગમાં તેનાં કોગળા કરવાથી લાભ થાય છે એટલુંજ નહિં પણ તેનું ટીંકચર પીવા માટે આપવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૬ કુબો

N. O. Labiateæ (તુલસ્યાદિવર્ગ)

સં. દ્રોણપુષ્પી, કુંભી, **હિં.** ગુમા, **મ.** તુંબા, દ્રોકુંભા, **બં.** પલકસા, **લા.** Leucas Cephalotes.

વર્ણન : કુબાની ઘણી જાતો થાય છે. તે વરસાદ થયા પછી સર્વત્ર ઉગી નીકળે છે, તુલશી કે મરવાના વર્ગની આ વનસ્પતિ બધી જગાએ થાય છે. પાણીવાળી જગામાં તેનાં છોડ મોટા હોય છે, આડે વગડે થતી જાત જરા નાની યાને એક દોઢ હાથ માંડ હોય છે તેમાં દડા જેવા ડોડવાની વચ્ચે સફેદ ફુલ થાય છે. પાન, ફુલ વગેરેમાં એક પ્રકારની ઉગ્રવાસ હોય છે, એની વાસમાં સર્પ આવતો નથી એમ ઘણા લોકો માને છે, આ એક ઘરગથુ દવામાં વાપરવા લાયક સારી વનસ્પતિ છે. બીજનુંતેલ પણ કાઢવામાં આવે છે.

ગુણ : ઉષ્ણ, પસીનોલાવનાર, વાયુશામક, ભેદન અને કફઘ્ન છે. તે કમળો, પ્રમેહ, તાવ, શરદી, સોજા અને વિષમજ્વર મટાડે છે.

ઉપયોગ : એનાં પાનનારસમાં મરીનુંચૂર્ણ મેળવી લેવાથી ટાઢીએાતાવ અટકે છે. શળેખમ–શરદી માટે તેનો ફાંટ આપવો. કફજ્વર માટે તેના રસમાં મધ અને ટંકણ મેળવી આપવો ઠીક છે. તેથી કફ છુટે અને છાતીનો દુખાવો મટે છે. નાનાં બાળકોને શરદી થાય છે ત્યારે આ દવા એ રીતે આપવી ઠીક છે. પેટનોવાયુ, પેટનુંશૂળ, નળવાયુ વગેરે હોય તથા શરદીને કારણે ઋતુ સાફ ન આવે ત્યારે એનો ઉકાળો (ફાંટ) કરીને આપવો. સંધીવા, ખરજવું અને જુનાત્વકરોગમાં એનો રસ લગાડવો. લીંબડાનાંપાન સાથે એનાં પાન મેળવી તેનો બાફ લેવાથી સોજો મટે છે. શરદીથી માથું દુખે છે ત્યારે તેના રસનાં ટીપાં નાકમાં નાંખે છે. કમળામાં એનાં પાનનોરસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંજન રૂપે વપરાય છે. તેના અંજનથી કમળો મટે છે. એનાં પાનનોરસ કાઢી તેનું શરબત બનાવી કફ અને શરદીના રોગમાં વાપરે છે. સર્પવિષમાં તેનો રસ વાપરવાનું પણ ઠીક કહેવાય છે.

૯૭ ભોંરીંગણી

N. O. Solanaceæ (કંટકાર્યાદિવર્ગ)

સં. કંટકારી, ક્ષુદ્રા, વ્યાઘ્રી, **હિં.** કટેલી, **મ.** રિંગણી, **બં.** કંટકારી, **લા.** Solanum xanthocarpum.

વર્ણન: ભોંરીંગણીનાંછોડ સર્વત્ર પડતર જમીનમાં તેમજ ભિનાસવાળી જગાએ થાય છે, અને તેને સર્વકોઇ જાણે છે. એનો ગામડાના લોકો દવામાં ઉપયોગ કરે છે તેનાં સર્વાંગમાં ખુબ કાંટા હોય છે. ફુલ આસમાનીરંગના તેની વચ્ચે ઝીણાં ચોખા જેવડાં તંતુઓ હોય છે તેને 'કેટેરીના ચાવલ' કહે છે, ફળ લીલા કે સફેદ રંગનાં સોપારી જેવડા હોય છે, પાકે છે ત્યારે તે પીળાં થઇ જાય છે એમાં બીજ હોય છે, દવાનાં કામમાં એનાં મૂળ, ફળ, બીજ, ફુલ અને લગભગ પંચાગ વપરાય છે. દશમૂળમાં એનાં મૂળ વપરાય છે દવામાં એનો ખુબ ઉપયોગ થાય છે અને એ એક સારી તથા સસ્તી દવા છે, ઉભીરીંગણી એ જુદીજ છે અને તેનું વર્ણન આ પછીના પ્રકરણમાં કરવામાં આવેલ છે. બીજી સફેદ ભોંરીંગણી કેટલીક જગાએ થાય છે, લોકો તેને લક્ષ્મણા માની તે મેળવવા ખુબ પ્રયત્ન કરે છે પણ એ જાત કવચિતજ જોવામાં આવે છે.

ગુણ: કફઘ્ન, જ્વરઘ્ન, પાચક, મૃદુવિરેચક, તિક્ત, બલ્ય, મુત્રલ, કૃમિઘ્ન, મુત્રશોધક અને ખેંચતાણ મટાડનાર છે. પિત કાઢનાર, વાયુનાશક તથા હૃદયને બળ આપનાર છે. શરદી અને કફના દરદીને તે માફક આવે છે, સ્હેજ પસીનો લાવી પેશાબ વધારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ: દવામાં વધારેભાગે એનાં મૂળ ઉત્તમ ગણાય છે, પણ કેટલીક જગાએ તેનું પંચાગ વપરાય છે પંચાગને બાળીને કાઢેલું ક્ષાર બહુજ ઉત્તમ બને છે તે મુત્રલ તથા કફઘ્ન તરીકે સારું કામ આપે છે.

અરડુસી, ભોરીંગણી શુંઠ અને પીપર એનો ક્વાથ કરી તેનું શરબત કરી ખાંસી, શ્વાસ, કફ, મંદાગ્નિ માટે વાપરવો.

ભોરીંગણીનું મૂળ, તથા ગોખરૂનોક્વાથ કરી તેમાં સિંધવ તથા અજમો મેળવી લેવાથી ખાંસી, મંદાગ્નિ, પેટનોવાયુ મટે છે અને દિપન–પાચન સારૂં થાય છે.

ભોરીંગણી, ઉભીરીંગણી, શુંઠ, ધાણા, દેવદારનો ક્વાથ લેવાથી શરદી, તાવ, શ્લેષ્મ, પિતજ્વર વગેરે મટે છે.

ભોરીંગણીનું મૂળ અને કાળાંમરી સાથે મેળવી વાટી પી જવાથી શીતળા આવતા અટકે છે.

વાયુનાઅર્શમાં એનો ક્વાથ પીવાને આપવો એથી ઝાડો સાફ આવી વા છુટ થાય છે, મૂળનો ક્વાથ પીવાથી તરસ મટે છે, મૂળનું ચૂર્ણ મીઠાદહીં સાથે લેવાથી સાત દહાડામાં પથરી મટી જાય છે, ચુરેચુરો થઇ જાય છે એમ ચરકમાં કહેલું છે. એનાં પાનનોરસ ચોપડવાથી ટાલ મટી વાળ ઉગે છે.

મુત્રકૃચ્છ્ર અને મુત્રદોષમાં એનો રસ અને મધ મેળવી પીવાથી સર્વ વિકારો મટે છે.

બાળકોની જુની ખાંસીમાં એનાં ફુલનીકિશરનું ચૂર્ણ મધમાં આપવાથી શરદી, શ્વાસ, ભરાઇજવું અને જીર્ણતાવ વગેરે મટે છે.

અંગ્રેજી બનાવટ પ્રમાણે તેનો એકસ્ટ્રેટ બનાવી (પ્રવાહી) તે લેવાથી કબજીઅત, સોજા અને જુનો તાવ મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક પ્રકારની બનાવટો એમાંથી બને છે જેવીકે કંટકાર્યાવલેહ બ્રાહ્મીહરિતકીઅવલેહ, કંટકાર્યાસવ, કંટકાર્યાક્ષાર, કંટકારીશરબત વગેરે જે સર્વ વધુભાગે ઉદરરોગ, મંદાગ્નિ, કફ, ખાંસી, શ્વાસ, જુનોતાવ છાતીનોદુખાવો વગેરે મટાડવા વપરાય છે.

કંટકારી પુટપાક પણ એની સરસ બનાવટ છે અનેક જાતનાં એનાં ક્વાથનાં પાઠો છે એ સિવાય અનેક બનાવટોમાં કંટકારી બંને જાતની સાથેજ વાપરેલી જણાય છે.

એનાં બીજની ધૂંવાડી લેવાથી દાંતનાં કૃમિથી થતું શૂળ મટે છે. કર્ણશૂળ પણ એજ ઉપાયથી મટે છે.

દમના દરદીને ખાંસી–શ્વાસનો ત્રાસ હોય ત્યારે તેનાં ક્વાથ કે સ્વરસમાં પ્રથમ અવસ્થા હોય તો સિંધવ અને મધ મેળવી આપવો, બીજી અવસ્થા કે જેમાં ખાંસી બહુ હોય તો પીપર અને મધ મેળવી આપવું અને દમ માટે તો હિંગ, સિંધવ મેળવી આપવું ઠીક રહે છે.

હરસમાં એનાં બીજની ધુંવાડી આપે છે તથા પાન વાટી થેપલી કરી હરસના સોજાપર બાંધે છે.

ખાંસી–શ્વાસ માટે કંટકારી અવલેહ વખણાય છે.

૯૮ ઉભારીંગણી

N. O. Solanaceæ (કંટકાર્યાદિવર્ગ)

સં. બૃહતી, **હિં.** બડીકટઇ–બડકટાઇઆ, **મ.** ડોરલી, રાનવાંગી, **બં.** બૃહતી, બ્યાકુર, **સિંધી,–કચ્છી.** વડીકંઢેરી, **લા.** Solanum indicum.

વર્ણન: ભોંરીંગણીનો જમીનપર પથરાયલો છોડ થાય છે જે પછી વેલાનો દેખાવ થઇ જાય છે, જ્યારે ઉભારીંગણીનોછોડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકથી બે ત્રણ હાથ જેટલો છોડ હોય છે એનીજાત–નમુનો વંત્યાક યાને રીંગણાં (શાકમાં વપરાય છે તે) ને મળતોજ હોય છે તેમાં આવેલ ફળ સોપારી જેવડા પીળારંગનાં હોય છે પાન મળતાં હોય છે, કાંટા ભોંરીંગણીથી ઓછા હોય છે એક નાની જાત હોય છે તેમાં પાન નાનાં અને ફળ પણ નાનાં થાય છે દવામાં તેનું પંચાગ અને મૂળ વપરાય છે. આ ઉભીરીંગણી પણ દશમૂળમાં વપરાય છે. અને પ્રસિદ્ધ છે. તે વરસાદના દિવસોમાં ખુબ ઉગે છે તથા આગ-બગીચામાં પાણીવાળી જગ્યામાં થાય છે, ફુલ જાંબુડીઆરંગના હોય છે.

ગુણ: કફઘ્ન, વાતનાશક છે. તેથી પેટનોદુખાવો, મરડો, પેશાબનીઅડચણ મટે છે અને કફ, ખાંસી, દમ, વાયુ જ્વર વગેરેમાં સારો લાભ આપે છે.

ઉપયોગ: દવાઓના યોગમાં અનેક જગ્યાએ જ્યાં જ્યાં ભોંરીગણી વપરાય છે ત્યાં ઉભીરીંગણી પણ વપરાયલી જણાય છે. તેનો એકલોજ ઉપયોગ બહુ જગાએ થયો જણાતો નથી. દશમૂળમાં એ આવે છે, મુત્રલ છે, વાતહર છે કફહરનાર છે શ્વાસ, ખાંસીમાં વપરાય છે. તેનાં પાન વાટી ચામડીનાંદરદોમાં લેપ કરે છે. આદુના-રસસાથે એનો રસ લેવાથી ઉલટી મટે છે. એનામૂળને વાટી તેમાં મનુષ્યનુંમુત્ર અને પીપળાનાંપાન મેળવી વાટી વાળાનાફોલાપર લેપ કરવો. મુળનુંચૂર્ણ પીપરસાથે મધમાં લેવાથી દમ મટે છે. નાનું બાળક ધાવણ ઓકે છે તેને એનો રસ મધમાં આપવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯૯ ટેંટુ

N. O. Bignoniaceæ (અરલુવર્ગ)

સં. શ્યોનાક, ટિણ્ટુક, **હિં.** અરલુ, **મ.** ટેન્ટુ. **વં,** સોનાપેડ, **લા.** Oroxylum indicum.

વર્ણન : એનાં ઝાડ હિમાલય નજીકનાં પ્રદેશમાં, આસામ, બ્રહ્મદેશ, તેમજ કોંકણ અને આંદામાન તરફ થાય છે, ગુજરાતમાં એ ક્વચિતજ નજરે પડે છે, ઝાડ ઘણુંજ મોટું હોય છે એનું લાકડું બહુજ પોચું હોય છે, પાન લાંબા હોય છે એની શીંગ ખુબ મોટી તલવાર જેવડી હોય છે જે એકવાર જોઇ હોય તો કદી ભૂલાય તેમ નથી. કોંકણમાં એની પુષ્કળ પેદાશ છે. મુંબઇમાં વનસ્પતિ વેચવા આવનાર એની છાલ શીંગ વગેરે લાવી વેચી જાય છે એનીછાલ **દશમૂળમાં** વપરાય છે, ટેંટુ એ દશમૂલનાં બૃહત્ પંચમૂળ ની એક દવા છે. ઘણાલોકો એનાં નામમાં મળતાપણું હોય એવી બીજી કોઇ અરલુ નામક ચીજને ટેંટુ માની તેના અને આના વચ્ચે ગોટાળો કરી ગયા છે પણ ટેંટુ એ આજ ખરી વસ્તુ છે. અરલુને અરડુસો કહેવો જ્યારે શ્યોનાકને ટેંટુ કહેવું તેજ બરાબર છે. શ્રી. આપાલાલભાઇનો પણ એજ અભિપ્રાય છે. દવામાં એનાં મૂળનીછાલ વાપરવી જોઇએ જેમાં પુરતો ગુણ છે. ઝાડની છાલમાં ઓછો ગુણ હોય છે.

ગુણ : પીડાશામક, સ્વેદલ, સ્થંભક અને વ્રણરોપણ કરનાર છે. એનાં **બીજ** રેચક કહેવાય છે; **છાલ** સંધિવા માટે ઉપયોગી છે અને અજીર્ણ તથા ઉદરરોગમાં અપાય છે.

ઉપયોગ : દશમૂલ વાતનાશક તરીકે પ્રસિદ્ધ છે એમાં એની છાલ વપરાય છે અંગ્રેજ વૈદો એને સંધિવા માટે ઉત્તમ ગણે છે કારણ કે તેમાં સાલીસિલિક એસીડને મળતું દ્રવ્ય રહેલું છે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માને છે અને તેથીજ તે વાતનાશક અને પીડાશામક તે સાથે સ્વેદલ પણ છે.

તેના મુળની છાલમાં અફીણનો મેળ કરવાથી તેનો ગુણ "ડોવર્સપાઉડર" જેવો થાય છે. એનાંમુળનીછાલ તો. ૧ પાણી તો. ૧૦નો ફાંટ કરી તેમાં સ્હેજ શુંઠ નાખીને આપવો જોઇએ તો સારો ગુણ આપે છે પણ જો તેની છાલનો અષ્ટમાંશ કવાથ કરવામાં આવે તો તેનો ગુણ ગ્રાહી–સ્થંભક બની જાય છે.

એનીછાલના કલ્કથી પકાવેલું તેલ કાનમાં નાખવાથી કર્ણપાક રસી વહેવી વગેરે મટે છે.

છાલનુંચૂર્ણ અને હળદર બંને વાટી લુગદી કરી તેને ઘોડાની પીઠપર પડેલ ચાંદીપર લગાડવાથી તે મટે છે.

છાલનો કવાથ કરીને સંધિવાવાળા ભાગપર તેનું સેચન કરવાથી પીડા અને સોજો મટે છે. એની છાલને બાફીને તેનું બંધાણ કરવાથી સોજો–પીડા સંધિવામાં હોય તે મટે છે. છાલનો પુટપાક કરીને લેવાથી અતિસાર મટે છે, એમ સુશ્રુતમાં બતાવેલ છે.

મુખપાક માટે તેની છાલના કોગળાકરવાથી તે મટે છે, એની છાલને ઘસીને વ્રણ–ચાંદીઓ પર લગાડવામાં આવે તો તે સારી થઇ જાય છે.

---

૧૦૦ પાટલા

N. O. Bignoniaceæ (અરલુવર્ગ)

सं. પાટલા, **हिं.** પાઠ, પાડલ, **म.** પાડળ, **बं.** પારૂલગાછ, **ला.** Stereospermum suaveolens.

વર્ણન: પાટલાના નામ અને પરિચય બાબત જુદા જુદા લેખકોની વચ્ચે મતભેદ જણાય છે. પાટલાની નાની અને મોટી બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાત ગણાય છે, નાની જાતને કોઇક લેખકે કાંકચની સાથે સરખાવી છે તે ભૂલ લાગે છે, ધોળી, રાતી, ક્ષુદ્ર, મોટી, વેલ અને વૃક્ષ આમ પાંચ છ જાતની પાટલા સ્વ. પં. શંકરદાજી શાસ્ત્રીપદે તરફથી આર્યભિષક્‌માં કહેલી છે. સ્વ. ડૉ. વા. ગ. દેશાઇએ ચાલુ પાટલા ઉપરાંત એક બીજી મોટી જાત કે જે દક્ષિણપ્રાંતમાં બરી જાત ન થવાને લીધે ત્યાં એ વપરાય છે તેનું વર્ણન આપેલું છે. લાટીન નામ સબંધી પણ એ લેખકોની વચ્ચે જરૂર મતભેદ જોવામાં આવે છે.

અહિં આપણે બરી પાટલા કે જે દશમૂળમાં આવેલ છે તેનુંજ વર્ણન કરીએ છીએ પાટલાનાં મોટાં ઝાડ થાય છે તે ઉત્તરહિંદ અને બંગાળ તરફ વધુ પ્રમાણમાં થાય છે, ફુલ પીળાશ લેતા રાતારંગના સુગંધીદાર હોય છે, ફુલની મોસમ એપ્રીલ–મે મહિનો છે એમાં મોટી શીંગ થાય છે જે હાથભર લાંબી ને વાંકી હોય છે તેમાં ૧૨ થી ૩૦ બીજ હોય છે, માર્ચ માસમાં પાન બરી પડે છે અને એપ્રીલમાં નવા આવે છે, એનાફુલને "વસંતદૂતી કહેવામાં આવે છે.

દવાના કામમાં તેનાં મૂળનીછાલ અને ફુલ વપરાય છે.

ગુણ : ફુલ વાજીકરણ, પૌષ્ટિક, શીતળ છે. છાલ કફઘ્ન અને વાતહર છે.

ઉપયોગ : પાટલાનો ઉપયોગ વાયુ અને કફ પ્રધાન દરદોમાં કરવામાં આવેલ છે. ફુલનોરસ મધમાં મેળવી હેડકીના દરદીને આપવાથી તુરત હેડકી મટે છે. ઝાડનુંપંચાગ લાવી બાળી તેનો ક્ષાર કાઢી લેવો. એ ક્ષાર મુત્રરોગમાં પથરી કે મૂત્રાઘાતમાં બહુજ સારો લાભ કરે છે. મધુમેહના દરદીને પણ એજ ક્ષાર આપવાનું જણાવેલ છે યાને કોઇપિણ મુત્રરોગ માટે ઉપયોગી છે.

એનાં મૂળનીછાલનોકવાથ કે ફાંટ અમ્લપિતમાં અપાય છે. મૂળનીછાલનોકવાથ કરી ફરીને કવાથને ઘટ્ટ કરી એમાં તેલ મેળવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તેલને જરા પકાવી તેને અગ્નિદગ્ધ વ્રણપર લગાડવાથી તેમજ તેનાપર એનાંપાન બાંધવાથી સારો લાભ થાય છે. કોઇપણ જાતનાં વ્રણને ઢાંકવા માટે એનાં પાન ઉપયોગી છે.

એનાં ફુલ લાવી તેનું ગુલકંદ બનાવી રાખવું તે લેવાથી દાહ વાતપિત વગેરે મટે છે. તથા તે પૌષ્ટિક છે.

મૂળનીછાલનો ક્વાથ તાવ, અજીર્ણ, ખાંસી, તેમજ સોજાને મટાડવા માટે વપરાય છે.

ફુલનુંચૂર્ણ બનાવી મધમાં મેળવી વાજીકરણ દવા તરીકે વપરાય છે.

દશમૂળમાં એનાંમૂળનીછાલ વપરાય છે અને તે કફ, વાતનાશક તેમજ પૌષ્ટિક ગણવા લાયક છે.

૧૦૧ અરણી

N. O. Verbenaceæ (નિર્ગુંડ્યાદિવર્ગ)

सं. અરણી, અગ્નિમંથ, **हिं.** અરની, **म.** ટાંકળી, ઐરણ, **बं.** ગનિઆરી, **ला.** Clerodendron Phlomoides.

વર્ણન: અરણી નાની અને મોટી એ જાતની થાય છે, તેમાં પણ સફેદ અને કાળી એ જાતની હોય છે. ખેતરની વાડોમાં, જંગલમાં તેમજ પાણીવાળી જગામાં અરણીનાં નાનાં ઝાડ થાય છે જે કમરથી માથોડાં લગીનાં હોય છે, મોટી અરણીનાં ઝાડ ૨૦ થી ૩૦ ફુટ ઉંચા થાય છે. અરણીનાં ઝાડ સર્વત્ર થાય છે, કારતકમાં એમાં ફુલ આવે છે ફુલોની સુગંધી ઘણીજ સુંદર હોય છે, પાનનીવાસ અરૂચીકર હોય છે એની ડાંડીઓ વચ્ચેથી પોલી હોય છે તેથી તેની હુક્કા પીવાની નળી બનાવે છે. કચ્છ અને સિન્ધમાં એને ટાંકારો કહે છે. દવામાં એનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ અને પાન વપરાય છે. દશમૂળમાં એનાં મૂળ વાપરવામાં આવેલ છે, પ્રાચિન સમયથી એનો ઉપયોગ આર્યવૈદ્યોમાં થતો આવેલ છે.

ગુણ: વાયુ, કફ અને સોજો જે જે રોગમાં હોય ત્યાં અરણી ઉપયોગી છે. આમવાત, આંતરિકજ્વર, તાવ, શૂળ, આફરો, નબળાઇ, સંધિવા વગેરેમાં ઉપયોગી છે. તે વાતહર, શોથઘ્ન, કફઘ્ન અને સ્વેદલ છે. ગર્ભાશય ઉપર એની ખાસ ઉપયોગી અસર જોવામાં આવે છે.

ઉપયોગ: એનાં પાનનો ક્વાથ વિસ્ફોટક વગેરે કારણથી આવેલા તાવમાં તથા એ દરદમાં આપવો ઠીક છે. શરદી અને તાવમાં મરી સાથે એનાં પાનનોરસ લેવો ઠીક છે. આખા છોડનો ક્વાથ કરી તેના પાણીમાં બેસવાથી સંધિવા અને બીજા વાતરોગો મટે છે.

હાથપગ પર કે પેટપર સોજો હોય ત્યારે એનાં પાનને વાટી તેનો રસ ચોપડે છે એથી સોજો મટે છે. દશમૂળમાં એનાં મૂળ વપરાય છે તેનો ગુણ એ ઠેકાણે શોથહર તરીકે સમજીને લેવા માટે હોય એમ લાગે છે.

માયા અને બીજી કષાય વસ્તુઓનું ચૂર્ણ લઇ તેને અરણીના-રસની સાત ભાવના આપી તેની ગોળી બનાવી તે ગુહ્યભાગમાં સ્ત્રીઓને રાખવા માટે આપવાથી ગર્ભાશય ખસેલું હોય તો ઠેકાણે આવી જાય છે.

પ્રમેહમાં એનો ક્વાથ પીવા અપાય છે તેથી મેદરોગવાળાને એનાં પાનનોરસ અપાય છે તેથી મેદ ઘટે છે.

સોજામાં અરણીનોક્ષાર પાણીમાં મેળવી તે પાણી પીવા આપવું ઠીક છે. એ પાણી શરીરે ચોપડવાથી ઉદરશોથ પણ મટે છે.

હરસની પીડા મટાડવા માટે તેના ક્વાથના પાણીમાં દરદીને બેસાડવો જોઇએ. તેથી હરસની પીડા મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંસનાંપાન અને અરણીનુંમૂળ એ બેને વાટીને લેપ કરવાથી ગાંઠ બેસી જાય છે.

શીતપિતવાળાને એનાં મૂળનો ઉકાસો ઘીમાં મેળવી પીવા આપવાથી શીળસ અને આફરો મટે છે.

તેનાં પાન બાફીને આંખે બાંધવાથી આવેલી આંખો તથા રતાશ–સોજો મટે છે. સોજા માટે પણ તેનાં પાન બાફીને બાંધે છે.

નાની અરણીને મરાઠીમાં નરવેલ કહે છે, ગુણમાં બંને સરખી છે પણ નાની જાતનાં પાનનું શાક ખાવાથી ધાવણ વધે છે એમ કહેલું છે. તથા તે શરદી અને કફજ્વરમાં તેમજ મસુરિકામાં વાપરવાની ભલામણ કરેલી છે. દશમૂળમાં આ જાતનાં મૂળ વાપરવા વધુ સારાં છે એમ કહેલું છે.

૧૦૨ શીવણ

N. O. Verbenaceæ (નિર્ગુંડ્યાદિવર્ગ)

સં. કાશ્મરી, ગમ્ભારી, શ્રીપર્ણી, **હિં.** કંભારી, ગંહાર, ગાંભાર, **મ.** શિવન, **બં.** ગામારી, **લા.** Gmelina arborea.

વર્ણન: એનાં મોટાં વૃક્ષ લગભગ ૫૦ થી ૬૦ ફુટ ઉંચા થાય છે એ સર્વત્ર થાય છે, વધારેભાગે ઉત્તર પશ્ચિમ હિમાલય તરફ થાય છે. થડ અને ડાળને રંગ સફેદ હોય છે, પાન પીપળાને મળતાં પણ મોટા લગભગ વેંતભર લાંબા હોય છે, શિયાળામાં ખરી પડી હોળીના દહાડા પછી નવા આવે છે, ચૈત્રમાં ભુરાશલેતા પીળારંગના ફુલ આવે છે, વૈશાખ–જેઠમાં ફળ પાકે છે તે રંગમાં પીળાં, લીલા, ચળકતાં અને સાધારણ જાંબુ જેવડાં હોય છે, દવામાં એની છાલ, કુમળાંપાન તેમજ ફળ અને મૂળ વપરાય છે. એનો ઉપયોગ **દશમૂળ**નાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રવ્યોમાં થાય છે. તેનાં લાકડામાંથી શરીરના કૃત્રિમ અંગો બને છે તેમજ સ્ટેથસ્કોપ વગેરે બનાવે છે.

ગુણ : એનાં **કુમળાંપાન** શીતળ તથા સ્નેહન છે. **ફળ** તરસને મટાડનાર તેમજ દાહ મટાડનાર અને સ્નેહન છે. **મૂળ** કટુ, દિપન, આનુલોમિક, શ્રમહર તેમજ મૃદુરેચક છે તે તાવ, અજીર્ણ, સોજ્જમાં ઉપયોગી છે.

ઉપયોગ : એનાં મૂળની છાલનો ક્વાથ લેવાથી તાવ, મંદાગ્નિ અને સોજ્જ મટે છે. ખાંસી, પરમો અને બીજા જે દરદોમાં ઠંડા અને સ્નેહન પદાર્થની જરૂર પડે ત્યાં આ ઝાડનાં કુમળાપાનનારસમાં ઠંડી અને સુગંધીયુક્ત બીજી ઔષધી મેળવીને અપાય છે. જેઠીમધ સાથે તેનો ક્વાથ કરી લેવાથી ધાવણ વધારે છે. એના ફળનો યુષ બનાવી સ્હેજ ખટાશ મેળવી લેવાથી રક્તાતિસાર મટે છે, એમાં સાકર મેળવીને લેવું જોઇએ.

ગર્ભ સુકતો હોય કે પછી બાલશોષથી કોઇ બાળક પીડાતો હોય તેને શીવણનાંફળ અને જેઠીમધ એ બેમાં સિદ્ધ કરેલું ઘી આપવાથી ગર્ભ પુષ્ટ થાય છે, બાળકને સાકર સાથે આપવાથી સુકતાન-બાલશોષ રોગ મટે છે.

વાતરક્તમાં જેઠીમધ અને શીવણનું સિદ્ધ કરેલું ઘી લેવાથી એ દરદ મટે છે. પાન વાટી લગાડવાથી માથાનું દરદ મટે છે.

પાનનોરસ ગોનોરીઆમાં ઉપયોગી જણાય છે.

સ્ત્રીઓનાં સ્તન લબડી પડી સાવ ઢીલાં થઇ ગયાં હોય તેને ફરીથી પુષ્ટ અને હાથીના ગંડસ્થલ જેવા ઉન્નત કરવા હોય તો એની છાલના ક્વાથમાં એની છાલનું કલ્ક મેળવી તલનુંતેલ નાંખી સિદ્ધ કરેલું તેલ માલીશ કરવું અને તેમાં રૂ ભીંજવી સ્તન ઉપર બાંધવું એથી બરાબર લાભ થાય છે એમ બંગસેનમાં કહેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથની આંગળીની હાડકી–સાંધાથી છુટી પડી ગઇ હોય તો તેને માટે એનાં ફુમળાં સાત પાન લાવી તેને હડીપર લપેટી પાટો બાંધી દેવો તો તે બરાબર તુરતમાં જોડાઇ જાય છે.

પાકેલા ફળને સુકવી તેનું ચૂર્ણ કરી તેને દૂધમાં સિદ્ધ કરી એ દૂધ લેવાથી શીળસ–શીળવા મટે છે.

દાહયુક્ત પિતજ્વરમાં ફળના ગર્ભનો ક્વાથ સાકર નાંખી લેવાથી તાવ–દાહ, તરસ મટે છે.

ફળનો મગજ મધ મેળવી લેવાથી રક્તપિત મટે છે. દશમૂળમાં એની છાલ વપરાય છે એનો ખાસ ગુણ ઠંડો છે એની છાલનો ક્વાથ માત્રા તો. ૨।। થી ૫ મૂળનીછાલ માત્રા ૫ થી ૧૦ ગ્રેન છે. ફળની માત્રા ૧ થી ૨ તોલા છે.

૧૦૩ પીપળી

N. O. Urticaceæ (વટાદિવર્ગ)

સં. પ્લક્ષ, પિપ્પરી, **હિં.** પીપર, પાકર, **મ.** પિંપરી, **બં.** પાકુડગાછ, **લા.** Ficus Tsiela.

વર્ણન: પીપરીનાં મોટાં ઝાડ થાય છે, એની છાયા ઘણીજ સુંદર હોવાથી મોટા મોટા રાજમાર્ગ ઉપર તેનાં ઝાડને વાવે છે. એમાં ચણીબોરથી મોટાં ફળ થાય છે જેને પેંપડી કહે છે. કાચાં ફળનું શાક થાય છે પાકેલાંફળ લોકો ખાય છે અને પક્ષીઓને તો એ ગરમીની ઋતુમાં સુંદર ખોરાક મળેલો કહી શકાય, ખાવામાં સ્વાદિષ્ટ હોય છે એનું લાકડું ખેતીવાડીના કામમાં આવે છે. દવાના કામમાં એનો ઉપયોગ ઘણોજ સાધારણ યાને ઓછો થાય છે, પાન તેમજ છાલનો વપરાશ દવામાં થાય છે, આ ઝાડ દરેક પ્રદેશમાં થતાં જોવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણ : તીખી, કડવી, તુરી અને શીતળ છે. વ્રણ, યોનીદોષ, રતવા, દાહ, રક્તપિત, સોજા રક્તાતિસાર અને મુર્ચ્છાને મટાડે છે.

ઉપયોગ : લોહીનાઝાડા થતા હોય તો તેની છાલને બારીક વાટી દૂધમાં સારી પેઠે ચોળી તે દૂધમાં મધ નાંખી પીવાથી ઝાડામાં પડતું લોહી બંધ થાય છે. રક્તપિતમાં એનાં કુમળાપાનનું શાક ખાવા અપાય છે. "પંચત્વક્"માં એની છાલ આવે છે જે રૂઝ લાવવા માટે ઘણીજ પ્રસિદ્ધ દવા છે. રતવામાં એનાં કુમળાંપાન અને છાલ વાટીને ઘીમાં મેળવી લગાડવાથી રતવા–દાહ મટે છે. યોનીમાંથી થતા સફેદ અને ચીકણાસ્રાવને રોકવા એની છાલનુંચૂર્ણ કપડછાણ લઇ મધમાં ગોળી કરી તે ગોળી અંદર રાખવા આપવી અને એના કવાથની પીચકારી પણ અપાય છે. વ્રણ ધોવા માટે તેની છાલનો કવાથ ઉત્તમ ગણાય છે. પાન કે છાલને બાળી તેની બારીક કપડછાણ ભુકી લગાડવાથી વ્રણ રૂઝાઇ જાય છે, સડતું અટકે છે.

---

૧૦૪ ઉંબરો–ઉમરડો

N. O. Urticaceæ (વટાદિવર્ગ)

सं. ઉદુમ્બર, જંતુફલ, **हिं.** ગુલર, **म.** ઉંબર, **बं.** યજ્ઞડુમર, **ला.** Ficus glomerata.

વર્ણન : દવાના કામમાં એનાં ઝાડ બહુ ઉપયોગી ગણાય છે અને તેનાં સર્વ ભાગો દવાના કામમાં વપરાય છે. ઉંબરાની ત્રણ જાતો ગણાય છે, લગભગ સર્વત્ર એનાં ઝાડ–મોટાં ઝાડ થાય છે. અંજીર પણ એનીજ એક જાત છે, એનાં ફળમાં અસંખ્ય જંતુઓ હોય છે પાકેલાંફળ લોકો ખાય છે. દવા માટે તેની છાલ, પાન, દૂધ (ચીક) વગેરે વપરાય છે. પંચત્વક્રમાં ઉંબરાનીછાલ ખાસ આવે છે. એની છાલનુંઘન તેમજ એનાં પાનનું ઘન દવા માટે ઘણુંજ ઉપયોગી છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બનાવી રાખવા પછી લાંબો સમયલગી બરાબર વાપરવા માટે સગવડ ભરેલું થઇ પડે છે.

ગુણ : છાલ સ્થંભક છે, **પાકેલાંફળ** ઠંડા, સ્થંભક અને રક્તસંગ્રાહી છે. **દૂધ** ઠંડુ, સ્થંભક, રક્તસંગ્રાહી અને પૌષ્ટિક તથા શોથ હરનાર છે; રક્તમૂત્ર, રક્તપિત, રક્તપ્રદર, રક્તવમન વગેરેમાં તે વાપરવા લાયક છે. મુળનીછાલનો કવાથ મોઢામાં થતા બહુ લાલા-સ્રાવને મટાડે છે, પ્રદરમાં પીચકારી મારવાથી ઘણોજ લાભ બતાવે છે. દૂખાવાપર એનું દૂધ લગાડી ઉપર કપાસ મુકી પાટો બાંધે છે, તથા એ દૂધ ખાવાથી છાતીનોદૂખાવો મટે તેથી તે બલ્ય અને રસાયન ગણાય છે. પ્રમેહમાં પણ તે ઉપયોગી ગણાય છે. ખાવામાં તેમજ બ્હાર લગાડવાના કામમાં એનાં પાનનો ઘન (સાર) ઘણોજ ઉપયોગી જણાય છે.

ઉપયોગ : મધુમેહના દરદીને એનાં પાકેલાં ફળ ખાવા આપવાથી પાચનશક્તિ સુધરે છે અને બળ વધારે છે. ગર્ભસ્રાવ થઇ જતો હોય ત્યાં એની છાલનો કવાથ અપાય છે તે લેવા પછી ગર્ભપાત થવાની ધાસ્તી રહેતી નથી.

એનાં પાકેલાં ફળ ખાવા પછી રક્તસ્રાવની કોઇપણ ફરિયાદ જલદી અટકે છે. ખાંસીમાં લોહી પડે, નસકોરી આવતી હોય, પેશાબ કે ઝાડામાં લોહી પડતું હોય, અત્યાર્તવ કે ગર્ભપાતજેવી હાલત હોય તે સર્વ જલદી અટકે છે. જો ફળ ખાવા પછી જલદી રક્ત બંધ ન પડે તો છાલનો કવાથ પીવા અપાય છે. શીતળાની ગરમી ઓછી થવા માટે તેનાં ફળ અપાય છે, ઉંબરાનુંદૂધ તિક્ષ્ણ મરડાના દરદીને અપાય છે નાનાં બાળકોનું શરીર સુકાઇ જતું હોય ત્યારે તેને એનાં દૂધનાં દશ–દશ ટીપાં દૂધમાં નાખી આપવાથી ઝાડા, જીર્ણતાવ, ઉલટી અને શોષ મટે છે. તાળવામાં ખાડો પડે અને ઝાડા, ઉલટી થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે પણ એ દવા તાળવાપર લગાડી ઉપર કપાસ ચોંટાડી આપો તો બરાબર લાભ થાય છે. સોજા, ગાંઠ, બદ, કંઠમાળ વગેરે ઉપર એનું દૂધ લગાડી ઉપર કપાસ લગાડી આપો, સોજે અને પીડા મટે છે એવીજ રીતે છાતીનોદુખાવો કે કમરનીપીડાને પણ તેજ ઉપાયથી પુરો લાભ થાય છે. એનાં મુળમાંથી જે પાણી–પ્રવાહી નીકળે છે તે કંઇ તેમજ ગ્રાહી–પૌષ્ટિક છે તેને મધુમેહ, રકતશ્રાવ, પ્રમેહ, સોજામાં આપે છે. પેટમાં ઉતરી ગયેલી માતા વખતે પણ એને અપાય છે.

છાલનો ઉકાળો કરી ગાળી તેની પીચકારી યોનીમાર્ગમાં લેવાથી પ્રદર મટે છે ને તે વડે કોઇપણ જખમ ધોવાથી રૂઝાઇ જલદી સારૂં થઇ જાય છે.

મધુમેહમાં એનાં ફળમાં રહેલ બીજનું ચૂર્ણ કરી લેવાથી પેશાબમાં જતી સાકર બંધ થાય છે. પેશાબ ઘટી જાય છે ૦ા થી ૦ા તોલો ચૂર્ણ મધ સાથે કે પાણી સાથે લેવાય છે,

શુક્ર પાતળું હોય ત્યારે કે પેશાબ વખતે વિર્ય જતું હોય ત્યારે એનાં પાનનોરસ તો. ૦ા ચણકબાબનુંચૂર્ણ તો. ૦ા લઇ ગરમ દૂધ સાથે લેવાથી મટી જાય છે.

નાનાં બાળકોનો મુખપાક–છાલા વગેરે હોય તેમાં એનાં મુળનુંચૂર્ણ છાંટવાથી જલદી રૂઝ આવે છે અથવા કવાથ વડે કોગળા કરવા કે તેનાં પાણીથી ધોઇ લેવું ઠીક છે.

પ્રદરરોગ માટે એના કવાથનો ઘન કરી તેમાં બીજી ચીજો મેળવી યોનીમાં રાખવાની ગોળી કરી આપવાથી રામબાણ કામ આપે છે.

શ્રી. કવિરાજ ગણનાથસેન તરફથી એનાં પાનનો પ્રયોગ નીચે પ્રમાણે જણાવેલ છે અને તે ખાસ ઉપયોગી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં પાન લાવી ધોઇ આઠગણા પાણીમાં તેનો કવાથ કરવો. બરાબર પાનનું સત્વ પાણીમાં આવી જાય એટલે ઉતારી ઠંડું કરી કપડે ગાળી (દાબીને) લેવું. એને ફરી બીજા વાસણમાં મંદતાપથી ઉકાળી રસક્રિયા જેવું કરી સંભાળી રાખવું, પાનનારસ કરતાં એ ઘનસાર ૬૮ ગણો ઉપયોગી ગણાય છે. સાર બનાવવા માટે કલઇ કરેલ વાસણ લેવું અથવા માટીનું વાસણ લેવું એ ઠીક રહે છે.

આ સારની ખાવા માટે માત્રા ૬૦ થી ૩૦ ગ્રેન છે, તેના ઉપયોગથી મૂંઢમાર, લચક, દુખાવો, વ્રણક્ષત, હાથીપગું, ક્ષયનીગાંઠ, નેત્રરોગ, નાડીવ્રણ, ભગંદર, ગળાનુંક્ષત, પાયેારીઆ, મુખપાક, જીભપરનાસફેદચાંઠાં, ગેંગ્રીન, નાકનાંચાંદા, કર્ણપાક, હાથપગનાચીરા, દાઝવાથી થએલ વ્રણ, વાગવાથી થએલ વ્રણ વગેરેમાં બહારના ઉપચાર માટે તેનો ઉપયોગ કરી શકાય છે, અને ઘણોજ સારો લાભ થયો છે એમ તેમનું કહેવું છે, વળી અજીર્ણ, મરડો, આમાતિસારમાં તેને ખાવા માટે અપાય છે, મધુમેહ, જીર્ણતાવ, પિતનાંરોગો, ગોનોરીઆ વગેરેમાં પણ ખાવા માટે આપી જોયેલ છે અને તેમાં સારી અસર જણાઇ છે, તેમણે આ બનાવટનું નામ "ઉદુમ્બરપત્રસાર" રાખેલ છે.

દાંતનીપીડા, મુખનીખરાબવાસ, યોનીરોગ, ચોટવાગવી, કર્ણપાક અને એવી બીજી બાબતોમાં ઉપયોગી છે એમ બંગાળના કવિરાજો માને છે અને વાપરે છે.

પ્રાચિન વૈદ્યકપુસ્તકોમાં ઉપર જણાવેલ દરદોમાં વાપરવાની ખાસ ભલામણ કરી છે. ઉપરાંતમાં હરસનાંમસા ખરી પડવા માટે એનાં દૂધને લગાડવાનું કહેલ છે. એની છાલ ચોખાના ધોવણમાં વાટીને પીવાથી ઓર તુરતજ નીકળી જાય છે તથા એનું મૂળ (કે છાલ?) ધતુરાનાંબીજ સાથે લેવાથી હડકાયા કુતરાનું ઝેર મટે છે. છાલ કે મૂળ વાલ ૪ ધતુરબીજ રતી ૨ લેવાય. નેત્રરોગ, તરસ, રક્તપિત્ત વગેરેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરવાનું કહેલ છે વળી ઉંબરો શીતળ, ગર્ભસંધાનકારક, વ્રણરોપક, રૂક્ષ, મધુર, તુરો, ગુરૂ, વર્ણકર અને અસ્થીસંધાનકારક કહે છે જે બરાબર છે આ એક ઘણીજ સારી સસ્તી અને ઘણીજ કિંમતી ઔષધી છે એક કવિરાજતો તેને વાજીકરણ–બલ્ય અને પૌષ્ટિક કહે છે અને તે માટે તેઓ ઉદુંબરકલ્પ બનાવી વાપરે છે.

૧૦૫ પીપળો

N. O. Urticaceæ. (વટાદિવર્ગ)

सं. અશ્વત્થ, પિપ્પલ, **हिं.** પીપલ, **म.** પિંપળ; **बं.** આશુ-ફ્રગાછ. **ला.** Ficus religiosa.

વર્ણન પીપળાનાં મોટાંવૃક્ષો થાય છે, તે આપણાદેશમાં સર્વત્ર થાય છે, હિંદુધર્મમાં એનું ઘણુંજ ઉચ્ચ સ્થાન છે, યજ્ઞમાં તેનું લાકડું વપરાય છે, સ્ત્રીઓ તેની પુજા કરે છે, તેમાં રહેલા અલૌકીક ગુણોને લઈનેજ તેનું એટલું માન છે પણ લોકો તેનાં ગુણોનો લાભ લેવાને બદલે અંધશ્રદ્ધાથીજ પુજા કરી પાણી પાઇ સંતોષ માને છે! તેનાં મોટાંવૃક્ષોનું રક્ષણ થાય તથા વટેમાર્ગુને લાભ મળે એ માટે લોકો તેની ચારે તરફ સુંદર ઓટલા બાંધી આપે છે, એની છાયા ઠંડી આરામ આપનાર અને થાક મટાડનાર છે, બારેમાસ જો તેની પાસે રહેવામાં આવે અને તેનાં ફળો ખાઇ તેનીજ અહર્નિશ એ રીતે સેવા કરવામાં આવે તો તેના પરિણામે સ્ત્રીઓમાં ગર્ભધારણ શકિત આવે છે. પુરૂષોમાં વાજીકરણ શકિત આવે છે. શુક્ર બળવાન અને બીજ ધારણ માટે લાયક બને છે યાને જેનાં પુત્ર–પરિવાર નો નાશ થઇ રહ્યો હોય કે પછી જેને સંતાન ન થતાં હોય તેમણે આ વૃક્ષની એ રીતે સેવા કરવી અને તેનો લાભ વંશવૃદ્ધિનારૂપમાં લેવો. એના સેવનથી જે સંતાનો થાય છે તે દીર્ઘાયુષી હોય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ અનુભવીઓનું કથન છે. દવાના કામમાં તેની છાલ ફળ, પાન, કુંપળ, લાખ, છાલનીરાખ, એનાંઅંકુર (વડવાઇ) વગેરે વપરાય છે. પીપળાનાં ફળનું બીજ કોઇ પથર જેવી જગ્યાએ જો જઇને પડે અને ત્યાં જગા મળે તો વૃક્ષ થઇ આવે છે. વડ અને પીપળમાં આ એક અજબ ગુણ છે તેના વંશનો નાશ થતો નથી.

ગુણ: છાલ ગ્રાહી, સ્થંભક, રક્તસંગ્રાહક અને પૌષ્ટિક છે. **ફળ** પાચન, અનુલોમિક, સંકોચ વિકાસ પ્રતિબંધક તેમજ રક્તશોધક, બલ્ય અને વાજીકરણ–શુક્રવર્ધક છે. **કુમળાપાન** પ્રથમ રેચક પછી સ્થંભક છે.

ઉપયોગ: કુમળાપાનને દૂધ અને પાણીમાં ઉકાળીને કપડે ગાળી દૂધ પીવા આપવું એથી પરમીયામાં ઠીક લાભ કરે છે. બળતરા ઘટે, રસી ઓછી થાય. સોજા માટે તેની છાલ ઘસીને લગાડે છે. વ્રણ માટે તેની છાલનો કવાથ ધોવા માટે વાપરે છે તથા તેની છાલની બારીક ભુકી તેનાપર છાંટે છે. એથી વ્રણ સાફ થાય છે ને ભરાઇ રૂઝ આવે છે. ગરમીનીચાંદીનું વ્રણ રૂઝવવા માટે એનાં કવાથથી ધોવું અને તેની ભુકી લગાડવી.

પ્રદરરોગમાં એના કવાથવડે ધોવાથી સંકોચક શક્તિવર્ધક છે અને પ્રદરરોગ મટે છે, યોનીરોગ પણ મટે છે. ચામડીનાં દરદો માટે એનાં પાણીવડે સ્નાન કરવાથી સારો લાભ થાય છે. વાતરક્ત માટે એનાં મૂળની છાલનો કવાથ મધ નાંખી પીવા અપાય છે, કેમકે તે રક્તશોધક છે, દાઝેલા ભાગપર એનું બારીક કપડછાણચૂર્ણ છાંટવાથી સુકાઇ રૂઝ આવે છે, વ્રણને ઢાંકવા માટે તેનાં કુમળાંપાન બંધાય છે, પીપળાનીજટાને ઋતુસ્નાતાસ્ત્રી વ્રણ દહાડા દૂધ સાથે પીએતો ગર્ભધારણ થાય છે. પીપળાનીલાખ રક્તસ્થંભક છે અને તે રક્તપિત રક્તશ્રાવ માટે વપરાય છે. ઉલટી તથા હેડકી માટે પીપળાની છાલને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળી તે રાખને બીજા પાણીમાં નાંખી પછી થોડો વખત રાખી મુકવું, બાદ એ પાણી દરદીને પીવા આપવું તો ઉલટી મટે છે. સખ્ત ઉલટી પણ મટે છે. ન્યગ્રોધાદિગણમાં આની ગણના કરેલી છે. ચરક અને સુશ્રુત તેમજ વૈદ્યોના સમયથી એ દવા તરીકે વપરાય છે હાથીને થએલો હૃદયરોગ એની છાલના ઉપયોગથી મટે છે. એમ સ્વ. અમૃતલાલ પ્રાણશંકર પટ્ટણીનો અભિપ્રાય છે.

સુકાંફળનું ચૂર્ણ કરી પાણી સાથે પંદર દહાડા લેવાથી દમનું દરદ મટે છે. એની છાલનું બારીક ચૂર્ણ કપડછાણ કરી તેને ભગંદરનાં વ્રણમાં નાંખવાથી તે મટે છે.

બાળકોની વાણી અશુદ્ધ હોય તો તેને પાકેલી પેંપડી ખાવા આપવી તો વાણી સાફ થાય છે અને તોતડાંપણું મટે છે.

પીપળાની જટા–વડવાઇને બાળકની આંચકી માટે વાટીને પાવા આપે છે તેથી આંચકી મટે છે.

લોહીની ઉલટીવાળી ખાંસીમાં પીપળાનીલાખ મધ અને ઘી સાથે અપાય છે. એ લાખથી અત્યંત વધુ પ્રમાણમાં આવતું રકતપ્રદર પણ મટે છે.

અફીણના ઝેર માટે તેની છાલનો કવાથ અપાય છે એથી તેનું ઝેર ઉતરે છે.

પીપળાનાલાખની પાકી શાહી લાલ તથા કાળારંગની બને છે.

પીપળાનાં તાજાપાન તથા છાલ વાટીને તેના રસમાં મધ મેળવી બાળકોના મુખપાકમાં લગાડવાથી તે તરત મટી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦૬ કેરડો

N. O. Capparideæ (વરૂણાદિવર્ગ)

सं. કરીર, **हिं.** કરીલ, **म.** નેપતી; કેરા, **बं.** કરિલકકડા, **ला.** Capparis aphylla

વર્ણન : એનાં ઝાડ કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, સિન્ધ, પંજાબ, મારવાડ અને મહારાષ્ટ્ર તરફ થાય છે, સિંધ, કચ્છ, ગુજરાતમાંના સુકા પ્રદેશમાં બહુ થાય છે. તેનાં ફળને ડેરા–કેરાં કહે છે એનું અથાણું કરે છે; સસ્તું, સારૂં અને ગુણદાયક તથા સ્વાદિષ્ટ એવું એનું અથાણું સર્વત્ર વપરાય છે અને પથ્ય ગણાય છે. તેનાં ઝીણાંપાન દેખાતાં નથી, એટલે તેનું બીજુંનામ **ગુઢપત્ર** છે એમાં પુષ્કળ કાંટા હોય છે તેનાં લાલપુલ મહામાસમાં આવે છે જે ઘણાંજ સુંદર હોય છે, ફળ ચૈત્રમાસમાં આવે છે જે લગભગ ચણીબોરજેવડા કાચા હોય ત્યારે અથાણાં માટે વાપરે છે એનું અથાણું સરસ બને છે. પાકેલાંફળ લાલરંગના હોય છે, કાચાંફળનું કેટલીક જગાએ શાક પણ કરે છે. એને મળતી એક જાત જેને **કવરી** કહે છે તેનાં પાનનું અથાણું કરે છે આ પાન કચ્છમાં રોહાના ડુંગરોમાં થાય છે ત્યાંના લોકો તેના કુમળાપાનનું અથાણું કરે છે એ અથાણું પેટનાદરદો માટે ઉપયોગી ગણાય છે.

ગુણ : ઉષ્ણ, તિક્ષ્ણ, ભેદક અને સ્વાદુ છે. તે કફવાયુ, આમ, સોજો, વ્રણ, કૃમિ, ખરજ, શુળ, શ્વાસનાશક છે.

ઉપયોગ : સરજ્યન મેજર કેલથ્રોપના અભિપ્રાય મુજબ કેરડાનાંફળ ખાવાથી હડીલી કબજીઅત થાય છે, કુમળી કુંપળો અને પાંદડા ચાવવાથી દાંતનો દુઃખાવો નરમ પડે છે. એનાંમૂળને લાવી તેનું પાતાલયંત્રથી કે બંધ વાસણથી અર્ક કાઢીને તે અર્ક લેવાથી દમ–ખાંસી મટે છે. ખાસ કરી જુના દમને મટાડે છે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક વાપરનારા જણાવે છે વળી એનાં મૂળમાં ખાડો કરીને તેમાં અજમો–સિંધવ ભરી ડગળી આપી પછી તેનાપર કપડમાટી કરી થોડાક છાણાનો તાપ આપવા બાદ તેમાં ભરેલ અજમો–સિંધવ કાઢી બારીક વાટી મધમાં ગોળી કરી લેવાથી જુની ખાંસી અને દમ મટે છે. વળી એનાં મૂળમાં ખાડો કરી નીચે ઉપર પારેવાનીવીટ મુકી વચ્ચે તામ્રપત્ર મુકી બંધ કરી ગજપુટ આંચ દેતાં તામ્રભસ્મ-શ્વેત બને છે એમ એક વૈદ્યરાજ જણાવે છે આ કરી જોવા જેવી બનાવટ છે.

---

૧૦૭ કાંચનાર (કોવિદાર)

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

सं. કાંચનાર, કોવીદાર, **हिं.** કંચનાર, **म.** કાંચન; **बं.** રકતકાંચન **ला.** Bauhinia variegata.

વર્ણન: કાંચનાર એ આસોંદરાને મળતું મોટું ઝાડ છે. આપટો જેનાંપાન ખીડી માટે વાપરે છે તેજ આસોંદરો છે એને કેટલાક કાંચનાર માની વાપરે છે પણ તે ભૂલ છે. એ બધા ઝાડનાં-પાન બબે સાથે જોડાયલાં હોય છે. એમાં ત્રણ જાતો છે સફેદ, લાલ અને પીળો, એ જાત ફુલ ઉપરથી પડેલી દેખાય છે. દવામાં એની છાલ વપરાય છે સફેદફુલને કાંચનાર અને રાતા ફુલવાળાને કોવીદાર કહે છે, પ્રાચિનગ્રન્થકારોએ પણ એના ત્રણ ભેદ માનેલા છે, ભાવમિશ્ર કોવિદાર અને કાંચનારને જુદા જુદા ગણે છે. આપટો જેને ગુજરાતીમાં આસોતરો કહે છે અને સંસ્કૃતમાં અશ્મન્તક કહે છે તે એની એક જાત છે પણ ગુણની નજરે એ જુદીજ વનસ્પતિ છે.

ગુણ: શોધક; પૌષ્ટિક, રોપણ, વ્રણનાશક, કફહર છે, તેનો ઉપયોગ ગળાનીગાંઠો, લોહીબિગાડ; કંઠમાળ માટે ખાસ કરી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : તે ગ્રાહી છે વધુ માત્રામાં લેવાથી ઉલટી–જુલાબ કરાવે છે, કંઠમાળ માટે તેનો કવાથ કરી તેમાં ગુગળ નાખી આપે છે. કાંચનારગુગળ કંઠમાળની પ્રસિદ્ધ દવા છે વળી તે રકતશોધક કવાથમાં પણ લેવાય છે. તેની અસર ત્વચાની નીચે રહેલ રસગ્રન્થી ઉપર થાય છે ત્યાંની ક્રિયા એ સુધારે છે. રકતપિતમાં એનાં ફુલનું શાક ખાવું કે ચૂર્ણ કરી લેવાનું જણાવેલ છે. સર્પના વિષ માટે તેનું મુળ ઘસીને પીવાનું કહેલ છે, હરસમાં પણ મૂળની છાલ છાશ સાથે લેવાનું કહેલ છે. શીતળામાં એની છાલનો કવાથ માક્ષીકભસ્મ સાથે લેવો. કફજન્ય વાળાના દરદને માટે તેની છાલનું ચૂર્ણ કરી પાણીમાં વાટી લગાડે છે. નાની ઉમરમાં બાળકોની ખુંધ નીકળી આવે છે. તેવા અસ્થિવિકારમાં એ ઠીક લાભ કરે છે. ઝાડની છાલ દવામાં વપરાય છે પણ મુળની છાલ વધુ ગુણદાયક છે.

---

૧૦૮ શંખાવલી

N. O. Gentianaceæ (ભુનિંબાદિવર્ગ)

સં. શંખપુષ્પી, **હિં.** શંખાહુલી, **મ.** શંખાહુલી, શંખવેલી, **બં.** દાનકુની, **લા.** Conscora decussata.

વર્ણન : શંખાવલીનાં નાનાં છોડ વરસાદ પડતાંજ જંગલમાં આડે વગડે ઘાસની માફક ઉગી નીકળે છે, પાણીવાળી તેમજ ભીની-જમીનમાં આવા છોડ હમેશાં જણાય છે. કેટલીક સારી જમીનમાં તેનો છોડ ત્રણેક ફુટ ઉંચો હોવાનું જોવામાં આવેલ છે, ગામડાના લોકો તેને ગાય–ભેંસના ઘાસ તરીકે વાપરે છે, તેથી દૂધ વધારે આવે છે. ફુલમાં જુદા જુદા રંગ હોતાં તે ત્રણ જાતની રાતી, ધોળી અને લીલી એ પ્રમાણે હોય છે. પાનપર ઝીણી રૂંવાટી જણાય છે. શંખપુષ્પી પ્રસિદ્ધ વનસ્પતિ છે છતાં તેમાં વિષ્ણુક્રાન્તા (કાળા ફુલની શંખપુષ્પી) નામે એક બીજો ભેદ પણ એમાં મેળવી દેવામાં ભૂલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતી જણાય છે, તે વિષ્ણુક્રાન્તા એ ખરી શંખપુષ્પી નથી. આ આપણી શંખપુષ્પી સર્વત્ર થાય છે ને તે વાપરી જોતાં લખેલા ગુણ પણ બરાબર જોવામાં આવે છે, મુંબઇની બજારમાં બે જાતની શંખપુષ્પી વાપરવાની ભૂલ થતી જણાય છે.

ગુણ : દિપન, રોચન, અનુલોમન, શામક છે. સ્વાદે તુરી તથા કડુચી છે. બુદ્ધિને સ્થીર કરનાર તથા મગજશક્તિ વધારનાર છે. શીતળ તેમજ પિત્તશામક છે. સ્વર સુધારનાર, વાઇ, અપસ્માર અને સ્મરણશક્તિને લગતી ફરિયાદ મટાડનાર છે. યુનાની હકીમો પણ તેને યાદશક્તિ વધારનાર તથા મગજને પુષ્ટી આપનાર તરીકે વાપરે છે.

ઉપયોગ : વેદોના સમયમાં તે ગર્ભપ્રદ મનાતી હતી. હાલમાં તો તેને મગજશકિત આપનાર કહે છે (ડીમક). તે મૃદુરેચક, રસાયન અને જ્ઞાનતંતુઓને બળ આપનાર છે. તેનો તાજોરસ ઉન્માદ, નબળાઇ, કંઠમાળા અને અજીર્ણમાં અપાય છે. (ખોરી)

વધુ અભ્યાસના બોજથી થાકેલા વિદ્યાર્થીઓને માટે તેનું ચૂર્ણ આશીરવાદ સમાન છે, "બ્રેઇન ટૉનીક" તરીકે તેનું ચૂર્ણ લેવાની ખાસ ભલામણ કરી શકાય એમ છે. મૂળસહિત પંચાગ લાવી છાંયે સુકવી તેનું ચૂર્ણ કરી રાખવું, સવાર સાંજ સાકરવાળા દૂધ સાથે ૦।, ૦। તોલો લેવાથી સારો લાભ કરે છે.

ગળોસત્વ, અશ્વેડાનુંમૂળ, વાવડીંગ, શંખપુષ્પી, કઠ, વજ, શતાવરી, હરડેછાલ બધાનું ચૂર્ણ કરી સવાર સાંજ લેવું, યાદશક્તિ માટે ઉત્તમ પ્રયોગ છે, પ્રમાણ તો. ૦। દૂધ સાથે.

એનો તાજો સ્વરસ તો. ૨, કઠનુંચૂર્ણ વાલ ૨ થોડુંક મધ મેળવી લેવાથી ઉન્માદ મટે છે, દસ્ત સાફ આવે છે.

અનેક પ્રકારનાં પૌષ્ટિક યોગોમાં એનું પંચાગ નાંખી શકાય છે, અથવાતો ઘૃત બનાવી કે અવલેહ બનાવી લઇ શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુવાનોની કમજોરી, અનિદ્રા, થાક, નબળાઇ સર્વ મટાડે છે, યાદશક્તિ વધારે છે, પેટનોવાયુ મટે છે ગુલ્મ, આફરો અને મંદાગ્નિ દૂર થાય છે. સારી ઉંઘ આવે છે તે શરીરમાં થએલ રક્તવિકારને પણ મટાડે છે તથા કુષ્ટ, કૃમિ અને વિષને હરનાર પણ છે. ત્રિદોષમાં એનું ચૂર્ણ કે કવાથ આપવું હિતકારક છે.

બાળકોનો ઉથલો મારતો તાવ એનાથી મટે છે તથા તે કટુપૌષ્ટિક અને જ્વરઘ્ન પણ છે એમ સીલોન તરફના લોકો માને છે; ઉન્માદ–અપસ્માર માટે વાપરવા લાયક આ ઔષધી છે.

૧૦૯ કૌચબીજ

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

सं. કપિકચ્છુ, આત્મગુપ્તા, **हिं.** કિવચ્, કોંચ, **म.** ખાજકુહિલી. **बं.** આલકુશી, **ला.** Macuna pruriens.

વર્ણન: કૌચબીજ બજારમાં ગાંધીઓને ત્યાં મળે છે, તે નાનાં–મોટાં બે જાતનાં હોય છે, મોટાં ગુણમાં સારા ગણાય છે તે બીજને દૂધમાં બાફી ઉપરનીછાલ ઉતારી લેવાય એટલે પછી તે શુદ્ધ ગણાય અને તે દવામાં વપરાય છે.

કૌચનાં વેલા થાય છે એ બીજી વાડોને આશરે રહે છે, તેમાં શીંગનાં ઝુમખા થાય છે એ શીંગપર રૂંવાટી હોય છે તે જો આપણા શરીરને લાગે તો ખુબજ ચળ–ખુજલી આવે અને ત્રાસ થાય છે એ શીંગોને બાળવા પછી અંદરના બીજ કાઢી લે છે જે આપણને બજારમાં ગાંધીઓને ત્યાં મળે છે ને દવામાં તે વપરાય છે.

ગુણ: ધાતુપૌષ્ટિક, શીતળ, વાજીકરણ છે, તે જ્ઞાનતંતુઓને માટે બલ્ય છે, ઋતુ લાવે છે, પ્રદર મટાડે છે; શીંગ ઉપરની રૂંવાટીને કૃમિઘ્ન ગણેલ છે તેથી પેટનાં ગોળ કૃમિ મરે છે. મૂળીઆં મૂત્રલ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : એનાં મૂળનો મુત્રલ તરીકે ઉપયોગ કરી શકાય છે, તે મુત્રપિંડોને સાફ કરે છે. કોલેરામાં પેશાબ વધારવા માટે તેનાં મૂળનો ફાંટ અપાય છે. હાથીપગામાં તેનાં મૂળનો લેપ કરે છે તથા વ્રણ ઉપર તેનાં પાન બાંધે છે.

પૌષ્ટિક દવાઓ તેમજ જુદા જુદા પાકમાં કૌચબીજનો ઉપયોગ છુટથી થાય છે, **કૌચાપાક** પણ બને છે એ સર્વ પૌષ્ટિક, વીર્ય બળવર્ધક તરીકે વપરાય છે, ધાતુનીનબળાઇ માટે તેની **ચાનરીવટી** પ્રસિદ્ધ દવા છે. મૂળનો ક્વાથ લેવાથી ઉંઘ સારી આવે છે, પેટનાં કૃમિ માટે કૌચાનીશીંગનીફંવાટી લઇ દહીં સાથે આપવાથી કૃમિ મરે છે પછી જુલાબ બીજે દહાડે આપવો. પૌષ્ટિક માટે એખરા સાથે તેનું ચૂર્ણ લેવાય છે. મૂળનો ક્વાથ કરી પોતું ભરી યોનીમાં રાખવાથી ઉત્તમ યોનીસંકોચન થાય છે.

૧૧૦ કાળાદાણા

N. O. Convolvalaceæ (ત્રિવૃતાદિવર્ગ)

સં. શંખીની, નિલપુષ્પી, **હિં.** કાલાદાના, **મ.** નીલચેલ, કાળાદાના, **બં.** નિલકોલોબિ, **ગુ.** કાળોકુંપો, **લા.** Ipomœa hederacea.

વર્ણન : અન્દરમાં ગાંધીની દુકાને કાળાદાણાનાંબીજ મળે છે, એનાં વેલા થાય છે, ચોમાસામાં ખેતરની વાડોમાં તેનાં વેલા પોતાની મેળે ઉગે છે, આ બીજ લોકો ભેગા કરી રાખે છે, યુનાની વૈદ્યો તેને વાપરે છે, જુલાબની કેટલીક દવાઓમાં વૈદ્ય–ડૉકટરો પણ વાપરે છે. પ્રાચિન વૈદ્યકપુસ્તકોમાં તેના ઉપયોગ બાબત કંઇ જણાતું નથી.

કચ્છમાં તેને ભમરડાનોવેલો કહે છે તેનાં ફળનો દેખાવ ભમરડા જેવા હોવાથી તેનું આ નામ પડેલ છે, સંસ્કૃતમાં તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃષ્ણબીજ કહે છે. તેનાં વેલા સર્વત્ર થાય છે. પાનમાં રૂંવાટી હોય છે, ગામડાનાલોકો તેને જુલાબ માટે વાપરે છે, એ નસોતરને મળતી તેના વર્ગની ઔષધી છે, દવામાં બીજ વપરાય છે.

ગુણ: રેચક, શોથહર, સ્નિગ્ધ, જ્વરહર, ઉદરરોગનાશક અને મળમુત્રનો ખુલાસો કરનાર છે.

ઉપયોગ: સુખકર જુલાબ લેવા માટે એરંડીઆથી તે બીજે નંબરે આવે છે. નસોતરના કે જલપના જેવી ગુણદાયક છે છતાં પેટમાં ચુંક લાવવાનો એમાં જરાપણ દોષ નથી એનાં બીજ જરા શેકીને વપરાય છે. તેના ચૂર્ણમાં શુંઠ અને સિંધવ મેળવી લેવાથી સ્વાદ અને ગુણ સરસ થાય છે. રાત્રે સુતી વેળા ૩૦ થી ૬૦ ગ્રેન લેવાથી સવારે એક બે ઝાડા સાફ આવે છે. યકૃત, બરલ, સોજ્જ અને જીર્ણતાવ તેનાથી મટે છે. તે પિતને બ્હાર કાઢે છે. અંગ્રેજી ડૉકટરો તેનું ચૂર્ણ અને ટીંકચર બનાવીને એજ કામ માટે વાપરે છે.

૧૧૧ મીંઢીઆવળ

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

સં. માર્કંડી, અજશૃંગી, ભૂમ્યાવર્તકી **હિં.** સોનામુખી, સનાય, **મ.** ભુયતરવડ, **બં.** સોનામુખી, **લા.** Senna folia.–Senna leaves.

વર્ણન: મીંઢીઆવળનાંપાન બજારમાં ગાંધીઓને ત્યાં મળે છે, પાનની સાથે શીંગ–ફલી પણ એમને ત્યાં મળે છે. એની પેદાશ આપણા દેશમાં દક્ષિણભારત–તિનેવેલી તરફ થાય છે બીજી સોનામુખી અરબી કે જે એલેકઝાન્ડરીઆ તરફથી આવે છે, ત્રીજી જાત સિંધ, પંજાબ, કચ્છ તરફ થાય છે જેને ભોંયતરવડ અથવા સુરતી–ગામડી સોનામુખી કહે છે કે તે એક પ્રકારનાં આવળનીજાત છે આ બધી જાતોમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જાતો દક્ષિણભારતની સાધારણ રીતે સર્વત્ર મળે છે તે તથા અરબસ્તાનવાળી જાત ઘણીજ સારી છે પણ તે સર્વત્ર મળવી કઠણ છે પણ મળે તો દવા માટે એ સારી છે. તેનાં પાન મોટાં સાફ અને કચરા વગરનાં આવે છે દવામાં એનાં પાન અને શીંગ વપરાય છે એની ડાંખળી વીણી કાઢી સાફ પાન વાપરવાં જોઇએ, જો ડાંખળી લેવાય છે તો પેટમાં વીંટ–ચૂંક આવે છે. લેટીન નામ બાબત લેખકોમાં મતભેદ જણાય છે.

મીંઢીઆવળ પ્રસિદ્ધ અને ઘરગથુ જુલાબની જાણીતી દવા છે તેને આપણા વૈદ્ય, ડૉકટરો, હકીમો, સૌ કોઇ છુટથી વાપરે છે.

ગુણ: રેચક, શોધક, કૃમિઘ્ન, ઉદરરોગ અને રક્તવિકાર મટાડે છે.

ઉપયોગ: બધાએ દરદોનું મૂળ કારણ કબજીઅતથી શરૂ થાય છે. મીંઢીઆવળ મળનું શોધન કરી કબજીઅતને મટાડે છે. જો તે યોગ્ય ચીજો સાથે હમેશાં લેવાય તો જરાપણ હાની કરતી નથી. કેમકે તેનો જુલાબ ધીમો અને હલકો લાગે છે, તે નાનાં મોટાં તેમજ નબળાઓ માટે ઉત્તમ રેચક છે. તેના જુલાબથી પાચનશક્તિ સુધરે છે અને સાથે સાથે રક્તશુદ્ધિ પણ થાય છે, રક્તવિકારની બધી દવાઓમાં તેને સ્થાન આપવામાં આવે છે તેથી ચામડીનાં અનેક નવા જુનાં દરદો મટે છે. મળવિકાર કે કબજીઅતને પરિણામે આજે અનેક દરદો થઇ ભુખ મરી જાય છે એ સર્વને દૂર કરવા દરરોજ તેનાં પાન કે શીંગને પાણીમાં પલાળી તેને ચોળી તે પાણી પી જવું, પેટ સાફ આવે, ભૂખ લાગે અને શરીર નિરોગી બને છે.

મીંઢીઆવળનાંપાન કરતાં એની શીંગ વધારે સૌમ્ય જણાય છે ઘણા લોકો તેને બારે માસ પલાળીને દવા તરીકે વાપરે છે અને તેથી તેમને આરામ રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરસમાં રહેતી કબજીઅત માટે પણ એ દવા ઉત્તમ ગણાય છે. તેનાં પાનને ગૌમુત્રનાં સાત પુટ આપી સુકવી પછી ચૂર્ણ કરી લેવું એ ચૂર્ણ–**પવિત્રચુર્ણ** કહેવાય છે તે લેવાથી કુષ્ટ, ઉંદરનુંઝેર અને વિષવિકાર મટી શરીર શુદ્ધ બને છે.

કાળીદ્રાક્ષ, જેઠીમધ અને મીંઢીઆવળનાંપાન રાત્રે પલાળી સવારે જરા ઉકાળીને લેવાથી ઝાડા એ ચાર થઇ પેટ સાફ થાય છે કટલાક એમાં ગુલાબકુલ, શુંઠ, હીમજ અને ગરમાળો વગેરે નાંખે છે.

પિત્તજ્વર અને યકૃતદોષમાં પિત્તનું રેચન થવા માટે તેનો જુલાબ સારો છે તેમ થવાથી પિત્ત બ્હાર પડી તાવ–માથાનોદુઃખાવો મટે છે અને દાહ વગેરે મટી પાચન સુધરે છે.

સોનામુખી એકલી લેવાથી તેનો સ્વાદ બરાબર જણાતો નથી એટલે તેનાં ચૂર્ણમાં સોંફ, શુંઠ, હરડે, સિંધવ વગેરે મેળવીને જુદા જુદા પ્રકારની મળશુદ્ધી માટે ફાકીઓ બનાવીને વાપરવાનો રિવાજ આપણે ત્યાં પડેલો જણાય છે.

એનાં પાનનો મુરબ્બો જેને કનફેકસિયોસેના કહે છે તે બાવામાં સ્વાદિષ્ટ, શોધક અને ઉત્તમ રેચક દવા ગણાય છે.

સ્વાદિષ્ટવિરેચન એની એક જાણીતી બનાવટ છે એવીજ રીતે પંચસકાર પણ જાણીતી દવા છે. આ બધી પેટ સાફ માટે લેવાય છે એનાં પાન તોલા ૨।। પાણી ગરમ કરેલું તોલા ૧૦ એક કલાક રાખી ગાળી તેમાં દૂધ–સાકર નાંખી લેવાથી દસ્ત સાફ આવે છે.

એની શીંગને અંગ્રેજી કે લેટીનમાં સેનાપોડ કહે છે તેની ચા, સરબત, એકસ્ટ્રેટ, મિકશ્ચર વગેરે બનાવટો અંગ્રેજી વૈદ્યકમાં વપરાય છે.

નાનીહરડે, શુંઠ, સનાયનાંપાન એને રાત્રે પલાળી સવારનાં લેવાય તો ઉત્તમ જુલાબ આવે અને તેથી ઉદરરોગ અને વાતવ્યાધિ મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવાથ, ચૂર્ણ, ટીંકચર, શરબત, મુરબ્બો કે બીજા કોઇપણ રૂપમાં તે સર્વને માફક આવે છે અને લાંલગી નાની માત્રામાં એનો ઉપયોગ કરવો ચૂર્ણની માત્રા ગ્રેન ૧૦ થી ૩૦ સુધી લેવાય છે.

મીંઢીઆવળનાં પાનનું ચૂર્ણ કરી તેને જરા ઘીનું મોંણ આપી પછી તેમાં આંબલીનો ગર લાવી તેને પાણીમાં ચોળી સાકર નાંખી શરબત જેવું કરી લેવું, બાદ તેમાં ચૂર્ણ નાંખી જરા શુંઠ અને વરેઆરી મેળવી પાક જેવું કરી લેવું, જુલાબ માટે આ પાક ઉત્તમ છે.

૧૧૨ જાંબુ

N. O. Myrtaceæ (જાંબવાદિવર્ગ)

સં. જંબુ, **હિં.** જામુન, **મ.** જાંભુળ, **બં.** કાલાજામ, **લા.** Eugenia jambolana.

વર્ણન: જાંબુ એ પ્રસિદ્ધ ફળ છે તેનાં મોટાં ઝાડ થાય છે, બાગ, વાડી કે જંગલમાં તે સર્વ જગાએ થાય છે. મોટાં જાંબુ અને નાની જાંબુડી એમ બે જાત પ્રત્યક્ષ જોવામાં આવે છે કેટલાક એક ત્રીજી જાતને ભોંયજાંબુ કરીને વર્ણવે છે. અહિં જેઠ માસમાં તેનાં ફળો બજારમાં વેચાતા મળે છે એ ફળો લોકો ખુબ ખાય છે એ ફળ નાનાં અને મોટાં બંને જાતનાં આવે છે, દવામાં ફળનોરસ, ફળનાંઠળીઆ, ઝાડનીછાલ અને કુણાંપાન એ સર્વ વપરાય છે. એના રસનો સુરકો બનાવે છે તથા રસનો આસવ પણ બને છે જે દેશી વૈદ્યોને ત્યાં મળે છે, વપરાય છે. જાંબુનારસથી વગર ભઠી આપે ઉત્તમ લોહભસ્મ બની શકે છે. એનું લાકડું જલદી ટુટી પડે છે.

ગુણ: ગ્રાહી તથા શીતળ છે.

ઉપયોગ: એનાં ફળ વાયુ કરનાર છે એટલે તે ખાલી પેટે નહિં પણ જમ્યા પછી ખાવા હિતકર છે, તે તુરાં અને ખાટાં હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂધ સાથે ખાવાની મનાઇ કરેલી છે. પાકેલાંફળો ખાવાથી પથરી મટે છે. મધુમેહના દરદીને એનાં ઠળીઆનું ચૂર્ણ આપી શકાય છે જેથી તેને સારો લાભ કરે છે સાકર બંધ કરે છે અને પેશાબ ઓછો થાય છે. રસથી પેશાબ સાફ આવે છે.

કમળાના દરદી માટે એનાં ફળનોરસ કાઢી રાખી તેમાં ગળે એટલું મીઠું મેળવી રાખેલ હોય તે આપવાથી સારો લાભ થાય છે. તેથી કમળો અને યકૃતરોગ મટે છે એ રસ અકેક દિવસને અંતરે આપવો.

વધેલી બરલ જંબુ ખાવાથી ઠીક થઇ જાય છે. છાલનો ક્વાથ ગ્રાહી છે તે ઝાડા બંધ કરે છે. કોગળા કરવાથી મુખપાક મટે છે. દાંતનાં પેઢાંનો સોજો મટાડે છે. તેમાં ધમાસા સાથે તેનો ક્વાથ કરવો.

એનો આસવ જેને જંબ્વાસવ કહે છે તે મધુમેહ, ઝાડા, સંગ્રહણીને મટાડે છે. પાનનોરસ ઝાડો, મરડો અને અત્યંત ઋતુસ્રાવ મટાડે છે, તેનાં કુમળાપાનને છુંદી તેમાં લોહનું બારીક ચૂર્ણ મેળવી રાખવું તે એક ઉત્તમ ક્ષાર બને છે જે પાંડુ, નબળાઇ, ઝાડાને મટાડે છે.

---

૧૧૩ માયા

N. O. Cupuliferæ (માયાફળાદિવર્ગ)

सं. માયાફલમ, **हिं.** માજુફલ, **म.** માયફળ, **गु.** કાંટાળુંમાયુ, **ला.** Quercus infectoria.

વર્ણન: એની પેદાશ ઇરાનમાં થાય છે ત્યાંથી આપણા દેશમાં અનેક વર્ષો થયાં આવે છે અને વપરાય છે, બજારમાં ગાંધીઓને ત્યાં એનાં ગોળ ફળ નાની સોપારી જેવડા કાંટાદાર તથા અંદર કોઇક છીદ્ર હોય એવાં મળે છે, ખરી રીતે એ ફળ નથી પણ એક પ્રકારનાં જીવડાએ બનાવેલું ઘર છે. વજનમાં ભારે ઓછા છીદ્રવાળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા જરા લીલા–પીળારંગનું હોય તે ઉત્તમ ફળ ગણાય છે, કેટલાક એમ માને છે છીદ્ર વગરનું, ભારે અને કાળા રંગનું ફળ ગુણમાં ઉત્તમ છે. એ ફળોને જલદી સડો–કીડ લાગે છે માટે બંધ વાસણમાં રાખવાં. માયાની અંદર ટેનીકએસીડ અને ગેલીકએસીડ બંને તત્વો રહેલાં છે.

ગુણ: વાતહર, કટુ, ઉષ્ણ છે. માથાનાવાળને કાળા કરનાર છે તથા યોનીની શીથીલતા મટાડનાર છે. ઠંડા, રૂક્ષ, હલકાં, ગ્રાહી અને દીપન છે. સોજા અને રક્તશ્રાવને મટાડનાર છે. આમણને મટાડે છે.

ઉપયોગ: તેનું ચૂર્ણ દંતમંજનનાં બીજા દ્રવ્યો સાથે કે એકલું વપરાય છે, તેનાથી હાલતા દાંત મજબુત બને છે અને તેજ કારણે તેને મંજનમાં વાપરે છે. તેને ૧૬ ગણા પાણીમાં નાંખી સ્હેજ ઉકાળો કરી કોગળા માટે કે વ્રણ ધોવા માટે અથવા પ્રદરમાં બસ્તી માટે વાપરવું ઉત્તમ છે, તેનાથી વ્રણ, મુખપાક મટે છે અને સંકોચક શક્તિ બરાબર થાય છે.

ગુદભ્રંશ (આમણ બહાર આવે તે) એના ક્વાથવડે ધોવાથી તેમાં સુધારો થઇ તે સંકોચાઇ જાય છે. અતિસારમાં તેને તજનાચૂર્ણ સાથે આપવાથી સારો લાભ થાય છે. જીર્ણજ્વર અને વિષમજ્વરમાં તેનું ચૂર્ણ ૧૦ રતીભાર ચાર ચાર કલાકે કરીઆતાનાં ક્વાથ સાથે લેવાથી તાવ મટે છે. પરમીયામાં તેનું ચૂર્ણ દીવસમાં ત્રણવાર લેવું; એથી રસી બંધ થાય છે ને પેશાબ છુટ આવે છે. પ્રદર (શ્વેત)માં તેની પીચકારી લેવી તથા ચૂર્ણ ખાવા માટે આપવું.

મુખપાક અને દાંતમાંથી થતા રક્તશ્રાવ માટે તેના કોગળા કરવા.

રક્તાતિસારમાં અફીણની સાથે માયાફળની ગોળી બનાવીને અપાય છે. હરસ માટે માયાફળ અને અફીણનો મલમ રાંમબાણ ઉપાય ગણાય છે તેનાથી સોજો–પીડા મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોનીભ્રંશ માટે તેના ક્વાથમાં સ્વચ્છ કપડું ભીંજવી તેને ગુહ્યમાર્ગમાં રાખી આરામ કરવું જેથી તે ઠેકાણે આવી જાય છે.

માયાનુંચૂર્ણ, ફુલાવેલ ફટકડી અને બાવળનાં કુમળાં પાનનુંચુર્ણ તેની ગોળી કે પોટલી યોનીમાં રાખવાથી ઉત્તમ રીતે સંકોચન થાય છે આ ઉપાય સર્વત્ર ઘરગથુ ગણાય છે.

કફ પાતળો હોય, પ્રમાણમાં વધારે પડતો હોય, કફમાં લોહી હોય, ઝાડામાં લોહી હોય વગેરે દરદોમાં બાવા માટે તેનું ચુર્ણ અપાય છે અને તેથી બરાબર લાભ થાય છે. તેની અસર શ્લેષ્મત્વચાપર સારી થાય છે અને તેથી કરી કફ ઘટવા લાગે છે.

વછનાગ, ધતુરો, અફીણ વગેરે ઝેરમાંથી કોઇપણ ખવાઇ ગયું હોય ત્યારે પ્રથમ ઉલટી કરાવી પછી માયાનો ક્વાથ બનાવી આપે છે થોડી થોડી વારે ખુબ પીવા દેવો તેથી ઝેર ઉતરે છે.

દાડમછાલ, માયાફળ અને કપુર એનો ઉપયોગ રક્તસ્રાવને બંધ કરવા માટે થાય છે.

અતિસાર, આમાતિસાર કે રક્તાતિસારમાં તે બીજી દવાઓ, સુગંધીપદાર્થોની સાથે વાપરવા લાયક છે.

તેનું બારીક કપડછાણચુર્ણ ગેલીકએસીડ કે ટેનીકએસીડની જગ્યાએ વાપરી શકાય છે.

———

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧૪ કચુરો

N. O. Scitamineæ (હરિદ્રાદિવર્ગ)

सं. કર્ચુર, શઠી, **हिं.** કચુરા, **म.** કચોરા, **बं.** શટી, **ला.** Curcuma zedoaria.

વર્ણન : કચુરો ગાંધીઓને ત્યાં મળે છે, તેનાં છોડ હિંદુસ્થાનમાં ઘણે ઠેકાણે થાય છે તેના પાન હળદરને મળતાં હોય છે છોડની નીચે આંબાહળદર જેવો કંદ થાય છે એ કંદને કાપી–કાતરી કરી સુકવે છે જે દવામાં વપરાય છે અને તેજ ગાંધીઓને ત્યાં મળે છે, તે એક ઉત્તમ સુગંધી દ્રવ્ય છે દવાઓમાં તે અનેક જગાએ અનેક બનાવટોમાં વપરાય છે. તે સિંહલદ્વિપ તથા ચિતામાંગથી અહિં આપણી બન્દરમાં આવે છે. કેટલાક આને ષટ્કચુરો કહે છે વળી કોઇક એને કપુર-કાચડીનોભેદ પણ ગણે છે.

ગુણ: કડવો, તીખો, દીપન, પાચન, ઉષ્ણ, સુગંધી અને મ્હોંને સાફ કરનાર છે. તે વાયુ હરનાર અને મુત્રલ છે. કુષ્ટ, અર્શ, વ્રણ, ખાંસી, ગુલ્મ, વાયુ, કફ અને કૃમિ મટાડે છે.

ઉપયોગ: સુવાવડીને માટે તેનો ક્વાથ કે પાકના રૂપમાં ઉપયોગ કરવો લાભ કરનાર છે. શુંઠ, દેવદાર, પર્પટ, ધમાસો, કરીઆતું, કચુરો, કહુ, મોથ, ભોંરીંગણી એનો ક્વાથ કરી તેમાં મધ અને પીપર મેળવી આપવાથી સુવાવડીનોતાવ અને જીર્ણજ્વર તથા સુવારોગનાં ઉપદ્રવો મટે છે. કચુરો દીપન પાચન હોવાથી ગ્રહણી માટે ઉત્તમ છે.

શરદી, વાયુ અને કફથી અંગ દુખે છે ત્યારે કચુરો, પીપર, તજનોક્વાથ મધ નાંખીને પીવા આપવો તથા કચુરાને વાટીને લેપ કરવો, તેમજ પ્રમેહમાં તે લેવાથી પેશાબ છુટથી આવે છે તણખ મટે છે. ઉદરરોગમાં પણ તે સારી દવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમૃતપ્રાશ, અગસ્ત્યહરિતકી, ચ્યવનપ્રાશ, નારાયણચુર્ણ અને બીજી અનેક બનાવટોમાં તે વપરાયલો છે, સુગંધી દ્રવ્યોની સાથે એની યોજના થએલી દેખાય છે. શ્વાસ, કાસ, યક્ષ્મા, જ્વર અને ગ્રહણી વગેરેમાં તે એકલું કે બીજી દવા સાથે ચુર્ણરૂપે કે ક્વાથરૂપમાં વાપરેલું છે ને તે બરાબર છે.

---

૧૧૫ કપુરકાચલી

N. O. Scitamineæ (હરિદ્રાદિવર્ગ)

सं. शठी, सुगंधमुला, **हिं.** गंधपलाशी, **म.** कपुरकचडी, **बं.** शठी, गंधशठी. **ला.** Hedychium spicatum.

વર્ણન: કપુરકાચડી ગાંધીની દુકાને મળે છે તે એક સુગંધી દ્રવ્ય છે. કચ્છ તેમજ સિન્ધમાં તેને સુરાણ–સોરાણ કહે છે તેનો ઉપયોગ દવામાં, ધૂપમાં, સુગંધીતેલોમાં તેમજ કપડામાં તેની ભુકી કે ટુકડા છાંટવાથી કીડ ન લાગે એવા કામોમાં થાય છે. દવામાં તે એક ઉત્તમ, સાદી અને ઘરગથુ દવા તરીકે પ્રસિદ્ધ ઉપાય છે.

એના વેલા થાય છે એ કચુરાના વર્ગની ઔષધી છે, બજારમાં જે મળે છે તે એનાં કદના કાપીને સુકવેલા ટુકડા છે તેમાં ખુબજ તીવ્ર વાસ રહેલી છે તે બજારમાં વેચાવા માટે બે જાતની આવે છે ચીન તરફથી તથા આપણા દેશની, આપણા દેશમાં તે ગઢવાલ, નેપાળ, હિમાલય અને બીજનોર તરફ થાય છે. આપણા દેશનીમાં સુગંધી સારી હોય છે પણ તે હલકી લાગે છે.

ગુણ: કષાય, ગ્રાહી, લઘુ, તિક્ત, તીક્ષ્ણ, કટુ ઉષ્ણ, મળનાશક છે, દીપન તેમજ વાતનાશક છે. હેડકી, ઉલટી, ખાંસી, કફ, શ્વાસ, વ્રણ, શૂળ, ગુલ્મ, આમને મટાડનાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : તેનું બારીક કપડછાણચુર્ણ કરી તેને પાણીમાં વાટી ચણા જેવડી ગોળી કરી છાંયે સુકવી લેવી. આ ગોળી ઉલટી અને વાયુના ઉપદ્રવો માટે રામબાણ છે. હીસ્ટીરીઆ તથા સુન્યવાતને મટાડે છે, ગર્ભિણીની ઉલટી માટે પણ સારો ઉપાય છે, હેડકીને પણ શાંત કરે છે.

મોઢાની દુર્ગંધી તથા દાંતનું દરદ મટાડનાર છે તેનું ચુર્ણ મંજન તરીકે વાપરી શકાય છે. તે અનેક જાતનાં સુગંધી પદાર્થોમાં ધૂપ–તેલ કે બીજી બનાવટોમાં વપરાય છે એ સિવાય તેનો બહુ ઉપયોગ જણાતો નથી.

---

૧૧૬ કાયફળ (છાલ)

N. O. Myricaceæ (કટફલાદિવર્ગ)

સં. કટફલ. **હિં.** કાયફલ. **મ.** કુંભા કાયફળ **.બં.** કાયફલ. કટફલ. **લા.** Myrica nagi–Myrica supida.

વર્ણન : કાયફળનાં મોટાં ઝાડ થાય છે, આ સુવાસિકવૃક્ષ હિમાલય અને નેપાલના ઠંડા પ્રદેશમાં જોવામાં આવે છે, કોકણમાં થાય છે એમ પણ કોઇક લેખકનો અભિપ્રાય છે, અન્દરમાં ગાંધીઓને ત્યાં કાયફળનીછાલ જાડી, ભુખરા રાતા રંગની મળે છે એનેજ લોકો કાયફળ કહી વાપરે છે. બરી રીતે તે ફળ નથી પણ વૃક્ષની છાલ છે, એનાં ફળ કાયફળનાં ફળને નામે ગાંધીઓને ત્યાં મળે છે, દેખાવમાં તે જાયફળને મળતાં પણ જરાક લાંબા હોય છે તેનાપર જાવંત્રી માફક પત્રી હોય છે તેને રામપત્રી કહે છે એનાં ફળોમાં જાયફળ માફક તેલની માત્રા નથી પણ સહેજ અંશરૂપે છે, ફળને કાપી જોતાં તે આંગળામાં ચોંટે છે. ફળની ઉપર જાયફળની માફક પાતળી છાલવાળું કવર હોય છે, આ ફળોને ચીન તેમજ જાપાનમાં બટમધુરાં ફળ તરીકે બાય છે, દવામાં આ ફળનો ઉપયોગ થએલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાતો નથી. છાલ દવામાં ખાવા માટે તેમજ લગાડવાની દવા તરીકે વૈદ્યકમાં વપરાય છે ઉપરાંત તે ઘરગથ્થુ દવા પણ છે એની છાલનો ભુકો પાણીમાં નાંખવાથી પાણી લાલ બને છે, છાલ રાતી અને સહેજ ફીકી સફેદ એમ બે પ્રકારની જોવામાં આવે છે. દવા માટે નવી અને લાલ હોય એ છાલ ઉત્તમ ગણાય છે તે સર્વત્ર સહેલાઇથી મળે છે. લેટીન નામ બાબત કંઇક મતભેદ હોય એમ જણાય છે. છાલના ગુણ માટે મતભેદ નથી.

ગુણ: ઉષ્ણ, ગ્રાહી, સ્વેદ્ય, વાતહર, કફઘ્ન, ઉત્તેજક, શોથહર સુગંધી અને પીડાશામક છે. યોનીદોષ, વિષ અને કૃમિ તેમજ વાતરોગ મટાડે છે. ખાંસી, કફ અને શરદીમાં તે ખાસ વખણાય છે.

ઉપયોગ: છાલનું ચૂર્ણ કરી તેનું નસ્ય લેવાય છે, એથી પુષ્કળ છીંકો આવી શરદી, શ્લેષ્મ અને માથાનોદુ:ખાવો મટે છે. તેનું બારીક ચુર્ણ શરીર કંઇ પડે ત્યારે માલીશ કરવા માટે વાપરે છે, તેથી હાથપગમાં તુરતજ ગરમી આવી શીતાંગ મટે છે. વાથી અંગ ઝલાઇ જાય, સાંધાઓમાં સોજો અને દુખાવો હોય તેને માટે એનું તેલ વાપરવાથી–માલીશ કરવાથી તુરત લાભ કરે છે અને પીડા મટી સોજો ઉતરી સાંધા છુટા પડી જાય છે.

ખાંસી, તાવ, અરૂચી, શ્વાસ અને વાયુ મટાડવા માટે કટફલાદિચુર્ણ કે કટફલાદિક્વાથ વાપરવાની ભલામણ થાય છે આ બંને બનાવટો ઉત્તમ છે.

કર્ણશૂળમાં તેનું ચુર્ણ કરી સરસવતેલમાં ઉકાળી તે તેલનાં ટીપાં નાંખવાથી કાનનું દરદ મટે છે. માથાનાદુખાવામાં ચુર્ણનું નસ્ય લેવાય છે. તથા દંતશૂળમાં તેની છાલનો ક્વાથ કરી કોગળા કરવા અપાય છે એ બધાં તુરતજ લાભ કરે એવા પ્રયોગો છે. મુંઢમાર માટે તેનું ચુર્ણ પાણીમાં વાટી જરાક તેલ મેળવી લેપ કરવાથી ભાંગેલા હાડને સાંધી પીડા–સોજો મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાથો, હીંગ અને કપુર સાથે વાટી હરસમાં લેપ કરવા અપાય છે. જુનાવ્રણને તેના પાણી વડે ધોવાથી સાફ થાય છે અને પછી તેનું ચુર્ણ ત્યાં દાબવાથી વ્રણ ભરાઇને રૂઝાઇ જાય છે. રૂતુ લાવવા માટે તેનાં ચુર્ણની સેાગડી બનાવી ગુહ્યભાગમાં રાખવા માટે અપાય છે.

ગળાની ગાંઠમાં તેનું ચુર્ણ ગળાની અંદર ઘસવાનું ચક્રદત્ત કહે છે. ગૌમુત્ર, ઘી, કાયફળછાલ, પીપર, મધ, સીંધવ, સમુદ્રફીણ સર્વ સમભાગે લઇ, બારીક વાટી ઘુંટી મેળવી અંજન જેવું કરી લેવું, તે આંખના દરદો માટે ઉત્તમ છે એમ સુશ્રુતમાં જણાવેલ છે.

સ્વરભંગ, શ્વાસ, ખાંસી, કફ, શ્લેષ્મ અને તાવમાં તે ઉત્તમ ઉપાય છે. જુલાબ બંધ કરી પેટને સુધારે છે, ક્વાથ લેવાથી શ્વાસ અને પાર્શ્વશૂળ મટે છે. સુવાવડીને એનું ચુર્ણ ઘી અને પૌષ્ટિક દવાઓ સાથે આપવાનો ઉત્તરહિંદ તરફ રિવાજ છે. તેનો દંતમંજનમાં બીજી દવા સાથે ઉપયેાગ થાય છે. તેનું તેલ (ઉપર કહેલ છે તે) વાતરેાગની એક ઉત્તમ દવા છે એમ સ્વ. પં. શ્યામસુંદરાચાર્ય વૈદ્યનો અભિપ્રાય છે.

---

૧૧૭ કેસર

N. O. Irideæ (કેશરાદ્વિવર્ગ)

સં કુંકુમં. કાશ્મીરમ્. **હિં.** કેસર. **મ.** કેશર. **બં.** જાફ્રાન. **લા.** Crocus sativus.

વર્ણન: કેસર બજારમાં ગાંધીઓને ત્યાં મળે છે, એ પરદેશી ચીજ છે, કાશ્મીરમાં દેશી કેસર હવે સારા પ્રમાણમાં થાય છે, છતાં ઇરાન અને સ્પેનથી કેસર મોટા પ્રમાણમાં અહિં આયાત થાય છે. દવામાં, મીઠાઇમાં અને દેવપુજનમાં એનો ખુબ ઉપયેાગ થાય છે અને તેથી એની કિંમત સદાય ઉંચી રહે છે, છેલ્લાં પાંચેક વર્ષથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેસરનો ભાવ ૩૦ રૂપીઆ રતલથી વધીને ૨૦૦ રૂપીઆ રતલનો થઇ ગયો છે. મોંઘી ચીજ હોવાથી લોકો નકલી કેસર બનાવીને વેચે છે.

બજારમાં શુદ્ધકેશર મુશ્કેલીથી મળે છે, પુરોભાવ આપવા છતાં બનાવટી કે ભેળવાળું જ કેશર મળે છે. પરદેશી કેસર કે જે સ્પેનમાંથી આવે છે તે વેપારી લોકો, પોતાનાં ટ્રેડમાર્કરૂપી લેબલવાળા ડબ્બાઓમાં ભરીને વેચે છે. એમાં પણ હવે ઠગાઇ થાય છે, મુંબઇ એ ધંધાને માટે મોટી બજાર છે, બરી ખાત્રી કરી સારો માલ લેવો તે ન મળે તો પછી ઇરાન કે કાશ્મીરનો માલ બરીદવો. સ્પેનનું કેશર એકજ પ્રકારની સુગંધ, એકજ રંગ અને સફાઇદાર લાલરંગનાં તાંતણારૂપમાં મળે છે. ઇરાનનું કેશર લાંબા તંતુઓમાં હોય છે કાશ્મીરનું કેશર ટુંકાતંતુઓમાં મળે છે.

ગુણ : શીતળ, સ્થંભક, વાજીકર, પૌષ્ટિક અને દીપન પાચન છે, તથા તે પીડાશામક, આર્તવજનક, સંકોચવિકાશપ્રતિબંધક છે, આંચકી–ખેંચ મટાડે છે.

ઉપયોગ : કેશરનો ઉપયોગ દવામાં સામાન્ય છે, મીઠાઇમાં કે પૌષ્ટિક પાકોમાં સુગંધ, સ્વાદ અને રંગ તથા ગુણ વધારવા કેશર વપરાય છે. દૂધમાં કેશર મેળવી કેસરીઆદૂધ બનાવીને પીવાનો ચાલ છે, શીખંડ, બરફી, પેડા, લાડુ અને જલેબીમાં સાચી કેસર નાંખી બનાવવામાં આવે તો મીઠાઇ ઘણી સરસ બને છે.

નાનાં બાળકોને શરદી થાય છે ત્યારે કેશરને દૂધમાં ઘુંટીને માથાપર–હાથપગપર કે છાતીપર લગાડે છે. તેથી તે શરદીને ઘટાડે છે. ઝાડા, મરડા કે આંચકી હોય ત્યારે કુમકુમવટી અપાય છે. એ કુમકુમવટીમાં કેશર તો. ૦॥ અને અફીણ તો. ૦॥ મેળવી મધમાં ચોખાપુર ગોળી બનાવી લેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કસ્તુરીનીગોળીમાં કેશર આવે છે તે ગોળી શરદી મટાડે છે તથા તાકાતપણ લાવે છે. કેશરાદ્વિવટી જેમાં રસકપુર આવે છે તે દવા ગરમી–ચાંદી–ઉપદંશ માટે રામબાણ ગણાય છે.

પ્રાચિન વૈદ્યકપુસ્તકોમાં કેશરનો ઉપયોગ બહુજ જુજ પ્રમાણમાં થયો જણાય છે, ખાંસી, શ્વાસ, શરદી, આંચકી અને નબળાઇમાં કેસર એકલી કે બીજી દવા સાથે વપરાય છે. વીર્યની ક્ષીણતા માટે કેસર સારી દવાઓ સાથે લેવાય છે યૌવનપાંડુ અને ઋતુવિકારમાં તેનો ઉપયોગ થાય છે તે લેવાથી ઋતુ સાફ આવે છે અને પીડા મટે છે. માથાનાદુખાવામાં તેને ગાયના ઘીમાં મેળવી નસ્ય લેવાય છે, તેથી દરદ મટે છે. રક્તપિત, ગર્ભિણીનોરક્તસ્રાવ, નસ્કોરી ફુટવી અને બળખામાં લોહી પડે ત્યારે તે દૂધ કે માખણમાં લેવાનો રિવાજ છે તેથી બરાબર લાભ થાય છે.

શુક્રસ્થંભક દવાઓમાં તથા ઝાડો બંધ કરવાની દવામાં તે વપરાય છે. સ્તનપર લેપ કરવાથી દૂધ છુટથી આવે છે. યોનીમાં ગોળી રાખવાથી ઋતુ સાફ આવે છે. ચંદનના લેપમાં કેસર મેળવી ઠંડો લેપ સૌ કોઇ દેવમંદિરમાં રાખે છે અને વાપરે છે.

નીચેની બનાવટો વાપરવા લાયક છે.

(૧) કેશરીવટી પૃષ્ટ ૧૦૫. (૨) કેશરાદ્વિવટી પૃષ્ટ ૧૦૫. (૩) કેશરાદ્વિચુર્ણ પૃષ્ટ ૧૭૪. (૪) કેશરાદ્વિઅવલેહ પૃષ્ટ ૨૪૬. વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે. (૫) કેશરવટી પૃષ્ટ ૫૯, (૬) કેશરીચુર્ણ પૃષ્ટ ૧૨૨ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે.

———

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક ઋતુમાં ખાસ વાપરવા લાયક

ઠક્કુર સારસા પરિલા

ઘણેભાગે તમામ રોગોનું મુળ દૂષિત રક્તજ જોવામાં આવે છે, લોહી બગડવાથી ચામડીનાં અનેક દરદો થવાનો સંભવ છે તે ઉપરાંત સંધિવા, વાતરક્ત પ્રમેહ. પરમીયો, ચક્કરી આવવી, પ્રદર, સ્વપ્નદોષ, સોજો અને નબળાઇ, વગેરે બિમારીઓ થવા લાગે છે, ખસ, ખરજવું, દરાજ, વ્રણ, કુષ્ટ અને બીજી ચાલુ સર્વ બિમારીઓ પણ રક્તવિકારને આભારી છે, આંખોની ગરમી, મોઢામાં ચાંદી પડવી, શરીરમાં બળતરા થવી, હાથપગ બળવા આ સર્વ બિમારીનું મુળ કારણ દૂષિત રક્તજ છે.

ઉપર બતાવેલ સર્વ બિમારીઓ માટે ઠક્કુર-સારસાંપરિલા અકસીર અને ફતેહમંદ ઉપાય છે, તે નિર્દોષ વનસ્પતિની બનાવટ છે અને તેને ગમે તે ઋતુમાં કોઇપણ વાપરી શકે છે. આજેજ તમો વાપરવાનું શરૂ કરો.

રતલ ૦॥ ની બાટલી ૧ ને રૂ. ૧॥

ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી

નાનકવાડા; કરાચી. ૭૭૫, કાલબાદેવીરોડ; મુંબઇ. ગાંધીરોડ; અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔષધી વિજ્ઞાન

(પૂર્વાર્ધ)

ભાગ ૩ જો

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

∴

મૂલ્ય રૂપીઓ સવા

∴

લેખક:

વૈદ્ય ગોપાલજી કુંદનજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul·Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म् ॥

શ્રી ધન્વન્તરયેનમઃ

ઔષધી વિજ્ઞાન

(આરોગ્યસિન્ધુ ગ્રન્થમાળા પુષ્પ ૨૮ મું)

पुस्तकालय
गुरुकुल कांगड़ी

લખનાર:

વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

સંપાદક: "આરોગ્યસિન્ધુ"

નાનકવાડા, કરાચી.

५५ ग
२१(ग)
२०५११

પ્રથમાવૃતિ

જાન્યુઆરી ૧૯૪૨

મૂલ્ય રૂપીઓ સવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક:
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર
માલેક:
ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી
નાનકવાડા, કરાચી.
૩૭૫, કાલબાદેવીરોડ, મુંબઇ.

સર્વ અધિકાર લેખકને સ્વાધિન છે.

મુદ્રક:
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર
માલેક:
આરોગ્યસિન્ધુ પ્રીન્ટીંગ પ્રેસ,
નાનકવાડા, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગયા ભાદરવા માસમાં બીજો ભાગ પુરો કર્યો તે વખતે જણાવેલ કે ત્રીજો ભાગ ડીસેંબરની આખર સુધી તૈયાર કરી જનેવારી માસમાં ગ્રાહકોને મળે એ રીતે ગોઠવણ કરી હતી, તદનુસાર આ ત્રીજો ભાગ જનેવારીમાં રવાના કરવા માટે તૈયાર કરી લેવાયો છે.

ઔષધી વિજ્ઞાન ભાગ ૩ જા માં ૫૫ ઔષધીઓ લેવામાં આવી છે, કુલ્લે ત્રણ ભાગનો હવે પૂર્વાર્ધ પુરો થાય છે અને તેમાં ૧૭૨ ઔષધીઓ આવી જાય છે, બાકી આશરે બસોથી વધુ ઔષધી લખવાની રહે છે તેને માટે ૧૯૪૨ માં લખવાનું કામ ચાલુજ રહેશે, પરંતુ છપાવવાની ગોઠવણ કયારે થાય એ કહી શકાય એમ નથી કારણકે કાગળ અત્યારના જમાનામાં ઉંચા ભાવે લઇ છપાવવાનું કાર્ય ઘણુંજ કઠણ છે. છતાંપણ સંયોગ સુધરતાં એ કામ ૧૯૪૨ ની આખરમાં કે ૧૯૪૩ ની શરૂવાતમાં પુરૂં કરી છપાવી લેવાની અત્યારે ધારણા રહે છે.

વાંચકોને પહેલો અને બીજો ભાગ ગમ્યો છે તે રીતે ત્રીજો ભાગ પણ પસંદ પડશેજ એવી અમારી માન્યતા છે,

CC-0: In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ત્રીજા ભાગના અંતમાં બધી ભાષાઓનાં નામની અનુક્રમણીકા આપેલી છે જેથી હવે કોઇપણ ઔષધી કોઇપણ ભાષા ભાષીઓ માટે શોધવામાં અડચણ નહિંજ રહે અને ત્રણ ઠેકાણે જોવાની જરૂર પણ નહિં પડે.

કાગળોનાં ભાવ આ ત્રીજા ભાગ માટે બહુજ ઉંચા અપાયા છે, વળી પ્રતો પણ બાપપુરતીજ છપાયેલી છે એટલે આ પુસ્તક છુટક ખરીદ કરનારાઓને રૂા. એકને બદલે સવામાંજ મળશે. આરોગ્યસિન્ધુના ગ્રાહકોને આ પુસ્તક લેટમાંજ મળી જવાનું છે એટલે તેમને માટે તો કિંમત બાબત કંઇ પ્રશ્ન પણ રહેતો નથી.

આરોગ્યસિન્ધુ માટે બહુજ ઉંચે ભાવે કાગળો લઇ ૧૯૪૨ માં પત્ર ચાલુ રાખવું એમ નકી થતાંજ આ લેટપુસ્તક વખતસર પ્રગટ કરેલ છે તેનું વી. પી. સ્વીકારનારને બાર માસ સુધી પત્ર બરાબર મળતું રહેશેજ.

અગાઉના ભાગોમાં જે જે મૂળલેખકોનો સહકાર લેવાયો છે તે સર્વનો અહિં આભાર માનું છું, કેમકે તે સર્વનો સહકાર આમાં પણ ચાલુજ રહેલ છે.

કરાચી.
શા. ૧૯૬૮
પોશ શુદ ૧૫ શુક્રવાર

ભવદીયઃ
વૈદ્ય ગોપાલજી ઠકકુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રાહકોને અપાયલાં ભેટનાં પુસ્તકોની યાદી:

વર્ષ	પુસ્તકનું નામ			કિંમત	ઇ. સ.
૩ જું	વૈદ્યક ચિકિત્સાસાર	ભાગ ૧ લો	રૂા.	૦।।।	૧૯૨૪
૪ થું	,,	,, ૨ જો	,,	૦।।।	૧૯૨૫
૫ મું	,,	,, ૩ જો	,,	૦।।।	૧૯૨૬
૬ ઠું	,,	,, ૪ થો	,,	૦।।।	૧૯૨૭
૭ મું	વૈદ્યક ચિકિત્સાપદ્ધતિ	,, ૧ લો	,,	૧	૧૯૨૮
૮ મું	,,	,, ૨ જો	,,	૧	૧૯૨૯
૯ મું	અનુભુતપ્રયોગાવલી	,, ૧ લો	,,	૦।।	૧૯૩૦
૧૦ મું	,,	,, ૨ જો	,,	૦।।	૧૯૩૧
૧૧ મું	આયુર્વેદિકપ્રીસ્કીપશન	,, ૧ લો	,,	૦।।	૧૯૩૨
૧૨ મું	બાલચિકિત્સા		,,	૧	૧૯૩૩
૧૩ મું	સ્ત્રીરોગચિકિત્સા		,,	૦।।।	૧૯૩૪
૧૪ મું	આયુર્વેદિકપ્રીસ્કીપશન	ભાગ ૨ જો	,,	૦।।	૧૯૩૫
૧૫ મું	ભાજીપાલો અને મરીમસાલો		,,	૧	૧૯૩૬
૧૬ મું	ગામડાનોવૈદ્ય		,,	૧	૧૯૩૭
૧૭ મું	વૈદ્યકપારિજાત	ભાગ ૧ લો	,,	૦।।	૧૯૩૮
૧૮ મું	,,	,, ૨ જો	,,	૦।।	૧૯૩૯
૧૯ મું	આરોગ્યવિજ્ઞાન		,,	૦।।।	૧૯૪૦
૨૦ મું	ઔષધી વિજ્ઞાન	ભાગ ૧ લો	,,	૧	૧૯૪૧
૨૧ મું	,,	,, ૩ જો	,,	૧।	૧૯૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયાનુક્રમ

નામ	નંબર	પૃષ્ટ	નામ	નંબર	પૃષ્ટ
અધેડો	૧૧૮	૨૮૯	ડીકામારી	૧૨૯	૩૨૪
આર્ચા	૧૩૫	૩૩૭	તગરગંઠોડા	૧૪૫	૩૬૪
ઉપલેટ (કંદ)	૧૪૬	૩૬૭	તલવણી	૧૫૦	૩૭૬
એખરો	૧૩૯	૩૪૮	તુલસી	૧૬૩	૪૦૫
ઓથમીજીરૂં	૧૫૮	૩૯૨	દારૂડી	૧૪૦	૩૫૦
કલંબો	૧૨૧	૩૦૨	દેવદાર	૧૫૨	૩૮૦
કાળીપાટ	૧૨૩	૩૦૯	ધાવડીનાંફૂલ	૧૪૯	૩૭૫
કાકડાશીંગી	૧૩૬	૩૩૯	નસોતર	૧૪૩	૩૬૦
કાળીજીરી	૧૫૪	૩૮૪	પદ્મકાષ્ટ	૧૫૯	૩૯૪
કાળીમુસળી	૧૬૭	૪૨૧	પપીતા	૧૭૨	૪૩૧
કીડામારી	૧૨૦	૩૦૦	પાણકંદો	૧૫૬	૩૮૮
કોઠ	૧૩૩	૩૩૨	પારિજાતક	૧૫૭	૩૯૦
ગાવઝભાન	૧૬૮	૪૨૩	પુષ્કરમૂળ	૧૪૭	૩૭૦
ગુગળ	૧૨૬	૩૧૬	બનફસા	૧૪૧	૩૫૪
ગોરખઆંબલી	૧૪૪	૩૬૨	બીહ્વિ	૧૬૯	૪૨૪
ચણકબાબ	૧૩૪	૩૩૫	ભારંગી	૧૪૨	૩૫૮
ચણોઠી	૧૩૮	૩૪૪	ભીલામાં	૧૧૯	૨૯૫
જટામાંસી	૧૪૮	૩૭૨	ભોંપાથરી	૧૩૦	૩૨૬
ઝેરકુચલા	૧૬૧	૩૯૯	ભોંયઆમળી	૧૬૨	૪૦૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ	નંબર	પૃષ્ટ	નામ	નંબર	પૃષ્ટ
મોરવેલ	૧૫૧	૩૭૮	સફેદમુશળી	૧૬૬	૪૧૯
રતાંજળી	૧૨૪	૩૧૨	સરગવો	૧૩૭	૩૪૧
રાળ	૧૨૭	૩૨૦	સરલ	૧૫૩	૩૮૧
વછનાગ	૧૬૪	૪૧૧	સાલમ	૧૬૫	૪૧૭
વંસલોચન	૧૭૧	૪૨૯	સીંકોના	૧૨૨	૩૦૪
વારાહીકંદ	૧૩૧	૩૨૮	સુખડ (ચંદન)	૧૨૫	૩૧૩
વાળો	૧૭૦	૪૨૭	શેલારસ	૧૬૦	૩૯૭
વિદારીકંદ	૧૩૨	૩૨૯	હંશરાજ	૧૫૫	૩૮૭
સપ્તરંગી	૧૨૮	૩૨૨			

ઔષધી વિજ્ઞાન (ઉતરાર્ધ)

જેમાં ભાગ ૪-૫-૬ (ત્રણભાગ બાકી રહે છે તે) પ્રગટ થવાનાં છે, લખવાનું કામ ચાલુ છે, આપ આપની પ્રત માટે નામ નોંધાવી આપો, છપાવવાની સગવડ થતાં આપને ખબર અપાશે. અને મૂલ્ય તે વખતે જણાવી પછી વી. પી. થી રવાના કરાવી દેવાશે.

લખો આરોગ્યસિન્ધુ પ્રેસ, નાનકવાડા, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔષધી વિજ્ઞાન ખરીદનારાઓને

વિનંતિ

જુદા જુદા ત્રણ ભાગમાં આપ ૧૭૨ ઔષધીઓનું વર્ણન જોઇ ગયા. હજી લગભગ બસોથી વધુ ઔષધી બાકી રહી જાય છે, તેમાં આયુર્વેદિક, યુનાની અને એલોપેથીની ચાલુ ઔષધીઓ આવી જવા સંભવ છે.

હવે જે કાંઇ લખવાનું રહે છે, તે ૪-૫-૬ ભાગ યાને ઉત્તરાર્ધ રૂપે એકજ ગ્રન્થ કે ત્રણ ભાગમાં પુરો કરવાની અમારી ઇચ્છા છે. કાગળની સગવડ મળી જતાં ૧૯૪૨ ની આખરમાં તે પ્રગટ કરી વાંચકોની સેવામાં હાજર કરી દેવા અમારી ધારણા છે. આપને પણ તે ઉત્તરાર્ધ જોવાની ઇચ્છા હશેજ, તો હવે એક કાર્ડ લખી આપ આપની પ્રત લેવાનાં છો એવી અમોને યાદી લખી મોકલો, કેમકે કાગળના ભાવનું ધોરણ ઠીક નહિ હોવાથી છેવટે ગ્રાહકો પુરતી પ્રત છપાવી આ કામ તુરત પુરૂં કરી આપવા અમારી તજવીજ છે. કૃપા કરી પ્રગટ થયેલા ૩ ભાગ માટે આપનો મત, જરૂરી હોય તે સૂચન સાથે અને ઉતરાર્ધ ખરીદવાની આપની ઇચ્છા અમોને નિચેને ઠેકાણે જણાવી દેશોજી.

મેનેજર:
આરોગ્યસિન્ધુ પ્રેસ, કરાચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्री धन्वन्तरयें नमः

ઔષધી વિજ્ઞાન

ભાગ ૩ જો

૧૧૮ અધેડો

N. O Amarantaceæ (અપામાર્ગાદિવર્ગ)

सं. અપામાર્ગ, **हिं.** ચિરચિરા, લટજિરા, **म.** અઘાડા, **बं.** આપાંગ, **ला.** Achyranthus aspera.

વર્ણન : અધેડો ચોમાસામાં સર્વત્ર થાય છે, પણ ભીની જગ્યા અને ગૌચર જમીનમાં તો તે હમેશાં લીલો મળે છે, તેનાં છોડ એક થી દોઢ હાથ ઉંચા હોય છે તેમાં સળી ઉપર માંજર હોય છે એમાં અણીદાર ફળ હોય છે તે રસ્તે ચાલતાં કપડામાં ભરાઇ જાય છે, આ પ્રસિદ્ધ વનસ્પતિ છે તેને સૌ કોઇ જાણે છે. દવામાં તે વપરાય છે તેના પંચાગને બાળીને તેની રાખમાંથી ક્ષાર કાઢવામાં આવે છે એ ક્ષાર દવાના કામમાં ખુબ વપરાય છે. અધેડામાં મુખ્ય કરી સફેદ, કાળી અને લાલ ત્રણ જાત પાનના રંગ ઉપરથી પાડેલી છે પણ લગભગ દરેક જગ્યાએ બધી જાત મળતી નથી. રવીવાર અને પુષ્ય નક્ષત્રના યોગમાં લાકડી વડે ખોદીને તેનું મૂળીયું લાવી રાખેલ હોય તો તે મૂળ ફક્ત બાંધવાથી અનેક પ્રકારનાં ચમત્કારિક લાભ થાય છે, માટે સુજ્ઞ ગૃહસ્થોએ તે અનુભવ કરી જોવો. પ્રાચિન પુસ્તકોમાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો ઉપયોગ સારા પ્રમાણમાં થયેલો છે તથા હાલે ડૉકટરો પણ તેનો ઉપયોગ કરી તે સારી દવા છે એમ જણાવે છે. રાતો અને સફેદ પાન ઉપરથી સારી પેઠે ઓળખી શકાય છે અને ચાલુ દવાના કામમાં એ બંને જાત વપરાય છે એના ક્ષારમાં પોટાશ, જવખાર, સુરાખાર અને ચુનાનાં તત્વો મોટા પ્રમાણમાં રહેલ હોવાથી તે ઘણીજ ઉત્તમ ઔષધી છે. ચોમાસાની આખરમાં તેને લાવી રાખી મુકવું.

ગુણ : તિક્ત, કટુ, તીક્ષ્ણ, દિપન, અમ્લતાનાશક, રકતવર્ધક, શુદ્ધિકર, પથરીનાશક, મુત્રલ, મુત્રામ્લતાનાશક, સ્વેદજનન કફઘ્ન અને પિત્તસારક છે, તે એકલો કે બીજી દવા સાથે લેવાય છે બીજી દવા સાથે તરતજ અસર કરે છે. પેટના દરદોમાં કડવી દવા સાથે, લોહીની બિમારીમાં લોહવાળી દવા સાથે ફેફસાનાં દરદોમાં સુગંધી અને સ્નેહન દ્રવ્યો સાથે તથા મુત્રરોગમાં સ્નેહન દ્રવ્યોની સાથે તેમજ સર્વ પિતરોગ અને યકૃતરોગોમાં યકૃતરોગનાશક ચીજો સાથે લેવાથી બહુજ સારી અસર બતાવે છે.

તેની માત્રા મૂળનું ચૂર્ણ તોલો ૦॥ તેના પંચાગની બાળેલી રાખ રતી ૫ થી ૧૫ સુધી તથા તેનો ક્ષાર રતી ૨ થી ૪ સુધી લેવાય છે. બીજના ચૂર્ણની માત્રા ૦॥ થી ૧ તોલો લેવાય છે.

ઉપયોગ : અઘેડો ચમત્કારિક ઔષધી છે કેટલાક તેને દિવ્યઔષધી પણ કહે છે, ખરી રીતે તે એક ઉત્તમ વનસ્પતિ છેજ એ માટે એમત જેવું નથીજ.

તે શિરોવિરેચન તરીકે નસ્યની દવામાં એકલો કે બીજી દવા સાથે લેવાય છે. હરસમાં લોહી પડતું હોય તો તેના બીજના ચૂર્ણને ચોખાનાધોવણમાં અપાય છે તેના મૂળનું ચૂર્ણ પણ એ માટે લેવાય છે. પથરી તથા પેશાબમાં રેતી હોય તે માટે એનો ક્ષાર વાપરવો ઉત્તમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્ણનાદ અને કર્ણશ્રાવ તેમજ બહેરાપણા માટે એના રસમાં પકાવેલા તલનાતેલના કાનમાં ટીપાં નંખાય છે અને તે કાનની ઉત્તમ દવા છે, અપામાર્ગક્ષારતેલ તેની પ્રસિદ્ધ દવા છે.

તરતના ઘા, હથીઆરનો ઘા માટે તેનાં પાનને વાટી લુગદી કરી બાંધવી અથવા તેનો રસ કાઢી ઘામાં લગાડવો અને પાટો બાંધવો તુરત રક્તશ્રાવ મટી જશે.

લોહીવા–રક્તપ્રદરમાં બીજી દવાથી જ્યારે કંઇ પણ લાભ થતો નથી ત્યારે એનો રસ માથાપર રેડવો, એથી ઘણો સારો લાભ થાય છે.

ગર્ભધારણ માટે તેનું મૂળ દૂધમાં ઘસીને ઋતુમતી સ્ત્રીને અપાય છે તેથી ગર્ભ રહે છે અને પુત્ર પેદા થાય છે, યોનીશૂળમાં તેનાં પાન વાટી તેની લુગદી યોનીમાં રાખવા માટે અપાય છે ગમેતેવું યોનીશૂળ મટે છે.

સર્પવિષ માટે તેનું મૂળ ચોખાનાપાણીમાં વાટીને ઘી સાથે પીવા આપવું તો સર્પવિષ સર્વ જાતનું ઉતરે છે.

નવા તેમજ ઉથલો મારતા ટાઢીઆતાવ માટે તેના પંચાંગની રાખ કે મૂળનું ચૂર્ણ ત્રીકટુ સાથે લેવાથી તાવ મટે તથા બરલ અને યકૃતનો સુધારો થાય છે.

અત્યંતઆર્તવ, કમરનુંશૂળ તેમજ ઋતુ ન આવે તેવા દરદીને એ સારો લાભ આપે છે.

કફ ચીકણો અને ખુબ આવે ત્યારે તેમજ ફેફસામાં સોજો હોય ત્યારે એની બહુજ સારી અસર જણાય છે, અધેડાનો ક્ષાર કે પંચાંગની રાખ તથા તેની સાથે અતિવિષ, ચોસઠપહોરીપીપર એને મધ અને ઘી સાથે લેવાથી જલદી લાભ બતાવે છે. હૃદય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાડીઓમાં બળ આવે છે તથા પાચન સુધરે છે તેમજ ભુખ લાગે છે, વજન વધે છે તથા ઉત્સાહ મળે છે એવી રીતે શ્વાસનળીના સોજામાં તેમજ ચીકણો કફ હોય ત્યારે એ ઉત્તમ ક્ષાર સ્વભાવીક કફઘ્ન ગણાય તેમ છે.

તે ઉત્તમ વિષનાશક પણ છે, ઉત્તર અને દક્ષિણભારતમાં તેનાં મૂળનો રસ–ચૂર્ણ કે કુમળી માંજરનોરસ ગમેતે એક ચીજ ખાવા આપવાથી વિષવિકાર થતો નથી. ઉંદરના ઝેર માટે કુમળાપાનનોરસ મધમાં પીવા અપાય છે, વિંછીના ઝેર માટે ડંખવાળી જગાપર પાન વાટીને લગાડે છે.

રતાંધળાપણા માટે તેનાં મૂળનું ચૂર્ણ તોલો ૧ આશરે રાત્રે સુતી વખતે અપાય છે તેવા દરદીને ખોરાકમાં પૌષ્ટિક ચીજો આપવાની ખાસ જરૂર છે.

દાંતના દુખાવા માટે તેનાં પાનનોરસ ત્યાં તેમજ પેઢાં ઉપર લગાડી શકાય છે. તેની લાકડીનું દાતણ કરવાથી દાંત નીરોગી તથા મજબુત બને છે તેના પંચાગનો કવાથ કરીને પાણી વડે નહાવાથી ત્વકરોગ મટે છે. પગમાં કાંટો વાગે તો તેને બહાર કાઢવા માટે તેનાં પાનની લુગદી બાંધવા અપાય છે, તેથી કાંટો બહાર આવી જાય છે.

અધેડો મુત્રલ છે, તે શરીરમાં વધેલા નકામાં ક્ષારને બહાર ફેંકી આપે છે પથરી, રેતી તેમજ સાંધાઓમાં અમ્લતા જમા થઇ વાતરોગ–મૂત્ર ઓછું થવું વગેરે ફરિયાદ હોય ત્યારે એનો ક્ષાર ઉત્તમ ઉપાય છે તેની સાથે જેઠીમધ, કાળીપાટ, ગોખરૂ વગેરેનો કવાથ કરી તેમાં ક્ષાર આપવો ઠીક લાભ આપે છે.

આમવાત નવો કે જુનો ગમેતેવો હોય પણ તેમાં એની સારી અસર જણાય છે, તેની ખરાબ અસર તે મૂત્રવાટે બહાર કાઢી દરદીને ઠીક રાહત આપે છે અને સોજો–દુખાવો પણ મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટનોદુઃખાવો, ખાંસી, શ્વાસ વગેરેમાં તેનો ક્ષાર મધમાં મેળવીને ખાવા અપાય છે.

જમ્યા પહેલાં તે લેવાથી ભુખ લગાડે છે તથા હોજરીની ખટાશને કાઢી નાખે છે. હોજરીને બળ આપે છે તથા દુખાવો મટાડે છે પણ તે નાની માત્રામાંજ અપાય તોજ લાભ બતાવે છે અન્યથા દાહ વધારે છે. જમ્યા પછી આપવાથી છાતીનોદાહ–અમ્લપિત મટાડે છે. આવા દરદીને માટે એનાં મૂળનુંચૂર્ણ તો. ૧ા પાણી તોલા ૧૨ા ધીમે તાપે ઉકાળી અરધું રહે ઉતારી ગાળી ૩ ભાગ કરવા. અને દહાડામાં તેનો ત્રણ વખત ઉપયોગ કરવો તો પેટને માટે તે ઉતમ રહે છે. યકૃત, મુત્રપિંડ અને આમાશય ઉપર તેની સારી અસર હોવાથી તે લેવા બાદ તુરત લોહી વધારે છે. અર્શ લોહીવાળા તથા પિતાશ્મરી માટે એજ કારણે તે ઉત્તમ ઉપાય તરીકે લેવાય છે.

તેના જુદા જુદા ભાગોને બાળવાથી તેમાંથી પાનમાંથી ૨૪, લાકડામાંથી ૮ અને મૂળમાંથી ૮ા ટકા કાળી રાખ મળે છે એ રાખમાંથી નીચેનીચીજો મુખ્યભાગે જોવામાં આવેલ છે.

હાડકાંને ઉપયોગીતત્વ ૩ ટકા, ચુનો ૧૩ા, લોહ, ૩, જવખાર ૧૭ા, માટી ૩ા સુરાખાર પાા મીઠું ૧ અને ગંધક ૧ ટકો આ પ્રમાણે તત્વો રહેલાં છે.

તેનાબીજની કાંજી કરી લેવાથી લાંબો સમય સુધી ભુખ લાગતી નથી એમ કેટલાક લેખકો કહે છે, આને માટે કોઇ અનુભવ હજી લગી જણાયો નથી.

નિદ્રાનાશ માટે તેનો ક્વાથ લેવાથી સારી ઉંઘ આવે છે એમ હારિતસંહિતામાં કહેલું છે.

તે મુત્રલ હોવાથી જળોદરમાં વાપરવાની ખાસ ભલામણ કરવામાં આવે છે જે બરાબર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંગાળની સ્ત્રીઓ તેનાં મુળને ગર્ભાશયમાં રાખી ગર્ભપાત કરાવે છે તથા એમપણ કહે છે કે તેના રસની ગર્ભાશયમાં પીચકારી અપાય તો જલદીથી વેણ આવવા લાગે છે! આ માટે કોઇ ખાસ અનુભવી મત હજી લગી બહાર પડેલ નથી.

ખોરીના મત મુજબ તે મુત્રલ, રસાયન અને સંકોચક છે જે બરાબર છે.

સોજા, સંગ્રહણી કે મરડાને માટે તે ઉત્તમ છે એમ કેટલાક ડૉકટરો પણ માને છે.

દાંત માટે એ ઉતમ હોવાથી આપણા દેશમાં સ્ત્રીઓ તેનાં વ્રત તરીકે ઋષિપંચમીને દહાડે ૧૦૫ દાતણ કરે છે! એના કરતાં હંમેશ કરવું વધુ ઉતમ રહે છે.

એનાંમૂળનુંચૂર્ણ તો. ૦થી ૦॥ બંગભસ્મ રતી બે સાથે મેળવી લેવાથી પુરૂષાતન–બળ મળે છે.

એનાં પાંદડાં અને કાળાંમરી સમભાગે વાટી વાલવાલની ગોળી કરી છાંયે સુકવી રાખવી, આ દવા ટાઢીઆતાવની ગોળી તરીકે ઉતમ છે.

એનાંમૂળનો કવાથ કરી તેમાં ગોળ નાંખીને પાવાથી જલદી પ્રસવ થાય છે તેમજ એનાંમૂળને વાટી બેહુ ઉપર લેપ કરવાથી જલદી પ્રસવ થાય છે.

ચોમાસામાં રવીવાર–પુષ્ય નક્ષત્રને દહાડે લાવેલ મૂળને સુતરનાદોરાવડે બાંધી કમરપર બાંધવાથી જલદી પ્રસવ થાય છે આ ઉપાય માટે અનુભવ લેવાની ખાસ જરૂર છે, કષ્ટાતી સ્ત્રીને માટે આ સરળ છે, પ્રસુતી થતાંજ તરતજ આ મૂળ કમરપરથી દુર કરી લેવાનું કહેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાંમૂળને દિવામાં રાખી બતી બનાવી કાજળ પાડી તેની હાજરાત વિધી કરી અનેક ચમત્કાર જોઇ શકાય છે.

એ સિવાય કેટલીકચીજોની ભસ્મ બનાવવા માટે પણ તે વપરાય છે યુનાનીહકીમો પણ તેને બરાબર વાપરે છે.

૧૧૯ ભીલામાં

N. O Anacardiaceæ (આમ્રાદિવર્ગ)

સં. ભલ્લાતક, અગ્નિમુખ, **હિં.** ભિલાવા, **મ.** ભિળવા, **બં.** ભેલા, **લા.** Semecarpus Anacardium.

વર્ણન : ભીલામાનાં મોટાં ઝાડ થાય છે, આપણા દેશમાં તે સર્વત્ર જોવામાં આવે છે, બન્દરમાં ગાંધીની દુકાને સુકાંફળો કાળા રંગનાં મળે છે એજ ભીલામ છે અને તે દવાના કામમાં વપરાય છે, ભીલામ ઘણીજ કિંમતી અને હુકમી દવાઇ છે, ગામડાના લોકો તેને છુટથી વાપરે છે, વૈદ્યકશાસ્ત્રમાં પણ તેનો ઉપયોગ છુટ પ્રમાણમાં કરેલો છે, કેટલાક લોકો ભીલામ ખાવાથી બહુ ડરે છે કેમકે ખાધા પછી ઘણીવાર તે ફુટી નીકળે છે, ભીલામો ગરમ છે, ગરમપ્રકૃતિને માટે તે કેટલીકવાર માફક આવતો નથી, છતાં પણ તે ઠંડીઋતુમાં નાની માત્રામાં યોગ્ય પથ્ય સાથે લેવાય છે તો તે ઘણીજ સારી અસર બતાવે છે, તેમાં અસર કરનારૂં તત્વ તેનું તેલ છે, એ તેલને કાઢીનાંખીને યાને શુદ્ધભીલામ બનાવીને વાપરવાથી ખાસ લાભ જણાતો નથી એટલેજ ભીલામ એમજ કાચાજ દવામાં વાપરવા જોઇએ તોજ પુરતી અસર થાય છે, ખાસ કરી તેનાં ફળની ડીંટડી–ટોપી ચાકુવડે ઉતારી પછી વાપરવાં એમ દરેકનો અભિપ્રાય છે જે ઠીક છે.

ભીલામ ઝેરી છે, તેનાં ઝાડતળે સુવાથી કેટલીકવાર હાથપગ સુજી જાય છે, તેની વાસ નાકમાં જવાથી મૂર્ચ્છાજેવું લાગે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘોખીલોકો ભીલામને ટોચીને તેના રસથી કપડાંપર નામ લખે છે જે પાકી શાહી તુલ્ય છે, અંગ્રેજીમાં તેનું નામ "ઘોખીઝના" છે.

ગુણ : ઉષ્ણ, વાતહર, પાચન, ખાસકરી તેનો ઉપયોગ અર્શ, ગ્રહણી, કુષ્ટ, વાયુ, કફ, કૃમિ, ગુલ્મ, આફરો અને મંદાગ્નિ કે બંધકોષને મટાડનાર તરીકે કરેલો છે તે એકલાં કવચિતજ વપરાય છે, ઘણેભાગે બીજી દવાઓ સાથેજ તે અપાય છે, તેનો રસ જો ચામડીપર લાગે તો ત્યાં ફોલ્લો ઉઠે તો તેનો ચેપ બીજી જગ્યાએ લાગી એવાજ ફોલ્લા થાય છે જે જલદી રૂઝાતા નથી.

ઉપયોગ : વાતરોગ માટે ભીલામ ઉત્તમ દવા છે, અને ઘણાલોકો તેનું સેવન કરી સારો લાભ મેળવે છે, પરંતુ જો તે ગરમ લાગે તો એ ઝુટી નીકળે છે! અને જો ફુટી નીકળે તો તેનું વારણ કરવા માટે લીલુંટોપરૂં ખાવા આપે છે તથા નાળીએરનુંપાણી પીવા અપાય છે જેથી ઠંડક થાય છે. ભીલામ ગરમ પડે છે તો પેશાબ ઘટી જઇ ખુબ ગરમ પેશાબ આવે છે તથા ગુદામાં બરજ આવે છે તેનું નિવારણ ઉપર બતાવેલ ઉપાય છે, તદઉપરાંત શરીરે દાહ કે ફોડકી થાય તે માટે ભેંસનુંછાણ ચોપડે છે અને પછી નાહી લીધા બાદ કોપરાનુંતેલ લગાડે છે, ઠંડી જગાપર રહે છે તો સર્વ શાંતિ થઇ જાય છે.

ખેતરમાં ખાતર તરીકે થોડાક ભીલામ નાંખી ત્યાં મેથીનાંખીજ વાવી પાણી આપવું, પછી આઠેક દહાડાબાદ મેથીનાંછોડ થાય તેની ભાજી બનાવી ખાવાથી સંધિવા, ઉપદંશ, આફરો, લકવો અને વાતરોગ મટે છે, એવી રીતે થએલા પ્રયોગમાં ભીલામ ફુટી નીકળવાનો ભય રહેતો નથી.

ભીલામવાળી દવા બનાવતી વખતે ખુબજ કાળજી રાખવી પડે છે કેમકે તેમ ન થાય તો તેની જરાપણ હવા લાગે કે જલદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝેરી અસર જણાતાં દાહ થવા લાગે છે કે પછી જલદી ફુટી નીકળે છે તેવા સમયે હાથ મોંપર ખુબ કોપરેલતેલ લગાડવું અને ખાવા માટે તે માણસને કોપરૂં આપવું.

પગ્ડાટ લાગે હાડકાં ભાંગે તેવો માર પડે ત્યારે ભીલામ બહુ ચમત્કારિક ઉપાય છે. તેનો શીરો બનાવી પાંચ સાત દહાડા ખાવાની જરૂર રહે છે તેથી પૂર્ણ લાભ થઇ શરીરમાં પુષ્કળ બળ આવી જાય છે.

બે ભીલામ લઇ તેની ટોપી ઉતારી તે ભીલામનાં નાનાં ટુકડા કરી ૫ તોલા ઘીમાં કડાઇમાં તળી લેવાં, ને પછી ભીલામ બહાર કાઢી એ ઘીમાં ૫ તોલા ઘઉંનોલોટ નાંખી શેકી લેવો. પછી તેમાં ૪ તોલા ગોળ અને ૧૦ તોલા પાણી મેળવી તૈયાર કરેલ પાણી નાંખીને શીરો બનાવી લેવો, એ શીરો રોજ સવારનાં ઠંડા પ્રહરમાં ખાઇ ઠંડી જગાએ પડયા રહેવું તો ગરમી ન જણાતાં તુરતજ લાભ કરી પીડા મટાડે છે અને ભાંગેલા હાડને સાંધી બળ આપે છે.

સંજીવનીવટીમાં ભીલામ આવે છે, એ દવા પેટ માટે ઉતમ ગણાય છે. કોલેરાના દરદીને માટે આંબલીનોગર તો. ૦૧, ભીલામ નંગ ૧ ડીંટડુ તોળી એમાં મેળવી તેમાં થોડોક કાંદાનોરસ નાંખી ઘુંટી આપી દેવું. આટલી દવાથી એક દરદી સારો થઇ જાય છે! આ ખરેખર ચમત્કારિક દવા છે. ઝાડા, ઉલટી બંધ કરી તેમાં જંતુઓનોનાશ કરી આપે છે આ દવાની ગોળી બનાવી રાખી શકાય તેમ છે.

ભીલામ ઉષ્ણવીર્ય દવા હોવાથી ઉનાળામાં તેનો ઉપયોગ થતો નથી, તે નાનાં બાળકને, ગર્ભિણીસ્ત્રીને તેમજ નાજુક પ્રકૃતિવાળાને આપવું ન જોઇએ. જે માણસને ભીલામનીદવા અપાય તેને ઘી, દૂધ, છાશ, દહીં, સાકર, ચોખા ખાવા આપવાની જરૂર છે. જ્યારે નીમક (મીઠું) તેમજ પાણી આપવાનું બંધ કરે છે. તરસ લાગે તો દૂધ પીવું. માંસાહાર બીલકુલજ ન કરવો. એની દવા કર્યા પહેલાં વમન–વિરેચનથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરને શુદ્ધ કરી લેવું. પછીજ એની દવા દેવી. દવા આપવા પછી પેશાબની તપાસ રાખવી. પેશાબ ઓછું થઈ જાય અને તે ખુબ લાલ કે પીળું જણાય તો પછી એની દવા બંધ કરવી જોઇએ, આવી હાલતમાં નાળીએરનુંપાણી પીવું તથા આંબલીનાપાનનોરસ કે કવાથ આપવો આ જરૂરી ઉપાયથી શમન થઇ જાય છે. પ્રકૃતિનો વિચાર કરી બહુજ નાની માત્રાથીજ તેની દવા આપવી છતાં જલદ જણાય તો ઉપર મુજબ ઉપાય કરવા જોઇએ તો પછી શાંતિ થઇ જાય છે.

આફરો, મંદાગ્નિ, અજીર્ણ, સંગ્રહણી, અર્શ અને ઉદરરોગમાં ભીલામ વાપરવાનો રિવાજ છે, તેથી પાચન સુધરે છે, યકૃત–પ્લીહાને બળ મળે છે અને ઘી વગેરે પાચન થઇ જાય છે. લીવર અને બરલનીગાંઠ વધે છે ત્યારે એનાં ટાઢા બ્હાર ચામડીપર લગાડવાનો રિવાજ પણ છે.

યુનાની વૈદકમાં ભીલામને વાજીકરણ ઔષધરૂપે વાપરવાનો રિવાજ છે. નારસિંહરસાયન ઉત્તમ પૌષ્ટિક ઉપાય છે તે વાતરોગની સરસ દવા છે. અને મજ્જાતંતુઓની વ્યાધિને પણ મટાડનાર દવા છે. ભીલામ, લસણ, વાવડીંગ, આંબલીનાંતાજાંપાન અને નાળીએરનોરસ એનો ઉપયોગ સાકર સાથે મેળવીને મજ્જાતંતુઓના દરદીને માટે કરી શકાય તેમ છે.

તાજા અને તીવ્ર સંધીવા માટે તે વપરાય છે, જીર્ણરૂપમાં તેની ખાસ અસર નથી. હૃદયનો થડકો તથા તેને લઇ આવતી ખાંસી માટે ભીલામ આપી શકાય છે. ઠંડીને લઇને ઉપડતા દમના વ્યાધિમાં ભીલામ દેવાનો રિવાજ છે, ફેફસાંનોસોજો, ખાંસી, કફ વગેરે માટે તે જેડીમધ–ભીલામની દવા ઉત્તમ છે.

ઠંડા પ્રદેશના લોકો શિયાળામાં ભીલામનો પાક કે શીરો અથવા અવલેહ બનાવીને ખાય છે, જેથી તેમને ખુબ લાભ થાય છે કારણકે ભીલામ એ ઉત્તમ રસાયનદ્રવ્યમાં ગણેલી દવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટનાં દરદો માટે બીલામ ઠીક છે ખાસ કરી હરસનાં દરદીને માટે બીલામ સારી અસર કરે છે તે માટે નારસિંહચૂર્ણ (સપ્તસમાગુટીકા,–વાગભટ્ટ) સારી બનાવટ ગણાય છે.

બીલામના સેવન વખતે મૈથુન, તાપ, મીઠું, માંસ, ક્રોધ વગેરેનો ત્યાગ કરવાનું જણાવેલ છે જે બરાબર છે.

વાપરતાં આવડે તો બીલામ એ અમૃત સમાન ઉપાય છે પણ તે સમજી વૈદ્યની સલાહથી વાપરવાં.

સર્પવિષ માટે બીલામ વપરાય છે એ માટે પલાશના વૃક્ષના થડમાં બીલામ ભરી બંધ કરી બંધ કરે છે પછી તેનાં ફુલ આવે તે સંગ્રહી રાખે છે એ ફુલમાં જરા અતિવિષ મેળવી આપે છે તેથી સર્પવિષ મટે છે. આ દવા અરધ અરધ કલાકે વિષ ઉતરતાં લગી આપવી અને દરવખતે એક કળી અતિવિષમાં એક તોલો પલાશપુષ્પ વાટીને પાણીમાં આપવાં.

બીલામને ચીરીને તેમાંથી તેલનાં ટીપાં પડે તે લઇ લેવાં. એ તેલની વૈદ્યો પર્પટી બનાવે છે તે પર્પટીને ગુજરાતી વૈદ્યોએ **તપનપર્પટી** નામ આપેલ છે તેમાં ગુગળ અને બીલામનુંતેલ મુખ્ય હોય છે, બીજી ચીજો ખાસ જાણવા મળેલ નથી. આ પર્પટી વાતનાશક, પૌષ્ટિક અને ઉદરરોગને પણ મટાડનાર છે.

જેમને બીલામ ખાવાનો વિચાર હોય તેઓ બીજું કંઇ ન કરી શકે તો આ સાદી રીતે પણ તે ખાઇ શકે તેમ છે

એક બીલામ લઇ તેમાં સુઇઆ–બીલાવડે કાણું કરી તેનાં તેલનાં ૨ થી ૫ ટીપાં એક ગ્લાશમાં દૂધ ભરી તેમાં પાડવાં. આ દૂધ પી જવું, એથી પુરતો લાભ થાય છે, વિધી સરળ છે પ્રકૃતિને માફક રહે તેટલા દહાડા આ દવા ખાવી છે બુધજ પૌષ્ટિક દવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરસમાં તલના ચૂર્ણમાં આ રીતે તેલનાં ટીપાં નાંખી આવા અપાય છે. કુષ્ટ, કૃમિરોગ અને ઉદ્સ્થંભમાં ભીલામ ઉપયોગી દવા છે. પ્રાચિન વૈદ્યક શાસ્ત્રમાં તેને વાપરવાની ભલામણ કરી છે. મહારાષ્ટ્રમાં તે ઘણી જગાએ પેદા થાય છે અને ત્યાંના ગામડીઆલોકો તેને અનેક રોગોમાં છુટથી વાપરે છે, તે એક ચમત્કારિક દવા તો છેજ પણ સસ્તી ઘરગથુ દવા છે. નેપાળાનામીંજ અને ભીલામમાં શ્વેત તામ્રભસ્મ બનવાની વાત પણ સાંભળેલી છે.

તેની મુખ્ય બનાવટો નીચે મુજબ છે.

(૧) નારસિંહરસાયન પૃષ્ટ ૧૮૪ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે. (૨) ભલ્લાતકરસાયન પૃષ્ટ ૮૨ તથા (૩) ભલાતકઘૃત પૃષ્ટ ૧૯૯ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે.

---

૧૨૦ ફીડામારી

N. O. Aristolochiaceæ (કીટમાર્યાદિવર્ગ)

સં. કીટમારી, ધુમ્રપાત્રા, **હિં.** કિડામારી, **મ.** ગંધાટી, ગિધાન, **બં.** તામાક, **લા.** Aristolochia Bractiata.

વર્ણન : ચોમાસામાં ખેતરોમાં તેમજ પડતર જમીનમાં તેનાં છોડ થઇ પછી વેલારૂપે તે ફેલાઇ જાય છે, તેનાં પાનનો આકાર હૃદયાકૃતિ હોય છે, તે પાનનોરંગ કાળાશ પડતો લીલો ઘેરો હોય છે. તેના આખા છોડમાં ખુબજ વાસ હોય છે તે પાન વાટી જખમપર બાંધવાથી જખમમાં પડેલા કીડા બ્હાર આવી મરી જાય છે. એથીજ કદાચ તેનું નામ ફીડામારી પડેલું જણાય છે. દવામાં તેનો બહુજ ઓછો ઉપયોગ થાય છે, તેની ખરાબ વાસને લઇ તેને કોઈ દોર ઢાંખર સુંઘતુંજ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાં પંચાગને બાળતાં તેમાં ૧૮ ટકા રાખ મળે છે, તેમાં એક ઉગ્રવાસ આપનાર તત્વ છે, બીજું તત્વ ઊલટી કરાવનાર છે. તેના પાનનીવાસ એકવાર સુંઘવા પછી તેની અસર ઘણીવાર લગી રહે છે. આ વનસ્પતિ સિંધ, કચ્છ, કાઠીયાવાડ તરફ વધુ થાય છે.

ગુણ : કડવી, સ્ત્રંસન, કૃમિઘ્ન, સ્વેદજનન, ગર્ભાશયને ઉતેજક, વિષહર, પાળીનાતાવને રોકનાર, સાંધાના દુખાવાને મટાડનાર (લગાડવાથી) તથા વાતકફનાશક છે. ફચીકર છે, કડવી છે, સોજાને મટાડનાર છે.

ઉપયોગ : તાજી વનસ્પતિનારૂપમાં તે વધુ સારી જણાય છે. સુકાયા પછી તેનો ગુણ ઓછો જણાય છે, તેનાંપાનને વાટી તેનો રસ કાઢી સોજાપર તેમજ સંધિવાના દુખાવાપર લગાડી શકાય છે તેથી સોજો મટે છે–દરદ મટે છે.

કીડામારીને ગામડાના લોકો ઘરગથુ દવા તરીકે વધારેભાગે વાપરે છે તે ઝાડાને સાફ કરે છે, પેટનુંદરદ તેમજ પેટનાં કૃમિને મટાડનાર છે, જનાવરનું ઝેર તેમજ વિષારીજંતુઓનાંડંખપર તેને વાટીને લગાડે છે. તેમજ રસ પીવા આપે છે તેથી ઊલટી ઝાડા થાય છે અને ઝેર નીકળી જાય છે.

તેમાં ગર્ભાશયને સંકોચ કરવાનો ગુણ છે એથી તેને કેટલાક લોકો ગર્ભપાત કરાવવા માટે પણ વાપરે છે. કૃમિઘ્ન, જ્વરઘ્ન અને ઋતુ ઉત્પાદક છે, પ્રસવ વખતે ગર્ભાશયના સંકોચ માટે તે અપાય છે. પ્રસવ વખતે તેનાં સુકાયલાં મૂળનુંચૂર્ણ ૧॥ ગ્રામ ફાંટ કરીને અપાય છે.

પ્રસવ પછી ગર્ભાશયનો સંકોચ કરવા માટે પણ તેને આપવાનું જણાવેલ છે, સતતજ્વરમાં તેને જ્વરઘ્ન તરીકે આપવાની ડૉકટરો પણ ભલામણ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાઢીઆતાવમાં તેને મરી સાથે અપાય છે. તે તાવને ઉતારનાર છે, પસીનો લાવીને તાવ ઉતારે છે.

કીડામારી, મરી, માલકાંગણી અને સમુદ્રફળ એનું ચૂર્ણ દારૂમાં મેળવી કરી તાવ હોય ત્યારે શરીરે મસળવા આપે છે. શુંઠ સાથે તેનોરસ મેળવી આમવાતમાં લગાડવામાં આવે છે, તાવને માટે આ દવા ઠીક છે પણ જ્યાં ઝાડા થતા હોય ત્યાં કીડામારી આપવી ઉચિત નથી કેમકે ઝાડાને વધારે છે. તે ઉતમ જંતુઘ્ન છે. એથી તેનોરસ દરાજપર લગાડે છે.

સુકાવેલાપાનનુંચૂર્ણ બે થી ચાર આનીભાર લેવાય છે, તાજ્ન-પાનનોરસ તો. ૧॥ થી ૧ લેવાય છે. ખાવામાં બહુજ નાની માત્રામાં અપાય છે તે પેટનીપીડા અને તાવ કે કૃમિ માટે નાનાં બાળકોને અપાય છે, એનાં પાન વાટી બાંધવાથી જખમમાં પડેલા કૃમિ બહાર પડે છે આ ઉપાય જનાવરો માટે પ્રસિદ્ધ છે. અને ગામડાનાલોકો તે ખુબ જાણે છે.

૧૨૧ કલંબો

N. O. Menispermaceæ (ગડુચ્યાદિવર્ગ)

सं. કલંભ, કપોતપદી, ક્રિરંગતિક્ત, **हिं.** કલંબકી જડ, **म.** કલમકાચરી, **ला.** Jateorhisa palmata.

વર્ણન: બજારમાં ગાંધીલોકોને ત્યાં કલંભાના ટુકડા મળે છે આ ટુકડા કોઇ મૂળના સરખા રૂપમાં કાપીને કાતરી મોફક કરેલા હોય છે, જેવા કચુરાના હોય છે તેને મળતા પણ વાસ વગરનાં અને રંગે પીળા હોય છે તે પરદેશી વસ્તુ છે અને અહિં તે આફ્રીકાથી આવતું જણાય છે, કેટલાક માને છે કે તે કોલંબોથી આવે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથીજ તેનું નામ કોલંબો કે કલંભો પડેલ હશે પણ તે વાત બરાબર જણાતી નથી. આ દવાનો ઉપયોગ આપણા દેશમાં થાય છે તેમજ તેને યુનાની વૈદ્યો તથા અંગ્રેજી ડૉકટરો પણ વાપરી રહેલા છે.

ગુણ : કટુપૌષ્ટિક, પાચક, ભેદક અને તાવને મટાડનાર તેમજ રૂચીલાવનાર જણાય છે.

ઉપયોગ : તાવ તથા મંદાગ્નિમાં આ દવાને આપણાલોકો વાપરે છે અને તે બરાબર છે, કટુપૌષ્ટિક હોવાથી તે લેવા બાદ જેને ભુખ મુદ્દલ નથી જેની હોજરી જરાપણ પાચકરસ પેદા નથી કરતી તેવા દરદીને ભૂખ લાગે છે અને પાચકરસ પેદા થવા લાગે છે, ઝાડો સાફ આવે છે પરિણામે મંદાગ્નિ, અરૂચી, અજીર્ણ, સંગ્રહણી, જીર્ણતાવ, અતિસાર વગેરે મટયા પછી આ દવા લેવાથી પાચન સત્વર સુધરવા લાગે છે, શરીરમાં બીમારી પછી શીથીલતા થાય કે ત્યારે આવી કટુપૌષ્ટિક દવા લેવાની જરૂર રહે છે અને તે લેવાથી પાચનયંત્ર સુધરે છે અને શરીરમાં બળ–શકિત આવવા લાગે છે.

આવા દરદી માટે કલંભો એકલો કે પછી બીજી ગળો, અતિવિષ, કડુ, કરીઆતું, વગેરેની સાથે ફાંટ કે હીમનારૂપમાં અપાય છે, હીમ કરવો હોય તો કલંભાનુંચૂર્ણ તો. ૬, પાણી તો. ૧૫ લઇ એક કલાક ભીંજવી પછી ગાળી ૬ ભાગ કરવા અને બબે કલાકે આપવો.

કલંભામાં દારૂહળદરને મળતું એક તત્વ છે, તે દિપન, કટુપૌષ્ટિક અને પિતસારક તેમજ બલ્ય છે, તેમાં રહેલ કટુપૌષ્ટિક ગુણ બહુજ સરસ છે, કડવી દવા–રસ મોઢામાં ગયા બાદ તુરતજ લાળને ઉત્પન્ન કરે છે. એ લાળ મોઢામાંથી પેટમાં જાય છે કે તરતજ પાચનનું કામ શરૂ થાય છે અને અમ્લરસ થવા લાગે છે, તે અમ્લરસ ખુબ પેદા થવાને લઇ આખું પાચનયંત્ર બરાબર કામ કરવા લાગે છે પછી પકવાશય સુધરે છે અને તેને લઇ વસા નામક રસ પેદા થઇ તેમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્વર લોહી વગેરે સપ્તધાતુ પેદા થાય છે. વસારસ વધવાથી મજ્જાતંતુઓને તેમજ હૃદયને બળ મળે છે, અને એ રીતે આખા શરીરને પુષ્ટિ મળવા લાગે છે એ છે રીત કટુપૌષ્ટિક દવાઓની.

નાની માત્રામાં પિત્તનો સ્રાવ બરાબર કરાવે છે જ્યારે મોટી માત્રામાં લેવાય તો ઝાડા–ઉલટી કરે છે. તેની દવા સાથે માક્ષીક, તામ્ર, લોહ, મંડુરવાળી દવા અપાય છે અને તેથી સારો લાભ બતાવે છે, પાચનની શીથીલતા, મરડા પછીની પેટનીકમજોરી, મોઢાનો કડવો સ્વાદ સુસ્તી, બગાસાં આવવા, ઢીલોઝાડો, જીર્ણતાવ વગેરે હોય ત્યારે આ દવા ઉત્તમ ગણાય છે.

પાચનયંત્રમાં નવીન સોથ જેવું હોય ત્યારે આવી કડવી દવાઓ અપાતી નથી પણ તેના જીર્ણરૂપમાં આવી દવા ઉત્તમ લાભ કરે છે.

ગર્ભિણીની ઉલટી માટે કલંબો આપી શકાય છે તેમજ અશુદ્ધ વ્રણપર તેનો ભુકો છાંટવાથી તે શુદ્ધ થઇ રૂઝાવા આવે છે.

એના ચૂર્ણની માત્રા ૨ થી ૧૦ ગુંજની છે.

૧૨૨ સીંકોના

N. O. Cinchonaceæ (કિંકિણુવર્ગ)

સં. કિંકિણુ, કિણુ, રક્તત્વક, બીજી બધી ભાષામાં સીંકોના. **લા.** Cinchona succirubra–cinchonæ cortex.

વર્ણન : સીંકોનાનાં મોટાં ઝાડ થાય છે, તેનું વાવેતર આ દેશમાં સરકાર તરફથી બહુજ મોટા પ્રમાણમાં થાય છે, મૂળથી આ ઝાડ અમેરીકાનું વતની છે, વળી તે જંગલી ઝાડ છે પણ હવેતો રીતસર વાવેતર થતું હોવાથી તે ઝાડમાં ઘણો સુધારો થએલ છે. હિંદુસ્થાનમાં કવીનાઇનનો ખુબ વપરાશ થવા પછી આ કવીનાઇન બનાવવા માટે સીંકોનાની પેદાશ ખુબજ વધારવામાં આવેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીલગીરી, ઉટાકામંડ, સીલોન, બંગાળ, દાર્જીલીંગ, ત્રાવણકોર, મૈસુર અને કુન્નુર વગેરે દક્ષિણમાં તેમજ પંજાબ તરફ કાંગડા અને ભૂતાન વગેરે અનેક જગાએ ડુંગરોમાં તેનું મુખ્ય વાવેતર કરાયેલ છે આશરે વીસ હજાર એકરથી વધુ જમીન આમાં રોકાયલી છે તેમાં લગભગ લાખોઝાડ ઉછેરવામાં આવે છે, સીકીમમાં રંગબીની ખાણમાં આશરે ૫૦ થી ૬૦ લાખ ઝાડ ઉછેરવામાં આવે છે, એવીજ રીતે નીલગીરીપાસે સમજી લેવાનાં છે, આ ઝાડનીછાલમાંથી કવીનાઇન બને છે, આશરે ૫૦ ગુંજ છાલમાંથી ૧॥ થી ૨ ગુંજ કવીનાઇન મળે છે, સીંકોનાનીછાલમાં લાલરંગ, એક કષાય ધર્મવાળું અમ્લદ્રવ્ય, કવીનાઇન તથા કવીનાઇનથી હલકા પ્રકારનું એક બીજું દ્રવ્ય આવેલ છે. સીંકોના ફેબ્રીફ્યુજ પણ એમાંથી બને છે, કવીનાઇન બહુજ પ્રસિદ્ધ દવા છે, આ દવાથી અપરિચિત કોઈજ નહિં હોય, તેને સૌ કોઇ વાપરતા થઇ ગયા છે, વધુભાગે તે વિદેશી વૈદ્યકમાં વપરાય છે એની છાલ સ્હેજ રાતી, ભુખરી, ખરબચડી, જાડી અને અંદરથી રતાશ લેતી હોય છે.

ગુણ : કટુપૌષ્ટિક, સ્થંભક, જ્વરઘ્ન અને નિયત સમયે આવનારાતાવને રોકનાર એની છાલ છે. છાલમાં હોજરી તથા આંતરડાને ઉતેજના ઉત્પન્ન કરવાનો ગુણ છે. છાલમાંથી કાઢેલુંસત્વ જેને કવીનાઇન કહે છે તે કટુપૌષ્ટિક, પારીનાતાવને અટકાવનાર જ્વરઘ્ન, પીડાશામક, ગર્ભાશયને ઉતેજક છે; પાનઃ કટુપૌષ્ટિક, તથા જ્વરઘ્ન છે અને મૃદુસ્વાભાવી ગણાય છે. વિષમજ્વર માટે કવીનાઇન ઉતમ ઉપાય ગણાય છે.

ઉપયોગ : નાની માત્રામાં સીંકોનાનીછાલ લેવાથી ભૂખ લાગે છે, તે અનેકરોગોમાં વાપરી શકાય છે, સ્નાયુ અને જ્ઞાનતંતુઓને બળ આપે છે, લોહી વધારે છે, શરીરને પુષ્ટી આપે છે, નબળાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી વારંવાર થતા પસીનાને બંધ કરે છે. અપચો, સંગ્રહણી તેમજ આમ કે અતિસાર માટે આ દવા ઉતમ ગણાય છે, તેની સાથે ઓરીઝસલ્ફ્યુરિકડીલ્યુલેટ કરીને મેળવીને અપાય છે. અથવા શંખદ્રાવ સાથે લેવાય છે. એથી પાચનનલિકાની શીથીલતા દૂર થાય છે. આ લેવા પછી દારૂ પીવાની ઇચ્છા ઓછી થાય છે. સિંકોના બહુ સ્થંભક નથી એટલે તેની સાથે બીજી સ્થંભક દવાઓને મેળવીને વાપરવાનો રિવાજ છે.

સિંકોનાનીછાલનુંચૂર્ણ ૧૦ થી ૩૦ ગુંજ લેવાય છે, ક્વીનાઇન ૧ થી ૫ ગુંજ લેવાય છે, તે પ્રવાહીરૂપે કે ગોળીરૂપે પણ લેવાય છે બીજી દવા સાથે કે એકલી લેવાય છે લીધા પછી મોઢું ખુબજ કડવું બને છે તેનો સ્વાદ સુધારવા તે લીધા પછી સોપારી કે સાકર લેવાય અથવાં મોસંબીનોરસ લેવા પછી કે સંતરા લીધાથી રૂચી ઠીક બને છે.

ટાઢીઆતાવને માટે સિંકોના કે ક્વીનાઇન ઉતમ ઉપાય ગણાય છે તે સિવાય કફના દરદમાં ટીંચરક્વીનાઇન અપાય છે. તેનાથી કફ પાકીને જલદી છુટો પડે છે અને ગળાનીશરદી મટે છે. ટીંચરસિંકોના કે રક્તશોધક તરીકે પ્રચલિત દવા છે તેને સીફીલીશના જુના કેસોમાં આપવાનો રિવાજ છે. નાની માત્રામાં ક્વીનાઇન બલ્ય અને પાચનશક્તિ સુધારવા માટે અપાય છે જે ઠીકજ છે.

પાંડુરોગમાં લોહ સાથે ક્વીનાઇન દેવાથી સારો લાભ કરે છે. વેણ લાવવા માટે ક્વીનાઇન ૫ ગ્રેનની માત્રાથી લેવાય છે. સુવાવડીનાં તાવમાં પણ ક્વીનાઇન અપાય છે તેથી તાવનું જોર નરમ પડી ગર્ભાશયનું સંકોચન થાય છે. ક્વીનાઇન લીધા પહેલાં પેટને સાફ કરવા એકાદ હલકો જુલાબ લેવો ઠીક ગણાય છે. આજે લોકો આંખો મીંચી ક્વીનાઇન વાપરે છે, ડૉકટરો પણ તેજ રીતે ખુબ મોટી માત્રામાં ક્વીનાઇન બવરાવી જવરના દરદીને ક્ષયનોરોગી બનાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે છે! આ એક મોટી મૂર્ખાઇ કહેવાય. કેમકે કવીનાઇન નબળી પ્રકૃતિનાં તેમજ પિતપ્રકૃતિનાં માણસોને માફક આવતી નથી એવામાં જો તે આંખો મીચીને વપરાયતો પરિણામ ખુબજ માઠું આવે છે.

કવીનાઇન વધુ માત્રામાં લેવાથી ગર્ભપાત કરે છે, એમ લોકો જાણે છે એટલે તે કામ માટે ખુબજ મોટી માત્રામાં ખાઇ ધારેલો લાભ તો થતો નથી પણ ઉલટાની બીજી વ્યાધિઓ થઇ આવે છે માટે સમજ્યા વગર કવીનાઇન ન લેવું. હવે કવીનાઇન ખાવા કરતાં ત્વરિત લાભ મળે અને મોઢું પણ ન બગડે તે માટે કવીનાઇનનું પ્રવાહીસાર ઇંજેકશનરૂપે ચામડીવાટે શરીરમાં લેવાય છે એ રીતથી કેટલાકને લાભ મળે છે જ્યારે ઘણા દાખલામાં હાનીકારક પણ બની શકે છે.

સીંકોનાછાલચૂર્ણ તો. ૩।।। ખાટાલીંબુનાટુકડા તો. ૨।। પાણી ૨૦ ઔંસ, મંદ અગ્નિપર દશ મીનીટ ઉકાળી ઠંડુ થતાં ગાળી લેવું, આ કવાથ ૨।। થી ૫ તોલાનો પ્રમાણમાં લેવાથી ભુખ લગાડે છે અને તાવ અટકાવે છે, કોગળા કરવા મુખરોગમાં પણ વપરાય છે.

સીંકોનાનું કમ્પાઉંડટીંચર સ્પીરીટમાં બને છે તેમાં સીંકોના, નારંગીનીછાલનાટુકડા, સાપસનનુંમૂળ, કેશર, તેમજ રક્તચંદન તેમાં હોય છે, તે પેટનીશક્તિ સુધારી ભુખ લગાડે છે તથા કટુપૌષ્ટિક અને સહેજ સ્થંભક તથા સુગંધીદ્રવ્ય તરીકે વપરાય છે.

છાલનુંખારીકચુર્ણ તો. ૨।।, ઉકળતું ગરમપાણી તો. ૫૦, ખાટાલીંબુનોરસ તો. ૧૦, શુંઠનુંચુર્ણ તો. ૦।।।, તજનુંચુર્ણ ગુંજ ૧૫ એ કલાક પાણીમાં બધાને રાખી પછી ગાળી વાપરવું. પ્રમાણ ૨।। થી ૫ તોલા. બીજી કોઇ બનાવટ કરતાં આ બનાવટ વધુ સરસ જણાય છે કારણકે તેમાં ખુબજ દવાનું સત્વ આવી શકે છે.

વધારે માત્રામાં કવીનાઇન કે સિંકોના લેવાય તો ચક્કર આવે, કાનમાં તમરાં બોલે, માથું ભારે થાય, બહેરાશ જણાય, માથુંદુખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બોલવાનું ઠેકાણું રહેતું નથી. માટે ઠીક માત્રામાંજ ક્વીનાઇન લેવી ઉચિત છે વધુ લેવાયતો એનું વિષ ચડે છે જેને ક્વીનીનીઝમ કહે છે, દૂધ ખુબ લેવાયતો એની માઠી અસર બોછી જણાય છે.

રૂતુ સાફ લાવનાર દવાઓ સાથે ક્વીનાઇન મેળવી દવા બનાવી લેવાય તો એથી રૂતુ સાફ આવે છે.

ક્વીનાઇન બાધા પછી પેશાબમાં તેની પરિક્ષા કરી જોતાં અમુક ક્વીનાઇન તે પેશાબમાંથી મળી આવે છે યાને બધું શરીરમાં રહેતું નથી–પેશાબ વાટે બ્હાર પડે છે.

તાવ ન હોય ત્યારે લેવાય તો તાવ અટકાવવાનું કામ તે બરાબર કરે છે ૫ થી ૬૫ ગ્રેન તેને દૂધ સાથે લેવાય છે.

નિરોગી શરીરમાં ક્વીનાઇન લેવાથી ગરમી ઘટતી નથી, પણ તાવના દરદીને ગરમી ઘટાડવા ક્વીનાઇન ઠીક છે.

વધુ માત્રામાં ક્વીનાઇન લેવાથી શ્વાસયંત્રપર માઠી અસર થાય છે યાને જરા વધુ લેવાય તો શ્વાસ તેજ ચાલે છે અને બહુ વધારે લેવાય તો શ્વાસ ચાલતો બંધ પડી જાય છે.

નાની માત્રામાં હૃદયને બળવાન કરે છે, પણ વધુ પ્રમાણમાં લેવાય તો હૃદય અવસાદક બને છે યાને નાડી ધીમે ધીમે મંદ પડી હૃદયનું ચલન બંધ પડે છે.

આ પ્રમાણે ક્વીનાઇન અને સીંકોનાનું વર્ણન આજના ડૉકટરોના અભિપ્રાય મુજબ જણાય છે! આપણા વૈદ્યો આ દવાને આંખો મીંચીને નહિં પણ સમજીને–પ્રકૃતિનો અભ્યાસ કરીને વાપરે તો ઠીક છે. અને ત્યાંલગી ક્વીનાઇન કરતાં સીંકોના વાપરવું ઠીક રહે છે. અને તે વાપરવાનું સરળ બને તે હેતુથી ઉપર બે ત્રણ સરળ બનાવટો ડૉ. વા. ગ. દેશાઇના ઔષધી સંગ્રહમાંથી આપી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેની બનાવટો ખાસ વાપરવા લાયક છે.

(૧) જ્વરક્ષીવટી પૃષ્ટ ૧૧૪, (૨) જ્વરાંતકવટી પૃષ્ટ ૧૧૫, (૩) જ્વનાતાવનીગોળી પૃષ્ટ ૧૧૭, (૪) એગ્ગ્રુમીકશ્વર પૃષ્ટ ૨૯૪, (૫) પ્રીવરમીકશ્વર પૃષ્ટ ૨૯૫ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે.

---

૧૨૩ કાળીપાટ

N. O. Menispermaceæ (ગડુચ્યાદિવર્ગ)

सं. રાજપાઠા, **हिं.** પાઠા, **म.** પાડાવળ, **ला.** (1) Cyclea Peltata (2) Cyclea Burmanii.

વર્ણન : કાળીપાટના વેલા થાય છે તે બીજા વૃક્ષ કે વાડને આશરે ઘણેભાગે ફેલાય છે, બજારમાં તેનાં લાકડાં–વેલારૂપે અંગુઠાથી વધારે જાડા સુકાં મળે છે, દવામાં કાળીપાટનો ઉપયોગ બહુ નહિં પણ સામાન્ય થાય છે તે એક સારી દવા છે. ઘરગથુ તેમજ શાસ્ત્રિય દવા તરીકે એનો ઉપયોગ સર્વત્ર થાય છે અને તે સર્વત્ર મળે છે આયુર્વેદના પ્રાચિન પુસ્તકોમાં તે વપરાયલી જણાય છે નાની અને મોટી બે જાતની કાળીપાટ છે પણ બીજી બે જાતો એને મળતીજ જુદી આવે છે એટલે કેટલાક બે, ત્રણ અને ચારજાત બતાવે છે.

બંગાળનાવૈદ્યો આકનાદિ નામથી જે ચીજ વાપરે છે તે "પ્રાચીન પાઠા જોઇતી હોય તો કલકત્તાથી આકનાદિ નામની વનસ્પતિ મંગાવી લેજો" એમ સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ જણાવે છે તેમણે પોતાના પુસ્તકમાં પૃષ્ટ ૬૫ ઉપર આકનાદિનું સ્વતંત્ર વર્ણન કરેલું છે, બંગાળના વૈદ્યોને પુછતાં તથા શ્રી. ડૉ. ઓઝનું ભારતીય ભૈષજ્યતત્વ જોતાં આકનાદિ નામ ઠીક છે પણ એ બે લેખકોના લૅાટીન નામ સરખાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાષ્ટ્રમાં પહાડવેલ તરીકે વળી ત્રીજી ચીજ ચાલે છે, ગુજરાતમાં એને કરંઢીયું કહે છે, શ્રી. બાપાલાલભાઇ એને લઘુપાઠા કહે છે તે બરાબર જણાય છે. વેણીવેલ અથવા બાંગ પણ એનેજ કહે છે, આ લઘુપાઠા લગભગ સર્વ જગાએ મળી રહે છે. ઓળખાણ જોવા જતાં આ ત્રણે પ્રકારનાવેલા બહુજ મળતા આવે છે, બહુ ગોટાળા જેવું નથી, ગુણની નજરે સહેજસાજ ફેરફાર જણાય છે પણ તે એક બીજાની જગ્યાએ વપરાય છે.

ગુણ: કડવી, વાતહર, મુત્રલ અને પરીનો લાવનાર છે. જ્યારે લઘુપાઠા કડવી, લઘુ, કટુપૌષ્ટિક અને ગ્રાહી તેમજ મુત્રલ છે, તે સોજાને મટાડનાર છે. નાની માત્રામાં એ કટુપૌષ્ટિક, મૃદુ અને ભૂખ લગાડનાર–પાચન કરનાર છે. મોટી માત્રામાં તે દસ્તને સાફ કરનાર છે, જ્યારે બંગાલી પ્રકાર જેને આપણે આકનાદિ કહીશું તેનો ગુણ મુત્રલ, બલકારક તેમજ આંતરડાને અને જનનેંદ્રિય ને સંકોચક જણાય છે. એ મુત્રલ તથા પથરી માટે ઉપયોગી છે. એવી રીતે આ ત્રણેના ગુણો જુદા જુદા કહેલ છે.

ઉપયોગ : એનાપાનનોરસ કાઢી અથવાતો લાકડું ઘસીને સોજાપર લગાડે છે તેથી સોજો ઉતરે છે, બાવાની દવાઓમાં તે અર્શ, અતિસાર, અજીર્ણ, મુત્રદોષ, સોજા, મંદાગ્નિ, જ્વર. પથરી, અને અન્નવિદ્રધીમાં વપરાય છે. બરલને મટાડે છે, તેનાંચૂર્ણનો યોનીમાં લેપ કરવાથી અથવાતો પેઢુપર તેનાં લાકડાને ઘસીને લગાડવાથી સુખે પ્રસવ થવાનું પણ જણાવેલ છે.

એનાં મૂળનાચૂર્ણની માત્રા ૨૦ થી ૪૦ ગ્રેન કહેલી છે; એનાંમૂળ અને પાન દવામાં વપરાય છે પણ બજારમાં મૂળને બદલે એનાંવેલા મળે છે જે ગુણમાં પુરતો લાભ આપતા નથી માટે બને ત્યાંલગી તાજાપાનનોરસ કે મુળનો ઉપયોગ કરવો ઠીક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળીપાટ મુત્રલ હોવાથી સોજાને મટાડે છે, કટુ હોવાથી દીપન-પાચન અને ભૂખ લગાડનાર છે એટલુંજ નહિં પણ કટુ પૌષ્ટિક હોઇ રક્ત વધારનાર પણ છે. મંદાગ્નિ, અજીર્ણ, ઝાડા, હરસ અને બરલને મટાડી શરીરમાં નવું લોહી વધારે છે-પાચનયંત્ર સુધારે છે.

લઘુપાઠા મુત્રરોગ માટે સારી ગણાય છે તે શામક છે પેશાબનોદાહ, રક્તમુત્ર, સોજો, બળતરા, પથરી વગેરે મટાડનાર બીજી દવાઓ સાથે લેવાય છે. તે પીડાશામક અને મૂત્રલ છે. મુત્રપિંડને મદદ આપે છે. તે એકલી કે પછી ગળો અને જેઠીમધ સાથે અપાય છે. પેશાબનીબળતરામાં તે જવખાર, ખોરાસાનીઅજમો, માક્ષીક અને ગળો વગેરે સાથે લેવી ઠીક રહે છે.

ઝેરીપ્રાણીઓના ડંખ માટે ઘસીને એનામૂળનો લેપ કરવામાં આવે છે તેથી વિષવિકાર મટે છે.

મરી સાથે રાજપાઠાનુંચૂર્ણ લેવાથી તાવ મટે છે, નાનાં બાળકોના પેટનાવિકારોમાં તેનુંમૂળ ઘસીને અપાય છે, તેથી પેટનોદુઃખાવો અજીર્ણ, મરડો, ઝાડા મટે છે. તેનીસાથે અતિવિષ અને કમળકાકડીનો-મગજ આપવાનો રિવાજ પણ છે.

હરસના દરદીને એનુંચૂર્ણ ઠંડાપાણી સાથે લેવાનું જણાવે છે.

કાળીપાટ, હળદર, દારૂહળદર, મોરવેલ, પીપર, દંતીમૂળ, જાઇનાંપાન એથી ચારગણું તલતુંતેલ અને તેલથી ચારગણું પાણી નાંખી તેલ પકાવી લેવું, એ તેલનાંટીપાં નાખવાથી પીનસરોગ મટે છે.

એનાંમૂળનુંચૂર્ણ જખમપર છાંટવાથી લાભ કરે છે. એનાંપાન જખમપર બાંધવાથી જખમ-વ્રણને મોટું કરે છે, ઉલટા બાંધવાથી વ્રણ મટે છે એમ એક કવિરાજ પાસેથી સાંભળેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨૪ રતાંજળી

N. O. Santalaceæ (ચંદનાદિવર્ગ)

સં. રક્તચંદનમ્, **હિં. મ. બં.** રક્તચંદન, **અંગ્રેજી** Red sandal-wood, **લા.** Pterocarpus santalum.

વર્ણન : બજારમાં ગાંધીની દુકાનપર રતાંજળીનાં લાલ ઘેરા રંગનાં લાકડાં મળે છે, એ એક જાતનું ચંદન છે પણ તેમાં કોઇ જાતની વાસ હોતી નથી. એની પેદાશ મલબાર અને કારતુલજીલ્લામાં થાય છે, તેમજ મૈસુર અને ત્રાવણકોર પ્રાંતમાં થાય છે. રતાંજળી દવાના કામમાં વપરાય છે ખાસકરી કવાથ, તેલ અને લેપ માટે તે વપરાતી જાણીતી દવા છે, દવામાં તેનું લાકડું જે બજારમાં સહેલાઇથી મળે છે તેજ વપરાય છે જો કે ચંદનની સાત જાતો કહેલી છે પણ આ રક્તચંદન માટે કંઈ મતભેદ જેવું નથી.

ગુણ : શીતળ, પિત્તશામક, વૃષ્ય, શોથઘ્ન તથા વ્રણરોપણ ગણાય છે.

ઉપયોગ : તાવના અનેક કવાથમાં રક્તચંદન વપરાય છે, ચામડીનાં અનેક દરદો મટાડનાર દશાંગલેપમાં એનો ઉપયોગ થયો છે તે ઉપરાંત પણ ઘસીને લગાડવાથી સોજો, દાહ, વરમ, વ્રણ અને પીડા મટાડે છે. આંખ આવે–સોજો થાય તેનાપર એનો લેપ લગાડે છે. ગરમીથી થતી ચામડીની ફરિયાદો ઉનાળામાં અળાઇ વગેરે થાય છે તેનાંપર એનો લેપ લગાડવાથી ઠંડક થાય છે–સુકાઇ જાય છે.

રક્તચંદન અને હળદરને ઘસીને લગાડવાથી મોઢાપરનાંખીલ મટી જાય છે; ખરજવા ઉપર રતાંજળી ગેરૂ અને ગોપીચંદનનોલેપ લગાડાય છે. રતાંજળી, પદમકાષ્ટ, ધાણા, ગળો, લીમડાનીછાલનોકવાથ કરી લેવાથી મંદાગ્નિ, દાહ, પિત–કફજ્વર તેમજ તરસ અને ઉલટી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘસેલું રક્તચંદન હોય તેમાં મધ મેળવી વ્રણપર લગાડવાથી વ્રણને રૂઝાવે છે.

તેલમાં રંગ લાવવા માટે રતાંજળી વપરાય છે, ચંદનાદિતેલમાં તેમજ બીજા તેલોમાં તે આવે છે એથી તેલનો રંગ લાલ બને છે.

રક્તસ્થંભક દવાઓમાં પણ તે વપરાય છે.

શોણીતાર્ગલરસમાં રક્તચંદનનુંચૂર્ણ આવે છે.

અંગ્રેજી દવાઓ ટીંકચરમાં એનો ઉપયોગ છે, ટીંચર સીંકોના કો. અને ટીંચર લવેન્ડર કો. માં તે વપરાય છે પણ તે તો માત્ર લાલરંગ માટેજ વપરાયલું જણાય છે. લેપ લગાડવાથી માથું દુખતું મટે છે.

પ્રદરના કવાથમા બીજી ચીજો સાથે રતાંજળી વપરાય છે.

કહે છે કે અસલના વખતમાં આ રક્તચંદન કપડા રંગવાના કામમાં આવતું હતું હાલે તેની પેદાશ ઓછી હોતાં તથા બજારમાં તૈયારરૂપે પરદેશી રંગ મળતો હોવાથી હવે તેનો રંગ તરીકે કોઇ ઉપયોગ કરતું નથી.

એના ચુર્ણની માત્રા ૩ થી ૬ રતી ગણાય છે.

૧૨૫ સુખડ (ચંદન)

N. O. Santalaceæ (ચંદનાદિવર્ગ)

સં. શ્રીખંડ, ચંદન, **હિં.** શ્વેતચંદન, **મ.** ચંદન, **બં.** ચંદન, **લા.** Santalum Album.

વર્ણન : સંસ્કૃતમાં શ્રીખંડ નામ છે તેના ઉપરથીજ સુખડ નામ પડયું જણાય છે. મલબાર અને મૈસુર તરફ એનાં મોટાં જંગલો છે. સુખડનાંઝાડ મોટાં થાય છે, ૪૦થી૫૦ વર્ષનું મોટું-જુનું ઝાડ હોય તેમાં તેલનો અંશ વધારે હોવાથી ચંદન તરીકે ઘસવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે એ લાકડું ઉત્તમ ગણાય છે, ચંદનના લાકડામાંથી તેલ નીકળે છે એને સુખડનું તેલ કહે છે એ તેલનો દવામાં ખુબ ઉપયોગ થાય છે. મલબાર અને કુર્ગનુંસુખડ વખણાય છે, મૈસુર રાજ્ય તરફથી ચંદનની ઘણીચીજો બનાવી બહાર વેચવા માટે મોકલવામાં આવે છે, તેવીજ રીતે શુદ્ધચંદનનુંતેલ પણ બહાર વેચવા માટે સર્વત્ર જાય છે આ તેલ શુદ્ધ અને ઉત્તમ પ્રકારનું છે જે બાવા તેમજ લગાડવાની દવામાં વપરાય છે, ચંદનનો વધુ ઉપયોગ ધૂપ કરવા–બાળવામાં–ઘસીને લગાડવામાં થાય છે, તેમજ બાવાની દવામાં પણ ઘણી જગ્યાએ થએલ છે, લેપ વગેરે માટે રક્તચંદન સાથે આ શ્વેતચંદન પણ વપરાય છે. ચૂર્ણરૂપે શ્વેતચંદન વાપરવાની જરૂર છે. કવાથમાં કેટલીક જગ્યાએ શ્વેત અને રક્ત બંને વપરાય છે એમાં સરસ સુગંધ હોય છે એ સુગંધ તેમાં રહેલા તેલને લીધે છે, ચંદનની સાતજાતો આવે છે શ્વેત અને રક્ત અહિં ગણેલી છે.

ગુણ : સ્વાદમાં કડવું છે, ઠંડુ, પિતશામક, અને દાહની શાંતિ કરનાર છે, લગાડવા તથા બાવામાં વપરાય છે.

ઉપયોગ : ચંદનનુંતેલ મુત્ર લાવનાર છે. પરમીયામાં પડને ઘટાડે છે, પેશાબ સાફ લાવે છે તેમજ દાહ, પીડાને ઘટાડે છે, ચામડીનાં-દરદોમાં સુકી બસ–ખુજલી હોય ત્યારે ચંદનનુંતેલ તલ–સરસવના તેલમાં મેળવી લગાડે છે એથી ખુજલી બંધ પડે–ઠંડક થાય છે.

કવાથરૂપ લીધેલું ચંદન શીતળ, પસીનોલાવનાર, દાહશામક, તરસઘટાડનાર, ગ્રાહી, હૃદયને રક્ષણ આપનાર, લોહીના ઘસારાને મંદ કરનાર છે. તેથી હોજરીનીક્રિયા બગડતી નથી. બાધેલી દવામાં તેલ હોય તો ફેફસાવાટે બહાર પડે છે.

ચંદનમાં હૃદયબલ્ય ગુણ બહુજ ઓછો છે, તેથી હૃદયની ગતી મંદ પડે છે પણ તેથી હૃદયનું બળ ઘટતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુનાતાવમાં લેવાથી પસીનો લાવે છે, દાહ ઘટાડે છે, પિત્તજ્વર, રોજીંદોતાવ જુનોતાવ સર્વમાં લેવાય છે. નાળીએરના કોપરાના ખોડમાં ચંદનનુંતેલ મેળવીને લેવાથી તરસ મટાડે છે. ઝાડામાં તેમજ રકતાતિસારમાં ચંદન અપાય છે. તથા ખાંસી–કફ અને ખરાબવાસવાળો કફ પડે તેથી ખાંસીમાં પણ ચંદન લેવાય છે. જે ઘણુંજ સારૂં કામ આપે છે.

જીર્ણબસ્તીશોથમાં ચંદન સારૂં કામ કરે છે. ચંદનનુંતેલ પ્રમેહના જીર્ણરૂપમાં યાને ત્રીજી અવસ્થામાં આપવું બરાબર ગણાય છે.

દેશીવૈદ્યો કવાથ, ચૂર્ણ, લેપ અને બીજી રીતે ચંદનનો ઉપયોગ કરે છે, યુનાની હકીમો કે ડૉકટરો પણ ચંદનનાતેલનો તેમજ બીજી રીતે એનો ઉપયોગ કરે છે. પરમીઆમાં ચંદનનુંતેલ પતાશામાં ખવાય છે.

પરમીઆ માટે ચંદનનાતેલની ગોળી બનાવીને અપાય છે, આ ગોળી લેવાથી પેશાબમાં ઠંડક આવે છે, પીડા મટે છે અને દરદીને રાહત મળે છે.

રક્તપિત, હેડકી, ઉલટી, પિતજ્વર, દાહ, શુક્રમેહ, પ્રદર, મુત્રાઘાત, શીતળા અને ચામડીનોદાહ, ખસ, ખુજલી વગેરે દરદોમાં ચંદનનો ઉપયોગ થાય છે, રતવા માટે પણ તે સારી દવા છે.

પ્રમાણ : ચંદનનુંતેલ ૫ થી ૨૦ ટીપાં, ચૂર્ણ ૫ થી ૧૦ ગ્રેન.

ઉપયોગ : બાળકોની નાભી પાક માટે તેનું ચૂર્ણ ભભરાવવાથી તે સુકાઇ પીડા મટી જાય છે.

ગુલાબ, ચંદન અને કેવડાનું શરબત બનાવી લેવાથી ઉનાળામાં સારી ઠંડક આપી તરસ મટાડે છે.

કપુર, ચંદન અને ગુલાબજળનો લેપ ઠંડક આપે છે આ લેપ માથે લગાડવાથી માથાનીપીડા મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદનાદિતેલ પ્રાચિન ઉત્તમ બનાવટ છે, ચંદનાદિલોહ વિષમજ્વરની સારી દવા છે. ચંદનાસવ પણ ઠંડી સારી દવા છે. બીજી અનેક દવાઓમાં ચંદનચૂર્ણ–લેપ અને કવાથનારૂપમાં વાપરવા લાયક દવા છે.

નીચેની બનાવટો ખાસ કરી વાપરવા લાયક છે.

(૧) પ્રમેહાંતકગોળીઓ પૃષ્ટ ૧૨૦ (૨) ચંદ્રપ્રભાચુર્ણ પૃષ્ટ ૧૭૬ (૩) પવિત્રધુપ પૃષ્ટ ૧૮૬ (૪) ચંદનાસવ પૃષ્ટ ૨૨૩ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે. (૫) ચંદનાદિલોહ પૃષ્ટ ૪૪ (૬) ચંદનાદિચુર્ણ ૧–૨–૩–૪ પૃષ્ટ ૧૨૫–૧૨૬ (૭) ચંદનાદિતેલ (મહા) પૃષ્ટ ૧૮૮ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે તે જોઇ લેવું.

૧૨૬ ગુગળ

N. O. Burseraceæ (ગુગ્ગુલ્વાદિવર્ગ)

સં. ગુગ્ગુલ, **હિં.** ગુગલ, **મ.** ગુગ્ગુળ, **બં** ગુગલ, **કચ્છી–સિન્ધી** ગુગર, **લા.** Balsamodendron mukul.

વર્ણન : ગુગળાનાં ઝાડ કચ્છ, મારવાડ, સિન્ધ, કાઠીયાવાડમાં મોટે ભાગે થાય છે, કચ્છનો ગુગળ વખણાય છે, બજારમાં ગાંધીની દુકાને ગુગળ સહેલાઇથી મળે છે પણ દવામાં વાપરવા લાયક ઉત્તમ સ્વચ્છ લાલ અને પીળારંગનો દાણાદાર ગુંદજેવો ગુગળ બજારમાં સહેલાઇથી મળતો નથી. કચ્છ તેમજ સિન્ધના વૈદ્યોને ઝાડમાંથી તોડીને લાવેલો તાજો ગુગળ-સોના જેવો ગુગળ વાપરવાનું બહુજ સરળ છે. આવા ગુગળાને શોધવા સિવાય દવામાં વાપરવામાં આવે છે.

ગુગળાનાંઝાડ ૪ થી ૬ ફુટ ઉંચા ઝાંખરા જેવાં થાય છે તેનાં ઝાડને "ગુગરીઆલ" કચ્છમાં કહે છે તેમાં કાંટા પણ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલમાં પોતાની મેળે ઉગે છે, શીયાળામાં તેમજ ઉનાળાની શરૂવાતમાં એ ઝાડમાંથી રસ ઝરે છે તેને ગરીબલોકો વીણીને બજારમાં વેચવા લાવે છે, એ ગુગળ ઝાડમાંથી ઉખેડીને લાવેલું સ્વચ્છ હોય છે, જમીનપર પડી ગયેલું મેલું, રેતીવાળું તેમજ કાંકરા–કચરાયુક્ત હોય છે પછી એવા ગુગળને ત્રીફળાના કવાથમાં નાંખી સ્વચ્છ કરી કપડે ગાળી સુકવી પછી તેને શુદ્ધ ગુગળ તરીકે દવાના કામમાં વપરાય છે, દવામાં તે ઘણીજ ઉપયોગી વસ્તુ છે તે ખાવામાં તેમજ લગાડવામાં અને ધૂપના કામમાં વપરાય છે. જંતુઘ્ન તરીકે બીજા પદાર્થો સાથે તેનો ધૂપ થાય છે યક્ષનીપાસે એનોજ ધૂપ કરવામાં આવે છે, ગુગળવાળી દવાની ચીકાશ મટાડવા ગરમપાણીવડે હાથ કે વાસણને ધોવાથી ચીકાશ મટે છે–ઠંડાપાણીના સ્પર્શથી ચીકાશ કદીપણ જતી નથી. જગાના બાંધકામમાં ગુગળનું પાણી કરી ચુનાપર છાંટવામાં આવે છે તેથી તે ચુનો ઘણોજ મજબુત ચોંટી રહે છે.

ગુણ : વાતહર, શોધક, સારક, રોપણ અને પૌષ્ટિક છે, રસાયન, દીપન, સ્નેહન, સ્રંસન, કફઘ્ન, આર્તવજનન, કોષ્ટવાત પ્રશમન, રક્તવર્ધક, લોહીમાં શ્વેતકણને વધારનાર, ત્વકદોષ હરનાર, શ્લેષ્મ-ત્વચાને ઉતેજન આપનાર, શોથઘ્ન, વ્રણનાશક, વ્રણશોધક અને ઉત્તમ જંતુઘ્ન છે.

ઉપયોગ : ગુગળ એ આ દેશની ઉત્તમ અને સસ્તી દવા છે, કચ્છમાં **નરા** ગામમાં **મીઠોગુગળ** થાય છે આ ગુગળ બીજે કયાંય થતો નથી, તે બીજા ગુગળ કરતાં સો ગણા ઉંચે ભાવે મળે છે કચ્છનાલોકો વાના દરદ માટે આ ગુગળને એમજ ખાય છે અને તેથી અનેક વાના દરદીઓ દરવર્ષે સારા થાય છે.

વૈદ્યકશાસ્ત્રમાં પાંચ જાતના ગુગળનું વર્ણન થએલું જણાય છે, આપણને સ્વચ્છ લાલ અને પીળા રંગયુક્ત ચોખ્ખા ગુગળ મળે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવા માટે વાપરવો. ભેંસોગુગળ જેને મહિષાક્ષ કહે છે તે ઉત્તમ ગણાય છે એજ ગુગળ વૈદ્યોનેત્યાં વપરાય છે. આયુર્વેદમાં ગુગળના અનેક કલ્પ છે જુદી જુદી રપ થી વધુ બનાવટો ગુગળની આપણા વૈદ્યો વાપરે છે જે બધા ઉત્તમ કલ્પ છે. એ ઉપરથી જણાય છે કે ગુગળ એકલો નહિં પણ બીજી ઉપયોગી દવાઓ તેમજ સુગંધી દ્રવ્યો સાથે ગુગળની ગોઠવણ કરવી જે ઘણુંજ ઠીક છે.

ગુગળ રક્તશોધક છે તેનાથી આખા શરીરને બળ અને ઉત્સાહ મળે છે, તેથી તે ઉપદંશ–પ્રમેહ, જુનો આમવાયુ, કંઠમાળ વગેરેમાં વપરાય છે, એ લેવાથી લોહીમાં શ્વેતકણ વધે છે અને તેમ થતાં ઉપરોક્તગુણ બરાબર આવવા લાગે છે. કંઠમાળના દરદમાં પારદ, ગંધક, વાવડીંગ, સોમલ વગેરે દવાઓની સાથે ગુગળ અપાય છે. ઉપદંશના દરદીઓને અનંતમૂળ સાથે અપાય છે જ્યારે આમવાતના દરદીને શીલાજીત સાથે આપવામાં આવે છે. પરમો તેમજ જીર્ણ-બસ્તીશોથના દરદીને ગુગળ સાથે ગળો અપાય છે. આ માટે જુદા જુદા કલ્પની યોજના કરવામાં આવે તો ઠીક રહે છે.

પેટમાં ગુગળ ખાવા પછી તેની અસર પસીનાવાટે ચામડીપર બહાર આવતી જણાય છે, એટલે કે ચામડીનાદરદોને પણ ગુગળ મટાડે છે તથા નિરોગી માણસ ગુગળ ખાય તો વર્ણને સુધારે છે.

ગુગળ દીપન અને આનુલોમિક છે, તે લેવાથી આંતરડાને બળ મળે છે, ઝાડો સાફ આવવા લાગે છે, પાચન સુધરે છે, આવા વખતે હીરાબોળ અને ઇંદ્રયવ સાથે લેવાય છે. આ યોજના સ્ત્રીઓ માટે ઉત્તમ છે.

જુના કફરોગમાં જ્યારે કફ ચીકણો અને વાસ મારતો નીકળે છે ત્યારે પીપર, વાસા, મધ અને ઘી સાથે ગુગળ લેવો બહુજ સરસ અસરકારક ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુગળની અસર ગર્ભાશય ઉપર સારી થાય છે. યાને તે સંકોચન કરે છે અને સંકોચ-વિકાસ બંધ કરે છે. પ્રીકારંગની તરૂણ સ્ત્રીઓને ગુગળ-હીરાકસી-હીરાબોળનીગોળી અપાય છે જે સરસ કામ કરે છે. કોઇ કોઇવાર ગર્ભાશયમાંથી ચીકણો પદાર્થ જ્હાર વહે છે અને પરિણામે કેટલાકને વાંઝીયાપણું થઇ જાય છે તેવા સમયમાં ગુગળ, રસવંતી સાથે લેવાથી એ ફરિયાદ મટાડી આપે છે.

લોહીમાં શ્વેતકણ વધારે છે એટલેજ લોહીવિકાર યાને લોહીમાં રહેલા હાનીકારક જંતુઓનો નાશ થાય છે, અને તેમ થતાં તેલ, ઘી વગેરે પચાવવાની દરદીની શક્તિ વધે છે. એટલેજ પાંડુનાદરદીને ગુગળ લોહ અને બીજી સુગંધી ચીજો સાથે અપાય છે.

મોઢાના દરદીને ગુગળનો કટકો મોંમા રાખવા માટે અપાય છે એથી મુખપાક મટે છે.

ગુગળને ઘી સાથે કુટી લેપ જેવું કરી મલમની પટી લગાડવાથી જુનાં-સડતા વ્રણો મટે છે એ માટે એ રામબાણ દવા છે. ગાંઠ કે પછી ગંડમાળની ગાંઠો માટે ગુગળને થોડાક પાણીમાં પલાળી વાટી તેની પટી કરી લગાડવા આપે છે, એ ક્રમ ચાલુજ રાખવાથી ગળાની અસાધ્ય ગાંઠો ગળીને સાફ થઇ જાય છે. કુટયા સિવાય બેસી જાય છે. આ માટે દરરોજ પટી લગાડવી પડે છે સાંધાના સોજા માટે, પડખાનાં શૂળ માટે અને અર્શની પીડા માટે તેનો લેપ લગાડવો હિતકારક ગણાય છે.

હેડકી કોઇ ઉપાયથી ન મટે ત્યારે તેના લેપની પટી બે બાજુ પેટપર લગાડે છે.

દીલ્હી તરફ એક પ્રકારનું વ્રણ થાય છે જેને અંગ્રેજીમાં Delhi sores કહે છે તેના માટે ગુગળ, ગંધક અને ટંકણખાર વાટી મલમ કરી લગાડે છે અને તે આ ઉપાયથી બરાબર મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુગળની માત્રા ૩૦ થી ૬૦ ગ્રેન ગણાય છે.

ચોકખો ગુગળ શુદ્ધ કર્યા સિવાય દવા માટે ખાઇ શકાય છે કિંવા બીજી દવામાં વાપરી શકાય છે ચોકખા ગુગળપર જરા જરા ઘી લગાડી પથરના બતાવડે ખરલમાં કુટવાથી ગોળાકૃપે નરમ લોંદો બને છે. તેમાં બીજી દવા મેળવી ગોળી કરી સુકવી રખાય છે.

શોધેલા ગુગળનો શીરો હોય તેમાં અનેક પ્રકારની બીજી દવા મેળવી કોઇપણ બનાવટ કે કલ્પ બનાવી સુકવી ખાવા માટે લઇ શકાય છે.

ગુગળની દવાથી અનેક દરદો મટાડવામાં આવે છે પણ તે લાંબો સમય દવા લેવાથીજ લાભ કરે છે કેટલીકવારતો એક બે વર્ષ લગી દવા લેવાય છે.

કિશોર, અમૃતા, યોગરાજ, મહાયોગરાજ, પથ્યાદિ, કાંચનાર, ત્રિફળા, લોહ, ગોક્ષુરાદિ, ચંદ્રપ્રભા, લાક્ષાદિ, આભાદિ, વિડંગાદિ, સિંહનાદ, ત્રયોદશાંગ, સપ્તાંગ, રસેન્દ્રગુગળ વગેરે અનેક બનાવટો પ્રચલીત છે જે સર્વમાં ગુગળ આવે છે, ઉપરાંત પણ બીજી અનેક બનાવટોમાં ગુગળ આવે છે એમાંથી ઠીક લાગે તેની યોજના કરવી જોઇએ.

---

૧૨૭ રાળ

N. O. Dipterocarpeæ (સર્જવર્ગ)

સં. સર્જરસ, રાલ, **હિં.** સારક, સાલ, **મ.** રાળવૃક્ષ, રાળ, **બં.** ધુના, ડમ્બર, સાલ, **લા.** Shorea robusta.

વર્ણન: રાળ એ શાલનાંઝાડનોરસ–ગુંદ છે, જે બન્દરમાં ગાંધીઓને ત્યાં હલકા વજનનાં મોટા મોટા ગાંઠાનારૂપમાં મળે છે. રંગ જરા પીળો ભુખરો હોય છે તેમજ વજનમાં હલકું અને ભાંગતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલદી ટુટે તે ઉત્તમ રાળ ગણાય છે. એનાં મોટાં ઝાડ પંજાબમાં તેમજ આસામ બાજુ થાય છે, ઝાડ બારે માસ લીલાં હોય છે. આ રાળ એક પ્રકારનું ધૂપ ગણાય છે તેનો વ્રણના ધુપ માટે સુશ્રુતમાં ઉપયોગ બતાવેલ છે.

અંગારાપર તેનો ભુક્કા છાંટવાથી ધૂપ થઇ ભડકા થાય છે. નાટકનાસ્ટેજ ઉપર ભડકા કરવા માટે તેનો ઉપયોગ કરે છે. બાવાની દવામાં તેમજ મલમ અને ધૂપ માટે રાળ વપરાય છે, વ્રણ માટે ઉતમ છે.

ગુણ : ઠંડી, કષાય, સ્થંભન, વ્રણરોપણ, ભગ્નસંધાનકૃત, વિષ તેમજ ભૂત બાધા મટાડનાર છે. ઝાડા, સંગ્રહણી, આમને મટાડે છે તથા દાઝવા માટે મલમરૂપે વપરાય છે.

ઉપયોગ : રાળનો બારીક ભુક્કા ૪ ભાગ, તલનુંતેલ ૪ ભાગ, ગાયનુંઘી ૩ ભાગ, મીણ ૪ ભાગ એનો વિધીસર મલમ કરવો. આ મલમની પટી લગાડવાથી ચામડીનાંદરદો મટે છે. આ મલમને પાણીથી ધોવાથી તે ફુલે છે, પછી એ મલમ દાઝેલા માટે વાપરવો ઉત્તમ ગણાય છે. રાળનોમલમ **એમ્પલાસ્ટ ઓફ્ રેઝીના** નામથી બજારમાં પુષ્કળ જાતનો લાકડીનારૂપમાં કે ડબી ભરેલી હાલતમાં અથવા કપડાની પટ્ટીપર લગાડેલરૂપમાં સર્વત્ર મળે છે, આ મલમ લગાડવાથી વ્રણ રૂઝાય છે તેનું કારણ એમ છે કે ચામડીપર લગાડવા બાદ ત્યાં લોહીનું ફરવું બરાબર થવા લાગે છે, પરિણામે ત્યાંથી જંતુઓ નષ્ટ થઇ તાજું માંસ આવી જલદી રૂઝ આવે છે.

તલનાતેલમાં સ્હેજ મીણ નાંખી પછી રાળનોભુક્કા નાંખી મલમનીપટી બનાવે છે એ ચીકણામલમનીપટ્ટી સારૂં કામ આપે છે ખાસ કરી દાઝેલાને રાહત આપવા રાળનોમલમ ઉત્તમ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંચગુણતેલમાં પણ રાળ વપરાયલી છે, જે તેલ ચામડીનાં તમામ દરદો માટે પ્રસિદ્ધ ઉપાય છે.

ગાયનાદહીં સાથે સાકરમાં ૬ રતીભાર રાળનુંચૂર્ણ લેવાથી મરડો અને પ્રદર મટે છે. નાનાંબાળકોનાંઝાડા–લોહી પરૂયુક્ત ઝાડા માટે રાળ ઉત્તમ ઉપાય છે.

ગ્રાહી, રક્તસ્થંભક અને વ્રણને શુદ્ધ કરી રૂઝવનાર તરીકે રાળ ઉતમ ઘરગથુ દવા ગણાય છે. તેના ભુકાનોધૂપ બિમારના તેમજ પ્રસુતાના ઓરડામાં કરવામાં આવે છે, રક્તશ્રાવ બંધ કરવા તેનોભુકો છાંટે છે.

કચ્છ–કાઠીયાવાડમાં રાળ અને લોબાનનોચૂવો (અર્ક) કાઢી બીજા તેલમાં મેળવી સુગંધીતેલ બનાવીને વેચે છે એને ચુવાનુંતેલ કહે છે જે પાતાળયંત્રથી કાઢે છે.

રાળ, કાથો, બોદાર અને મોરથુથાને મેળવી મલમ કરી (તેલમાં) પછી પાણીથી ધોઇ, આ મલમ ડબ્બીમાં રાખવું. તેનીવાટ જુનાવ્રણ–ચાંદી માટે ઉત્તમ છે.

૧૨૮ સપ્તરંગી

N. O. Samydaceæ (સપ્તચક્રીવર્ગ)

सं. સપ્તચક્રા, સપ્તરંગા, **हिं.** ચિલ્લા, ચિલર, બૈરી, **म.** સપ્તકપિ, **ला.** Casearia esculenta.

વર્ણન : આ સપ્તરંગીનાં નાનાંઝાડ ડુંગરાળપ્રદેશમાં હિંદુસ્થાન તેમજ સીલોનમાં થાય છે, મહારાષ્ટ્રમાં પણ તે થતી જણાય છે, બજારમાં કોઇક જગ્યાએ ગાંધીને ત્યાં એનાંમૂળ મળે છે, દવામાં તેનાંપાન અને મૂળ વપરાય છે. બહુજ ઓછી પ્રસિદ્ધ છતાં ઘણીજ ઉપયોગી છે. પરંતુ તેનો પ્રચાર બહુજ ઓછો છે. એનું વર્ણન બીજાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ વૈદ્યકપુસ્તકોમાં ખાસ જણાતું નથી પરંતુ સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇના ઔષધીસંગ્રહમાં બરાબર આપેલ છે.

મૂળની ઉપરનીછાલ સોનાજેવી પીળી અને પાતળી હોય છે, કાપી જોતાં અંદર જુદા જુદા ચક્કરમાં જુદા જુદા સાતરંગ જોવામાં આવે છે એથીજ તેને સપ્તરંગી કહે છે. મૂળનોસ્વાદ કડવો તેમજ તુરાશપર હોય છે.

ગુણ : કડવી, કષાય, મૃદુવિરેચન, વાતનાશક, હૃદયોત્તેજક છે, તેના સેવનથી તકલીફ વગર એક બે ઝાડા પીળારંગના સાફ આવે છે, તેનાથી યકૃતની સાકર આપ્તનીક્રિયા બરાબર બને છે તેથી તે મધુમેહમાં ખાસ ઉપયોગી દવા ગણાય છે, ભુખ લગાડે, પાચનસુધારે, પેટનાવાયુને છુટો કરે અને દસ્ત સાફ લાવી, વિના કારણે થતા પસીનાને મટાડી શક્તિ વધારે છે.

પ્રમાણ : પાનનોરસ તોલો ૦॥ થી ૧ અથવા મૂળનોભુકો તોલો ૧ ક્વાથ બનાવી લેવાય છે.

ઉપયોગ : યકૃત અને તેના વધારા માટે તેમજ હરસના દરદ માટે આનો ઉપયોગ થાય છે. તેનાથી યકૃત નાનું અને હલકું બને છે, અયોગ્ય લાગતી તરસને મટાડે છે તથા યકૃતને બરાબર કામ કરતું બનાવે છે.

જ્યારે યકૃત ઠીક કામ કરતું નથી ત્યારે પાચન બગડે છે. હરસની શરૂવાત થાય છે પછી ઝાડામાં લોહી પડે છે, આ થાય ત્યારે સપ્તરંગી સારો ફાયદો બતાવે છે, ત્યારે પાનનોરસ ઘી સાથે પીવા આપે છે અથવા મૂળનુંચૂર્ણ માખણ સાથે ૦॥ તોલાની માત્રામાં અપાય છે. અને ઠંડાપાણીમાં મૂળ વાટી–ઘસી હરસ ઉપર લેપ લગાડાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યકૃત બગડવા પછી થતા મધુમેહમાં આ દવાની બહુજ સારી અસર થાય છે, પેશાબમાં જતી સાકર બંધ થાય છે, તરસ અટકે છે અને પાતળો–પીળારંગનો દસ્ત સાફ આવી કબજીઅત મટે છે, પેટ હલકું પડે છે, વા છુટ થાય છે, પસીનો આવતો બંધ પડે છે, શક્તિ આવે છે અને પગપર સોજો હોય તો મટી જાય છે. ચામડીનોવર્ણ સુધરે–કાંતી દેખાય તથા દરદીને ખાત્રી થાય કે હવે મને સારૂં થતું આવે છે, આ તેજરવી દવા હોવાથી તેનીસાથે બીજીચીજ આપવાની જરૂર નથી, છતાંપણ કોઇક જાંબુનાઠડીઆંનું-ચૂર્ણ આપે છે, અથવા લસણ અપાય છે, પણ આ દવા બધી જાતના મધુમેહ માટે કામ કરતી નથી, ફક્ત યકૃતને લઇ થએલા મધુમેહમાં ઉપકારક છે આ દવા થોડાક દહાડા લઇ પછી પાછી મુકી દેવી, સળંગ લેવાથી લાભ જણાતો નથી માટે આઠ આઠ દહાડા લેવી–મુકવી ઠીક છે.

એનાં ઝાડ બહુજ ઓછાં છે માટે મૂળ કે લાકડાં વાપરવાં અથવા પાનનુંચન બનાવી તે વાપરવું પણ ગુણકારક છે તેની માત્રા ૫ થી ૧૦ ગુંજ છે.

૧૨૯ ડીકામારી

N. O. Rubiaceæ (મંજીષ્ઠાદિવર્ગ)

સં. નાડીહિંગુ, વંશપત્રી, **હિં.** ડીકામાલી, **મ.** ડેકામાલી, ડીકેમાલી, **બં.** હિંગુવિશેષ, **કાઠીયાવાડ** માલણ, **લા.** Gardenia gummifera.

વર્ણનઃ બજારમાં ગાંધીની દુકાને ડીકામાળી મળે છે, તે એક પ્રકારનો ગુંદ છે. શુદ્ધ ડીકામારી દુકાનોપર ભાગ્યેજ મળે છે, શુદ્ધ ડીકામારી ગુંદના રૂપમાં રહે છે તે ચીકાશદાર ગુંદ જેવો રસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે તેનું ચૂર્ણ કરી લેવું કઠણ કામ છે, જંગલીલોકો એ પાનવચ્ચે તેનો રસ લાવી વેચા જાય છે, મુંબઇપાસે પનવેલની અન્દરમાં એ રીતે મળે છે અને તે શુદ્ધ હોય છે. કોકણના ડુંગરોમાં એનાં ઝાડ થાય છે, ઝાડ સાધારણ રીતે ૫ થી ૬૫ ફુટ મોટાં થાય છે પણ તે જમફળ (પેરૂ) જેવાંજ લાગે છે, પાન બરાબર તેને મળતાં આવે છે, ફુલમાં બહુજ સારી સુવાસ આવે છે, એથીજ તેને માલણ નામથી કેટલાક પ્રદેશમાં ઓળખવામાં આવે છે. કોકણના પ્રદેશમાં તે ખુબ થાય છે. એનાં ગુંદમાં બહુજ ખરાબ–અરૂચીકારક વાસ હોય છે, દવામાં એનો ઉપયોગ થાય છે, ઘરગથુ દવા તરીકે આ એક પ્રસિદ્ધ દવા છે. એના ગુંદનો રંગ જરા લીલો–પીળો હોય છે. ચોકખો રસ હોય તે દવાના કામ માટે ઉત્તમ ગણી વાપરવો.

ગુણ : કૃમિઘ્ન, પારીનાતાવને રોકનારી, સંકોચ વિકાશ પ્રતિબંધક, પેટના વાયુનું શમન કરનાર, સ્વેદલ, શ્લેષ્મનિસારક, ત્વક્‌દોષહર છે. તીખી, તીક્ષ્ણ, ઉષ્ણ અને આમનાશક છે.

ઉપયોગ : આપણા દેશમાં ડોસીઓ બાળકોની દવામાં ડીકામારી વાપરે છે, બાળકના પેટમાં બગાડ થાય ત્યારે એળીઓ, ડીકામારી અને રેવતરસ વાટી પેટ ઉપર કુંટીનોભાગ છોડી લેપ કરે છે તેથી આફરો–શૂળ–કબજીઅત મટે છે, અને પેટ ફુલેલું હોય તો બેસી જાય છે, સસણીને પણ મટાડે છે.

ટાઢીઆતાવમાં બીજી દવા સાથે તેનો ઉપયોગ કરવામાં આવે છે અને તે ઠીક અસર બતાવે છે. ચામડીનાં જીર્ણવિકારોમાં ખાવા માટે આપે છે, વાળો થતો અટકાવવા તેમજ થયા પછી તેનું વિષ નિવારણ કરી તેને બ્હાર કાઢવા માટે ૫ ગુંજ પ્રમાણમાં રોજ ખાવા માટે ડીકામારી અપાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંતરડાનાવાયુ માટે આ સારી દવા છે, તેનાથી પીડા મટે છે, વા છુટ થાય છે અને કૃમિ હોય તો તે બ્હાર પડી-નીકળી જાય છે. ખાસ કરી તે પેટનાંકૃમિને માટે સારી દવા છે. વ્રણ-જખમના જંતુઓને પણ તેનો લેપ કરવાથી મારી બ્હાર કાઢી નાંખે છે.

બાળકોને દાંત આવે છે ત્યારે તાવ-ઝાડા વગેરે થાય ઊલટીઓ થાય ત્યારે ડીકામારી એકાદ રતીની માત્રા પાણીમાં બે ચારવાર લેવાથી સારૂં થઇ જાય છે એનાથી ઝાડા અને આમ મટે છે.

ભાદરવાથી કારતક સુધીમાં આવનારા તાવને માટે એક લીંબુ ચીરી તેની બે ફાડ બનાવી તેને અંગારાપર મુકી લીંબુ ઉપર ડીકામારી, મરી, સીંધવનોભુક્કો જરા જરા છાંટી બદબદે કે ઉતારી ઠંડુ થતાંજ તે બંને લીંબુ ચૂસી જવાં. ૫ થી ૭ દહાડા કરવાથી તાવ મટી જાય છે, આ દવા એ માટે રામબાણ ગણાય છે.

ચરક, સુશ્રુત અને બીજા નિઘંટુઓમાં એનો ઉલ્લેખ અને વપરાશ છે. આમનાશક હોવાથી સંગ્રહણીમાં વપરાય છે. એની માત્રા ૦॥ થી ૨ ગુંજ ગણાય છે.

૧૩૦ ભોંપાથરી (ગળજીભી)

N. O. Compositæ (સહદેવ્યાદિવર્ગ)

સં. ગોજીહ્વા, **હિં.** ગોભી, **મ.** પાથરી, **ગુ.** ગળજીભી; **બં.** ગોજીઆલતા, **લા.** Elephantopus scaber.

વર્ણન : ચોમાસામાં તેમજ ભીનાશવાળી જમીનમાં આપણા દેશમાં સર્વત્ર આ વનસ્પતિ થાય છે, રેતાળ જમીનમાં વાડી-બગીચા કે ખેતરમાં એ થતી જણાય છે. દવામાં તેનો ઉપયોગ બહુજ ઓછો થાય છે, તે એક સસ્તી અને સારી દવા છે. એનોછોડ જમીનપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાન ફેલાય છે વચ્ચે એક દંડી લાંબી થાય છે જેનાપર પીળારંગનું ફુલ આવે છે, ભેંસને ખાવા આપવાથી દૂધ વધારે આપે છે, ગામડાના-લોકો તેનું શાક કરે છે.

જુદા જુદા લેખકોએ એનાં બે પ્રકાર બતાવેલા છે (સંસ્કૃતમાં ગોલોમિકા અને લાટીન Launæa Pinnatifida બીજો ભેદ છે.) એને સોનકી અથવા ભોંપાથરી તરીકે જણાવે છે, ભાંગરાને મળતાંજ એનાંગુણો કહેલા છે, અંગ્રેજી વૈદ્યકમાં ટેરેકેઝેકમ્ નામની જે વનસ્પતિ વપરાય છે ત્યાં આ કામ કરે છે એમ અનેક ડૉકટરોનો અભિપ્રાય પણ છે.

આપણે અહિ ગળજીભીનુંજ વર્ણન કરીએ છીએ.

ગુણ : ઠંડી, વાતકારક, ગ્રાહી, અને કફપિત્ત મટાડનાર છે. પ્રમેહ, ખાંસી, લોહીવિકાર તેમજ વ્રણ અને તાવને મટાડનાર છે. સ્વાદમાં કડવી છે અને પિત્તનો નાશ કરે છે, દંતરોગ મટાડી વ્રણને રૂઝાવે છે. રસાયન છે, સુશ્રુત એને બ્રાહ્મી જેવા ગુણવાળી હોવાનું જણાવે છે તે સ્નેહન, શીતળ અને મુત્રલ છે.

ઉપયોગ : એનો કવાથ બનાવી મુત્રકૃચ્છ્રમાં અપાય છે, દાંત અને નખનું ઝેર ચડે છે તેમાં એનાપંચાગને વાટીને લેપ કરવામાં આવે છે, ગળજીભીનુંમૂળ પાણીમાં વાટીને પીવાથી શીતળા નીકળતા નથી એમ રાજમાર્તંડમાં જણાવેલ છે.

વ્રણરોપણ તરીકે ચરક, સુશ્રુતમાં વપરાયલી છે. તાવવાળાને એનું શાક આપવાનું સુશ્રુત જણાવે છે.

મૂળ અને પાનનોકવાથ મુત્રલરૂપે આપવો ઠીક છે, ઉપદંશ, વ્રણ અને ગ્રન્થી વિસર્પમાં એને વાપરવાનું સુશ્રુતમાં પણ જણાવેલ છે. લોહીવિકાર, પારદવાળી દવાની ગરમી, ચામડીનાંદરદો અને પેશાબની-ગરમી માટે એનોરસ આપવાથી સારો લાભ થાય છે. તેનોરસ અંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર લગાડે છે અને પીએ છે. આંખોનીગરમી, કુતરાનું વિષ મટાડવા માટે તેનો કાઢો ઘી નાંખીને પાય છે.

એનારસમાં ૨૫ ગજપુટ અભ્રકને આપવાથી ઉત્તમ નિશ્ચંદ્ર અભ્રકભસ્મ બને છે તે ચંદ્રીકાને જલદી સાફ કરનાર છે.

ઉપર કહેલ બીજા ભેદના ગુણો; કડવી, શીતળ, સ્નેહન, ગ્રાહી અને ધાવણવધારનાર છે.

તેની ભાજી ચામડીનાદરદોમાં ખાવા માટે અપાય છે, અજીર્ણ, યકૃતવૃદ્ધિ, કમળો, કબજીઅતમાં તે ભાંગરા જેવુંજ કામ આપે છે, તેના સ્વરસમાં જેઠીમધચૂર્ણ આપવાથી ધાવણ વધે છે, અને તેનું ચાટણ કરી લેવાથી ખાંસીમાં લાભ કરે છે.

૧૩૧ વારાહીકંદ (ડુક્કરકંદ)

N. O. Taccaceæ (વારાહિકંદાદિવર્ગ)

सं. વારાહીકંદ, **हिं. बं.** વારાહીકંદ, **म.** ડુક્કરકંદ, **ला.** Tacea aspera.

વર્ણન: વારાહીકંદ ગાંધીઓને ત્યાં ટુકડાના રૂપમાં મળે છે તે એક પ્રકારનો કંદ છે તેને કાપી ટુકડા કરી સુકવી ગાંધીને ત્યાં વેચાવા આવે છે જે આપણને તેઓ આપે છે, ડુક્કરકંદ એનું બીજું નામ છે ડુક્કર અને વારાહ મળતુંજ એકજ નામ છે ડુક્કરો એ કંદને ખાય છે કિંવા તેની છાલ કાળી ડુક્કરની ચામડી જેવી રૂંવાટાવાળી હોય છે એને લઈને પણ એ નામ પડેલું હોય તે પણ બનવાજોગ છે, એનાં વેલા થાય છે, પાન નાગરવેલના પાનને મળતાં હોય છે, ડુંગરાળ પ્રદેશમાં વધુભાગે થાય છે, મુંબઇપાસેના ડુંગરોમાં થાય છે, મુંબઇમાં તેના કંદ લીલા મળે છે, કેટલાક એનાં કંદને ઝેરી કહે છે પણ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવામાં વપરાય છે, લાટીન નામ અને નેચરલ ઓરડરના નામ માટે લેખકોમાં મતભેદ છે.

ગુણ: મધુર, કડવો, પૌષ્ટિક, ઉષ્ણ, રસાયન, વર્ણકર, બલ્ય, શુક્રલ, વૃષ્ય અને આયુષ્યવર્ધક છે, હલકું અને પૌષ્ટિક છે.

ઉપયોગ: હરસ ઉપર આ કંદ ઉપયોગી કહેવાય છે, મુત્રકૃચ્છ્ર, નાડીવ્રણ, પ્રમેહ અને કુષ્ટ તથા વિસર્પમાં વાપરવાનું પ્રાચિન પુસ્તકોમાં છે. આજના વૈદ્ય–ડૉકટરો તેને પૌષ્ટિક દવા તરીકે વિદારીકંદ સાથે વારાહીકંદ વાપરે છે, સવાર સાંજ મધ અને દૂધ સાથે લેવાથી તે રસાયન ગુણ લાવે છે તે વૃદ્ધને યુવાન બનાવે તેવું ઉત્તમ રસાયન ઔષધ છે, આ ઔષધ તીવ્ર છે તેનો ઉતાર ઘી છે. પ્રમાણ: ૦ા તોલો ઠીક છે.

૧૩૨ વિદારીકંદ

N. O. Convolvalaceæ (ત્રિવૃતાદિવર્ગ)

सं. વિદારીકંદ, **हिं.** બીલાઇકંદ, **म.** ભુઇકોહળા, **बं.** ભુઇકુમડો, **ला.** Ipomœa dgitata.

વર્ણન: ભોંયકહોળું એટલેજ વિદારીકંદ, એની બે જાત છે, બીજી જાતને ક્ષીરવિદારીકંદ કહે છે, તે જરા વધુ સ્વચ્છ–સફેદ હોય છે. એનાં વેલા ડુંગરાળ પ્રદેશમાં સર્વત્ર થાય છે, તે વેલામાં જમીનમાં બહુજ મોટા કંદ થાય છે કેટલીકવાર એ કંદ ૫ થી ૨૫ રતલ કે તેથી પણ મોટાં થાય છે તેને લાવી સાફ કરી છોલી નાની કાતરી કરી સુકવી તે દવા માટે સંભાળી રાખે છે, ગાંધીની દુકાને સુકેલી કાતરી–ટુકડા મળે છે.

સફેદ–ક્ષીરવિદારી દવા માટે ઉત્તમ ગણાય છે. કેટલીક દવાઓમાં તેનો રસ વપરાય છે, જે તાજા કંદને લાવી છુંદી કુટી કપડે દાબી રસ કાઢી તે વાપરે છે, રસ ન મળે ત્યાં એનો કવાથ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જાતને ફૂગીઓ વેલો બીજીને ક્ષીરવિદારી એમ બે પ્રકારને ઓળખવામાં આવે છે, દવામાં બંને જાત ચાલે છે. કંદ જમીનમાં બહુજ ઉંડો હોય છે. કાપતાં તેમાંથી દૂધ જેવું નીકળે છે. લીલું કંદ બહુજ ભારે હોય છે, સુકાયા બાદ વજન ખુબજ ઓછું થઇ જાય છે.

લાટીન નામ અને કુદરતી વર્ગ બાબત લેખકોમાં મતભેદ જેવું દેખાય છે, બાકી મૂળ વસ્તુમાં કંઇજ મતભેદ નથી. દવામાં સર્વત્ર વપરાય છે, ગાંધીઓને ત્યાં વેચાય છે, વારાહીકંદ સાથેજ તે વધુ ભાગે દવાઓમાં વપરાતું જણાય છે.

ગુણ: મધુર, શીતળ, ગુરૂ, સ્નિગ્ધ, પૌષ્ટિક, ધાતુવર્ધક, ધાવણ વધારનાર, બલ્ય, રસાયન, મુત્રલ, કફકર, રૂક્ષ અને ગર્ભપ્રદ છે. તે પિતશ્રાવક અને સ્નેહન છે, ઉત્તમ પૌષ્ટિક છે અને ભૂખ લગાડનાર છે નામરદાઇ મટાડી ધાતુ વધારે છે.

ઉપયોગ: પૌષ્ટિક દવાઓમાં ભોંયકોહોળું ઉત્તમ છે, તેનો પાક બનાવે છે. અવલેહ અને ચૂર્ણના રૂપમાં પણ એ વપરાય છે. ધાવણ વધારવા માટે ભોંયકોળાનુંચૂર્ણ દ્રાક્ષાસવ સાથે આપવાથી ખુબ ધાવણ વધે છે.

શારીરિક અને માનસિક થાકને મટાડી ઘટી જતા વજનને વધારવા માટે એ ઉત્તમ દવા છે. બહુજ ઝડપથી વજન વધારવા એના જેવી બીજી કોઇ સારી દવા નથી. યકૃત અને પ્લીહાની વૃદ્ધિ હોય ત્યારે એનું ચૂર્ણ લેવા ખાસ ભલામણ કરેલી છે, તેથી પિત બ્હાર પડવા લાગે છે અને દસ્ત સાફ આવે છે.

એના ચૂર્ણને એના રસની ભાવના આપી સુકવી ચૂર્ણ કરી રાખવું. ૧ા થી ૩ા તોલો ઘી સાકર અને મધમાં લઇ ઉપર દૂધ લેવાથી નપુંસકતા મટાડે છે, સ્વપ્નદોષ અને ધાતુશ્રાવ મટાડી બળ વધારે છે, આ ઉપાયથી ધાવણ પણ વધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદારીકંદ, ઘી, સાકર, પીપર, વાંસકપુર અને જવનોલોટ તથા મધ યોગ્ય માત્રામાં મેળવી ચાટણ કરી ખાવાથી શુક્ર તથા ધાવણ વધારે છે.

તલ અને મધ સાથે એનું ચૂર્ણ લેવાથી રક્તાર્શ મટે છે.

વિદારીકંદ, ગોખરૂ, નાગકેશર, જેઠીમધ એનો ક્વાથ કરી પીવાથી મુત્રકૃચ્છ્ર મટે છે, મધ નાંખી પીવું.

સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ પોતાના અનુભવમાં લખે છે કે આ દવાની અસર કોડલીવરઓઇલ કરતાં વધુ સરસ જણાય છે. તેના સેવનથી ભુખ લાગે છે, પાચન સુધરે છે, પેટ સાફ આવે છે, અન્ન પચી જાય છે તથા વજન વધી શરીરનોવર્ણ સુધરે છે. લેવામાં જરા પણ કંટાળો આવતો નથી, વધુ કરીને પ્રૌઢ મનુષ્યોને માટે વધારે સરસ જણાય છે.

એનાચૂર્ણની માત્રા ૦ા થી ૧ા તોલા દુધ સાકર સાથે લેવાય છે અને ત્યાંલગી તાજું સુકવેલું લઇ ચૂર્ણ કરી વાપરવું,

પિતજ્વરળ માટે તેનો સ્વરસ સાકરસાથે લેવો. રતવા ઉપર એને વાટી ધોએલા ઘી સાથે લેપ કરવો. મુત્રલ છે, પથરી માટે બીજી દવા સાથે લેવાય છે. વ્રણ રોપણ છે અને ભાંગેલાહાડકાને સાંધવા માટે પણ તે વપરાય છે.

એનું ચૂર્ણ ખાવાથી રક્તશ્રાવ બંધ પડે છે. પોષણના અભાવે અશક્ત બનેલાં બાળકોને માટે એનું ચાટણ ઉતમ લાભ આપે છે.

મુત્રલ છે છતાંપણ તે બીજી દવાઓ સાથે મધુમેહનાદરદીને આપવાથી સારો લાભ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી મત પ્રમાણે એમાં સ્ટાર્ચ–લોટનોભાગ વધારે છે. સાકર ૧૦ ટકા હશે બાકી થોડા પ્રમાણમાં જલપમાં છે એવું રાખજેવું દ્રવ્ય કે જે આનુલોમિક છે તે છે.

દવામાં આ ક્ષીરવિદારીજ વધારે ઉતમ ગણાય છે, વેલા બહુ મોટા થાય છે એને ઘોડા ખાય છે તેથી તેનું નામ ઘોડવેલ મહારાષ્ટ્રમાં કહેવાય છે.

૧૩૩ કોઠ

N. O. Aurantiaceæ (જમ્બીરવર્ગ)

સં. કપિત્થ, **હિં.** કૈથ, **મ.** કંવઠ, **બં.** કયેથગાછ, **લા.** Feronia elephantum.

વર્ણન: કોકનાં બીલાં જેવડાં મોટાં વૃક્ષ થાય છે એનાં ફળ પણ બીલફળથી જરા નાનાં થાય છે, એની ઉપરનો રંગ ભુખરો હોય છે, અને ફળ બહુજ કઠણ–ઉપરની છાલ ઘણીજ કઠણ છે, લોકો એની ચટણી બનાવી ખાય છે, મુંબઇમાં તેમજ બીજી જગ્યાએ મોસમમાં બજારમાં તાજાં ફળો મળે છે જે લાવી લોકો ચટણીમાં વાપરે છે, આ સામાન્ય રીતે સર્વત્ર થતી અને વપરાતી ઔષધી છે તે માટે કંઇ મતભેદ જેવું નથી. પાકેલા ફળની વાસ ઘણીજ રૂચીકારક હોય છે, દવામાં એનાં ફળનું શરબત–ચૂર્ણ, પાનનોરસ કે મૂળીઆં વપરાય છે, પણ બહુજ ઓછો પ્રચાર છે કેટલીકવાર દવા માટે તાજાં ફળની મોસમ ન હોય તો બજારમાં એનાં ફળ ગાંધીને ત્યાં સહેલાઇથી સર્વત્ર મળી શકતાં નથી કેમકે પ્રચાર ઓછો છે. એના ઝાડમાંથી ગુંદ નીકળે છે તે પણ દવામાં વપરાય છે. પાકેલા ફળનો મુરબ્બો બનાવે છે, પ્રાચીન વૈદ્યકના પુસ્તકોમાં એનો બહુજ ઓછો ઉપયોગ થયો જણાય છે છતાં એ પેટના દરદો માટે બહુજ સારી દવા છે એમ સૌ કોઇ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાને માટે કાચાં તેમજ પાકેલાં ફળો બરાબર વપરાય છે.

ગુણ : તેનાંપાન પથરી મટાડનાર તથા પાચક અને પેટનાવાયુ આફરાને મટાડે છે. તે અજીર્ણ, ગ્રહણી અને અતિસારને મટાડનાર છે. પાકેલાંફળો થાકને મટાડનાર, રક્તપિત તથા સ્કર્વીને મટાડનાર છે, તે ઘણુંજ રોચક છે, પાચક અને બલવર્ધક છે, **કાચુંફળ** ગ્રાહી, સ્થંભક છે, ઝાડાને મટાડે છે. **ગુંદ** પેટના મરડાને મટાડવા માટે વપરાય છે. ગરમીનાઝાડા માટે ઉત્તમ છે.

એકંદરે શીતળ, શોધક અને ગ્રાહી તથા અમ્લ છે. ચટણી માટે પાકેલાં ફળ ઉત્તમ છે.

અંગ્રેજી મત પ્રમાણે તેમાં લોહ, ચુનો, પોટાશ અને સાઇટ્રીક-એસીડ આવેલાં છે, જે પેટ માટે ઉત્તમ અને બલ્ય ગણાય છે.

ઉપયોગ : પાકેલા કોંઠના મગજને ત્રણગણા પાણીમાં ઉકાળી અરધું રહે ત્યારે સમભાગે સાકર નાંખી શરબત બનાવી લેવું. પ્રમાણ: ૨ા તોલા, પાણી સાથે પેટનાં દરદો માટે ઘણુંજ સરસ છે, અરૂચી–અજીર્ણ, ઝાડા–મુખપાક વગેરે મટાડી પાચન સુધારી શક્તિ લાવે છે.

કોંઠ ૮ ભાગ, સાકર ૬ ભાગ, દાડમ, આમલી, બીલફળ, પીપર, ધાવડીફુલ, અજમોદ એ દરેક ત્રણ ત્રણ ભાગ, મરી, જીરૂં, ધાણાં, પીપરીમૂળ, વાળો, સિંધવ, અજમો, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, ચિત્રક, શુંઠ એ દરેક અકેક ભાગ, બધાનું બારીક ચુર્ણ કરી લેવું. એને **કપિત્થાષ્ટકચુર્ણ** કહે છે સંગ્રહણી, ઝાડા અને પેટનાં દરદો માટે વખણાય છે.

કોંઠનો આસવ બનાવી શકાય છે જે પેટનાંદરદો માટે વખણાય છે. મુખપાક, ઝાડા, અરૂચી, મંદાગ્નિ, અજીર્ણમાં તે અપાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં પાકેલાં ફળના ભુક્કાને ફાંટરૂપે ઉકાળીને લેવાય છે તે પણ રક્તપિત, અરૂચી, ઝાડા મટાડે છે.

એનાં મૂળને કુટી સ્વરસ કાઢી તેને લેવાથી દમનોવ્યાધિ મટે છે, એમ સ્વ. શ્રી અમૃતલાલ પ્રાણશંકર પટ્ટણીનો અભિપ્રાય છે.

વેદોમાં એનું વર્ણન આવે છે તેનાં મૂળને વીર્યધારક અને શક્તિપ્રદ કહી સારી પ્રશંશા કરાયલી છે.

મોઢામાંથી લાળ પડતી હોય, રૂચી નષ્ટ થઇ ગઇ હોય, ગળામાં ચાંદા પડેલાં હોય, મોઢું આવી ગયું હોય, પેઢાં કમજોર થએલાં હોય ત્યારે એનું શરબત અપાય છે, એવીજ રીતે રૂચી વધારવા, પેટના વાયુને ઓછો કરવા તેના ફળની ચટણી આપવામાં આવે છે ચટણી રૂચીકારક બને છે, કાચું ફળ ઘણેભાગે ગ્રાહી ગણાય છે.

કમળા માટે એનાં પાનનોરસ (જરા દૂધ નાંખી છુંદી રસ કાઢી) તોલા ૫ રોજ એકવાર લેવો ઠીક છે.

પેશાબમાં ધાતુ જતી બંધ કરવા અથવા પ્રદર મટાડવા પણ એનો ઉપયોગ કરી શકાય છે.

શરીર ઉપર પિતનાં–શિતપિતનાં ઢીંમણાં ઉઠે અને ચળ આવે ત્યારે એનાં પાનનોરસ દહીંમાં મેળવી શરીરપર લગાડે છે તથા પાનનારસમાં સાકર નાંખી પીવા આપે છે જેથીતુરતજ લાભ કરે છે.

ફળનીછાલનુંચુર્ણ ઝેરી જીવડાનાં ડંખપર લેપરૂપે લગાડી શકાય છે, ગુંદ ઝાડો, મરડો, રક્તાતિસાર મટાડવા માટે અપાય છે, તરસ મંદાગ્નિમાં ખોટીતરસ થાય તે મટાડવા પાકું ફળ ઉપયોગી છે. એનાં પાન ચોળીને સુંઘવાથી હેડકી મટે છે. પાનનારસમાં પીપર, મધ મેળવીને લેવાથી ઉલટી મટે છે. તેમાં આંબળા વધુ નાંખી લેતાં પણ ઉલટી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૪ ચણકબાબ

N. O. Piperaceæ (મરિચ્યાદિવર્ગ)

सं. કંકોલ, **हिं.** કબાબચીની–શીતલચીની, **म.** કંકોલ, કાપુરચિની, **ला.** Piper cubeba.

વર્ણન : બજારમાં ગાંધીઓની દુકાનપર આ ઔષધી મળે છે તે એક પ્રકારનું સુગંધી દ્રવ્ય છે, એ જવાબેટમાંથી શીંગાપોર થઈને અહિં આવે છે, સુકાંમરી કે વાવડીંગ જેવડા ફળ સ્હેજમોટાં. એક છેડે અણીદાર ડીંટડી હોય છે, ફળનીછાલ મરીની બડબચડી હોય જ્યારે આની સ્હેજ સાફ હોય છે, મરીથી કદમાં મોટાં હોય છે, સારી સુગંધ એમાં જણાય છે, દવામાં તે પ્રાચીન સમયથી વપરાય છે, યુનાની હકીમો અને અંગ્રેજી ડૉકટરો પણ તેને વાપરે છે, ટીંચર અને તેલરૂપે વાપરવાનું અંગ્રેજી વૈદકમાં જોવામાં આવે છે, પાકેલાંફળ એનાં ન વાપરવાં. અહિં આવે છે તે કાચાં ફળ છે એમ સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇ પોતાના અનુભવમાં લખે છે, લાટીન નામ બાબત સ્હેજ મતભેદ છે, ચણકબાબ અને કંકોળ એમ બે ભેદ કેટલાક કહે છે કોઇક નાની મોટી જાતપણ કહે છે, પરંતુ આતો પ્રસિદ્ધ અને જરાપણ સંદિગ્ધ જેવી ઔષધી નથી. સર્વત્ર એકજ-રૂપમાં મળે છે–વપરાય છે.

ગુણ : કફઘ્ન, ઉતેજક, મુત્રલ, પરૂનેમટાડનાર, વાતનાશક અને દિપન છે. ઉષ્ણ છે વધુ લેવાથી તે પાકસ્થલીમાં તેમજ મુત્ર-માર્ગમાં ઉતેજના કરે છે.

ઉપયોગ : એનું ચૂર્ણ પરમીયાની બીજી દવાઓમાં મેળવી લેવાય છે તેનાથી પેશાબ છુટથી આવે છે તથા રસી બહાર નીકળી અંદરનોભાગ સાફ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખશુદ્ધિ માટે પાનનામશાલામાં એ વપરાય છે, મુખવાસના ચૂર્ણમાં તે વપરાય છે.

મુખપાક, મોઢાનીચાંદીઓ માટે તેનો ઉકેરા બનાવી મોઢામાં છાંટી લાળ કાઢવાથી સારો લાભ થાય છે, એ માટે ચણકભાખ, કાથો અને એલચી સમભાગે લઇ ચુર્ણ કપડછાણ કરી તે વાપરે છે.

એની ખાસ અસર શ્લેષ્મત્વચાપર બરાબર થાય છે, મુત્રમાર્ગ અને ગુદમાર્ગપર એ અસર સારૂ જણાય છે. તે સામાન્ય મુત્રલ છે, મોટી માત્રામાં લેવાથી પાચનક્રિયા બગડે છે માટે બંનેત્યાં લગી નાની માત્રામાં લેવું.

જુનાપરમીયા માટે ૩૦થી ૬૦ ગુંજ ચુર્ણ દૂધ સાથે લેવાય છે, દીવસમાં ૩ વખત લેવાથી સારો લાભ કરે છે. હરસ માટે એની અસર સારી ગણાય છે; પ્રમેહમાં સુખડનાતેલ સાથે એનુંચુર્ણ લેવાય છે, તે ઉનવા માટે પણ એજ રીતે અપાય છે. હરસમાં સાકર–માખણમાં લેવાય છે.

કફનાદરદીને માટે તે ઉત્તમ કફઘ્ન છે, ખાંસીનાદરદીને તેની બીડી બનાવી પીવા માટે અપાય છે તેથી ખુબ કફ છુટો પડે છે. મોંમા રાખી ચાવવાથી ખાંસી શાંત પડે છે. નસ્ય લેવાથી નાકમાંથી કફ છુટો પડી ઘટી જાય છે. એની માત્રા સામાન્યરીતે ૧૫થી૩૦ ગુંજ છે

દવા માટે એનુંચુર્ણ તાજુંજ બનાવી લેવું કેમકે જુનાચુર્ણમાં મુદલ અસર હોતી નથી.

ખદીરાદિવટીમાં, આસવોમાં, તેલોમાં અને પાનનામશાલામાં બરાબર ઉપયોગમાં લેવાય છે.

તે કફના બળખામાં તેમજ પેશાબમાં ખાધા પછી બ્હાર આવતું જણાય છે, કફ અને દમનીબીડીમાં વપરાય છે.

———

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૫ આર્ચા

વર્ણન : હિમાલયના પહાડોમાં થતી આ એક અપ્રસિદ્ધ વનસ્પતિ છે, અલમોડા અને બદ્રિનારાયણ તરફ જનારાઓને તે ત્યાં મળે છે, ત્યાંના પહાડી લોકો તેને એક સફળ દવા તરીકે વાપરે છે.

થોડાક સમય અગાઉ મુરબ્બી શ્રી યાદવજી ત્રિકમજી આચાર્ય યાત્રા પ્રસંગે બદ્રિનારાયણ ગયા હતા ત્યારે આ વનસ્પતિનો નમુનો તેઓશ્રી લાવેલા હતા અને વાપરી જોતાં યોગ્ય જણાયા પછી તેનો પ્રચાર તેમણે પોતાના શિષ્યમંડળમાં અને બીજા વૈદ્યોમાં કરેલ છે. એ વનસ્પતિને ત્યાંના વૈદ્યો પણ જાણે છે અને વાપરે છે, બાકી એના માટે શાસ્ત્રિય નામ કે વધુ પરિચય હજી સુધી મળેલ નથી.

અલમોડાના વૈદ્ય જવાલાદત* પાસેથી તથા બદ્રિનારાયણના પંડાઓ પાસેથી તે મળી શકે છે. એ એક પ્રકારની વેલ દેખાય છે હાથના અંગુઠાથી સહેજ જાડી, રેવચીનીના લાકડા જેવા, ભુખરા પીળા રંગના સુકા ટુકડા હોય છે, કાપેલી જગાપર ચક્કર જેવું હોય છે જે રંગમાં પીળું દેખાય છે. દવામાં એ આખો ટુકડો વપરાય છે.

ગુણ : શોથહર, વાતહર, વ્રણરોપક, પીડાશામક અને મુંઢમાર માટે અકસીર દવા ગણાય છે, ખાસ કરી લેપના રૂપમાં લગાડવા માટે વપરાય છે.

ઉપયોગ : તે બાજુના પહાડી લોકો વાગવા પછી થતી પીડા, સોજો અને મુંઢમાર ઉપર એનાં લાકડાને વાટી તેમાં જરા પાણી નાંખી ગરમ કરી લેપ કરે છે એ લેપથી બધું મટી જાય છે. સોજો,

---

*વૈદ્ય પં. જવાલાદતજી પો. બાગેશ્વર, જી. અલમોડા આ નામે લખવાથી મળી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીડા અને વાયુ મટે છે. આ એમનો સાદો, સરળ તથા રામબાણ ઉપાય ગણાય છે.

આર્ચાનો ભુકો તોલા ૫, કાળાંમરી તોલો ૧, શુદ્ધકુચલા તોલો ૧ બારીક કરી પાણીમાં ઘુંટી ચણા જેવડી ગોળી કરી સુકવી રાખવી. બે બે ગોળી સવાર સાંજે જમવા પછી લેવાથી વાતરોગ, દુખાવો (વાનો) વગેરે મટી જાય છે, આ બનાવટ લાંબા એક શીક્ષિતવૈદ્ય પાસેથી મુરબ્બીશ્રી યાદવજીભાઇને મળેલી હતી.

નીચેની બનાવટ મુરબ્બીશ્રી યાદવજીભાઇની યોજેલી છે જે બરાબર ઘણીજ સરસ જણાય છે.

આર્ચાનોભુકો તોલા ૫, શીલાજીત તોલા ૫ તથા રૂપીરીટ (મેથીલેટેડ) તોલા ૩૦ બધાને એક સારી બાટલીમાં બંધબુચ લગાડી ૮ દહાડા રાખી લેવું દરરોજ હલાવતા રહેવું, પછી ગાળી બીજી બાટલીમાં ટીંચર જેવું કરી રાખી લેવું.

આનું નામ આપણે સ્વદેશીઆયોડીન કે આરચાટીંકચર રાખી શકીએ. તેનું પોતું ભરી લગાડવાથી સોજો, પીડા, મુંઢમાર, જખમ, હથીઆરનોઘા, કપાવું, વાગવું, છોલાવું વગેરે મટે છે. વ્રણમાં સડો થતો નથી, લોહી બંધ થાય છે, સોજો મટે છે, પીડા મટે છે ઉત્તમ ઉપાય તરીકે સૌ વાપરે અને બનાવી લાભ મેળવે એવી આ દવા છે. આને માટે વધુ અનુભવ કોઇને હોય તો તે લખીને મોકલે તો તે ખુશીથી પ્રગટ કરશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૬ કાકડાશીંગી

N. O. Anacardiaceæ (આમ્રાદિવર્ગ)

सं. शृंगी, कर्कटशृंगी, **हिं. बं.** काकराशींगी, **म.** काकडशिंगी, **ला.** Pistacia integerrima, Rhus succedanea.

વર્ણન : બજારમાં ગાંધીની દુકાને કાકડાશીંગી મળે છે, તેની લાંબી શીંગ આવે છે એ ખરી વસ્તુ છે, જ્યારે બીજી તેના બદલામાં હરડેનાં ઝાડપર થતી એક ચીજને (એ પણ જીવડાનું ઘર છે) કાકડાશીંગ કરીને ગાંધીઓ વેચે છે અને વાપરનારાઓ તેનેજ ચલાવે રાખે છે એ એક મ્હોટી ભુલ છે. એનાં વૃક્ષ હિમાલય (પેશાવરથી સિમલા સુધીમાં) તરફ થાય છે, અને એ વૃક્ષ ઉપર જીવડાઓ પોતાનું ઘર બનાવી લે છે, એ ઘર નાની કે મોટી શીંગરૂપે બની જાય છે. બકરાનાં શીંગડાને મળતુંજ હોય છે એથીજ તેનું નામ **કર્કટશૃંગી** પડેલું જણાય છે. બોટીજાત પણ એક પ્રકારનાં જીવડાનું ઘર છે, પણ તેને વાટી જોતાં રંગ પીળો દેખાય છે જ્યારે ખરી જાતને વાટી જોતાં ચૂર્ણ રતાશપડતા ભુખરારંગનું બને છે, જુની સડેલી, કચરા કે ઝારાવાળી એમજ નહિં વાપરતાં સારી–સાફ કરેલી નવી વાપરવી જોઇએ. જ્યારે બોટી જાતને દવા માટે વાપરવી નકામી છે શાસ્ત્રિય ગુણો માટે ખરી વસ્તુ વાપરવી ઉત્તમ છે.

ગુણ : કષાય, કડવી, ઉષ્ણ, કફઘ્ન અને ગ્રાહી, સંકોચક અને ઉતેજક તેમજ બળકારક છે. તે ખાંસી, કફ, હેડકી, શ્વાસ, ક્ષય, ઉલટી, સસણી અને બાળકોની શરદી–ખાંસી માટે ઉત્તમ ગણાય છે.

ઉપયોગ : બાળકોની પ્રસિદ્ધ દવા **शृंग्यादिचुर्ण**માં અતિવિષ, પીપર અને કાકડાશીંગ આવે છે એ દવા તાવ, ખાંસી, કફ અને બાલરોગ માટે પ્રસિદ્ધ ઉપાય છે, તે ખાંસી તેમજ ઝાડાને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મટાડનાર છે, ઉપલી બનાવટમાં નાગરમોથ મેળવવાથી બાલચાતુરભદ્ર નામક દવા બને છે જે બાળકો માટે ચાલુ વપરાય એવી ઉત્તમ છે.

સસણી, ખાંસી, શ્વાસ માટે બનતી અનેક દવાઓમાં તેમજ ચ્યવનપ્રાશમાં કાકડાશીંગ આવે છે. અષ્ટાંગઅવલેહ, અષ્ટાંગચૂર્ણ કે જે ખાંસી, દમ, શ્વાસ, કફ માટે ઉત્તમ છે તેમાં કાકડાશીંગ હોય છે.

વાગ્ભટ્ટના મત મુજબ તે લેવાથી સંભોગશક્તિ વધારે છે, દૂધ સાકર સાથે લેવાનું તે જણાવે છે.

હેડકીમાં કાકડાશીંગનુંચુર્ણ તેમાં શંખભસ્મ જરા મેળવીને લેવાથી હેડકી મટે છે કેટલીકવાર તેમાં શ્વાસકુઠારરસ મેળવી અપાય છે.

એની માત્રા ૫ થી ૧૦ ગુંજ ગણાય છે, તે એકલી ઓછી વપરાય છે પણ બીજા સુગંધીદ્રવ્યો સાથે વધુ અપાય છે.

નવા કે જુના શ્વાસનળીના સોજામાં તેનો ઉપયોગ કરવાથી કફ છુટો પડે છે, નવો કફ પેદા થતો નથી, અને તે ભાગને શ્લેષ્મત્વચાને બળ આપે છે. કાકડો વધીને વારંવાર ખાંસી આવે એ હાલતમાં આની અસર ઘણીજ સારી જણાય છે. તે મોટી ઉમરના માણસો કરતાં બાળકોને માટે વધારે ગુણકારક જણાય છે.

અંગ્રેજી દવા ઇપીકાકયુનામાં આને મળતા કેટલાક કફઘ્ન ગુણો છે, પણ આતો તેનાં કરતાં ચડી જાય તેમ છે તે નવા કફને બંધ કરી શકતું નથી જે કામ આ કરી આપે છે.

હોજરીના દાહમાંથી પેદા થતી ઉલટી–હેડકીને માટે કે જીર્ણઆમ અથવા અતિસાર માટે આ ઉપયોગી છે.

નોંધ: વૈદ્યકપારિજાત ભા. ૨ પૃષ્ટ ૧૦૨ ઉપર આપેલ શૃંગ્યાદિચૂર્ણનો પાઠ ખાસ જોવા લાયક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૭ સરગવો

N. O. Moringeæ (શિગ્રુઆદિવર્ગ)

સં. શિગ્રુ, શોભાંજન, **હિં.** સહંજના, સેંજના, **મ.** શેવગા, **બં.** સજીના-સહિંજન, **લા.** Moringa pterygosperma.

વર્ણન : સરગવાનાંઝાડ સર્વત્ર થાય છે તેમાં સફેદ, કાળો, લાલ ત્રણ ભેદ છે. તેની પ્રસિદ્ધિ ઘણીજ છે કેમકે તેની શીંગ અને ફુલનું શાક આપણે હંમેશાં ખાઇએ છીએ. તે જંગલમાં તેમજ બાગબગિચામાં કે વાડીમાં સર્વત્ર થાય છે, જંગલમાં થાય છે તે કડવો હોય છે. કડવાનીશીંગો લોકો વાપરતા નથી, શાક માટે મીઠી જાતનીશીંગ વપરાય છે, દવામાં એના ઝાડની તેમજ મૂળનીછાલ વપરાય છે તથા શાકમાં તેની શીંગ અને ફુલ વપરાય છે. શીંગનાંબીજ દવામાં વપરાય છે એમાં એક પ્રકારનુંતેલ છે. તેનાં બીજને કેટલાક સફેદમરી તરીકે કહે છે પણ તે ઠીક નથી. છાલમાં એક પ્રકારની તિક્ષ્ણ વાસ હોય છે, એની છાલને બાળીને તેનો ક્ષાર પણ નીકળી શકે છે. એનું લાકડું પોચું અને બહુજ કમજોર હોય છે. દવામાં આ વૃક્ષના સર્વ અંગો વાપરી શકાય છે.

ગુણ : મૂળનીતાજીછાલ કડવી, તિક્ષ્ણ અને ઉષ્ણ છે, તે રૂચીકર, દીપન, પાચન, ઉતેજક અને પેટનાંવાયુનું શમન કરનાર છે વાતહર, પસીનોલાવનાર, મુત્રજનન અને કફ તથા સોજો મટાડનાર છે. ત્રણદોષને મટાડે છે તે ઉત્તમ દિપનીય છે, બીજને ઘસીને નસ્ય માટે વપરાય છે તેથી મસ્તકશૂળ મટે છે.

ઉપયોગ : એનીછાલનો કવાથ કરી તેમાં હિંગ નાખી પીવાથી પેટનુંશૂળ મટે છે, પેટનીગાંઠ (અંતરવિદ્રધી)ને પણ આ ઉપાય સારો ફાયદો કરે છે. દશાંગલેપમાં સરગવાનીછાલ વપરાય છે તે લેપ ત્વકદોષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સોજા માટે સારી દવા છે. પેટનાંદરદોની પાચનની દવાઓમાં એની છાલનો કે તેના રસનો ઉપયોગ કરવામાં આવે છે.

મૂળનીતાજીછાલ કુટેલી તો. ૫૦ સંતરાનીછાલ તો. ૫૦ જાયફળ ભુકો તો. ૧૫ સ્પીરીટ (૯૦ ટકાનું) રેકટીફાઇડ ૧ ગ્યાલન પાણી એ પાંઈટ મંદતાપે ૧ ગ્યાલન અર્ક રહે ઉતારી ગાળી રાખવું. એની માત્રા ૨ થી ૪ ડ્રામ છે તે સરસ ઉતેજક દવા છે.

મૂળનીતાજીછાલ કુટેલી તો. ૨૫ રાઇ કુટેલી તો. ૨૫ ઉકળતું-પાણી ૧ પાઇંટ એ કલાક ઢાંકી રાખી ગાળી લેવું. પછી તેમાં ઉપર બતાવેલ અર્ક ૧ ઔંસ મેળવી રાખવું. પ્રમાણ ૧ થી ૨ ઔંસ, ઉતેજક તરીકે સરસ છે.

સરગવો મુત્રલ છે, ખાંસીને મટાડનાર છે તથા વ્રણ અને સોજો મટાડે છે. પાચનશક્તિ સુધારે છે, ખોરાક પચાવી આંતરડાને મદદ આપે છે અને ઝાડોપણ સાફ લાવવામાં મદદ કરે છે. તે ગરમ, ઉતેજક અને ઉષ્ણ છે. પેટનીગાંઠોને મટાડે છે.

શુંઠ, કડુ, સાટોડી અને સરગવાનીછાલનો કવાથ પેટનીગાંઠો માટે સારો ગણાય છે. પેશાબ જો બરાબર ન વધે તો એના કવાથમાં યવક્ષાર મેળવીને અપાય છે. મુત્રપિંડ બગડે છે ત્યારે દરદીને ખોરાકમાં પાણી કે મીઠું અપાતું નથી તે વખતે આવા ઉપાયો કામ નથી આવતા, ઉલટા ગરમ જણાય છે.

પેટનીગાંઠ માટે તેનીછાલનાકવાથમાં હિંગ અને સિંધવ આપે છે, ગળાનાં દરદોમાં તેના કવાથના કોગળા કરાવે છે. સાંધાનાદુખાવાપર છાલ વાટીને લગાડે છે. લેપ થોડીવાર રાખી કાઢી નાંખવો નહિંકા દાહકારક બને છે કેમકે એમાં રાઇને મળતી અસર છે. કેટલીકવાર બ્લીસ્ટર યાને ફોલા ઉઠાડવા માટેજ તેને લગાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં પાનનુંશાક ખાવાથી ઝાડો સાફ લાવે છે. પાનનોકવાથ હેડકી અને શ્વાસને મટાડે છે, પાનનારસનાં ટીપાં કાનનુંશૂળ મટાડે છે. પાનનારસમાં મધ મેળવી ટીપાં આંખમાં નાખવાથી આંખનીપીડા મટે છે.

પથરી અને રેતીમાં એની છાલનો કવાથ ઉત્તમ છે. છાતી ઝલાઇ જાય છે ત્યારે તેનો કવાથ હીંગ નાંખીને આપી શકાય છે.

વાળા ઉપર તેનાં પાન, છાલ વાટી કાંજીમાં મેળવી લેપ કરી શકાય છે, એથી વાળો બ્હાર આવી જાય છે.

એનાં પાન, લસણનીકળી બે, જરાહળદર તથા મરી અને મીઠું મેળવી લગાડતાં કુતરાનાડંખને રૂઝાવે છે, પીવા પણ એજ દવા કવાથરૂપે અપાય છે, રૂઝ આવી તાવ ઉતરી જાય છે, સોજો મટે છે.

એનાંફુલ દૂધમાં ઉકાળી લેવાથી પુરૂષત્વ આવે છે.

ડૉ. કીર્તિકર એનાંમૂળને ઝેરી ગણાવી સંભાળથી વાપરવા કહે છે. હાલમાં માત્ર સફેદ પ્રકારજ મળે છે.

એની છાલમાં પકાવેલું તેલ કર્ણશુળ મટાડે છે. એના કવાથથી વ્રણ ધોવાથી તે જલદી રૂઝાય છે. એના કવાથમાં હરસના દરદીને બેસાડવાથી અર્શ મટે છે. એની છાલમાં પકાવેલુંતેલ ચોળવાથી વાતરોગનીપીડા મટે છે. કવાથનાં કોગળા ગળાનાદરદને મટાડે છે. પથરી અને મુત્રરોગમાં વપરાય છે, ડૉકટરો એને ગર્ભપાત કરનાર જણાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૮ ચણોઠી

N. O. Leguminosæ (શિમ્બીવર્ગ)

सं. गुंजा, **हिं.** चिर्मिटी, **म.** गुंज, **बं.** कुंच, **ला.** Abrus Precatorius.

વર્ણન: ચણોઠી બે જાતની સફેદ અને રાતી થાય છે, તેના વેલા થાય છે તે બીજા ઝાડને આશરે અથવા ખેતરનીવાડોમાં થાય છે, તેનાં પાન આમલીને મળતાં હોય છે, મૂળીઆં જેઠીમધ જેવાં ગળચટા હોય છે, પાન પણ મીઠાં લાગે છે, પાનનામશાલામાં લોકો એ પાન નાખીને ખાય છે, દવા તોલવામાં રતી કે ગુંજનો માપ લેવાય છે તેજ આ પોતે છે, એને સૌ કોઇ જાણે એવી એ પ્રસિદ્ધ છે. દવામાં લાલ અને સફેદ બંને વપરાય છે. પણ ઉપયોગ ઘણોજ ઓછો થાય છે, તેનાં પાન, મૂળ અને ફળ દવામાં કામ લાગે છે, વધુભાગે સફેદગુંજ દવામાં વાપરવાનું જણાવેલ છે.

કેટલાક રાતી, સફેદ અને કાળી એમ ત્રણ જાત કહે છે તોલી જોતાં એક તોલામાં ૯૬ યાને ૩ રતીનો એક વાલ, ૨૪ રતીનો ૧ તોલો અને ૮ રતીનો એક માસો આ હિસાબે એ તોલના કામમાં આવે છે. કાળારંગની ત્રીજી જાત કવચિતજ મળે છે. વૈદ્યકશાસ્ત્રમાં એનો અનેક જગાએ ઉપયોગ થએલ છે તે ખાવા તેમજ લગાડવાના કામમાં આવે છે, કેટલાક તેને બહુજ ઝેરી ગણે છે, કેટલાકનો અભિપ્રાય એમ છે કે તેની છાલમાં ઝેરની અસર વધુ હોય છે.

ગુણ: શીતળ, મધુર, વાતહર, રેાપણ અને કફશામક, સ્નેહન તથા મુત્રજનન છે.

ઉપયોગ: દવામાં ખાવા માટે તેને વાપરવા પહેલાં શુદ્ધ કરી લેવાનું કહેલ છે, ચણોઠીની પોટલી બાંધી ડોલાયંત્રમાં કાંજી ભરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં ૩ કલાક બાફી લેવું, પછી તેને સાફ જળથી ધોઇ સુકવી તેની દાળ કરી ઉપરની છાલ તથા અંદરની જીભ ફેંકી દેવી અને અંદરનો મગજ કામમાં લેવો.

તે પૌષ્ટિક છે અને તેનો પાક બનાવી લોકો તેને ખાય છે, જો તે વધારે ખવાય તો ઝેરી અસર જણાય છે અને ઉલટીઓ થવા લાગે છે એમ સર્વ લેખકો જણાવે છે.

શરદીને લઈ માથું દુખતું હોય તો એનું નસ્ય લેવાય છે એથી માથાનોદુખાવો મટે છે.

પાનનો તાજેરસ તલના તેલમાં મેળવી લગાડવાથી બહારનો વાનો દુખાવો મટે છે સાયટ્રીકા તથા લકવાના દરદને મટાડે છે.

ચણોઠીનોભુકો, હાથીદાંતનાભુકાને બાળીને કરેલી રાખ તથા રસવંતી એ ત્રણેને મલમ જેવું કરી તાલ પડેલી જગાપર લેપ કરવાથી વાળ ઉગી આવે છે.

ખાંસી માટે એનાં મૂળને ઘસીને પીવા આપવું એ મૂળા જરા મીઠું લાગે છે, મીઠું છતાં વધુ લેવાય તો ઝેરી અસર કરે છે એમ જણાવેલ છે. કેટલાક લોકો એને જેઠીમધની જગાએ પણ વાપરે છે જો કે તે બરાબર ન ગણાય.

પાન વાટી થેપલી કરી વ્રણપર બાંધવાથી રૂઝ આવી જખમ મટી જાય છે, સોજો ઉતરે છે ઠંડક આપી પીડાને મટાડે છે.

સ્વરભંગ માટે તેનાં પાન ચાવી રસ ચૂસવા આપે છે.

બીજને દૂધ સાથે ઉકાળીને લેવાથી પુષ્ટી આપે છે એમ ડૉ. બૅરન જણાવે છે, પરંતુ શુદ્ધ બીજ છાલ રહિત યોગ્ય માત્રામાં લેવાની ખાસ જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્ભ રહેતો અટકાવવાનો આમાં ખાસ મુખ્ય ગુણ છે, ઋતુસ્નાતા સ્ત્રીને ૪ થા દીવસથી તે ત્રણ દહાડા લગી રોજ અકેક ચણોઠી ગળી જવાનું જણાવેલ છે આવું દરમાસે કરવું પડે છે અથવા દરરોજ એ ચણોઠી એમ બાર દહાડા કરી લેવાથી લાંબો સમય ગર્ભ રહેતો નથી એમ કેટલાકનું કહેવું છે. આ ઉપાય માટે અનુભવમાં ઠીક જણાયું નથી, કદાચ કોઇને લાભ થયો હશે પણ તે સર્વને લાભ થાય છે એમ કહી ન શકાય વળી એ દવા લીધા પછી તેની વિષારિઅસર કેટલાક દરદીઓમાં જોવામાં આવેલ છે જેથી માસિક બંધ પડી જઇ શરીરમાં દાહ થાય છે, ચામડી કાળી પડી જાય છે વગેરે.

બજારમાં ઘણાએક જાહેરખબરીઆ દવા વેચનારાઓ એની ગોળી બનાવી ગર્ભ રોકવાની દવા તરીકે વેચે છે, આ દવા પુરો લાભ આપતી નથી.

બીજ ખાવામાં બહુ ઝેરી નથી પણ તેને વ્રણપર લગાડવામાં તે વધારે ઝેરી અસર તુરત કરી આપે છે માટે વ્રણવાળી જગાપર તેનો લેપ ન કરવો જોઇએ આ વાતને ડૉકટરો પણ ટેકો આપે છે.

ચણોઠીનાંબીજ અને મૂળમાં પકાવેલું તેલ નસ્ય અને અભ્યંગરૂપે વાપરવાથી કંઠમાળાનો રોગ મટે છે.

આંખના દરદોમાં ચણોઠીનો ઉપયોગ નજ કરવો. એમ પણ ડૉકટરોનું ખાસ કહેવું છે તેથી આંખ ઉડી ગયા જેવી થઇ ખુબ રસી આવે છે.

એનાં મૂળનો કવાથ તાજો બનાવીને વાપરવો જોઇએ. ફળ ઉપરની છાલ ઝેરી છે તે દૂર કર્યા બાદ ઝેરી અસર ઘટી જાય છે.

અંગ્રેજી રસાયનશાસ્ત્ર મુજબ મૂળમાં ૧૫ ભાગ અને પાનમાં ૧૦ ભાગ ગ્લીસરાઇન રહેલું છે. એનાં ફળની છાલમાં Abrin

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામનું એક ઝેરીતત્વ છે. જેની અસર સર્પવિષને મળતી આવે છે અથવા તો arabic acid માફક પણ જણાય છે.

શુદ્ધ કરેલ ચૂર્ણની માત્રા ૧ થી ૩ ગ્રેનની છે.

આયુર્વેદના મત પ્રમાણે શુદ્ધિ કરવાથી એની ઝેરી અસર નષ્ટ થઇ જાય છે, કેમકે ૮૫ ડીગ્રીના તાપમાં ફળની છાલને ગરમી અપાય છે તો તેમાં રહેલ વિષ નષ્ટ થાય છે એમ શ્રી ડૉ. કે. સી. બોઝ પોતાના પુસ્તકમાં જણાવે છે.

ગુંજ ગર્ભરસની બે ત્રણ બનાવટો આવે છે જેમાં એક વાતરોગ માટે, બીજી તાવ યકૃતરોગ માટે અને ત્રીજી વાજીકરણ કે સ્થંભન માટે વપરાય છે એ સર્વમાં શુદ્ધચણોઠી (સફેદ ગુંજ) વાપરવાનું જણાવેલ છે.

શોધન માટે ઉપર બતાવ્યા સિવાય એક બીજી રીત એવી છે કે તેને ભરડી છાલ દૂર કરવી અંદરની જીભ કાઢી નાંખવી અને પછી તેની પોટલી બાંધી તેને ત્રણ કલાક ડોલાયંત્રમાં કાંજીમાં બાફી સુકવી પછી કામમાં લેવું.

ચણોઠીને ચરકમાં પૌષ્ટિક તરીકે વાપરવાનું જણાવેલ છે એટલુંજ નહિં પણ તેના વિષની શાંતિ માટે મેઘનાદનોરસ લઇ સાકર સાથે લેવાથી ચણોઠીનું વિષ મટી જાય છે. વિષની શાંતિ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૯ એખરો

N. O. Acanthaceæ (વાસાદિવર્ગ)

સં. ઇક્ષુરક, કોકીલાક્ષ, **હિં.** તાલીમખાના, **મ.** કોળસુંદા, **બં.** કુલિયાખાડા, **લા.** Hygrophila spinosa.

વર્ણન : બન્નરમાં ગાંધીની દુકાને એખરો મળે છે, તેનાં ઝીણાં બીજ હોય છે એ બીજ સાફ કરી દવામાં વપરાય છે, સાફ ન કરો તો એમાં કાંકરી આવે છે અને તે દવાને બગાડી નાંખે છે. જ્યાં વધુ વરસાદ પડે છે તે પ્રદેશમાં જ્યાં જ્યાં પાણી ભરાઇ જાય છે અને જ્યાં ચીકણી માટી હોય તે જગાપર એનાં કાંટાવાળા છોડ થાય છે, વરસાદમાં પોતાની મેળે ઉગે છે અને માગસરમાસ પછી તે પાકી સુકાઇ જાય છે, તેમાં પુષ્કળ કાંટા હોય છે તેમજ આશમાની રંગના ફુલ હોય છે તેને કોઇપણ ખાતું નથી કેમકે કાંટા બહુ હોય છે, એનાં બીજ, પંચાગને બાળીને કરેલી રાખ તથા મૂળ એ સર્વ દવામાં વપરાય છે, પૌષ્ટિક દવા માટે એખરો પ્રસિદ્ધ છે.

એનાં કાપેલા છોડની વાસ શેરડી જેવી હોય છે તેથી તેનું નામ ઇક્ષુગંધા પડેલું જણાય છે.

ગુણ : શીતળ, પીડાશામક, બલ્ય અને મુત્રલ તરીકે એનાં મૂળ સારી દવા છે. બીજ મુત્રલ તથા પૌષ્ટિક અને વીર્યવર્ધક છે. પથરીને મટાડવા તથા શુક્રશોધક અને ધાવણ વધારનાર તરીકે ચરકે વાપરેલ છે.

ઉપયોગ : દવામાં એના મુળનો ક્વાથ એકલો કે બીજી દવાઓ સાથે પ્રમેહમાં તેમજ મુત્રલ તરીકે વપરાય છે જે સારૂં કામ કરે છે, પેશાબ સાફ લાવવા સરસ છે. પંચાગને બાળી કરેલી રાખમાંથી ક્ષાર કાઢી લેવો. એ ક્ષાર મુત્રરોગમાં–પથરી કે પ્રમેહમાં સારી દવા તરીકે વાપરી શકાય તો ઉત્તમ કામ આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ વધારવા માટે તમામ બનાવટોમાં તેનાં બીજ વાપરવાનો રિવાજ છે, ડૉકટરો તેના આ ગુણ માટે ખાસ કંઇ જણાવતા નથી પણ તે સારી પૌષ્ટિક દવા છેજ તે માટે શંકા જેવું નથી. એ માટે એખરાનોપાક પણ બનાવાય છે.

જળોદર, સંધિવા અને સોજામાં આ દવા મુત્રલ અસર બતાવી સારો લાભ બતાવે છે.

તેમાં ચીકાશ બહુ હોવાથી દૂધ સાથે લેવાથી લુઆબ જેવું ચીકાશદાર દૂધ બની જાય છે. બાળીને કરેલી રાખ મુત્રલ તરીકે સારી દવા છે.

૦ા થી ૦ા તોલો ચૂર્ણ દૂધ સાથે શક્તિ માટે અપાય છે, અથવા પાણી સાથે લઇ ઉપર દ્રાક્ષાસવ પીવા આપવો.

મૂળનોકવાથ પ્રમેહમાં, બસ્તીના શોથમાં કે પથરી અને મુત્રરોગમાં આપવો ઉત્તમ છે, યકૃતશોથમાં પણ એજ ઉપાય સારો ગણાય છે.

ક્ષયનીખાંસીમાં બીજનુંચૂર્ણ મધ અને ઘી સાથે ચાટવા અપાય છે.

યોનીસંકોચ થવા માટે બીજનાચૂર્ણનો લેપ કરાવાય છે, દહીં સાથે બીજનુંચૂર્ણ લેવાથી ઝાડો મટી જાય છે.

વાંતરક્તને માટે તેનાં મૂળનો કવાથ અપાય છે. સોજા માટે તેનાં પંચાગની રાખ ગૌમુત્રમાં અપાય છે.

મુત્રલ અસર તરીકે અંગ્રેજી ડૉકટરો તેને બરાબર વાપરે છે. એનો ક્ષાર, પંચાગનો કવાથ કે બીજનુંચૂર્ણ સર્વ સમજીને વાપરવામાં આવે તો સારો લાભ આપે છે, એનાં મુળનો કવાથ સારી ઉંઘ લાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૦ દારૂડી

N. O. Papaveraceæ (અહીફેનાદિવર્ગ)

સં. સુવર્ણક્ષીરી, **હિં.** સત્યાનાશી, ચોક, **મ.** પિવળાધોત્રા, કાંટેધોત્રા, **બં.** સિયાલકાંટા **લા.** Argemone mexicana.

વર્ણન: ગામની પાદરમાં, ખેતરમાં તેમજ નદી–નાળામાં કિનારે દારૂડીનાં નાનાં છોડ, પીળાં ફૂલ અને ભરપુર કાંટા સાથે આખાદેશમાં સર્વત્ર થાય છે. ખાસ કરી કાળી માટી વાળી જગ્યામાં ખુબ થાય છે. દિવાળી ગયા બાદ તે પોતાની મેળે ખુલ્લી જગામાં ઉગે છે, આખો શિયાળો ખુબ ફુલેફાલે પછી સુકાવા લાગે છે, એને કોઇજ અડતું નથી કેમકે કાંટા પુષ્કળ હોય છે. કોઇપણ જનાવર એને ખાતું નથી, એનો રસ–ચીક પીળો હોય છે તેથી એનું નામ સુવર્ણક્ષીરી રાખેલ હશે, ધતુરાને મળતું હોવાથી કાંટેધોત્રા મરાઠીમાં કહે છે, ગુજરાતીમાં તેનાં બીજ દારૂ–બંધુકનાદારૂ–જેવો હોવાથી દારૂડી નામ પડેલું જણાય છે, દવામાં તેનાં મૂળ, બીજ, રસ, ફુલ વગેરે સર્વ ભાગ વપરાય છે. આ વનસ્પતિને સૌ કોઇ જાણે છે, પ્રસિદ્ધ છે છતાં પણ અનેક નામો હોતાં કેટલીકવાર ગોટાળા પણ થઇ જાય છે, આ માટે હવે કંઇ મતભેદ જેવું રહ્યું નથી.

ગુણ: રેચક, શોધક અને ઉત્તમ જ્વરઘ્ન છે. કૃમિઘ્ન, કુષ્ઠહર અને શોથઘ્ન, મુત્રલ છે.

ઉપયોગ: દારૂડીનાંબીજનું તેલ કાઢે છે. એ તેલ જુલાબ માટે અપાય છે તેથી ઝાડા થાય છે, તે મૃદુરેચક છે, એરંડતેલ જેવી ખરાબ વાસ એમાં નથી, નાની માત્રામાં સારૂં કામ આપે છે, પેટમાં ચૂંક આવતી નથી, ગામડાના લોકો એને દિવામાં બાળે છે.

જુલાબ માટે એનાં મૂળનુંચૂર્ણ અપાય છે તેથી પણ ઝાડા થઇ રક્તવિકાર–કુષ્ઠ વગેરે મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરાબસંસર્ગથી થતી ચાંદીને મટાડવા માટે તેનું ચીક (દૂધ) જખમપર લગાડવાથી તરતજ એ દરદ મટે છે, સવારે જંગલમાં જઇ ઝાડપર ચાકુવતી જરા છોલી કાપા પાડવા, અને ત્યાં જે રસ નીકળે તે લઇ ચાંદીપર લગાડવું તો એ ત્રણને બે ચાર દહાડામાં મટાડી આપે છે.

કચ્છના એક વૈદ્ય એના રસને સુકવી રાખતા અને તેને અંગ્રેજી દવા "આયડોફાર્મ"ની જગાએ બરાબર વાપરતા, તે વાસ વગરનું ઉત્તમ રોપણ ઔષધ છેજ.

એનો રસ સંભાળપૂર્વક એક ડબીમાં લઇ તેનાથી બમણું ગાયનું ઘી મેળવી આંજણ (અંજન) કરી રાખવું. એ અંજન તરીકે આંખમાં આંજવાથી દ્રષ્ટિ સરસ થઇ આંખનાં અનેક રોગ મટે છે એમ સ્વ. આર્યવૈદ્ય મયારામ સુંદરજીએ લખેલ છે, અને તે ઉપાય પણ અનુભવી ગણાયો છે. ચાકુવડે ઝાડપર કાપા પાડી રસ નીકળે તે લઇ આ કાર્યમાં વાપરવો જોઇએ, કચરાથી રહિત સ્વચ્છ હોય તેજ ખીલ, ફુલું અને પાંપણના દરદ માટે ઉત્તમ આ અંજન ગણાય છે.

ત્રિભુવનકિર્તીરસને આપણે ત્યાં ધતુરાનારસનો પુટ અપાય છે, એની જગાએ ધતુરાને બદલે આ કાંટાળાથોરનારસની ભાવના આપવાથી એ દવાની અસર સારી બને છે યાને તાવ માટે એ રસથી બનાવેલ આ ત્રિભુવનકિર્તીરસ વધુ સરસ ગુણદાયક બને છે. કેટલાક ગુજરાતી વૈદ્યો તેમજ મહારાષ્ટ્રનાં વૈદ્યો એ પ્રમાણે કરે છે.

એક વૈદ્યને ત્યાં દારૂડીવાળું જ્વરાંકુશ એ રીતે બનાવેલ મેં જોયેલ છે તેઓ તેનાં મૂળનુંચૂર્ણ નહિં નાંખતાં તેને એના રસની ભાવના આપી તૈયાર કરતા અને કામ સારૂં આપે છે એમ કહેતા હતા. એ રીતે તાવ-ટાઢીઆતાવ માટે દારૂડી સારી દવા છે. બીજ ઉત્તમ રેચક યાને બીજનુંતેલ જુલાબ માટે સારી દવા છે, એનું ચીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્રણ–કુષ્ટ અને નેત્રરોગની સારી દવા છે. વળી બીજનુંતેલ ચર્મરોગ યાને કુષ્ટમાં લગાડવા માટે સારી દવા ગણાય છે.

ઝેરી જંતુના ડંખ માટે એનું મૂળ ઘસીને લગાડે છે.

અંગ્રેજી ઇપીકાકયુનાની જગાએ એનાં બીજ આમ અને રક્તાતિસારમાં ઉપયોગી ગણાય છે એમ શ્રી ડૉ. ખોઝ લખે છે.

બીજનાતેલની માત્રા ૩૦ ટીપાં, મૂળનુંચૂર્ણ ૧૫ ગ્રેન માત્રામાં અપાય છે. દવા માટે બને ત્યાંલગી તાજી લેવી.

દાડીનાંબીજનુંતેલ ઘાણીમાં પીલીને કાઢે છે અથવા ૧૫ રતલ બીજ ઉકળતા પાણીમાં નાંખી એને ઠંડુ થતાં લગી ઢાંકી રાખી પછી જોતાં તેલ ઉપર તરી આવેલું જણાશે તે સંભાળી હાથવડે ભેગું કરી લેવું, આ તેલ ઉપદંશ, ત્વકૂરોગ, રક્તવિકારમાં ખાવા માટે રોજ બે ત્રણવાર પાનમાં લેવાય છે અને ખસ–ખુજલી માટે આખા અંગમાં લગાડી શકાય છે.

એના પંચાગને બાળી તેની રાખમાંથી ક્ષાર કાઢે છે એ ક્ષાર રક્તશોધક દવાઓના કવાથ કે અર્કમાં મેળવી લેવાય છે. અથવાતો મીંઢીઆવળ, વરેઆરી અને હરડેનાચૂર્ણમાં લેવાથી થોડા દહાડામાં લોહી સાફ થાય છે.

એ ક્ષારને ૪૦ ગણા ગુલાબજળમાં નાંખી હલાવી તેનાં ટીપાં આંખમાં નાંખવાથી નેત્રરોગ મટે છે.

બાળકોની ખાંસી–કુકડીઆ ખાંસીમાં એ ક્ષાર સાથે પીપરીમૂળ અને સિંધવ મેળવી પછી દાડીનાંપાનનારસમાં ઘુંટી સુકવી રાખવું. આ દવામાંથી ૩ રતી લઇ તેમાં ભાંગ ૧ રતી મેળવી બાળક માટે આપવાથી ખાંસી મટે છે, દવા દહાડામાં બે વાર આપવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચામડીનાંદરદો યાને કુષ્ટ માટે દારૂડી સારી દવા છે, તેમાં કૃમિઘ્ન ગુણ-જંતુનાશક ગુણ બરાબર છેજ.

જીર્ણ વિષમજ્વરમાં તેનો રસ લીંબુનારસમાં આપે છે તેથી એવો તાવ અટકે છે. જળોદરમાં પેશાબ છુટ લાવવા તેનો રસ અપાય છે. પરમીઆના દરદીને માખણમાં તેનો રસ ખાવા અપાય છે તે ઠીક ગુણ કરે છે.

પેટના ચપટા કૃમિને મારવા મૂળનુંચૂર્ણ અપાય છે, કમળાના દરદીને પણ રસ બીજી દવામાં આપે છે.

મૂળને રસાયન અને બલ્ય કહેલાં છે, એના તેલની અસર દમવાળા માટે સારી કહેલી છે.

ગળતકુષ્ટ–લેપ્રસીમાં તેનો રસ પીવા આપે છે, દરરોજ ૧ તોલો રસ ૪૦ દહાડા પીવા અપાય છે.

જુનામલેરીઆમાં વાપરવાનું ડૉકટરો કહે છે.

આપણા દેશમાં આ દવા પુષ્કળ થાય છે તેની એક પણ બનાવટ બજારમાં મળતી નથી, મફતમાં હજારો મણ મળે એવી અનેક દવા આ દેશમાં પાકે છે, તેમાંની આ એક છે. બધી ફાર્મસીઓ દ્રાક્ષાસવ જેવી દવા બનાવી વેપાર કરે છે જ્યારે કોઇપણ ફાર્મસી આવી દિશામાં બે ચાર સારી બનાવટો બ્હાર પાડવા કેમ મહેનત કરતી નથી? કારણ એજ કે સૌને તૈયાર માલ આવાની ટેવ પડેલી છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૧ બનફ્સા

N. O. Violaceæ (કામપુષ્પાદિવર્ગ)

સં હિં. મ. કામપુષ્પ, **લા.** Viola Odorata.

વર્ણન : ગાંધીને ત્યાં તેમજ ખાસ કરી યુનાની વનસ્પતિ વેચનારાઓને ત્યાં બનફ્સા મળે છે, દવામાં તેનાં ફુલ તથા પંચાંગ વપરાય છે. એની પેદાશ ઠંડી જગાપર કાશ્મીર તેમજ નીલગીરીના પહાડોમાં થાય છે. આખોછોડ મૂળસહિત ઉખેડીને બજારમાં વેચાવા માટે આવે છે. તેમાં બે જાત છે એક બાગની બીજી જંગલી, કેટલીક જગાએ એની ખેતી કરવામાં આવે છે, સામાન્યરીતે જંગલી મોટા પ્રમાણમાં આવે છે, દવા માટે બાગાયતની જાત કરતાં આ જંગલની જાત વધારે સારી ગણાય છે, એ દવાને હકીમો મોટા પ્રમાણમાં વાપરે છે અંગ્રેજી ડૉકટરો તેમજ યુરોપમાં પણ એનો પ્રચાર છે, હવે તો દેશીવૈદ્યો પણ એનો છુટથી ઉપયોગ કરે છે, એનાં ફુલ આસમાનીરંગનાં આવે છે, કેટલીક જગાએ ફુલોમાં એક ખોટી-જાત બનફ્સાનાં નામે વેચાતી જોવામાં આવે છે. માટે દવા સારૂ ખાત્રીવાળી ચીજ લેવી. મુંબઇની બજારમાં તાજી, સુકી બનફ્સા મળે છે. તેનાંફુલ પણ સારાં મળે છે, એની કિંમત જરા વધુ આપવી પડે છે. યાને આ ઔષધી સાવ સસ્તી નથી. એનું પંચાગ લગભગ દૂરથી જોતાં બ્રાહ્મી જેવુંજ દેખાય છે. ફૂલોમાં સરસ સુવાસ હોય છે. એનો ક્ષુપ બ્રાહ્મીને મળતોજ હોય છે અને તેનાંમૂળ ઠેક ઠેકાણે લાગતાં વેલરૂપે બની જાય છે. ઇરાનમાં તેનાં ફુલને "ગુલ–ઇ–બનફ્શાહ" કહે છે. ઇરાનની જાતપણ સારી હોય છે. મુંબઇમાં એજ વધુભાગે આવે છે. કાશ્મીરી જાતમાં સફેદ કે પીળાં ફુલ હોય છે, જાંબલી–લીલાં કે પીળાં ફુલનીજાત દવા માટે સારી ગણાય છે. દવામાં તો વધુભાગે પંચાગજ વપરાય છે કોઇક ખાસ યોગમાં ફુલ પણ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણ : ફુલ: શીતળ, સ્નેહન, કફઘ્ન, તેમજ જરાક સ્ત્રંસન છે. **મૂળ:** જરાપાચક તથા જુલાબ કરનાર છે. **પંચાંગ** સ્વેદજનન, શ્લેષ્મ નિસ્સારક; વામક અને જરાક વિરેચક છે. ઉલટી માટે એને આપો તો તેથી ખુબ ઉબકા આવે છે, એકાદ ઉલટી થઇ પછી ઝાડો આવે છે. રક્તશ્રાવ બંધ કરવાનો એમાં ખાસ ગુણ છે.

હકીમો તેને ઠંડી, મુત્રલ અને કફઘ્ન માને છે, પિત્તનાંદરદોમાં રેચક તરીકે આપે છે, તાવ માટે સ્વેદલ અને જ્વરઘ્ન તરીકે સારી ગણે છે.

ઉપયોગ : પંચાંગ તેમજ ફુલનું શરબત બને છે, યુનાનીહકીમો તેનો યંત્રથી અર્ક કાઢી તે વાપરે છે, જેને અર્કઅનફસા, કહે છે તેની માત્રા ૨ા થી ૫ તોલા છે.

તાજાંફુલ ૧ રતલ, ઉકળતુંપાણી ૨ા પાઇંટ, ચોકખી દાણાદાર સાકર ૭ રતલ, પ્રથમ ઉકળતાપાણીમાં ફુલને ૨૪ કલાક પલાળી ઢાંકી રાખવાં પછી તેને દાબવા સિવાય ગાળી એ પાણીમાં સાકર મેળવી કપડે ગાળી શરબત સંભાળી લેવું, દવા માટે આ શરબત સારી બનાવટ છે, પ્રમાણ: ૦ા થી ૦ા ઔંસ, બાળકોને નાની માત્રામાં ઉનાળામાં આપવાથી દસ્ત સાફ લાવે છે, પીવામાં અને જોવામાં આ શરબત સરસ જણાય છે બીજા અનેક દરદોમાં વાપરી શકાય છે.

એવીજ રીતે પંચાગનું શરબત પણ બને છે, આ શરબતો પિતજ્વરમાં કે કફઘ્ન તરીકે એકલાં કે બીજી દવામાં અપાય છે, તાવ માટે ઠંડુ સ્વેદલ છે.

પંચાંગનો ક્વાથ બનાવવાની રીત: પંચાંગનુંચૂર્ણ કે આખું લઇ સાફ કરી ૮ ગણા પાણીમાં ૧૨ કલાક પલાળી પછી ચોથા ભાગનું રહે તેટલું ઉકાળી ગાળી લેવું. એ ક્વાથમાં સાકર મેળવી શરબત બનાવવું કે પછી એકલુંજ આપવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવીજ રીતે ફાંટ પણ બનાવી આપી શકાય છે. પંચાગનુંચૂર્ણ ૨ ડ્રામ, ઉકળતું પાણી ૬ પાઈંટ ૧૫ કલાક ઢાંકી રાખી પછી ગાળી વાપરવું. એની માત્રા ૬ થી ૨ ઔંસ છે એ લેવાથી જરા ઉબકા આવી કફ પડે છે અને પસીનો થાય છે.

પંચાંગનો કવાથ દ્રાક્ષાસવ સાથે લેવાથી વધુ પડતા રક્તશ્રાવને તેમજ અલ્પતશ્રાવને મટાડે છે. હરસમાં પડતા લોહીને બંધ કરે છે.

કેન્સરના દરદીને તે શરબત, અર્ક કે કવાથના રૂપમાં ખાવા આપવી અને તેનો લેપ સોજાપર કરવો અને વ્રણ હોય તો ધોવા માટે કવાથ આપવો તો પીડા મટી શ્રાવ ઘટી જાય છે પંચાંગ સાથે પતંગનું લાકડું લઈ કવાથ કરી તે વડે કેન્સરનું વ્રણ ધોવું. કેન્સર માટે આ સરસ અનુભવી ઉપાય છે.

સુરતવાળા વૈદ્યરાજ સ્વ. તિલકચંદ તારાચંદે બનફ્સા શરબતનો એક સરસ અનુભવ લખેલ છે જે સૌએ વાપરવા લાયક છે, અમોને પણ ઘણાએક કેસોમાં સો ટકા ફતેહમંદ જણાયો છે. શરબત હમેશાં તાજું લેવું.

શરબત બનફશા ગર્ભિણીસ્ત્રીને ત્રીજે, પાંચમે અને સાતમે મહીને રોજ અકેક તોલો સવાર સાંજ પાણી સાથે એ ત્રણ મહિનામાં ફક્ત ૩ બાટલી પાવાથી કોઠામાં રતવા હોય તો મટી જાય છે અને પછી બાળકને રતવાની અસર થતીજ નથી, જેના કોઠામાં રતવા હોય તે સ્ત્રીને માટે ઉત્તમ ઉપાય છે.

ગરમીના દહાડામાં એનાં ફુલોનું બનાવેલું ગુલકંદ ખાસ કરી ઈરાન–અફગાનીસ્થાનમાં લોકો વાપરે છે એ ખરેખર ઠંડક આપનાર છે, તથા લુ લાગતી અટકાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી વૈદ્યકના મત પ્રમાણે એમાં 'વાયોલીન' નામનું તત્વ છે જે ગુણમાં ઇમેટીન ને મળતું આવે છે અને તે ઉલટી માટે એનાં જેવુંજ કામ આપે છે.

ફુલનો આસમાની રંગ અમ્લદ્રવ્યના યોગથી લાલ બને છે તથા ખારા દ્રવ્યથી લીલો થઇ જાય છે.

મૂળનુંચૂર્ણ ૩૦ થી ૪૦ ગ્રેન લેતાં ઉલટી થાય છે, પંચાગનુંચૂર્ણ ૫ થી ૧૦ ગુંજ સ્વેદલ તથા કફઘ્ન જણાય છે, ૧૫ થી ૩૦ ગુંજ રક્તસ્રાવ બંધ કરે છે.

કેન્સર માટે જંગલી બનફસા ઉત્તમ કહેલાં છે.

ફ્રેંચલોકો તેના ઘરગથુ ઉપાયોમાં તથા શરબત માટે એનો ઉપયોગ કરે છે, ફુલમાં સાકર મેળવી એની મીઠાઇ બનાવીને પણ વાપરે છે જે સુગંધી અને સ્વાદિષ્ટ હોય છે.

બાળકો માટે એનું શરબત સારી દવા તરીકે અપાય છે.

એનો કવાથ કફજ્વર અને અપસ્મારને મટાડે છે, જેડીમધ સાથે એને વાટી લેપ કરવાથી સોજો મટે છે.

બનફસા, સિંધવ અને પીપરનુંચૂર્ણ જુની કે નવી શરદી માટે ઉત્તમ છે. કફ અને દુખાવો મટે છે. મધમાં દવા અપાય છે.

તાવ માટે એના કવાથમાં સુરાખાર નાંખી દેવાય છે.

નવા તેમજ જુના આમના દરદીને માટે પુરી માત્રામાં બનફસા લઇ જરા અરીણુ સાથે અપાય છે, દરદીને ઉલટી ન થાય માટે આરામ કરવા દેવો એજ ઠીક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૨ ભારંગી–ભારંગમૂળ

N. O. Verbenaceæ (નિર્ગુંડ્યાદિવર્ગ)

सं. ભાર્ગી, **हिं.** ભારંગી, બભનેટા, **म.** ભારંગ, **बं.** વામનહાટી **ला.** Cleodendron serratum.

વર્ણન: બજારમાં ગાંધીની દુકાનપર એનાં મૂળની ગાંઠો મળે છે એ ખરી છે કે ખોટી એ જાણવાનું કંઈજ પાકું સાધન આપણી પાસે નથી; ભારંગમૂળને નામે મુંબઇમાં મળતાં મૂળ ખરેખરાં છે એમ અમોને જણાયું છે. એ મૂળ રત્નાગીરી જીલ્લાના લોકો લાવી આપી જાય છે, સ્વ. ડૉ. વા. ગ. દેશાઇના પુસ્તકમાં ત્રણ જાતની ભારંગી કહેલી છે, એમાંથી પ્રથમ અને ખરી જાત એજ છે એમ અનુભવી વૈદ્યોનું પણ માનવું છે. બંગાળમાં વામન હાટી નામની એક ભારંગી વપરાય છે જે આ હશે કે કેમ તે જરા શંકાસ્પદ છે. તેનું લાટીન નામ Siphonanthus indica છે અને તેના પરિચયમાં પણ સ્હેજ ફેરફાર જણાય છે. ખરી ઓળખીને દવામાં વાપરવી. મુંબઇમાં જે મૂળ મળે છે તે ગાંઠના રૂપમાં જાડા અને કઠણ મૂળીઆં છે. જેને વાપરી જોતાં લખેલા ગુણો જોવામાં આવે છે.

કોઇ એનાં મોટાં ઝાડ કહે છે, કોઇ નાનાં ઝાડ કહે છે જ્યારે ડૉ. દેશાઇ તો એનાં નાના ઝાડ વેલા જેવા હોય એમ બતાવે છે. એને ઝાડીનું રૂપ આપે છે. બીજી ઓળખ જાંબલી રંગનાં ફુલ હોય છે જે બરાબર છે.

ગુણ: ઉષ્ણ, કટુ, દિપન, પાચન, કફઘ્ન, જ્વરઘ્ન, શ્વાસહર, વાતહર અને શોથઘ્ન છે. તે ગરમ છે શ્વાસ, ખાંસીને મટાડે છે તથા કફઘ્ન તરીકે સારી જણાય છે.

ઉપયોગ: ભારંગી એકલી બહુજ ઓછી વપરાય છે, બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાઓ સાથે એનો ઉપયોગ બરાબર થાય છે, **ભારંગ્યાદિક્વાથ** અને **ભારંગીગુડ** એ બે બનાવટો એની જાણીતિ છે.

તાવ, કફ, ખાંસી, શ્વાસ અને ત્રિદોષજ્વર માટે ભારંગ્યાદિક્વાથ સારી દવા છે, ભારંગ્યાદિગુડ શ્વાસ અને ખાંસીને માટે સારી દવા છે.

શુંઠ અને ભારંગમૂળનુંચૂર્ણ શ્વાસ માટે ગરમપાણી સાથે લેવાય છે એથી ખાંસી–શ્વાસ મટે છે.

કંઠમાળમાં એને ઘસીને લેપ તરીકે લગાડે છે.

શસ્ત્ર વાગવાથી લોહી નીકળતું હોય તો એનાં મૂળને ઘસીને લગાડે છે. વધરાવળ માટે એનાં મૂળ ઘસીને લેપ રૂપે લગાડે છે.

કડવી અને ગ્રાહી છે તથા એનો ગુંદ ઉપદંશથી થએલ સંધિવાને મટાડવા માટે વપરાય છે.

મલેરીઆતાવ માટે એનાં પાનનું શાક રત્નાગીરી તરફનાં લોકો બનાવીને ખાય છે.

સર્પ અને ઉંદરના વિષ માટે ભારંગમૂળ ઘસીને લગાડે છે તથા પીવા આપે છે.

સગર્ભાની ખાંસી અને શ્વાસ માટે આ દવા વાપરવાનું જણાવેલ છે.

કફ, તંદ્રા અને ત્રિદોષજ્વર માટે સારો ઉપાય છે, બાળકોની શરદી–તાવ માટે પીવા આપે છે તથા છાતીપર લેપ લગાડે છે.

કફ માટે કાયફળ શુંઠ અને કાકડાશીંગ સાથે લેવી તથા તાવ માટે અતિવિષ સાથે લેવાથી સારૂં કામ કરે છે.

આમવાત–સંધિવા માટે એને વાપરવાનું કહેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૩ નસોતર

N. O. Convolvalaceæ (ત્રિવૃતાદિવર્ગ)

સં. ત્રિવૃત, **હિં.** નિશોત–નિસોથ, **મ.** નિશોતર, તેડ, **બં.** તેઉડી, **લા.** Ipomœa turpethem.

વર્ણન : બજારમાં ગાંધીને ત્યાં નસોતર મૂળનીછાલના રૂપમાં મળે છે, એ કાળું અને સફેદ એ જાતનું આવે છે. ફુલ ઉપર કાળી, સફેદ અને રાતી એમ ત્રણ જાતો ગણાય છે, એના વેલા થાય છે, અને દવામાં એનાં મૂળનીછાલ વપરાય છે. સફેદ કરતાં કાળી વધુ તીવ્ર ગણાય છે. કાળી એટલા માટે દવામાં વાપરવાનો રિવાજ નથી પણ સફેદનેજ સૌ કોઈ વાપરે છે.

ચોમાસામાં જંગલમાં પોતાની મેળે થાય એવી જાતની આ વેલ છે, ચોમાસાની આખરે લાવી તેનાં નાનાં ટુકડા કરી સુકવી રાખે છે, સુકવવામાં કાળજી ન રહે તો સડી જાય છે પહેલાં તડકે સુકવી પછી છાયાંમાંજ સુકવીને રાખે છે. એની ડાળ ઉપર ખુબ રૂછાળ હોય છે. ડાંડી ત્રણ ધારી હોય છે એને લઇને એનું નામ ત્રિવૃત પડેલું જણાય છે. ફુલ સફેદ હોય છે.

ભમરડાના વેલાને મળતીજ આ વનસ્પતિ છે.

ગુણ : રેચક તે જલપ જેવી જાતનું રેચક છે તે લેવાથી પાણી જેવા જુલાબ થાય છે, પેટમાં સહેજ મરડ–ચૂંક આવે છે, હોજરીમાં દાહ થાય છે, વધારે લેવાય તો આમાશય અને પકવાશયની શ્લેષ્મત્વચામાં પ્રદાહ ઉત્પન્ન કરે છે. પાતળા અને પીળા ઝાડા થાય છે. તેમજ યકૃતને તે ઉતેજીત કરે છે. રેચક ઉપરાંત તે તીખું, કડવું, ઉષ્ણ, વાતકારક અને મધુર તેમજ રૂક્ષ છે.

ઉપયોગ : અંગ્રેજીવૈદ્યકમાં જુલાબ માટે જલપ વપરાય છે તેમજ આપણે ત્યાં દેશી વૈદામાં નસોતર સખત જુલાબ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપાય છે. સર્પગંધા જુલાબની દવાઓમાં એને વધુ સારી અને સુખકારક ગણેલ છે. જળોદરમાં તેનો ઉપયોગ કરવાનો રિવાજ છે. આમવાત અને વાતરક્તમાં પણ તે સારી દવા ગણાય છે. તે માટે એની સાથે કાબુલી હરડેનું ચૂર્ણ આપવાથી ઠીક માફક રહે છે.

તાવમાં દ્રાક્ષ સાથે ક્વાથ કરી અપાય છે, તથા રક્તપિત્તમાં એને મધ-સાકર સાથે આપે છે.

ઉદરરોગ માટે એનો જુલાબ વખણાય છે. કમળો, ગુલ્મ અને તાવ માટે એનું ચૂર્ણ અપાય છે. પિત્તગુલ્મમાં ત્રીફળા-નસોતરનો ક્વાથ ઉત્તમ છે.

એ પિતનોશ્રાવ કરનાર રેચક દ્રવ્ય છે માટે તેની સાથે બીજી અનુકુળ દવા મેળવીને અપાય છે.

એક ગ્રામથી અડધો ગ્રામ ચૂર્ણમાં થોડુંક સિંધવ અને શુંઠનું ચૂર્ણ મેળવી લેવાથી સરસ જુલાબ થઈ પેટ સાફ થાય છે.

સામાન્ય રીતે માત્રા ૧૦ થી ૩૦ ગ્રેન ગણાય છે.

નારાચચૂર્ણ અથવા ત્રિવૃતચૂર્ણમાં સાકર ૮ ભાગ, નસોતર ૮ ભાગ, પીપર ૨ ભાગ લઇ બનાવાય છે, આ ચૂર્ણ જુલાબ માટે વપરાય છે, મધ સાથે ૦॥ થી ૧ તોલો લેવાય છે.

પંચસમચૂર્ણમાં શુંઠ, હીમજ, પીપર, નસોતર અને સંચળ આવે છે જે સરસ જુલાબ લાવે છે અને ઉદરરોગ આમવાત માટે વખણાય છે.

કોઠો સાફ કરી પાતળા ઝાડા લાવવા માટે નસોતર સરસ દવા કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૪ ગોરખઆંબલી (રૂખડો)

N. O. Malvaceæ (શાલ્મલ્યાદિવર્ગ)

सं. ગોરક્ષી **हिं.** ગોરખઇમલી, **म.** ગોરખચિંચ, **ला.** Adansonia digitata.

વર્ણન: એનાં મોટાં ઝાડ થાય છે, થાણાજીલ્લામાં પુષ્કળ થાય છે, થડ બહુજ જાડું હોય છે, ઝાડ છત્રાકાર હોવાથી તેનો છાંયડો બહુજ સરસ હોય છે. એમાં એક બે ફુટ લાંબા ફળ આટલી જેવા આકાર–કદનાં થાય છે તેને ગોરખઆમલી કહે છે, આપણા લોકો એને (અંપુડી) છમકુડી પણ કહે છે, દવામાં ફળમાંહેનોગર્ભ, પાન, ઝાડનીછાલ વગેરે વપરાય છે. પાન એકજ ઝુડીયામાં પાંચ આવેલાં હોય છે, ફળ ઉપર ભુખરા વાળ જેવી રૂવાંટી હોય છે. ફળમાં ખટાશલેતો તુરા સ્વાદનો ગર્ભ હોય છે, એમાં બીજ પણ આવેલાં હોય છે. દવામાં તો ઝાડનીછાલ કવચિતજ વાપરે છે પણ ફળનો ગર્ભ બરાબર વાપરે છે.

ગુણ: ફળનોગર્ભ સ્નેહન, રોચક અને હ્રદ્ય તથા શીતળ અને સ્રંશન છે. **પાન** સ્નેહન, સંગ્રાહક છે **છાલ** સ્નેહન, શીતળ તથા દીપન અને ગ્રાહી છે. દાહ, તાવ, અતિસાર તેમજ પિત અને ઉલટીને મટાડે છે.

ઉપયોગ: આ વનસ્પતિને ગામડાના લોકો દવા તરીકે વાપરે છે. રાજનિઘંટુમાં એનાં ગુણનું વર્ણન છે બીજા પ્રાચિન પુસ્તકોમાં એનું વર્ણન કે ઉપયોગ ખાસ જોવામાં આવતો નથી.

ફળ ગાંધીને ત્યાં મળે છે લોકો તે લાવીને વાપરે છે.

છાશ સાથે ફળનોગર્ભ લેવાથી ઝાડા તથા મરડાનું દરદ અને કટલીકવારતો સંગ્રહણી પણ મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાલ તો. ૨ા, પાણી તો. ૫૦ ઉકાળો કરી ૧૦ તોલા રહે ઉતારી ૪ ભાગ કરી ત્રણ ત્રણ કલાકે એકેક ભાગ લેવાથી ટાઢીઆતાવ મટે છે, કવીનાઇનથી પણ વધુ કામ આપે છે તે લેવા પછી નાડીની ગતિ ધીમી પડે છે.

ફળનોમગજ ટાઢીઆતાવમાં–વિષમજ્વરમાં સાકર કે પાણી સાથે આપે છે તરસ અને ઉલટીને માટે પણ એજ રીતે અપાય છે.

શરીરમાં ગરમી ઓછી કરે છે, ભુખ લગાડે છે તેમજ તાવનીગરમીમાં વધેલ નાડીનો વેગ ઓછો કરવા આ દવા સારી છે.

એનાં પાનનુંચૂર્ણ ૫ થી ૧૦ ગુંજ પાણી સાથે લેવાથી તાવમાં અતિશીત જણાતું હોય–બહુજ પસીનો થતો હોય તો તે નરમ પડે છે.

ક્ષયના દરદીને રાત્રે થતા પસીનાને કમી કરવા માટે તથા ગરમી ઘટાડવા માટે અપાય છે.

ફળનામગજની માત્રા ૩૦ થી ૬૦ ગ્રેન છે.

મૂળનીછાલનોકવાથ ગરમીના દરદીને ઉપલેપક તરીકે આપે છે. થડમાં કાપ મુકવાથી રસ ઝરી ગુંદ બને છે, આ ગુંદ મોઢામાં રાખવાથી મુખપાક મટે છે.

ઉનાળામાં ફળનાગરભનું શરબત બનાવી પીવાથી તરસ મટે છે–લુ લાગતી નથી પ્રદર અને અમ્લપિત મટે છે.

કુમળાપાનમાં રાળનોઅંશ વધારે હોવાથી તેનાં પાનની વાટેલી લુગદી વ્રણશોથ માટે ફાયદાકારક છે. તેનાથી પીડા–દાહ મટે છે. એનાં બીજની બાળેલી રાખ માખણમાં મલમ કરી ગરમીની ચાંદી માટે મલમ રૂપે લગાડી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૫ તગરગંઠોડા

N. O. Valerianeæ (તગરાદિવર્ગ)

सं. પિંડીતગર, **हिं.** તગર, **म.** તગરમૂળ, **ला.** Valeriana wallichii.

વર્ણન: બજારમાં ગાંધીને ત્યાં તગરગંઠોડા મળે છે, તે એક નાનાં છોડનાં મૂળીઆં જેવુંજ ટચલી આંગળથી સહેજ પાતળું હોય છે. ભુખરોરંગ, તીક્ષણવાસ, એક બે ઇંચ લાંબા આવા ટુકડા મળે છે એજ બરી ચીજ છે, કાશ્મીરમાં તે થાય છે. બીજી એક જાત થાય છે તેનું લાકડું ચંદનના ટુકડા જેવું ભારે અને જાડું હોય છે તેને પણ તગર કહે છે. એ ઝાડ પણ હિમાલય તરફ થાય છે.

ત્રીજી એક જાત છે, તે બાગ બગીચામાં થાય છે આવી રીતે તગર માટે લખનારાઓ વચ્ચે તેમજ લાટીન નામ બાબત જરૂર મતભેદ છે પરંતુ એ વાત ચોક્કસ છે કે આ બધામાં ઉપર કહેલ જે જાત બજારમાં મળે છે તે બરી અને ઔષધીમાં વાપરવા લાયક છે એ માટે અમોએ મુરબ્બી શ્રી યાદવજીભાઇ ત્રીકમજી આચાર્યની મુલાકાત લઇ ખુલાશો લેતાં ઉપર જણાવેલ હકીકત કહી છે, એ માટે બધા લેખકોમાં સ્વ. ડૉ. વા. ગ. દેશાઇના ઔષધીસંગ્રહ પૃષ્ટ ૪૦૦ ઉપર છે તે બરાબર છે, બંગાળમાં તગરપાદુકા કહે છે એ જાત પણ એક જુદીજ હોય એમ જણાય છે.

ગુણ: વાતહર, સંકોચવિકાસપ્રતિબંધક, રક્તસંચાલનને મદદ કરનાર, પૌષ્ટિક, ચેતનકારક, મજ્જાતંતુઓને ઉતેજક, લગાડવાથી પીડાશામક છે તેની અસર કોકેન જેવીજ લગાડવાથી થતી જણાય છે. અપસ્માર, ઉન્માદમાં પણ વપરાય છે.

ઉપયોગ: એનાં મૂળ પરદેશ દવા તેમજ સુગંધી કામને માટે જાય છે, પ્રાચિનપુસ્તકોમાં અગર અને તગર બે નામો ઘણી જગાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે જણાય છે એટલે કે જ્યાં અગર હોય ત્યાં તગર પણ આવે છે. સુગંધીતેલોમાં તે વપરાય છે. સુગંધીધૂપ દ્રવ્યોમાં તે આવે છે. દશાંગલેપમાં તે આવે છે તે પીડાશામક, શીતળ, બલ્ય અને રોપણ તરીકે એમાં સારૂં કામ આપે છે.

ચરક-સુશ્રુતના સમયમાં તે જુદા જુદા ગણોમાં વપરાયેલ છે. ઉન્માદ, કુષ્ટ, ક્ષય, વાયુ, વાતરક્ત અને ઉરૂસ્થંભમાં વપરાયું છે. વિષમાં તે અનેક જગાએ વપરાયું જણાય છે.

અંગ્રેજી વેલેરીયન નામક દવાને આના ગુણ મળતા આવે છે. તે સ્નાયુશૈથિલ્યકૃત અને ઉતેજક તરીકે સરસ છે. જટામાંસી કે તગર આ અસરમાં સરખાં ગણાય છે. કઠ, જટામાસી કે તગર સર્વ એક બીજની અવેજીમાં લઇ શકાય, કેમકે ગુણોમાં મળતાજ છે પણ બરી ચીજ લેવી જોઇએ.

મોટી માત્રામાં લેવાથી હેડકી અને ઉલટી થવા લાગે છે.

નાના પ્રમાણમાં લેવાથી લોહીના ફરવાને મદદ કરે છે, તેનાથી હૃદયને બળ મળે છે નાડીની ગતિ સુધરે છે. જો કદી માત્રા વધુ અપાય તો નાડીનીગતી ઓછી કરી આપે છે. લેવા પછી અંગમાં ગરમી આવી પસીનો છુટતો જણાય છે. નાની માત્રામાં લેવાથી જ્ઞાનતંતુ અને મજ્જતંતુને બરાબર લાભ કરે છે, પીડાને ઓછી કરી તે ભાગને સુસ્ત બનાવે છે.

પીડાશામક તરીકે એનો ફાંટ બનાવી કપડું ઓળી દરદવાળી જગાપર તે કપડું રાખવું, સોજો, વ્રણ, પીડા, હાડભાંગવું, સંધીવાનો સોજો વગેરે તેથી મટે છે.

એની માત્રા ૫ થી ૧૫ રતીભાર ગણાય છે.

એનું ચૂર્ણ ૨ ડ્રામ, ઉકળતુંપાણી તો. ૨૫ બંધ વાસણમાં એક કલાક રાખી ગાળી પછી ૨॥ તોલા એકવારમાં દેવું. તે લેવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકોચવિકાસપ્રતિબંધક કાર્ય થાય છે. એની સાથે એવાજ ગુણવાળી બીજી દવા લેવી અને અનુપાનરૂપે આ ફાંટ લેવો.

કંપ અને તાણમાં એનો ઉપયોગ થાય છે, મગજનાદરદો અને મજ્જાતંતુઓનીબિમારી માટે તે જસતભસ્મ સાથે અપાય છે. તે બંને દવા આપવા પછી કેટલીકવાર બગાસાં આવવા લાગે છે એમ થાય તો દવાની અસર થાય છે એમ સમજવું.

ઘણા દીવસ તાવ આવ્યા પછી દરદીને શરીરમાં તેમજ હૃદયમાં થકાવટ થઇ વાત-પિત-કફ ત્રણેનું જોર વધી પડે છે ત્યારે આ તગરગંઠોડા ઉતેજક અને ચેતનાકારક તરીકે સારો ઉપાય છે, તેનાથી નાડી સારી થાય છે, તેમજ અસ્વસ્થતા દૂર થાય છે.

મોટીખાંસી અને શ્વાસનળીના સંકોચ વિકાસમાં થતા શ્વાસ માટે આ દવા એકલી કે બીજી દવા સાથે દેવી. તે સારી અસર બતાવે છે.

વિષમજ્વર માટે એનો ઉપયોગ તાવના ટાઇમને અનિયમિત-કરી આપે છે. તાવના વિકારથી દરદીને થએલ શારિરીક માનસિક નબળાઇ એના ઉપયોગથી દૂર થાય છે. તે તાવ અટકાવનારી કે પૌષ્ટિક બીજી દવા સાથે એ કાર્ય માટે લેવાય છે.

તગરગંઠોડા, મનસીલશુદ્ધ, જસતભસ્મ અને ભાંગ કે અફીણમાંથી એક લઇ નાગરવેલનાપાનનારસમાં વાટી ગોળી કરી સુકવી રાખવી. આ ગોળી ઉપર કહેલ હાલતમાં અપાય છે. પેટનો-દુખાવો કે માથાનોદુખાવો આવા દરદીને હોય ત્યારે તગર સાથે જસતભસ્મ અપાય છે.

મગજ અને મજ્જાતંતુઓના કારણે થએલ મધુમેહ માટે (બહુમુત્ર હોય તે માટે) તગરગંઠોડા અને અફીણની બનાવટ સારું કામ કરે છે, આ સર્વ અનુભવ સ્વ. ડૉ. વા. ગ. દેશાઇએ પોતાના પુસ્તકમાં લખેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૬ ઉપલેટ (કઠ)

N. O Compositæ (શતપત્રીવર્ગ)

सं. કુષ્ઠ, **हिं.** કુટ, **म.** કોષ્ટ, **बं.** પાચક, **ला.** Saussurea lappa.

વર્ણન અત્તરમાં ગાંધીને ત્યાં ઉપલેટ–કઠ–કુષ્ઠ નામથી એક જાતનાં તીક્ષ્ણવાસવાળા અંગુઠા કે આંગળી જેવા જાડા અને ત્રણ ચાર ઇંચ લાંબા ટુકડા મુળીઆંરૂપે મળે છે એને સંસ્કૃતમાં કુષ્ઠ કહે છે તેનું અપભ્રંશ નામ કઠ છે, એની પેદાશ કાશ્મીરમાં થાય છે. હજારો મણ એ ચીન તરફ જતું એ વખતે તે બહુજ મોંઘુ મળતું અત્યારે નવીચાલ–જુનીચાલ એ જાત–પરદેશનોમાલ આવવા લાગતાં એની અત્તર સાવ ઉતરી ગઇ છે. ખરો–ખોટો–મીઠો–કડવો એમ આમાં ભેદ છે. બીજા કોઇ ભલતાજ એને મળતાં મૂળીઆં લાવી તેનાં ટુકડા કરી એની સાથે મેળવી વેચે છે. થોડીવાર તેમાં રાખવાથી જરા વાસજેવું થઇ જાય પણ પછી તેમાં વાસ હોતી નથી. એને ખોટી જાત કહે છે. તે જરા હલકા વજનની હોય છે. એનીવાસ ઘણીજ તીખી અને લાંબો સમય રહેનારી છે. કપડાંને જંતુઓ ન ખાય માટે એનાં નાનાં ટુકડાં ચોપડી કે કપડાનાં કબાટોમાં રાખા દેવાય છે, તેથી કૃમિ થતા નથી એમાંથી ઘણુંજ સુંદર અતર કાઢેલું અત્તરમાં મળે છે. દવામાં કુષ્ઠ બરાબર વપરાય છે તે અનેક જાતનાં તેલ, ચૂર્ણ, અવલેહ, કવાથોમાં વપરાય છે. ચીનનાલોકો એનોધૂપ કરે છે. કેટલાક કહે છે કે તેઓ એને અફીણને બદલે ધુમ્રપાન કરવા માટે વાપરે છે, ખરો કઠ ભાંગતા ભુકો થતો નથી અને જરાક ટુકડો મોઢામાં રાખવાથી ગરમ અને તમતમાટ કરી આપે છે, અહિં ખરોકઠ સહેલાઇથી મળે છે.

ગુણ: સુગંધી, કડવું, દીપન, પાચન, વાતનાશક, સહેજ ગ્રાહી, ઉતેજક, કફઘ્ન, સંકોચવિકાશપ્રતિબંધક, સહેજ મુત્રલ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્તવજનન, ઋતુ સમયની પીડાને મટાડનાર, વાજીકરણ, ત્વકૃદોષહર, કાંતિકર, વ્રણશોધક–રોપણ, વાતહર અને પીડા સ્થાપન છે.

ઉપયોગ : એમાં શોધક ગુણ હોવાથી તે ચામડીનાંદરદોમાં બીજી ચીજો સાથે વપરાય છે. શરીરમાં બરી ગરમી લાવે છે અને તે માટે કોલેરામાં અપાય છે.

એને ગરમ કરવાથી વજન ઘટી જાય–સુગંધીતત્વ છે તે ઉડી જાય છે. દવામાં તે હમેશાં ગરમ ન થઇ જાય એવી રીતે પાછળથી મેળવવાનું વધુ ઠીક ગણાય છે.

ઉપલેટચુર્ણ તોલો ૧, એલચીચુર્ણ તોલો ૦।, ગરમ ઉકળતુંપાણી તોલા ૧૦ એક કલાક ઢાંકી રાખી ફાંટ માફક ગાળી ચાર ભાગ કરવા. આ ફાંટ સુગંધી અને ઉતેજક છે તરત ગુણ આપનાર છે. તેમાં તજ વધારવાથી તે કોલેરા માટે ઉત્તમ થાય છે.

ઉંચીકક્ષાઓની જે કંઈ દવાઓ છે તેમાંની એક આ છે, ચામડીની કાંતિ સુધારે છે તે માટે જાંબુ–અર્જુનના પાનનાચુર્ણમાં સહેજ કઠ નાંખી નહાવા માટે તેનું ચુર્ણ (પીઠી) તરીકે વાપરવું. તેથી ત્વકૃરોગ પણ મટી જાય છે, તેના ઉપયોગથી રૂધિરાભીસરણ બરાબર થવા લાગે છે, વાળને સુંદર, નરમ અને કાળા રાખે છે એ માટે તેનો વાળને ધોવાના મશાલામાં ઉપયોગ કરી શકાય છે. દરાજ, રતવા, બરજવું, બસ વગેરે માટે લગાડવાની દવામાં બીજી દવા સાથે વાપરવું તેમજ બાવાની દવામાં પણ તે એ માટે વપરાય છે.

વ્રણને શુદ્ધ કરી જલદી રૂઝવી આપે છે.

દાંતનાં પેઢાને મજબુત કરી પીડા–શૂળ મટાડે છે અને તેથીજ તે અનેક દંતમંજનના પાકમાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઉતેજક અને સ્વેદલ છે તેથી તાવમાં અપાય છે, પણ સ્વેદલ દવાઓ પાછળથી નબળાઇ લાવે છે તે દોષ આ દવામાં નથી. તેથી ચેતના આવે છે તાવમાંતો એનાથી પેશાબ પણ વધારે આવે છે.

આમવાતના દરદીને એનું ચૂર્ણ એરંડતેલ સાથે ચાટવા આપે છે તેમજ સાંધાના સોજાપર તેનો લેપ પણ કરે છે. ઠંડીને લઇ અંગ દુઃખે ત્યારે એનો લેપ લગાડવો એ સરસ ઉપાય છે એના ચૂર્ણની માત્રા ૨ થી ૧૨ ગુંજ છે.

આ ઉત્તમ કફઘ્ન છે, કફના દરદીને બીજી કે ત્રીજી અવસ્થામાં જ્યારે ખુબ કફ પડે છે ત્યારે અપાય છે એથી તાવ ઉતરે છે, ખાંસવાની શક્તિ આવે છે, હૃદયને બળ આપે છે. કફ સ્હેલાઇથી પડે છે અને ખાંસી ઓછી થાય છે. ઉટાંટીઆમાં પણ તે સારૂં કામ કરે છે.

દમના દરદીને તેની ચૂલમમાં ભરી ધુંવાડી લેવાય છે યાને તમાકુ માફક પીવાને આપવાથી લાભ કરે છે વધુ પીવાથી ગાંજા માફક નસો ચડે છે.

સુવાવડીનાં રૂમમાં એનો ધૂંવાડો કરે છે, ખાવાથી ધાવણ વધારે છે, રૂતુવખતની પીડા મટાડે છે અને રૂતુ સાફ લાવે છે. સ્ત્રી કે પુરૂષ બંને માટે તે ઉતેજક યાને કામોત્તેજક જેવું છે.

રસાયનગુણ માટે તેનું ચૂર્ણ ઘી–મધ સાથે લેવાય છે. તેથી બળ, વીર્ય, કાંતી વધે છે. વાણી સ્વચ્છ બને અને દીર્ઘાયુષ્યી થવાય છે.

બાળકોને બાલગ્રહથી બચાવવા સ્હેજસાજ તેનો ધસારો કયારેક આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપસ્મારમાં વજ–કઠનું ચૂર્ણ મધમાં અપાય છે. ઉન્માદ, સન્યાસ અને અપસ્મારમાં ચાલુ અપાય છે, વાતરોગીને થાક માટે તે અપાય છે.

પેટને સુધારે છે, અજીર્ણ મટાડે છે તથા ઝાડા ઉલટીને મટાડે છે માટે કોલેરામાં અપાય છે. એની બનાવટ અગ્નિમુખચૂર્ણ પેટનાંદરદો, કફ માટે ઠીક છે.

૧૪૭ પુષ્કરમૂળ (બાલવજ)

N. O. Irideæ (કેશરાદિવર્ગ)

સં. પુષ્કરમૂળ, શ્વેતવચા, હૈમવતી, **હિં.** પોહકરમૂળ, **મ.** બાળ-વેખંડ, **બં.** પુષ્કરમૂળ, **લા.** Iris germanica, **અં.** Orris root.

વર્ણન: પુષ્કરમૂળ કાશ્મીરમાં થાય છે તેને ત્યાંના લોકો પાતાલપદ્મિની અથવા પુષ્કરમૂળ કહે છે. કુમાઉન પ્રદેશમાં એને નિલાકમલ કહે છે, અરબીમાં એને સોસન, ઇર્સા, કુષ્ટ–એલ–હલી, કુષ્ટ–એલ–બર્હી કહે છે.

કઠ અને પુષ્કરમૂળ તદ્દન જુદીજ વસ્તુ છે છતાં પુષ્કરમૂળને અભાવે કઠને વાપરવાનો રિવાજ આપણે ત્યાં ભાવપ્રકાશના સમયથી પ્રચલિત થઇ ગયો છે, આજે મુંબઇની બજારમાં કુષ્ટથી જુદો બરેબરો પુષ્કરમૂળ મળે છે એ કાશ્મીરમાં થાય છે અને ત્યાંથી આવે છે. કાશ્મીરમાં તેની ખેતી થાય છે ઇરાનમાં પણ એની પેદાશ છે.

બંગાળના લેખકોએ તથા સ્વ. વા. ગ. દેશાઇએ એક મતથી એનું બરાબર વર્ણન કરેલું છે.

આપણે ત્યાં તો આને માટે ગોટાળા જેવુંજ લખાયું જણાય છે કોઇકતો એરંડનામૂળને પોખરમૂળ ગણી લેવાનું જણાવે છે, કોઇક પાનનીજડને યાને કુલીંજનને લેવાની સલાહ આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક પુષ્કરમૂળના અભાવે કુષ્ટ વાપરવાનું જણાવે છે, કારણકે બંને મળતાં આવે છે એટલેજ ભાવમિશ્રે એ વાપરવાનું કહ્યું હશે.

પ્રાચિન પુસ્તકોમાં ઘણે ઠેકાણે પુષ્કરમૂળનો વપરાશ થએલો છે, એટલે એ બંને વસ્તુઓ જુદી છેજ. કઠ એટલે ઉપલેટ અને તે પુષ્કરમૂળ નથી એ વાત સાફ થએલી છે.

એમાં એક પ્રકારની સુગંધી રહેલી છે.

ગુણ : ઉષ્ણ, શોથઘ્ન, વ્રણરોપણ, આનુલોમિક, મુત્રજનન છે. મોટી માત્રામાં તે ઉલટી ઝાડા કરનાર છે. પાર્શ્વશૂળને મટાડનાર કહેલું છે.

ઉપયોગ : ત્રણે દોષમાં એને વાપરવાનો રિવાજ છે. કાસ, શ્વાસ, હૃદયરોગ, અર્શ, ગુલ્મ, જ્વર, સોથ, ઉદાવર્ત અને શિરોરોગમાં તે બીજી દવાઓની સાથે પ્રાચિન પુસ્તકોમાં વપરાયલ છે.

દાંતના દુખાવાના માટે એ વપરાય છે, મુખમાં સુગંધી લાવવા વપરાય છે. એથી દાંત મજબુત થાય છે. માથાનાં સુગંધી-તેલોમાં એને વાપરે છે. એનાથી તેલમાં સારી સુગંધ આવે છે.

અરૂચી, અજીર્ણ અને યકૃતમાંથી પિત્તનો સ્રાવ બરાબર થતો ન હોય તો તે માટે એને વાપરે છે.

ખાંસી, શ્વાસ અને પડખાનુંશૂળ મટાડનાર છે.

સફેદરંગ, મીઠી સુગંધ અને વજન હલકું એવું આ પુષ્કરમૂળ અરબસ્થાનથી આવે છે એમ પણ કહેવાય છે.

એની માત્રા ઉપલેટ પ્રમાણેજ સમજી લેવાની છે.

ઉપલેટ–કઠનું વર્ણન આ પહેલાંના પ્રકરણમાં આપવામાં આવેલ છે તે જોઇ લેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪૮ જટામાંસી

N. O. Valerianeæ (તગરાદ્વિવર્ગ)

સં. માંસી, ભુતકેશી, **હિં.** બાલછાડ, **મ. બં.** જટામાંસી **લા.** Nardostachys Jatamansi.

વર્ણન: બજારમાં ગાંધીને ત્યાં જટામાંસી મળે છે, તે એક પ્રકારનાં વાળ જેવા કાળા કે ભુખરા રંગનાં વાળ કે મૂળનાંરૂપમાં હોય છે તેની પેદાશ હિમાલય, કેદારનાથ અને કુમાયુન તરફ જ્યાં બરફ પડે છે તે બાજુ પાણીવાળી જગામાં થાય છે, બજારમાં જે વસ્તુ મળે છે તે જમીન વધેલાં મૂળ અને ઘાસ–વાળ જેવું હોય છે તે બરાબર છે. જે મૂળ કે છડ સખ્મત, સારી સુગંધીવાળી નવી કે તાજી તે દવામાં વાપરવાલાયક ગણાય છે, બજારમાં જુની અને કચરા જેવી મળે તે બરાબર ગુણ આપતી નથી.

જટામાંસી તગરના વર્ગની ઔષધી છે અને તેમાં સુગંધીતત્વ રહેલ છે. કેટલાક તેનાં બે કે ત્રણ પ્રકાર જણાવે છે, અહિં બજારમાં એકજ જાત મળે છે દવામાં તે પ્રાચીન સમયથી બરાબર વપરાય છે. અંગ્રેજીમાં વેલેરીયન નામક જે દવા છે તેના જેવીજ આ આપણી જટામાંસી છે.

અંગ્રેજીવૈદ્યકના મત મુજબ તેમાં સુગંધીદ્રવ્ય ભીમસેનીકપુર જેવું તથા બીજું રાળ જેવું દ્રવ્ય છે. વાસ તગરગંઠોડા જેવી હોય તેવું એક દ્રવ્ય પણ એમાં છે. પાણીમાં મળનારૂં એક તત્વ છે અને ઉડનાર તેલ પણ છે.

ગુણ: તિક્ત, સુગંધી, કડવું, કષાય, શીતળ, વાયુહરનાર, સંકોચવિકાસપ્રતિબંધક, હૃદયબલ્ય, રક્તસંચાલનને ઉતેજન આપનાર, ત્વક્‌દોષ હરનાર, વાતહર, જ્વરહર, કફઘ્ન, વેદનાસ્થાપન, કાંતી અને કેશને વધારનાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્રા : ૧૦ થી ૨૦ ગુંજ ચૂર્ણરૂપે, ક્વાથરૂપે તો. ૦ા થી ૧.

ઉપયોગ : જુનાસમયથી વપરાતી ઔષધીઓમાં જટામાંસી પણ છે અને તે એક ઉચ્ચ પ્રકારની દવા છે.

ભુખ લગાડે, પાચન સુધારે છતાં કબજ કરતી નથી. પેટમાં ગરમી લાગે છે, ડકાર છુટથી લાવે છે. આખા અંગમાં ગરમી આવી જઇ પસીનો છુટવા લાગે છે, પેશાબ છુટે છે અને નાડીનીગતિમાં સુધારો કરે છે.

જો વધુ પ્રમાણમાં લેવાય તો ઉંલટી થાય છે, પેટમાં ચૂંક આવે અને ઝાડા થાય છે. મગજ ઉપર એની પૌષ્ટિક અને ઉતેજક અસર થાય છે. લાંબો સમય નાની માત્રામાં લેવાય તો મનપર સારી અસર થાય છે, કામકાજ કરવામાં ઉત્સાહ આવે છે, નાડીનુંજોર વધે અને મન શાંત પડે છે.

મગજ અને જ્ઞાનતંતુઓનાં દરદોમાં જટામાંસી વખણાય છે. કોઇપિણ દાઢીઆપર ઓપરેશન કરવામાં આવે કે તેને જખમ થાય ત્યારે તેને એક પ્રકારનું ભ્રમણયુક્ત કંપ થાય છે એને આ જટામાંસી આપવાથી લાભ થાય છે. માનસિક કામના બોજાથી કે આઘાતજન્ય ખબર સાંભળવા પછી જ્યારે મગજ અસ્થીર બને, ઉંઘ ન આવે, બેચેની રહે, નાડી જીણી અને જોરથી ચાલે, થાક જેવું જણાય ત્યારે જટામાંસી લેવાથી બધી બાબતો સુધારી આપે છે.

આંચકી અને તાણમાં એ ઉપયોગી દવા છે.

કમજોર અને અશક્ત સ્ત્રી રોગીણી માટે જ્યારે કંઇ માનસિક ફરિયાદ થાય ત્યારે જટામાસી સારી દવા ગણાય છે.

ભૂત વડગાળ જેવી હાલત જણાય ત્યારે જટામાંસી સારી દવા છે તે હિંગ કે કસ્તુરી કરતાં ચડીઆતી છે. કેટલીકવાર ઉન્માદ વગેરેમાં બ્રાહ્મી સાથે એને વાપરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોહીનું ફરવું જ્યારે બરાબર થતું નથી ત્યારે જટામાંસી લેવાથી એ કાર્ય ઘણુંજ સરસ થાય છે. લોહીનું દબાણ વધુ કે ઓછું હોય, ચક્કર આવે, બેચેની કે ગભરાટ–થાક જણાય એ સર્વ માટે જટામાંસી ઉત્તમ દવા છે.

હૃદયમાં ગભરાટ થાય, અંદર વાયુ ભરાઈને મુંઝારો કરે, હૃદય થાકેલું લાગે, પેટવાયુથી ભરેલું લાગે આવી હાલતમાં બીજી ચીજો સાથે જટામાંસી લેવાય છે. તે વખતે કમળપુષ્પ, વજ, સાથે નવસાર મેળવીને અપાય છે.

એની રક્તાભિસરણની ક્રિયા હૃદયપરથી તે રક્તવાહિની શિરાઓમાં અને મજ્જાતંતુઓનાં કેન્દ્ર સ્થાનપર થાય છે.

બાળકોનું પેટ ચડવું, નબળા બાંધાનાં માણસો અને નાજુક સ્ત્રીઓને જીણું જીણું પેટમાં દુખે, અજીર્ણ જેવું રહે કે પેટમાંવાયુ થાય ત્યારે જટામાસી, હીંગ, નવસાર અને શુંઠ સાથે લેવાય છે જે બરાબર આરામ આપે છે.

માસિક ઋતુસ્રાવ વખતે થતી પીડા ઓછી કરી ઋતુ સાફ લાવવામાં મદદ કરે છે. ઋતુ બંધ થઇ જાય પછી જે ઉપદ્રવો જણાય તે માટે આ જટામાસી લેવી સરસ ગણાય છે.

જખમપર લગાડવાથી દાહ–પીડા મટે છે, વિસર્પ, કુષ્ટ, રક્તપિતમાં ખાવા માટે અપાય છે, મુખપાકના રોગી માટે પણ ખાવા આપી શકાય છે, તેથી દાહ–પીડા મટે છે. તે લગાડવાથી ચામડીની કાંતિ સુધરે અને વાળ વધે છે.

શરીરની ચાલુ ક્રિયા બગડી જ્યારે પીશાબમાં સાકર જતી જણાય ત્યારે અથવા કોઇ ખાસ પ્રકારનાં ક્ષાર મુત્રમાં જતાં જણાય છે ત્યારે લેવાથી એ સાકર અને ક્ષાર બંધ કરી શરીરની ક્રિયાને બરાબર કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકોનાં ગ્રહરોગ મટાડવામાં તે વપરાય છે.

હીસ્ટીરીઆમાં આસન, જટામાસી અને ખુરાસાનીઅજમો કવાથ કરી લેવાથી એનું જોર ઘટી જઇ સારી નિદ્રા આવે છે અને ફીટ આવતી ઘટી બંધ પડે છે.

દાહ, કફ, સોથ, જ્વર અને ત્રિદોષજ્વરમાં જટામાસી બહુજ સારો લાભ કરે છે, એને ત્રિદોષજીત કહેલી છે તે બરાબર છે તે વિષમજ્વર માટે પણ વાપરવી સારી છે.

અંગ્રેજીમાં તેનું ટીંચર બનાવીને વપરાય છે. ૪૦ ગણા ઉકળતા પાણીમાં તેનો ફાંટ બનાવી લેવાથી તે બનાવટ ઉતેજક અને સંકોચવિકાસપ્રતિબંધક તરીકે સારૂં કામ આપે છે.

૧૪૯ ધાવડીનાંફુલ

N. O. Lythraceæ (મેંદીવર્ગ)

सं. ધાતકી, **हिं.** ધાઇફુલ, **म.** ધાયટી, **बं.** ધાઇફુલ, **ला.** Woodfordia floribunda.

વર્ણન: ધાવડીનાંફુલ બજારમાં ગાંધીને ત્યાં સહેલાઇથી મળે છે, તે લગભગ આ દેશમાં સર્વત્ર થાય છે, મળે છે, તાજાં હોય ત્યારે લાલ ખુલા રંગનાં સુંદર જણાય છે તેમાં ઝીણા ભુકા સુકાયા પછી ઘણો થતો જોવામાં આવે છે દવામાં સાફ અને તાજાં ફુલો વાપરવાં જોઇએ. ફુલ લગભગ લવંગ જેવડાં હોય છે. એનાં ઝાડ ડુંગરાળ પ્રદેશમાં નદી નાળાંવાળી જગામાં થાય છે.

ગુણ: ગ્રાહી, ઉતેજક અને સ્થંભક છે.

ઉપયોગ: દવામાં ધાવડીફુલ એકલાં કવચિતજ વપરાય છે યાને બીજી દવા સાથે તે વપરાયલાં છે. વૈદ્યોને ત્યાં આસવ બનાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે ધાવડીકુલ ખુબ વપરાય છે, એની મેળવણી આસવમાં થવાથી આસવ ખાટો થતો નથી રંગમાં લાલ ઉતરે છે એટલુંજ નહિં પણ આલકોહલતત્વને તે વધારે છે, અંગ્રેજી વૈદ્યકના મત મુજબ ધાવડીમાં (કુલમાં) ૨૦ ટકા ટેનીન છે જે એ કામ માટે ઉત્તમ છે, ને તેથી દરેક આસવમાં ધાવડીકુલ બરાબર નાખવામાં આવે છે. રક્તપ્રદર, ઝાડા, સંગ્રહણી માટેના કવાથ કે ચૂર્ણોમાં ધાવડીકુલ વપરાય છે. કુષ્ટમાં બીજી દવા સાથે લેપરૂપે લગાડાય છે. પ્રદરમાં ચોખાનાધોવણ સાથે અપાય છે. વ્રણ રૂઝવવા માટે તેનાં કુલનુંચૂર્ણ વ્રણપર છાંટવા માટે અપાય છે. બાળકોનાં ઝાડા, ઉલટી અને ઉબકામાં અપાય છે અત્યાર્તવ, મરડો ને ઝાડા માટે તેનો અવલેહ આપવો.

૧૫૦ તલવણી

N. O. Capparideæ (કરિરાદિવર્ગ)

સં. તિલપર્ણી, અજગંધા, **હિં.** હુલહુલ, **મ.** તીલવણ, **બં.** હુર-હુરીઆ, **લા.** Gynandropsis Pentaphylla.

વર્ણન: કચ્છમાં તલવણીને 'બીધરો' કહે છે. ચોમાસુ બેસે કે તુરતજ એનાં છોડ ખુલ્લી જમીનમાં ખેતર–વાડી કે રસ્તાની બંને બાજુએ તેમજ ખંડેરોમાં ઉગી નીકળે છે, શ્રાવણ કે ભાદરવામાં ખુબ પાકેલો છોડ શીંગથી ભરપુર થઇ આસોમાં સુકાઇ જાય છે તેનાં પાન પાંચ ખુણીઆ થાય છે, શીંગ કુવાડીઆ જેવી હોય છે તેમાં રાઇથી જરા ઝીણાં બીજ હોય છે એ બીજ રાઇની જગાએ વાપરવામાં આવે છે.

કચ્છમાં ગામડીઆ લોકો શ્રાવણ માસમાં એની ભાજી લઇ શાક કરી ખાય છે, એથી તાવ આવતો નથી. વળી ગરીબ માણસો એ પાનની ભાજી ખાઇ ગુજરો કરે છે એમ પણ કોઇક કહે છે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે એક કહેવત પણ છે કે:–"ઘરમેં રજે બીઘરેા પુતરજ્નેનાં બીચડખાં" યાને ઘરમાં ખાવા માટે બીઘરાની ભાજીપર દિવસ કાઢે છે બ્હાર વાતનો મેાટેા દેખાવ કરવા માટે દીકરાનું નામ પુછે તેા કહે છે કે બીચડી ખાનાર છે!

ચાર જાતની યાને સફેદ કે પીળાફુલની એેડી તેમજ ઉંચી એમ ચાર જાતની તલવણી ગણેલી છે દવામાં બધી સરખી ગણાય છે. તેનાં પાન, બીજ અને મૂળ દવામાં વપરાય છે. ચેામાસામાં જંગલ ભરીને થતી આવી અનેક વસ્તુઓ કંઇજ ઉપયેાગમાં આવતી નથી એમજ સડી જાય છે. કેટલીક આવી ચીજોને કેાઇપણ–જનાવર પણ ખાતું નથી એ પણ કુદરતની લીલાજ કહેવાય.

ગુણ: કટુ, ઉષ્ણ, વાતહર, વિષહર, તીખી અને ગ્રહપીડા કે પિશાચ બાધાને મટાડનાર કહેલી છે. એનાં બીજ રાઇ જેવાજ દીપન, પાચન, દાહજનક અને કૃમિઘ્ન છે. મૂળ ઉતેજક અને સ્વેદલ છે.

ઉપયેાગ: એનાં પાનનેારસ કાનમાં થેાડાંક ટીપાં નાંખવાથી કર્ણશૂળ અને કર્ણશ્રાવ મટે છે પણ દાહ અને પીડા બહુ કરે છે એમ જણાવેલ છે.

ટાઢીએાતાવ ગામડાના લેાકેાને આવે ત્યારે તેઓ એનાં પાનનેારસ કાઢી કાનમાં નાંખે છે એથી તરતજ તાવ ઉતરી જાય છે અને ગેાદડાં ફેંકી તે માણસ ચાલતી પકડે છે પણ એની પીડા–દાહ કાનમાં ખુબજ થાય છે, ગામડાનાં લેાકેા એ બુટીને કાનફેાડી કહે છે.

એનાં બીજનુંચૂર્ણ એ આનીભાર કૃમિઘ્ન તરીકે અપાય છે જે બરાબર કામ કરે છે. એનાં છેાડમાં એક પ્રકારની વાસ આવે છે તેથી એનું નામ અજગંધા છે.

પ્રાચીન પુસ્તકેામાં તેનેા ઉપયેાગ અજગંધાના નામથી અનેક જગાએ થએલેા જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના પાનને વાટી લુગદી કરી રૂપીઆ જેવડી એ લુગદીને બાં ઉપર બાંધવાથી ફોલેા–બ્લીસ્ટર ઉઠે છે જેથી તાવ–ટાઢીઓતાવ મટી જાય છે.

એનાં પાનનોરસ કાઢી થોડાંક ગજપુટ–પુટ તામ્રને આપવાથી ઉત્તમ તામ્રભસ્મ બને છે. અમોએ તેના રસમાં તામ્ર બનાવી છે જે સારી થાય છે. એ તામ્રવાળું જ્વરાંકુશ બનાવી તાવ માટે વાપરવું ઠીક છે.

નારાયણચૂર્ણ–હિંગ્વાદિચૂર્ણ વગેરેમાં તે વપરાયલ છે. કફજન્ય ગલગંડના લેપમાં એને વાપરેલ છે.

બીજનો ઉપયેાગ રાઇની જગાએ કેટલાક કરે છે જે ઠીક ગણાય તેમ છે. વીંછીનાઝેર માટે તેનાં રસનાં ટીપાં જે બાજુના અંગમાં ડંખ હેાય તેની ઉલટી બાજુના કાનમાં નાંખવાં.

એમાં રહેલ સુક્ષ્મ તેલની અસર રાઇ કે લસણના તેલ પ્રમાણે છે.

ગુંમડામાં પરૂ ન થાય માટે એનાં પાનની લુગદી બનાવી લગાડે છે જે ઠીક છે.

૧૫૧ મોરવેલ

N. O. Ranunculaceæ (વત્સનાભાદિવર્ગ)

સં. મુર્વા, **હિં.** ચુર્ણોહાર, **મ.** રાનજાઇ, **બં.** મુર્વા–મુર્ગા, **લા.** Clematis triloba.

વર્ણન : મોરવેલ ગાંધીને ત્યાં મળે છે, મુંબઇમાંતેા રત્નાગીરી જીલ્લાના વનસ્પતિ લાવનારાઓ સારી બાત્રીની આપી જાય છે, પણ આ વનસ્પતિ બાબત નામ અને ઓળખમાં સંદિગ્ધતા જોવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન વખતથી તેનો ચરક, સુશ્રુતના સમયથી ઉપયોગ થએલો જોવામાં આવે છે, અત્યારે પણ વૈદ્યો તેને વાપરે છે છતાં આવી ચીજો માટે સંદિગ્ધતા દૂર કેમ નહિં કરતા હોય? વૈદ્યોમાં સુસ્તી બહુ છે તે વાત જરા પણ ખોટી નથી.

બંગાળ, દક્ષીણ અને હિમાલય તરફ એની પેદાશ થાય છે તેનાં વેલા થાય છે તે બીજા ઝાડપર ચડે છે, પાન નાગરવેલ જેવાં હોય છે લીલાં હોય છે સુકાયા પછી પીળાં થઇ જાય છે ત્રણ પાન સાથે હોય છે. સિંધમાં એને મરૂવા કહે છે ફુલ જાઇ જેવા હોય છે દવામાં એનું પંચાંગ વપરાય છે.

ગુણ : તિક્ત, કષાય, ઉષ્ણ અને હૃદયરોગ તથા કફને મટાડનાર છે, કુષ્ટને મટાડનાર, ત્રિદોષ, રક્તદોષ, પ્રમેહ, ઉલટી, તાવ, ક્ષય, વાયુ, ભ્રમ, તરસ, કંડુ મટાડે છે. તેમાં શામકગુણ વિશેષ છે, પેટમાં લીધા પછી તે ચામડીવાટે બ્હાર આવે છે એમ થતાં ત્વચાની નિચે રહેલ ગ્રન્થીઓને બળ આપે છે, પસીનો લાવે છે ઝાડો સાફ લાવે છે એ રીતે તે ઉપલસરી જેવું કામ કરે છે.

ઉપયોગ : ઊલટીમાં તેનું ચૂર્ણ ચોખાનાપાણીમાં આપે છે. ક્ષયમાં એનાં મૂળનું ચુર્ણ આપવાનું જણાવેલ છે.

ચરક, સુશ્રુતમાં તે અનેક જગાએ બીજાં દ્રવ્યોની સાથે વપરાશમાં આવેલી છે.

એનાં પાનનુંચુર્ણ તો. ૧, પાણી ઉકળતું તો. ૨૫, ફાંટ બંધ કરી મુકી દેવું, પછી ઠંડુ થયા બાદ ગાળી લેવું, તેમાંથી ૫ તોલા દરેક વખતે એમ ત્રણ વખત લેવું, એનાથી ગરમી, કંઠમાળ, રક્તપિત અને ખુજલી કે કુષ્ટ મટે છે કેટલાક પાનને બદલે પંચાગ એમાં વાપરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવા સંધિવામાં પણ એજ રીતે લેવાય છે કેમકે તે લેવાથી પસીનો છુટે–તાવ પણ મટે છે.

મોરવેલનાં કુમળાંપાન અને કાળા ઇંદ્રયવ (કડાછાલ)નાં પાન સમભાગે લઇ છુંદી તેનો રસ કાઢી એ ટીપાં આંખમાં નાંખવાથી આંખનુંકુલું મટે છે બીજી પણ નેત્રની વ્યાધિ મટે છે એમ સ્વ. ડૉ. વા. ગ. દેશાઇ જણાવે છે.

મોરવેલ માટે વૈદ્યસમાજમાં કેટલાક લેખકોએ જે ભ્રમ કરેલ છે તે નિર્ણય થવાની જરૂર છે.

---

૧૫૨ દેવદાર

N. O. Coniferæ (દેવદાર્વાદિવર્ગ)

સં. દેવદારૂ, **હિં. મ. બં.** દેવદાર–દેવદારૂ, **લા.** Cedrus Devdar.

વર્ણન : દેવદારનાં મોટાં ઝાડ હિમાલય, કાશ્મીર, બ્રહ્મદેશ અને પીનાંગમાં ખુબ થાય છે. તેલીઓદેવદાર અને સુકા–સાકેદેવદાર એમ બે જાત આપણે સર્વત્ર જોઇએ છીએ. દેવદારનો વપરાશ દવામાં સામાન્ય છે. પણ એ વસ્તુ બહુજ પ્રસિદ્ધ હોવાથી તેને સૌ કોઇ જાણે છે. દેવદારનાં પાટીઆં અને ખોખાં સર્વત્ર જોવા મળે છે એનું લાકડું જલદી સળગે છે એમાં ટરપીંટનને લગતુંજ તેલ છે. તેલીઆ-દેવદારમાંતો ટરપીંટનનુંતેલ ખુબ જણાય છે દવામાં આ તેલીઓ દેવદાર કામનો છે. તેનાં લાકડાં ગાંધીઓને ત્યાં સહેલાઇથી મળે છે.

ગુણ : સ્વેદલ, મુત્રલ, કફઘ્ન, દીપન, પાચન છે. વાતનાશક તથા ત્વકૃદોષહર છે. એમાંનુંતેલ વ્રણને શુદ્ધ કરી રૂઝવે છે.

ઉપયોગ : દેવદારનુંતેલ ટરપીંટનતેલથી સહેજ હલકું કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તેલ વ્રણ કે વાતરોગ માટે વપરાય છે. તેનું નામ **કેલોનનું તેલ** કહેવાય છે, દેવદાર ધૂપ માટે–હવન સામગ્રી કે જંતુનાશક માટે ઉત્તમ છે.

ચામડીનાં જુનાં દરદોમાં લગાડવા તથા ખાવા માટે એનું તેલ અપાય છે. એનાથી રક્તપિતના દરદીઓને પણ ઠીક લાભ થાય છે. માથાનાદુખાવા માટે તેનો ઘસીને લેપ કરવામાં આવે છે. ગળાનીગાંઠપર ઘસીને લેપ લગાડે છે.

તાવમાં આપવાથી પેશાબ–પસીનો છુટ કરે છે. કફ છુટે છે અને સંધિવામાં સોજો મટાડે છે. જળોદરમાં એની સાથે અઘેડો અને સરગવાનીછાલ વાટીને આપે છે. ગૌમુત્ર સાથે આપવાથી પેશાબ છુટ આવે છે.

છાતીનાંરોગમાં દેવદાર શુંઠ સાથે આપવાથી થડકા મટે છે.

દેવદારનુંલાકડું ભારે અને ખુબ તેલવાળું હોય તેજ વાપરવું, સ્ત્રીઓને માટે તેનો **દેવદાર્વાદિક્વાથ** પ્રસિદ્ધ છે. દોષઘ્નલેપમાં પણ દેવદાર આવે છે. આ બે બનાવટો જાણીતી છે.

---

૧૫૩ સરલ (ગંધબિરોજા)

N. O. Coniferæ (દેવદાર્વાદિવર્ગ)

સં. સરલ, **હિં.** ચિડ, ચીલ, **લા.** Pinus Longifolia.

વર્ણન : ચીલનાં મોટાં ઝાડ હિમાલયમાં થાય છે, એને સંસ્કૃતમાં સરલનાંઝાડ કહે છે. આપણે ત્યાં એને ચીલ કહે છે પંજાબમાં ખુબ થાય છે, દેવદારથી આ જુદીજ જાત છે છતાં એનું લાકડું દેવદારને કંઇક મળતું દેખાય છે. છાલ ઉખેડો કે છોલો તો અંદરથી એક પ્રકારનો રસ ઝરે છે. એ રસને લોકો એકઠો કરે છે, ગઢવાલમાં તેને જમા કરી બ્હાર મોકલે છે, સંસ્કૃતમાં એ રસનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ શ્રીવાસ છે, હિંદીમાં ચીરનેાગુંદ અથવા ખીરેાજા કહે છે અત્તરમાં ગાંધીઓને ત્યાં ગંધખીરેાજાના નામથી નરમ રસ જેવેા પદાર્થ જેમાં ટરપેન્ટાઇન જેવી વાસ હેાય તે મળે છે. એ દવાનાં કામમાં વપરાય છે તે મલમ અને વ્રણની દવા તરીકે તેમજ ખાવાની દવામાં પણ વપરાય છે બીજો એક જાતનેા સુકેાએરજો આવે છે જેને લેાકેા રાજન નામથી ઓળખે છે તે મલમમાં કામ આવે છે, અંગારાપર ભુકેા છાંટતાં ખુબ ધૂમાડેા–ધૂપ જેવું થાય છે.

ગંધએરજાનેાઅર્ક પાણીનારૂપમાં ઉડાવીને કાઢે છે તેમજ પાતાલયંત્રરૂપે સત્વ સુકી સફેદ ક્ષારકડીનારૂપમાં બુનાની હકીમેા બનાવે છે જેનેા પરમીયાની દવામાં ઉપયેાગ કરે છે. એમાંથી તેલ કાઢે છે. ૫૬ રતલ ગંધએરજામાંથી ૮ રતલ તેલ નીકળે છે એ તેલનું નામ ટરપેન્ટાઇનતેલ છે. હિંદુસ્થાનમાં એ તેલનું નામ ચીરનુંતેલ કિંવા સરલતેલ કહે છે. પરદેશી ટરપેન્ટાઇનતેલથી આ તેલ ગુણમાં ઉતરતું નથી સહેજ વાસમાં ફેર હેાય છે બસ.

ગુણ : વાતનાશક, પિતાસ્મરીઘ્ન, કફઘ્ન, સ્વેદજનન, મુત્રલ, રક્તસંગ્રાહક, ઉતેજક, કૃમિઘ્ન, શેાથઘ્ન, વાતહર અને વ્રણને શુદ્ધ કરી રેાપણ કરે છે. દુર્ગંધ મટાડે છે આ ગુણ તેલ અને ગંધએરજામાં છે.

અસર : આ દવા ખાવાથી પેટનાવાયુને ઉપર કે નીચેથી છુટેા કરે છે, ખાવા પછી મેાઢામાંથી પાણી છુટે છે, શરીરમાં ગરમી આવે છે, નાડી તેજ થાય છે, પેશાબ વધે છે, શ્વાસનું પ્રમાણ વધે છે, મજ્જાતંતુઓમાં ઉત્તેજના આવે છે. આ સર્વ યેાગ્ય માત્રા હેાય તેાજ, પણ જો વધુ લેવાય તેા ઝાડા–ઉલટી થાય છે, નાડી ક્ષીણ, શરીર ઠંડુ અને પેશાબમાં દાહ થઇ છેવટે રક્ત આવે છે.

ઉપયેાગ : પેટનેાઆફરેા–શૂળ અને અંદરનેાસડેા દૂર કરવા તે ખાવા માટે અપાય છે. આફરા માટે એના તેલની બસ્તી અપાય છે કે તેલ પેટપર ચેાપડી શેક કરાવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના સેવનથી નાની પથરી ગળી જાય છે એટલુંજ નહિં પણ ફરી થતી અટકે છે. ઝાડામાં પડતું લોહી બંધ કરે છે પેટનાં કૃમિને મટાડે છે. ઝાડા–મરડામાં લોહી પડતું બંધ કરવા તથા આંત્રિકજ્વરમાં થતા રક્તશ્રાવને બંધ કરવા આ દવા ઉત્તમ છે. હરસના દરદીને એની ગોળી કરી અપાય છે. લોહી બંધ કરી ગુદમાર્ગને આરામ કરે છે.

લોહીનાઝાડા કે આમ માટે દર કલાકે ૨૦ ટીપાં એનું તેલ અપાય છે.

આ દવા લેવા પછી લોહીમાં મળે છે અને ત્યારબાદ પસીનો લાવે છે.

ફેફસાંનાં દરદોમાં કે પછી કફ વધી જાય ત્યારે તેમજ ઘટી જાય તેવી હાલતમાં આ દવા સારૂં કામ કરે છે. તેની વાસ ફેફસામાં જવા પછી લોહી ફરવું ઠીક થાય છે, કફ ઘટે છે અને બરાબર છુટે છે કફ ન હોય ત્યારે જે ખાંસીમાં લોહી પડે છે તેને પણ આ દવા બંધ કરે છે.

દરદીના ઓરડામાં તેની વાસ દાખલ કરવા પછી તે દરદીને લાભ આપે છે. ફેફસાંનો સોજો હોય તો છાતી ઉપર તે લગાડે છે.

મુત્રપીંડ અને મુત્રમાર્ગને તે સાફ કરે છે અંદરનીત્વચા સાફ કરી જુના પરમીઆને ફાયદો કરે છે.

લગાડવા કે ખાવા પછી તેની અસર ચામડીપર ઠીક થાય છે તે ચામડીનાં છિદ્રોવાટે બ્હાર પડે છે, અને તેથીજ તે ભાગમાં તેજી લાવે છે. તે રક્તવાહીની શીરાઓનું સંકોચન કરે છે.

એનું તેલ-ચીડતેલ યકૃતવિકારથી થએલા જળોદરમાં અપાય છે તેથી પેશાબ વધે છે. એને વાપરવા પહેલાં એ વાતની તપાસ કરી લેવી કે મુત્રપીંડ ઠીક છેને, કેમકે મુત્રપીંડમાં બગાડ હોતાં એથી હાની થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાજા જખમપર એનાં ચીડનાંતેલનું પોતું મુકવાથી તુરત રક્તશ્રાવ બંધ કરે છે. તે વ્રણને સડવા કે પરૂ થવાથી બચાવે છે. એ ગુણ એનો બહુજ ઉત્તમ છે. સડેલા વ્રણપર એનું પોતું મુકવું. વ્રણપર આ દવા લગાડવા પછી વ્રણ લાલ બને છે અને તુરત રૂઝ આવે છે.

આમવાયુ અને કમરનાદુખાવા માટે પીડાશામક તરીકે એનો લેપ કરી શકાય છે.

એનું નલીકાયંત્રવડે તેલ કઢાય છે એ તેલને ખન્નુતેલ કહે છે તે દવામાં ખાવા માટે અપાય છે તેની માત્રા ૨ થી ૩ ટીપાં છે. એ તેલ લાલ–જાડું હોય છે.

કાનનારોગમાં સરલના લાકડાને ઘીવાળું કપડું લપેટી બાળવું, ટીપાં રૂપે તેલ પડે તે લઇ રાખવું. એનાં ટીપાં કાન માટે ઉત્તમ છે. એને દીપીકાતેલ કહે છે.

ગંધબીરોજાને ૧ ડ્રામ ઇમલશનના રૂપમાં ખાવા માટે લેવાય છે.

ચામડીનાં દરદોમાં–જખમ–દાઝવું વગેરેમાં **પંચગુણતેલ** ઉત્તમ છે એ તેલ બનાવવામાં ગંધબીરોજા વપરાય છે.

---

૧૫૪ કાળીજીરી

N. O. Compositæ (સહદેવ્યાદિવર્ગ)

સં. વનજીરક, **હિં.** બનજીરા–કાલાજીરા, **મ.** કડુજીરું, **લા.** Vernonia Anthelmintica.

વર્ણન: બજારમાં ગાંધીની દુકાને કાળીજીરી સહેલાઇથી સર્વત્ર મળે છે, તે ચોમાસામાં પડતર જમીનમાં ખુબ ઉગે છે, આશરે ૩ થી ૫ ફુટ લાંબા એનાં છોડ હોય છે. તેમાં ફીકા જાંબુડારંગનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફુલ આવે છે, પાન લાંબા અને કાંગરીદાર હોય છે. આખા છોડપર ચીકાસવાળી રૂંવાળી હોય છે. ફળ કાળારંગના થાય છે તેમાં રહેલ બીજનો આકાર જીરા જેવો કાળારંગનો હોવાથી તેને કાળીજીરૂં કહે છે, તે બહુજ કડવું હોવાથી અને લોકો કડવીજીરી કે કાળીજીરી કહે છે એ ઘરગથુ દવા છે, ઘોડાને પેટમાં થતા કૃમિને મારવા તથા પાચન સુધારવા માટે દરરોજ દાણા સાથે કાળીજીરી અને મીઠું મેળવી આપે છે, એથી ઘોડાનુંપેટ સારૂં રહે છે.

ગુણ : દીપન, કડવી, પાચન, વાયુનાશક, કટુપૌષ્ટિક, કૃમિઘ્ન, જ્વરઘ્ન, મુત્રલ, ધાવણને વધારનાર, ચામડીનાં દરદો અને ખુજલી મટાડે છે, શોધક તરીકે કાળીજીરી સારી ગણાય છે.

ઉપયોગ : પેટનાંકૃમિ માટે એનું ચુર્ણ ખાવા માટે અપાય છે, બાળકને ૫ થી ૧૦ ગુંજ અને મોટા માણસને ૦॥ થી ૧ તોલો અપાય છે. આ દવા ખાધા પછી બાર કલાકબાદ બીજી કોઇ પણ જુલાબની દવા આપવી જોઇએ. કૃમિઘ્ન તરીકે કાળીજીરી સારી દવા ગણાય છે. તેનાથી પેટનાંકૃમિ મરે છે, તેમાં જુલાબ લાવવાનો ગુણ નથી માટે તે દવા લીધાબાદ જુલાબની દવા લેવી જોઇએ.

જીર્ણતાવ માટે કાળીજીરીની ફાકી અથવાતો તેની ચહા બનાવી લાંબા સમય સુધી અપાય છે તેથી જીર્ણતાવ મટે છે, ભુખ લાગે છે શરીરમાં હુશીઆરી આવે છે. સુવાવડીને એ રીતે આપવાથી ધાવણ વધે છે, સુસ્તી મટે છે અને સારી ભૂખ લાગે છે.

તાવમાં કારેલાનાંપાન, ડીકામાળી, કાળીજીરી, કડુ, કરીઆતું, બીડલુણ અને વજ મેળવી અપાય છે એનું ચુર્ણ તાવમાં સારી અસર કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચામડીનાં દરદોમાં ખુજલી બહુ આવતી હોય ત્યારે આ દવા ફાકીનારૂપમાં કે કવાથ કરીને લેવાથી શોધક તરીકે સારૂં કામ કરે છે. કુષ્ટ, ખસ, ખુજલી, કરોળીઆ, ચિત્રી વગેરે માટે તેનો ઉપયોગ કરવો, સફેદકોઢના દરદીને કાળીજીરી, આંબળા, ખેરછાલનોકવાથ આપવો ઠીક છે.

લીંબુનારસમાં કાળીજીરી વાટી માથામાં લગાડવાથી વાળમાં પડેલા જુ–લીખ મરી જાય છે.

નવા કે જુના શીળસ માટે એની ફાકી અથવા ચહા બનાવી લેવાથી એ શીળવાનોરોગ મટે છે.

પેટનુંશૂળ, અજીર્ણ, પેટનોવાયુ, આફરો અને પેટનાં બીજાં દરદો માટે કાળીજીરીની ફાકી લેવાય છે.

પેટનાનળ ફુલે છે ત્યારે એની સાથે મરી લઇ તેને રાત્રે પલાળી સવારે ગાળી તે પાણીને ઠીકરીથી છમકારીને પીવા અપાય છે.

ખરજવા માટે કાળીજીરી બાળી તેના કોલસા જેવા ભુકાને તેલમાં વાટી મલમ માફક લગાડી શકાય છે.

અંગ્રેજી ડૉકટરો તેને ઉત્તમ બલ્ય અને પાચક માને છે તથા તે મુત્રલ છે માટે જળોદરમાં લેવાનું જણાવે છે. શોથ અને વ્રણમાં લગાડે છે, કફ અને મેદવૃદ્ધિ માટે ઉકાળો પીવાનું કહે છે.

શુંઠ, કાળીજીરી અને ઝેરકુચલાનો લેપ સોજાની ઉત્તમ દવા છે.

———

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૫ હંસરાજ (કાળોહંસરાજ)

N. O. Filices (હંસપાદિવર્ગ)

સં. હંસપાદી, **હિં.** હંસપાદી, મુબારક, **મ.** હંસપદી, **બં.** ગાયા-લેલતા, **લા.** Adiantum Lunulatum.

વર્ણન : આ વનસ્પતિ કાશ્મીર, હીમાલય અને ગોવા પ્રાંતમાં થાય છે. વળી બાગબગીચામાં ખાસ કુંડાઓમાં એને રાખે છે, મુંબઇમાં તે ઘણી થાય છે, હમેશાં તાજી દવા માટે મુંબઇમાં પાલો વેચનારાઓને ત્યાં મળે છે. ભિની જમીનમાં તે ઠીક ઉછરે છે. કાળીદાંડી અને નાનાં પાનનો આ છોડ ઘણોજ સુંદર–સોહામણો લાગે છે, સ્વ. શંકરદાજી શાસ્ત્રીપદેજી એનું મરાઠી બીજું નામ "રાતી રીસામણી" લખે છે, પાન જો કે તરેહ તરેહનાં થાય છે. છોડ નાનાં મોટાં થાય છે. કેટલાકતો એની અનેક જાતો ગણાવે છે, આ વનસ્પતિને ફુલ આવતાં નથી.

હંસપાદી અને હંસરાજ બંને જુદી વનસ્પતિ છે, કેટલાક એને એકજ ગણાવે છે, હંસરાજ જેનું આપણે અહિં વર્ણન કરીએ છીએ તે પ્રસિદ્ધ છે. એમાં સંદિગ્ધ જેવું લાગતું નથી.

ગુણ : કડવી, સ્નેહજગ્રાહી, ખાંસી મટાડનાર તથા કફઘ્ન છે. મોટી માત્રામાં લેવાથી ઉલટી કરાવે છે, સ્નેહજ મુત્રલ પણ છે.

ઉપયોગ : બાળકોનાતાવ માટે હંસરાજનો ઉપયોગ ગુજરાતમાં થાય છે. પાનને પાણી સાથે વાટી રસ કાઢી તેમાં સાકર નાંખી અપાય છે. રતવાનાસોજામાં એનો રસ લગાડે છે તેની અસર શીત અને સ્નિગ્ધ છે.

ભાવપ્રકાશમાં હંસરાજ અને હંસપાદીનાં ગુણ એનેજ મળતા બતાવેલા છે, પણ હંસપાદી જુદી વસ્તુ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકો માટે હંસરાજ સારી દવા ગણાય છે. એની માત્રા: ૧૦ થી ૩૦ ગુંજ ભાર ગણાય છે, પંચાંગનોરસ કાઢી શરબત બનાવી અપાય તો ખાંસી–કફ–તાવ મટે છે, તેની માત્રા: ૦॥ થી ૧ તોલો છે. બાળકોની ખાંસી માટે સારી દવા છે, વધારે અપાય તો ઊલટી કરાવી કફને કાઢી આપે છે.

૧૫૬ પાણુકંદો

N. O. Liliaceæ (પલાંડુવર્ગ)

સં. કૈાલકન્દ, વનપલાંડુ, **હિં.** જંગલીપ્યાજ, **મ.** રાનકાંદા, કૈાલકાંદા, **બં.** જંગલીપિઆજ, **લા.** Urginea indica.

વર્ણન: જંગલીકાંદા જેને આપણે પાણકાંદો કહીએ છીએ તે પ્રસિદ્ધ દવા છે, પણ આયુર્વેદમાં તેનો ઉપયેાગ બહુજ ઓછો થાય છે, યુનાની હકીમો વાપરે છે, અંગ્રેજી વૈદ્યોતો મોટા પ્રમાણમાં વાપરે છે. ગામડાના લોકો કાપડ વણવા પૂર્વે તેનું ચૂર્ણ કરી કાંજી કરી તેનું પાણ આપે છે, એથી આપણે ત્યાં એને પાણકંદો કહે છે, એના કંદ થાય છે અને તે પ્યાજ યાને ડુંગળી જેવાજ હોવાથી તેનું નામ જંગલીકાંદો છે, જંગલમાં પોતાની મેળે દરીયાઇ કીનારાની રેતાળ-જમીનમાં થાય છે, જાફરાબાદ, નાગપુર, પંજાબ તથા મુંબઇ તરફ ઘણા પ્રમાણમાં થાય છે, બંગાળમાં ચટગાંવ તરફ થાય છે. વરસાદ પડે એટલે પોતાની મેળે તે ઉગે છે, એના પાન કરલીને મળતાંજ હોય છે એ જરા ખરસટપાનવાળો કંદ છે, ઉપરથી જોતાં ડુંગળીથી જરા ભિન્ન દેખાય છે, પણ વચે ડાંડો તો એના જેવોજ હોય છે નવા અને એકાદ વર્ષના એના કંદ દવા માટે વપરાય છે, એનાં કાંદા લાવી તેની કાતરી કરી સુકવીને પછી તે દવામાં વપરાય છે. અંગ્રેજીમાં તેનું શરબત અને ટીંચર "સીલા" નામથી પ્રસિદ્ધ રીતે વપરાય છે. ભૂમધ્યસમુદ્રના કાંઠાવાળા પ્રદેશથી તે લોકો લાવીને વાપરે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલુંજ નહિં પણ આ દેશમાં એ રીતે ત્યાંથી આવે છે. અહિં હજારો મણ થવા છતાં ત્યાંથી આળસુ લોકો મંગાવીને એને વાપરે છે!

એને કાપી સુકાવી બંધ વાસણમાં રાખવું ઠીક છે. ખુલ્લું રાખવાથી ભીનાશવાળી હવામાં તે બગડે છે.

અંગ્રેજી વૈદ્યો એને સારી દવા ગણી છુટથી વાપરે છે.

ગુણ: કફઘ્ન, મુત્રલ, સ્વેદલ, જ્વરઘ્ન, કૃમીઘ્ન છે. દમ, ક્ષય અને ફેફસાંના દરદો માટે ઉપયોગી છે, તેનાથી બળખાની ચીકાશ તુટે છે, વધુ લેવાથી ઉલટી કરાવે છે, ઉનવા, મુત્રપિંડનોસોજો અને હૃદયપિંડ માટે સરસ ગણાય છે.

ઉપયોગ: અંગ્રેજીમાં "ડીજીટેલીસ" નામક દવા છે તેને આ દવા ઘણે અંશે મળતા ગુણો ધરાવે છે, ફક્ત પકવાશયમાં જરા ઉગ્રતા કરે છે, શ્લેષ્મત્વચાને જરા ઉતેજીત કરે છે. અને મુત્રગ્રન્થીઓને તેના કરતાં વધુ ઉતેજક હોઇ ઉગ્રમુત્રલ છે.

ફેફસાંના દરદોમાં એ અને ડીજીટેલીસ સાથે અપાય છે, જીર્ણ-શ્વાસનળીનો સોજો ટીંચરસીલાથી કે શરબતસીલાથી મટે છે, કેટલીકવાર એની સાથે વાઇનમઇપેકાક પણ મેળવે છે.

બાળકોનાં જીર્ણ કફશોથમાં તેની એકાદ બે બનાવટો અપાય છે જે નીચે પ્રમાણે બને છે.

(૧) જંગલીકાંદો ૧, કડકસરકો ૪ ભાગ મેળવી લેવું. પ્રમાણ: ૫ થી ૧૫ ટીપાં.

(૨) ઉપલી બનાવટ ૨ ભાગ, મધ ૫ ભાગ, માત્રા: ૦।। થી ૧ ડ્રામ.

આ બંને બનાવટો ઉપર કહેલ બાલરોગમાં અપાય છે. તે હૃદયને બળવાન બનાવી કફને જલદી બ્હાર કાઢે છે તથા પાચનયંત્ર સુધારી ભુખ લગાડે છે, ખોરાક પચાવી દસ્ત સાફ લાવે છે. આ એનાં ત્રણ મુખ્ય લાભ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવા કફના દરદીને પાણકંદો આપવો હિતકારક નથી કેમકે તે ઇપીકોક કરતાં વધુ કડક છે. દાહજનક છે અને તેથી ઉલટી માટે અપાતું નથી.

હૃદયની ફરિયાદમાં ડીજીટેલીસ સાથે આપવાનું સરસ છે બીજી રીતે તે કવચિત મુત્રલ તરીકે પણ અપાય છે. મુત્રપિંડનુંદરદ, પાંડુ અને તાવ વગેરેમાં હૃદયનીશીથીલતા માટે આપવું તે ઠીક છે.

વધુ માત્રામાં લેવાથી ઝાડા, ઉલટી થઇ મૃત્યુ થાય છે.

ડીજીટેલીસ કરતાં એ વધુ સરસ મુત્રલ છે, કફઘ્ન પણ છે અને હૃદયને શક્તિ આપી થડકો સુધારે છે, નાડીને જોરદાર બનાવે છે.

એની માત્રા : ૧૫ થી ૩૦ ગુંજ ગણાય છે.

અંગ્રેજી દવામાં તેનું શરબત, ટીંકચર અને બીજી ગોળીની બનાવટ વપરાય છે, ગોળીમાં ઇપેકોક તથા અફીણ પણ આવે છે.

દેશીવૈદ્યો તેમને ત્યાં ગોળી–ચૂર્ણ–શરબત કે ચાટણ બનાવે તો ઠીક ગણાય.

---

૧૫૭ પારિજાતક

N. O. Oleaceæ (પારિજાતકવર્ગ)

સં. પારિજાતક, **હિં.** હારસિંધાર, **મ.** હારસિંગાર, **બં.** શિઉલી ગુજરાતી: શિયાળી, **લા.** Nyctanthes arbor tristis.

વર્ણન: પારિજાતનાં ઝાડ બાગબગીચામાં લોકો વાવે છે, એનાં પાન રૂક્ષ યાને ખરસટ હોય છે, ફુલ સફેદ પણ તેની નીચેની દાંડી પીળી હોય છે. રાત્રે ખુબ તેમાંથી સુવાસ આવે છે, ઝાડ હલાવીએ એટલે ફુલનો ઢગલો થઇ પડે છે, ફુલની દાંડીને વાટીને જરા પાણી નાંખી કપડાને લગાડવાથી કપડાપર પાકો કેશરીઓરંગ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં પાનનારસનું પ્રથકરણ કરવા પછી તેમાંથી "નિકટેન્થાઇન" નામક ઉપાદાનતત્વ મળેલું કહેવાય છે.

જે ફુલ માટે સત્યભામાએ રૂસણું લીધું હતું તે ઘણેભાગે આજ ઝાડ હોય એમ કહેવાય છે.

ફુલો રાત્રે ખીલી સવારે નીચે પડી જાય છે, દવાના કામમાં ફુલ, પાન બીજ અને ફળ અને મૂળનીછાલ વપરાય છે.

ગુણ : કફઘ્ન, તિક્ત, અલ્પ, જ્વરઘ્ન તથા મૃદુરેચક છે. શામક, ત્વકદોષહર અને કૃમિઘ્ન છે, પિતદ્રાવક, યકૃતોતેજક છે.

ઉપયોગ : ગ્રધસીરોગમાં તેના પાનનો કરેલો કવાથ અપાય છે. પેટનાંકૃમિ માટે તેનાં પાનનોરસ સાકરમાં અપાય છે. તાવ માટે પારિજાત પ્રસિદ્ધ દવા છે તેનાં પાનનોરસ લઇ જરા આદુનોરસ મેળવી મધમાં તાવ માટે આપવો, કેટલાક એમાં ત્રીકટુ મેળવી આપે છે તે સારો ગુણ બતાવે છે. જે તાવમાં ટાઢ હોય અરલ અને લીવર મોટું થએલું હોય તે તાવ માટે એનાં પાનનારસમાં મધ, ત્રિકટુ તથા લોહભસ્મ આપવી એથી ફીકાશ પણ મટે છે. એની દવા ચાલુ હોય ત્યારે દૂધ, સાકર, ઘી અપાય છે. કેવળ પાનનો કવાથ કરી તાવમાં આપવો ઉત્તમ છે, ચરકમાં એનું વર્ણન નથી, સુશ્રુતમાં ઉલ્લેખ છે.

દમનાદરદીને કફનાં વિકારમાં એની છાલનું ચૂર્ણ ૧ થી ૨ ગુંજ પાનમાં બે ચારવાર આપવું, બીજાને પાણીમાં વાટી વાળ ખરી ટાલ પડે ત્યાં લગાડે છે; બાળકોનો પેટવિકાર તેનો રસ લેવાથી મટે છે.

પ્રમાણ : રસ ૧ થી ૨ તોલા, કવાથ ૨ા તોલા, છાલ ૩ ગુંજ.

પાનનોરસ રેચક, પિત્તઘ્ન છે, મૃદુ કટુપૌષ્ટિક છે. કૃમિઘ્ન તરીકે સેન્ટોનાઇન જેવું છે. માથાના બોડાને એનો રસ લગાડવાથી મટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૮ ઓથમીજીરું (ઉથમુંજીરું)

N. O. Plantagineæ (ઇસબગોલવર્ગ)

सं. અશ્વકર્ણબીજ, સ્નિગ્ધજીરક, **हिं.** ઇસબગુલ, **म. बं. फारसी** ઇસપગુલ **ला.** Plantago ovata.

વર્ણન: ઓથમીજીરું ઘણેભાગે મીસરથી આવે છે, અહિં સતલજની પશ્ચિમે નાની ટેકરીઓમાં, પંજાબમાં, સિન્ધુદેશ અને મૈસુર તથા બંગાલમાં કયાંક પોતાની મેળે થાય છે, કેટલીક જગાએ તેનું વાવેતર કરવામાં આવે છે. તે ગાંધીઓને ત્યાં મળે છે. ઉમથું જીરું, ઉથમુંજીરું, ઇસબગોળ, કે ઓથમીજીરું આ નામથી સર્વત્ર મળે છે. સિન્ધમાં તેને સ્પીંગર કહે છે આતો જાણે બીજની વાત થઇ.

બીજની ફોતરી જેને ઉમથાજીરાનીભુસી કહે છે એ એક જુદીજ દવા તરીકે હલકા વજનની ચીજ ગાંધીઓને ત્યાં મળે છે, સૌ વૈદ્ય-હકીમો-ડૉકટરો તેને વાપરે છે તે પણ એક ઉમદા ઘરગથુ દવા છે તે વજનમાં હલકી ભુસી જેવી હોય છે.

બીજ અને ભુસી બંને ઉપયોગી છે એનો ઉપયોગ પ્રાચિન વૈદ્યક પુસ્તકોમાં થએલો જણાતો નથી. એનાં બે ફુટ લગભગ ઉંચા ઘાસજેવા છોડ થાય છે, ઉનાળામાં તે પાકે છે, એમાં સફેદ, લાલ, કાળી ત્રણ જાત ગણાય છે. સફેદતો ભુસી મળે છે બાકી લાલ બીજ બજારમાં મળે છે. કાળીજાત જોવામાં આવતી નથી. લાલ સર્વત્ર મળે છે અને તેને સારી સમજી વાપરે છે. એનાં બીજને પાણીમાં પલાળી લુઆબ જેવું કરી જરા સાકર મેળવી ખાવા આપે છે ભુસી પણ એજ રીતે દવામાં અપાય છે.

ગુણ: વૃષ્ય, મધુર, ગ્રાહી, શીતળ, પીચ્છીલ, કફ અને પિતને હરનાર, રક્તપિત તથા રક્તાતિસારનો નાશ કરે છે. મુત્રલ, શીતળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા ઉનવાને મટાડનાર, અસ્તીનું શોધન કરી શુક્ર અને પ્રમેહનાદોષ મટાડે છે, આફરાને પણ મટાડનાર છે.

ઉપયોગ : મરડાના દરદીને કોઇપણ દવાથી આમ, રક્ત અને વારંવાર ઝાડે જવાની હાજત કોઇપણ ઉપાયથી બંધ ન પડે ત્યારે ઓથમીજીરાનીભુસી કલાકે કલાકે અકેક ચમચી થોડા પાણીમાં મેળવી આપવાથી તરત રાહત મળે છે. ૨૪ કલાકમાં દરદી સુધારાપર આવી શાંતી અનુભવે છે, જે દરદીઓ સેંકડો રૂપીઆ ડૉકટરો તથા બીજા ઉપાયો પાછળ આપી થાકી ગયેલા તેને ફક્ત ચાર પૈસાની એની કોતરીથી સારૂં થયાનું અમારી જાણમાં છે.

જુનાઝાડા કે ઝાડાની કબજીઅત માટે એ આપવામાં આવે છે, એને રાત્રે પાણી સાથે લેતાં સવારે ઝાડો બાંધેલો સાફ લાવે છે.

લોહીનાઝાડામાં સાકર અને ઓથમીજીરાની ફાકી આપે છે, એવીજ રીતે પેશાબનીગરમી યાને ઉનવા માટે એજ ફાકી સારી ગણાય છે તેનાથી સ્વપ્નદોષ, ધાતુશ્રાવ અને શુક્રમેહ મટે છે. એવા દરદીને તે દૂધ સાથે અપાય છે. પેશાબનીગરમી, ધાતુનીઉષ્ણુતા મટાડી બહુમુત્રને મટાડે છે.

"જ્યારે આમાતિસારનોરોગ જોરમાં હતો અને બધી દવા નિષ્ફળ ગઇ હતી ત્યારે મેં આ દવાથી સારૂં થતાં જોયું છે" એમ એક ડૉકટરનો લેખ છે.

મુત્રકૃચ્છ્ર અને મુત્રાશયના વ્યાધિઓમાં એકલું કે બીજી મુત્રલ દવાઓ કે ક્ષારો સાથે અપાય છે અને તે સારૂં કામ આપે છે. ગરમીના કેસોમાં જ્યારે પેશાબમાં બળતરા થતી હોય ત્યારે અપાય છે. એનો લુઆબ તાજો બનાવી કે શરબતરૂપે લેવાય છે.

બાળકોનાંઝાડા–મરડા અને રક્તાતિસાર માટે એ સારી દવા છે. તેથી કબજીઅત થતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્શના દરદીને માટે પણ એ એક ઠંડી–સારી દવા છે.

એક ચમચો ભરીને તેનાં બીજ કે ફોતરી અરધા કે એક કપ પાણીમાં મેળવી જરાવાર રાખી પછી તે લેવાય છે, અથવાતો ફાકી કરીને ઉપર દૂધ કે પાણી પીવાય છે, લુઆબ કરી લેવાની પ્રથમ રીત વધુ સારી છે.

આંતરડાના પિત્ત અને કફયુક્ત ઉપદ્રવોમાં એનો ઉપયોગ સંતોષપ્રદ ગણાય છે.

૧ ભાગ દવાને ૨૦ ભાગ પાણીમાં પલાળવાથી ચીકણો લુઆબ તૈયાર થાય છે, એના બીજમાં ચરબીયુક્ત તેલ છે તથા એલબ્યુમિન પદાર્થ ગ્લુકોસાઇડ રૂપમાં જણાય છે. બીજ કે ફોતરીમાં ગુંદ–રાળ દ્રવ્ય મોટા પ્રમાણમાં છે.

માત્રા ૫૦ થી ૧૫૦ ગ્રેન યાને બે થી છ આનીભાર બીજ, ફોતરીની માત્રા ૧૦ થી ૨૦ ગુંજ છે પણ કેટલીકવાર વધુ પ્રમાણમાં પણ અપાય છે.

કવાથ કરીને પણ એની દવા આપવામાં આવે છે.

ઇસબગોલ શબ્દનો અર્થ "ઘોડાનાંકાન" થાય છે.

૧૫૯ પદ્મકાષ્ટ

N. O. Rosaceæ (વાતામવર્ગ)

सं. પદ્મકાષ્ટ, **हिं.** પદ્માક, **म. बं.** પદ્મકાષ્ટ, **ला.** Prunus Pudum.

વર્ણન : બજારમાં ગાંધીને ત્યાં પદ્મકાષ્ટનું લાકડું મળે છે, એ સુગંધીદ્રવ્ય છે, તેની પેદાશ હિમાલય અને કેદારના પહાડોમાં થાય છે, એનાં મોટાં ઝાડ થાય છે. દવામાં હમેશાં તાજું લાકડું લેવું, કેમકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુનામાં ગુણ ઘટી જાય છે. બજારમાં જે લાકડાં મળે છે તે મૂળ નહિં પણ થડ–ડાળાં જેવાં લાગે છે ત્યારે સ્વ. ડૉ. વા. ગ. દેશાઇ જણાવે છે કે એ મૂળ લાગે છે.

એનાં મોટાં ઝાડ લગભગ ૪ થી ૭ હજાર ફુટ ઉંચાઇનાં પર્વતોમાં થાય છે. એના ઝાડના થડનો ઘેરાવો એક જગાએ ત્રણ ફુટ જેટલો જોવામાં આવેલ હતો.

બે જાતનાં એનાં ઝાડ ફુલપરથી જોવામાં આવેલ છે એકનાં ફુલ લાલ ઘેરારંગના માર્ચ માસમાં જોવામાં આવેલ તથા બીજા નાનાં ઝાડમાં ફુલ આછા સફેદરંગના રહેજ ગુલાબી ઝાંખ લેતાં જોવામાં આવેલ છે.

ચરક, સુશ્રુતના સમયથી એનો ઉપયોગ પ્રાચિન વૈદ્યો પણ કરતા આવ્યા છે.

એનો ઉપયોગ ચૂર્ણ કે ફાંટરૂપે કરવો ઠીક છે પણ ઉકાળો કરીને વાપરવાનું યુક્ત નથી. કેમકે ઉકાળો કરતાં તેમાં રહેલ સુગંધીદ્રવ્ય ઉડી જાય છે અને ગુણહીન બની જાય છે.

એની છાલમાં એક પ્રકારનું ઝેરી સત્વ રહેલ છે જેનો ગુણ હાઇડ્રોસાયેનિકએસીડ જેવો છે. અને તે અંદરની છાલમાં છે, વધુ લેવાય તોજ તે અસર બતાવે છે.

ગુણ : ઠંડુ, શક્તિવર્ધક છે, તુરૂં, વાતલ, કડવું, શીતળ, લઘુ છે અને વિસર્પ, દાહ, કોઢ, કફ, વીસ્ફોટક અને રક્તપિત મટાડે છે. તથા ગર્ભસ્થાપક છે, ઉલટી ત્રણ અને તરસને મટાડનાર કહેલું છે.

ઉપયોગ : ૫ થી ૧૦ ગુંજ જેટલી દવા ખળખળતા પાણીમાં મુકી ઢાંકી રાખવી, પછી તેને ગાળીને તે ફાંટ વાપરવાનું ઠીક રહે છે તેવો ફાંટ બનાવી લેવાથી હૃદયપર એની શમન અસર થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાવને લીધે થતી ગરમી ઓછી થાય છે, વિનાકારણે થતો પસીનો મટી જાય છે અને ઠંડક રહે છે, હૃદયનો થડકો પણ ઘટવા લાગે છે. તથા લોહીના દબાણથી કે હૃદયપર ચરબીના જમાવથી આવતી ખાંસી એનાથી મટે છે. હેડકી, શ્વાસમાં ઘી સાથે લેવું.

ગર્ભપાત થવાની ધાસ્તી હોય તેવા દરદમાં તેનું લાકડું ચંદન માફક પાણીમાં ઘસીને અપાય છે.

આયુર્વેદમાં સુગંધીદ્રવ્યોમાં પદ્મકાષ્ટનો ઉપયોગ અનેક સ્થાનપર કરવામાં આવેલ છે.

તાવના કવાથમાં ઘણી જગાએ પદ્મકાષ્ટ આવે છે.

ચામડીની સુકી ખુજલી તથા ગુહ્યમાર્ગપર થતી ખંજવાળપર એનો લેપ કરવાથી તરત ઠંડક થઇ ખુજલી બંધ પડે છે, ચામડી સ્વચ્છ બને છે. કાન્તી સુધારનાર દવાઓના લેપમાં તે વપરાય છે.

કોઇપણ દરદ થયા પછીની નબળાઇને તે મટાડનાર છે. અકારણે હૃદયનો થતો થડકો ઓછો કરે છે. એનાં ફળનો મગજ પથરી માટે વાપરે છે ને તે ફાયદાકારક છે, તાવના પાચન કવાથમાં તે અપાય છે. એનું ચૂર્ણ ચંદન સાથે મધ કે ચોખાનાપાણીમાં રક્તપિતમાં લેવું.

દાહ, ઉબકો, ઉલટી અને રક્તપિતમાં તેનો ફાંટ આપવો. ગર્ભ રાખવાની દવામાં એને લેવાય છે.

તે કટુપૌષ્ટિક, ઉલટી મટાડનાર, સ્થંભક અને વેદનાસ્થાપન કરનાર છે તે પેટનાદરદો માટે એ ગુણને લઇ સરસ કામ કરે છે. વેદનાસ્થાપન ગુણ તેમાં રહેલ કેરી અસરને લઇનેજ છે માટે વિવેક કરી આ દવાનો ઉપયોગ કરવો તો લાભ બરાબર થાય છે બાકી ઉકાળાને બદલે ફાંટ કરીને લેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૦ શેલારસ

N. O. Hamamelideæ (તુરુષ્કાદિવર્ગ)

સં. તુરુષ્ક, સિલ્હક, **હિં. મ. બં.** શિલારસ, **લા.** Altingia excelsa–Liquidamber orientalis.

વર્ણન : બજારમાં ગાંધીને ત્યાં શિલારસ મળે છે. એ એક પ્રકારનાં ઝાડનોરસ છે. તે અહિં અરબસ્થાનથી આવે છે તે મેલા ભુખરા–ધૂમાડા રંગજેવો જાડો નરમ પદાર્થ છે, દવામાં એનો ઉપયોગ લેપ કે બીજી લગાડવાની દવામાં થાય છે, ખાવાની દવામાં તે ક્વચિતજ વપરાય છે. જે ઝાડમાં શિલારસ થાય છે એ ઝાડ એશીયામાઇનોરનું વતની ગણાય છે. એનાં મોટાં ઝાડ થાય છે, એનો ગુંદ એજ શેલારસ છે તેમાં એક પ્રકારની સુગંધી હોય છે.

ગુણ : સ્વાદમાં કડવો છે, સ્નિગ્ધ અને ઉષ્ણ છે, વીર્ય અને કાંતી વધારનાર છે, ખાવાથી બળ વધે છે. તાવ, કુષ્ટ, ખુજલી, પરસેવો, દાહ, ભુત વગેરેનો નાશ કરે છે તથા પથરી, મુત્રકૃચ્છ્ર, મુત્રાઘાત, કંડને મટાડે છે એમ ભાવપ્રકાશમાં કહેલું છે.

ઉપયોગ : ચરક–સુશ્રુતના સમયથી એનો ઉપયોગ થતો આવેલ છે. બલાતેલમાં ચરકે વાપરેલ છે, સુશ્રુતમાં હિક્કા, શ્વાસ તથા એલાદિગણમાં યોજેલ છે.

વધરાવળના સોથને મટાડવા માટે તેનો લેપ કરી તેનાંપર તમાકુનાંપાન બાંધે છે એથી વધરાવળ મટે છે પણ ઉલટી થવા લાગે છે, દવા કાઢી નાંખતા ઉલટી બંધ થઇ જાય છે.

જુની ખાંસી અને કફ માટે તે બીજી દવા સાથે અપાય છે. ક્ષયમાં જંતુનાશક તરીકે અપાય છે. સુંઘીવામાં તેનો લેપ લગાડવામાં આવે છે. તેની ખાવા માટે માત્રા ૫ થી ૧૦ ગુંજ છે તે જેઠીમધનાચૂર્ણ સાથે ચાટણ કરી લેવાનું ઠીક રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલસમપેરૂ અને ટોલુ નામક બે અંગ્રેજી દવાને બદલે આ શેલારસ વાપરી શકાય છે.

તેલમાં સુગંધી લાવવા વપરાય છે.

એમાં એક પ્રકારનું ઉડનારૂં તેલ છે, બીજું તત્વ લોબાનનાં કુલ છે. ત્રિજું સિનેમિકએસીડ છે (તે તજમાં બાલસમપેરૂમાં હોય છે.)

જીર્ણ કફરોગમાં અને ક્ષયમાં શેલારસ મરઘીનાંઈંડા સાથે મધમાં મેળવીને આપે છે તે ફેફસાંને તાકાત આપે છે.

જીર્ણ પરમીયાના દરદીને જેડીમધ સાથે લેવાથી પરૂ–રસીને ઓછી કરે છે શરીરમાં બળ લાવે છે.

ખસ, ખુજલી અને બરજવા માટે ૧ ભાગ શેલારસ ૪ ભાગ તલનુંતેલ મેળવી બનાવેલ મીશ્રણ લગાડે છે એથી તુરત ખુજલી મટે છે, પણ કોઇકવાર એથી મુત્રપિંડમાં દાહ થઇ આવે છે. ક્ષયના વ્રણ માટે તેનો લેપ કરે છે તેથી વ્રણ સાફ થઇ જલદી ભરાય છે.

ખાવા માટે શેલારસને સ્પીરીટ રેકટીફાઇડમાં મેળવી ગાળી હલાવી કપડે ગાળી રાખવું પછી તેમાંનો દારૂ ખુલ્લો મુકતાં ઉડી જશે ને રહેલું ભાગ શુદ્ધ શેલારસ હશે તે દવામાં વાપરવો કેમકે ચાલુ શેલારસમાં માટી કે કચરો હોય છે. શુદ્ધ અને જુના શેલારસની વાસ સારી હોય છે, રંગ સહેજ પીળો હોય છે તે ૯૦ ટકાના સ્પીરીટમાં ગળી જાય છે.

પંચગુણતેલ કે જે વ્રણ માટે પ્રસિદ્ધ છે તેમાં શેલારસ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬૧ ઝેરકુચલા

N. O. Loganiaceæ (વિષતિંદુકાવર્ગ)

સં. વિષતિંદુક, કારસ્કર, **હિં.** કુચીલા, **મ.** કુચલા, કાજરા, **બં.** કુંચિલા, **લા.** Strychnos Nux vomica.

વર્ણન: ઝેરકુચલા પ્રસિદ્ધ ચીજ છે, દેશી વૈદ્યકમાં યુનાની, હોમીઓ કે એલોપથીમાં તે વપરાય છે, પ્રાચિન વૈદ્યોમાં તેનો વપરાશ બહુજ અલ્પ જણાય છે, તે ઝેરી દવા હોવાથી કદાચ તેનો બહુ પ્રચાર કરવો ઇષ્ટ જણાયો નહિં હોય, ગાંધીને ત્યાં એક ચૈસા જેવા સફેદ મેલારંગનાં લીસાં ચપટાં એનાં ફળ મળે છે તે દવામાં વપરાય છે તેમજ એના ઝાડનીછાલ પણ દવામાં વપરાય છે. ગાંધીને ત્યાં એનાં ફળ મળે છે પણ ઝેરી હોવાથી સર્વત્ર સહેલાઇથી મળતાં નથી. દક્ષીણભારત અને સહ્યાંદ્રિપર્વતમાં એની મોટી પેદાશ થાય છે. એનાં મોટાં ઝાડ થાય છે તે બારે માસ લીલાં રહે છે. ફક્ત ઉનાળામાં જ્યારે નવાં પાન આવે ત્યારે એકાદમાસ પાન વગરનું એ ઝાડ બને છે. તેમાં નારંગી જેવડું ફુલ થાય છે એનો રંગ ફીકો લીલો રંગ હોય છે, ફળ એ ફુલની અંદર થાય છે એનાં પાન મોટાં થાય છે, શિવદત્ત કહે છે કે તેનાં પાન નાગરવેલ જેવાં થાય છે એનાં પાનપર કંઇ ચીજ રાખી ખવાય તો ઝેરી અસર થાય છે, જનાવરોને તેનાં પાન ખાવા આપતા નથી કેમકે પાન વધુ ખવાય તો ઝેર ચડે છે. ઝેરકુચલા બહુ ઝેરી છે, છતાં ઘણાંજ ઉત્તમ ગુણો તેમાં રહેલાં હોવાથી આજનું વૈદ્યકશાસ્ત્ર તેને ખુબજ વાપરીને લાભ ઉઠાવે છે તેમાં રહેલ સુક્ષ્મઝેર સ્ટ્રીકનાઇન જુદું પાડી તેનો ખાવામાં તેમજ ઇંજેકશનમાં ઉપયોગ કરે છે. આયુર્વેદમાં ઝેરકુચલાને શુદ્ધ કર્યા પછી દવામાં વપરાય છે.

ગુણ: કડવું, દિપન, પાચન, કટુપૌષ્ટિક, પારીનાતાવને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટકાવનાર, બલ્ય અને વાજીકર છે. પેટની શક્તિને–અગ્નિને ખુબ વધારે છે. ઉત્તમ વાતનાશક છે તથા વધારે લેવાથી ઝેરી અસર બતાવી મૃત્યુ લાવે છે.

પ્રમાણ: ૧ થી ૨ ગ્રેન અથવા ૨ થી ૪ ગ્રેન શુદ્ધ ચૂર્ણ માટે છે એનું ટીંકચર ૫ થી ૧૫ ટીંપા લેવાય છે. એનું એકસ્ટ્રેટ ૦।। થી ૧ ગ્રેન લેવાય છે. આ માત્રામાં (ટીંચરમાં) ૧/૧૬ ગ્રેન સ્ટ્રીકનાઇન આવે છે.

ઝેરીઅસર: મોટી માત્રામાં લેવાથી તેમાં સ્ટ્રીકનાઇનનું પ્રમાણ વધુ આવે છે પરિણામે તાણ–ધનુરવાતને મળતાંજ ચિહ્નો જણાવા લાગે છે, રનાયુઓ સંકોચાઇને શરીર ખેંચાય છે, શ્વાસ બંધ થઇ મૃત્યુ થાય છે. પ્રથમ દાંત સજ્જડ થઇ જાય છે, અને હાથપગ આખું અંગ અક્કડ થઇ જાય છે. ધનુર્વાતમાં આ લક્ષણો ધીમે ધીમે થાય છે પણ આમાંતો તુરત અને સાથેજ થાય છે, એક બે કલાકમાં તો બધાં લક્ષણો ભયંકરરૂપ ધારણ કરી બે ચાર કલાકમાં મૃત્યુ થાય છે. ધનુરવાતમાંતો બે ચાર દહાડા પણ જઇ શકે છે. ઝેરકુચલા તીવ્ર ઝેરનું કામ કરે છે માટેજ તેને સંભાળ ભરી રીતે વાપરવાની જરૂર છે. તેમાં રહેલ સુક્ષ્મક્ષાર સ્ટ્રીકનાઇનની માત્રા ૧/૧૬ ગ્રેનથી વધવી ન જોઇએ. વધુ પ્રમાણમાં ખવાય તો ૫ મીનીટથી તે ૦।। કલાકમાં મૃત્યુ થઇ જાય છે. મારક માત્રા સ્ટ્રીકનાઇનની ૦।। ગ્રેન અને બુકીની માત્રા ૧।। માસો ગણાય છે.

શુદ્ધિ: આયુર્વેદ મત મુજબ ઝેરકુચલાનાં ફળને ગૌમુત્રમાં ૭ થી ૧૪ દહાડા પલાળી રાખવા. દરરોજ નવું ગૌમુત્ર નાંખી જુનું કાઢી નાંખવું, તે ફળ નરમ થઇ જાય ત્યારે કાઢી ચાકુવડે તેની છાલ છોલી ફેંકી દેવી, પછી અંદરનાં પડ રહે તેને દૂધમાં બાફવાં અને તેની વચ્ચે રહેલ જીભી કાઢી પછી ટુકડા કરી જરા ધીમાતાપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાયના ઘીમાં શેકી લેવા અને તરતજ આંડણીમાં નાંખી કુટી–છુંદી ચૂર્ણ કરી રાખવું. આ પ્રમાણે તૈયાર થાય તે દવાના કામમાં વાપરવા નિર્ભય ગણાય છે. એનું પ્રમાણ ૧ થી ૨ ગુંજ છે.

ઉપયોગ : અંગ્રેજી વૈદ્યો ઝેરકુચલાને શુદ્ધ કરતા નથી, એથી તે વધારે ઝેરી ગણાય છે અને તેને લીધેજ તેની માત્રા નાની અપાય છે. ગૌમુત્ર અને ઘીમાં શુદ્ધ કર્યા પછી તેમજ એની છાલ અને જીભ કાઢી ફેંકી દીધા પછી તે ઘણું મૃદુ બને છે, છતાં તે પોતાનો સ્વભાવ મુકી દે તેમ નથી માટે માત્રાનો પૂર્ણ ખ્યાલ રાખી વાપરવું જોઇએ.

સોમલ અને ઝેરકુચલા સારા વૈદ્યો વાપરવાની બધુભાગે સલાહ આપતા નથી છતાં જો જરૂર પડે તો નાની માત્રામાં વાપરે છે અને આઠ દીવસ દવા આપી વચે આઠ દહાડા દવા બંધ કરી આપે છે આ રીતથી આ બંને ચીજો રોગીના શરીરપર માઠી અસર કરતી નથી.

જ્ઞાનતંતુઓને શક્તિ આપનાર આ ઉત્તમ દવા છે, તે ચડઉતરીઆ તેમજ ટાઢવાઇને ચોકસ સમયે આવતા તાવને અટકાવે છે, બરલનો વધારો મટાડે છે, પાચનશક્તિ સુધારે છે તથા ધાતુક્ષીણતા–નસોની શીથીલતા મટાડી ઉત્તમ વાજીકરણશક્તિ આપે છે.

જુના સંધિવાના સોજામાં ઝેરકુચલાની સાથે શુંઠ, સાબરશીંગ પથરપર ઘસી લેપ લગાડે છે તેથી સોજો–પીડા મટે છે. ઉંદરના વિષપર એને ઘસીને લગાડે છે તેવીજ રીતે વાળાપર ઘસીને લગાડે છે.

નવા વાતરોગીને રોગનું તીવ્રરૂપ હોય ત્યારે કદીપણ એની દવા નજ આપવી પણ જીર્ણરૂપમાં ઉત્તમ છે.

લકવાના જીર્ણરૂપમાં એ સારી દવા તરીકે અપાય છે. પેટનોવાયુ મટાડે છે. અજીર્ણ થતું અટકાવે છે દસ્ત પચીને સાફ લાવે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુલાબની દવામાં પણ તેનો ઉપયોગ કરવાથી આંતરડાને તાકાત આપી દસ્ત સાફ લાવે છે, તાવની પછી આવેલી નબળાઇ, ઝાડા, અજીર્ણ, મંદાગ્નિ, થાક, નબળાઇ મટાડી પાચન સુધારે છે.

બજારમાં મળતી શક્તિની દવામાં કુચલા મુખ્યભાગે હોય છે. સોનેરી–રૂપેરી કુચલાની ગોળી ખુબ વેચાય છે!

મજ્જાતંતુઓને ફાયદો કરનાર આના જેવું બીજું કોઇ પણ ઔષધ જણાયું નથી. એલોપેથીમાં તો એને છુટથી વાપરવામાં આવે છે.

યુનાનીવાળા કુચલા સામાન્ય વાપરે છે. બહુ નહિં.

હોમીયોપેથીમાં નકસવૉમિકા છુટથી વપરાય છે પણ તેની અસર અને રીત આપણાથી ઉલટી રહે છે.

યુવાની ટકાવી રાખવા તથા શારીરિક ક્રિયાને ઠીક રાખવા નાની માત્રામાં દરરોજ લઇ શકાય એવી દવા છે. જેવી રીતે અફીણ લેવાય છે, પણ એનું નામ વ્યસન છે તેની સલાહ લાચારીએજ આપી શકાય.

જુના અને હઠીલા તાવમાં કુચલા સારી અસર બતાવે છે, તાવ આવતો અટકે છે એટલુંજ નહિં પણ શરીરમાં હુશીઆરી લાવે છે.

કટુપૌષ્ટિક હોવાથી પેટની હાલત સુધારવામાં એ ઘણીજ ઉત્તમ અસર બતાવે છે. હોજરી કરતાં તેની વધુ સારી અસર આંતરડાપર થાય છે. તે નાની માત્રામાં બીજી સુગંધી ચીજો સાથે લેવાથી દસ્તની કબજીઅત મટાડે છે, એ માટે **વાયુનાશક પૌષ્ટિકગોળી** સારી બનાવટ છે. માંસાહારી લોકોની આંતરડાની ફરિયાદમાં તેમજ વનસ્પતિનો ખોરાક લેનારાઓની હોજરીની ફરિયાદ માટે એ સારી દવા છે. ગુદભ્રંશમાં પણ કુચલા સરસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજ્જાતંતુઓનાં દરદો જેવાં કે લકવો, અડદીઓવાયુ, પક્ષાઘાત, હાથપગ લંગડા થઇ પડવા વગેરે માટે એની દવાઓ સારો લાભ કરી આપે છે.

આંગળાનો કમ્પ, લખતાં હાથ ધ્રુજેછે તે માટે અફીણ–મરી અને કુચલાની દવા અપાય છે, મરી અને કુચલાની દવા આ દરદમાં વખણાય છે.

હસ્તમૈથુનની માઠી અસરથી આવેલ નબળાઇને માટે કુચલાની દવા આશીર્વાદ સમાન ગણાય છે. તે માટે મરી, કુચલા અને લોહની દવા અપાય છે.

મુત્રાશયનીનબળાઇ મટાડવા માટે પણ તે અપાય છે. હૃદયની શીથીલતા થવાથી નાડી મંદ પડે અને થડકા ઠીક ન આવે ત્યારે એની દવા સારૂં કામ કરે છે. એવીજ રીતે ફેફસાં અને શ્વાસોશ્વાસના રોગીઓને કુચલા દેવા અત્યંત લાભકારક છે. તેથી શ્વાસનળીનું કામ ઠીક બને છે.

મુત્રકૃચ્છ્ર અને ઉંઘમાં પેશાબ થઇ જાય તેવા દરદીને, બાળકને પણ એ લાભ બતાવે છે.

સગર્ભાને થતી ખટાશની વૃદ્ધિ કુચલાની દવા લેવાથી મટે છે. સુવાવડ પછીના રક્તસ્રાવને રોકવા સ્ટ્રીકનાઇન ઉત્તમ દવા કહેવાય છે.

વૃદ્ધ માણસને પેશાબની થતી તકલીફ એના સેવનથી મટે છે, અફીણના વ્યસનને કુચલાની દવાથી મટાડી શકાય છે.

ખાંસી, શ્વાસ અને ક્ષયમાં પણ તે આપી શકાય છે. કેમકે તે શ્વાસકેન્દ્રને મદદ કરે છે.

હૃદયોદર નામક વ્યાધિ જેમાં દરદીને હૃદયના પટલપર સોજો થાય છે, પેટ કે યકૃત મોટું થાય, હાથપગ ઉપર સોજો આવે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેશાબ ઓછો આવે–લાલ આવે તથા હૃદય નબળું પડી વિસ્તૃત બને છે તે વખતે ટીંકચરના રૂપમાં બીજી દવા સાથે કુચલા ઉત્તમ લાભ બતાવે છે, એટલુંજ નહિં પણ હૃદયરોગને આશીરવાદ સમાન ગુણ આપે છે.

નીચેની બનાવટો વાપરવાલાયક છે.

(૧) કૃમીમુદ્ગરરસ પૃષ્ટ ૨૬, (૨) મન્મથવિલાસરસ પૃષ્ટ ૫૧, (૩) વાયુનાશકપૌષ્ટિકગોળી પૃષ્ટ ૧૩૭, (૪) વિષતિન્દુકવટી (અગ્નિતુંડી) પૃષ્ટ ૧૪૦, (૫) વિષમુષ્ટયાસવ પૃષ્ટ ૨૩૯, વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધમાં છે તથા (૬) વાતગજાંકુશરસ (૧) પૃષ્ટ ૩૧ વૈદ્યક ચિકિત્સાસાર ઉત્તરાર્ધમાં છે. (૭) કુચલાવટી પૃષ્ટ ૧૪ (૮) શૂલહરણયોગ પૃષ્ટ ૯૭ વૈદ્યક પારિજાત ભાગ ૧–૨ જા માં છે. તે ઉપરાંત બ્રહત્કર્પુરાદિવટી સ્વ. તિલકચંદ તારાચંદ વૈદ્યની ઉત્તમ બનાવટ છે.

૧૬૨ ભોંયઆમળી

N. O Euphorbiaceæ (આમલકયાદિવર્ગ)

સં. ભુમ્યામલકી, **હિં.** ભોંયઆવલી, **મ** ભુઇઆંવળી **બં.** ભુઇઆંમલા, **લા.** Phyllanthus urinaria–Phyllanthus Niruri.

વર્ણન : ભોંયઆમળાનો છોડ દશ બાર ઇંચનો થાય છે, તેનાં પાન રીસામણી કે આંમળાં જેવાં હોય છે. ચોમાસામાં એ પુષ્કળ ઉગી નીકળે છે, પાન વચે નાનાં બારીક પીળારંગનાં પુષ્કળ ફળ હોય છે એ ફળનાંદાણા નાગલી ધાન્ય જેવડાં હોય છે, દવામાં એનું પંચાંગ વપરાય છે, કારતકમાસમાં તે ભેગી કરી સુકવી રાખવાની હોય છે, કેમકે પછી તે લીલી મળી શક્તી નથી. એનો સ્વાદ સહેજ ખાટો જેવો કડવો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણ : દિપન, પાચન, મુત્રલ, સ્ત્રંસન, દાહપ્રશમન, રોપણ, શોથહર અને પારીનાતાવને રોકનાર છે. તે કમળો, સંગ્રહણી, રક્તપ્રદર, પ્રમેહ, હેડકી, શ્વાસ મટાડે છે.

ઉપયોગ : તેમાં બે જાત છે. એક મૃદુ બીજી ખરસટ જાત છે. સર્વત્ર થાય છે અને તે દવાના કામમાં સર્વત્ર વપરાય છે.

એના પંચાંગનો રસ કે ફાંટ બનાવી લેવાથી આમાતિસાર મટે છે. કમળામાં એનાં મૂળ તો. ૧ લઇ વાટી દૂધ સાથે અપાય છે. તેનો કવાથ લેવાથી ટાઢીઓતાવ મટે છે. ઝાડો સાફ આવે છે. પસીનો થઇ તાવ હોય તો ઉતરે છે, ઉંઘ આવે છે અને તાવ આવતો અટકે છે. બરલ અને યકૃત જો વધેલ હોય તો નાની કરે છે.

પેશાબની ગરમી મટાડે, પેશાબ વધારે માટે પરમીયામાં અપાય છે. અત્યંત આર્તવમાં એનાં મૂળને વાટી ચોખાનાપાણીમાં અપાય છે તેથી રક્તશ્રાવ ઘટી જાય છે. કમળા માટે વાપરવાની ડૉકટરો ભલામણ કરે છે. દીપન પાચન અને કટુપૌષ્ટિક છે એટલે તે સંગ્રહણીમાં અપાય છે. ભોંયઆમળી, એરંડપાન, લવંગ, મરી, જીરૂં, શંખનોટુકડો, કાંકચનાંપાન બધાને વાટીને લેવાથી જીર્ણતાવ, પાંડુ અને કમળો મટે છે. વ્રણ, સ્તનશોથ ત્વકદોષ માટે પાન વાટી બાંધવાં.

૧૬૩ તુલશી

N. O. Labiatæ (તુલસ્યાદિવર્ગ)

સં. તુલસી, **હિં.** કાળીતુલશી, **મ.** તુળસ, **બં.** કાલતુલસી, **લા.** Ocimum Sanctum.

વર્ણન : તુલશી સર્વત્ર થાય છે, એને સૌ કોઇ જાણે છે, હિંદુસ્થાનમાં અને હિંદીસમાજમાં કે હિંદુધર્મમાં તુલશીનું મહત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણુંજ ઉચું છે, તેના કિંમતીગુણોને લઇ હિંદુલોકો તેની પુજા કરે છે એ ખરેખર વાસ્તવિકજ છે પણ પુજામાં ગુણનું તત્વ બાજુએ રહી હવે માત્ર અંધશ્રદ્ધા જણાય છે તેમ ન થતાં તેના ગુણની પુજા કરી લાભ લેવાની જરૂર છે.

કાળી અને શ્વેત એ જાતની તુલશી થાય છે, આપણે ત્યાં વધુભાગે કાળીતુલશીજ સર્વત્ર મળે છે. કોઇ તેને કૃષ્ણતુલશી અને રાનતુલશી એમ બે ભેદ ગણાવે છે, દવામાં તુલશીનાંપાન, બીજ, લાકડું યાને પંચાગ વપરાય છે. કેટલાક તુલશીના ઘણાં ભેદ ગણે છે, રામ–કૃષ્ણ અને વનતુલશી એમ ત્રણ જાત સામાન્ય છે, રાનતુલશીના છોડ મોટા થાય છે, મથુરાં તરફ તુલશીનું વાવેતર કરાવાય છે તેનાં લાકડાની માળાઓ બનાવી વેચે છે. હિંદુલોકો તેની માળા પહેરે છે, દેવમંદિરમાં જઇ તેનાં પાન દરરોજ પ્રસાદીમાં ખાય છે, સવારે તુલશીને પાણી આપી નમન કરે છે, આ સર્વ પ્રાચિન રીતરિવાજને માનનાર ઘરોમાં છે, પણ નવા વિચારવાળાને ત્યાં હવે તુલશીનાં છોડને બદલે પરદેશી રોપાના કુંડાઓ દેખાય છે, આપણે ઘર આગળ **તુલશીનોબાગ** રાખવાની જરૂર છે તેથી મચ્છર થતા નથી હવા શુદ્ધ રહે છે એટલુંજ નહિં પણ તુલશીનીવાસ હોય ત્યાં સર્પ પણ આવતો નથી.

ગુણ : એનાં પાનનોરસ, તિક્ષ્ણ, ઉષ્ણ અને રૂક્ષ છે. તેમાં જ્વરઘ્ન, શીતહર, વાતહર, કફઘ્ન, ઉતેજક અને વાયુનાશકગુણ છે. બીજ પૌષ્ટિક છે, મધુર, મુત્રલ અને સ્નિગ્ધ તથા શીત છે.

ઉપયોગ : તુલશીનો વધારે ભાગે અનુપાનના રૂપમાં ઉપયોગ થાય છે યાને સ્વતંત્ર અને કિંમતી ઔષધ હોવા છતાં તેનો ઉપયોગ અનુપાનરૂપે વધારે થએલ છે.

મરીનાચૂર્ણ સાથે તુલશીનોરસ મેળવી લેવાથી તાવ, ટાઢીઓતાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટકે છે. ત્રિભુવનકિર્તીરસમાં એનાં પાનનોરસ ભાવનારૂપે વપરાય છે. કફજ્વર અને શીતપ્રધાન દરદોમાં તુલશીનારસમાં બીજી દવા આપવાથી સારો લાભ થાય છે.

આદુ–તુલશીનોરસ મધ સાથે લેવાથી કફ અને શ્લેષ્મ કે તાવની સુસ્તી મટે છે, એની ચહા યાને મરી, આદુ, લીલીચહા અને તુલશીનાંપાનમાં જરા તજ, લવંગ, એલચી, સાકર, દૂધ અને સ્હેજ પાણી નાંખી ચહા જેવું બનાવી પીવાથી તાવ, શ્લેષ્મ, સુસ્તી મટે, હુશીઆરી આવે અને પસીનો થઇ દરદ મટે છે. ઉત્તમ પેય બને છે. કફને કહાડે છે, છાતીને હલકી બનાવે છે, પીડા મટાડે છે.

મધ અને તુલશીનારસમાં કફની દવા અપાય છે તો તે દવા વધારે સારો લાભ આપે છે.

કેટલીકવાર આખા શરીરે એનો રસ ચોળવાથી ટાઢીઓતાવ અટકી જાય છે.

સર્પદંશ માટે તુલશીનોરસ કાઢી પાવો અને આખા શરીરે એ રસ લગાડવાથી વિષ ઉતરી જઇ દરદી સાજે થવાના દાખલા નોંધાયા છે, યાને સર્પવિષની એ એક સારી દવા ગણી શકાય એમ છે.

જે જે પ્રદેશમાં મેલેરીઆનું જોર હોય છે ત્યાં ત્યાં એની ખેતી કરવી–ખુબ ઝાડો વાવવાં, દરરોજ એનાં પાનનોરસ પણ લેવો એથી એ તાવનું મૂળ નીકળી જાય છે. આવો અનુભવ મુંબઇમાં સર જ્યૉર્જ બર્ડવુડે ટાઇમ્સ પત્રના તા. ૨૯–૪–૧૯૦૪ ના અંકમાં લખેલ હતો. તેનો અર્થ એજ કે લોકોએ રહેવાની જગા પાસે તુલશીનાંઝાડ ખુબ લગાવવાં અને તેને લઇ મચ્છરો થતાજ નથી. વળી ખાવામાં જે લોકો તજ, મરી, લવંગ, જાયફળ જેવી ચીજો હમેશાં વાપરે છે તેમને કદી મલેરીઆ લાગુ પડતોજ નથી તથા કોલેરાના કેસ પણ તેવી જાતીમાં થતા નથી વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુલશીનોસ્વરસ લીધા પછી દસ્ત પણ સાફ આવે છે, ઉલટી બંધ પડે છે, બાળકોની યકૃતવૃદ્ધિ માટે તેનાં પાનનો ફાંટ આપવાથી લાભ થાય છે.

પાનનોરસ કાનમાં નાંખવાથી કર્ણશૂળ મટે છે તેવી રીતે એ રસ દરાજપર ચોળવાથી દરાજ મટે છે. જખમ કે વ્રણને એના રસથી ધોવાથી તેમાંના જંતુઓ મરી જાય છે. રૂઝ તુરત આવે છે, પીનસરોગમાં એનું નસ્ય અપાય છે.

તુલશીનાંબીજને ગોળમાં ગોળી કરી લેવાથી શુક્રમેહ–ધાતુ-ક્ષીણતા મટી પુરૂષાતન આવે છે.

બીજને સાકર–દૂધ સાથે લેવાથી પેશાબનીગરમી, ઉનવા, પરમો, અસ્તીશોથ, પથરી અને તેની પીડા એ સર્વ મટે છે.

સફેદતુલશીનોફાંટ બાળકને દાંત આવતી વખતે થતા જ્વરાદિ ઉપદ્રવ મટાડવા માટે અપાય છે.

શીળસ ઉપર તુલશીનોરસ ચોળવાથી ખુજલી બેસી જાય અને ઉપડેલા ગાંડા શાંત પડી જાય છે.

વીંછીના ઝેર ઉપર ડંખની જગાએ એનો રસ લગાડે છે જંતુઘ્ન, વિષઘ્ન અને કૃમિઘ્ન તરીકે તુલશી બરાબર અપાય છે.

કોઢ અને પતનોરોગ ગમે તેટલો વધેલ હોય છતાં તેને તુલશી–રાનતુલશીથી લાભ થાય છે એમ વેદમાં કહેલું છે. તુલશીના-પાનમાં જે સુગંધ છે તેમાં "થાયમોલ" નામનું દ્રવ્ય છે જે ઉત્તમ જંતુઘ્ન છે.

કાળીતુલશી લગાડવા કે ખાવાથી શરીરનોવર્ણ સુધારે છે, કોઢ, કરોળીઆ, શ્વેતધાબા અને ત્વકરોગ માટે તુલશી સારી દવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં તુલશીનાં ઝાડ હોય છે ત્યાંની હવા શુદ્ધ રહે છે. જ્યાં તુલશીનો બાગ હોય છે એ ઘર તીર્થ તુલ્ય ગણાય છે ત્યાં યમનોદૂત યાને વિવિધપ્રકારનાં રોગ કે પ્રાણુહારકજંતુઓ પણ આવવા પામતા નથી.

સફેદ તેમજ કાળીતુલશી ગુણમાં સરખી જણાય છે એના ઝાડની આજુબાજુના પ્રદેશમાં એની સુવાસ ફેલાય છે ત્યાં કોઇપણ દરદ થતું નથી, હવા શુદ્ધ રહે છે.

કોઢના દરદી એનાથી સારા થયા છે એવી વાતો વિશ્વાસપાત્ર જણાય છે માટે પત–કુષ્ટ માટે એનો ઉપયોગ સર્વેએ કરી જોવા જેવો છે,

બીજી ચહા કરતાં એનાં પાનનોકવાથ પીવાથી કે ચહા જેવું કરી પીવાથી થાક, સુસ્તી મટે છે અને બીજા ઔષધીય ફાયદા પણ મળે છે.

વાળા માટે એનાંમૂળનો ઘસીને લેપ કરવા આપે છે, જેથી વાળો બહાર આવી સોજો ઉતરે છે. બે ચાર વખત દહાડામાં લેપ કરવાથી ત્રણ ચાર દહાડામાં બધો વાળો બ્હાર આવી પીડા–સોજો મટી પૂર્ણ આરામ મળે છે.

ચહેરાપરના ડાઘ અને ખીલ માટે એનાંપાનનોરસ તામ્રપાત્રમાં ૨૪ કલાક ભરી રાખી પછી ચહેરાપર લગાડવાથી ડાઘ પણ મટી જાય છે, એમા કાસુંદરાનોરસ પણ મેળવી શકાય છે.

ધનુર્વાત માટે લસણ–ડુંગળી અને તુલશીનારસમાં નીચેની દવા આપવાથી લાભ થાય છે.

કાળીતુલશી ૬ ભાગ, નગોડમૂળ ૪ ભાગ, ભાંગરો ૬ ભાગ, સરગવાનામૂળનીછાલ, શુંઠ, મરી, પીપર એ ચાર એકેકભાગ લઇ બારીક વાટી તેમાં માલકાંગણીનાંબીજ ૨ ભાગ મેળવી ચૂર્ણ કરી લેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણ ૦ા તોલો દવા ઉપર કહેલ અનુપાનથી આપવી. આ દવા વાયુનાંદરદો માટે સારી ગણાય છે.

જેઠીમધ, બોંયરીંગણીનુંમૂળ, વાસાપત્ર, તુલશીનાંમાંજર, વજ એ દરેક અકેક ભાગ, આકડાનાંફુલ અને પીપર અરધ અરધ ભાગ લઇ ખાંડી ચૂર્ણ કરવું. એ થી ચારઆનીભાર ચૂર્ણ મધમાં લેવાથી ખાંસી મટે છે બાળકોનીસસણી, ઉટાંટીઓ આ ઉપાયથી સત્વર મટે છે એમને યોગ્ય વયના પ્રમાણમાં માત્રા આપવી અને તેને ચૂર્ણના બદલે શરબત બનાવી આપવું હોય તો વધુ ઠીક રહે છે.

એનાંપાનનોરસ લસણુનોરસ અને મધ એ ત્રણેને મેળવી આપવાથી ઇન્ફ્લ્યુએંઝા તેમજ બીજાં કોઇ કારણુથી પેદા થએલી ખાંસી અજબ રીતે મટે છે.

નાગરવેલનાંપાન, તુલશીપત્ર, આદુ, લવંગ અને જરાક કપુર બધાને સાથે લઇ જરાક વ્યાજબી માત્રામાં દીવસમાં બે થી ત્રણ વાર ખાવાથી શ્વાસનળી સાફ થઇ કફ છુટો પડે છે અને ખાંસી શ્વાસ મટી છાતીનોમુંઝારો દૂર થાય છે.

એનાંમૂળીઆં કે બીજને કોઇપણ શક્તિવર્ધક પાકમાં નાંખીને ખાવાથી શરીરમાં ખુબ શક્તિ આવે છે. બીજનો પાકતો અનુભવ કરી જોયેલ છે કે તે સારી પૌષ્ટિક દવા છે, ધાતુપૌષ્ટિક બીજી દવા સાથે એનું ચૂર્ણ, લેહ, પાક બનાવી લેવાય છે.

જંગલી તુલશીનાંપાનને મુખપાક માટે વાપરવાથી સારો લાભ આપે છે, મોઢાની ખરાબવાસ, ચાંદા, પેઢામાંથી લોહી નીકળવું એ સર્વ મટે છે. એ માટે એક બે પાન મોઢામાં રાખવાં. જંગલીતુલશીને રામતુલશી પણ કહે છે. એનાં પાનમાં એક પ્રકારની વાસ હોય છે તેમાં કારબોલીકએસીડ અને થાયમોલ નામક બે તત્વો રહેલાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરૂ મટાડનાર અને કંડુ તથા મુત્રલ ગુણ એમાં છે ને એથીજ તે પરમીયા માટે વપરાય છે.

એનું લાટીન નામ Ocimum gratissimum છે.

કાળીતુલશી બાળકોના મુખપાક–થુલીઆમાં આપવાનું ડૉકટરો જણાવે છે.

એ સિવાય રાનતુલશીનો એક ભેદ **મરવાનોછોડ** એ જુદીજ ઔષધી છે એનો આ તુલશી સાથે કંઇપણ સબંધ નથી.

તુલશીનાંપાનમાંથી નીકળતું તેલ તાવ માટે ઠીક છે, લાલગુડા, તુલશીનુંતેલ અને ગૌદંતીભસ્મ મોસમીતાવ માટે સારી બનાવટ છે.

૧૬૪ વછનાગ

N. O. Ranunculaceæ (વત્સનાભાદિવર્ગ)

सं. વત્સનાભ, **हिं.** સિંગ્યાવિષ, **म.** બચનાગ, **बं.** અમૃતવિષ, શૃંગિવિષ, **ला.** Aconitum Ferox. Aconitum napellus.

વર્ણન: વછનાગનાં મૂળીઆ ગાંધીને ત્યાં મળે છે તે કાળો અને સફેદ બે જાતનો આવે છે, અમૃતસરની બજારમાંથી કમાવેલો વછનાગ કે જેને આપણે ત્યાં કાળો અને શીંગડીઓ વછનાગ કહે છે તે આવે છે. આ વછનાગ લાંબો સમય રહેવા છતાં બગડતો નથી. સફેદ વછનાગ અને કાળો વછનાગ એમ મૂળથીજ બે જાતો છે, દવામાં બ્હારના કામ માટે કાળો વછનાગ લેવો. અંદર ખાવાના કામ માટે સફેદ વછનાગ લેવો ઠીક છે, વછનાગને શુદ્ધ કરી પછી દવામાં વપરાય છે, દેશી વૈદ્યો, હકીમો અને ડૉકટરો વછનાગને વાપરે છે. વૈદ્યોને ત્યાં વછનાગ એકલો નહિં પણ બીજા યોગોમાં મેળવીને અનેક બનાવટોમાં વપરાયલો છે, વૈદ્યોએ તેને ઝેરી દવા ગણી સંભાળપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરવાનું જણાવેલ છે, વૈદ્યકમાં વપરાતા એના અનેક યોગીકો ઘણાંજ સરસ યાને અમૃતરૂપ ગણાય છે.

મીઠાતેલીઆ, અમૃતવિષ, તેલીઆકંદ વગેરે ઘણા નામોથી એને લોકો લખે છે. વત્સનાભ એ એનું સરસ નામ છે, વછનાગની પેદાશ હિમાલયમાં સમશિતોષ્ણ જગાપર તથા ખાનદેશ અને સાતપુડા પહાડનાં જંગલોમાં તે થાય છે, તેનાં છોડ થાય છે તે ઘાસના વર્ગનો છોડ છે તેની નીચેનાં મૂળને વછનાગ કહે છે. વછનાગ એ કંદ જાતીનું સ્થાવર વિષ છે. કહે છે કે જ્યાં એનો છોડ થાય છે તેની આજુ-બાજુ બીજાં ઝાડ થતાં નથી! એનાં મૂળ સીંગડીઆકારનાં હોવાથી લોકો તેને સીંગડીઓવછનાગ કહે છે. અમૃતસરી લોકો તેને હીરાકસીતેલ વગેરેનો મશાલો કરી તેમાં બાફી સુકવી રાખે છે, પછી તેનું નામ તેલીઓવછનાગ પણ કહેવાય છે. એનાં મૂળનાં કટકા ભારે હોય તે સારા ગણાય છે.

બજારમાં વછનાગ એકજ જાતનો નહિં પણ ભેળસેળવાળો મળે છે. ઉપર બતાવેલ લાટીન નામોમાંથી પ્રથમ નામવાળી જાત વધુ સારી ગણાય છે ને તેનેજ કાળોવછનાગ કહે છે, બીજા નામવાળી સફેદ જાત છે.

ગુણ: સ્વેદલ, મુત્રલ, જ્વરહર, પીડાશામક, વાતહર, હૃદયા-વસાદક, નાડીઅવસાદક અને શોથહર છે.

ઉપયોગ: ખાવા માટે દવામાં વાપરવા પહેલાં તેને શુદ્ધ કરવાની જરૂર છે, અંગ્રેજી વૈદ્યકમાં તેને એમજ વાપરે છે. આયુર્વેદમાં શુદ્ધ વછનાગ વાપરવાની રજા આપેલી છે. વછનાગનાં નાના ટુકડા કરી તેની જીણાં કપડામાં પોટલી બાંધી અથવાતો ખુલ્લારૂપમાં તેને એક વાસણમાં રાખી ગૌમુત્રમાં બુડતા રાખવા, દર ૨૪ કલાકે જુનું ગૌમુત્ર કાઢી બીજું તાજું નાંખવું એ રીતે ત્રણ દહાડા કરી પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુકવી લેવું. આ શુદ્ધ વછનાગને દવામાં ચૂર્ણ કરી વાપરવું એની માત્રા ૦।। થી ૦।। ગ્રેન ગણાય છે, અંગ્રેજીમાં વછનાગનું ટીંકચર વપરાય છે. તેની માત્રા ૨ થી ૫ ટીપાં છે, વછનાગને શુદ્ધ કર્યા પછી તેનું ટીંચર બનાવી વાપરવું વધુ નિર્ભય રહે છે.

વછનાગવાળી દવા લેવાથી પ્રથમ હૃદયનો થડકો વધે છે, પણ પછી તે ધીમો પડી જાય છે, એટલે તેની અસર હૃદયપર મોડી થવા આવે છે એમ અંગ્રેજી ડૉકટરોનો મત છે.

જો નાડીનો વેગ વધારે હોય તો એ લેવા પછી તે ઘટે છે, સહેજ પસીનો આવે છે, પેશાબ વધે છે ને હૃદયપર તેની અવસાદક ક્રિયા થાય છે. યાને ધડધડ કમી થઇ જાય છે, શ્વાસોશ્વાસ ઓછા થઇ પસીનો વધારે આવી શરીરનાં કેટલાક જ્ઞાનતંતુઓ સુસ્ત બને છે, આ સર્વ ઉપયોગ તાવમાં પીડા હોય ત્યારે કરવાથી ઠીક લાભ આપે છે. તાવમાં નાડી શાંત કરી પેશાબ–પસીનો લાવવા માટે એ ઠીક છે. વળી શરીરમાં તે સોજાને પણ ઘટાડે છે ફેફસામાં સોજો હોય શ્વાસનળીપર શોથ હોય તે સર્વ એનાથી મટે છે, વછનાગ, પારદ અને સુરમો એ ત્રણ સાથે મેળવી લેવાથી સોજો ઠીક ઘટે છે. વળી પીડાશામક તરીકે યોગ્ય માત્રામાં વછનાગ સાથે ધતુરો અને અફીણ કે ઓરાસાનીઅજમો પણ અપાય છે. એ માટે પ્રાચિન બનાવટો ઘણીજ સારી ગણાય છે, એમાં વછનાગની માત્રા ઓછી કરવાની જરૂર છે એમ સ્વ. ડૉ. વામન ગણેશ દેશાઇનું મંતવ્ય છે. વળી એવા પાકોમાં સુગંધીદ્રવ્યો હોવાની જરૂર છે.

ગૌમુત્રના સંયોગથી વછનાગમાં રહેલ વિષારીદ્રવ્ય ઘણુંજ ઓછું થઇ જાય છે, વળી તેમાં બીજી ચીજો મેળવી લીધા બાદ તેની માત્રા નાની કરવાનું સુલભ બને છે, અવસાદક ક્રિયાને ઘટાડવા માટે એનું ગૌમુત્રમાં શોધન કરવું બરાબર જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીડાશામક તરીકે તે લેપના રૂપમાં વપરાય છે, તેનાથી સ્પર્શજ્ઞાન અને વેદનાનુંભાન ઘટી જાય છે, પીડાશામકતેલોમાં વછનાગ આવે છે. એટલુંજ નહિં અંગ્રેજીમાં તેનો લેપ તથા લીનીમેન્ટ લગાડવા માટે અપાય છે.

વછનાગની શોથહર અસર વૃદ્ધ અને યુવાન કરતાં બાળકોપર વધુ ઠીક જણાય છે. ગાલપચોરાનો સોજો, ફેફસાં કે શ્વાસનળીનોસોજો, હૃદયનોસોજો વગેરે મટાડવા માટે અપાય છે.

નાની માત્રા વધારે વખત આપીને વછનાગથી વધારે સારૂં કામ લઇ શકાય છે.

ભાવમિશ્રે નવ જાતનાં વછનાગનાં ભેદ કહેલાં છે અત્યારેતો એ જાતનાં મૂળ આપણને મળે છે.

"મધુમેહ યાને સાકરીઆ પ્રમેહમાં વછનાગ સારૂં કામ કરે છે, મુત્રનો વેગ ઘટવા લાગે છે, સાકરનું પ્રમાણ પણ ઘટતું આવે છે, મુત્ર સાથે જતી ધાતુ બંધ પડે છે, મુત્રનાવેગને તે રોકે છે અને સારી અસર બતાવે છે પક્ષાઘાત અને વાતરક્તમાં પણ સારૂં કામ આપે છે. એમ ડૉ. જી. એ. એમરસન, સર્જન, કલકત્તાનું કહેવું છે"

૧ ઔંસ સફેદ વછનાગનુંચૂર્ણ અને ૭ ઔંસ આરારૂટનોલોટ મેળવી રાખવો. માત્રા ૨ થી ૬ ગ્રેન આ મીશ્રણ દિવસમાં ૩ વખત લેવું અને ધીમે ધીમે ઠીક જણાતાં માત્રા વધારવી તો ઉપર કહેલ રોગો માટે તે સારી બનાવટનું કામ આપે છે.

તાવમાં, તાવના ચસકામાં તેમજ ચડ ઉતર કરતા લાંબા વખતના તાવમાં વછનાગ સારૂં કામ છે.

ગૌમુત્રમાં શુદ્ધ કરેલ વછનાગ અવસાદક નથી એમ વૈદ્યો માને છે, ડૉકટરોએ એની ખાત્રી કરી જોયેલી છે. અને તેઓ હવે એને હાર્ટટૉનિક માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરક સુશ્રુતના સમયમાં એનું નામ માત્ર આપેલ છે બાકી ઉપયોગતો ભાવમિશ્રના સમયથીજ વધારે થતો જણાયેા છે, રસવૈદ્યોએ એનેા મેાટા પ્રમાણમાં ઘણી બનાવટેામાં છુટે હાથે ઉપયેાગ કર્યો જણાય છે.

બીજી જાતને દૂધીએેા વછનાગ કહે છે જે કાળી નહિં પણ સફેદ જાત છે, એજ જાત દવામાં ખાવા માટે વાપરવી ઠીક છે. એ સૌમ્ય છે અને આટેાકશીર છે.

લેાહીના દબાવને ઓછેા કરવા, ગર્ભિણીની ઉલટી મટાડવા તથા આમાશયનીપીડા–દાહ મટાડવા માટે વછનાગ સારી દવા તરીકે અપાય છે.

શરદીના કારણે રૂતુ બંધ થઇ જાય તે વખતે તથા અત્યંત રક્તશ્રાવ હેાય તેા વછનાગ અપાય છે.

નાડીનું દબાણ ઓછું કરી ગરમી ઘટાડવા માટે તે બહુજ નાની માત્રામાં લાંબેા સમય આપતા રહેવું. યુવાન તેમજ બાળકેાને ઠીક લાભ કરે છે, વૃદ્ધોને દેવાને માટે મનાઇ કરેલી છે કેમકે હૃદયપર તે ઠીક નથી.

પીડાશામક તરીકે માથાનેા, દાંતનેા, કાનનેા કે કેાઇપણ જ્ઞાનતંતુઓની પીડાને મટાડવા–દુખાવાને ઓછેા કરવામાં અપાય છે તથા લગાડવામાં અપાય છે.

હૃદયનાશેાથમાં કે થડકામાં આપવું ગુણકારક છે.

શુદ્ધ વછનાગને વાપરવા માટે બીજી કેાઇક ચીજમાં મેળવી મીશ્રણ કરી પછી વાપરવું ઠીક છે તે માટે ઉપર એક રીત બતાવી છે ઉપરાંત પણ શૃંગભસ્મ, જેઠીમધચૂર્ણ, અતિવિષ, ગૌદંતીમાંથી એક ચીજ ૭ ભાગમાં ૧ ભાગ વછનાગ લઇ બરાબર ઘુંટી કપડે છાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાટલીમાં રાખવું પછી ૧ થી ૪ ગ્રેન દવા લઇ શકાય છે. આ દવા દહાડામાં ત્રણ વાર લાંબો સમય લઇ શકાય છે.

કફપ્રધાનશોથ અને જ્વરમાં વછનાગ સારૂં કામ કરે છે. તે સિવાય શીતળા નીકળે ત્યારે અને ગળાનાં નવા ટોનસીલ (કંઠરૂઢ)માં પણ સારૂં કામ કરે છે. કફ–વાતપ્રધાન વ્યાધિઓમાં વછનાગવાળી દવા સારી ગણાય છે.

નીચેનાં થોડાંક કલ્પ વાપરવા જેવાં છે.

(૧) વછનાગ, હિંગુળ, ટંકણ, નગોડનારસમાં ત્રણશોથ અને તાવ માટે સારો ઉપયોગ થાય છે.

(૨) કવીનાઇન, કપુર અને વછનાગ, અભિષ્યંદયુક્ત જ્વરમાં અપાય છે.

(૩) વછનાગ, સુરમો, સુરાખાર, નવસાર, આકડાનાંમૂળનીછાલ, વાસાસ્વરસ સાથે લેવાથી કફજ્વર મટે છે.

(૪) વછનાગ, મનશીલ, ધતુરો, પારીજાતકનોરસ એનો ઉપયોગ વાતવિકારમાં થાય છે.

(૫) વછનાગ, પ્રવાલ, જાવંત્રી, લવંગ, ભાંગરાનોરસ એ મિશ્રણ પેટનાવ્યાધિઓમાં ઉત્તમ કામ કરે છે.

અરીણુના બંધાણીઓ અરીણુ મુકે ત્યારે જે કળતર થાય છે તે એને લેવાથી મટે છે.

કાનના મૂળનો સોજો એના લેપથી મટે છે.

વછનાગ ભાગ ૨, કોડીભસ્મ ભાગ ૫, મરી ભાગ ૯, મેળવી રાખવું. ૧ થી ૨ ગુંજ લેવાથી મંદાગ્નિ, ત્રિદોષ અને કફ મટે છે.

જ્વરાંકુશ, મૃત્યુંજય, આનંદભૈરવ, કફકેતુ, દુગ્ધવટી, શીતભંજી, સ્વચ્છંદભૈરવ, ત્રિભુવનકિર્તી, કસ્તુરીભૈરવ, અને એવી બીજી અનેક બનાવટોમાં આવે છે, આમાંથી દુગ્ધવટી સોજો, ઝાડા અને નબળાઇ મટાડી જુના સંગ્રહણી–સોજાના દરદો મટાડવા ઉત્તમ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વછનાગ ૨, શુંઠ ૨, મરી ૧, પીપર ૧, લવંગ ૧, અજમો ૨, એ સર્વનું બારીક ચૂર્ણ લઇ ઘુંટી કુંવારનારસમાં રતીભારની ગોળી કરી સુકવી લેવી. ૧ થી ૨ ગોળી સવાર સાંજ લેવાથી વાયુનુંશૂળ જલદી મટે છે.

આયુર્વેદના રસાયન પ્રયોગોમાં વછનાગ સાથે ટંકણ અને ત્રીકટુની યોજના લગભગ ઘણાં પાઠોમાં જણાય છે. અને તે એમ બતાવે છે કે એ ચીજોથી વછનાગના દોષો ઘટે છે અને સૌમ્ય બને છે.

---

૧૬૫ સાલમ

N. O Orchideæ (અમરકંદાદિવર્ગ)

સં. સાલમકંદ, મુંજાંતક, **હિં.** સાલમમિશ્રી, **મ. વં.** સાલમમિશ્રી, **લા.** Orchis Masculata–Orchis Mascula.

વર્ણન : બજારમાં ગાંધીઓને ત્યાં સાલમ મળે છે તેને પંજાબી-સાલમ પણ કહે છે, લાટીનમાં તેનાં જુદા જુદા ચાર ભેદ માની ચાર નામ આપેલાં છે. પંજાબ તરફથી તે આવતો હોઈ પંજાબી, લસણ જેવો દેખાવ હોઇ લસણીઓ નીલગીરી તરફ થતો હોઇ તેને મદ્રાસી અને મોટો આવે છે તેને બાદશાહી સાલમ એવાં નામો અપાયલાં છે. સાલમના કંદનો માપ ૧ ઇંચ હોય છે, છેડાપર એ ત્રણ અણી જેવું હોય છે.

નેપાલ, અફગાન, ઇરાન, આબુ, નીલગીરીનાં પહાડ વગેરે જગાએ તે થાય છે, મુંબઇમાં તે ઇરાનથી આવે છે, વધુભાગે અહિં ઇરાન કે અફગાનનો માલ બજારમાં મળે છે, પહાણ લોકો પાસે ત્રણ ચાર જાતનો સાલમ મળે છે, તેનાં ઝાડ હળદરને મળતાં આવે છે, સાલમ એ તેનાં મૂળ છે, તેને લાવી પ્રથમ પાણીથી ધોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપડે સાફ કરી–ચોળી તેની છાલ મસળી કહાડે છે. પછી તે સફેદ થાય તે વેળા તેને તાંબાના તવાપર શેકી લે છે એટલે તે તૈયાર વેચવા–વાપરવા લાયક બને છે. પંજા કે શીંગડા જેવો તેનો આકાર હોય છે, પંજા જેવા આકારને લઈને લોકો પંજાસાલમ પણ તેને કહે છે. દવામાં વપરાતી આ પ્રસિદ્ધ વનસ્પતિ છે, સાલમ ખાસ કરી પૌષ્ટિક પદાર્થ તરીકે વપરાય છે.

કેટલાક લોકો બીજી જાતનાં કંદ લાવી તેનાં ટુકડા કરી સુકવી (જરા બાફી પછી સુકવાય છે) સાલમનાં કંદ જેવડા ટુકડા કરી સાચા સાલમને બદલે બોટી ચીજ આપી જાય છે, તે મોંઘી વસ્તુનો આવો લાભ લે છે. તેથી સાવધ રહેવું.

ગુણ: અગ્નિવર્ધક, વીર્યવર્ધક, બળઆપનાર, હૃધ, કામોત્તેજક, રસાયન, શુક્ર વધારી પુષ્ટી આપનાર છે. પ્રદર, ધાતુવિકાર, વીર્યશ્રાવ અને નબળાઇને મટાડનાર છે. તે ઉષ્ણવીર્ય, મધુર, કડવું, ગુરૂ, રસાયન છે.

ઉપયોગ: સાલમ એ પૌષ્ટિક ખોરાક છે, ૧ તોલો સાલમનો ભુકો ૨૪ કલાક માટે એક પ્રૌઢ માણસનો પુરતો આહાર કહેવાય. બીજી કોઈ ચીજ એટલી નાની માત્રામાં એટલું કામ નથી આપતી એથીજ સાલમને સંસ્કૃતમાં **જીવક** નામ અપાયું છે.

તે જીવનીય, બૃંહણીય તથા વયઃસ્થાપક છે, બધી જાતોમાં આ ગુણ છે. પણ પંજાબીમાં તે વધારે પ્રમાણમાં છે.

મજ્જાતંતુ તથા જ્ઞાનતંતુઓ માટે પણ તે સરસ પૌષ્ટિક છે.

એની માત્રા બે થી ચારઆનીભાર દૂધમાં ઉકાળીને લેવી ઠીક છે.

એના સેવનથી પાચન સુધરે છે, કફ થતો અટકે છે, કાચો કફ અટકાવી શુક્ર–ધાતુઓને વધારે છે. અતિસાર, આમ, ગર્ભિણીનાંઝાડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે મટાડે છે. પોતે પચવામાં હલકું છે. એટલુંજ નહિ પણ તે ગ્રાહી છે. કફ પ્રકૃતિને વધુ માફક છે. તેવાઓને બકરીના દૂધમાં અપાય છે.

પેટનાવિકારો માટે દ્રાક્ષ સાથે આપવું ઠીક ગણાય છે.

સાલમ, મુશલી, એદાણા, એખરો, ગોખરૂ વગેરે પૌષ્ટિક દવાઓમાં સાલમ સૌથી વધુ પ્રસિદ્ધ છે. **સાલમપાક** શક્તિની સારી દવા ગણાય છે, લોકો તેને શિયાળામાં વાપરે છે. તે શરીરના બાંધાને મજબુત કરી વાયુ અને કફ મટાડે છે, સાલમને દૂધમાં પકાવી લેવાથી તે વધારે સારો ગુણ આપે છે.

પ્રદર, પિત, કમળો, પ્રમેહ, રક્તદોષ, આમદોષ, ક્ષય વગેરેને સાલમ મટાડનાર છે. નબળા માણસોને એની કાંજી આપવી ઉત્તમ ખોરાક છે. અંગ્રેજી મત પ્રમાણે એમાં ગુંદ, સાકર, સ્ટાર્ચ, એલબ્યુ-મીનીમ, ફોસ્ફેટ, પોટાશ, ચુનો અને માંસવર્ધકતત્વો છે.

સાલમપાક માટે જુઓ વૈદ્યક ચિકિત્સાસાર પૂર્વાર્ધ પૃષ્ટ ૨૬૧.

૧૬૬ સફેદમુસળી

N. O. Asparageæ (શતાવર્યાદિવર્ગ)

સં. મુસલી, **હિં.** શ્વેતમુસલી, **મ.** સફેતમુસળી, **ગુ.** ધોળીમુસલી, **લા.** Asparagus ascendens.

વર્ણન: બજારમાં ગાંધીઓને ત્યાં બે જાતની મુસલી મળે છે તેમાં એક સફેદ બીજી કાળી. બંને જુદા જુદા પ્રકારની હોય છે. કાળીનું વર્ણન આપણે જુદુંજ કરીશું. સફેદમુસલી એક પ્રકારની સુકેલી સફેદ સળીઓ જેવી હોય છે. તે કંદ–મૂળીઆં છે. તેની છાલ ઉતારી સુકવીને રાખે છે. અને પછી અહિં બજારમાં વેચવા લાવે છે એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેદાશ ચોમાસામાં થાય છે, કરલી નામક જે શાક થાય છે એનાં મૂળને સફેદમુસલી કહેવામાં આવે છે, એમ ઘણાઓનું ઠીક માનવું છે અમોને આ વાતમાં સત્ય જેવું જણાય છે. પણ જ્યાં જઈ મૂળ ઉખેડી જોઈ ખાત્રી કરવાની તક મળી નથી. એની પેદાશ પંચમહાલ, રતલામ અને મધ્યભારત તથા ઝાડી જીલ્લામાં થાય છે. મુંબઈમાં રતલામ તરફથી વેચવા આવે છે, કેટલાક લોકો શતાવરીને સફેદમુસલી કહી ઠગાઈ કરે છે. માટે ધ્યાન રાખી ખરી સફેદમુસલી સફેદમૂળીઓ ઝીણાં સાફ અને કડણ હોય છે તેજ લેવાનાં છે. કેમકે શતાવરીનાંમૂળ તેવાં હોતાં નથી તે જરા નરમ-હલકાં હોય છે. અને તેમાં વચ્ચે નસ જેવું પણ હોય છે, મુસલીમાં તે નથી હોતું. સારી અને તાજી લઈ દવામાં વાપરવી. મુસલી પણ શતાવરીવર્ગમાંજ આવેલ છે.

ગુણ : મધુર, શીત, લઘુ, સ્નેહન અને ઉત્તમ બલ્ય છે. તેમાં બળ આપનાર દ્રવ્ય માંસ જેવુંજ છે. સ્વાદમાં તે સારી હોય છે. વાજીકરણ અને વીર્યવર્ધક દવાઓમાં તે અપાય છે, ધાવણ વધારનાર તરીકે પણ ઠીક ગણાય છે.

ઉપયોગ : સફેદમુસલીમાં સ્ટાર્ચને બદલે માંસલતત્વ વધારે છે એટલે તે ક્ષીણને પુષ્ટ કરવા માટે ઉત્તમ ઔષધ છે, મધુમેહના દરદીને મુસલી સારી ગણાય છે, વળી તે સાલમ કરતાં વધારે રૂચીકારક પણ છે.

અશક્ત માણસોને શ્વેત મુસલીનું ચૂર્ણ દૂધમાં ઉકાળીને અપાય છે, શિયાળામાં મુસલીપાક ખાવા અપાય છે, પૌષ્ટિક દવાઓમાં દરેક જગ્યાએ મુસલી વાપરવાનો સામાન્ય ચાલ છે.

એની માત્રા ૦॥ થી ૧ તોલો ચૂર્ણ દૂધ સાથે લેવાય છે.

ત્રાવણકોર તરફનાં વૈદ્યો મુસલીનો ઉપયોગ પરમીયો, મુત્રકૃચ્છ્ર, રક્તાશ્રાવ વગેરેમાં કરે છે એના પરથી એમ કહેવાય કે તે મુત્રરોગ અને જનનેન્દ્રિયના દરદોમાં તે સારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દમ, હરસ, કમળો, અતિસાર, શૂળ, પરમીયો વગેરે દરદોમાં વાપરવાનું ડીમક પણ જણાવે છે. તે તિક્ત તથા બલ્ય દવાઓ સાથે સુગંધીદ્રવ્યો મેળવી પૌષ્ટિક દવાઓમાં યોજાય છે.

પાણીમાં મળી જનાર તત્વ ૭૭.૧ ટકા, ચોથા ૧૨.૧ ટકા, પાણી ૬ ટકા એમાં હોય છે. એમાં પાણીમાં મળનાર અંશમાંજ માંસલ પદાર્થ હોય છે.

ધાવણ વધારવા માટે શતાવરી સાથે મુસલીનુંચૂર્ણ અપાય છે. ક્ષીણશરીરવાળા બાળકોને મુસલી અપાય છે. સ્ત્રીઓના પ્રદરમાં અપાય છે.

કામેચ્છા માટે મૂસલ્યાદિચૂર્ણ કે જેમાં શ્વેતમુસલી, ગળોસત્વ, કૌચબીજ, ગોખરૂ, સેમળાનાંમૂળ, સાકર અને આંબળા છે. તે અપાય છે તેથી વીર્ય વધે છે.

મુસલીપાકની બનાવટ સાલમપાકને મળતીજ કરી શકાય છે. તેમાં સાલમને બદલે મુસલીનોમાવો કરાવાય છે. ચરકમાં તેનો ઉલ્લેખ નથી. સુશ્રુતમાં ઉલ્લેખ છે.

૧૬૭ કાળીમુસળી

N. O. Hypoxideæ (તાલમૂલીવર્ગ)

સં. તાલમૂલી, કૃષ્ણમુસલી, **હિં.** મુસલીકંદ, **મ.** મુસલીકંદ, **બં.** તાલમુલી, **લા.** Curculigo orchioides.

વર્ણન: કાળીમુસલીનાંમૂળ દવામાં વપરાય છે, ગાંધીને ત્યાં એનાં મૂળનાં કાપેલાં નાનાં કટકા મળે છે, જે જુના થતાં સડી જાય છે, દવામાં મૂળ તાજાં, સુકવેલાં વપરાય છે. જુનાં કે સડેલાં કંઇજ કામનાં નથી. સડી ન જાય માટે તેને રેતીમાં દાટીને રાખવાં પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં છોડ ચોમાસામાં થાય છે તેનાં પાન ખારેક કે ખજુરી કે સોપારીનાં કુમળાપાન જેવાં હોય છે. તેનાં મૂળ એજ મુસળીકંદ છે એને આપણે કાળીમુસલી કહીએ છીએ, બે વર્ષનું જુનું ઝાડ થાય એટલે તેનાં મૂળીઆં વાપરવાયોગ્ય ગણાય છે, જડ નીચે એક વેંત જેટલું લાંબુ અને આંગળી જેવું કાળું મૂળ હોય છે તેજ કામનું છે. પાનના થડમાં પીળારંગનાં ફુલ હોય છે, બરડા ડુંગરમાં તેમજ આબુ તરફ થાય છે.

સફેદમુસલી કરતાં કાળીમુસલી ગુણમાં ઉંચી ગણાય છે, એમ પણ કેટલાક લેખકોનો અભિપ્રાય છે ગાંધીઓને ત્યાં સફેદ કે કાળી બરાબર મળે છે. લોકો એને શક્તિવર્ધક દવાઓમાં બંનેને સાથેજ વાપરે છે, પૌષ્ટિક દવામાંજ તેનો વધુભાગે ઉપયોગ થતો જણાય છે.

ગુણ: સ્નેહન, મુત્રજનન, બલ્ય અને વૃષ્ય છે. મધુર, શીતળ તથા બળ આપનાર ગણાય છે. પિત, દાહ તથા રક્તદોષ મટાડે છે.

ઉપયોગ: ધાતુપુષ્ટીને માટે કાળીમુસલીનુંચૂર્ણ કરી દૂધ સાથે લેવાનો રિવાજ છે, તેનાં મૂળ લાવી સાફ કરી ચૂર્ણ કરી લેવું. ૧ા થી ૩ા તોલો ચૂર્ણ દૂધમાં નાંખી દૂધને ગરમ કરવું, પછી તેમાં કેશર, એલચી, જાયફળ જરા જરા નાંખી પીવા લાયક ઠંડું કરી પી જવું. દૂધ તોલા ૨૦ લેવું અને ગાયનુંજ લેવું તો વીર્યવૃદ્ધિ માટે સારી અસર કરે છે.

પ્રદર માટે જાસુંદનાંફુલ અને કાળીમુસલીનાકંદનુંચૂર્ણ કરી સાકર અને દૂધ સાથે લેવાથી પ્રદર–રક્તપ્રદર મટે છે.

પથરી માટે કાળીમુસલી આપવાથી તે ગળી જઇ નીકળી જાય છે.

કાનનીપાલી વધારવા માટે એનું ચૂર્ણ ભેંસના માખણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવી સાત દહાડા ધાનના ઢગલામાં રાખી પછી કાઢી રાખવું, મલમ માફક કાનનીપાલીપર લગાડવાથી કાનનીપાલી વધે છે.

સુશ્રુતમાં મુસલીનો ઉપયોગ પથરી માટે કહેલ છે.

નવ્યમત મુજબ તેમાં તૈલદ્રવ્ય ૧૫ ટકા, રાળ અને કષાયદ્રવ્ય ૪ ટકા, ઓળ ૨૦ ટકા, સ્ટાર્ચ ૪૩૫ ટકા અને પાણી ૪૫ ટકા છે એની રાખમાં ચુનો હોય છે.

એની વધુ અસર મુત્રમાર્ગપર થાય છે.

કાળીમુસલીની દૂધમાં કરેલી રાબડી પરમો, મુત્રકૃચ્છ્ર, અત્યંત આર્તવમાં અપાય છે જે ઠીક છે.

સંગ્રહણીમાં છાસ સાથે આપવાથી સારો લાભ કરે છે. પથ્યમાં તેને છાશ, ભાત અપાય છે.

પ્રાચિન પુસ્તકોમાં તેમજ અર્વાચિન ડૉકટરોમાં તેના વિષે આનાથી વધુ સાહિત્ય મળતું નથી.

---

૧૬૮ ગાવઝબાન

N. O. Boragineæ (બહુવાર(બોંકર)વર્ગ)

सं. વૃષજિવ્હા, **हिं. म. बं.** ગાવઝબાન, **ला.** Onosma Bracteatum.

વર્ણન: ગાવઝબાન ગાંધીને ત્યાં મળે છે. દેશી વૈદ્યો એને બહુજ ઓછી વાપરે છે, યુનાની વૈદ્યકની એક જાણીતી દવા છે. તેની પેદાશ ઇરાન, અફ્ગાનીસ્થાન, કાશ્મીર અને કુમાયુન પર્વતના પ્રદેશમાં થાય છે. પાન જાડા હોઇ તેનાપર જીણાં જીણાં દાણા જેવું હોય છે. દવામાં એનું પંચાગ વપરાય છે, ગાંધીને ત્યાં એ મળે છે.

ગુણ: બલ્ય અને રસાયન, ક્ષારસ્વભાવી, સ્નેહન અને મુત્રજનન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની માત્રા ૦॥ થી ૧ તોલો ગણાય છે.

ઉપયોગ : ટાઢીઆતાવમાં ટાઢ વાય છે તે વેળા એનો અર્ક આસવ સાથે અપાય છે. તાવમાં ખુબ ગરમીને લઇ તરસ લાગે ત્યારે એનો અર્ક–કવાથ કે શરબત અપાય છે તેથી તરસ શાંત પડે છે. તરસ છીપાવવા એનાથી બીજું કોઇ ઉત્તમ ઔષધ નથી.

ઉપદંશ અને પરમીયાને લઇ થએલા સોથમાં ચોપચીની સાથે ગાવઝભાન અપાય છે તે કવાથના રૂપમાં કે ફાંટના રૂપમાં લેવાથી પેશાબ વધે છે. મુત્રકૃચ્છ્ર અને હૃદયના થડકા માટે તે ઉત્તમ છે. હોજરીનીબળતરા તથા પથરીમાં પણ અપાય છે. ૧ તોલો પંચાગ ૨૦ તોલા પાણીમાં કવાથ કરી ૪ થા ભાગનું બાકી રહે એ ભાગ કરી આપવા જોઇએ.

ગરમી, સંધીવાત અને લેપ્રસીમાં સારૂં કામ આપે છે.

અંગ્રેજી મત પ્રમાણે એનાં પંચાગની બાળેલી રાખની પરિક્ષા કરી જોતાં તેમાં સ્વર્જીકાક્ષાર ૯॥, યવક્ષાર ૧૪॥ મેગ્નેશીઆકાર્બ ૨॥॥, લોહ ૧, અને ચુનો ૨૭ ટકા છે એ જોતાં આ ઔષધ ઘણુંજ કિંમતી છે.

---

૧૬૯ બીહિ (મોગલાઇબેદાણા)

N. O. Pomeæ (સેવ–સફરજનવર્ગ)

સં. અમૃતફળ, સિંબિતિકા, **હિં.** બીહિ, ફળનું નામ છે એનાં બીજ, **હિં. મ. બં. ગુ.** મોગલાઇબેદાના–બિહિદાના.

વર્ણન : ગાંધીને ત્યાં મોગલાઇ કે મુગલાઇબેદાનાના નામથી જે દવા મળે છે તે એક પ્રકારનાં બીજ છે, એ બીજનાં ફળનું નામ બીહિ છે. કંદહાર તરફ–કાશ્મીર તરફ તે ખુબ થાય છે, એ ફળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠંડી જગામાંજ રહી શકે છે આપણા પ્રદેશસુધી તે આવતાં બગડી જાય છે.

ઇરાનથી અથવા કાબુલ તરફથી ચપટા મેલા રાતારંગનાં બીજ મળે છે એ બીજનું મૂળ નામ બીહિદાના છે, મુગલ પ્રદેશથી આવતાં હોવાથી મુગલાઇબેદાના અહિં કહેવાય છે. એનાં ફળમાં પણ ત્રણ જાતો જણાય છે. સ્વાદુ, અમ્લ, સ્વેજઅમ્લ, એને ઇરાનના લોકો ખુબ ખાય છે. ખાટી જાતને ખાવામાં વાપરતા નથી. તે હૃદય તથા મગજને હિતકારક છે અને તેનાં પાન, ઝાડનીછાલ સંકોચક તરીકે ઇરાનના લોકો વાપરે છે.

કાશ્મીર, હિમાલય, નેપાળ અને અફગાન પ્રદેશમાં એનાં નાનાં ઝાડ ખુબ થાય છે, તેના ફળ પેરૂ–જામફળ જેવા પીળાં સોનેરી રંગનાં સુંદર હોય છે વાસ પણ સારી છે, ફળ ખાઇ બીજ કાઢી રાખે છે. જે આપણે દવામાં વાપરીએ છીએ, મુગલાઇબેદાણા દવામાં-શક્તિનીદવામાં ઠીક વપરાય છે, વૈદ્યો હકીમો તેને વાપરે છે.

ગુણ : શીતવીર્ય, સ્નેહન, ગ્રાહી, મુત્રજનન, કફઘ્ન તથા પૌષ્ટિક છે તેની રાખ પણ અલ્પ ગણાય છે. ગળાનાદરદોમાં પ્રમેહ અને મૂત્રમાર્ગના દરદોમાં અપાય છે.

ઉપયોગ : બેદાણાનો ફાંટ બનાવી પીવા આપવાથી પેશાબ છુટથી આવે છે; દાહ (બળતરા) નરમ પડે છે. સુકીખાંસીમાં તેના ફાંટના કોગળા કરવા તથા પીવાના કામમાં ઉપયોગ થાય છે.

જુના આમાતિસારના દરદીને એનો કવાથ પાવાથી આંતરડાના ઘાવ રૂઝાય છે, પેટ સુધરે તાવ પણ મટે છે.

બળેલા ભાગપર ઠંડક લાવવા–રૂઝ લાવવા માટે એનો લુઆબ બનાવી લગાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીમાં એનો ભુકો કરી પલાળવાથી તેનો લુઆબ તૈયાર થઇ જાય છે.

બીહીનાંફળનો રસ કાઢી બાટલી ભરીને પીવા માટે બજારમાં વેચાવા આવે છે. આંતરડાના દરદોમાં બીલફળ માફક તે પણ સારું કામ કરે છે એ રસ કવેટા તરફથી વેચાવા માટે આવે છે કાશ્મીર, કવેટામાં તાજાં બીહીફળ બાવા માટે પણ મળે છે,

બીહિ, સફરજન અને નાસપતી એકજ વર્ગનાં છે, બીહિ ને કાશ્મીરીનાસ્પતિ પણ કેટલાક લોકો કહે છે.

ધાતુપૌષ્ટિક દવાઓમાં તે જરૂર વપરાય છે, તે પોષક, સંકોચક અને અલ્પ, સ્નિગ્ધ પણ છે.

બીજને બાળીને કરેલી રાખમાં રસશાસ્ત્રની નજરે જોતાં તેમાં જવખાર ૨૭ ટકા, સાજીખાર ૩ ટકા, મેગ્નેસીઆ ૧૩ ટકા, ચુનો ૭।।। ટકા, લોહ ૧, ગંધસાર ૨।।। અને તેજાબસાર ૪૨ તથા મીઠું ૨।। ટકા મળે છે. ૪૦ ગણા પાણીમાં બીજનો કવાથ કરી કપડે ગાળતાં ગાળી શકાય છે, એમાં ૨૦ ટકા બોળ હોય છે. બોળમાં ચુનાનોભાગ પણ ખુબ હોય છે આ પ્રમાણે એ ઔષધ ઘણુંજ સરસ અને ગુણકારક જણાય છે.

લેટીનમાં આના ફળનું નામ Cydonia vulgaris સાઇડોનિઆ વલ્ગેરિસ છે.

———

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૦ વાળો

N. O. Gramineæ (તૃણાદિવર્ગ)

સં. ઉશીર, વાલક, હ્રીબેર, **હિ.** ખસ ખાલકોધાસ, **મ.** વાળા, **બં.** ગંધબાલા, ખસખસ, **લા.** Andropogon muricatus-Squarrosus.

વર્ણન : વાળો બજારમાં એકજ જાતનો મળે છે, સફેદ અને કાળો વાળો એમ બે જાત શાસ્ત્રમાં વપરાયલી જણાય છે, કાળાવાળા માટે નામ વગેરેમાં મતભેદ જણાય છે, સફેદવાળો જેને ખસક કહે છે તે બરાબર છે અને સર્વત્ર સહેલાઇથી મળે છે, વપરાય છે. દવામાં પણ એજ વાપરવા ઠીક છે. બજારમાં જે મળે છે તે એક પ્રકારનાં વાળાના ઘાસનામૂળીઆં–ચુંબડાં જેવાં મૂળ છે, તેનાં ઘાસજેવાં છોડ સર્વત્ર થાય છે. બરમા તરફ નદી કિનારાપર ખુબ થાય છે, તેનાંમૂળ બારીક અને ખુબ લાંબા હોય છે. બારીક વાળ જેવા હોવાથીજ કદાચ એનું નામ વાળો રાખવાનું થયું હશે. એ વાળાનાંમૂળનાં પંખા અને દરવાજે બાંધવાની ટટ્ટી બનાવે છે. ઉનાળામાં તેનાપર પાણી છાંટી ઓરડાને દરવાજે લટકાવે છે, હવા આવતાં ઘણીજ સારી ઠંડક અને સુગંધ આવે છે વાળાનુંશરબત, ખસનુંઅતર, વાળાનોઅર્ક વગેરે ચીજો ઉનાળા માટે બનાવીને લોકો વાપરે છે. વાળો સુગંધીદ્રવ્ય છે. બહુજ પ્રસિદ્ધ છે. ઉનાળામાં એનું શરબત (અર્કમાંથી) બનાવી સૌ કોઇ ઠંડાઇ માટે પીએ છે. પાણીમાં તેની પોટલી બાંધી રાખે છે. એ પાણી ઠંડક આપી તરસને મટાડનાર બને છે. વાળો અને કાળોવાળો (વીરણવાળો) બે જાત છે.

ગુણ : શીતળ, શોધક, પિતશામક, મુત્રલ, મૃદુ, તરસહરનાર, ઉતેજક અને સ્વેદલ તથા તાવના ઉતાપને ઘટાડનાર છે. દીપન, પાચન, જ્વરહર, ઉલટી, રક્તપિત, ઝાડો અને રતવાને મટાડનાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ : સુવાવડીનાતાવ માટે કવાથ કરી અપાય છે. તાવના કવાથમાં વાળો બીજી દવા સાથે આપવો ઉત્તમ છે.

વાળો, મોથ, ખડસલીઓ, શુંઠ, રતાંજળી અને કાળોવાળો એનો કવાથ દાહ, તાવ અને તરસને મટાડે છે.

કાળોવાળો, ધાવડીકુલ, લોંદર, કાળીપાટ, રીસામણી, કડાછાલ, ધાણા, અતિવિષ, મોથ, ગળો, બીલફળ, શુંઠનોકવાથ, અતિસાર, આમાતિસાર, શૂળ, રક્તઆમાતિસાર, તાવ મટાડી દોષોનું પાચન કરવા માટે ઉત્તમ છે એનું નામ હ્રિબેરાદિ કવાથ છે.

રતવામાં લેપ માટે બીજી દવા સાથે અપાય છે. વાળાનુંપાણી ગ્રિષ્મનો ઉકળાટ અને તૃષા મટાડે છે. મુત્રકૃચ્છ્ર અને પેશાબની ગરમીમાં વાળાની સાથે શેરડી, દરભનાંમૂળીઆં અને રક્તચંદન નાખી કવાથ કરી અપાય છે.

ચલમમાં નાંખી પીવાથી માથાનોદુઃખાવો મટાડે છે.

૧૧ તોલો વાળાનોભુકો ૨૫ તોલા ઉકળાતું પાણી એ ને ભરી રાખી એ પાણી ઠંડુ કરી પીવાથી ઉલટી મટે છે. કોલેરાની ઉલટી માટે આવો ફાંટ ઉત્તમ છે.

બાળકોનાઝાડા–મરડામાં વાળો સારી દવા છે.

ચરક, સુશ્રુતમાં અનેક જગ્યાએ ઘણા દરદો માટે વપરાયો છે. નેત્રરોગ, વિદ્રધી કુષ્ટ અને પથરીમાં યોજેલો છે.

તે ઉત્તેજક, પીડાહર, ખેંચતાણ મટાડનાર, ચેન લાવનાર, કૃમિઘ્ન અને સ્વેદલ છે. વિષયવાસનાને વધારે છે. મોટી માત્રામાં લેવાથી મગજની ઉતેજના કરે છે. ઝાડા–ઉલટી લાવે છે.

સુગંધીદારતેલ અને ધૂપેલતેલમાં વાળો નાંખવાનો રિવાજ છે તેથી તેલની ભટ્ટી સારી સુગંધિત બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭૧ વંસલોચન (વાંસકપુર)

N. O. Gramineæ (તૃણાદિવર્ગ)

सं. वंशरोचन, **हिं. म बं.** वंशलोचन, **ला.** Bambusa arudinacea. **फारसी** तबाशीर.

વર્ણન : વાંસનાં મોટાં જંગલ આ દેશમાં સર્વત્ર થાય છે, તે ઝાડમાંથી જમા થતો સફેદ રસ જેને આપણે વાંસકપુર કહીએ છીએ; વાંસકપુર બજારમાં ગાંધીને ત્યાં મળે છે, પણ સાચી-હલકી અને બનાવટી એમ ત્રણ જાતો જોવામાં આવે છે. વળી નં. ૧-૨-૩ એમ પણ બરી જાતોમાં પ્રકાર મળે છે. શુદ્ધ-બરૂ અને અસલી વાંસકપુર, કપુર જેવું સફેદ, હલકું, કઠણ અને લીલી કે આસમાની ઝાંય લેતું ચમકદાર હોય છે તે જાતને બજારમા નં. ૧ કહી મોટા ભાવથી વેચે છે, દવામાં સાચો માલજ વાપરવો તો પુર્ણ લાભ થાય છે. યુનાની હકીમો તેને તબાસીર કહે છે તે પણ એને ઘણી દવાઓમાં વાપરે છે.

વાંસકપુર આપણા દેશમાં થતા વાંસમાંથી થાય છે છતાં તે બંગાળનો માલ પુરો પડતો નથી એટલે જાવા અને શીંગાપુરથી આવે છે તેને સાફ કરી તેની બનાવટો નંબર કરી બ્હાર મુકવા માટે કલકત્તા તેની ખાસ બજાર છે ત્યાં તેના મોટા વેપારીઓ છે. બનાવટી વંસલોચન માટે બાંબુને બાળી કરેલી રાખમાંથી કાઢેલો ક્ષાર અને તેમાં ભુકો મેળવી તેનાં પાસા જેવા બને છે તે બનાવી બજારમાં વેચે છે.

ગુણ : ઉતેજક, બલ્ય, શીત, કફશામક, પૌષ્ટિક, ગ્રાહક, ધાતુવર્ધક, વૃષ્ય અને મધુર તથા રક્તશુદ્ધિકર છે.

માત્રા : ૨ થી ૫ ગ્રેનભારની છે.

ઉપયોગ : વંસલોચન અનેક દવાઓમાં વપરાય છે સીતોપલાદિચૂર્ણ તેની એક સરસ બનાવટ ગણાય છે. દમ, ઉધરસ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કફ, શ્વાસ, ક્ષય, રક્તપિત–લોહીની ઉલટી અને ક્ષયનાતાવમાં વંસલોચન સારા ઔષધ તરીકે આપણે ત્યાં વપરાય છે. સીતોપલાદિચૂર્ણ આવા દરદોમાં એકલું કે બીજી દવાઓ જેવી કે અભ્રક, પ્રવાલ, માલતી સાથે અપાય છે, બાળકોને પણ આવી ફરિયાદો માટે વંસલોચન ઉત્તમ છે.

રસાયનિક પરીક્ષણથી તપાસતાં તેમાં નીચેની બાબતો જોવામાં આવેલી છે એમ ડૉકટરો કહે છે.

સિલીકા ૯૦।।, જવખાર ૧।।।, મંડુર ૦।।। ટકા છે.

બીજા અભિપ્રાય મુજબ એમાં શુદ્ધ સિલિસિકએસીડ ૭૦ પોટાશ અને ચુનો ૩૦ ટકા છે.

બાંબુનીરાખમાં સીલીકા ૨૮, ચુનો ૪, મેગ્નેસીઆ ૬, પોટાશીયમ ૩૪ અને સોડીઅમ ૧૨, ક્લોરીન ૨, ગંધક ૧૦ છે. રાખમાં સીલીકા અને ક્ષાર ઘણા પ્રમાણમાં છે.

વંસલોચનની ઉત્તમતા તેમાં વધુ પ્રમાણમાં જો સિલીસીલીક-એસીડ હોય તેનાપર આધાર રાખે છે.

શ્વાસોશ્વાસેન્દ્રીયની શ્લેષ્મત્વચાને વંસલોચન ઠીક બળ આપે છે, પરિણામે કફ થતો અટકી જાય છે.

એનાં કુમળાપાનનોકવાથ સુવાવડીને આપે છે તેથી ગર્ભાશયનું સંકોચન થાય છે. ઋતુ સાફ આવે છે.

કુમળાપાનને વાટી તજ સાથે લેવાથી લોહીવાળીખાંસી મટે છે. ક્ષયમાં વંસલોચનવાળી કોઇપણ બનાવટ આપવી સારી ગણાય છે. કુમળાપાનનું અથાણું પણ કરે છે.

શરીરનીક્ષીણુતા માટે પૌષ્ટિક દવાઓમાં વાંસકપુર આવે છે. એનાં પાનનોકવાથ બહુમુત્રને મટાડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંસકપુર, ચણકબાબ, એલચી, નાગકેશરનું ચૂર્ણ લઇ તેમાં ચંદનનું તેલ મેળવી ગોળી કરી દૂધ સાકર સાથે લેવી એ પરમીયાને મટાડનાર છે.

વાંસનું લાકડું અનેક કામમાં આવે છે, તેમાંથી સરસ ફરનીચર બને છે; ઝુંપડા બનાવે છે. ચરક–સુશ્રુત પછીના વખતથી એનો પ્રચાર થએલો છે.

૧૭૨ પપીતા

N. O. Loganiaceæ (કુચલાદિવર્ગ)

હિં. પપીતા, **મ.** પપીટા, **બં. ગુ.** પપીતા, **લા.** Strycnhos ignasii.

વર્ણન : પપીતાનાંફળ આપણા દેશમાં સીંગાપુર તરફથી આવે છે, યુનાનીવૈદ્યો–હોમીઓપેથીના ડૉકટરો તેને વાપરે છે. આયુર્વેદના પ્રાચિન કે અર્વાચિન લેખકોએ એનું વર્ણન કર્યાંપણ કર્યું હોય તે જાણવામાં આવ્યું નથી. ડૉ. દેશાઇના ઔષધી સંગ્રહમાં એનું વર્ણન પૃષ્ટ ૪૯૭ પર છે. ગાંધીને ત્યાં એનાં ફળ મળે છે તે ઇરાન તરફ પણ વપરાય છે કે ત્યાંથી આવે છે એમ પણ કહેવાય છે. ૧ ઇંચ આશરે લાંબા, કાળા મેલા ભુખરારંગના અને અંડાકૃતિરૂપ આ ફળ દવામાં વપરાય છે જે ઘણુંજ કિંમતી ઔષધ છે.

ગુણ : વાતહર, ઉતેજક, કડવું અને દિવ્યઔષધ છે, કુચલાને મળતાજ એનાં ગુણો કહેવાય છે.

ઉપયોગ : હોમીઓપેથીક દવાઓમાં "ઇગનેશીઆ" નામથી જે દ્રવ્ય મળે છે તે આજ દવા છે. તેમાં નાનાથી મોટા પાવરની વપરાય છે આપણે એનાં ફળ લાવી તેનાં ટુકડા કરી ૪૦ ગણા પાણીમાં પલાળી રાખવું, ૨૪ કલાક પછી તેને કપડે ગાળી એ પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવા તરીકે વાપરવું. એ પાણીની માત્રા ૩૦ થી ૬૦ ટીપાં ગણાય છે. એનાં ફળને છેદ કરી દોરો પરોવી હાથે બાંધી રાખવાથી પણ સારો ગુણ બતાવે છે.

પ્લેગને મટાડવા માટે અત્યારલગી કોઇપણ રામબાણ દવાની જાહેરાત થઇ નથી પરંતુ હોમીઓપેથીકમાં ઇગનેશીઆને રામબાણ કહેવામાં આવે છે. એવીજ રીતે એનું ફળ હાથે બાંધી રાખવાથી પ્લેગ થવાનો સહેજ પણ ભય રહેતો નથી, આ વાતની અમોએ જાતે વાપરી ખાત્રી કરેલી છે.

એનું ઉપર કહેલ રીત પ્રમાણે બનાવેલ પાણી લેવાથી બંધ માસિક સાફ આવે છે અને વાયુ છુટ થાય છે.

હીસ્ટીરીઆના દરદીઓને માટે પણ એ રામબાણ ઔષધ ગણાય છે તે માટે તેમજ પ્લેગ માટે એનાં ઉંચા પાવરનું ઔષધ હોમીઓપેથીમાં અપાય છે. ૨૦૦x ની દવા બે ચાર માત્રા લેવાથી ઠીક થઇ આવે છે.

જે બાળકોને ધમકી આપતાં મૂર્છિત થઇ જાય; શ્વાસ લેતાં અટકી પડે તેવી પ્રકૃતિનાં દરદોમાં બાળકોને આ દવા આપવી સારી છે તેનાથી બાળકોની એ વ્યાધિ મટી જાય છે.

રસશાસ્ત્રની નજરે એમાં સ્ટ્રીકનીન તથા બ્રુસીન નામક બંને સુક્ષ્મક્ષાર છે અને તે કુચલાને મળતીજ ગુણમાં કહેવાય છે. અમેરીકામાં એને રાજમાન્યતા મળેલી છે.

એના ફળની માત્રા ૦।। થી ૧ ગુંજ બે ત્રણ મરી અને ઠંડા પાણી સાથે લેવાય છે.

કફપ્રધાન દરદોમાં વાપરવાનો ચાલ છે, ગુજરાતમાં એનો દવા તરીકે ઉપયોગ થાય છે, દવા ઘણીજ સારી છે, વૈદ્યોએ તેને સમજીને વાપરવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔષધી વિજ્ઞાન (પૂર્વાર્ધ) ગુજરાતી અનુક્રમણિકા

નામ	પૃષ્ટ	નામ	પૃષ્ટ
અક્કલકરો	૮૮	એખરો	૩૪૮
અજમો	૧૧૮	ઓથમીજીરૂં	૩૯૨
અજમોદ (ઓડીઅજમોદ)	૧૨૧	કડાછાલ	૪૮
અરણી	૨૫૭	કડુ	૬૪
અશોક	૧૮૯	કરિયાતું	૫૨
અતિવિષ	૭૯	કચુરો	૨૮૨
અમરકંદ	૨૧	કરંજ	૧૫૩
અરડુસી	૮૨	કપુરકાચલી	૨૮૩
અધેડો	૨૮૯	કપાસ	૨૧૪
આદુ (શુંઠ)	૯૩	કપીલો	૨૨૩
આસંધ	૫	કલંભો	૩૦૨
આવળ	૧૭૧	કાલમેધ	૭૬
આકડો	૨૧૬	કાયફળ (છાલ)	૨૮૪
આર્ચા	૩૩૭	કાસુદરો	૨૩૩
આંબળા	૬૦	કાળાદાણા	૨૭૪
આંબલી	૧૫૯	કાળોકુંપો	૨૭૪
ઉપલસરી	૧૭	કાળોહંશરાજ	૩૮૭
ઉલટકમ્બલ	૩૫	કાળીપાટ	૩૦૯
ઉભીરીંગણી	૨૫૨	કાકડાશીંગી	૩૩૯
ઉપલેટ (કડ)	૩૬૭	કાળીજીરી	૩૮૪
ઉથમુંજીરૂં	૩૯૨	કાળીમુસળી	૪૨૧
ઉંબરો–ઉમરડો	૨૬૨	કાંકચ	૨૮
એલચી	૧૦૯	કાંચનાર (કોવિદાર)	૨૭૦
એળીઓ	૧૮૨	કાંટાળુંમાયું	૨૭૯
એરંડો	૧૯૮	કીડામારી	૩૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ	પૃષ્ઠ	નામ	પૃષ્ઠ
કુવાડીયેા	૨૩૬	ચંદન	૩૧૩
કુએા	૨૪૯	ચિત્રક	૧૩૪
કુંવાર	૧૭૮	ચેાપચીની	૪૫
કેરડેા	૨૬૯	જટામાંસી	૩૭૨
કેસર	૨૮૬	જવાસેા	૧૭૨
કેાવિદાર	૨૭૦	જાયફળ	૧૧૨
કેાઠ	૩૩૨	જાવંત્રી	૧૧૪
કૌચખીજ	૨૭૩	જાંબુ	૨૭૮
ખડસલીએા	૧૪૧	જીરૂં	૧૨૯
ખાખરેા	૬૭	જેઠીમધ	૨૩૦
ખુરાસાનીઅજમેા	૧૨૨	ઝેરકુચલા	૩૯૯
ખેર	૧૮૩	ટેંટુ	૨૫૪
ગરમાળેા	૭૪	ડીકામારી	૩૨૪
ગળેા	૧	ડુક્કરકંદ	૩૨૮
ગરણી	૨૧૨	તગરગંઠેાડા	૩૬૪
ગળજીભી	૩૨૬	તજ	૧૦૬
ગાવજભાન	૪૨૩	તમાલપત્ર	૧૦૮
ગુગળ	૩૧૬	તલવણી	૩૭૬
ગેારખઆંબલી (રૂખડેા)	૩૬૨	તુલસી	૪૦૫
ગેારખમુંડી (બેાડીબેાકલાર)	૨૪૩	દંતીમૂળ	૨૪૨
ગેાખરૂ	૨૫	દાડમી	૩૫૦
ગંધબિરેાજા (સરલ)	૩૮૧	દેવદાર	૩૮૦
ચવક	૧૩૨	ધમાસેા	૧૭૫
ચણકબાબ	૩૩૫	ધતુરેા	૨૨૫
ચણેાઠી	૩૪૪	ધાવડીનાંફૂલ	૩૭૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ	પૃષ્ઠ	નામ	પૃષ્ઠ
નગોડ	૩૯	બોરડી	૧૫૫
નસોતર	૩૬૦	બોલસરી	૧૮૭
નાગરમોથ	૮૫	બોડીઅજમોદ	૧૨૧
નાગકેસર	૯૧	બોડીબોકલાર	૨૪૩
નેપાળો	૨૩૯	ભારંગી–ભારંગમૂળ	૩૫૮
પદ્મકાષ્ટ	૩૯૪	ભાંગરો	૧૦
પપીતા	૪૩૧	ભીલામાં	૨૯૫
પાણકંદો	૩૮૮	ભોંપાથરી (ગળજીભી)	૩૨૬
પાટલા	૨૫૫	ભોંયઆમળી	૪૦૪
પારસપીપળો	૨૦૨	ભોંરીગણી	૨૫૦
પારિજાતક (શિયાળી)	૩૯૦	મરી	૯૫
પીપર (લીંડીપીપર)	૯૮	મહુડો	૧૫૭
પીપરીમૂળ (ગંડોડા)	૧૦૧	મજીઠ	૨૪૪
પીલુડી	૪૨	મામેજવો	૩૭
પીલુ	૧૯૧	માયા (કાંટાળુંમાયું)	૨૭૯
પીપળી	૨૬૧	મીંઢીઆવળ	૨૭૫
પીપળો	૨૬૬	મોરવેલ	૩૭૮
પુષ્કરમૂળ	૩૭૦	મોગલાઇએદાણા (બિહી)	૪૨૪
બનકસા	૩૫૪	મોચરસ	૨૦૩
બહેડાં	૫૯	રક્તરોહીડો	૨૦૯
બાબચી	૨૩૫	રતાંજળી	૩૧૨
બાલવજ	૩૭૦	રાળ	૩૨૦
બાવળ	૨૦૬	રીસામણી	૧૭૬
બીલી	૭૧	રૂખડો	૩૬૨
બીહિ (મોગલાઇએદાણા)	૪૨૪	લવંગ	૧૦૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ	પૃષ્ટ	નામ	પૃષ્ટ
લીમડો	૧૪૫	સાત્વીન	૧૪
લીંડીપીપર	૯૮	સીંકોના	૩૦૪
વછનાગ	૪૧૧	સુખડ (ચંદન)	૩૧૩
વડ	૧૯૪	સુવા	૧૧૬
વરધારો	૧૬૬	શતાવરી	૧૨
વરીઆળી	૧૧૫	શહાજીરૂં	૧૩૧
વંસલોચન	૪૨૯	શરપંખો	૨૩૮
વાવડીંગ	૧૬૩	શરસડો	૧૫૦
વાયવરણો	૧૯૬	શીમળો (મોચરસ)	૨૦૩
વારાહીકંદ (ડુક્કરકંદ)	૩૨૮	શીવણ	૨૫૯
વાળો	૪૨૭	શુંઠ	૯૩
વાંકેરી	૧૩૭	શેલારસ	૩૯૭
વિદારીકંદ	૩૨૯	શંખાવલી	૨૭૧
સમુદ્રશોષ (વરધારો)	૧૬૬	હરડે	૫૪
સપ્તરંગી	૩૨૨	હરમર	૧૬૮
સફેદમુશળી	૪૧૯	હાથલોથોર	૨૩
સરગવો	૩૪૧	હિંગ	૧૨૫
સરલ (ગંધબિરોજા)	૩૮૧	હીરાદખણ (બીયો)	૨૪૬
સાલમ	૪૧૭	હીરાબોળ	૨૪૭
સાટોડી	૩૧	હંશરાજ (કાળોહંશરાજ)	૩૮૭

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

औषधी विज्ञान (पूर्वार्ध) संस्कृत अनुक्रमणिका

नाम	पृष्ठ	नाम	पृष्ठ
अपामार्ग	२८९	एला	१०९
अजमोदा	१२१	एलीयक	१८२
अरणी	२५७	एरंड	१९८
अशोक	१८९	कटुकी	६४
अतिविषा	७९	कर्चुर	२८२
अश्वगंधा	५	करंज	१५३
अर्क	२१६	कम्पिल्लक	२२३
अमृता	१	कटफल	२८४
अभया	५४	करीर	२६९
असन	२४६	कपिकच्छु	२७३
अश्वकर्णबीज	३९२	कटभी	१६८
अजगंधा	३७६	कलंभ	३०२
अमृतफळ (बिही)	४२४	कपित्थ	३३२
अश्वत्थ	२६६	कार्पास	२१४
अपामार्ग	२८९	कासमर्द	२३३
आकारकरभ	८८	काकमाची	४२
आर्द्रक	९३	काश्मरी	२५९
आवर्तकी	१७१	कामपुष्प	३५४
आम्लकी	६०	कांचनार	२७०
आत्मगुप्ता	२७३	किराततिक्त	५२
आरग्वध	७४	कीटमारी	३००
इंद्रयव	४८	किंकिण	३०४
इक्षुरक	३४८	कुटज	४८
उदुम्बर	२६२	कुमारी	१७८
उशीर	४२७	कुंकुमं	२८६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाम	पृष्ठ	नाम	पृष्ठ
कुष्ठ	३६७	टिण्युक	२५४
कृष्णजीरक	१३१	त्वक्	१०६
कृष्णमुशली	४२१	तमालपत्रम्	१०८
कोलकन्द	३८८	तालमूली	४२१
कंकोल	३३५	तिलपर्णी	३७६
कंथारी	२३	तिन्तिडी	१५९
कंटकारी	२५०	त्रिवृत	३६०
खदिर	१८३	तुलशी	४०५
खुरासानीयवानी	१२२	तुरुष्क	३९७
गिरिकर्णिका	२१२	द्वीपान्तरवचा	४५
गुग्गल	३१६	देवदारु	३८०
गुंजा	३४४	द्रोणपुष्पी	२४९
गोक्षुर	२५	दंती	२४२
गोरक्षी	३६२	धन्यवास	१७५
गोजीव्हा	३२६	धतुर	२२५
घृतकरंज	१३७	धातकी	३७५
चक्रमर्द	२३६	न्यग्रोध	१९४
चविका	१३२	नागरमुस्तक	८५
चित्रक	१३४	नागकेसर	९१
चंदन	३१३	नागजीव्हा	३७
जयपाल	२३९	नाडीहिंगु	३२४
जातिफळ	११२	निलपुष्पी	२७४
जायपत्री	११४	निर्गुन्डी	३९
जीरक	१२९	निम्ब	१४५
जंबु	२७८	पद्मकाष्ट	३९४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाम	पृष्ट	नाम	पृष्ट
पत्रम्	१०८	भल्लातक	२९५
पलाश	६७	भार्गी	३५८
पर्पटक	१४१	भुतकेशी	३७२
पारसिकयवानी	१२२	भूम्यामलकी	४०४
पारिस	२०२	भूनिंब	५२
पाटला	२५५	भृंगराज	१०
पारिजातक	३९०	मरीचं	९५
पिंडीतगर	३६४	मधुक (महुडो)	१५७
पिप्पलीमूळ	१०१	मधुरिका	११५
पिप्पली	९८	मालाकन्द	२१
पिशाचकार्पास	३५	मामज्जक	३७
पिप्परी	२६१	मायाफलम्	२७९
पिलु	१९१	मार्कंडी	२७५
पुनर्नवा	३१	मांसी	३७२
पुष्करमूळ	३७०	मिश्रेया	११५
पूतिकरंज	२८	मुर्वा	३७८
बब्बुल	२०६	मुसली	४१९
बदरी	१५५	मुंजांतक	४१७
बकुल	१८७	मुंडी	२४३
बाकुची	२३५	मंजीष्ठा	२४४
बीजक	२४६	यवानी	११८
बिभीतक	५९	यवास	१७२
बिल्व	७१	यष्टीमधु	२३०
बोल	२४७	यवतिक्ता	७६
बृहती	२५२	रक्तचंदनमू	३१२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाम	पृष्ठ	नाम	पृष्ठ
राल	३२०	सालमकंद	४१७
राजपाठो	३०९	सारिवा	१७
रामठम्	१२५	सिन्दुवार	३९
रोहितक	२०९	सिल्हक	३९७
लज्जालु	१७६	सुवर्णक्षीरी	३५०
लवंग	१०३	सोमराजी	२३५
व्याघ्री	२५०	श्योनाक	२५४
वत्सक	४८	शठी	२८३
वरुण	१९६	शतपुष्पा	११६
वट	१९४	शतावरी	१२
वनजीरक	३८४	शरपुंखा	२३८
वनपलांडु	३८८	शाल्मलि	२०३
वत्सनाभ	४११	शिरीष	१५०
वाराहीकंद	३२८	शिवा	५४
वासा	८२	शिग्रु	३४१
विदारीकंद	३२९	शुंठी	९३
विषतिंदुक	३९९	शृंगी	३३९
विडंग	१६३	शंखीनी	२७४
वृद्धदारू	१९६	शंखपुष्पी	२७१
वृषजिव्हा	४२३	श्रीखंड	३१३
वंशलोचन	४२९	श्रीफल	७१
सर्जरस	३५०	हरितकी	५४
सप्तपर्ण	१४	हिंगु	१२५
सप्तरंगा	३२२	ह्रीबेरं	४२७
सरल	३८१	हंसपादी	३८७

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

औषधी विज्ञान (पूर्वार्ध) हिंदी अनुक्रमणिका

नाम	पृष्ठ	नाम	पृष्ठ
अक्कलकरा	८८	कसोंदी	२३३
अजवायन	११८	करील	२६९
अजमुद	१२१	कटेली	२५०
अरनी	२५७	कलंबकीजड	३०२
अशोक	१८९	कबाबचीनी	३३५
अतीस	७९	काकराशींगी	३३९
अरुषा	८२	कालाजीरा	३८४
अदरक	९३	काळीतुलशी	४०५
असगंध	५	कामपुष्प	३५४
अनंतमूल	१७	कालमेघ	७६
अमलतास	७४	कायफल	२८४
अपराजीत	२१२	कालादाना	२७४
अरलु	२५४	कालीमीर्च	९५
आक	२१६	किरमाल	१५३
आंवाँला	६०	किवच्	२७३
इमली	१५९	किडामारी	३००
इलायची	१०९	कीकर	२०६
इसबंद	१६८	कुमल	३५
इसबगुल	३९२	कुरैया	४८
उस्तरखार	१७५	कुटकी	६४
एलुआ	१८२	कुट्	३६७
एरंडी	१९८	कुचीला	३९९
कचुरा	२८२	कुंवारपाठा	१७८
कपास	२१४	केसर	२८६
कमीला	२२३	कैथ	३३२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाम	पृष्ठ	नाम	पृष्ठ
कोंच	२७३	चिड	३८१
कंचनार	२७०	चिल	३८१
कंभारी	२५९	चूर्णहार	३७८
खस	४२७	चोबचिनी	४५
खुरासानीअजवाइन	१२२	चोक	३५०
खैर	१८३	छातीआन	१४
गावझबान	४२३	छोटाकिरायता	३७
गांभार	२५९	जवासा	१७२
गिलोय	१	जमालगोटा	२३९
गुगल	३१६	जाल	१९१
गोरखमुंडी	२४३	जायफळ	११२
गोखरु	२५	जाविंत्री	११४
गोरखइमली	३६२	जामुन	२७८
गोभी	३२६	जीरा	१२९
गंहार	२५९	जंगलीप्याज	३८८
घीकुंवार	१७८	डीकामाली	३२४
चकौंद	२३६	ढाक	६७
चव्य	१३२	तरवड	१७१
चाब	१३२	तगर	३६४
चिरचिरा	२८९	तालीमखाना	३४८
चिरायता	५२	तेजपात	१०८
चित्रक	१३४	दवनपापरा	१४१
चिर्मिठी	३४४	दारचिनी	१०६
चिल्ला	३२२	देवदार	३८०
चिलर	३२२	देवदारु	३८०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाम	पृष्ट	नाम	पृष्ट
दंती	२४२	बडापीलु	१९१
धतुरा	२२५	बडीसोंफ	११५
धाइफूल	३७५	बर	१९४
नागफनी	२३	बरुणावरना	१६३
नागरमोथा	८५	बनजीरा	२४७
निम	१४५	बभनेटा	३५८
निशोत-निशोथ	३६०	बावची	२३५
पपीता	४३१	बायबरंग	१६३
पद्माक	३९४	बालछाड	३८४
पारसपिपल	२०२	बालकोघास	४२७
पाठ	२५५	बीहि (फळ)	४२४
पाडल	२५५	बीलाइकंद	३२९
पाठा	३०९	बीजसाल	२४६
पाकर	२६१	बेर	१५५
पीपलामूल	१०१	बेल	७१
पीपर	२६१	बैरी	३२२
पीपल	२६६	बोल	२४७
पिपल	९८	भारंगी	३५८
पित्तपापडा	१४१	भांगरा	१०
पुन्नाग	९१	भिलावा	२९५
पोहकरमूल	३७०	भोंयआवली	४०४
पंवार	२३६	मदार	२१६
बडीकटइ	२५२	मकोय	४२
बहेडां	५९	महुवा	१५७
बब्बुल	२०६	माजुफल	२७९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाम	पृष्ठ	नाम	पृष्ठ
मुबारक	३८७	साल	३२०
मुशलीकंद	४२१	सालममिश्री	४१७
मुलेठी	२३०	सांठ	३१
मोगलाइबेदाणा	४२४	सिंग्याविष	४११
मौआ	१५७	सींकोना	३०४
मौलसरी	१८७	सेमल	२०३
मंजीष्ठ	२४४	सेमलमुशली	२०३
रक्तचंदन	३१२	सेंजना	३४१
रोहेडा	२०९	सोनामुखी	२७१
लटजिरा	२८९	सोया	११६
लताकरंज	२८	संभालु	३९
लाजवंती	१७६	स्याहजीरा	१३१
लौंग	१०३	शिरस	१५०
वाकेरीमूळ	१३७	शिलारस	३९७
वाराहीकंद	३२८	शीतलचीनी	३३५
विषखपरा	३१	शंखाहुली	२७१
वंशलोचन	४२९	श्वेतमुसली	४१९
सनुकपासी	३५	श्वेतचंदन	३१३
सनाय	२७५	हर्ड	५४
समंदरसोख	१६६	हरड़े	५४
सतावर	१२	हारसिंधार	३९०
सरफोंका	२३८	हिंग	१२५
सहंजना	३४१	हुलहुल	३७६
सत्यानाशी	३५०	हंसपादी	३८७
सारक	३२०		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

औषधी विज्ञान (पूर्वार्ध) मराठी अनुक्रमणिका

नाम	पृष्ठ	नाम	पृष्ठ
अक्कलकारा	८८	कडुजीरं	३८४
अशोक	१८९	काळाबोळ	१८२
अतिष	७९	कापुस	२१४
अडुळसा	८२	कायफळ	२८४
अघाडा	२८९	कासविंदा	२३३
आलें	९३	काळादाना	२७४
आंवळा	६०	काजळी	२१२
इसपगुल	३९२	कामोणी	४२
उपळसरी	१७	काकडाशिंगी	३३९
उंबर	२६२	कापुरचिनी	३३५
उन्हाळी	२३८	काजरा	३९९
अेरंडी	१९८	कामपुष्प	३५४
अैरण	२५७	कांचन	२७०
अैन	२४६	कांटेसामर	२०३
ओंवा	११८	किराइत	५२
ओलक्तंबोल	३५	कुडा	४८
ओलेकिराइत	७६	कुटकी	६४
ओवळी	१८७	कुंभा	२८४
करफस	१२१	कुचला	३९९
कचोरा	२८२	केरा	२६९
कडुनिंब	१४५	केशर	२८६
करंज	१५३	कोरकांड	१७८
कपुरकाचडी	२८३	कोरफंड	१७८
कपीला	२२३	कोष्ट	३६७
कलमकाचरी	३०२	कोळसुंदा	३४८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाम	पृष्ठ	नाम	पृष्ठ
कोलकांदा	३८८	जटामांसी	३७२
कंवठ	३३२	जायफळ	११२
कंकोल	३३५	जायपत्री	११४
खाजकुहिली	२७३	जांभुळ	२७८
खापरा	३१	जीरें	१२९
खुरासानीओंवा	१२२	जेष्ठीमध	२३०
खैर	१८३	जेपाळबीज	२३९
गावझबान	४२३	टाकळा	२३६
गिधान	३००	टांकळी	२५७
गुळवेल	१	टेन्टु	२५४
गुग्गुळ	३१६	डीकेमाली	३२४
गुंज	३४४	डेंकामाली	३२४
गोकर्णी	२१२	डुक्करकंद	३२८
गोखरु	२५	डोरली	२५२
गोडपीलु	१९१	ढोरगुंज	५
गोरखचिंच	३६२	तरवड	१७१
गंधाटी	३००	तमालपत्र	१०८
घांटीपितपापडा	१४१	तगरमूळ	३६४
चवक	१३२	तीलवण	३७६
चांभारआंवळी	१७१	तुळस	४०५
चित्रक	१३४	तुंबा	२४९
चिंच	१५९	तेड	३६०
चोपचीनी	४५	दालचिनी	१०६
चंदन	३१३	दांती	२४२
जवास	१७२	देवकुंभा	२४९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाम	पृष्ठ	नाम	पृष्ठ
देवदार	३८०	बाहवा	७४
देवदारु	३८०	बाभूळ	२०६
धमासा	१७५	बारसोली	१८७
धायटी	३७५	बाळंतशोप	११६
×घेटुळी	३१	बाळवेखंड	३७०
धोत्रा	२२५	बांवची	२३५
नागचांफा	९१	बिबवा	२९५
निलयेल	२७४	बीबला	२४६
निर्गुंडी	३९	बीहि	४२४
निशोतर	३६०	बेहेडां	५९
नेबती	२६९	बेल	७१
पळश	६७	बोर	१५५
पद्मकाष्ट	३९४	बोळ	२४७
पपीटा	४३१	भारंग	३५८
पाथरी	३२६	भुइआंवळी	४०४
पाडळ	२५५	भुइकोहळा	३२९
पाडावळ	३०९	भूयतरवड	२७५
पिंपळी	९८	मेडी	२०२
पिंपलामूळ	१०१	मानकंद	२१
पिंपरी	२६१	माका	१०
पिंपळ	२६६	मामिजवा	३७
पिंवळाधोत्रा	३५०	मायाफळ	२७९
फणीनिवडुंग	२३	मिरी	९५
बडीशेप	११५	मीरज	१९१
बचनाग	४११	मुसलीकंद	४२१

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाम	पृष्ठ	नाम	पृष्ठ
मुंडी	२४३	समंदरसोख	१६६
मोहडा-मोहाचावृक्ष	१५७	सप्तकपि	३२२
मोगलाइबेंदाना	४२४	सफेतमुसळी	४१९
मंजीष्ठ	२४४	सालममीश्री	४१७
रगतरोहिडा	२०९	सागरगोटा	२८
रक्तचंदन	३१२	सातवीण	१४
रानकांदा	३८८	सांवर	२०३
रानजाइ	३७८	सींकोना	३०४
राळवृक्ष	३२०	शतावरी	१२
राळ	३२०	शाहजीरें	१३१
रांनवांगी	२५२	शिलारस	३९७
रिंगणी	२५०	शिरसी	१५०
रुइ	२१६	शिवन	२५९
लवाळा	८५	शेवगा	३४१
लवंग	१०३	शंखाहुली	२७१
लाजरी	१७६	शंखवेली	२७१
वड	१९४	हरडा	५४
वावडिंग	१६३	हरमार	१६८
वाळा	४२७	हारसिंगार	३९०
वाकेरीचेंभातें	१३७	हाडवर्णा	१९६
वेलदोडे	१०९	हिंग	१२५
वंशलोचन	४२९	हंसपदी	३८७

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિયાળામાં ખાસ વાપરવા લાયક

ઠક્કુર કસ્તુરીકલ્પ

આ અનાવટ એક સ્વાદિષ્ટ ચાટણ છે, તેમાં કેશર, કસ્તુરી, સોનાં–ચાંદીનાંવરક, અંબર, ચંદ્રોદય અને સાત જાતની ભસ્મો આવે છે તથા ૩૨ જાતનાં પૌષ્ટિક, દિપન, પાચન વસાણાં આવે છે તે જીવન જેવું આંબળાનું ચાટણ નથી પરંતુ ઘણીજ ઉતમ કક્ષાનું કેશરયુક્ત પાક છે.

એનાં સેવનથી સર્વાંગ વ્યાધિઓ મટે છે. વ્યાધિ નિવારણ કરવા ઉપરાંત તે રક્ત–વીર્યાદિ સપ્તધાતુઓની વૃદ્ધિ કરી બળ અને ઉત્સાહ વધારી યુવાનીને ટકાવી રાખે છે.

વૃદ્ધોને શરીરમાં બળ, શક્તિ અને તેજ આપે છે, પાચનશક્તિ સુધારે છે આંતરડાની જુની બિમારી મટાડે છે તથા જ્ઞાનતંતુઓની નબળાઇ મટાડી મગજ તથા હૃદયને બળ આપે છે. નાનાં મોટાં સૌ લઇ શકે છે.

પ્રમાણ: બે આનીભાર, દૂધ સાથે ૫ તોલા (૧૬ દહાડા ચાલે એટલી દવા) આટલી ૧ નાં રૂ. ૮.

ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી

નાનકવાડા, કરાચી. | ૩૭૫, કાલબાદેવી, મુંબઇ નં. ૨. | ગાંધીરોડ, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तक वितरण की तिथि नीचे अङ्कित है। इस तिथि सहित १५ वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा ५ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

19 JUL 1963 2392		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar